રત્નાધિરાજ

વ્યાખ્યાતા : પૂજ્ય આચાર્ય શ્રી
વિજય ભુવન રત્નસૂરીશ્વરજી મહારાજ

॥ ૐ હ્રીં અર્હં નમઃ ॥

દેવાધિદેવ શ્રી ઋષભદેવસ્વામિને નમઃ

પરમારાધ્ય શ્રી મુક્તિ કમલ કેશર

ચંદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ



२ साधिराज

[द्वितीय आवृत्ति]



—: प्रवचनकार :—

पूज्यपाद आचार्यदेवश्री विजय चंद्रसूरीश्वरजी

महाराज साहेबना शिष्यरत्न

पूज्य आ. देवश्री विजय भुवनरत्नसूरीश्वरजी महाराज



—: प्रकाशक :—

श्री जैन श्वेताम्बर मूर्तिपूजक मुमुक्षु मंडळ

वालकेश्वर, मुंबई-६

પ્રકાશક :—
શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુમુક્ષુ મંડળ
બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી, જૈન દેરાસર.
૪૧. રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ—૬



પ્રથમ આવૃત્તિ : ૫૦૦૦
દ્વિતીય આવૃત્તિ : ૩૦૦૦
વિ. સં. ૨૦૩૮ ... સુદ—૯



મૂલ્ય : પંદર રૂપિયા



મુદ્રક :—
હસમુખ સી. શાહ
તેજસ પ્રિન્ટર્સ
૧/૭, ધ્વનિ એપાર્ટમેન્ટ,
બહાઈ સેન્ટર, ખાનપુર,
અમદાવાદ—એક

પ્રથમ તીર્થપતિ દેવાધિદેવ

શ્રી આદિનાથ ભગવાન



[પ્રતિષ્ઠા : સં. ૧૯૬૦ * માગસર સુદ–૬]

બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન દેરાસર

૪૧, રીજ રોડ, મલબાર હીલ, મુંબઇ–૪૦૦ ૦૦૬.

પ્રકાશકીય નિવેદન

સૌરાષ્ટ્ર કેશરી શાસન પ્રભાવક પ્રસિદ્ધ વક્તા પ.પૂ. આચાર્યદેવ **શ્રી વિજય ભુવનરત્નસુરીશ્વરજી** મ. સા. તથા પૂજ્ય મુનિવર્ય શ્રી યશોવિજયજી મ.સા. તથા પૂ. મુનિશ્રી રાજયશવિજયજી મહારાજાદ્રી ઠાણા. ત્રણનું વિ.સં. ૨૦૩૭ ની સાલનું ચાતુર્માસ અત્રે મુંબઈ વાલકેશ્વર વિસ્તારમાં બાબુ અમીચંદ પનાલાલ જૈન ઉપાશ્રયમાં થતાં અત્રેના ધર્મપ્રેમી ભાઈ-બહેનોમાં અપૂર્વ ધર્મ જાગૃતિ આવી હતી પૂજ્યશ્રી લગભગ બાર વર્ષનાં લાંબા સમય પછી મુંબઈ નગરીમાં પધારતા જે જે મુમુક્ષુઓએ ઘણા વર્ષો પહેલા પૂજ્યશ્રીને સાંભળેલા તેઓ પૂજ્યશ્રીના આગમનથી ખૂબ આનંદીત થઈ ગયા ! અત્રેના મેનેજીંગ ટ્રસ્ટિ બાબુ રાજેન્દ્રભાઈએ પૂજ્યશ્રીને અત્રે બાબુ અમીચંદ પનાલાલ જૈન ઉપાશ્રયમાં ચાલુ સાલનું ચાતુર્માસ કરાવવા અથાગ મહેનત લીધેલ હતી. પૂજ્યશ્રી તે સમયે સૌરાષ્ટ્રમાં વિચરતા હોવાથી શ્રીમાન્ રાજેન્દ્રબાબુ ઘણી ઘણી જગ્યાએ પૂજ્યશ્રીને વિનંતી કરવા ગએલા, તેમની સાથે અત્રેના રહીશ શ્રીમાન્ ડાહ્યાલાલ નાનચંદ શાહ તથા રસીકલાલ છોટાલાલ તથા ધર્મદાસ ત્રીકમદાસ પણ વિનંતી કરવા સૌરાષ્ટ્રમાં બોટાદ ક્ષેત્રમાં ગએલા. સૌના હૃદયમાં એવો અપૂર્વ ભાવ હતો કે ચાલુ સાલનું ચાતુર્માસ

કોઇપણ ભોગે અત્રે કરાવવું જ છે અને તબીયતને કારણે પૂજ્યશ્રીની ઇચ્છા સૌરાષ્ટ્રમાં જ યોગ્ય ક્ષેત્રમાં ચાતુર્માસ કરવાની હોવા છતાં અત્રેના અતિ આગ્રહથી વીરમગામ મુકામે અત્રેના ચાતુર્માસની જય બોલાવી. જય બોલવવાના સમયે વીરમગામ મુકામે શ્રીમાન રાજેન્દ્રભાઇ, શ્રીમાન લલીતભાઇ, શ્રીમાન ધનરાજભાઇ વગેરે દ્રષ્ટિએ તથા શ્રીમાન્ ડાહ્યાભાઇ નાનચંદ તથા જીનેશભાઇ વગેરે તેમજ અમદાવાદથી શ્રી નાગજીભૂદરની પોળના દ્રષ્ટિએ શ્રીમાન નરોત્તમદાસ નવાબ તથા શ્રીમાન બાબુભાઇ ધોળીદાસ વગેરે પધારેલા અને વાલકેશ્વર ચાતુર્માસની જય બોલાવી.

ત્યારબાદ અમદાબાદ પાસે થલતેજ મુકામે ગાંધીનગર હાઇવેરોડ પર નૂતન જિનમંદિર તેમજ **શ્રી મુક્તિકમલ કેશર ચંદ્રસૂરીશ્વરજી જૈન વિદ્યાપીઠ**" ની શીલા સ્થાપન વિધિ પૂજ્યશ્રીની નિશ્રામાં અનેરા ઉત્સાહથી થઇ હતી. અને થોડા દિવસ અમદાબાદમાં સ્થિરતા કરીને ભર ઉનાળામાં ઉગ્ર વિહારો કરીને રસ્તામાં આવતા વડોદરા, પાલેજ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ વગેરે ક્ષેત્રોને અપૂર્વ લાભ આપીને પૂજ્યશ્રીએ અષાડ સુદી અગીયારસના શુભ દિવસે અપૂર્વ ધામધૂમથી ચાતુર્માસ નિમિતે પ્રવેશ કરેલ. અત્રે બાબુ અમીચંદ પનાલાલ શ્રી આદીશ્વરજી ટ્રષ્ટના ઉપાશ્રયમાં પૂજ્યશ્રી પહેલીજવાર પધારતા વાતાવરણમાં અનેરો ઉત્સાહ પ્રગટી ગએલ.

પૂ. ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ વિરચિત "શ્રી જ્ઞાનસાર" ગ્રંથ પરના પ્રવચનો શરૂ થતા ભાવિકો

જાણે ચાતકની જેમ ઘુંટડે ઘુંટડે અમૃતરસનું પાન કરવા લાગી ગયા. વ્યાખ્યાનમાં સવારના સવાનવથી સવાદશ સુધીના સમયમાં દુર દુરના પરા વિસ્તારોમાંથી પણ ભાવિકો સમયસર આવી પહોંચતા હતા. અને રસ એવો પડવા લાગ્યો કે જાણે જીવનમાં કંઈક અપૂર્વ સાંભળવાનું મળે છે, એવો સૌને સ્પષ્ટ ખ્યાલ આવવા લાગ્યો.

છઠ્ઠ–અઠ્ઠમાદિના અનેક ધાર્મિક અનુષ્ઠાનો થયા. શ્રાવણ વદી પાંચમને દિવસે યોગનિષ્ઠ પ. પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજય કેશરસૂરીશ્વરજી મ.સા.** ની ૫૦મી સ્વાર્ગારોહણ તિથી નિમિત્તે રાજકોટ નિવાસી (હાલમુંબઈ) શેઠ દુર્લભજીભાઈ હરખચંદના સપરિવાર તરફથી શ્રીભક્તામર મહાપૂજન ભણાવવામાં આવ્યું હતું. પર્યુષણ મહાપર્વની આરાધના પણ અનેરા ઉલ્લાસ પૂર્વક થઈ હતી. માસક્ષમણ, શ્રેણીતપ, સિદ્ધિતપ, સોળભત્તા અઠ્ઠાઇ, વગેરે ૨૦૦ જેટલી મોટી તપશ્ચર્યાઓ થઈ હતી. તપશ્ચર્યાની સામુદાયિક ઉજવણી નિમિત્તે ભાદરવા વદી ૧૩ થી આસો સુદી ૮ સુધીનો અગીયાર દિવસનો શ્રી ઋષિમંડલ પૂજન, શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર, સહીત ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. પ્રત્યેક ધર્માનુષ્ઠાનોમાં પૂજ્યશ્રીના બન્ને શિષ્ય પ્રશિષ્યો પણ અપૂર્વ ઉત્સાહ દાખવતા હતા. અને પ્રત્યેક ધર્મ પ્રવૃત્તિમાં તેઓ પૂજ્યશ્રીને સહાયભૂત બનતા હતા. પૂજ્યશ્રીના આજ્ઞાવર્તિ પૂ. સાધ્વીજી શ્રી ચેતસ્કરાશ્રીજી તથા પૂજ્ય સાધ્વીજીશ્રી ઉદયપ્રભાશ્રીજી વગેરે ઠાણા ૬. અત્રે ચાતુર્માસ બિરાજતા હોવાથી બહેનોમાં આરાધના અંગેનો અપૂર્વ ઉલ્લાસ છવાયો

હતો. પંચમકાળમાં ચતુર્વિધ સંઘનો સુયોગ મહાનપુણ્યના ઉદયે મળે છે. જે યોગને શાસ્ત્રકારોએ અતિ દુર્લભ કહ્યો છે.

શાશ્વતી ઓળીના દિવસોમાં પૂજ્યશ્રીને **"શ્રીપાલ રાસ"** નો સારભાગ કંઠસ્થ હોવાથી વ્યાખ્યાનમાં તો નવે દિવસ જાણે આનંદના સાગર ઉમટ્યા હતા. શ્રીપાલના રાસની ઢાળો રાગ રાગિણી પૂર્વક વિસ્તૃત વિવેચન સહીત સંભળાવતા હોવાથી અત્રેના ભાવિકોને એમ જ લાગ્યુ કે પૂજ્યશ્રીના મુખેથી શ્રીપાળનો રાસ સાંભળવો એ તો જીવનનો એક અનુપમ લ્હાવો છે. રાસ તો આપણે સૌ વાંચી જઇએ છીએ પણ પૂજ્યશ્રીએ જે તેમાંથી રહસ્યો સમજાવ્યા છે તે તો જીવનમાં જાણે પહેલીજવાર સાંભળવા મળ્યા છે. અત્રેના ચાતુર્માસમાં અમદાવાદમાં થલતેજ મુકામે નિર્માણ થતા વિદ્યાપીઠના કાર્યને પણ પૂજ્યશ્રીના ઉપદેશથી અપૂર્વ સહકાર મળેલ છે. ચાતુર્માસમાં આ પણ એક મહાન કાર્ય થએલ છે.

સાંભળેલું કાંઈ યાદ રહેતું નથી. કંઇક આલંબન હોય તો પુનઃ પુનઃ મનન ચિંતન અને નિદિધ્યાસન કરી શકાય એટલે અત્રેના મુમુક્ષુઓએ પૂજ્યશ્રીના પોતાના હાથે લખેલા વ્યાખ્યાન સંગ્રહનો એક પુસ્તક બહાર પાડવાનો નિર્ણય કર્યો. અત્રેના વ્યાખ્યાનો ખાસ લખી શકાયા નથી. એટલે પછી સં. ૨૦૨૯ની સાલમાં કલકત્તા ક્ષેત્રમાંથી ૯૬, કેનીંગ સ્ટ્રીટ, જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ગુજરાતી તપગચ્છ સંઘ તરફથી વિ.સં. ૨૦૨૮ ની સાલના કલકત્તાના

ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ લખેલા વ્યાખ્યાન સંગ્રહનું **"રસાધિરાજ"** નામે પુસ્તક બહાર પાડેલું, તે પુસ્તકની બીજી આવૃત્તિ છપાવવાનું અત્રેના મુમુક્ષુઓએ નિર્ણય કરેલ અને તે પુસ્તક બીજી આવૃત્તિરૂપે બહાર પડતા અમો અપૂર્વ આનંદને અનુભવીએ છીએ. સૌ કોઈ મુમુક્ષુ ભાઈ બહેનો આ પુસ્તકનું અત્યંત મનન પૂર્વક વાંચન કરે એવી સૌને વિનંતી કરીએ છીએ. પુસ્તકના એક એક પૃષ્ટના વાંચનથી પ્રેરણા એવી મળશે કે જીવન ધન્ય બની જશે.

અમદાવાદ નિવાસી **હસમુખભાઈ સી. શાહે** આ પુસ્તકનું થોડા સમયમાં કામ ઘણું સારુ કરી આપેલ છે તે બદલ તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ.

આવો સમ્યગ્જ્ઞાનના પ્રચારનો અપૂર્વ લાભ આપવા બદલ પૂજ્ય આચાર્ય ભગવંતનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આ પુસ્તકના કાર્યમાં અગાઉથી પુસ્તકો નોંધાવી જે જે ભાઈ બહેનોએ સહકાર આપેલ તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ. સુશ્રાવક હરકીશનભાઈ તથા સુશ્રાવક માણેકભાઈ વગેરેએ આ પુસ્તકના કાર્યમાં અપૂર્વ સહયોગ આપેલ છે તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

લી.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુમુક્ષુ મંડળ


વાલકેશ્વર, મુંબઇ

બે મંગલ વચન

વિ. સં. ૨૦૩૬ ની સાલનું ચાતુર્માસ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ શહેરમાં માંડવી ચોકમાં શ્રી તપગચ્છ જૈન ઉપાશ્રયમાં અમોએ કર્યું હતું. ચાતુર્માસ અનેરા ઉત્સાહથી ઉજવાએલ. રાજકોટ ક્ષેત્રમાં ઘણા વર્ષોના આંતરે આંતરે ત્રણ ચાતુર્માસ કરેલા. ત્રણેય ચાતુર્માસ ઐતિહાસિક રીતે ઉજવાયા હતા.

મુંબઇ વાલકેશ્વરમાં બાબુ અમીચંદ પન્નાલાલ શ્રી આદીશ્વરજી જૈન ટ્રષ્ટના ટ્રષ્ટીઓ અને આ વિસ્તારમાં વસતા ધર્મપ્રેમીભાઈઓની છેલ્લા બે વર્ષથી અત્રે ચાતુર્માસ કરાવવાની ભાવના હતી. રાજકોટથી જ તેમણે મારી સાથે અત્રે ચાતુર્માસ કરાવવા અંગેનો પત્ર વ્યવહાર શરૂ કરી દીધેલ. સુશ્રાવક જયંતીલાલ મણીલાલ શાહે સૌથી પહેલો પત્ર મારી પર લખેલો. અને ચાતુર્માસ અત્રે કરવા માટેનો આગ્રહ કરેલો. રાજકોટ ચાતુર્માસ પૂર્ણ કરીને અમો શ્રી ગિરનારજી મહાતીર્થની યાત્રાએ વિહાર કરીને જઈ રહ્યા હતા, ત્યાં વચમાં આવતા જેતપુર ક્ષેત્રમાં અત્રેની વિનંતીનો તાર મલ્યો. તે પછી જુનાગઢ, સોરઠવંથલી, ઉપલેટા, વગેરે

પૂજ્યપાદ યોગનિષ્ઠ આચાર્યદેવ શ્રી કેશરસૂરિશ્વરજી
મહારાજ સાહેબના પટ્ટધર



પૂજ્યપાદ અધ્યાત્મનિષ્ઠ આચાર્યદેવ શ્રી
વિજય ચંદ્રસૂરિશ્વરજી મહારાજ

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી
વિજય ચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન



પૂજ્ય આચાર્યશ્રી
વિજય ભુવનરત્નસૂરીશ્વરજી મહારાજ

ક્ષેત્રોમાં પત્રવ્યવહાર ચાલુ રહ્યો, અને છેલ્લે વીરમગામ ક્ષેત્રમાં અત્રેના ચાતુર્માસની જય બોલાવવામાં આવી.

અષાડ સુદી–૧૧ નાં અત્રે ચાતુર્માસ અંગેનો પ્રવેશ કર્યો અને "**શ્રીજ્ઞાનસાર**" શાસ્ત્રની વાંચના શરૂ થઈ. ઘણી સારી સંખ્યામાં ભાઈ–બહેનો લાભ લેતા થઈ ગયા. ચાતુર્માસમાં અનેકાનેક ધર્માનુષ્ઠાનો ઉજવાતા રહ્યા. શ્રી ભક્તામરપૂજન, ઋષિમંડળપૂજન, શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર એકાદશાન્હિકા મહોત્સવ, વગેરે મહોત્સવો પણ અનેરા ઉલ્લાસથી ઉજવાયા. માસક્ષમણ સોળ ભત્તા અઠ્ઠાઈ આદી મહાન તપશ્ચર્યાઓનો તો જાણે આખાએ ચાતુર્માસમાં એક મહાન યજ્ઞ મંડાઈ ગયો.

દરરોજ વ્યાખ્યાનમાં આવતા મુમુક્ષુ ભાઈ–બહેનોને થયું કે એકાદ કોઈ પ્રકાશન બહાર પડે તો ચારે મહીના સાંભળેલા વ્યાખ્યાનોની સ્મૃતિ જળવાઈ રહે, એટલે પછી "**રસાધિરાજ**" નામે પુસ્તકની બીજી આવૃત્તિ છપાવવાના નિર્ણયપર સૌ આવ્યા. પુસ્તકમાં છપાએલા વ્યાખ્યાનો મેં જાતે જ વિ. સં. ૨૦૨૭ ની સાલમાં બીહાર પ્રાંતમાં આવેલા બેરમોગામના ચાતુર્માસમાં અને સં. ૨૦૨૮ ની સાલના કલકત્તા ચાતુર્માસમાં લખેલા છે. અને કલકત્તાના ૯૬, કેનીંગ સ્ટ્રીટના શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ગુજરાતી તપગચ્છ સંઘ તરફથી એ વ્યાખ્યાનો બહાર પાડવામાં આવેલા અને પુસ્તકનું નામ "**રસાધિરાજ**" રાખવામાં આવેલું. ૫૦૦૦ નકલો બહાર પાડવામાં આવેલી પણ અત્યારે

એ નકલો ઉપલબ્ધ નહિ હોવાથી અત્રેના ધર્મપ્રેમી ભાઈ-બહેનોને મેં સહજ સ્વભાવે એ પુસ્તકની આવૃત્તિ બહાર પાડવા અંગેનું સુચન કર્યું, અને સૌએ વાત વધાવી લીધી.

પ્રત્યેક વ્યાખ્યાનોમાં મંડનાત્મક શૈલીથી તાત્વિક વિષયોને આવરી લેવામાં આવ્યા છે, અને શાસ્ત્રોના આધાર પણ આપેલ છે. આધાર ન હોય તો વ્યાખ્યાનોનું સ્વરૂપ નિરાધાર જેવું થઈ જાય. આધારો ટાંકવાનું પ્રયોજન એ છે કે વાંચન કરનારની શ્રદ્ધા ખૂબ મજબૂત બને, અંતે શ્રદ્ધાની પરિણતી ચારિત્ર ધર્મને ખેંચી લાવનારી છે. વિષય અધ્યાત્મનો હોવાથી વાંચનારને કંટાળો ન આવે અને રસ જળવાઈ રહે એટલા માટે દ્રષ્ટાંત અને દાખલાઓ સારી રીતે આપવામાં આવ્યા છે. પૂ. યોગીરાજ આનંદઘનજી તથા પૂ. ચિદાનંદજી, પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના પદો પણ અમુક વ્યાખ્યાનોમાં લીધેલા છે. નિશ્ચય વ્યવહાર અંગેના આ પુસ્તકમાં સ્પષ્ટ વિધાનો કરવામાં આવ્યા છે. મોક્ષમાર્ગમાં નિશ્ચય વ્યવહાર, જ્ઞાનક્રિયા બંનેની સંપૂર્ણ જરૂર છે. અને બન્ને નયો કાર્યકારી હોવાથી બંન્નેની માર્ગમાં સંપૂર્ણ ઉપાદેયતા છે. બન્નેનું સમન્વય ન સાધતા એકને જ પકડી રાખે તેવાને જ્ઞાનીએ એકાન્તવાદી, મહા-મિથ્યાદ્રષ્ટિ કહ્યા છે. સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, દાન શીલ તપાદિ સદ્દવ્યવહાર એકલો જ્ઞેયજ નથી, પણ સંપૂર્ણ પણે ઉપાદેય છે. આ વાત દરેક મુમુક્ષુએ હૃદયની દિવાલ પર લખી રાખવા જેવી છે. નિશ્ચય વ્યવહારની પુષ્ટિમાં

દિગંબર સંપ્રદાયના મહાન આચાર્ય શ્રીમદ્ કુંદકુંદાચાર્યના તથા અમૃતચંદ્રાચાર્યજીના વચનો પણ ઘણી જગ્યાએ લીધેલા છે.

શરૂઆતના બે વ્યાખ્યાનો શાંતરસ પરના હોવાથી અને શાંતરસ બધા રસોમાં "**રસાધિરાજ**" હોવાથી પુસ્તકનું નામ **રસાધિરાજ** રાખવામાં આવ્યુ છે. રસના શાંતરસ, કારૂણ્યરસ, હાસ્યરસ, વગેરે નવ પ્રકાર હોવાથી નવે પ્રકાર પર વિશદ્ છણાવટ કરવામાં આવી છે અને તેમાં શાંતરસની સર્વોપરિતા દર્શાવવામાં આવી છે. "**ક્ષણ લાખેણી જાય**" "**ભૂલેા પડેલેા યાત્રી**" "**બંધનમુક્તિ દ્રષ્ટાકેાણ**" વગેરે વ્યાખ્યાનો તાત્વિક હોવાથી મનની એકાગ્રતા પૂર્વક વાંચવાની ખાસ ભલામણ છે "શ્રી ધન્નાજીનો ત્યાગ અને શાલિભદ્રનો વૈરાગ" એ વિષય પરનું વ્યાખ્યાન અત્રેના ચાતુર્માસમાં લખેલું છે અને અત્રેની પાટપરથી પણ એ વ્યાખ્યાન કરાએલું છે.

પુસ્તકના દરરોજ ભલે બબે ત્રણ-ત્રણ પાના જ વાંચવા પણ એકાગ્રતા રાખીને વાંચવા જેથી તેમાંથી કાંઈ મેળવવા જેવુ હોય તે મેળવી શકાય, વાંચન કર્યા બાદ વાગોળવાથી જ કંઇક મેળવી શકાશે. એકલા પાના ઉથલાવે કશું હાથમાં નહીં આવે.


આ પુસ્તક પરની પ્રસ્તાવના રાજકોટ નિવાસી સ્વ. વૈદ્યરાજ શ્રીમાન્ મોહનલાલ ચુનીલાલ ધામીએ સં. ૨૦૨૯ માં લખી.

આપી હતી તેજ પ્રસ્તાવના આ બીજી આવૃત્તિમાં પણ છાપેલ છે. શ્રી ધામી જૈનદર્શનના અભ્યાસી મહાન સાહિત્યકાર હતા.

પુસ્તકમાં છપાએલા વ્યાખ્યાનો મેં જાતે જ લખેલા છે છતા તેમાં શ્રી જિનેશ્વર ભગવાનનાં કથનથી કાંઇ વિરૂદ્ધ લખાઈ ગયું હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડમ્ આપું છું.

શ્રી બાબુ અમીચંદ પન્નાલાલ
જૈન ઉપાશ્રય
વાલકેશ્વર, મુંબઈ-૬.

લિ.
વિજય ભુવનરત્નસૂરી





શ્રેષ્ઠીવર્ય શ્રીમાન વાડીલાલ જસરાજ કોઠારી
(મુળીવાળા)

શ્રેષ્ઠીવર્ય શ્રીમાન વાડીલાલ જસરાજ કોઠારીની જીવન-ઝરમર

મૂળીનિવાસી ધર્મપરાયણ સુ. શ્રાવક વાડીભાઈ જસરાજ કોઠારી હાલમાં મુંબઈનગરીમાં વસે છે. તેઓ ઘણા જ ધર્મનિષ્ઠ શ્રાવક છે. સાદાઈભર્યું જીવન, પરોપકાર વૃત્તિ, મળેલી લક્ષ્મીનો સન્માર્ગે વ્યય કરવામાં તત્પર, તપ કરવામાં શૂરવીર, એવા અનેક ગુણોએ અલંકૃત તેમનું જીવન છે.

તપસ્યાના માર્ગમાં જરા પણ પ્રમાદ પોષવાની વાત નહિ. ત્રણ ઉપધાન, વર્ષીતપ, છ-માસી, ચાર-માસી, જ્ઞાનપંચમી, ૪૦ અઠ્ઠાઈ, ૩૧ વર્ધમાનતપની ઓળી, નવપદજીની ઓળી વિધિ સહિત – વગેરે અનેક તપસ્યાઓ કરી છે ને હજી પણ કરી રહ્યા છે.

શ્રી સિદ્ધગિરિરાજની નવ્વાણું યાત્રા, સમેતશિખરજી મહાતીર્થ, જેસલમેર વગેરે અનેક તીર્થોની યાત્રાનો પણ અપૂર્વ લાભ લીધો છે.

દાનના માર્ગમાં પણ અખૂટ પ્રવાહ વહેવડાવી રહ્યા છે. ભોજનશાળા બનાવડાવી છે. ગામને ગોંદરે પક્ષીઓને ચણ માટે ચબૂતરાનું નિર્માણ, ગરીબ માણસોને અનુકંપાદાન, જિનમંદિરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા, ઉપધાન તપ કરાવ્યા, છોડનું ઉજમણું વગેરે અનેક ધર્મકાર્યો તથા દાનધર્મો કર્યા છે.

ભાવભરી વંદના.....

સંસારના કોઈપણ સાહિત્યમાં નવરસોનું ઓછેવત્તે અંશે સંકલન હોય છે. ભારતમાં પણ નવરસપ્રધાન સાહિત્યનું નિર્માણ અનંત કાળથી થતું રહ્યું છે.

કોઈ સાહિત્ય સર્જકે શૃંગાર રસને રસરાજ કહ્યો છે, તો કોઇએ વીર રસને, તો કોઇએ અદ્‌ભુત રસને, કોઇએ ભયાનક રસને, તો કોઈએ કારુણ્ય રસને મહત્ત્વ આપ્યું છે, પરંતુ આર્ય દર્શનોએ અને તેમાંય ખાસ કરીને જૈન દર્શને શાંત રસને જ **"રસાધિરાજ"** તરીકે ગણ્યો છે અને શાંતરસની આરાધના કરતાં સાહિત્યનું અપૂર્વ એવું ભવ્ય સર્જન પણ કર્યું છે.

શ્રી વ્યાસજીના મહાભારત તરફ નજર કરીએ તો તેમાં પણ શાંતિ પર્વને ખુબજ લડાવ્યો છે. વીર રસ, ભયાનક રસ, રૌદ્ર રસ વગેરે રસો મહાભારતના પૂર્વ ભાગમાં ખૂબજ ઝળકયા હોય છે, પણ શાંતિ પર્વે તો શાંત રસને છલકાવી દીધો છે. એજ રીતે આર્ય દર્શનનાં અન્ય કોઈ પણ ગ્રન્થોમાં વૈવિધ્ય હોવા છતાં પ્રાધાન્ય તો શાંતરસને જ આપવામાં આવ્યું છે. જ્યારે જૈન દર્શનમાં કોઈ પણ અંગ સામે દ્રષ્ટિ કરવામાં આવે તો જ્ઞાન, વિજ્ઞાન અને જીવનના સત્વની આરાધના કરતો શાંત રસ અવશ્ય દેખાશે. હા, શૃંગાર, વીર કે રૌદ્રરસ ભલે પુરણહારમાં ખીલ્યો હોય, પરંતુ એ સર્વ રસોનું છેવટ શાંતરસ જ બની જાય છે. જૈન કથાનુયોગની

કોઈપણ કથા સૃંગાર, વીર આદિ રસોથી છલોછલ લાગતી હોય, પરંતુ એ કથાનો સરવાળો તો શાંતરસમાં જ આવતો હોય છે. આમ શાંતરસ એ જીવતરને ઉચ્ચ કક્ષાએ દોરી જતો રસ હોવાથી અને જીવન શુદ્ધિ, બંધનમાંથી છૂટવાની કળા, જ્ઞાન માર્ગની અંતિમ સિદ્ધિઓ, અને છેલ્લે જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાની ચાવી, આ બધું શાંતરસના પ્રભાવથી સહજ–સરલ બને છે તે વાત જૈન તત્ત્વદ્રષ્ટાઓએ બરાબર સમજાવી છે.

વર્તમાનયુગ ભારે વિચિત્ર છે. અશ્લિલતામાં માનવીના મનને ઉડાડનારો સૃંગાર રસ આજે જાણે બેફામ બનીને ખીલ્યો રહ્યો છે. એમાં રસ લેનારાઓ સરવાળે કશું પ્રાપ્ત કરી શકતાં નથી, એ હકીકત હોવા છતાં ભૌતિક લાલસાની ભૂતાવળ પાછળ આજ ઘણાં લોકો દોટ મૂકતા રહે છે અને છેવટે પટકાઈ, પછડાઈ નામશેષ બની જાય છે.

પૂ. મહારાજ શ્રી ભુવનવિજયજી ગણીવરે સં. ૨૦૨૮ નું ચાતુર્માસ કલકત્તામાં ગાળ્યું હતું અને તેઓએ જે વ્યાખ્યાન ધારા વહાવી હતી તેનો આ ગ્રંથમાં સમુચ્ચય છે.

તેઓશ્રી જૈન દર્શનના અપૂર્વ એવા ચિંતક છે એટલું જ નહિં પણ એમના સ્વભાવમાં શાંતરસનું ઝરણ અહર્નિશ વહેતું હોય છે. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, સર્વથા અહિંસક જીવતર, કષ્ટ સાધ્ય એવા મુનિ જીવનનું પાલન અને ચારિત્રના પાલનની સ્વભાવિક રીતે ઉપસતી લબ્ધિ એમના પ્રત્યેક વ્યાખ્યાનોમાં સ્પષ્ટપણે નિહાળી શકાય છે.

જીવનમાં જો શાંતરસ પ્રગટે તો ક્રોધ રૂપી રાક્ષસ પાસે ફરકે નહિં. ક્રોધ ન પ્રગટે એટલે કલહ–કંકાસના બળાપો

આજે નહિં અને ચારિત્રની આરાધનામાં તન્મય રહેવાનું બળ નિરંતર પ્રાપ્ત થયા કરે.

મહારાજશ્રી ભુવનવિજયજી ગણીવર્ય થોડાં વર્ષો પહેલાં સૌરાષ્ટ્રમાં આવ્યા હતા અને કેટલાંક ચાતુર્માસ કરીને સૌરાષ્ટ્રની જનતામાં જૈન દર્શનના તેજ પ્રત્યે ભાવ પ્રગટાવ્યો હતો. તેઓશ્રી રાજકોટમાં પણ બે ચાતુર્માસ કરી ગયેલા અને આજ પણ રાજકોટની જનતા તેઓશ્રીને વિસરી શકી નથી.

વર્તમાન કાળે જે વિષમતા પ્રજાજીવનમાં ફાલી ફુલી રહી છે તે જ વિષમતા સાધુ-સંતોમાં પણ અલ્પાંશે કોરી રહી છે. આમ છતાં પૂજ્ય ગણીવર્યશ્રી વાદ-વિતંડાથી વેગળા રહીને પોતાના સાધુ જીવનને આનંદિત રાખતા રહ્યાં છે.

પ્રસ્તુત ગ્રંથનું નામ તેઓશ્રીએ "**રસાધિરાજ**" રાખ્યું છે તે ખરેખર ઉપયુક્ત છે, કારણ શાંતરસની ભાવધારા તેઓએ સમગ્ર વ્યાખ્યાનોમાં વહાવી છે. સાથોસાથ તેઓશ્રીએ વર્તમાનયુગની વિષમતા પ્રત્યે અંગુલીનિર્દેશ કરવામાં જરાયે કૃપણતા દાખવી નથી.

આમ તો આ આખો વ્યાખ્યાન સંગ્રહ પહેલે પાનેથી છેલ્લાં પાના સુધી વાંચી જવા જેવો છે. એમની શૈલી, રજુઆત કરવાની રીત અને પ્રસંગે પ્રસંગે દ્રષ્ટાંત દ્વારા જ્ઞાન આપવાની જૈન ત્યાગીઓની પરંપરા તેઓશ્રીએ બરાબર જાળવી રાખી છે. આખો ગ્રંથ જ એવો છે કે મારા જેવો એક નાનો અને સંસારી માનવી તેના હાર્દમાં કયાંથી પ્રવેશ કરી શકે? કામ, ક્રોધ, માન, લોભ આદિ દુર્ગુણો વચ્ચે ફસાયેલો મારા જેવો સંસારી જીવ આવા મહાજ્ઞાની પુરૂષને

કઈ અપેક્ષાએ બિરદાવી શકે? આમ છતાં ભક્તિભાવ અને પૂજ્યભાવથી પ્રેરાઇને સમગ્ર વ્યાખ્યાનો મારા હૈયાંને રૂચિ. શકયા છે. એમાં શું શું ભર્યું છે તેનું વર્ણન કરવાની મારા. જેવા પંગુમાં કયાંથી શક્તિ હોય? એમ છતાં પ્રસ્તુત શાંત રસધારામાંથી હું કેટલાંક અવતરણો રજુ કરવાનો ઉલ્લાસ. દૂર કરી શકતો નથી. તેઓશ્રી પોતાના પ્રથમ વ્યાખ્યાનમાં. જ સ્પષ્ટ વાણીથી કહે છે :–

"જંગલમાં સિંહનું મડદું પડયું હોય તો તે જોઇને. બીજા પ્રાણીઓ તેની પડખે ચડે નહિં, ઉલ્ટા ભયભીત. થઇને દૂર ભાગી જાય. પણ ને મડદાંની અંદરના કીડા. તેને વીંખી નાંખે તેમ જૈન શાસનરૂપી સિંહ આ કાળમાં. ગમે તેવી પરિસ્થિતિમાં છે, છતાં તેને બહારનાં અન્ય તિર્થિ. કોથી તેટલું નુકશાન પહોંચ્યું નથી જેટલું અંદરનાં મત. ભેદોથી પહોંચ્યું છે. અંદરનાં મતભેદ રૂપી કીડાઓજ તેને. કોતરી રહ્યા છે. કાળની જ બલીહારી છે કે, કેટલાં આ. દર્શનમાં ફાંટા પડી ગયા છે? આ હૃદયની વ્યથા ઠાલવવી. કોની આગળ?"

પૂજ્યપાદ ગણીવર્યશ્રીના હૈયાની વેદના કેટલી હશે? આગળ જતાં તેઓ કહે છે કે :–

"શૃંગાર રસ પણ જીવનમાં ખૂબ પોષાઈ રહ્યો છે. આજના માનવીને રેશન વિના ચાલશે, પણ ફેશન વિના નહિં ચાલે. છોકરાઓ પણ ફેશનમાં એવા પડી ગયા છે કે, તેની પાછળ લેશન ભૂલી ગયા છે. પફ–પાવડર, સ્નો–ક્રીમ વગેરે ફેશનની વસ્તુઓ વસાવવાની પાછળ આજે જેટલું ખર્ચ

કરવું પડે છે, તેટલું હું નથી માનતો કે, જાર–બાજરીની પાછળ તમારે ખર્ચ કરવો પડતો હોય?

"પહેલાના કાળમાં ગૃહસ્થો ઘરમાં ગૌધન વસાવતા, પણ આવા લફરાં પહેલાંના કાળમાં નહોતા. ખૂબજ સાદાઈ વાળું જીવન હતું અને તે જીવનમાંથી તેઓ અનુપમ આનંદ લૂંટી શકતા હતા."

આમ તેઓશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં વર્તમાન સમાજની સ્થિતિ અને પ્રાચીન કાળના સમાજની સ્થિરતા અંગે પણ દર્શન કરાવ્યું છે. તેમાય આજના ભૌતિક સુખ પ્રાપ્ત કરવાની દોડ માટે અને આજના વિલાસ પ્રધાન જીવતર માટે તેઓશ્રીએ આ ગ્રંથમાં અનેક સ્થળે કહ્યું છે.

જેઓ કલ્યાણ માર્ગના પથિક છે અને જેઓના જીવનમાં પ્રાણી માત્રના કલ્યાણની કામના ભરી હોય છે, તેઓ ન કહે તો કોણ કહે? ખરી રીતે વિચારવામાં આવે તો આ ભૂમિના સાચા નેતાઓ સાધુ, સંતો અને ભક્તો જ હતા. તેઓ વારંવાર લોકોને હૈય ઉપાદેયની સમજણ આપતા અને કોઈપણ પ્રકારનો સ્વાર્થ રાખતા નહોતા. આજનો કાળ તો આપણે એટલો ડહોળી નાખ્યો છે કે, રાખવા જેવું શું અને છોડવા જેવું શું? એનો નિર્ણય જ કરી શકતા નથી. એક જુવાનીયાએ પોલકાં ફેશનનો બુશકોટ પહેર્યો એટલે ચાલ્યું....અજ્ઞાનમાં રઝળતી વણઝાર કશું સમજીને નથી કરતી....માત્ર અંધાનુકરણ જ કરતી હોય છે અને આપણા પર છત્રછાયા સમી જે આધ્યાત્મિક નેતાગિરી હતી તે આજ ઝુંટવાઈ ગઈ છે અને સત્તાના સોદાગરો કે સ્વાર્થ સાધનાના બહુરૂપીઓ આજે આપણને દોરવણી આપી રહ્યા છે.

પોતાના આ પ્રવચનોમાં પૂજ્યશ્રીએ માધ્યસ્થભાવની મહત્તા, મનને રઝળતું અટકાવવાનો માર્ગ, વૈરભાવનો ત્યાગ આમ ચાર કે બાર ભાવનાઓના ચિંતનની વાત તેઓએ વિસ્તૃત રીતે જણાવી છે. તેઓએ કહ્યું છે :–

"ચાર કે બાર ભાવનાઓનાં ચિંતનથી અંદરના રાગ દ્વેષાદિનો ક્ષય થઈ જાય છે અને રાગદ્વેષાદિનો ક્ષય થતાં હૃદય સમતા રસથી છલકાઇ જાય છે."

આગળ ચાલતા તેઓશ્રી કહે છે કે :–

"શાંતરસ, સમતારસ કે પ્રશમરસ એજ આ મૃત્યુ-લોકનું અમૃત છે. એ રસ આગળ બાકીના બધાં રસ ફીકા છે. પછી તે આમ્રરસ હોય કે ઇક્ષુરસ હોય, કે સૃંગાર રસ હોય! દુનિયામાં ચોમેર વાજા વાગતા હોય અને ઘરમાં ધન વૈભવનાં ઢગના ઢગ ખડકાયેલા હોય! પણ માનવીને હૃદયની શાંતિ ન હોય, મનમાં આધિ, વ્યાધિ ને ઉપાધિ હોય તો સમજવું એ ધન વૈભવના ઢગ કે ઉકરડાનાં ઢગ ખડકાયેલા હોય તેમાં ફેર શું છે? માટે જીવનમાં સમતા આવે એજ જીવનનો ખરો આનંદ છે:'

આધ્યાત્મિક પરમાનંદ પ્રાપ્ત કરવા માટે શાંતરસનો સહારો લેવો જોઈએ. આજતો શાંતરસની ભાવનાની ઉપેક્ષા કરીને લૌકિક ભૌતિક સુખના કાદવમાં ખૂંચી રહ્યા છે. આ રીતે માર્ગ ભૂલ્યા ભાઈ બહેનો માટે ખૂબ જ સાદી, સત્ત્વ-શીલ અને પ્રવાહી ભાષામા અંકિત થયેલો "**રસાધિરાજ**" નામનો આ ગ્રંથ પ્રેરણા, માર્ગદર્શન અને સાચા સુખને દર્શાવનારો છે.

જો હું મારી આ વંદનામાં આ ગ્રંથના અવતરણો લેવા બેસું તો સંભવ છે કે અડધો ગ્રંથ એમાં જ આવી જાય....એટલે વાંચક સમુદાય શાંતરસનો સ્વાદ માણે અને જીવનનો સાચો આનંદ માણે એ માટે તેઓએ **રસાધિરાજનું** નિયમિત વાંચન રાખવું જોઇએ.

પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી ભુવનવિજયજી ગણીવરે આ ગ્રંથ આપીને આપણા જીવતરને શ્રેષ્ઠ માર્ગદર્શન આપ્યું છે. સાથોસાથ જૈન દર્શનની પરંપરાને શોભાવી રાખી છે.

હું તો ગણીવર્યશ્રીનો એક વિનમ્ર ભક્ત છું.....હું પ્રસ્તાવના, ઉપોદ્‌ઘાત એવું લખવાને અધિકારી પણ નથી. હું આ દ્વારા એમની જ્ઞાનશક્તિને ભાવભરી વંદના કરૂં છું.

તા. ક. "રસાધિરાજ પુસ્તકની પ્રસ્તાવના શ્રીમાન્ મોહનલાલભાઈ ધામીએ અપૂર્વ શૈલીથી નવ વર્ષ પહેલા લખી આપેલ હતી તે સમયે પૂજ્યશ્રી આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા નહોતા એટલે પ્રસ્તાવનામાં ગણીવર્ય શબ્દનો પ્રયોગ થયો છે.

વીર ઔષધાલય, **વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી**
રાજકોટ
માગશર સુદ ૧૧, ૨૦૨૯

卐

અનુક્રમણિકા

ક્રમ		પૃષ્ઠ નંબર
૧	પ્રકાશકીય નિવેદન	
૨	ભાવભરી વંદના.....	
૩	બે મંગલ વચન.....	
૪	આર્થિક સહાયતાની નામાવલી	
૫	રસાધિરાજ (પૂર્વાર્ધ)	૧ થી ૫૬
૬	રસાધિરાજ (ઉત્તરાર્ધ)	૫૭ થી ૯૩
૭	ક્ષણ લાખેણી જાય	૯૪ થી ૧૬૫
૮	ભૂલો પડેલો યાત્રી	૧૬૬ થી ૧૯૯
૯	બંધન - મુક્તિ	૨૦૦ થી ૨૨૯
૧૦	પ્રદેશી રાજાના દશ પ્રશ્નો	૨૩૦ થી ૨૫૫
૧૧	સુખની શોધમાં	૨૫૬ થી ૨૬૮
૧૨	દ્રષ્ટા કોણ ? (પૂર્વાર્ધ)	૨૬૯ થી ૩૧૨
૧૩	દ્રષ્ટા કોણ ? (ઉત્તરાર્ધ)	૩૧૩ થી ૩૩૬
૧૪	ધર્મવિહિન નર દેહનું નિરૂપયોગીપણું	૩૩૭ થી ૩૫૧
૧૫	અજીર્ણના ચાર પ્રકાર	૩૫૨ થી ૩૫૯
૧૬	શ્રી ધન્નાજીનો ત્યાગ અને શાલીભદ્રનો વૈરાગ	૩૬૦ થી ૪૦૬
૧૭	શુદ્ધિપત્રક	૪૦૭ થી ૪૦૮

પુસ્તક પ્રકાશનના કાર્યમાં આર્થિક સહાય આપનાર તથા અગાઉથી પુસ્તકો નોંધાવનારા સદ્‌ગૃહસ્થોના શુભ નામ.

નકલ	નામ
૧૫૧	સ્વ. ભગવાનજી પ્રેમચંદ શાહ હ. ચંદ્રકાન્તભાઈ તથા સુબોધભાઈ
૧૫૧	નવીનચંદ્ર મફતલાલ શાહ
૧૫૧	મંગુબેન રતીલાલ શાહ હ. નીરૂપભાઈ
૧૫૧	જસવંતીબેન ગુલાબચંદ ઝવેરી હ. મુકેશકુમાર
૧૫૧	દુર્લભજી હરખચંદ શેઠ તરફથી તેમના ધર્મપત્ની સ્વ. તારાબેનના સ્મરણાર્થે
૧૫૧	વાડીલાલ જસરાજ કોઠારી મુળીવાળા
૧૫૧	ફકીરચંદ ચીમનલાલ કરાણી
૧૫૧	ભાઈચંદ મુળચંદ મહેતા હ. હરસુખભાઈ
૬૭	વસુબેન ગુણવંતલાલ શાહ વરસીતપ તથા જ્ઞાન-પંચમી આરાધના નિમિત્તે
૫૧	રસીકલાલ મુળચંદ મેહતા
૫૧	રતીલાલ ચીમનલાલ શાહ
૫૧	આનંદરાજ છાજેડ
૩૧	કેશવલાલ દલપતભાઈ ઝવેરી ખંભાતવાળા
૩૧	સુધાબેન રજનીકાંત મેહતા
૨૧	અમૃતલાલ પીતાંબરદાસ ઝવેરી
૨૧	કાંતીલાલ બેમચંદ છોટાલાલ શાહ

૨૧ ભાનુભાઈ દલીચંદ ગાંધી ભાવનગરવાળા
૨૧ નારંગીબેન છગનલાલ છોગમલ પાલરેચા
૨૧ નાનકચંદ રીખવચંદ હ. દેવેન્દ્રભાઈ પાટણવાલા
૨૧ સુમનભાઈ કામદાર
૨૧ પ્રભાવતીબેન છગનભાઈ સરકાર
૨૧ રતીલાલ ડાહ્યાભાઈ શાહ
૧૫ રજનીકાંત સારાભાઈ ઝવેરી
૧૫ અક્ષય ટ્રેડીંગ કંપની હ. દિનેશભાઈ સી. શાહ
૧૫ ચીમનલાલ વલમજી
૧૫ કીર્તીલાલ પોપટલાલ શાહ
૧૨ ચંદુલાલ વેણીચંદ શાહ માણસાવાલા
૧૧ શાંતીલાલ અંબાલાલ ઝવેરી હ. યશોદાબેન
૧૧ સ્વ. સુધાબેન છોટાલાલ નવલચંદ શાહના સ્મરણાર્થે
૧૧ સ્વ. પદમાબેનના સ્મરણાર્થે હ. ચંપકલાલ ડી. મહેતા
૧૧ ચંદુલાલ કસ્તૂરચંદ શાહ
૧૧ ચંદુલાલ બાદરદાસ હ શુશીલાબેન
૧૧ દેવીદાસ પરમાણંદદાસ શાહ
૧૧ ચંપકલાલ ભોગીલાલ
૧૧ કલાવતીબેન નટવરલાલ ભણસાલી
૧૧ શાંતીલાલ રાજપાલ મહેતા
૧૧ કલાબેન ચત્રભુજ દુધવાલા
૧૧ કંચનબેન મુકુન્દલાલ ગાંધી
૧૧ શૈલેષકુમાર જેસીંગલાલ
૧૧ પ્રભાવતીબેન રસીકલાલ

૧૧ નટવરલાલ મુળચંદ શાહ ખંભાતવાલા
૧૧ ચંદ્રકાંત કેદરલાલ ગવાડાવાલા
૧૧ શાંતીલાલ તલકચંદ શાહ
૧૧ શાંતીલાલ દલસુખભાઈ ખંભાતવાલા
૧૧ સુકનીબેન કાળીદાસ શાહ
૧૧ કપુરચંદ ગુલાબચંદ સંઘવી
૧૧ ચંદુલાલ બાપાલાલ પત્રાવાલા
૧૧ ચંપકલાલ ત્રિભોવનદાસ
૧૧ રસીકલાલ મોહનલાલ પત્રાવાલા
૧૧ હરસુખલાલ હીરાલાલ શાહ
૧૧ હસમુખલાલ માણેકલાલ શાહ
૧૧ અમૃતલાલ રાયચંદ દોશી
૧૧ રતીલાલ નગીનદાસ કોરા માણસાવાલા
૧૧ ડી. એમ. વોરા
૧૧ સુંદરલાલ મુળચંદ કાપડીઆ
૧૧ શાંતીચંદ ફકીરચંદ સરકાર
૧૧ કાંતીલાલ નારણદાસ (તળાજાવાલા)
૧૧ શશીકલાબેન કાંતીલાલ મેહતા
૧૧ પ્રભુદાસ પ્રાણુલાલ શાહ
૧૧ મંછાલાલ પુખરાજજી
૧૧ ચંદનબેન બાપાલાલ પાલનપુરવાલા
૧૧ શાંતીલાલ ઉજમસીભાઈ શ્રોફ
૧૧ શાંતીલાલ નગીનદાસ દવાવાલા
૧૧ મંછાલાલ ભીખાલાલજી

૧૧ હરીલાલ ભુરાભાઈ ભીમાણી હ. ધીરૂભાઈ
૧૧ ત્રંબકલાલ જગજીવનભાઈ શાહ
૧૧ લક્ષ્મીચંદ સોભાગચંદ ઝવેરી હ. પ્રવિણાબેન
૧૧ જીવણભાઈ નગીનભાઇ ઝવેરી હ. નાનુબેન
૧૧ શાંતાબેન જી. ડી. સંઘવી
૧૧ દિલીપકુમાર અમીચંદજી કોઠારી
૧૧ કેશવલાલ મોહનલાલ
૧૧ તારાચંદ દેવચંદ કોરડીઆ અમરેલીવાલા
૧૧ વિમળાબેન કેસરીચંદ લખનૌવાલા
૧૧ ભણસાલી ખેમચંદ લલ્લુભાઈ રાંધનપુરવાલા
૧૧ આણંદજી જેઠાભાઈ હીરજી કચ્છ ગોધરાવાલા
૧૧ જસીબેન વરધીચંદ

૨....સા....ધિ....રા....જ....

[પૂર્વાર્ધ]



દુનિયામાં રસ એ અલૌકિક ચીજ છે. કોઈ પણ ચીજમાં રસ પડે તો મનુષ્ય ત્યાંથી ઉભોજ ન થાય. જીવનમાં નિરસતા કોઈને ગમે નહીં !! ભોજનમાં નિરસતા હોય તો ખાવું ભાવે નહીં, અરે ! વ્યાખ્યાનં શ્રવણમાં પણ રસ ન પડે તો માણસો ઝટ ભેગા થાય નહીં ! કેરીમાં રસ છે તો તેને અમૃત ફળની ઉપમા દેવામાં આવે છે. ઇક્ષુમાં પણ રસ છે. તો સૌ તેનું પાન કરે છે. જળમાં પણ રસ છે તો સૌ પાણી પીને શાન્તિ પામે છે. દુંકમાં રસની જ આ દુનિયા છે. જ્યાં જુઓ ત્યાં રસની લુંટાલુંટ છે !!

રસના નવ પ્રકાર

આપણે પણ આજનું વ્યાખ્યાન "રસાધિરાજ" એ વિષયપર રાખેલું છે. આપણામાં નવપદની સંખ્યા નવની છે. ગ્રહોની સંખ્યા પણ તેટલી જ છે. તેમ રસના પણ નવ પ્રકાર છે. હાસ્યરસ, શૃંગારરસ, વીરરસ, બિભત્સરસ, રૌદ્રરસ

અદ્‌ભુતરસ, ભયાનકરસ, કારૂણ્યરસ અને શાન્તરસ. ઉપર મુજબ રસના નવ પ્રકાર છે, તેમાં છેલ્લો પ્રકાર શાન્તરસનો છે. શાન્તરસ કહો—સમતારસ કહો કે પ્રશમરસ કહો એ બધા એકાર્થવાચી શબ્દો છે. મંત્રો ઘણા પ્રકારના છે પણ તેમાં નવકાર મહામંત્ર એ મંત્રાધિરાજ છે. તિર્થો પણ ઘણાં છે તેમાં શત્રુજંય એ તિર્થાધિરાજ છે. પર્વો પણ ઘણાં પ્રકારના છે, તેમાં પર્યુષણ પર્વ એ પર્વાધિરાજ કહેવાય છે, તેમ રસના પ્રકારો ઘણાં છે પણ તેમાં શાન્તરસ "રસાધિરાજ" કહેવાય છે.

પહેલા મજા અને પછી સજા

જીવનમાં દરેક મનુષ્યોએ આ શાન્તરસ સાધવો જોઈએ. આજે જીવનમાં નબળાં રસો બહુ પોષાય છે, જે જરાએ પોષવા જેવા નથી. આજે જ્યાં જુઓ ત્યાં હાસ્યરસ અને શૃંગારરસની બોલબાલા છે. ખડખડાટ હસવું, ખીખીયાટી બોલાવવી તેને હાસ્યરસ કહેવામાં આવે છે. હાસ્યરસનાં પ્રોગ્રામો પણ ગોઠવાતાં હોય છે, અને એ પ્રોગ્રામોમાં એવા એવા માણસોને બોલાવવામાં આવે છે કે જે હાસ્યરસની છોળો ઉડાડે. વ્યાખ્યાનોમાં પણ હાસ્યરસ પોષાતો હોય તો વ્યાખ્યાન સાંભળવા ઘણી મોટી સંખ્યામાં શ્રોતાજનો ઉમટી પડે છે, છતાં એ નિર્દોષ હાસ્ય હોય છે. નિર્દોષ સુખ કે નિર્દોષ આનંદ ગમે ત્યાંથી મેળવી શકાય છે.

દુનિયામાં રોગનું મૂળ ખાંસી કહેવાય છે, તેમ કજીયાનું મૂળ હાંસી કહેવાય છે. કોઈની ઠઠ્ઠા–મશ્કરી કરીને હાસ્યરસ પોષવાથી શરૂઆતમાં તો બહુ મજા પડી જાય છે

પણ અંતે એ મજામાંથી મોટી સજા ભોગવવી પડે છે. ગોશાળો ભગવાન મહાવીરની સાથે ઘણાં વર્ષોથી વિચરતો હતો. ભગવાન પોતાની સાધનામાં લીન હતા, જ્યારે ગોશાળો જ્યાં ત્યાં અટકચાળા કર્યાજ કરતો હતો. આવા મહાન પુરૂષની સાથે રહેવા છતાં તે તેમનાં જીવનમાંથી કંઈ મેળવી શકયો નહીં. એકવાર ભગવાન ઉન્નાગ સન્નિવેશ તરફ જઈ રહ્યા હતાં. માર્ગમાં વર–વહુ ચાલ્યા આવતા હતાં, બન્ને મોટા દાંતવાળા હોવાથી ગોશાળો તે બન્નેને જોઇને ખડખડાટ હસવા લાગ્યો અને બોલવા લાગ્યો, વિધાતા જે જેને અનુરૂપ હોય તેને ગમે ત્યાંથી મેળવી આપે છે, એટલે વર–વહુ બન્ને એવા છેડાઈ ગયા કે ગોશાળાને સારી પેઠે મેથીપાક ચખાડયો અને બાજુમાં રહેલી વંશજાળમાં ફેંકી દીધો. સ્વામીનું છત્ર હોવાથી પછી પાછળથી તેને મુક્ત કર્યો. આવી રીતે એક બે જગ્યાએ નહીં પણ ઘણી જગ્યાએ લોકોએ તેને મેથીપાક ચખાડેલો છે. ભગવાન એકવાર કુર્મગ્રામ તરફ જઈ રહ્યા હતાં. ત્યાં વેશ્યાયન નામે તાપસ જટા છુટી મૂકીને આતાપના લઈ રહ્યો હતો. તેની જટામાં ઘણી જું પડેલી જોઇને ગોશાળો તેને યૂકા શય્યાતર કહી કહીને વારંવાર હસવા લાગ્યો. હવે આવી રીતે હાસ્યરસ પોષવા જઈએ તો કયારેક ભારેજ પડી જાયને ? પેલા તાપસે એકદમ ક્રોધમાં આવી જઇને ગોશાલા પર તેજોલેશ્યા મૂકી દીધી. એ સમયે ગોશાળો ભડભડ દેતાં સળગવાની તૈયારીમાં હતો, પણ કૃપાના સાગર એવા ભગવાને શીતલેશ્યાના પ્રયોગથી તેજોલેશ્યાને નિવારીને ગોશાળાની રક્ષા કરી. ભગવાને ગોશાળાની રક્ષા કરી એમાં તો કેટલાક કહે છે કે ગોશાળાને ભગવાને બચાવ્યો તેમાં મહાવીર ભૂલ્યા ! ભગવાન મહાવીર તે સમયે છદ્મસ્થ હોવાથી મોટી ભૂલ કરી નાંખી !!

અહિંસાનું સંપૂર્ણ સ્વરૂપ

પણ એમ કહેનારા ખરી રીતે પોતેજ ભૂલા પડેલાં છે. કારણ તેઓ જીવોને બચાવવામાં ધર્મ માનતા નથી ! કોઇને હણવા નહીં એટલીજ તેમની અહિંસા છે. કોઈપણ માણસ બે પગે ચાલી શકે છે, તેનો એક પગજ કાપી નાંખવામા આવે તો તેની શી હાલત થાય ? તેમ અહિંસામાં પણ વિધિ અને નિષેધ બન્ને છે, તેમાં એક વિભાગને માન્ય રાખીને બીજાં વિધેયાત્મક વિભાગનો લોપજ કરી નાંખવામાં આવે તો એક પગ કાપીને અહિંસા રૂપી કામધેનુને લંગડી કરવા બરોબર છે. નેગેટીવ અને પોઝીટીવ બન્ને ભેગા થાય તોજ તેમાંથી વીજળી ઉત્પન્ન થાય છે, તેમ અહિંસામાં પણ કોઈપણ જીવોને હણવા નહીં એ પોઝીટીવ છે તો હણાતાનું રક્ષણ કરવું એ નેગેટીવ છે. એ બન્ને ભેગાં થાય ત્યારેજ અહિંસાનું સંપૂર્ણ સ્વરૂપ બને છે.

જીવ રક્ષા અંગેના અનેક ઉલ્લેખો

જૈન શાસ્ત્રોને પાને પાને અભયદાનનો મહિમા વર્ણવાએલો છે. જીવોને બચાવ્યા અંગેના અનેક દ્રષ્ટાંતો શાસ્ત્રોમાં વિદ્યમાન છે. મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલાનું રક્ષણ કરીને સંસાર પરિત કરી નાખ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ જ્ઞાતાસૂત્રમાં આવે છે. શાસ્ત્રમાં આવતાં આવા સ્પષ્ટ પાઠોનાં લોપ કરનારા છુટશે કયાં ભવમાં ? શાન્તિનાથ ભગવાનનાં આત્માએ દશમાં મેઘરથ રાજાના ભવમાં એક પારેવાના પ્રાણ બચાવવા પોતાનાં પ્રાણ હોડમા મૂકી દીધા

હતાં. જીવોને બચાવવામાં પૂણ્ય ન હોત તો આવા દ્રષ્ટાંતો શાસ્ત્રોને પાને ચડત નહીં ! સૂત્રનાં એક અક્ષરનો લોપ કરનારને અનંત સંસારી કહ્યો છે, તો પછી સમૂળગા શાસ્ત્રોનો જ લોપ કરનારા સંસાર કેટલો વધારી રહ્યા છે તે મનમાં સમજી લેજો.

ભગવાન મહાવીર ભુલ્યા એમ કહેનારા પોતે ક્યાં ઉભા છે ?

આચારાંગ સૂત્રમાં સ્પષ્ટ પાઠ આવે છે કે, પોતાના સાડાબાર વર્ષનાં છદ્મસ્થ કાળમાં ભગવાન ક્યાંય ભૂલ્યા નથી અને તેટલા કાળમાં ભગવાન મહાવીરે લેશ પણ પ્રમાદ સેવ્યો નથી ! એટલાં કાળમાં છુટી છવાઈ બધી મળીને ફક્ત બે ઘડીની નિંદ્રા શાસ્ત્રોને પાને નોંધાએલી છે. બાકી ભગવાન મહાવીર છદ્મસ્થ કાળમાં એટલે કેવળજ્ઞાન પામ્યા તે પહેલાનાં કાળમાં પણ અપ્રમત્તાભાવે વિચર્યા છે. શાસ્ત્રકારોએ તિર્થંકરોની ભૂલો પણ છુપાવી નથી. ત્રીપૃષ્ટ વાસુદેવનાં ભવમાં ઘોર કર્મ ઉપાર્જીને ભગવાન ઓગણીસમાં ભવે સાતમી નરકે ગયા તો તેની નોંધ શાસ્ત્રોને પાને રહી ગઈ છે, તેમ છદ્મસ્થપણાનાં કારણે ભગવાને તેવી કોઈ ભૂલ કરી હોત તો શાસ્ત્રોને પાને તેની નોંધ રહીજ ગઇ હોત ! પણ અંતિમ ભવમાં તિર્થંકરો જ્ઞાનપ્રધાન જીવન જીવનારા હોય છે તેમનાં અંતિમ ભવમાં તેવી ભૂલ થવાનું ત્રણ કાળમાં પણ સંભવે નહીં છતાં છદ્મસ્થ હોવાને કારણે ભગવાન મહાવીર ગોશાળાને બચાવવામાં ભૂલ કરી બેઠા તેમ લખવું કે બોલવું તે મહા મિથ્યાત્વના ઉદય વિના સંભવે નહીં !

અંદરના મતભેદોએજ આપણને નબળા પાડયા

જંગલમાં સિંહનું મડદું પડેલું હોય તો તે જોઈને પણ બીજા પ્રાણીઓ તેની પડખે ચડે નહીં, ઉલ્ટા ભયભીત થઈને દૂર ભાગી જાય પણ તે મડદાંની અંદરનાં કીડા તેને વીંખી નાખે તેમ જૈન શાસન રૂપી સિંહ આ પડતા કાળમાં ગમે તેવી પરિસ્થિતિમાં છે, છતાં તેને બહારનાં અન્ય તિર્થિકોથી તેટલું નુકશાન પહોંચ્યું નથી જેટલું અંદરના મતભેદોથી પહોંચ્યું છે. અંદરના મતભેદ રૂપી કીડાઓજ તેને કોતરી રહ્યા છે. કાળની જ બલિહારી છે કે, કેટલાં આ દર્શનમાં ફાંટા પડી ગયા છે. આ હૃદયની વ્યથા ઠલવવી કોની આગળ ? કોઈ ક્રિયાનો જ લોપ કરે છે, તો કોઈ વળી જીવદયાના સિદ્ધાંતનોજ લોપ કરી રહ્યા છે, તો કોઈ વળી જિન પ્રતિમાના આલંબનનેજ ઉત્થાપી રહ્યા છે. આ પડતા કાળમાં શું થવા બેઠું છે એજ સમજાતું નથી ? કોઈ મહા ભાગ્યવાન આત્મા જાગશે ત્યારે જરૂર આ જૈન શાસનનો જયજયકાર થશે, બાકી ઉપરોક્ત વિવેચનમાં તો અત્યારની સ્થિતિપર થોડોક વેધક પ્રકાશ નાખ્યો છે.

હવે ફરી પાછા મૂળ વાત પર આવી જઇએ. ગોશાળો પેલાં આતાપના લેતાં તાપસની હાંસી ઉડાડવા ગયો, પણ તે વાત તેને ભારે પડી ગઈ. ભગવાનની નિશ્રા હતી તો તે બચી ગયો. આ રીતે જ્યાં ત્યાં હાસ્યરસ પોષવા જેવું નથી. હાસ્ય મોહનિનાં ઉદયે હસવું આવે છે. હસવાથી ને ઠઠ્ઠા મશ્કરી કરવાથી હાસ્ય મોહનિય કર્મ બંધાય છે. કોઇ મુનિને પ્રતિલેખન કર્યા બાદ કાજવ લેતાં અવધિજ્ઞાન પ્રગટ થયું હતું, અને કાયોત્સર્ગમાં અવધિજ્ઞાનનાં

બળે ઈન્દ્રને-ઈન્દ્રાણીના મોહમાં પડેલા જોઈને મુનિને હાસ્ય મોહનિયનો ઉદય થતા હસવું આવી ગયું, અને મુનિ અવધિજ્ઞાનથી તરત નીચે પડી ગયા. પૂ. વીરવિજયજી મહારાજે આ ઘટનાનો આબેહુબ પૂજાની ઢાળમાં ઉલ્લેખ કર્યો છે કે,

"કાજય ઉદ્ધરતા મુનિ દેખે,
સોહમપતિ મોહ વસિએ;
મોહે નડિયા નાણથી પડિયા.
કાઉસ્સગ્ગમાં મુનિ હસિએ,
ચાલોને સખી વીર કને જઈ વસિએ."

હાસ્ય મોહનિયનાં ઉદયે કેવો અનર્થ થઈ જાય છે તે આ ઘટના પરથી સમજી લેવાનું છે.

આ જમાનાની ફેશન

શૃંગાર રસ પણ જીવનમાં ખૂબ પોષાઈ રહ્યો છે. આજનાં માનવીને "રેશન વિના ચાલશે, પણ ફેશન વિના નહીં ચાલે." છોકરાઓ પણ ફેશનમાં એવા પડી ગયા છે કે, તેની પાછળ લેશન ભૂલી ગયા છે. પફ-પાવડર, સ્નો-ક્રીમ, વિગેરે ફેશનની વસ્તુઓ વસાવવાની પાછળ આજે જેટલું ખર્ચ કરવું પડે છે, તેટલું હું નથી માનતો કે, જાર-બાજરાની પાછળ તમારે ખર્ચ કરવો પડતો હોય ? રેડિયો પણ ઘરની ફેશન થઈ પડી છે. જેના-તેના હાથમાં રેડિયો જોવામાં આવે છે, ખેતરમાં પણ રેડિયા વાગતાં વિહારોમાં અમે સાંભળ્યા છે. શ્રીમંતોનાં ઘરમાં તો રેફ્રિજરેટર,

એરકંડીશનર, ઉંચામાં ઉંચી જાતનાં ફર્નિચર. આવી કેટલીએ સામગ્રી વસાવવામાં આવે છે. હમણાં હમણાં તો વળી ટી-વીનું વાતાવરણ ઘરઘરમાં જામતું જાય છે હવે આ બધું કયાં જઈને અટકશે તે કલ્પી શકાતું નથી. પહેલાંના કાળમાં ગ્રહસ્થો ઘરમાં ગોધન વસાવતા, પણ આવા લફરા પહેલાંના કાળમાં નહોતા. ખૂબજ સાદાઈવાળું જીવન હતું અને તે જીવનમાંથી તેઓ અનુપમ આનંદ લુંટી શકતા હતા. જ્યારે આજે મનુષ્યો જમવા ભાણે બેઠાં હોય ત્યારે ભાણામાં કચુંબર ઘણું હોય, પણ સાચી વસ્તુનાં દર્શન ન થાય ! સાચું ગ્રહસ્થાશ્રમજ આ કાળમાં કયાં રહ્યું છે ? ઘરમાં ગોરસના દર્શન નથી, ત્યાં આત્મામાં શાન્તરસના તો દર્શન કયાંથી થવાના છે.

ભૌતિકવાદનો કરૂણ અંજામ

પહેલાનાં કાળમાં પહેરવા-ઓઢવામાં પણ ઘણી જ સાદાઇ હતી. ઘરમાં રાચ-રચીલું વસાવવામાં પણ ઘણી સાદાઈ હતી. તો જીવન દરેક પ્રકારે સુખમય હતું. જ્યારે આજે તો માનવીની કેવળ ભૌતિકવાદ તરફની દોટ છે, અને તે પણ પાછી આંધળી દોટ છે. માનવી ભૌતિકવાદ તરફ ગમે તેવી દોટ મૂકે, પણ ભૌતિકવાદમાં માનવીને ખરૂં વાસ્તવિક સુખ આપવાની તાકાત નથી. તેમાં તો માનવીની આશક્તિ વધતી જાય છે. જીવનમાં વધારે પડતો શૃંગાર પોષાવાથી માનવી કામભોગમાં આશક્ત બને છે, અને કામભોગમાં આશક્ત બનેલાં ભવાંતરમાં નરકગતિનાં અધિકારી બને છે. વ્યાસજી ગીતામાં લખે છે કે,

"प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशु चौ ।"

ભૌતિકવાદનું આખરી અંજામ કેટલું કરૂણ આવે તે

આટલા પરથી સ્પષ્ટ સમજી શકાય તેવું છે.

સદાચારનું પ્રતિક

જીવનમાં શૃંગારરસ પોષવા આજે પુરૂષ અને સ્ત્રીઓની વેશભૂષામાં કેટલી વિકૃત આવી છે. આર્ય સંસ્કૃતિને અનુરૂપ વેશભૂષા હોવી જોઇએ, તેની જગ્યાએ ઉદ્ભટ વેશ પહેરવામાં આવે છે વેશભૂષામાં તો સ્ત્રીઓએ પણ માજા મૂકી છે, અને હમણાં હમણાં તો યુવાન-યુવતિઓ પણ કપડાં એટલા બધા કસીને પહેરે છે કે શરીરનાં અવયવો કેટલીકવાર બહાર ઉપસી આવે. વેશભૂષામાં સાદાઇ એ પણ સદાચારનું પ્રતિક છે. આજના પહેરવેશ એવા છે કે જે જોઈને સારા મનુષ્યો પણ પોતાના મન પરનો કાબુ ગુમાવી નાંખે ! જીવનમાં નબળાં રસો જે પોષાય છે તેમાં સિનેમાએ પણ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. માણસને તેમાંથી નબળું ઘણું શીખવાનું મળે છે. રૂપેરી પડદાપર આવતા નટ નટીઓનું અનુકરણ આજના છોકરા છોકરીઓ કરતા થઈ ગયા છે પછી જીવનમાં પવિત્ર આચાર વિચારની આશા કયાંથી રાખી શકાય ?

જીવનના મહાન આદર્શો

જીવનમાં અનુકરણ જ કરવું હોય તો મહાન પુરૂષોના જીવનનું કરવું જોઇએ, કારણ કે તેઓ પોતાના પ્રિય પ્રાણોને ભોગે પણ ધર્મની રક્ષા કરનારા હતા—એવા એવા મહાન આત્માઓ થઇ ગયા છે કે જેમણે ધર્મને માટે પોતાના પ્રાણ ત્યજી દીધા છે પણ ધર્મનો ત્યાગ કર્યો નથી.

મહાસતી સીતાજીએ પણ પોતાના શીયળ ધર્મની રક્ષા માટે કેટલા સંકટો સહ્યા છે. પણ પોતાના શીયળની તેમણે રક્ષા કરી છે. શ્રીપાલ મહારાજા અને મહાસતી મયણા સુંદરીનું જીવન પણ કેટલું આદર્શમય હતું. વિજય શેઠ અને વિજયા શેઠાણી પણ જીવનનો કેવો મહાન આદર્શ મૂકતા ગયા છે. પરમાર્હત કુમારપાળ અને વસ્તુપાળ તેજપાળ કેવું આદર્શમય જીવન જીવી ગયા છે. જગડુશા, જાવડશા, ભામાષા, ધરણાશા શેઠ વિગેરેના જીવનનાં આદર્શો કેટલા મહાન હતા તમારે અનુકરણજ કરવું છે તો આવા મહાન પુરૂષોનાં પવિત્ર જીવનનું કરો. કુમારપાળ મહારાજા પૌષધમાં બેઠેલા અને મંકોડો કરડયો, એટલે તે જીવને બચાવવા તેટલો ચામડીનો ભાગ કાપી નાંખ્યો પણ મંકોડાની રક્ષા કરી, કેવો જીવદયાનો આદર્શ મૂકી ગયા છે.

કચ્છ દેશમાં થઈ ગયેલા જગડુશાએ દુષ્કાળના સમયે પોતાના અનાજનાં ભંડાર અઢારે કોમના મનુષ્યો માટે ખુલ્લા મૂકી દીધા હતા, અને આખા દેશ પરથી દુષ્કાળનું સંકટ ટાળ્યું હતું. કેવો આદર્શ મૂકતા ગયા છે. ગ્રહસ્થાશ્રમમાં રહીને વિજય શેઠ અને વિજયા શેઠાણીએ અણીશુદ્ધ બ્રહ્મચર્ય પાળ્યું છે, અને જેમણે મનથી પણ વ્રતની વિરાધના કરી નથી. પતિ-પત્નિ બન્ને સાથે રહેતા હોવા છતાં કોઇ રૂંવાડે વિકાર પોષ્યો નથી, અને તદ્દન નિર્વિકાર અવસ્થામાં વર્ષોના વર્ષો સુધી સાથે રહ્યા છે અને જ્ઞાનીઓને ફરમાવવું પડયું છે કે ચોરાશી હજાર સાધુઓની એકી સાથે નિર્દોષ આહાર-પાણી વહોરાવવા વડે કરીને ભક્તિ કરવાથી જે પૂણ્ય બંધાય તેટલું જ પૂણ્ય વિજયશેઠ અને

વિજયા શેઠાણી જેવા સાધર્મિક બંધુઓની ભક્તિથી બાંધી શકાય. કારણ કે સાધુઓને તો નિઃસંગ વાતાવરણમાં રહી બ્રહ્મચર્ય પાળવાનું છે. જ્યારે તેમણે બન્નેએ સાથે રહીને પાલન કર્યું છે. એટલે તેમની ભક્તિનું આવું મહાન ફળ બતાવવામાં આવ્યું છે.

રાગનાં નિમિતોની વચ્ચમાં રહીને રાગને જીતનારને તો જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. વિજય શેઠ અને વિજયા શેઠાણી સમગ્ર વિશ્વ માટે કેવો મહાન આદર્શ મૂકતા ગયા છે. માટે તમારે અનુકરણ જ કરવું હોય તો આવા મહાન પુરૂષોનાં જીવનનું કરો જેથી તમારૂં જીવન પણ આદર્શરૂપ બને.

રૂપ કે સૌંદર્ય એ પ્રદર્શનની ચીજ નથી

વેશભૂષા કે સ્નો–પાવડરથી શરીરની કઇ શોભા વધી જવાની છે ? શરીરનો એ સાચો શણગાર નથી. તપ–ત્યાગ અને સંયમ એ જીવનનો સાચો શણગાર છે. પહેલાનાં કાળમાં સ્ત્રીઓ શરીરપર સોળે શણગાર સજતી, પણ તે કેવળ પોતાના પતિની પ્રસન્નતા ખાતર જ ! પર પુરૂષ તો તેની દ્રષ્ટિમાં સગાં ભાઈ સમાન હતો. જ્યારે આજે તો શૃંગાર કે સૌંદર્યનાં પ્રદર્શનો ગોઠવાય છે. શૃંગાર સજીને બહાર નિકળ્યા હોય ત્યારે લાગે કે આ જાણે મ્યુઝિયમમાં ભરતી થવા (Permission) પરમીશન મેળવવા જઇ રહ્યા છે. પૂર્વ કાળમાં પણ કર્મના ઉદયે ઘણાંના પતન થયા છે, પણ મોટે ભાગે તે કાળમાં સંયમ ધર્મની ઘણી મર્યાદા હતી. આજે શણગાર સજે તેમાંએ શી ભલીવાર છે ? ગમે તેટલી

ટાપટીપ કરે તો એ મોઢા ઉપર ખરૂં તેજ હોતું નથી. માટે આ જમાનામાં જે શૃંગારરસ પોષવામાં આવે છે તે પણ તે કાળના શૃંગારરસની અપેક્ષાએ ઘણુંજ નબળું અને તદ્દન જઘન્ય કક્ષાનું છે.

વીરરસ ને બિભત્સરસ

યુદ્ધની રણભેરી સાંળળીને ક્ષત્રિઓને શુરાતન ચડી જાય, તેને વીરરસ કહેવામાં આવે છે, એ વીરરસ એવો છે કે, ખરેખર જે યોદ્ધાઓ હોય તે કયારેક કેશરીયા કરી નાંખે. પૂર્વ કાળના યુદ્ધોમાં તેવો વીરરસ પોષાતો હતો. આજે તો તેવાં યુદ્ધો જ કયાં રહ્યા ? નાટક-સિનેમામાં જે રસ પોષાય છે તેને બિભત્સરસ કહી શકાય. સિનેમા જોવામાં કલાકોનાં કલાકો પસાર થઇ જાય છતાં સમય કયાં પસાર થઇ ગયો તેની માનવીને ખબર પડતી નથી. કારણ તેવા નબળા સંસ્કારો ભવોભવથી જીવમાં પોષાતા આવ્યા છે. શરીરના અમુક અવયવો જોવામાં જીવને રસ પડે એ બધા બિભત્સરસનાં પ્રકારો છે. નબળું સાહિત્ય વાંચવાનો કેટલાકોને શોખ લાગ્યો હોય છે, તો કેટલાકો અશ્લીલ ફોટાઓ જોવામાં રસને પોષતા હોય છે. એ બધાં પ્રકારોમાં જીવનમાં માત્ર બિભત્સરસ જ પોષાતો હોય છે.

જીવનમાં નબળા રસો પોષવા નહીં

મહા ભયંકર સ્વરૂપ જોવામાં રસ પડે તેને ભયાનકરસ કહેવામાં આવે છે. ભયંકર વીજ કડાકો થતાં ભય લાગે પણ મનમાં રસ પેદા થાય કે, કેવો કડાકો થયો ?

સાસણગીરમાં કેટલાકો વાઘ અને સિંહને જોવાને જાય છે. વાઘ અને સિંહનું સ્વરૂપ વિકરાળ હોય છે, છતાં લોકોને જોવાની મજા આવે છે, તેને ભયાનકરસ કહી શકાય. લોકો સાસણગીરમાં સિંહ જોવા જાય છે, તેની પાછળ તો કેટલી હિંસા થાય છે. લોકોને સિંહ બતાવવા માટે અમુક જગ્યાએ પશુઓને બાંધવામાં આવે છે, અને સિંહ શિકારની આશાએ આવે છે. જેવો સિંહ શિકારની આશાએ આવે કે, લોકોને જોવામાં મજા પડતી હોય છે, અને બિચારા નિર્દોષ પશુઓને મૃત્યુની સજા ભોગવવી પડતી હોય છે. હવે એ મજા શા કામની ? આવી રીતે નિર્દોષ પ્રાણીઓનો સંહાર કરાવીને સિંહ જોવાથી કેટલાં પાપનાં ભાગીદાર બનવું પડે છે એ તો જેને કર્મ શાસ્ત્રનું જ્ઞાન હોય તેને જ નફા કે નુકશાનની ખબર પડે. બીજા અબુઝ શું સમજી શકે ? માટે આવા રસો જીવનમાં પોષવા નહીં.

કષાયથી કર્મ બંધ

કોઈ અલૌલિક વસ્તુ જોતાં જે રસ પડે તેને અદ્‌ભૂત રસ કહેવામાં આવે છે. પૂર્વે ન સાંભળેલી વાત સાંભળતા અથવા ન જોએલી વસ્તુ જોતાં પોતે તેની પર આફ્રિન થઈ જાય, તે અદ્‌ભૂતરસ કહી શકાય. જીવનમાં કષાયોને પોષવાથી જે રસ ઉપજે તે રૌદ્રરસ કહી શકાય. મનુષ્ય ક્રોધથી ધમધમી ઉઠે ત્યારે તેનું સ્વરૂપ રૌદ્ર બની જાય છે. ક્રોધાવેશમાં કયારેક મનુષ્ય ઘોર હિંસા આચરી બેસે છે. કોઈ પર તમે કષાય કરી નાખ્યો એટલે સામો માણસ નિર્બળ હોય તો કયારેક નમતું જોખી દે—એટલે કષાય કરનાર સમજે કે કેવો આને બેસાડી દીધો, અને મનમાં રસ પેદા

થાય એ રૌદ્રરસ કહેવાય, તેને બીજાં શબ્દોમાં લ્હાવારસ પણ કહી શકાય. કષાય કે વિષયનો રસ જીવનમાં પોષવા જેવો નથી. તેમાંથી ઘોર કર્મબંધની પરંપરા ઉભી થાય છે. તેમાંએ કષાયનો રસ પોષવાથી તો તિવ્ર બંધ પડી જાય છે. જેને રસબંધ કહેવામાં આવે છે. બંધનાં પ્રકારોમાં રસબંધ અતિ ભયંકર છે જે કર્મો ઉદયમાં આવતા વિપાકોદયથી ભોગવવા પડે છે અને ભોગવતાં કેટલીકવાર હાંજા ગગડી જાય છે. જીવને ધોળાં દિવસે તારા દેખાઇ જાય છે. માટે તેવા રસ જીવનમાં પોષવા નહી.

કારૂણ્યરસ

દુઃખીને જોઇને મનમાં દયા ઉત્પન્ન થાય અને હૃદય અંદરથી દ્રવી ઉઠે તેને કારૂણ્યરસ કહી શકાય. નવરસમાં શાન્તરસ એ તો "રસાધિરાજ" છે. પણ કારૂણ્યરસ એ પણ શ્રેષ્ઠ છે. દીન-હીનને જોઈને મનમાં દયા કોને ન આવે? અતિ નિષ્ઠુર હૃદયનાં હોય તેને દયા ન આવે. હૃદય નિષ્ઠુર બનતાં કયારેક જીવનમાં નિર્દયતા આવી જાય છે, અને જીવનમાં દયાધર્મનો લોપ થઈ જાય છે. જ્યારે દયા એ તો ધર્મનું મૂળ છે. જ્યાં દયા છે ત્યાંજ ધર્મ છે. દુઃખી તરફ દયા લાવવાની જેમ યથાશક્તિ તેનાં દુઃખ નિવારણ અંગેના ઉપાયો લેવા તે જ ખરી કરૂણા છે! દુઃખીની જેમ ધર્મને રસ્તે નહીં ચડેલાં પણ દયાને પાત્ર છે. તે બિચારાં જીવોનું ભવોભવમાં શું થશે? આવા વિચારથી મનમાં જે કરૂણા ઉભરાય તેને ભાવદયા કહેવામાં આવે છે. ધર્મને રસ્તે

નહીં ચડેલો પોતાનો આત્મા પણ દયાને પાત્ર છે. દ્રવ્ય–દયાની વાત દરેક ધર્મ શાસ્ત્રોમાં વાંચવામાં આવે છે. જ્યારે ભાવદયાનું સ્વરૂપ જૈન શાસ્ત્રોને પાને ચડેલું છે. દીન–હીનને જોઈને ભલભલાની આંખો છલકાઇ જાય, પણ બંગલામાં રહેનારા અને લાલપીળી મોટરમાં ફરનારાને જોઈને આંખો કોની ભીની થઇ જાય ? અંતરમાં ભાવદયા હોય તો જરૂર આંખો ભીની થઈ જાય. તે તો વિચારે કે આ લોકનાં સુખનાં મોહમાં આ બિચારાં પરમાર્થને ભૂલી ગયા છે. ભોગ–સુખની આશક્તિમાં ભગવાનને પણ ભૂલી ગયાં છે, એ આત્માઓનું ભવાન્તરમાં શું થશે ? આવી શુભ વિચારણાથી આંખો છલકાઈ જાય એજ ખરી ભાવદયા છે.

કાં રસની છોળ ને કાં આગના ભડકા

રસના નવ વિભાગ છે, તેમાં આઠ વિભાગ સંક્ષેપમાં સમજાવવામાં આવ્યા. હવે છેલ્લાં વિભાગ ઉપર સમજાવવામાં આવે છે. શાન્તરસ કે જે "રસાધિરાજ" છે તે જ આપણાં આજનાં વ્યાખ્યાનનો મૂળ વિષય છે, કારૂણ્યરસ એ શાન્તરસની પ્રાપ્તિમાં સહાયરૂપ છે. તે ઉપર પણ આપણે આછો પ્રકાશ પાડયો છે. ભલે રસનાં બધા પ્રકારો આપણે વર્ણવી ગયા પણ એ બધામાં શાન્તરસ એ ઉત્કૃષ્ટ રસ છે. જીવનમાં શાન્તરસની સાધના કરવાથી શારીરિક અને માનસિક બન્ને પ્રકારનાં આનંદની પ્રાપ્તિ થાય છે. એ આનંદ એવો અદ્‌ભૂત હોય છે કે, પછી ઈન્દ્રિયોનાં સુખ અંગેની મનમાં ઝંખનાજ રહેતી નથી. તે સુખ દેવરાજ

યાને દેવોના ઈન્દ્રને રાજાધિરાજને પણ હોતું નથી. જે સુખ લોકવ્યાપારથી રહીત એવા સાધુપુરૂષોને હોય છે તેનું કારણ એજ છે કે સાધુપુરૂષોએ જીવનમાં શાન્તરસ સાધેલો હોય છે. દુઃખમાં બીજા કોઈને દોષ ન દેતા જો પોતાના કર્મોદયનો વિચાર કરવામાં આવે તો અંતરમાં શાન્તરસની છાળ ઉડાડી શકાય, અને જો નિમિત્ત ઉપર ઉતરી ગયા તો અંદરમાં આગના ભડકા ઉઠવાના છે.

કષાય, રાગ–દ્વેષાદિ અને વેરભાવને ઉપશમાવવા પૂર્વક આત્માને જે શમરસી ભાવમાં નિમગ્ન બનાવી દેવો તેને શાન્તરસ કહેવામાં આવે છે. ક્રોધાદિ કષાયોથી આત્મા નહીં ઉપશમે ત્યાં સુધી જીવનમાં શાન્તરસની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. કષાય, રાગ–દ્વેષ એજ મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. પ્રશમસુખની પ્રાપ્તિમાં પણ રાગ-દ્વેષ અંતરાયરૂપ છે. શાન્તરસમાં નિમગ્ન આત્મા મોક્ષમાર્ગમાં ઝડપી વિકાસ સાધી શકે છે. પ્રશમરતિ પ્રકરણમાં ભગવાન ઉમાસ્વાતિ તો ત્યાં સુધી ફરમાવે છે કે,

"सम्यग्दृष्टिर्ज्ञानी ध्यान तपो बलयुतोऽप्यनुपशांतः
तं लभते न गुणं यं प्रशमगुणमुपाश्रितो लभते ॥

સમ્યગદ્રષ્ટિ એવો આત્મા–જ્ઞાન–ધ્યાન ને તપોબળથી યુક્ત હોવા છતાં જો અનુપશાન્ત હોય તો તે ગુણને એ નથી પામતો કે જે ગુણને ઉપશાન્ત પામે છે, કારણ કે, આત્મા જો ઉપશાન્ત હોય, સમતાભાવમાં સ્થિત બનેલો હોય તો તેનામાં ઉપરોક્ત બધાં ગુણો પ્રગટે છે અને આત્મા જેવો કષાયના ઉદયવાળો બને છે તો પ્રગટેલાં ગુણો પણ ચાલ્યા જાય છે એટલે ઉપશાન્તને શ્રેષ્ઠ કહ્યો છે.

પતન અને ઉત્થાનના હેતુઓ

અનંતાનુબંધી કષાયનો ઉપશમ ક્ષયોપશમ કે ક્ષય ન થાય ત્યાં સુધી તો આત્મા સમ્યક્ત્વ ગુણને પણ પામી શકતો નથી, તો પછી આગળનાં ગુણો પ્રગટવાની વાત જ કયાં રહી ? આત્મા પ્રશમભાવમાં આવ્યા પછીજ તેનામા ઉત્તરોત્તર ગુણો પ્રગટે છે. ગુણ શ્રેણીએ ચડેલાં પણ કષાયનાં ઉદયે નીચે પડી જાય છે, એક વાત હંમેશ માટે સમજી રાખવાની છે કે, જીવનો ઉત્થાન ઉપશમ ભાવથી અને પતન કષાયના ઔદયિક-ભાવથી, પ્રવચનમાં ઉપશમનો મહિમા ઘણો છે. પિસ્તાલિશે આગમની રચના જીવને કેવલ ઉપશમ ભાવમાં લાવવા માટે છે તેમ કહીએ તો પણ ચાલી શકે. ગમે તેટલાં શાસ્ત્રો ભણીને પણ જીવ જો ઉપશમભાવમા ન આવ્યો તો સમજવું આટલાં વર્ષો તેણે એકલી મજુરી કરી છે. અથવા કેવલ શાસ્ત્રનો ભાર વહન કર્યો છે, પણ તેના સારને તે પામ્યો નથી.

જીવ ઉપશમભાવમાં આવ્યા વિના ગમે તેવું દુષ્કર તપ કરે તો તે તપનો પણ કશો અર્થ નથી. તેના તપમાં નિર્જરાનું ખાસ પ્રમાણ હોતું નથી અને કષાય કરવાથી કયારેક ઉલટા નવા કર્મો બંધાઇ જાય છે. ઉપશમભાવ વગરનું તપ એ તપ નથી, તેને એક પ્રકારનું લંઘન (લાંઘણ) કહેવામાં આવે છે, આહારના ત્યાગ સાથે વિષય અને કષાયનો પણ ત્યાગ હોય તો તે વાસ્તવિક તપ કહેવાય.

દૃષ્ટાંત

કૂરગડુ મુનિનું શાસ્ત્રોમાં દ્રષ્ટાંત આવે છે. તેઓને

તપનો અંતરાય હતો પણ તેમનામાં સમતા ઘણી હતી. શાન્તરસમાં તેઓ તરબોળ રહેતા હતા. બીજા સાધુઓ જે તેમની સાથે હતા તે ઉગ્ર તપ કરનારા હતા. તેમાં એક મુનિ ચાર માસના ઉપવાસના તપસ્વી, બીજા ત્રણ માસનાં, ત્રીજા બે માસનાં અને ચોથા માસક્ષમણનાં ઉપવાસી હતા. ચાતુર્માસમાં પર્યુસણ પર્વનાં દિવસો નજદીક આવ્યા પણ આ કુરગડુ મુનિ સંવત્સરી મહા પર્વનાં દિવસે એક ઉપવાસનું તપ પણ કરી શકયા નહીં. ગામમાંથી ગૌચરી વ્હોરી આવ્યા. વડીલ ગુરૂ ભગવંતને ગૌચરી બતાવી અને આલોવી—કારવીને વાપરવા બેઠાં, ત્યાં પેલા તપસ્વી સાધુઓ આ મુનિને ખાઉધરા કહીને તિરસ્કાર કરે છે. એટલું જ નહીં પણ તપસ્વી સાધુઓ તેમનાં પાતરામાં અરર ! આ સંવત્સરી જેવા દિવસે વાપરવા બેસી ગયો ? એમ કહી થુંકે છે. મુનિ તે થુંકને ઘૃત તૂલ્ય સમજે છે અને વિચારે છે કે આ મારો તિરસ્કાર કરે છે તેમાં ખોટું શું છે ? મને ધિક્કાર છે કે આવા મહાન પર્વનાં દિવસે પણ હું તપ કરી શકયો નહીં અને તેઓ તો કેવા મહાન તપસ્વી છે, ધન્ય છે તે મહાત્માઓને કેવો દુષ્કર તપ તપી રહ્યા છે ! જ્યારે હું તો અન્નનો કીડો. આજે સંવત્સરી જેવા મહાપર્વના દિવસે પણ ખાધા વિના મારે ચાલતું નથી એટલે એ તપસ્વી મહર્ષિઓનાં ચરણારવિંદમાં કોડાનું કોડ વંદન હો ! મારા આત્માનો સ્વભાવ તો અણહારી છે. આત્માના સ્વભાવની ઓળખાણ થવા છતાં આહાર સંજ્ઞા ઉપર હું વિજય મેળવી શકતો નથી !!

પછી તો એ મહર્ષિ તપસ્વીઓનાં તપની અનુમોદના કરવા પૂર્વક તપનાં અંતરાય અંગે ખુબખુબ મનમાં પશ્ચાતાપ

કરી રહ્યા છે અને આત્માના અણુહારી સ્વરૂપનો વિચાર કરતાં કરતાં ઉચ્ચ ગુણસ્થાનની ભૂમિકાએ તેમનો આત્મા પહોંચી જાય છે. ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ ને એક અંતર્મુહુર્તનાં કાળમાં ઘનઘાતીનો છેદ કરીને તે મહર્ષિ ભાણે બેઠાં બેઠાં કેવલજ્ઞાન અને કેવલદર્શનને પામી જાય છે. મોં માં કવલ લઇ રહ્યા હતા તે જાણે કેવલજ્ઞાનમાં પલ્ટાઇ જાય છે. જો કે આ ઔપચારિક વચનો છે, બાકી કવલ અને કેવલજ્ઞાનને કાંઇ સંબંધ નથી. કવલ જડ વસ્તુ છે, જ્યારે કેવલજ્ઞાન તો આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. જે આત્માનો પ્રકૃષ્ટ ગુણ છે.

આહાર કે વસ્ત્રો, કોઇ જડ વસ્તુઓ કેવલજ્ઞાનને અટકાવી શકતી નથી. અરે ! સ્ત્રીલિંગ પણ કેવલજ્ઞાનને અટકાવી શકતું નથી. કેવલજ્ઞાનને કષાય જરૂર અટકાવી શકે છે. કષાયનો એક કણ પણ કેવલજ્ઞાનને અટકાવી દે છે. બાકી સાધુઓએ વસ્ત્ર–પાત્ર રાખ્યા હોય ને તેમાં જો મૂર્ચ્છા ન હોય તો તે પરિગ્રહ નથી, પણ ધર્મનાં ઉપકરણ છે. શરીર જેમ ધર્મનું સાધન છે તેમ ઉપકરણ પણ સંયમયાત્રા માટે સાધનરૂપ છે. વસ્ત્ર–પાત્રમાં મૂર્ચ્છા બંધાઇ જાય માટે પરિગ્રહરૂપ છે. મૂર્ચ્છા તો કયારેક શરીરમાં પણ બંધાઇ જાય છે છતાં શરીરને ધર્મનું સાધન કહો છો, તો વસ્ત્ર–પાત્રને કયા મોઢે પરિગ્રહ કહી શકો છો ? શરીર એ તો મૂર્ચ્છાનું પ્રબળ નિમિત્ત છે ! કહે છે કે, શરીરની મૂર્ચ્છા તો છુટી જાય છે તો શું વસ્ત્ર પાત્ર પરની મૂર્ચ્છા નહીં છુટી જાય ? સૂવર્ણપરની મૂર્ચ્છા ઉતારનાર શું લોઢાપરની નહીં ઉતારી શકે ? આત્મા અંદરથી જ્યાં જાગ્યો ત્યાં બહારનાં કોઈ

નિમિત્તો કેવલજ્ઞાનને અટકાવી શકતા નથી. હા ! અંદરના દોષો જરૂર કેવલજ્ઞાનને અટકાવી રાખે છે. કુરગડુ મહર્ષિ એવા પરિણામની ધારાએ ચઢી ગયા કે આહાર વાપરતાં કેવલજ્ઞાનને પામી ગયા.

તેમનાં કેવલજ્ઞાનનો મહિમા કરવા દેવલોકમાંથી દેવો નીચે આવી રહ્યા છે. તે પહેલાં તે મહર્ષિના ગુણોથી આકર્ષાઈ શાસનદેવી પણ મુનિનાં દર્શનાર્થે આવેલી અને મુનિને વંદના કરી ત્યારે તપસ્વી સાધુઓએ કહ્યું. આ ખાઉધરાને શું નમો છો. અમને તપસ્વીઓને નમો ? ત્યારેજ શાશન દેવીએ કહેલું કે, તેના કારણની તમને આગળ ઉપર ખબર પડશે. દેવોને આવતાં જોઈને પેલા તપસ્વી સાધુઓ વિચારે છે કે, અહા ! કેવો આપણા તપનો મહિમા છે કે, સાક્ષાત્ દેવો આપણાં તપથી આકાર્ષાઈને શાતા પુછવા નીચે આવી રહ્યા છે. બધા તપસ્વીઓ પોતપોતાના આસન પર રીતસર ગોઠવાઈ ગયા, જાણે દેવો આવીને હમણાં બમાસમણાં દેવા માંડશે. દેવો નીચે આવ્યા ખરાં પણ સીધા કુરગડુમુનિ જ્યાં આહાર વાપરતાં કેવલજ્ઞાનને પામેલાં છે ત્યાં પહોંચી ગયા. તપસ્વી સાધુઓ વિચારી રહ્યા છે કે, આ દેવો ભૂલાતો નહીં પડ્યા હોય ! આપણી તરફ ન આવતાં તે તરફ કેમ જઈ રહ્યા છે ? તપસ્વીઓ તો આપણે અહિં બેઠેલાં છીએ. દેવો વિવેકમાં ભૂલે નહીં છતાં આમ કેમ બન્યું છે ? એટલામાં તો દેવો કેવલજ્ઞાની એવા મહર્ષિને ત્રણ પ્રદક્ષણા દેતાં વિધિપૂર્વક વંદના કરે છે. દેવો સૂવર્ણ કમલની રચના કરે છે. કેવલી ભગવાન તેનીપર બેસીને દેશના આપે છે. બીજાં પણ ઘણાં મુમુક્ષુ આત્માઓ ત્યાં દેશના સાંભળવા આવી પહોંચે છે. તપસ્વી સાધુઓ તો

વિચારમાં પડી જાય છે ! આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે !!

ઉંધી ખતવણી !

કુરગડુ મુનિનાં કેવલજ્ઞાનની તપસ્વી મુનિઓને ખબર પડી જતાં બધાં મુનિઓ ત્યાં આવીને કેવલી કુરગડુ મુનિને વિધિપૂર્વક વંદના કરે છે, અને પોતાના અપરાધની પુનઃ પુનઃ ક્ષમા યાચે છે. તપસ્વી મુનિઓને પોતાના તપનો ગર્વ ઉતરી જાય છે, અને વિચારે છે કે, વખતે એકલાં ઉપશમભાવથી સિદ્ધિ છે, પણ ઉપશમભાવ વગરનાં એકલાં ગમે તેવા દુષ્કર તપથી સિદ્ધિ નથી. બધાને કુરગડુ મુનિનાં જીવનમાંથી અનુપમ પ્રેરણા મળી રહે છે, તપ વડે ભલે કાયાની સુકવણી કરી નાંખવામાં આવે પણ અંદરનાં વિષય, વિકારો અને કષાયોની જો સૂકવણી ન થાય તો ખતવણી ઉંધીજ થવાની છે.

રાફડાં ઉપરના પ્રહારો

જંગલમાં રાફડાંની અંદર સર્પો રહેતા હોય છે. રાફડાંની અંદર પણ પાછા ઉંડા દરમાં સર્પો રહેતા હોય છે. હવે કોઈ મનુષ્ય રાફડાંની ઉપર ગમે તેટલા પ્રહાર કરે પણ તેટલાથી સર્પો જે અંદર રહેલાં છે તેને કયાં ઉની આંચ આવવાની છે ? એ તો અંદર ભરાઇને બેઠાં હોય છે. તેવી રીતે શરીરરૂપી રાફડાં પર ઉગ્ર તપ-જપાદિ કરવા વડે પ્રહાર કરવામાં આવે છે એટલે શરીરને કષ્ટ ખુબ આપવામાં આવે છે, છતાં અંદરનાં કષાયો જો ન જિતાય તો

સમજવું કે, એકલાં રાફડા ઉપર પ્રહાર પડે છે, શરીરથી તપ ગમે તેટલું કરવામાં આવે તેમાં એકાંતે લાભ છે, છતાં શરીરથી આત્માનું તેટલું બગડયું નથી કે જેટલું કષાયોથી બગડયું છે. મનુષ્ય શરીર તો પૂણ્યનાં ઉદયે મળે છે. જ્યારે આત્માનું ભવોભવથી બગાડનારા તો કષાયો છે. પ્રતિ સમયે જીવને બંધ પણ કષાયોથી પડે છે. જ્યારે તપ–સંયમથી શરીરનેજ કષ્ટ આપવામાં આવે અને કષાયોનો તો નિગ્રહજ ન થાય તો સમજવું નિર્દોષ દંડાઇ જાય છે અને દોષિત આબાદ છટકી જાય છે. તપ જો ઉપશમભાવ પૂર્વકનો હોય તો જરૂર કષાયો જિતાઈ જાય છે અને કુરગડુ મહર્ષિની જેમ જીવ કયારેક કેવલજ્ઞાનને પામી જાય છે. અંદરની જાગૃતિ વિનાનું તપ હોય તો કેવલ દેહને દંડ આપવા જેવું થાય છે. પણ કષાયો જીતાતા નથી. તપનો શાસ્ત્રોમાં કયાંય નિષેધ નથી. તપ વિના કર્મો ખપતાં નથી અને કર્મ ક્ષય વિનાં જીવનો મોક્ષ થતો નથી. ઉગ્ર તપથી તો કયારેક નિકાચિત કર્મોનું પણ ક્ષય થઇ જાય છે, પણ શરત એટલીજ છે કે, તે તપ ક્ષમા સહિત હોવું જોઈએ.

સંપૂર્ણ વિશુદ્ધિ

કુરગડુ મહર્ષિમાં બાહ્યતપ ન્હોતું, પણ અભ્યંતર તપમાં તેઓ ખુબ આગળ વધેલાં હતા અને ગુરૂ ભગવંતે પણ તેમને એજ ઉપદેશ કરેલો કે, તને તપનો અંતરાય વર્તે છે. એટલે તું ઉપવાસાદિ બાહ્યતપ નહીં કરી શકે પણ અભ્યંતર શુદ્ધિ તરફ પુરતું ધ્યાન આપજે. ગુરૂ ભગવંતના ઉપદેશ મુજબ તેમણે પોતાના મન અને ઇન્દ્રિયો

પર સંપૂર્ણ વિજય મેળવી લીધો હતો, અને અંદરનાં અધ્યવસાય તેમનાં એટલાં બધાં સુવિશુદ્ધ થઇ ગયેલ હતા કે, તેમના પાત્રમાં થુંકનાર સાધુ ઉપર પણ તેમણે ગુસ્સો કર્યો નથી ! ભલે તેમનામાં બાહ્યતપ ન્હોતું પણ બાહ્યતપ કરીને જે કાંઈ મેળવવાનું હોય છે તે તેઓ મેળવી ચૂકયા હતા ! **અસંખ્ય યોગ મોક્ષનાં કહ્યાં છે અને એક એક યોગનાં આલંબને અનંત આત્માઓ મોક્ષપદને પામ્યા છે. અસંખ્ય યોગમાંથી કોઈ પણ યોગનું આલંબન લેવામાં આવે. પણ તેનું આખરી મુખ્ય ફળ તો અભ્યંતર વિશુદ્ધિ જ છે.**

સો ટચનું સોનું સંપૂર્ણ શુદ્ધ કહેવાય. અથવા સોલવલ્લુ સુવર્ણ સંપૂર્ણ શુદ્ધ કહેવાય. તેમ આત્મામાં કષાયનો એક કણ પણ ન રહ્યો હોય, અથવા પરમાં એક પરમાણું જેટલો પણ રાગ જ્યારે ન રહ્યો હોય તેને સંપૂર્ણ વિશુદ્ધિ કહેવામાં આવે છે. શરીરમાંથી રોગો નાબુદ થતાં જાય તેમ તંદુરસ્તી વધતી જાય છે, તેમ આત્મામાંથી જેમ દોષો નાબુદ થતાં જાય તેમ વિશુદ્ધિનું પ્રમાણ વધતું જાય છે, અને બધા દોષો જ્યારે નાબુદ થઇ જાય અને જીવ તેરમે ગુણસ્થાનકે કેવલજ્ઞાન પામી જાય એટલે તે વિશુદ્ધિનું પ્રમાણ પરાકાષ્ટાએ પહોંચ્યુ કહેવાય.

ઉપશમે તેને જ આરાધના

આપણી મૂળ વાત ઉપશમ ભાવ ઉપરની હતી. ઉપશમભાવનાં બળે જ કુરગડુ મહર્ષિ કેવલજ્ઞાન પામ્યા છે. જેટલાં આત્માઓ કેવલજ્ઞાન પામ્યા છે, પામી રહ્યા છે અને પામશે તે ઉપશમભાવનાં બળેજ. કષાયભાવથી જે ઉપશમે

તેને જ આરાધના છે. જે કષાય ભાવથી ન ઉપશમે તેને આરાધના નથી. જેને આરાધના જ નથી તેને કેવલજ્ઞાન કયાંથી પ્રાપ્ત થવાનું છે ? પર્યુષણ પર્વમાં ભલે અઠ્ઠાઇનો તપ કર્યો હોય, અરે ! ભલે માસક્ષમણનું તપ કર્યું હોય છતાં કષાયભાવથી કે વેરભાવથી જો આત્માને ન ઉપશમાવે એટલે કે, કોઇ સાથે મનદુઃખ થયેલું હોય અથવા જે કોઇ પ્રતિ હૃદયમાં વેરભાવ રહી ગએલો હોય તેની સાથે જો ક્ષમાપના ન કરે તો ભગવાને તેને આરાધના કહી નથી અને માસક્ષમણ જેવું દુષ્કર તપ કરેલું હોવા છતાં જો આત્માને કષાયભાવથી ઉપશમાવ્યો ન હોય તો ભગવાને તેને આરાધક પણ કહ્યો નથી. આ માર્ગનાં રહસ્યની વાત છે, તેને બરાબર મગજમાં બેસાડી લેજો, અને ભલે તેવું દુષ્કર તપ ન કરેલું હોય, છતાં કષાય ભાવથી કે વેરભાવથી જો આત્માને ઉપશમાવ્યો હોય તો તેને ભગવાને સાચી આરાધના કહી છે અને ઉપશમી જનારને ભગવાને આરાધક કહ્યો છે.

માર્ગના મર્મની વાત

જે કોઇ સાથે મનદુઃખ રહ્યા કરતું હોય તેની સાથે તમારે ક્ષમાપના કરવી જોઇએ, પછી સામો ઉપશમે કે ન ઉપશમે એ સામાની યોગ્યતા ઉપર આધાર રાખે છે. તે જો ઉપશમે તો તે પણ આરાધક છે, નહીં તો તમે તો આરાધક ભાવમાં આવીજ ગયા ! આ જૈનમાર્ગનો નિચોડ છે. આ નિચોડ જેના હૃદયમાં છે તેનું હૃદય શાન્તરસથી તરબોળ છે. માર્ગની આરાધનાં કરતાં કરતાં માર્ગના સારને પામી જવાનું છે તે વિનાં ઉદ્ધાર છે જ નહીં.

આરાધનાની બાબતમાં જેટલો ભાર તિથી-દિન ઉપર દેવાયો છે, તેટલો ભાર જો ઉપશમભાવ ઉપર દેવાયો હોત તો શ્રી સંઘમાં કોઈ મતભેદો ઉભા ન થયા હોત! અને કલિકાલમાં પણ જૈન શાસનનું સામ્રાજ્ય એક છત્રી પ્રવર્તતું હોત. વ્યવહારનયની દ્રષ્ટિએ તિથી-દિને આરાધનાની વાત ઘણી જ ઉપયોગી છે, પણ વ્યવહાર નિશ્ચયપૂર્વકનું હોવું જોઈએ.

આરાધનાનું વાસ્તવિક ફળ

નિશ્ચયને ભૂલીને વ્યવહારની જ પક્કડ કરવા જતાં અનેક મતભેદો ઉભા થઈ જાય છે, અને જતે દહાડે તે મતભેદો મોટાં વિખવાદનું રૂપ ધારણ કરી લે છે. પછી તો તેમાંથી રાગ-દ્વેષ એવા ઉભા થઈ જાય છે કે આરાધનાને બદલે ઘોર વિરાધનામાં પડવાનું થાય છે. માટે બારસા સૂત્રમાં ભગવાન ભદ્રબાહુસ્વામિનો એ પ્રઘોષ છે કે,

जो उवसमइ तस्स अत्थि आराहणा ।
जो न उवसमइ तस्स नत्थि आराहणा ॥

જે ઉપશમે તેને જ આરાધના છે, બાકી સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી પણ જો હૃદયને નિઃશલ્ય ન બનાવ્યું હોય અને કોઈ પણ આત્મા પ્રતિ મનમાં વેરભાવનું શલ્ય રહી ગયું હોય તો એકલું પ્રતિક્રમણ કરવા માત્રથી આરાધના થઈ જતી નથી, તેને દ્રવ્ય પ્રતિક્રમણ કહેવાય, ભાવ પ્રતિક્રમણ તો જો આત્માને વેરભાવથી ઉપશમાવે તો જ કહેવાય! આપણામાં આજે આરાધના ખુબ વધી છે તેની પાછળ

આવી અનુપમ દ્રષ્ટિ જો કેળવાઈ જાય તો ઘણાં આત્માઓ આરાધનાનાં વાસ્તવિક ફળને પામી જાય. ઉપશમભાવ ઉપર આપણે ખૂબ લંબાણથી વિવેચન કર્યું. ઉપશમ કે શાન્તરસ એ એકની એક વસ્તુ છે.

પરોક્ષ અને પ્રત્યક્ષ

જીવનમાં રસનીજ જમાવટ કરવી છે તો શાન્તરસની કરો, પછી તો જીવનમાં અહિંજ સ્વર્ગ ખડું થઈ જશે અને જીવનમાં તમને અનુપમ સુખનો અનુભવ થશે. ભગવાન ઉમાસ્વાતિ પ્રશમરતિ શાસ્ત્રમાં ફરમાવે છે કે,

स्वर्गसुखानि परोक्षाण्यत्यन्त परोक्षमेव मोक्ष सुखम ।
प्रत्यक्षं प्रशमसुखं न परवशं न व्यय प्राप्तम् ॥

આ દશ પૂર્વધરની દેશના છે, જેને અમોઘ દેશના કહી શકાય. પ્રશમરતિ શાસ્ત્રમાં ભગવાન ઉમાસ્વાતિએ વાણીનો રસ એવો રેલાવ્યો છે કે જેનાં શબ્દે શબ્દમાંથી શાન્તરસ નીતરી રહ્યો છે. હમણાંજ આપણે જે ગાથા ઉચ્ચારી ગયા તેમાં પૂજ્યશ્રીએ અદ્‌ભૂત વાત કરી છે કે, સ્વર્ગનાં સુખ પરોક્ષ છે અને મોક્ષનાં સુખ તો વળી અત્યંત પરોક્ષ છે, એટલે કે શાસ્ત્રોનાં સ્વાધ્યાય અને શ્રવણપરથી એ સુખોનું સ્વરૂપ યત્‌કિંચિત આપણે સમજી શકીએ છીએ અને તે ઉપર આપણી શ્રદ્ધા પણ પાકે પાયે છે પણ એ સુખોને અત્યારે આપણે અહિં મૃત્યુલોકમાં અનુભવી શકતા નથી એટલે એ સુખો આપણા માટે પરોક્ષ છે, પ્રશમસુખ એ તો અત્યારે પણ આપણાં માટે પ્રત્યક્ષ છે અને એ સુખ આપણે અનુભવવું હોય તો આપણે અનુભવી પણ શકીએ, કારણ કે,

એ સુખ પરવશ નથી અને બજારમાં વેચાતું મલે તેવું પણ નથી અને પ્રશમસુખ મોક્ષ સુખની વાનગીરૂપ છે. પાછું એ સુખ આત્મા માટે સ્વાધિન છે. તેમાં બીજાં કોઈ પર–દ્રવ્યના સંયોગની પણ અપેક્ષા રહેતી નથી. આ પ્રશમસુખ એવા પ્રકારનું છે કે, કોઈ પણ પરદ્રવ્યનાં યોગ વિના આત્મા સ્વાધિનપણે એ સુખનો ભોગવટો કરી શકે છે. સુખમાં કોઈ પણ અન્ય દ્રવ્યની અપેક્ષા ન રહે ત્યારે તે વાસ્તવિક સુખ કહી શકાય. પ્રશમસુખજ એક એવા પ્રકારનું છે કે જે બહારનાં કોઈ પણ પદાર્થોમાંથી નહીં પણ કેવલ પોતાના આત્મામાંથી મેળવી શકાય છે. આત્મામાંજ અનંત સુખ રહેલું છે. સુખ માટે આત્માને કોઈ પણ પાસે ભીખ માંગવાની જરૂર નથી.

સુખના વિભાગ

પ્રશમસુખ અને વિષયસુખ. આ સુખનાં બે જ વિભાગ છે. પ્રશમસુખ એ આત્મિક છે, જ્યારે વિષયસુખ એ ભૌતિક છે. વિષયસુખ ભોગવવા માટે બીજાં અનેક ઇષ્ટ સંયોગોની અપેક્ષા રાખવી પડે છે, તેમાં કનક, કામિની અને કાયા, આ ત્રણેની તો સૌથી પહેલી જરૂર પડે છે, અને બીજાં પણ વાડી–વજિફા, હાટ–હવેલી, નોકર–ચાકર, હાથી–ઘોડાં, મોટર–ગાડી. આવા કેટલાય સાધનો વસાવવા પડે છે, અને બધી રીયાસત ખડી કર્યા પછી એ વિષયોમાંથી વાસ્તવિક સુખ મળતું નથી. સુખતો એક ક્ષણ પુરતું હોય છે અને તેની પાછળ ઉપાધી કેટલી વહોરવી પડે છે. આખો દરિયો ડોળી નાંખવો પડે છે, અને છતાં અંતે "દળી દળીને

ઢાંકણીમાં" જેવી હાલત થાય છે. સંસારિક સુખો દીર્ઘકાળ સુધી ભોગવ્યા પછી પણ એકાદ દુઃખ માથે એવું આવી પડે છે કે, છઠ્ઠીનું ધાવણ કાઢી નાંખે. ઇષ્ટ એવા પુત્ર–પૌત્રાદીના વિયોગનું દુઃખ આવી પડે અથવા દરિદ્રતાનું દુઃખ આવી પડે, એટલે વર્ષોથી ભોગવેલા સુખ ઉપર પાણી ફરી વળે. સંસારનું આવુજ વિષમ સ્વરૂપ છે. છેલ્લે કોળીએ મક્ષિકા આવે એટલે ખાધેલું બધુ ઓકાઈ જાય તેમ એકાદ દુઃખ માથે એવું આવી પડે કે, સંસાર દુઃખમય બની જાય.

વર્ષોના વર્ષોથી આવા ઇન્દ્રિયોનાં સુખો ભોગવ્યા પછીએ મનુષ્યની અંદરની મનોકામનાઓ શમતી નથી! અને પછી તો ઘટના એવી બને છે કે, મનુષ્યની વય ચાલી જાય છે પણ અંદરનો વિષયાભિલાષ જતો નથી. મનુષ્ય શરીરથી જિર્ણ થઈ જાય છે, પણ તેની અંદરની તૃષ્ણા જિર્ણ થતી નથી. ઘણાં વર્ષો સુધી તેવા સુખો ભોગવી લીધાં પછી પણ માનવીને તે સુખનાં ભોગવટા અંગેની ભૂખ એવીને એવી હોય છે, એટલે એ સુખનાં ભોગવટાથી માનવીને તૃપ્તિ છે જ નહીં. માટેજ તેમાં વાસ્તવિક સુખ નથી. તૃપ્તિ, જ્ઞાન–ધ્યાન અને સમાધિથી છે, માટે ખરૂં સુખ–જ્ઞાન, ધ્યાનને સમાધિમાં છે એટલે વિષયનું સુખ ગમે તેવું હોય તો પણ તે સ્વાધિન સુખ નથી! માટે સુખનાં બે પ્રકારમાં પ્રશમજન્ય સુખ એજ વાસ્તવિક સુખ છે. માનવી દ્રષ્ટિ પલ્ટાવે તો જ આ વાસ્તવિક સુખ હાથમાં આવે.

પ્રશમસુખની નિર્દોષતા અને વિષયસુખની કરૂણતા

પ્રશમજન્ય સુખ એ નિર્દોષ સુખ છે, કારણ તે

સુખ મેળવવાની પાછળ કોઈ પણ પ્રકારનાં પાપો આચરવા પડતા નથી. ફક્ત તે સુખ મેળવવા માટે અંદરનાં વિષય-વિકારો અને કષાયોને મહાત કરી લેવાના રહે છે, કષાય અને વિષય વિકાર પર વિજય મેળવી લેનાર આ મૃત્યુલોકમાં મોક્ષનાં સુખનો અનુભવ કરી શકે છે. સુખનાં બે પ્રકારમાં વિષય જન્ય સુખ મોક્ષમાં નથી પણ પ્રશમ સુખ મોક્ષમાં છે. વ્યાસ મહર્ષિએ ગીતામાં પણ ફરમાવ્યું છે કે,

"इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितंमनः ।

જે મનુષ્યોનું મન સમતાભાવમાં સ્થિત છે તેવા મનુષ્યોનો અહિં મૃત્યુલોકમાં જ મોક્ષ છ. માટે પ્રશમસુખની નિર્દોષતા શાસ્ત્રોએ જ પુરવાર કરી આપી છે. જ્યારે વિષયસુખ મેળવવાની પાછળ અનેક પાપો આચરવા પડે છે. પહેલાં તો પાસે પૈસાનો જોગ ન હોય તો એ સુખ ભોગવી શકાય નહીં ! એટલે દ્રવ્ય કમાવાની પાછળ જીવને અનેક પાપસ્થાનકો સેવવા પડે છે. અનેક કર્મો કરીને પૈસો ભેગો કર્યા પછીએ જીવને શાન્તિ વળતી નથી.

જીવ સુખમાં ઉલ્ટો વધારે આસકત બને છે, અને અનેક કુકર્મો કરીને દુર્ગતિનો અધિકારી બને છે. વિષય સુખમાં આશક્ત બનેલાં ભલભલાં ચક્રવર્તિઓ પણ નરકગતિનાં અધિકારી બન્યા છે. રાવણ જેવા રાજવીઓની પણ તેવીજ દુર્ગતિ થઈ છે. જ્યારે અહિં પ્રશમસુખને અનુભવીને ભવાંતરમાં પણ કેટલાયે આત્માઓ સદ્ગતિનાં અધિકારી બન્યા છે, અને ઘણાં આત્માઓ શાશ્વતા મોક્ષ

સુખનાં પણ ભોક્તા બન્યા છે. પ્રશમસુખનો અનુભવ કરનારને અહિં આ લોકમાંએ સુખ ને પરલોકમાંએ સુખ, અને પરંપરાએ અનંતસુખ. જ્યારે વિષયસુખ ભોગવનારને આ લોકમાંએ આધિવ્યાધિ વિગેરેનાં દુઃખ ને પરલોકમાંએ દુઃખ, પરંપરાએ અનંત દુઃખ. માટે અનિત્ય ભયથી ભરેલાં પરાધિન અને તૃષ્ણાને વધારનારા એવા વિષયસુખથી સર્યું ! નિત્ય નિર્ભય સ્વાધિન અને તૃપ્તિને પમાડનારા એવા પ્રશમસુખ માટેજ દરેક મનુષ્યોએ યત્ન કરવો જોઇએ.

ગ્રંથી ભેદ થતાં શાન્તરસની પ્રાપ્તિ

હવે છેલ્લે શાન્તરસ સાધવા માટેનાં થોડાં ઉપાયો બતાવીને આજનું જાહેર વ્યાખ્યાન સમાપ્ત કરીશ. શેરડીનાં સાંઠામાં રસ હોય છે જેને ઇક્ષુરસ કહેવામાં આવે છે. શેરડીનાં સાંઠામાં વચમાં વચમાં ગાંઠાઓ હોય છે, જ્યાં જ્યાં ગાંઠ હોય ત્યાં ત્યાં રસ ન હોય. બાકીના બધાં ભાગમાં રસ હોય છે. તેમ આત્મામાં જ્યાં સુધી રાગ–દ્વેષની નિબિડ ગાંઠ છે, જેને શાસ્ત્રીય ભાષામાં ગ્રંથી કહેવામાં આવે છે, ત્યાં સુધી આત્મામાં શાન્તરસ છલકાસે નહીં. રાગ–દ્વેષની નિબિડ ગાંઠ અપૂર્વ કરણનાં પરિણામથી તૂટે છે, કયારે પણ ન પ્રગટેલાં હોય તેવા અપૂર્વ અધ્યવસાય આત્મામાં પ્રગટી જાય, તેને અપૂર્વકરણ કહેવામાં આવે છે. જિનેશ્વર ભગવાનનાં દર્શન–વંદનને પૂજન કરતાં, જિનવાણીનું શ્રવણ કરતાં, સુપાત્રે દાન દેતાં, કયારેક તેવા અધ્યવસાય જીવમાં જરૂર પ્રગટી જાય છે. તેવા અપૂર્વકરણનાં અધ્યવસાયનાં બળે નિબિડ એવી રાગ દ્વેષની ગાંઠને ભેદીને જીવ સમ્યક્ત્વનાં

શુભ પરિણામને પ્રાપ્ત કરે છે, તે પછી આત્મામાં શાન્તરસ એવો છલકાય છે કે, તે પોતાના અપરાધીનું પણ મનથી બરાબ ચિંતવે નહીં. અનંતાનુબંધી કષાયની કટુતા આત્મામાંથી નીકળી જતાં આત્મામાં શમમાધુર્ય પ્રગટે છે સમ્યક્ત્વના પરિણામ આત્મામાં જો ટકી રહે અને આત્મા તે પરિણામથી જો પડી ન જાય તો ઉત્તરોત્તર ભાવનારસ વૃદ્ધિનેજ પામતો જાય છે અને જીવન ભાવનામય બની જાય છે જીવનને ભાવનામય બનાવવું એજ શાન્તરસ સાધી લેવા માટેનો અમોઘ ઉપાય છે.

મૈત્રીભાવનાનો અપૂર્વ આનંદ

પૂ. મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ અધ્યાત્મ કલ્પદ્રુમમાં ફરમાવે છે કે,

"विश्वजन्तुषु यदि क्षणमेकं साम्यतो
भजसि मानस मैत्रीम् तत्सुखं परमत्र
परत्राप्यनुषे न यदभूत्तव जातु ॥

હે આત્મન્, પ્રાણી માત્ર ઉપર સમભાવ કેળવીને તું એક ક્ષણવાર પણ મૈત્રી ભાવના ભાવીશ તો તને આ ભવ ને પરભવમાં સુખ એવું મળશે કે પૂર્વે તે કદિ પણ નહીં અનુભવ્યું હોય ! તેવું અપૂર્વ સુખ તને મળશે. બાહ્ય દ્રષ્ટિવાળાને તે સુખ ખ્યાલમાં પણ નહી આવે, પણ સર્વ જીવો મારા મિત્ર છે, તેમાં કોઈ મારા દુશ્મન નથી. મારા દુશ્મનો બહારમાં નથી પણ ભીતરમાંજ છે. રાગ–દ્વેષાદિ

એ મારા દુશ્મનો છે અને એ દુશ્મનોજ ભવોભવથી મારૂં બગાડતાં આવ્યા છે. બહારનાંએ મારૂં કાંઈ બગાડ્યું નથી, બહારના તો નિમિત્ત માત્ર છે આ સ્વરૂપે મૈત્રી ભાવનાં ભાવતા આંતરિક આનંદ એવો અનુભવી શકાય છે કે જેને અપૂર્વ આનંદ કહી શકાય. માનસિક સંતોષ અને માનસિક સમાધાન જેવો દુનિયામાં બીજો કોઈ આનંદ નથી.

મૈત્રીનું મૂર્તિમંત સ્વરૂપ

જગતમાં પરિભ્રમણ કરતાં અનંતાનંત આત્માઓ છે તેમાંથી કોઈ પણ પાપ ન આચરો કોઈ દુઃખી ન થાઓ. સૌ સુખી થાઓ. સૌ કોઈ મુક્તિ સુખને પામો આવી અંદરની નિર્મલ ભાવનાને મૈત્રીભાવ કહેવામાં આવે છે. પાપ આચરીનેજ જીવ દુઃખી થાય છે, એટલે મૈત્રી ભાવનામાં પહેલી જ ભાવના એ ભાવવાની છે કે કોઈ પાપ ન કરો, અને પછીજ કોઈ દુઃખી ન થાઓ એ સ્વરૂપે મૈત્રી ભાવના ભાવવાની છે, તેનું હાર્દ એ છે કે પાપ ન આચરે એટલે કોઈ દુઃખી થવાના જ નથી. આપણાં આત્માને પણ પાપને રસ્તેથી પાછો ન હઠાવીએ ત્યાં સુધી આપણે પોતાના પણ મિત્ર બન્યા નથી. મૈત્રી ભાવનાનું આ ઉંડામા ઉંડું રહસ્ય છે. આપણાં કુટુંબીઓને અને આપણાં સમાગમમાં આવતાં દરેકને ધર્મ સમજાવીને પાપને રસ્તેથી પાછા વાળવા એજ મૈત્રીભાવનું મૂર્તિમંત સ્વરૂપ છે.

આપણે પ્રયાસો કરવા છતાં કોઈ પાપનાં રસ્તેથી પાછા ન જ વળે તો આપણે નિરાશા લાવવાની જરૂર નથી, અને

તે જીવો પ્રતિ મનમાં ઉદ્વેગ પણ લાવવાનો નથી. પછી તો આગળની માધ્યસ્થ ભાવના ભાવવાની છે. જે આગળ ઉપર સમજાવવામાં આવશે. શાન્તસુધારસ ગ્રંથમાં પૂ. વિનય વિજયજી મહારાજ ફરમાવે છે કે,

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन्
चिन्त्यो जगत्यत्रन कोऽपि शत्रुः
किंत्वद्दिन स्थायिनि जीवितेऽस्मिन्
किं खिद्यते वैरधिया परस्मिन्

હે આત્મન્ ! તું સર્વ જીવો પ્રતિ હૃદયમાં મૈત્રીભાવને ધારણ કર ! અને ચિંતવના એવી કર કે, જગતમાં કોઈ મારો શત્રુ નથી અને સર્વ આત્માઓ મારા મિત્ર છે. આ જીવન ક્ષણભંગુર છે. તારે અહિં કેટલાક દિવસ બેસી રહેવાનું છે, તો પછી બીજા ઉપર વૈર રાખીને શા માટે બેદને પામે છે ? વેર ભાવને લીધે મનમાં શાન્તિ રહેજ નહીં અને મગજ ઉપરે ભાર એટલો બધો રહ્યા કરે કે કયાંય ચેન પડે નહીં.

વેરના વિરૂઆ વિપાક

શાસ્ત્રકાર તો ત્યાં સુધી ફરમાવે છે કે, વેરભાવની પરંપરાવાળા જીવો ભવાંતરમાં નરકગતિનાં અધિકારી બને છે. वेराणु वद्धा नरयं उविंति । શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં આ સ્પષ્ટ ઉલ્લેખ આવે છે. વેરભાવ કરતાએ તેનો અનુબંધ ભયંકર છે. ભવોનાભવો સુધી વેરભાવની પરંપરા ચાલે તેને અનુબંધ કહેવાય. એટલે તે પરંપરાને આગળ વધવા

દેવામાં સાર નથી, આજે બપોરનાં કોઈ સાથે મનદુઃખ થયું હોય તો રાત્રિનાં સૂતાં પહેલાં ક્ષમાપના થઈ જવી જોઈએ. એ પરંપરા લંબાવવા જેવી નથી. છેવટે લંબાઈ જાય તો બાર મહિને સંવત્સરી મહા પર્વનાં દિવસે તો ક્ષમાપના થઈજ જવી જોઈએ. એટલે એ દિવસે તો આત્માને વૈરભાવથી ઉપશમાવવો જ જોઈએ, અને એ દિવસે પણ ન ઉપશમે તેને આરાધના નથી ઘોર વિરાધના છે.

તે જીવો અનંતાનુબંધી કષાયમાં ચાલ્યા જાય છે. અને તે અનંતાનુબંધી કષાય પણ અનંતાનુબંધીનાં ઘરનો હોયતો તેવા જીવો ભવાંતરમાં નરકગતિનાં અધિકારી બને છે. માટે ફરમાવવું પડયું છે કે,

"રીસતણો રસ જાણીએ.
હલાહલ તોલે;
કડવાં ફળ છે ક્રોધનાં,
જ્ઞાની એમ બોલે"

રીસ તણો જે રસ છે, તે હલાહલ ઝેર તૂલ્ય છે. એ રસ પોષવા જેવો નથી. એ એક પ્રકારનો લ્હાવારસ છે. એમાંથી જવાલા એવી ફાટે કે આખો આત્મા જ તેમાં ભરખાઈ જાય. આ લ્હાવારસ ફરી વળે ત્યાં વર્ષોનાં તપ સંયમનું ફળ પણ હારી જવાય છે. માટે મૈત્રીભાવનાથી અનુપમ શાન્તિની લ્હેર આવી જાય છે. વૈરથી વૈર શમેજ નહીં, પ્રેમથી જ વૈરભાવને શમાવી શકાય છે. ઘી હોમવાથી કે પેટ્રોલ નાંખવાથી અગ્નિ શાન્ત થતો નથી.

ઉલ્ટો વધી જાય છે. તેમ સામો આપણી તરફ વૈરભાવ રાખતો હોય અને આપણે પણ તેની તરફ તેવોજ ભાવ રાખીએ તો અંદરનો અગ્નિ ભભૂકી ઉઠવાનો છે. પણ શાન્ત પડવાનો નથી. માટે સર્વ પ્રતિ મૈત્રી કેળવવાની છે. પૂ. વિનયવિજયજીએ જે ઉદ્‌ગારો કાઢયા છે તે તો હૃદયની દિવાલપર લખી રાખવા જેવા છે "હે ભાઈ! તારે કેટલો વખત અહિં એસી રહેવાનું છે? શા માટે વૈર રાખીને ઉદ્વેગને જીવનમાં વધારી રહ્યો છે?" કેવાં વચનો ઉચ્ચાર્યા છે.

વ્યક્તિના રાગી નહી—ગુણના રાગી બનો

પોતાનાથી ગુણમાં જે આગળ વધેલાં હોય, તેવા આત્માઓ પ્રતિ પ્રમોદભાવ કેળવવાનો છે. હૃદયમાં પ્રમોદ ભાવને સ્થાન નહીં આપો તો ઈર્ષ્યા પોતાનું સ્થાન જમાવી લેશે, જે હૃદયને જતે દહાડે ઉખરભૂમિ જેવું અથવા બળી ગએલાં ભાઠાં જેવું કરી નાંખશે. પછી તેવાં હૃદયમાં ધર્મ ભાવનાનાં અંકુરો ફુટશે નહીં! માટે હૃદયની જમીનને ફળદ્રુપ રાખવા તેને પ્રમોદ ભાવનાનું પોષણ આપતા રહો!! પ્રમોદ ભાવનાનું સ્વરૂપ પૂ. હેમચંદ્રાચાર્યે અદ્‌ભૂત શૈલીમાં સમજાવેલ છે કે,

श्रापास्ताशेषदोषाणां. वस्तुतत्वावलोकिनाम् ।
गुणेषु पक्षपात्तोयः स प्रमोदः प्रकीर्तितः ॥

જેમનાં અશેષ દોષ નાશ પામ્યા છે, અને વસ્તુતત્વને જેઓ યથાસ્થિત સ્વરૂપમાં જોનારા છે, તેવા પુરુષોનાં ગુણ અંગેનો

જે પક્ષપાત તેને પ્રમોદ ભાવનાં કહેવામાં આવે છે. વ્યક્તિ તરફનો પક્ષપાત નહીં પણ ગુણ અંગેનો પક્ષપાત હોવો જોઇએ અને મનુષ્યોએ વ્યક્તિનાં રાગી ન બનતાં ગુણનાં રાગી બનવું જોઇએ. અલ્પપણ સદ્‌ગુણ કોઇમાં દેખાય તો તે જોઇને આપણે મનમાં રાજી થવું જોઈ એ. કોઇમાં મેરૂપર્વત જેવા દોષો દેખાય તો તેના પ્રતિ મનમાં દયા લાવવાની છે અને પરમાણુ તૂલ્ય પણ કોઇમાં સદ્‌ગુણ દેખાય તો મનમાં પ્રમોદભાવના લાવવાની છે.

ખરો ગુણાનુરાગી તે કહેવાય કે, પરમાણુ તૂલ્ય સદ્‌ગુણને પર્વત સમાન લેખીને મનમાં પ્રસન્નતાને અનુભવે. પોતાના પ્રતિસ્પર્ધિમા પણ સદ્‌ગુણ દેખાય તો તે તરફ ગુણાનુરાગ કેળવવાની જરૂર વાત છે. બાકી કોઇમાં ગમે તેવા દુર્ગુણ દેખાય તો તે તરફ મનમાં દ્વેષ લાવવાની કે, તેવા દુર્ગુણિનાં દ્વેષી બનવાની કયાંય વાત નથી. પાપ તરફ તિરસ્કાર જોઇએ, પાપી તરફ નહીં, પાપીની દયા ચિંતવવાની છે અને તેને તે રસ્તેથી પાછો વાળવાના યથાશક્તિ પ્રયાસો કરવાના છે. બાકી, ભેંસના શિંગડા ભેંસને ભારે. જગત આખાની પંચાત આપણે કરવાની નથી.

કેવી સુવાસ મ્હેકાવી ગયા

મહાપુરૂષો જે થઈ ગયા તેમાં દેવાધિદેવ તિર્થંકરો અગ્રસ્થાને છે. તે મહાપુરૂષોને ધન્ય છે કે, જેમણે ઉગ્ર તપ કરીને અનેક પરિષહ અને ઉપસર્ગોને વેઠીને અનંત જ્ઞાન દર્શન અને ચારિત્રાદિ ગુણો પ્રાપ્ત કર્યા છે. સત્તાગત

આત્મામાં અનંત ગુણો રહેલાં છે, મહાપુરૂષોએ એ ગુણો પ્રગટ કર્યા છે. તેવા પુરૂષો પ્રતિ હૃદયમાં બહુમાન ઉપજે તે જ પ્રમોદ ભાવના છે.

પૂ. સિદ્ધસેન, દિવાકર પૂ. હરિભદ્રાચાર્ય, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, પૂ. અભયદેવસૂરી, પૂ. યશોવિજયજી ઉપાધ્યાય જેવા મહાન પુરૂષોએ પણ કેવાં મહાન કાર્યો કર્યા છે. અનેકાનેક શાસ્ત્રોની રચના કરીને તેમણે જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે, સનમતિતર્ક, ધર્મબિન્દુ, યોગશાસ્ત્ર અને જ્ઞાનસાર જેવા ગ્રંથો રચીને જાણે જ્ઞાનનાં અખૂટ ભંડાર ખુલ્લાં મૂકી દીધાં છે. મુમુક્ષુઓને જેટલો તેમાંથી રસ લુંટવો હોય તેટલો લુંટી શકે છે. આનંદ કામદેવ જેવાં શ્રાવકો પણ એવા સદ્‌ગુણી હતા કે, જેમનાં સદ્‌ગુણની પ્રશંસા સાક્ષાત્ તિર્થંકરોએ કરેલી છે. પુણિયા શ્રાવકની સામાયિક ભગવાન મહાવીરે વખાણેલી છે. સતિ સુલસા કે, જેને સાક્ષાત ભગવાન મહાવીરે ચંપાનગરીથી અંબડ પરિવ્રાજકની મારફત ધર્મલાભ પાઠવેલા છે. રેવતી શ્રાવિકા એવીજ ભકિત પરાયણ હતી. ભગવાન મહાવીર પ્રભુને છ મહિનાથી ગોશાલાએ તેજોલેશ્યા મૂકેલી એટલે લોહીને પરૂનાં ઝાડા થતા હતા. સિંહ અણગાર રેવતી શ્રાવિકાને ત્યાંથી ઔષધ વહોરી લાવેલા, જેનાં સેવનથી વ્યાધિ મટી ગયો. રેવતી શ્રાવિકાની આવી અપૂર્વ ભકિત હતી. તે ભકિતનાં પ્રભાવે રેવતી શ્રાવિકાએ તિર્થંકર ગોત્ર બાંધ્યું હતું. આવતી ચોવીશીમાં સત્તરમા તિર્થંકર થશે. આવા ગુણીજન પુરૂષોનાં ગુણ અંગેનો પક્ષપાત એજ પ્રમોદ ભાવના છે.

ગુણીજનની બલિહારી

ગુણોથી સમલંકૃત બનેલાં પુરૂષોને, જોઇને મેઘ ગાજે ને જેમ મોર નાચે, તેમ આપણને રોમેરોમમાં આનંદ થવો જોઇએ કે, સંસારી બધા આત્માઓ કર્મોથી ઘેરાએલા છે તેમાં આ ધન્ય છે કે, જેનામાં આ ગુણો પ્રગટેલાં છે. દુનિયામાં અવગુણથી તો બધા આપણે ભરેલાં છીએ. જેનામાં સદ્‌ગુણનો વિકાસ દેખાય તે જ ધન્યવાદને પાત્ર છે. આત્મામાં ગુણો પ્રગટવા સહેલાં નથી, અને ક્ષાયિકભાવે ગુણો ન પ્રગટે ત્યાં સુધી પ્રગટેલાં ગુણોને ટકાવી રાખવા તે પણ સહેલાં નથી. ક્ષાયિકભાવને આંચ નથી. ક્ષાયોપશમિક ભાવે પ્રગટેલાં ગુણો તો પાછા અવરાઈ જાય છે, અને ભલભલાં આત્માઓ પડવાઈ થઇ જાય છે.

ક્ષાયિકભાવે ગુણો પ્રગટાવવામાં જ મહેનત હોય છે પછી તેને ટકાવી રાખવામાં મહેનત હોતી નથી ત્યારે ક્ષાયોપશમિક ભાવમાં તો ગુણો પ્રગટાવવામાં મહેનત હોય છે. અને પ્રગટેલાને ટકાવી રાખવામાંએ મહેનત હોય છે અને તેના વિકાસમાં પણ મહેનત લેવી પડે છે. આત્મા જો લક્ષ ચૂકી જાય તો ક્ષાયોપશમિક ભાવથી પડતા વાર લાગે નહીં. ક્ષાયોપશમિક ભાવ અસંખ્યવાર આવે ને અસંખ્યવાર જાય. જ્યારે ક્ષાયિકભાવે ગુણ પ્રગટે એટલે નિરાંત. શત્રુ સામે જ આત્માને કિલ્લો હોય ત્યારે તો તેની સામે જબ્બર ટક્કર લેવી પડે. પણ દબાએલો પડયો હોય ત્યાં સુધીએ આપણને નિરાંત ન વળે, તેમ કર્મ પ્રકૃતિઓનો ક્ષય થઈ જાય ને ગુણ પ્રગટે તે ક્ષાયિકભાવ છે અને કર્મ પ્રકૃતિઓ ભારેલાં

અગ્નિની જેમ દબાએલી પડી હોય અથવા દબાએલી પણ પડી હોય અને ઉદિત પ્રકૃતિઓનો ક્ષય પણ ચાલુ હોય તે ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવ કહેવાય. હવે દુશ્મન ભલે દબાએલો હોય એટલે અમુક ટાઈમ સુધી જોર ન કરે પણ મૂળમાંથી ક્ષય ન થાય ત્યાં સુધી નિરાંત કેમ વળે ? આવી રીતે કર્મોથી જીવો ઘેરાએલાં હોય ને તેમાંથી જે કોઈ આત્મામાં ગુણ પ્રગટે એ તો ઘણાંજ મોટાં આનંદની વાત કહેવાય. આપણામાં ગુણાનુરાગ હોય તો તેવા ગુણીજનનાં ચરણમાં આપણું મસ્તક ઝુકે જ.

સામાના અલ્પ એવા સદ્ગુણની અનુમોદના એજ ખરી પ્રમોદ ભાવના

ઉત્તમ પુરૂષોનાં ગુણ ગાવાથી તે ગુણ આપણામાં પણ આવે છે, અને બીજાનાં અવગુણજ ગાયા કરીએ તો આપણામાં પણ અવગુણ જ આવવાના છે, માટે કોઈમાં અલ્પ પણ ગુણ પ્રગટેલો હોય તો તે પ્રતિ મનમાં ભૂરી ભૂરી અનુમોદના લાવવી કે, જેથી હૃદય પ્રમોદ ભાવનાથી પુલકિત બને. ષટ્માસી તપ કરનારાએ બીજાનાં અલ્પ એવા તપની પણ અનુમોદના કરવી જોઇએ. પોતે લાગલાગટ છ મહિનાનાં ઉપવાસ કરી શકતો હોય, હવે તેવું દુષ્કરતપ કરવા જેટલું સામર્થ્ય બીજામાં ન હોય, અને સામો મનુષ્ય માત્ર દરરોજ નવકારશીનાંજ પચ્ચક્ખાણ કરી શકતો હોય તો છ મહિનાનાં ઉપવાસ કરનારાએ તેનાં નવકારશીનાં પચ્ચક્ખાણની પણ અનુમોદના કરવી જોઇએ, અને

વિચારવું જોઈએ કે, ધન્ય છે. આ ભાગ્યશાળીને કે, જિનાજ્ઞામાં રહીને તે આટલું પણ કરે છે.

આ રીતે અનુમોદના કરવાથી મોટો લાભ એ થાય કે, પોતે દુષ્કર તપ કરતો હોય તે અંગેનું અભિમાન ન આવે, કારણ કે, તપ અંગેનો મદ આવી જાય તો કરેલાં તપ ઉપર પાણી ફરી જાય, અને જિનાજ્ઞામાં રહીને કોઈ મનુષ્ય નવકારશી પણ કરતો હોય તો તે પણ સામાન્ય વાત નથી. કારણ કે, ભગવાને તામલી તાપસનાં સાંઠ હજાર વર્ષનાં બાળ તપ કરતાં સમકિતીની એક નવકારશીને શ્રેષ્ઠ કહી છે. તામલી તાપસે તપ ઘણો કર્યો. પણ તે અજ્ઞાનપૂર્વકનો હતો, અને મનમાં મિથ્યાત્વનો શલ્ય રાખીને કરતો હતો. એટલે ભગવાને સમકિતીની નવકારશીને શ્રેષ્ઠ કહી છે. સમ્યક્‌જ્ઞાન વગરનું પચ્ચક્ખાણ એ દુષ્પ્રત્યાખ્યાન છે. એમ સાફ શબ્દોમાં ભગવાને ભગવતીજીમાં ફરમાવેલ છે. જ્યારે સમ્યક્‌જ્ઞાન સહિતનું નવકારશીનું પચ્ચક્ખાણ પણ સુપ્રત્યાખ્યાન છે. જેનાથી એકાંતે સકામ નિર્જરા થાય છે.

ષટ્‌માસી જેવા દુષ્કર તપની, જે તેવું દુષ્કર તપ ન કરી શકતો હોય તેણે પણ ભૂરી ભૂરી અનુમોદના કરવી જોઇએ કે ધન્ય છે, આ તપસ્વી મહાત્માને ! કેવું દુષ્કર તપ કરે છે, હું ગળીયા બળદ જેવો કાંઈ કરી શકતો નથી. આ ઉગ્ર તપસ્વી દુષ્કર તપ કરીને કર્મોનાં ભુક્કા બોલાવી નાંખે છે. જ્યારે મારાથી તેવું કાંઈ બનતું નથી, માટે ધન્ય છે આ તપસ્વીને ! આવી રીતે પરસ્પરની અનુમોદના એજ પ્રમોદ ભાવનાનું ખરૂં સ્વરૂપ છે, આવી

રીતે પ્રમોદ ભાવનાં મનમાં લાવવાથી હૃદયની ભૂમિકા ખૂબ શુદ્ધ થઇ જાય છે. ભાવનાઓ ભાવવાથી હૃદયમાં શુભ ભાવો પ્રગટે છે અને તે શુભભાવરૂપી જળથી ઈર્ષ્યાની આગ ઓલવાઈ જાય છે. અંદરમાં શાન્તરસ છલકાતા આત્મા પરમશીતળી ભાવને પામે છે. કોઇના પણ સુખ કે વૈભવની ઇર્ષ્યા કરવાથી આપણો આત્માજ અંદરથી સળગી ઉઠે છે, અને પછી તો તેનાં આખા શરીરે ચંદન ચોપડી દો તોએ તેને શાન્તિ ન વળે અને આખા શરીરે બરફ ઘસો તોએ અંદરમાં તો આગનાં ભડકાં જ ઉઠવાના છે.

દ્રષ્ટાંત

કોઈ એક નગરમાં એક સુખી સદ્‌ગૃહસ્થ રહે અને તેની સામેજ એક તદ્દન સામાન્ય સ્થિતિનો માણસ રહે. સુખી ગૃહસ્થ ચાર માળની હવેલીમાં રહે એટલે પેલાને મનમાં બળતરા એવી ઉપડી કે, આને મારી સ્થિતિમાં મૂકી દઉં તો હું ખરો મર્દ કહેવાઉં ! સાત દિવસનાં ઉપવાસ કરીને તેણે કુળદેવીની સાધના કરી. કુળદેવી પ્રગટ થઈ ને કહે છે કે, શા માટે તે મને યાદ કરી છે? તારે જે કાંઇ માંગવું હોય તે વરદાન માંગી લે. પેલો કહે છે કે, આ મારી સામે જે ધનાઢય, ચારમાળની હવેલીમાં રહે છે, તેને કાં તો મારી સ્થિતિમાં મૂકી દો ને કાં મને તેની સ્થિતિમાં મૂકી દો. કુળદેવી કહે, તેની સ્થિતિમાં હું તને મૂકી દઉં, પણ તેનાએ કુળદેવતા જાગતા છે. મારા પસાયથી તને જેટલું મળશે, સામે બમણું થઈ જશે. આટલીવાત ધ્યાનમાં રાખીને તારે જે કાંઈ માંગવું હોય તે ખુશીથી માંગી લે.

કુળદેવી આમ કહી અંતરધ્યાન થઈ ગયા. એક બે દિવસ વ્યતિત થયા બાદ પેલો કહે છે, હે કુળદેવતા ! તમે પ્રસન્ન થયા હો તો મારા માટે ચાર માળની હવેલી તૈયાર થઇ જાય. ચાર માળની હવેલી જેવી આના મારે તૈયાર થઈ જાય છે કે, સામે આઠ માળની હવેલી ઉભી થઇ જાય છે.

પછી કહે, આટલું રાચ–રચીલું મારે ત્યાં ગોઠવાઈ જાય. સામે ડબ્બલ થઈ જાય છે. દરેક વસ્તુ સામે બમણી થતી જાય છે. ત્યારે આને મનમાં ટ્રબલ ઉભી થાય છે, હવે કરવું શું ? દેવીને પ્રસન્ન મેં કયાં અને મારાજ પ્રતિસ્પર્ધિને લાભ બમણો થઇ જાય છે. પછી એકદમ આવેશમાં આવીને કહે છે કે, હે કુળદેવી ! મારી એક આંખજ ફુટી જાય તેમ કર, એટલે એને એમ કે, મારી એક ફુટે તો સામા મારા વિરોધીની બે ફુટેને ? આંધળો થઈ જાય. પોતાની એક ફુટે એટલે સામાની બે ફુટે ! કેટલી નબળી લેશ્યા કહેવાય ? પણ બન્યું એવું કે, સામે રહેનારા ગૃહસ્થનાએ કુળદેવતા જાગતા હતા એટલે તેની એક પણ આંખ ન ફુટી, આ ભાઇની એક આંખ ચાલી ગઈ. સામાને આંધળો કરવા જતા પોતે કાણો મામો થયો. માટે કોઇનો પણ ઉત્કર્ષ જોઇને મનમાં નબળા વિચારો લાવવા નહીં. માનવી પોતાના પૂણ્યોદયે સુખી થાય છે, તો તેના પ્રતિ મનમાં પ્રમોદ ભાવના લાવવી.

પૃથ્વીને ભાર રૂપ

ત્રીજી કારૂણ્ય ભાવના છે.

दीनेश्वार्तेषु भीतेषु, याचमानेषुजीवितम् ।
प्रतिकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ॥

દીન–દુઃખી ભયભીત બનેલાં અને જીવીતવ્યને યાચનારા પ્રાણીઓના દુઃખ દૂર કરવા અંગેની જે બુદ્ધિ તેને કારૂણ્યભાવના કહેવામાં આવે છે. દુઃખીને જોઈને મનમાં દયા આવે એટલાથી કાર્ય પતી ન જાય, પણ તેનાં દુઃખ દૂર કરવા માટેનાં પોતાની શક્તિ મુજબ પ્રયાસો કરવા એજ ખરી કરૂણાં છે. કુતરાં–કાગડાંએ પોતાનું પેટ ભરે છે. તેટલાથી જીવનની કોઇ વિશેષતા નથી. શક્તિ મુજબ જીવનમાં પરમાર્થનાં કાર્યો કરવા તેમાં જ મનુષ્ય જીવનની ખરી વિશેષતા છે. જે મનુષ્યોનાં જીવનમાં વિદ્યા નથી, તપ નથી, દાન નથી, જ્ઞાન નથી, સદાચાર નથી તેવા મનુષ્યો મૃત્યુલોકમાં પૃથ્વીને ભારરૂપ છે. ભર્તૃહરી લખે છે કે, મનુષ્યનાં રૂપમાં પૃથ્વીતલપર હરણાંઓ ફરે છે. તમારા દુઃખમાં સૌ ભાગીદાર બને તેમ તમે ઇચ્છો છો, તો તમારે પણ બીજાનાં દુઃખમાં ભાગીદાર બનવું જોઈએ. જ્યારે આજે જગતમાં, સુખમાં સૌ સગાં અને દુઃખમાં સૌ આઘા એવો ઘાટ દેખાય છે.

એવા પણ તદ્દન દીન–હીનને અશક્ત મનુષ્યો હોય છે કે, જેને ઉપર આભ ને નીચે ધરતી જેવું હોય છે. શરીરથી તદ્દન અટકી ગએલાં હોય છે, તેવા મનુષ્યોને સહાયરૂપ થવું એ ખરી કારૂણ્ય ભાવના છે. પૈસાની સહાય આપવી હોયતો સામે પાત્ર પણ જોવું પડે. દુઃખીને જોઈને દયા આવવાથી તમે પાંચ પચ્ચીસ રૂપિયા આપી પણ દો. પણ તે પૈસાનો કેટલાંકો દુરુપયોગ પણ કરતા હોય છે. વ્યસનાદિ પોષવામાં

ઉપયોગ કરે અથવા બીજી રીતે પણ દુરૂપયોગ કરે. સશક્ત મનુષ્યો પણ કેટલીકવાર માંગવા નીકળી પડે છે, અને આવી રીતે તેમને મદદ મળે એટલે ઉલટા વધારે પ્રમાદી બને. માટે ઘર આંગણે આવેલાં દીન-હીનને અશક્ત માણસોને અન્નનું પોષણ આપવું એ સૌથી શ્રેષ્ઠ દાન છે. સુપાત્રે દાન દેવામાં પાત્રાપાત્રનો પણ વિચાર રાખવો પડે. બાકી દીન-અનાથને અનુકંપાબુદ્ધિએ આપવાનો કયાંય નિષેધ નથી.

સંસારી જીવ માત્ર કર્મને વશ

ચોથી માધ્યસ્થભાવના છે. પૂજ્ય હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે,

ક્રૂર કર્મસુનિઃશંક દેવતા ગુરૂ નિન્દિષુ ।
આત્મશંસિષુ યાપેક્ષા તન્માધ્યસ્થ્ય મુદીરિતમ્ ॥

નિઃશંકપણે ક્રૂર કર્મને આચરનારા દેવ અને ગુરૂની નિંદા કરનારા અને પોતાની પ્રસંશા કરનારા જીવો પ્રતિ જે ઉપેક્ષા, તેને માધ્યસ્થ ભાવના કહેવામાં આવે છે. જીવનમાં ઘોર કૃત્ય કરનારાં મનુષ્યોને જરૂર ધર્મને રસ્તે ચડાવવાના પ્રયાસો કરવા છતાં તેવા મનુષ્યો ન જ સમજે તો તેવા આત્માઓ પ્રતિએ મનમાં રોષ ન આણતાં ચિંતવના એવી કરવી કે, જગતમાં જીવમાત્ર કર્મને વશ છે. જેમ કર્મ નચાવે તેમ જીવ નાચે છે, તેને માધ્યસ્થભાવ કહેવામાં આવે છે. જગતમાં ભિન્ન ભિન્ન પ્રકૃત્તિનાં મનુષ્યો હોય છે.

કેટલાકોને પાપ આચરવામાંજ મજા આવતી હોય છે, કોઈને છેતરે તેમાં પોતાની હુંશિયારી માનતા હોય છે. વિશ્વાસઘાત જેવા ઘોર કૃત્યો કેટલાકો જીવનમાં આચરતા હોય છે, કેટલાકો પારકી નિંદામાંજ રસ લેતા હોય છે, નિંદક વૃત્તિના મનુષ્યો દેવ–ગુરૂને, ધર્મ ઉપર પણ કેટલીકવાર ઉતરી પડે છે. એવા જીવો કેવાં ઘોરકર્મ બાંધે છે તે અનંતજ્ઞાની સિવાય કોણ કહી શકે ?

આપણે તો શાસ્ત્રોને આધારે કહી શકીએ કે, એવા ઘોર કર્મ બાંધે છે કે, ભવોભવમાં તેમને દુર્ગતિનાં અધિકારી બનવું પડશે. આવા પાપને રસ્તે ચડેલાં જીવો પ્રતિ કયારેક સહેજે મનમાં ઘૃણા આવી જાય છે, પણ શાસ્ત્ર ફરમાવે છે કે, તેવા જીવો પ્રતિએ મનમાં ઘૃણા નહીં લાવવાની, તેમ તેવા કૃત્ય આચરનારાઓ પ્રતિ ગુસ્સો પણ કરવાનો નથી, પણ કર્મોદયનોજ વિચાર કરવાનો કે,

सकल जीव हे कर्माधीना अचरीज
कच्छुअन लीना आप स्वभावमें
अवधु सदा मगनमें रहना ।

આવી સમ્યક વિચારણાનાં બળે જીવ માધ્યસ્થભાવમાં આવી જાય છે.

બોધ આપતાં કોઈ ન બુઝે તો
મનમાં ઉદ્વેગ આણવો નહીં.

કોઈપણ જીવને સાચે રસ્તે ચડાવવા આપણી શક્તિનો આપણે પુરતો ઉપયોગ કરવો. તેને માર્ગની સમજણ આપવામાં જરાએ કચાસ રાખવી નહીં. આપણી બધી

શક્તિઓ તેમાં કામે લગાડી દેવી. છતાં તે જીવ ન જ સમજે તો તેનાં પ્રતિ મનમાં ઉદ્વેગ આણવો નહીં. ઉદ્વેગ આણવાથી આપણાં પરિણામ બગડી જાય છે. જ્યારે ભાવના તો પરિણામ સુધારવા માટે ભાવવાની હોય છે. ઉપકારનાં ઘણાં પ્રકાર છે. કોઈ પણ જીવને ધર્મના રસ્તે ચડાવવો તેનાં જેવો બીજો કોઇ મહાન ઉપકાર નથી. તમારા પોતાના પુત્ર-પૌત્રાદિને પણ સન્માર્ગે ચડાવવાના તમારા પ્રયાસો હોવા જોઈએ. છતા તેમાં સફળતા ન જ મળે તો હતાશા લાવવાની કોઈ જરૂર નથી. તમે તમારૂં કર્તવ્ય બજાવ્યું, છતાં કોઇ જીવ ન જ સુધરે તો તે તેના કર્મોદયની વાત છે. ભગવાનનાં સમયે પણ કેટલાંક જીવો ઉંધે રસ્તે ચડી ગયેલાં. ખુદ ભગવાનનાં વરદ હસ્તે દિક્ષીત બનેલાં, જમાલી કે જેઓ સંસારી પક્ષે ભગવાનનાં જમાઈ થતા હતા, તે ઉંધે રસ્તે ચડી ગયેલાં, જેઓ શાસ્ત્રોમાં નિન્હવ તરીકે જાહેર થયેલા છે. ભગવાનનાં જ વચનોને ઉત્થાપનારા હતા. કરાતું હોય તે કર્યું કહેવાય, વેદાતું વેદ્ય કહેવાય, આ રીતની ભગવાનની પ્રરુપણાને તેઓ ખોટી ઠરાવવા નીકળી પડયા હતા. છતાં ભગવાન અનંત શક્તિના ધણી હોવા છતાં તેમની ઉપર કોઈ પણ પ્રકારનો જોર-જુલમ કર્યો નથી.

નિન્હવ થયા પછી પણ જમાલી એકવાર ભગવાનની સમીપે આવેલાં, ત્યારે અત્યંત સુમધુર વાણીથી જમાલીને બોધ વચનો કહ્યા છે. પણ જમાલીનો ભ્રમ દૂર થયો નહી! છતાં ભગવાન અત્યંત માધ્યસ્થભાવમાં રહ્યા છે. આ જીવને મિથ્યાત્વનો ઉદય થયો છે, અત્યારે તરતમાં આને સત્ય

સમજાય તેવું નથી. ભગવાન તો ભાવદયાના સાગર હતા. જે ઉપસર્ગોની વાતો સાંભળીને આપણા ગાત્રો કંપી ઉઠે તેવા એકી સાથે વીશ વીશ ઉપસર્ગો કરનાર સંગમ જેવાની પણ તેમણે દયા ચિંતવી છે. દરેકને સાચો રાહ બતાવનારા હતા. મહાપુરૂષોનું કામ રસ્તો બતાવવાનું છે, પછી એ રસ્તે ચાલવાનું જીવને પોતાને છે. પુરૂષાર્થ કરીને કર્મો પણ જીવને પોતાને જ ખપાવવાના છે, અને જીવનો મોક્ષ પણ પોતાના પુરૂષાર્થથી જ થવાનો છે. જીવનો પોતાનો સાચે રસ્તે પુરૂષાર્થ નહીં હોય તો તેને ભગવાન પણ ઉંચકીને મોક્ષે લઈ જતા નથી. બાકી ભગવાનનો એ આપણાં ઉપર અનંત ઉપકાર છે કે, તેમણે આપણને મોક્ષનો સાચો રાહ બતાવ્યો છે. કર્મોના બંધન તોડીને જન્મ–મરણના ફેરામાંથી છુટવાની તેમણે આપણને કેડી બતાવી દીધી છે. તેમણે બતાવેલા રસ્તે આપણે ન ચાલીએ તો તેઓ કોઇને પણ બળાત્કારે ધર્મમાં પ્રવર્તાવતા નથી. ભગવાનની કરૂણા તો બધા જીવો પર સરખી હોય છે. જીવ આરાધક ભાવમાં આવે તો તરી જાય છે, અને વિરાધક ભાવમાં રહે તો ડુબી જાય છે.

છેલ્લે માધ્યસ્થભાવનામાં આવ્યું કે, "आत्म शंसिषु चापेक्षा" આ ઉપરથી સમજી શકાય છે કે, માનવી સ્વશ્લાઘામાં ઉતરી જાય એ પણ કેવું મોટું પાપ છે. નિંદા પાપ છે એ સૌ સમજી શકે છે, પણ પોતાના મોંએ પોતાની પ્રસંશા કરવી એ પણ પાપ છે. પ્રસંશા માણસને બહુ મીઠી લાગે છે, પણ તેમાં માનવીનો વિકાસ રૂંધાઈ જાય છે, એટલે ફરમાવવું પડયું કે, નિર્ભયપણે પાપ આચરનારાઓ, દેવ–ગુરૂને નિંદનારાઓ અને સ્વશ્લાઘામાં પડેલાની ઉપેક્ષા કરવી,

તેનું નામ માધ્યસ્થ ભાવના છે. મનુષ્યના ક્રૂર કર્મો ઉપર કયારેક ક્રોધ આવી જાય, પણ જ્ઞાની કહે છે કે, પાપીમાં પાપી કોઈ હોય તેની ઉપરે ક્રોધ કરવો નહીં, ક્રોધ કરે એ સુધરી નહીં જાય ઉલ્ટો વધારે બગડશે.

મનને વિશ્રાંતિ પામવાનું સ્થાન

સગાં દિકરાનાં અમુક કૃત્યો જોઇને માતા-પિતાને ક્રોધ આવી જાય, તેને શિખામણ આપે છતાં ન સુધરે એટલે કેટલીકવાર, મા-બાપને ક્રોધ એટલો બધો આવી જાય કે, પેટનો દિકરો થઇને અમારી વાત માનતો નથી, અને તેની પર જાણે તૂટી પડે. પણ એમાંતો બાજી ઉલ્ટી બગડી જાય છે. ક્રોધ કરવાથી પિતા-પુત્ર વચ્ચે આજે કેવા કિસ્સાઓ બની જાય છે તે છાપાની દુનિયામાં તમારાથી કંઇ અજાણ્યું નથી. માટે સુધારવાના પ્રયાસો કર્યા પછી એ ન જ સુધરે તો તેના પ્રતિએ માધ્યસ્થભાવ રાખવો. મનને વિશ્રાંતિ પામવાનું જો કોઈ પણ સ્થાન હોય તો તે માધ્યસ્થભાવ છે. ચારે ભાવનાઓનો વિષય ઘણો ઉંચો છે. તેનાં ચિંતનથી હૃદય અનુપમ શાન્તિને અનુભવે છે. પણ માધ્યસ્થ ભાવમાં આવ્યા પછી તો જીવ ઠરીને ઠામ થઇ જાય છે. એ પહેલાં ગમે તેટલાં ઉપાયો લઇએ પણ મનનો વેગ શાન્ત પડતો નથી. અરર ! આ છોકરાં માટે મેં આટલો ભોગ આપ્યો, આને ભણાવ્યો-ગણાવ્યા અને પરણાવ્યો. છતાં મારૂં કહ્યું ન માને. આવા અસંખ્ય સંકલ્પ-વિકલ્પોથી મન ઘેરાઈ જાય, પણ મન જેવું માધ્યસ્થભાવમાં આવે છે કે બીલે બંધાઈ જાય છે.

નૈસર્ગિક વૈર ભાવનો પણ ત્યાગ

આ ચારે ભાવનાઓનું સ્વરૂપ વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે. ભાવનાઓનું ચિંતન એ શાન્તરસની સાધના માટેનો સફળ ઉપાય છે.

ચાર ભાવના કે બાર ભાવનાઓનાં ચિંતનથી અંદરનાં રાગ–દ્વેષાદિનો ક્ષય થઈ જાય છે; અને રાગ–દ્વેષાદિનો ક્ષય થતાં હૃદય સમતારસથી છલકાઈ જાય છે. સમતારસમાં નિમગ્ન બનેલાં સાધુની સમીપમાં નૈસર્ગિક વૈર–વિરોધવાળા પ્રાણીઓ પણ પોતાના વૈર ભાવનો પરિત્યાગ કરી દે છે. જેમ ભગવાનનાં સમવસરણમાં સર્પ ને નોળીયો, વાઘ કે હરણ, ગરૂડ કે સર્પ બન્ને અડોઅડ બેસીને ભગવાનની વાણી સુધાનું અમૃતપાન કરતાં હોય છે. બિલાડીની નજદીકમાં ઉંદર આવીને બેસે તો તેને બિલાડી તરફથી લેશ પણ ઉપદ્રવ ન થાય, પાતંજલ યોગ–દર્શનમાં પણ આવે છે કે,

અહિંસા પ્રતિષ્ઠાયાં તત્ સન્નિધૌ વૈરત્યાગ !

જે મહાપુરૂષોનાં જીવનમાં અહિંસા અને સમભાવની પ્રતિષ્ઠા છે, તેની સમીપમાં પ્રાણીઓ પોતાનાં સ્વાભાવિક વૈરભાવનો પણ પરિત્યાગ કરી દે છે. આ "રસાધિરાજ"નો કેવો અપૂર્વ મહિમા છે. જ્યારે શાન્ત પ્રકૃતિના આપણી નજદીકમાં આવે ત્યાં ધમધમી ઉઠે. કારણ કે, આપણે જીવનમાં અહિંસા અને સમતાની પ્રતિષ્ઠા કરી નથી.

મૃત્યુ લોકનું અમૃત

કવિઓએ અમૃતરસની વાતો શાસ્ત્રોમાં બહુ કરી છે, પણ એ રસમાં આપણે મોહિત ન થઇ જવું, કારણ કે, એ અમૃતરસ કેવો છે ? વળી તેનો સ્વાદ કેવા પ્રકારનો છે ? એ કોઈ વસ્તુનો આપણને અનુભવ થયેલો નથી. જ્યારે આપણા માટે જીવનમાં અનુભવગમ્ય એવા સમતારૂપ અમૃતરસનું આપણે નિરંતર પાન કરવું. શાન્તરસ, સમતારસ કે પ્રશમરસ એ જ આ મૃત્યુલોકનું અમૃત છે. એ રસની આગળ બાકીનાં બધા રસ ફીકા છે. પછી તે આમ્રરસ હોય, ઇક્ષુરસ હોય, કે શૃંગારરસ હોય !! દુનિયામાં ચૌમેર વાજાં વાગતા હોય અને ઘરમાં ધન-વૈભવનાં ઢગનાં ઢગ ખડકાંયેલા હોય ! પણ માનવીને હૃદયની શાન્તિ ન હોય, મનમાં આધિ-વ્યાધિ ને ઉપાધિ હોય તો સમજવું એ ધન વૈભવના ઢગ કે ઉકરડાંના ઢગ ખડકાયેલાં હોય તેમાં ફેર શું છે ? માટે જીવનમાં સમતા આવે એજ જીવનનો ખરો આનંદ છે.

સાધુ-મુનિઓ પાસે બહારનાં આનંદ પ્રમોદનાં કોઈ સાધનો નહીં હોવા છતાં, તેઓ સદા આનંદમાં હોય છે. કયારેય પણ તેમનાં મુખ પર ગ્લાની કે શોકની ઘેરી છાંયા હોતી નથી. તો તેવો અખૂટ આનંદ તેઓ શેમાંથી લુંટતા હશે ? [redacted] કહેવું પડશે કે, સમતારસમાં ઝીલતા હોવાથી તેમ[redacted]ઓ અખૂટ આનંદ લુંટતા હોય છે. સમતારસ [redacted] કોઈ ઠામ કે વાસણમાં ભરેલો નથી એ તો [redacted] સ્વરૂપમાં રહેનાર જ એ રસની મોજ માણી

શકે છે. મત્સ્ય જેવો પાણીની બહાર આવે કે તેને તરફડવાનું છે, તેમ આત્મા પણ જેવો તેની સ્વભાવ દશાની બહાર જાય કે તેને તરફડવાનું જ છે.

આનંદનો ઝરો

આત્મામાં આવો નિર્દોષ આનંદ ભર્યો હોવા છતાં મનુષ્યો બહારમાં જ્યાં–ત્યાં આનંદની શોધ ચલાવી રહ્યા છે. તે માટે કોઈ નાટક–સિનેમામાં જાય છે, તો કોઈ કલબોમાં ભટકે છે, તો કોઈ વળી માથેરાન ને મહાબલેશ્વર જાય છે, પણ એમાંથી જે આનંદ લુંટાય છે તે તામસી કે રાજસિક આનંદ છે. તે કોઇ સાત્વિક કે આત્મિક આનંદ નથી. સતસંગનો આનંદ એ સાત્વિક આનંદ છે. સમતારસનો આનંદ તે આત્મિક આનંદ છે. બાકીનાં જે પ્રકાર છે તે તામસિક અને રાજસિક છે. વિષય–વાસનાં, નાટક–સિનેમા, શિકાર જ્યાં–ત્યાં ભટકવું, જે તે ખાવું, એ બધાં તામસિક અને રાજસિક આનંદનાં પ્રકારો છે. તેવો આનંદ લુંટવામાં એ કર્મનો બંધ છે. તેવો આનંદ લુંટવા જતાં કયારેક આપણો આત્માજ લુંટાઇ જાય છે. માટે આત્મામાંજ શાન્તરસ ભર્યો છે તેમાંથી જેટલો લુંટાય તેટલો આનંદ લુંટી લો. કોઈ પણ પ્રકારનો મનમાં સંતાપ ન હોય, ન મનમાં આધિ હોય, ન વ્યાધિ–ન–ઉપાધિ હોય. નિરવ સમાધિ હોય પછી તેના જેવો દુનિયામાં બીજો આનંદ કયો છે ? તે જ ખરો આનંદ છે. આ આનંદ કયાંય બહાર બજારમાં વેંચાતો મળતો નથી, તે તો આત્મામાંથી લુંટવાનો છે.

પ્રતિક્રમણનું પ્રાણ

પ્રતિક્રમણમાં આયરિય ઉવજ્ઝાએ સૂત્ર આવે છે, તે પણ ચાર ભાવનાની જેમ જીવનમાં શાન્તરસ જમાવવા અતિ ઉપયોગી છે.

आयरिय उवज्झाए
सीसे साहम्मिए कुल गणेअ
जेमे केइ कसाया सव्वे तिविहेण खामेमि ॥

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, કુલ ગણ અહિં એક આચાર્યની સંતતિ તે કુલ કહેવાય, અને એક વાંચના સમુદાય તે ગણ કહેવાય. આટલા પ્રતિ મેં કષાય કર્યો હોય તો તે સર્વેને ત્રિવિધે ખમાવું છું. આમ તો પૂ. આચાર્ય ભગવાન ઉપર કોઈ ગુસ્સો ન કરે, પણ આચાર્ય મહારાજ શિષ્યોને યોગ્ય શિખામણ આપતા હોય ને મન પરિણામ બગડ્યા હોય. તો ત્રિવિધે ક્ષમા યાચું છું. ઉપાધ્યાયજીનું કામ સાધુ સમુદાયને પઠન-પાઠન કરાવવાનું છે. એ દરમ્યાન બરાબર પાઠ નહીં કરતા કોઇ સાધુને ઉપાલંભ દેવો પડે, એ દરમ્યાન કોઇ કષાયનું નિમિત્ત બન્યું હોય તો ઉપાધ્યાયજીને પણ ત્રિવિધે ખમાવું છું. તે પછી શિષ્ય સાધર્મિક કુળ કે ગણ કોઇ પ્રતિ પણ કષાય કર્યો હોય તો ત્રિવિધે ક્ષમા યાચું છું. શિષ્ય ઉપર ક્રોધ કર્યો હોય તો ગુરૂ પણ કષાયને ઉપશમાવવા શિષ્યને ખમાવે ! કેવી જૈન દર્શનની મૌલિકતા છે. ?

सव्वस्स समण संघस्स
भगवओ अंजलि करीअ सीसे
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयंपि ॥

પૂજ્ય એવા સકલ શ્રમણ સંઘને બે હાથવડે મસ્તકે અંજલી કરીને ખમાવું છું, અને હું પણ મારા તરફથી, સકલ શ્રી શ્રમણ સંઘ ભગવાનને ક્ષમા આપું છું. **હૃદયને નમ્ર બનાવીને ક્ષમા માંગવી અને કોઈ ક્ષમા યાચના કરે ત્યારે તેને ક્ષમા આપવી એટલામાં તો આખાએ જૈન ધર્મનો સાર આવી જાય છે. હૃદય અંદરથી નિર્મળ અને નમ્ર બને ત્યારેજ પરસ્પર સાચા હૃદયથી ક્ષમાપના થઈ શકે છે.**

सव्वस्स जीवरासिस्स
भावओ धम्म निहिअ निय चित्तो
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयंपि ॥

ધર્મને વિષે સ્થાપેલું છે ચિત્ત એવો હું સર્વ જીવરાશિને ભાવથી ખમાવું છું, અને મારી પાસે ક્ષમા યાચનાર સર્વને હું મારા તરફથી ક્ષમા આપું છું–ક્ષમાપનાના વિષય ઉપર આ સૂત્રની ત્રણે ગાથાઓમાં જાણે દિવ્ય પ્રકાશ ઝળહુળી રહ્યો છે. આત્માને ઉપશમ ભાવમાં લાવવા માટે પ્રતિક્રમણ ક્રિયામાં આ સૂત્રનું બે હાથ જોડીને ઉચ્ચારણ કરવામાં આવે છે.

આ સૂત્રનો ભાવ હૃદયમાં બેસી જાય તો કષાયો જરૂર ઉપશમે અને આત્મા શાન્તરસમાં નિમગ્ન બની જાય. આ

ત્રણે સૂત્રની ગાથાઓમાં રહસ્ય એવું ભર્યું છે કે, આ સૂત્રને પ્રતિક્રમણનો પ્રાણ કહીએ તો પણ ચાલે. કારણ કે, આખાએ નિર્ગ્રંથ પ્રવચનનો સાર ઉપશમ છે, અને આ સૂત્રની ત્રણે ગાથાઓનો પણ એજ સાર છે. જ્ઞાનીઓ કયારેક પોતાના તીવ્ર ક્ષયોપશમના બળે બિન્દુમાં સિન્ધુ સમાવી દે છે, અને સિન્ધુને ફરી બિન્દુમાં લાવી દે છે. પૂ ચિદાનંદજી ફરમાવે છે કે,

एक बुंद जलथी ए प्रगट्या श्रुत सायर विस्तारा
धन्य जिनोने उलट उदधीको एक बुंदमे डारा
करले गुरुगम ज्ञान विचारा ॥

એક બિન્દુ પ્રમાણ જળમાંથી આખાએ શ્રુતસાગરનો વિસ્તાર થયો છે. એટલે કે, ઉપન્નેઈ વા, વિગમેઈ વા, અને ધુવેઈ વા ના ત્રિપદીનાં જ્ઞાનમાંથી ગણધર ભગવંતોએ શ્રુત સમુદ્ર છલકાવી દીધો છે, ધન્ય છે તે મહાપુરુષોને કે, જેમણે આખાએ શ્રુતમહોદધિને ઉલ્ટાવીને ફરી પાછો એક બિન્દુમાં સમાવી દીધો.

શ્રુતરૂપી મહા સમુદ્રનો સમવતાર એક બિન્દુમાં કરી નાખ્યો. એટલે કે, શ્રુતરૂપી સિંધુને પાર કરીને પણ એ મહાપુરૂષો આખાએ શ્રુતસમુદ્રનાં સારરૂપ પ્રશમરસમાં નિમગ્ન બની ગયા. એટલે કે, પોતાનાં સ્વરૂપમાં લીન બની ગયા, ઉપરોક્ત સૂત્રનો જે ભાવ છે તે સિન્ધુને બિન્દુમાં સમાવવા રૂપ છે. ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવીને પણ જો આત્મા ઉપશમભાવમાં ન આવ્યો તો તે જ્ઞાન તેવા પૂર્વધર પુરૂષોને પણ નીચે પાડનારૂં છે. એટલે સુજસ વિલાસમાં ફરમાવ્યું છે કે,

બડે-બડે જો પૂર્વધારી જિનમેં શક્તિ હતી
વો ભી ઉપશમ છોડી વિચારે પાયે નરક ગતિ
જબ લગ ઉપશમ નાહી રતિ ॥

મોટાં મોટાં પૂર્વધર જેવાં પુરૂષો કે, જેમનામાં ઘણી ઘણી મહાન શક્તિઓ હતી, તેવા પુરૂષો પણ ઉપશમને છોડી પ્રમાદને વશ પડવાથી નરકગતિનાં અધિકારી બન્યા છે. અને છેલ્લે તેજ પદમાં લખ્યું છે કે, ગૃહસ્થ હોય, વૈરાગી હોય, જોગી હોય, સાધુ હોય કે સન્યાસી હોય કે જતિ હોય, અધ્યાત્મની ભાવના કરવાપૂર્વક એટલે કે, પોતાના શુદ્ધ સ્વરૂપની ભાવના કરવાપૂર્વક જ્યારે એ પ્રશમભાવમાં સ્થિત બનશે ત્યારે જ તેનો મોક્ષ થવાનો છે.

સાધનાં ગમે તેવી હોય
પણ સમતા રહિતને તેથી શું લાભ ?

પ્રશમરસમાં આત્મા નિમગ્ન ન બન્યો ત્યાં સુધી મુક્તિ મેળવવા માટેની બીજી કોઇ યુક્તિ છે જ નહીં. ઉપશમમાં જો રતિ નથી તો જોગ ધારણ કરે કે, યતિનામ ધરાવે શું વળવાનું છે ? કષાયોને ઉપશમાવવાથી જ ચારિત્રની શુદ્ધિ થાય છે, શ્રી કુંદકુંદાચાર્યજીએ ફરમાવ્યુ છે કે,

किं कहादि वणवासो काय क्लेसो
विचित्त उववासो अज्झयणं मौण पहुदि
समदा रहीयस्स समणस्स ॥

સમતાભાવથી રહિત શ્રમણને વનવાસ–લોચાદિ, કાય–કલેશ, તપ–ઉપવાસ, સ્વાધ્યાય–મૌન, શું ગુણ કરે ? શ્રમણ આ બધું કરે પણ તેનામાં જો સમતા ન હોય તો એ બધું તેના માટે કલેશ ઉઠાવવા રૂપ છે. આવા અજ્ઞાન કષ્ટથી જ જો લાભ થઇ જતો હોત તો કેવળજ્ઞાન બહુ સસ્તુ ન થઇ જાત ? કષ્ટ કરો. સંયમ ધરો કે કાયાને ગાળી નાંખો, પણ સાચી જ્ઞાનદશા વગર આ જીવને ભવદુઃખનો અંત આવવાનો નથી.

મળ ગાળી નાંખો તો આત્મા નિર્મળ બને

માટે જ્ઞાની ફરમાવે છે કે, રાગ–દ્વેષરૂપી મળને ગાળવા ઉપશમરૂપી જળમાં ઝીલો અને આત્માની સ્વભાવ દશારૂપ પરિણતિને આદરી રાગદશારૂપ પર પરિણતિને પીલી નાંખો. પછી જુઓ જીવનમાં શાન્તરસની કેવી જમાવટ થાય છે ? ન જેમાં કોઇ પ્રકારનું દુઃખ હોય, ન ભૌતિક સુખ હોય, કેવલ જેમાં આત્મિક આનંદ હોય. ન રાગ હોય, ન દ્વેષ હોય, ન કષાયાદિની ઉગ્રતા હોય, ન જેમાં કોઇ પ્રકારની પૌદ્ગલિક ઇચ્છાઓ હોય. તેને શાન્તરસ કહ્યો છે. જે બધાં રસોમાં "રસાધિરાજ" છે. એ "રસાધિરાજ"નો આનંદ લુંટી સૌ પોતાના જીવનને રસમય બનાવે એજ અમારા હૃદયની ખરી શુભેચ્છા છે.



૨....સા....ધિ....રા....જ....

[ઉત્તરાર્ધ]



"રસાધિરાજ"નાં વિષયપર પૂર્વાર્ધમાં ખૂબ કહેવાઇ ગયું છે, છતાં હજી એ વિષયપર કહેવાનું ઘણું બાકી છે. એટલે એ વિષયને પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધના બે વિભાગમાં વહેંચી નાંખવો પડયો છે, તેમાં પૂર્વાર્ધમાં રસના નવ વિભાગ પર વિશદ્ છણાવટ કરવામાં આવી છે. છેલ્લાં શાન્તરસના વિષયને ખૂબજ પુષ્ટ બનાવવામાં આવ્યો છે. "ઉપશમે તેનેજ આરાધના છે." સુખના બે વિભાગ, પ્રશમજન્ય અને વિષયજન્ય, શાન્તરસ સાધવા અંગેનાં ઉપાયો તેમાં મૈત્ર્યાદિ ચારે ભાવનાઓનું સ્વરૂપ, એ બધા વિષયોને પૂર્વાર્ધમાં આવરી લેવામાં આવ્યા છે.

હવે ઉત્તરાર્ધમાં શાન્તરસનું થોડું મહાત્મ્ય કહીને છેલ્લે બંધક અણગારનાં પાંચસો શિષ્યોએ પાલક તરફથી થએલા મરણાંત ઉપસર્ગના સમયે પણ પોતાના આત્માને કેવો શાન્તરસમાં તરબોળ બનાવ્યો છે અને સમતારસમાં

ઝીલીને કર્મોને કેવા પીલી નાખ્યાં છે તે આખોએ અધિકાર કહેવામાં આવ્યો છે.

લખપતિ પણ અંતે લાકડામાં !

મન અંદરનાં સંકલ્પ-વિકલ્પ કરીને ખોટી જંજાળ ઉભી કરે છે. અંદરના સંકલ્પ-વિકલ્પ શાન્ત પડયા પછીજ આત્મા શાન્તરસમાં નિમગ્ન બને છે. સંકલ્પ-વિકલ્પ કરવા માત્રથી સિદ્ધિની પ્રાપ્તિ થઇ જતી નથી. પુણ્યોદય અને પુરૂષાર્થ વિના ઇચ્છા કરવા માત્રથી કોઈ મનોકામનાઓ પરિપૂર્ણ થઇ જતી નથી. મોટે ભાગે મનુષ્યોના પુણ્ય પાતળાં છે, અને અંદરની ઇચ્છાઓ ડુંગર જેવડી છે. મનુષ્ય હાલતા રોગાદિનાં કારણે કે એકસીડેન્ટના બનાવોમાં મૃત્યુને પામી જાય છે. આમાં માનવીની બધી ઇચ્છાઓ કયાંથી પૂર્ણ થવાની છે. ? માનવી ગમે તેટલું ધન ભેગું કરે એ તો એક પ્રકારની વેઠ કરવા જેવું છે. મૃત્યુના સમયે તો કંદોરો પણ છોડી લેવાના છે. ભલે પછી કાળી મહેનત કરીને હજારો કે લાખો મેળવ્યા હોય ! મૃત્યુના સમયે શું કામ લાગવાના છે ? મૂરખ મનુષ્યો ભલે કહે કે ધન મારૂં છે, વળી કેટલાક તો ધનની ચિંતામાં સુખે ધાન પણ ખાતા નથી, પણ અંતે તો કહેવાતા લખપતિ કે છત્રપતિને પણ નિર્વસ્ત્ર થઈને લાકડામાં પોઢવાનું છે. તેવા કેટલાય લખપતિ ને છત્રપતિ લાખોને કરોડોની સંખ્યામાં ચાલ્યા ગયા. દુનિયામાં ભલભલા મનની અંદર ગુમાન રાખનારા પણ કંઈક બળીને ભસ્મીભૂત થઇ ગયા છે. જે ભવ્ય પ્રાસાદોમાં નોબતો વાગતી ને સંગીતના

જલસાઓ ગોઠવાતાં તેવા ભવ્ય પ્રાસાદો પણ ખાલી-ખમ પડયા છે. જેમાં ઉડી ઉડીને કાગડાઓ બેસે છે. કોઈ પણ વસ્તુની હસ્તિ શાશ્વત નથી. છતાં જીવ સંકલ્પ-વિકલ્પ કરીને વિના કારણ પોતે પોતાનેજ દંડી રહ્યો છે.

રમણુતા સ્વમાં રાખો—પરમાં નહીં

પુણ્ય પ્રબળ હોય ને પોતાને લાગે કે મારી બધી ઇચ્છાઓ પરિપૂર્ણ થઈ રહી છે, તો તે ઇચ્છાઓજ બીજી અનેક ઇચ્છાઓને જન્મ આપે છે. પછી તો નાવ જેમ વમળમાં અટવાઈ જાય તેમ ઇચ્છાઓના જ વમળમાં માનવી એવો અટવાઇ જાય છે કે, તેમાંથી બહાર નિકળવું તેને ભારે થઈ જાય છે. જ્ઞાનદ્રષ્ટિથી માનવી ઇચ્છાઓનો નિરોધ કરી નાખે તો સહીસલામત તે વમળમાંથી બહાર આવી જાય છે. બહારના પદાર્થો ગમે તેવા રૂપ-લાવણ્યવાળા હોય, નીલા હોય, કાળા હોય કે ગૌરવર્ણા હોય તેમાં જરાએ રાચવા જેવું નથી, અને વિચારવું કે આ બધી રચના પુદ્ગલની છે. કોઈ મહાત્માએ ફરમાવ્યું છે કે,

કોઇ ગોરા કોઇ કાલા-પીલા,
નયણે નિરખનકી
એ દેખી મત રાચો પ્રાણી
રચના પુદગલકી
ખબર નહી યહ જગમેં પલકી ।

આજે નિતનવી ડીઝાઇનની વસ્તુઓ બહાર પડે છે. તેની

પાછી છાપાઓમાં જાહેરાતો છપાવવામાં આવે છે. નવી ડીઝાઇનની વસ્તુઓ ઘરમાં વસાવવાની મનુષ્યોને સહેજે ઇચ્છા મનમાં થઇ જાય છે. પણ આવા સમયે દ્રવ્યોના સ્વરૂપનું જ્ઞાન હોય તો માનવી તરત ઇચ્છાઓ પર વિજય મેળવી શકે અને વિચારે કે, આ બધા પૌદ્ગલિકભાવે છે તેમાં રાચવા જેવું શું છે ? પુદ્ગલો એકનાએક સ્વરૂપે રહેતા નથી. પદાર્થ માત્ર પરિણમન સ્વભાવી છે. તેમાં સારા નરસારૂપે પરિવર્તનો થયા જ કરે છે માટે તેનું પ્રલોભન મારે રાખવા જેવું નથી. મારા આત્મામાંજ જ્ઞાન-દર્શનાદિ અનંતા ગુણો છે તેમાંજ હું રમણુતા ન કરૂં ? અનંતગુણ સમુદાયના પિંડરૂપ જ્યાં મારો આત્મા છે તો તેની રમણુતા છોડીને શા માટે પુદ્ગલભાવમાં રમણુતા કરૂં ? હું સ્વમાંજ ન રહું ? પરભાવમાં મારે જવાની જરૂર શી છે ? હું કયાં ઘરનો કંગાલ છું કે મારે પર દ્રવ્યોની ઝંખના કરવી પડે ? ઇન્દ્રિયોના સુખો પણ દુઃખની પરંપરાને વધારનારાં છે. આદિ અને અંતવાળા હોવાથી અનિત્ય છે. તેવા ઇન્દ્રિયોના સુખોમાં પણ પંડિતો રાચતા નથી તો જડ પુદ્ગલોમાં મારે શું રાચવા જેવું છે ? આમ માનવી વિચારે તો ઇચ્છાઓનો જરૂર નિરોધ થાય કે જે ઇચ્છાઓના નિરોધને શાસ્ત્રો પરમ તપ કહે છે. પછી તો મનમાં સંકલ્પ-વિકલ્પ પણ ઘણા ઓછા થઈ જાય અને આત્મામાં સમરસીભાવ છલકાઇ જાય. જેને બીજી ભાષામાં શાન્તરસ કહેવામાં આવે છે.

પુણ્ય પણ શાશ્વત્ નથી

પુણ્યના ઉદયે ઇચ્છાઓ પૂરી થતી દેખાય, પણ પુણ્ય

કયાં શાશ્વત્ વસ્તુ છે ? આત્મા અને આત્માના ગુણો શાશ્વત્ છે. પુન્ય તો વખત આવે ભલભલાનાં પરવારી બેસે છે. જ્યાં દોમદોમ સાહ્યબી હોય ત્યાં પુન્ય પરવારે ત્યારે દરિદ્રતા એવી આવી જાય છે કે, કયારેક ભીખ માંગવાનો વખત આવી જાય છે. પુન્યાનુબંધી પુન્ય મોક્ષમાર્ગમાં સહાયરૂપ છે. બાકી પુન્યના ભરોસે રહેવા જેવું નથી. પુન્ય શુભકર્મ છે, તો પાપ અશુભકર્મ છે. જ્યારે આત્મા શુભ–અશુભ બન્ને કર્મ–પ્રકૃતિઓને ખપાવીને મોક્ષે જાય છે. પુન્ય–પાપ ઉભયના ક્ષયથી જીવનો મોક્ષ થાય છે. પુન્યાનુબંધી પુન્ય મોક્ષમાર્ગમાં વોળાવા રૂપ છે. આત્મા તેના ધારેલા સ્થાને પહોંચે ત્યાં વોળાવો એની મેળે છુટી જાય છે. પુન્યાનુબંધીપુન્યના ઉદય કાળમાં તો જીવને સંસારિક સુખોમાં પણ ઉત્કૃષ્ટ વૈરાગ્ય વર્તતું હોય છે. તેવા પુન્યોદયવાળા આ કાળમાં વિરલા છે. જીવોની અંદરની આકાંક્ષાઓ અને નબળી ઈચ્છાઓ જોતાં લાગે છે કે, આ કાળમાં જીવો મોટે ભાગે પાપાનુબંધી પુન્યના ઉદયવાળા છે.

પુણ્ય–પાપની ચૌભંગી

પાપાનુબંધી પુન્યના ઉદયે જીવ કયારેક સંપત્તિ અને અને સત્તાના શિખર ઉપર આરૂઢ થઇ જાય છે, પણ ફરી પાછો જ્યારે પતનને પામે છે ત્યારે તળેટીમાંએ ઉભા રહેવા સ્થાન મળતું નથી. જીવ પુન્ય ભોગવતો હોય અને પુન્યોદયના કાળમાં ધર્મના શુભ કાર્યો કરતો હોય, જીવ માત્રનાં હિતમાં પ્રવર્તતો હોય, પરહિત ચિંતા એ જેનાં જીવનનો ધ્રુવ કાંટો બની ગયો હોય તેને પુન્યાનુબંધી પુન્ય

કહેવામાં આવે છે પુન્યનો ભોગવટો ચાલુ હોય, તેની સાથે પુન્યની નવી આવક પણ ચાલુ હોય, અને પરંપરાએ જીવને મોક્ષ સુધી પહોંચાડે તેને પુન્યાનુબંધી પુન્ય કહેવામાં આવે છે. કોઈ પણ પ્રકારની પૌદ્ગલિક ફળની મનમાં અપેક્ષા રાખ્યા વિના, દેવ–ગુરૂ અને ધર્મની આરાધના કરવાથી, સુપાત્ર દાન દેવાથી, અને જીવદયા પાળવાથી, ગુરૂદેવોની વૈયાવચ્ચ કરવાથી પુન્યાનુબંધી પુન્ય બંધાય છે. શાલીભદ્ર, ધન્નાજી, સુબાહુકુમાર વિગેરે પુન્યાનુબંધી પુન્યના ઉદયવાળા આત્માઓ હતા.

જેની પાછળ પાપની પરંપરા ચાલી આવે તેને પાપાનુબંધીપુન્ય કહેવામાં આવે છે. પુન્ય ભોગવવાની સાથે જીવ ઘોરપાપ આચરતો હોય એટલે વર્તમાનમાં પુન્યોદયના કાળમાં સુખી દેખાય પણ બંધ એવો પડી જાય કે, ભાવિમાં ઘણા લાંબાકાળ સુધી જીવને દુઃખો ભોગવવા પડે તે પાપાનુબંધી પુન્ય કહેવાય. બ્રહ્મદત્ત ચક્રવર્તિ, ધવલશેઠ વિગેરે પાપાનુબંધી પુન્યના ઉદયવાળા હતા. એ જીવો અત્યારે દુર્ગતિના દારૂણ દુઃખો ભોગવી રહ્યા છે. જે સાંભળતા પણ આપણા હૈયા કમકમી ઉઠે અને શરીર ધ્રુજી ઉઠે.

જીવને અત્યારે ચાલુ વર્તમાનમાં અશુભનો ઉદય વર્તતો હોય, પૂર્વના કોઇ પાપ ઉદયમાં આવ્યા હોય, એટલે જીવ દુઃખ ભોગવતો હોય પણ તેના અંદરના અધ્યવસાય ઘણા ઉંચા હોય અને નબળી સ્થિતિમાં પણ પોતાની શક્તિ મુજબ ધર્મ આચરતો હોય તેને પુન્યાનુબંધી પાપ કહેવામાં આવે

છે. તે જીવને વર્તમાનમાં કષ્ટો ભોગવવા પડે છે, પણ ભવિષ્ય તેનું ઉજ્વલ છે. પાપની પાછળ પુન્યની પરંપરા તે પુન્યાનુબંધી પાપ. વર્તમાનમાં ધર્મ કરનારા ઘણા દુઃખી દેખાય છે, પણ ધર્મ આચરતા હોવાથી અને પોતાની શક્તિ મુજબ શુભ કાર્યો કરતા હોવાથી, ભાવિમાં સુખી થવાના છે. પુણિયા શ્રાવક આમાં દ્રષ્ટાંત રૂપ છે. અંતરાયના ઉદયે પોતાની સ્થિતિ ઘણી નબળી હોવા છતાં કયારેય પણ પુણિયા શ્રાવક સાધર્મિક ભક્તિનો લાભ ચુકેલ નથી.

પાપની પાછળ પાપની જ પરંપરા ચાલુ હોય, તેને પાપાનુબંધી પાપ કહેવામાં આવે છે. વર્તમાનમાં જીવ પૂર્વના ઉદયમાં આવેલાં પાપ ભોગવતો હોય અને પાપ આચરીને નવાઘોર કર્મ બાંધતો હોય તેને પાપનુબંધી પાપ કહેવામાં આવે છે. તેવા જીવો વર્તમાનમાં પણ ઘણા જોવામાં આવે છે. શાસ્ત્રોમાં પણ કાલસૌરિક કષાઇ વગેરેના દ્રષ્ટાંતો નોંધાએલાં છે. એ જીવો પાપનુબંધી પાપના ઉદયવાળા હતા. અહિં પણ દુઃખી થયા અને અત્યારે દુર્ગતિનાં દારૂણ દુઃખ ભોગવી રહ્યા છે.

પુન્ય એ શુભાશ્રવ છતાં પુન્યાનુબંધી પુન્યની સંપૂર્ણ ઉપયોગીતા

આ પુન્ય–પાપની ચૌભંગી છે. પ્રત્યેક ચૌભંગીમાં બે ભાંગા ગ્રહણ કરવા યોગ્ય હોય છે, અને બે ભાંગા પરિહરવા યોગ્ય હોય છે. આ પુન્ય–પાપની ચૌભંગીમાં પુન્યાનુબંધી પુન્યનો ભાંગો અને પુન્યાનુબંધી પાપનો ભાંગો એ બન્ને

ભાંગા આદરવા યોગ્ય છે, બાકીનાં બે પરિહરવા યોગ્ય છે. ચૌભંગીની આવી રીતે વિશદ છણાવટ કર્યા વિના એકાંતે પુન્યને પરિહરવા યોગ્ય કહેનારા જૈન માર્ગથી લાખ લાખ જોજન દૂર ઉભેલા છે. પુન્યાનુબંધી પુન્ય અને પાપને સમકક્ષામાં મૂકનારા નવતત્વના સ્વરૂપને તો સમજ્યા નથી, પણ જૈન માર્ગના એકડાનું એ તેમને જ્ઞાન નથી, છતાં તેમનાં અંધ શ્રદ્ધાળુ ભક્તો કહેતા હોય છે કે, પુન્યને આશ્રવ કહેનારા નીકળ્યા હોય તો તે આ એકજ મહાપુરૂષ છે. સૌ પુન્યમાં ધર્મ મનાવી બેઠાં હતાં. જ્યારે આ મહાપુરૂષે ખરૂં ભેદ-વિજ્ઞાન કરાવ્યું છે. પણ તેમને એટલું એ ભાન નથી કે દરેક મહાપુરૂષો પુન્યને શુભાશ્રવ કહેતા આવ્યા છે. પણ પુન્ય ને પાપ બન્નેને સમકક્ષામાં મૂકવા જેટલી ધૃષ્ટતા બીજા કોઇ મહાપુરૂષોએ કરી નથી. તે પણ પુન્યાનુબંધી પુન્યની અપેક્ષાએ, અને તે પુન્યને દરેક મહાપુરૂષે પરંપરાએ મોક્ષનું કારણ કહ્યું છે તેવા પુન્ય-પાપને સમકક્ષામાં મૂકનારા અધ્યાત્મિ નહીં પણ શાસ્ત્રે તેવાને અધ્યાત્મિ કહ્યા છે. મહાપુરૂષો મનમાં પુન્યની મીઠાશ રાખી ધર્મ આચરવાનું કહેતા જ નથી. સંવર નિર્જર અને મોક્ષના ધ્યેયથી વ્રત-પચ્ચક્ખાણાદિ કરવાનું કહે છે, તેમાં સરાગ દશાને લીધે વચગાળામાં પુન્ય બંધાઈ જાય તો તે પુન્ય મોક્ષ માર્ગમાં લેશ પણ બાધા ઉપજાવનારૂં નથી. અને આ કાળમાં તો સરાગ ચારિત્રનીજ ભૂમિકા છે. તે ભૂમિકામાં પુન્ય બંધાય તે પણ ઘણું ઉંચું પુન્ય બંધાય છે માટે આ દ્રષ્ટિએ પુન્ય-પાપને સમકક્ષામાં મૂકી શકાય નહીં.

જ્ઞાની માટે વિષયાંતર સંચારએ હલાહલ ઝેરતૂલ્ય

પુન્યાનુબંધી પુન્યના ઉદય કાળમાં જીવમાં તેવી નબળી ઇચ્છાઓ જાગેજ નહીં, અને કદાચ જાગે તો જીવ તરત તેનો નિરોધ કરી લે છે. એ પુન્યોદયનો પ્રભાવ એવો છે કે જીવ ભોગાવલીનાં ઉદયે ભોગ ભોગવતો હોવા છતાં અંદરથી ભોગને રોગ સમાન સમજતો હોય છે. તેની અંતરંગ દશા ઘણી ઉંચી હોય છે. પાપાનુબંધી પુન્યનાં ઉદયે જીવમાં નબળી મનોકામનાઓ જાગે છે અને તે પૂરી ન થાય એટલે જીવ સંકલ્પ-વિકલ્પમાં પડી જાય છે. જીવનું શુદ્ધ સ્વરૂપ નિર્વિકલ્પ છે. સંકલ્પ-વિકલ્પ એ મનનું સ્વરૂપ છે અથવા તો માનસિક ધર્મો છે. આ રીતનું ભેદ વિજ્ઞાન કરીને જીવ પોતાના સ્વરૂપ તરફ વળે એટલે અંદરનાં સંકલ્પ-વિકલ્પ ધીમે ધીમે શમતા જાય છે અને પરિણામે જીવ શાન્તરસના સુધા કુંડમાં નિમગ્ન બની જાય છે. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર શાસ્ત્રમાં ફરમાવે છે કે,

यस्यज्ञानसुधा सिन्धौ परब्रह्मणि मग्नता ।
विषयान्तर संचार स्तस्य हालाहलोपमः ।।

જ્ઞાનસુધા સિન્ધુ સ્વરૂપ પરબ્રહ્મમાં જેની મગ્નતા છે અથવા "રસાધિરાજ"માં જેની મગ્નતા છે, તેના માટે ઇન્દ્રિયોનાં વિષયોની જે પ્રવૃત્તિ તે હલાહલ ઝેર તૂલ્ય છે. જેમ માલતીનાં પુષ્પમાં રક્ત થયેલો ભ્રમર આંકડાનાં ઝાડપર ન બેસે. તેમ સમતારસમાં નિમગ્ન બનેલો યોગી બહારના કોઇ પણ બહિર્ભાવમાં મગ્ન બને નહીં! નિજ ગુણની રમણતા સિવાય વિષયાંતર સંચાર એ તેના માટે હલાહલ રૂપ છે.

ઘરમાંજ દૂધપાક હોય તો બહાર ખાટી છાશની ભીખ માગવા જાય કોણ? તેમ આત્મામાંજ જ્યાં શાન્તરસ હિલોળા દઈ રહ્યો છે ત્યાં બહારના હિંડોળે હિંચકવા જાય કોણ? અર્થાત્ બહારના પાંચે ઈન્દ્રિયોનાં વિષયોમાં સંચાર કરે કોણ?

અંતરના અમી તો ગુરૂમાતાજ પાઇ શકે

પોતે પોતામાં સમાઈ જાય તો અંદરમાં તો શાન્તરસના ધોરીયા ચાલ્યા જાય છે. પછી તો અંદરની શાન્તરસની ધારામાંથી જીવને જે સુખ અને શાન્તિ મળે તે સ્વર્ગમાંથીએ મળવું દુર્લભ છે. પૃથ્વીની અંદરમાં જેમ જળની સરવાણી છે, તેમ આત્મામાં શાન્તરસની સરવાણી છે, પણ તે આત્મા ઉપર જે દોષોનાં થરના થર જામેલા છે તેને ઉખેડીને ફેંકી દઇએ તો એ સરવાણી પ્રગટ થાય. જેમ પૂ. આનંદઘનજી ફરમાવે છે કે,

गगनमंडलमें अध बिच कुंवा वहां है अमिकावासा ।
सगुरा होयसो भरभर पीए नगुरा जाए प्यासा ।
अवधु सो जोगी गुरू मेरा ।

ગગનમંડલ એટલે નાભિમંડલના ભાગમાં આત્માના આઠ રૂચક પ્રદેશ, જે સદા ઉઘાડા હોય છે એટલે કર્મનાં આવરણ તે પ્રદેશો પર લાગતા નથી. તેમાં શાન્તરસ સ્વરૂપ એકલો સુધારસ ભર્યો છે, અથવા કર્મનાં આવરણો જ્યારે હઠી જશે ત્યારે આત્માનાં પ્રદેશે પ્રદેશ અનંત અવ્યાબાધ સુધારસથી છલકાઈ જશે. આત્માના એક એક પ્રદેશમાં અનંતા ગુણો

રહેલા છે, અથવા નાભિમંડલની નીચેના ભાગમાં આઠ રૂચક પ્રદેશરૂપ કુવો છે, જે એકલા સુધારસથી ભર્યો છે. તેમાંથી સુગુરૂ એટલે ગુરૂગમવાળાં મનુષ્યો કટોરાં ભરી ભરીને અમૃત રસનું પાન કરે છે, બાકીના નગુરા ગુરૂગમ વિનાનાં કાંઠે આવીને પણ તરસ છિપાવી શકતા નથી અને તરસ્યાં પાછાં ફરે છે, એટલે સાચાં ગુરુનો જોગ મળ્યા વિના અંદરનો ભેદ સમજાતો નથી. અંતરનાં અમી તો ગુરૂમાતાજ પાઇ શકે. બીજા કોઈની તાકાત નથી.

તત્ત્વ વિરલાજ પામી શકે

આગળ વધીને ફરમાવે છે કે,

ગગન મંડલમેં ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા ।
માખન સાતો વિરલા પાયા–છાસે જગત ભરમાયા ।
અવધુ સો જોગી ગુરુ મેરા ॥

ભગવાન સમવસરણમાં બેસીને દેશના આપતા હોય છે, તે સમવસરણને વીશ હજાર પગથીયાં હોય છે. એટલા પરથી ખ્યાલ આવી જાય છે કે, ભગવાન જ્યારે દેશના આપતા હોય છે, ત્યારે જમીનથી કેટલા ઉપર હોય છે, એટલે ભગવાનનાં મુખરૂપી ગગન મંડલમાં વાણીરૂપી ગાય વિયાણી અને ગણધરોએ તેના ઉપદેશરૂપી દુધનું દોહન કરીને ચારે બાજુ તેનો જમાવ કર્યો અને મહાન ઋષિ મુનિઓએ મળીને વલોણું વલોવ્યું તેમાંથી સ્યાદ્વાદ અહિંસા અને સમતારૂપી જે માખણ નીકળ્યું તે વિરલાને પ્રાપ્ત થયું. બાકી આખું જગત કદાગ્રહની ખાટી છાસમાં ભરમાઈ ગયું !

એટલે માખણ કોઈ વિરલાનેજ પ્રાપ્ત થયું. બાકી દુનિયામાં મોટે ભાગે કદાગ્રહ જ ચાલી રહ્યો છે. એકાંતવાદી મનુષ્યો તત્ત્વ પામી શકતા નથી અને વાદ-વિવાદમાં એવા પડી જાય છે કે, ભલભલા તેનો પાર પામી પામી શકતા નથી. આત્માને એકાંતે નિત્ય કે અનિત્ય માનવાથી બંધ મોક્ષ કે મોક્ષમાર્ગની કોઇ વ્યવસ્થા ઘટતી નથી, એકાંતે ક્ષણિક વસ્તુ કે, જેની હયાતી બીજીજ ક્ષણે ન હોય, તેમાં બંધ મોક્ષની વ્યવસ્થા ઘટેજ કઇ રીતે? અને એકાંતે નિત્ય વસ્તુ પર્યાયથી કે અવસ્થાથી પણ પલટાતી ન હોય તેમાં પણ વ્યવસ્થા શી રીતે ઘટી શકે?

આત્માને કથંચિત નિત્ય કથંચિત અનિત્ય અને પરિણામી માનવાથીજ બંધ મોક્ષની વ્યવસ્થા બરાબર ઘટી શકે છે. જૈન દર્શને આત્માને નિત્ય માન્યો છે, પણ પરિણામી નિત્ય માન્યો છે. કૂટસ્થ નિત્ય માન્યો નથી. એકાંતે નિત્ય આત્મા તો તે કહેવાય જે એકજ સ્થિતિમાં રહેવાવાળો હોય. આત્મા એકજ સ્થિતિમાં રહેવાવાળો હોય અને અવસ્થાથી પણ પલટાતો ન હોય તો સંસાર પર્યાય પલટીને સિદ્ધ પર્યાય શી રીતે થાય? હિંસક-અહિંસક બને, ક્રોધી ક્ષમાશીલ બને લોભી-સંતોષી બને, રાગી-વિરાગી બને એટલે કંઈકતો તેનામાં પરિવર્તન આવેજ છે. તે એકાંતે નિત્ય આત્મા માનવામાં આવે તો આ બધુ શી રીતે ઘટી શકે? આવી સીધી ને સાદી વાત પણ અન્ય દર્શનીઓનાં મગજમાં બેઠી નહીં અને એકાંત વાદમાં એવા તણાઈ ગયા કે તત્વની ચર્ચાઓમાં ખૂબ ઉતર્યા, પણ તત્ત્વના મર્મને પામી શકયા નહીં! એટલે પૂ. આનંદઘનજીને ફરમાવવું પડયું કે, "માખણસાતો વિરલા પાયા, છાસે જગત ભરમાયા." તત્ત્વાર્થરૂપી માખણ વિરલાને

પ્રાપ્ત થયું અને જગત આખું કદાગ્રહની ખાટી છાસમાં ભરમાઈ ગયું.

વિષમતાની જગ્યાએ સમતા આવ્યા વિના કોઈનો પણ ઉદ્ધાર નથી

એકાંતવાદીઓ તત્ત્વને પણ પામી શકતા નથી તો મોક્ષને તો ક્યાંથી પામી શકે? એટલા માટે પૂ. હરિભદ્ર સૂરીજીને ફરમાવવું પડયું છે કે "દિગમ્બર હોય કે શ્વેતામ્બર હોય, બુદ્ધ હોય કે કોઈ અન્ય મતાવલંબી હોય તેઓ કોઈ પણ મતને અવલંબતા હોવા માત્રથી મોક્ષને પામી શકતા નથી.

समभाव भावि अप्पा लहइ मोक्खं न संदेहो ।

પણ જેનો આત્મા સમભાવથી ભાવિત બનેલો છે તેજ મોક્ષને પામી શકે છે. રાગ–દ્વેષની વિષમતાનો અંત આવ્યા વિનાં જીવ વીતરાગતાને પામતો નથી. વીતરાગતા આવ્યા વિના જીવને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી, અને તે વિના જીવનો મોક્ષ થઇ શકતો નથી. આજ વાતની પુષ્ટિમાં પૂ. હેમચંદ્રાચાર્યજીએ ફરમાવ્યું છે કે,

भव बीजांकुर जनना रागाद्याः क्षयमुपगता यस्य
ब्रह्मावा विष्णुर्वा हरो जिनोवा नमस्तस्मै ।

ભવબીજના અંકુરને ઉત્પન્ન કરનારા એવા રાગ–દ્વેષાદિ દોષો

જેના ક્ષય પામ્યા છે તે ગમે તો બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય કે જિન ભગવાન હોય, તે સૌને નમસ્કાર કરીએ છીએ. કર્મએજ ભવબીજ છે અને તેનાથીજ જન્મ-મરણના અંકુરાઓ ફુટે છે. કર્મનો બંધ જીવને રાગ-દ્વેષનાં પરિણામથીજ પડે છે અને તેનાથી આખીએ ભવ પરંપરા ઉભી થાય છે. તે ભવ પરંપરાને ઉભી કરનારાં રાગ-દ્વેષાદિ જેનાં ક્ષય પામ્યા છે તેમને નમસ્કાર છે.

શુદ્ધભાવ વિના ભવની ભાવટ નહીં ભાંગે

શરૂઆતમાં એકદમ કોઈ વીતરાગતાને પામી શકતા નથી, છતાં જીવને આગળ વધવા માટેનાં જેટલાં સાધનો છે તેમાં મુખ્યમાં મુખ્ય વૈરાગ્ય અને ઉપશમ છે. તે બન્ને સાધન એવા સબળ છે કે, તેનાથી પરંપરાએ સાધ્યની સિદ્ધિ થયા વિના રહેતી નથી. રાગ-દ્વેષ એતો કર્મજન્ય પરિણામ છે. જ્યારે ઉપશમ અને વૈરાગ્ય એ ક્ષયોપશમ જન્ય ભાવ છે, જ્યારે બારમા કે તેરમા ગુણસ્થાનકની વીતરાગતા એ ક્ષાયિકભાવ છે. આ કાળે ક્ષાયિકભાવ નથી. પણ ક્ષયોપશમજન્ય ભાવ છે. તે ભાવજ પરંપરાએ ક્ષાયિક ભાવ સુધી લઇ જનારો છે. જીવ પ્રશાંતભાવમાં આવે તો તે ભાવમાં પણ ઘણાં કર્મો ખપાવવાની તાકાત રહેલી છે. રાગી જીવ કર્મોથી બંધાય છે, જ્યારે વૈરાગ્ય ભાવથી સંપન્ન જીવ કર્મોથી મૂકાય છે. જિન ભગવંતોએ આ મુજબ બંધ મોક્ષ અંગેનો સંક્ષેપમાં સાર કહી દીધો છે. કષ્ટ કરો કે સંયમ ધરો, પણ હૃદયના શુદ્ધભાવ વિના ભવની ભાવટ નહીં ભાંગે.

ગરજ મટીને વૈદ્ય વેરી

રાગ એ ચિકાશવાળી વસ્તુ છે, પછી તે સ્નેહરાગ હોય કે કામરાગ હોય. જે જેમાં ચિકાસ હોય તે તેને પિલાવવું પડે છે, દાખલા તરીકે, તલમાં ચિકાસ છે તો તલને પિલાવવું પડે છે. શિંગદાણામાં ચિકાસ હોય છે તો તેને પણ મીલમાં કે ઘાણીમાં પિલાવવું પડે છે, તેમ રાગની ચિકાસવાળા જીવોને પણ ચાર ગતિ રૂપ સંસારના દુઃખરૂપી ઘાણામાં પિલાવવું પડે છે. જીવ અનાદિથી દુઃખનો ભાર ખમતો આવ્યો છે તે રાગને લીધેજ. રાગદશાને લીધે જીવ સગાં–સંબંધીઓને પોતાના માનીને વળગવા જાય છે. પણ તે સંબંધીઓ સ્વાર્થ હોય ત્યાં સુધી વળગેલાં રહે છે. પણ જેવો સ્વાર્થ સધાઈ જાય કે, સૌ અળગા એવા થઈ જાય છે કે, જાણે કોઈપણ પ્રકારનો તેની સાથે સંબંધ હતોજ નહીં ! અને પછીતો જીવ એવો અકળાઈ ઉઠે છે કે, જાણે ઉપર આભ ને નીચે ધરતી, જેવું થઈ જાય છે. પણ પહેલેથી જ જીવ જો જલમાં કમલ રહે તેમ સગાં–સંબંધીઓમાં નિર્લેપ રહ્યો હોત તો તેને અકળાવાનો વખત આવત નહીં ! માટે રાગ–દ્વેષના સંસ્કાર આત્મામાં બહુ પોષવા જેવા નથી. સંસારનું સ્વાર્થમય સ્વરૂપ જાણીને જીવે સગાં–સંબંધીઓમાં વધારે પડતું મમત્વ રાખવા જેવું નથી. સમત્વભાવમાં રહી સ્વઆત્માનું સાધી લેનાર જ મનુષ્ય ભવના વાસ્તવિક ફળને પામી શકે છે.

અધ્યાત્મના સુખ સિંધુ આગળ પૌદ્‌ગલિક સુખ બિંદુ સમાન

પૂ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે,

कांताधर सुधास्वादादयुनां यज्जायते सुखम् ।
बिन्दुः पार्श्वं तदध्यात्म शास्त्रास्वाद सुखोदधेः ॥

યુવાન પુરૂષને પોતાની કાંતાના અધરરૂપી સુધાના આસ્વાદથી જે સુખ ઉપજે છે તે સુખ યોગીઓનાં અધ્યાત્મરૂપી સુખ સમુદ્રની આગળ માત્ર એક બિન્દુ રૂપ છે. એકલાં નામ અધ્યાત્મ કે દ્રવ્ય અધ્યાત્મથી તેવું સુખ મળતું નથી. ભાવ અધ્યાત્મજ તેવા સર્વોત્તમ સુખને સાધી આપે છે. પોતાની પોતામાં રમણતા અથવા આત્માની જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં રમણતા તેનેજ ભાવ અધ્યાત્મ કહેવામાં આવે છે. ભલે આત્માનાં શુદ્ધ સ્વરૂપની વ્યાખ્યાઓ ખૂબ કરતા હોય પણ લેશપણ અંદરમાં નિજગુણની રમણતા ન હોય, કેવલ પુદ્‌ગલ ભાવમાં જ રચ્યા-મચ્યા અને પચ્યા રહેતા હોય, તેવાને નામના અધ્યાત્મી કહ્યા છે. ઉપર ઉપરથી સમાધિ લગાવેલી હોય અને અંદરમાં લેશ પણ અધ્યાત્મનો ઉપયોગ ન હોય તેને દ્રવ્ય અધ્યાત્મ કહેવાય. અધ્યાત્મમય જીવન જીવનારાની મૂર્તિની સ્થાપના કરવી તેને સ્થાપના નિક્ષેપ કહેવાય.

ખંધકસૂરીના પાંચસો શિષ્યોનું દ્રષ્ટાંત

પૂર્વકાળમાં ઘણાં મહાપુરૂષોએ પોતાના જીવનમાં અનુપમ શાન્તરસ પોષેલો છે. તેમાં ખંધકસૂરીનાં પાંચસો શિષ્યોનું શાસ્ત્રોમાં જે વૃત્તાંત આવે છે તે અનુપમ દ્રષ્ટાંતરૂપ છે. ભગવાન મુનિસુવ્રત સ્વામિનાં કાળમાં કુંભકાર કટક નામે એક નગર હતું. તે નગરમાં દંડક નામે રાજા રાજ્ય કરતો હતો. તે જ સમયમાં શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ નામનો રાજા હતો. તે રાજાને ધારિણી નામે મહારાણી હતી. ખંધક નામે તેને પુત્ર હતો, અને પુરંદરયશા નામે તેને એક પુત્રી હતી. જિતશત્રુ રાજાએ પોતાની પુત્રી પુરંદરયશાને કુંભકાર નગરનાં દંડકરાજા વેરે પરણાવી હતી.

પાલક પુરોહિતના જૈન ધર્મને દુષિત કરવાના દુષ્પ્રયાસો

એકવાર કોઇ પ્રસંગે દંડકરાજા પોતાના પાલકનામના બ્રાહ્મણ પુરોહિતને જિતશત્રુ રાજાને ત્યાં મોકલે છે. પાલક જિતશત્રુ રાજાની રાજસભામાં દાખલ થયો એ સમયે રાજા પંડિતો સાથે જૈન તત્ત્વજ્ઞાન અંગેની સુંદર વિચારણા કરી રહ્યા હતાં. ત્યાં વચમાંજ દુષ્ટ બુદ્ધિવાળો પાલક કુદી પડે છે, અને જૈનધર્મને દુષિત કરવા અંગેનો દુષ્ટ પ્રયાસ કરે છે. પોતાના અસંબધ્ધ અપરિપકવ વિચારોની રજુઆત કરવાવડે જૈન ધર્મને વગોવવા ખોટાં દોષારોપણ કરે છે, જૈનો ઈશ્વરને કર્તા માનતા નથી. જૈનધર્મ આવો છે ને

તેવો છે. જૈનધર્મ શુચિમાંએ માનતો નથી. આવા કેટલાયે મુદ્દા ઉપસ્થિત કરીને તેણે જૈન ધર્મને હલકો પાડવા માંડયો. સભામાં બેઠેલાં બંધકકુમારથી આ જરાપણ સહન ન થયું અને વાત પણ સાચી છે કે ધર્મની વિરુદ્ધ કોઈ બોલતો હોય ને શક્તિ હોવા છતાં પ્રતિકાર ન કરે તો તે મહા મોહનીય કર્મ બાંધે છે.

ઈશ્વર બતાવનાર છે, બનાવનાર નહીં

બંધકકુમારે સચોટ દલીલોથી તેનો યોગ્ય પ્રતિકાર કર્યો અને કહ્યું કે, જૈનધર્મ ઈશ્વરને સૃષ્ટિના કર્તા નહીં પણ મોક્ષમાર્ગનાં ઉપદેશક માને છે. **બીજાઓ ઈશ્વરને બનાવનાર માને છે, જ્યારે જૈન ધર્મ ઈશ્વરને સાચો રસ્તો બતાવનાર માને છે. સંસાર અનંત દુઃખમય છે. તેમાંથી છુટવાનો રસ્તો ઈશ્વર જરૂર બતાવે, બાકી ઈશ્વર અનંત કરુણાના સાગર થઈને આવા જન્મ-મરણાદિ અનંત દુઃખથી ભરેલાં સંસારમાં કોઈ જીવને નાંખે નહીં !** વળી બંધકકુમારે કહ્યું કે, જૈન ધર્મ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની શુચિમાં માને છે, માત્ર હાથ-પગ ધોઈને જળમાં સ્નાન કરીને શુદ્ધ થઈ જવું, એ તો દ્રવ્ય શૌચ છે. જ્યારે અંદરના મનોગત ભાવોમાં નિર્મળતા લાવવી તે ભાવશૌચ છે. એકલા જળમાં સ્નાન કરવા માત્રથી શુદ્ધિ થઈ જતી નથી, પણ અંદરનાં રાગ-દ્વેષ રૂપી મળનાં નાશથી શુદ્ધિ થાય છે. એકલી બાહ્ય શુદ્ધિથીજ ધર્મ થતો હોય તો માછલાંને ધર્માત્મા કહેવા જોઈએ. કારણ કે, દિવસ ને રાત તે જળમાં નાહ્યા જ કરતાં હોય છે. માટે પ્રધાનતા

ભાવશૌચની છે અને તેને બાધા ન પહોંચે તે રીતે બાહ્ય શુદ્ધિ પણ કરવી જોઇએ.

ક્રોધ ભયંકર પણ ક્રોધથી વૈર બંધાઈ જાય એતો વળી મહા ભયંકર !

આ રીતની બંધકકુમારે સચોટ દલીલો કરીને પાલકને તદ્દન નિરૂત્તર કરી દીધો, એટલે સભામાં બેઠેલા શિષ્ટજનોથી તે પાલક ઉલ્ટો ઉપહાસને પાત્ર બન્યો. પાલકને બંધક કુમાર ઉપર અત્યંત ક્રોધ ચડી ગયો, એટલુંજ નહીં પણ બંધકકુમારને તેણે દાઢમાં રાખ્યો અને મનમાં એવા વિચાર કરવા લાગ્યો કે, આ બંધકકુમારે મારૂં ભર સભામાં જે અપમાન કરી પાણી ઉતારી નાખ્યું છે તેનો હું કયારેક પણ બદલો લીધા વિના નહીં રહું ! દુનિયામાં ક્રોધ ભયંકર વસ્તુ છે અને તેના કરતાં પણ ક્રોધમાંથી પરસ્પર વૈર બંધાઈ જાય એ તો વળી મહા ભયંકર છે. દુનિયામાં હિંસા અને ક્રોધથી જ અનેકો સાથે વૈર બંધાઈ જાય છે. એટલા માટે પ્રશમરતિમાં પૂ. ઉમાસ્વાતિને ફરમાવવું પડ્યું કે,

वैरानुषङ्ग जनकः अथवा क्रोधो वैरस्य कारणम !

ક્રોધ વૈરભાવનું કારણ છે. ભગવદ્ ગીતામાં તો કામ ક્રોધ અને લોભ ત્રણેને નરકગતિના દ્વાર કહ્યા છે.

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

જૈન શાસ્ત્રોમાં પણ અનંતાનુબંધી ક્રોધ, માન માયા અને લોભને નરકગતિનાં દ્વાર કહ્યા છે કષાયને લીધે કોઈ સાથે વૈર કદાચ બંધાઈ જાય પણ તેની સાથે ક્ષમાપના થઈ જવી જોઈએ, જેથી વૈરની પરંપરા લંબાય નહિ.

શ્રાવસ્તિમાં ભગવાનની મંગલ પધરામણી

અહિં બંધકકુમારે એ સમયે પાલક પ્રતિ મનમાં લેશ પણ રોષ રાખ્યો નથી અને સંપૂર્ણ ગંભીરતા ધારણ કરી હતી, પણ પાલકના મનમાં બંધકકુમાર પ્રતિ શલ્ય રહી ગયું. રાજાએ પાલકને ત્યાંથી વિદાય કર્યો એટલે તે કુંભકારકટક નગરમાં આવે છે. એકવાર ભગવાન મુનિસુવ્રત સ્વામિ શ્રાવસ્તી નગરીમાં સમવસર્યા ભગવાનની દેશના સાંભળી બંધકકુમાર પાંચસો રાજકુમારોની સાથે દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા અંગીકાર કર્યા બાદ બંધક અણગાર તપ-જપ, જ્ઞાન-ધ્યાનાદિમાં લીન મનવાળા બની ગયા અને ભગવંતે તેમને આચાર્યપદે અધિષ્ઠિત કર્યા. બંધક આચાર્ય એકવાર ભગવંતને વિનંતી કરે છે કે, પ્રભુ ! મારે પુરંદરયશા નામે સંસારીપક્ષે સગી બહેન છે, તેને મારી પર અથાગ ભ્રાતૃ પ્રેમ હતો. સાધુ થયા પહેલાં હું સંસારમાં હતો ત્યારે ભાઈ-બહેન વચ્ચે પરસ્પર અપૂર્વ સદ્ભાવ હતો. કુંભકારકટકના દંડકરાજા વેરે તેને પરણાવવામાં આવી છે. આપ મને આજ્ઞા ફરમાવો તો તે બહેન-બનેવી બન્નેને પ્રતિબોધ પમાડવા મારી ઇચ્છા કુંભકારકટક તરફ વિહાર કરીને જવાની છે. ત્યારે પ્રભુએ ફરમાવ્યું કે, ત્યાં તમોને મરણાંત ઉપસર્ગ થશે. માટે વિચારીને તે તરફ ડગ ભરવા જેવુ છે.

પાંચસો શિષ્યોની આરાધના એજ મારા માટે અપૂર્વ લાભ

પ્રભુનાં શ્રીમુખેથી આ મુજબની ઘટના સાંભળીને ખંધકસૂરીએ ફરી પ્રભુને પ્રશ્ન કર્યો કે, ઉપસર્ગ ભલે મરણાંત થાય; પણ અમે બધાં આરાધક થઈશું કે વિરાધક ? ત્યારે પ્રભુએ પ્રત્યુત્તરમાં ફરમાવ્યું કે, તમારી સિવાય બધા આરાધક થશે. ખંધક આચાર્યે વિચાર્યું કે, મારા પાંચસો શિષ્યો આરાધક બનતા હોય તો હું તેમના આરાધકપણામાં નિમિત્ત શા માટે ન બનું ? પાંચસો સાધુઓ આરાધકભાવને પામી કેવલજ્ઞાનને પામતા હોય તો મારો ફેરો સફળ છે. માટે પ્રભુ મને આપ એ બાજુ વિચરવા માટેની આજ્ઞા ફરમાવો. પ્રભુ કાંઈ બોલ્યા નહીં. મૌન ભાવમાંજ રહ્યાં. ભગવાને તો સંક્ષેપમાં સાર સંભળાવી દીધો હતો, છતાં ખંધક આચાર્યને લાગ્યું કે, આટલા બધા આત્માઓનું કલ્યાણ થાય છે માટે મારે એ તરફ વિહાર લંબાવવો જોઇએ અને આ રીતનો નિર્ણય કરી તે તરફ વિહાર કરે છે. ગામાનુંગામ વિચરતા વિચરતા ખંધક આચાર્ય પોતાના પાંચસો શિષ્યોની સાથે કુંભકાર નગરની સમીપમાં આવી પહોંચે છે આ બાજુ આવવાની પાછળનો તેમનો ધ્યેય ઘણો ઉંચો છે. બહેન-બનેવી અને અન્ય જીવોને પ્રતિબોધ કરવાનાં ધ્યેયથી ખૂબજ ઉગ્ર વિહારો કરીને પધારેલાં છે.

બદલો લેવાની વાત શાસ્ત્રોમાં છે જ નહીં

પાલકને પણ ખંધકસૂરી કુંભકાર નગરે પધારી રહ્યા

છે તેવા સમાચાર મળી ગયા. તેનાં મનમાં રહી ગયેલું શલ્ય એકદમ સળવળી ઉઠે છે કે, આણેજ મારૂં શ્રાવસ્તિ નગરીમાં ભર રાજસભામાં અપમાન કર્યું હતું. હવે બદલો લેવાનો મને ખરો મોકો મલ્યો છે. એટલે પોતાના અમુક માણસોની મારફત, ખંધકસૂરીને જ્યાં ઉદ્યાનમાં ઉતારવાના છે ત્યાં આગળથીજ નીચે જમીન ખોદાવીને શસ્ત્રો દટાવી દે છે. ભાલા-તલવાર, ધનુષ્યબાણ વગેરે કેટલાય પ્રકારનાં શસ્ત્રો જમીનમાં દટાવ્યાં. ખંધક આચાર્ય તે જ ઉદ્યાનમાં પોતાના પરિવાર સહિત સમવસર્યા. તેમને પાલકનાં કાવત્રાની કશી ખબર પડી નહીં. વન પાલક તરફથી વધામણી મળતા રાજા પોતાના આખાએ અંતે-ઉર સહિત મહર્ષિઓનાં દર્શનાર્થે જાય છે. નગરમાં પણ પાંચસો શિષ્યોનાં પરિવાર સહિત ખંધક આચાર્યના આગમનના સમાચાર ફેલાઈ જતાં આનંદ છવાઇ ગયો છે. સૌ કોઈ સૂરીશ્વરજીનાં દર્શન માટે અને તેમની વાણી સાંભળવા માટે તલસતા હતા. એક માત્ર પાલક મનમાં બળી બળીને ખાખ થઇ રહ્યેા હતેા. તેનાં મનમાં ફક્ત અપમાનનેા બદલેા લેવાની જ એક વાત છે, જૈન શાસ્ત્રોમાં બદલેા લેવાની કયાંય વાત છે જ નહીં. જૈન શાસ્ત્રોમાં તેા મિચ્છામિ દુક્કડમની વાત છે.

ગોવાળીયેા બદલેા લેવા ભગવાનનાં કાનમાં ખીલા ઠોકી દે છે. ભગવાન મોક્ષે ગયા અને ગોવાળીયેા સાતમી નરકે ગયેા. અઢારમાં ભવે ભગવાન જ્યારે ત્રિપૃષ્ટ વાસુદેવનાં ભવમાં હતા, ત્યારે શય્યા પાલકનેા જીવ હતેા ત્રિપૃષ્ટ વાસુદેવે તેના કાનમાં સીસાનેા રસ રેડાવેલેા એ સમયે બંધ એવેા પડી ગયેા કે, સત્તાવીશમાં

ભવે ભગવાનનાં કાનમાં ખીલા ઠોકાણા, પણ બદલો લેનારની હાલત કેવી થઈ ?

જેઠ મહિનાની વૃષ્ટિની જેમ સંતોની વાણી પણ પરમ તુષ્ટિને આપનારી છે.

રાજા અંતે-ઉર સહિત મહર્ષિઓનાં દર્શનાર્થે નિકળ્યો, એટલે શહેરમાંથી પ્રજાજનોનાં ટોળેટોળાં ઉદ્યાનમાં ઉલટી પડે છે. મહર્ષિ સંસારનાં ત્રિવિધ તાપથી સંતપ્ત શ્રોતાજનોના હૃદય પર અમૃતમય વાણી સુધાનો ધોધ વરસાવે છે. જેઠ મહિનાનાં ધોમ તડકામાં મુસાફરીએ નિકળેલાં વટેમાર્ગુ પર અણધારી વૃષ્ટિ થાય તો તેને કેટલો આનંદ થાય ? તેમ ભગવાનની વાણી પણ જેઠ મહિનામાં મુસાફરીએ નિકળેલાં વટેમાર્ગુ પર પડેલી વૃષ્ટિની જેમ કષાયનાં તાપથી સંતપ્ત બનેલાં આત્માઓને તુષ્ટિપુષ્ટિ અને પરમ શાન્તિને આપનારી છે. મહર્ષિની અમૃતમયી વાણી સાંભળી રાજા અને પ્રજાજનો ખૂબ હર્ષિત થયાં. ઘણાં હળુકર્મી આત્માઓએ વ્રત-પચ્ચક્ખાણાદિ અંગિકાર કર્યા. તેમાંએ મહર્ષિના સંસારી પક્ષે સગા બહેન પુરંદરયશાનેતો અપરંપાર આનંદ થયો. તેનો આત્મા આનંદવિભોર બની ગયો. સાધુ ભ્રાતાના મુખની અમૂલ્ય વાણી સાંભળી પુરંદરયશાનો આત્મા જાણે આનંદનાં મહાસાગરમાં હિલોળા લેવા લાગ્યો.

દેશનાવિધિ સમાપ્ત થયા બાદ મહર્ષિઓનાં જ્ઞાન—ધ્યાનની અનુમોદના કરતાં સૌ પોતપોતાને ઘેર પહોંચી ગયા

દંડકરાજા પણ પોતાના સ્થાને આવી પહોંચ્યો. રાજાને મહર્ષિની દેશના સાંભળતાં ઘણો આનંદ થયો. છતાં રાજાઓ સ્થિર પરિણામી હોતાં નથી. રાજાઓમાં પૂર્વકાળમાં મોટી કુટેવ એ હતી કે, તેઓ મોટે ભાગે બીજાની આંખે જ જોનારા હતાં. બીજાનાં અભિપ્રાય પર ચાલનારા રાજાઓથી પૂર્વકાળમાં પ્રજાજનોને ઘણો અન્યાય થતો હતો. જો કે આજના શાસનથી પણ પ્રજામાં અસંતોષ એવોને એવો છે. પ્રજાએ રામરાજાના સ્વપ્ના સેવેલા, પણ જન જીવન આજે તારાજ બનતુ જાય છે. હવે એને સ્વરાજ કઇ રીતે કહી શકાય ?

પાલકની પ્રપંચ જાળ

અહિં આ કથાનકમાં પણ ઘટનાં એવીજ બની જવા પામી. રાજાએ પાલક પુરોહિતને જરા વિચારમગ્ન જોઈને સહેજે પૂછ્યુ કે, નગરમાં બધા આનંદમાણી રહ્યા છે ત્યારે તમે આટલા બધા વિચારમગ્ન કેમ દેખાઓ છો ? પાલકે કહ્યું; રાજન્ લોક એતો ગાડરીઓ પ્રવાહ છે ! તેનામાં સારાસારનો લાંબો વિવેક હોતો નથી, રાજન્ ! તમો પણ ઘણાજ સરલ અને ભદ્રિક છો એટલે બધાને તેવા સ્વરૂપે દેખો છે. પણ રાજન્ ! આજે દુનિયામાં મોટે ભાગે પાખંડ બહું ચાલે છે. મને તો તમારાં હિત અંગેની અને આખાએ રાજ્યનાં હિત અંગેની ચિંતા હોવાથી મારે તો ચારે બાજુની તપાસ રાખવી જોઈએ આપ અને નગરજનો જેની વાણી સાંભળીને ચાલ્યા આવો છો તે બંધક આચાર્ય મહા માયાવી અને પાખંડી છે. એ મહા શઠ મુનિ હજાર હજાર યોદ્ધાઓ સાથે યુદ્ધ કરી શકે તેવા સાધુના વેષમાં

રહેલા પાંચસો યોદ્ધાઓની સાથે જે અહિં આવેલા છે, તે પરમાર્થ કરવા નહીં, પણ કેવળ તમારૂં રાજ્ય પડાવી લેવા અહિં સાધુપણાનો સ્વાંગ સજીને આવેલા છે. આપને મારા વચન પર વિશ્વાસ ન હોય તો આપ જાતે ત્યાં ઉદ્યાનમાં જઈને ખાત્રી કરો ! તેઓએ યુદ્ધ કરવા માટે ઉદ્યાનની અંદર નીચે જમીનમાં શસ્ત્રો દાટી દીધેલાં છે. માટે આપ ત્યાં જાતે જઈને તપાસ કરો. માયાવી મનુષ્યો કેટલી હદે જઈ શકે છે તે આ પાલકના દ્રષ્ટાંત પરથી આબેહુબ સમજાય તેવું છે. બદલો લેવાની દુષ્ટ બુદ્ધિથી શસ્ત્રો એણે પોતે જ દટાવેલાં છે, અને આવા મહાન ધર્મ ધુરંધર આચાર્ય અને તપસ્વી સંતો પર કેવું ખોટું આળ ચડાવે છે. ક્રોધ અને માન કષાય કરતાં પણ માયા અતિ ભયંકર છે. ગીચ ઝાડીમાં સંતાએલાનો પત્તો લાગે નહીં તેમ માયાવીનો પણ ઝટ પત્તો લાગે નહીં. પોતામાં માયા પ્રવેશી છે, તેનો પણ કેટલીકવાર માનવીને ખ્યાલ રહેતો નથી. વાણી, વર્તનને-વિચારની જ્યાં એકતા ન હોય ત્યાં માયા પ્રવેશી છે એમ નિશ્ચિત સમજવું.

ક્રોધનો પ્રભાવ તન પર તો માયા ને લોભનો પ્રભાવ મન પર

પાલકનાં કહેવાથી રાજાએ ઉદ્યાનમાં જઈને જમીન ખોદાવી, એટલે પાલકે મુનિઓનાં આગમનની પહેલાં જ જે શસ્ત્રો જમીનમાં દટાવેલાં હતા તે બહાર નીકળી આવ્યા, જે જોતા રાજાને મનમાં એકદમ ક્રોધ આવી ગયો. રાજાએ પાલકની બધી વાત માન્ય રાખી લીધી. પાલકની માયા

જાળમાં રાજા બરોબરનો સપડાઈ ગયો. પાલકને જાળ પણ કેવી બિછાવતા આવડી ? રાજા જેવો રાજા તેનો ભોગ બની ગયો. ક્રોધ અને માન-કષાયનો પ્રભાવ તરત જ શરીર પર દેખાઈ આવે છે. જ્યારે માયા અને લોભ પોતાનો પ્રભાવ મન પર પાડનારાં છે. માયાવી અને લોભી મોઢાનાં બહુ મીઠાં હોય છે, પણ દિલનાં તેવાજ જુઠાં હોય છે. ક્રોધી અને માની દિમાગ ખોઈ નાંખે છે. જ્યારે માયાવી અને લોભી દિલવેચી નાંખે છે. ગરીબને પણ રહેંસી નાંખવો હોય તો માયાવી કે લોભીને તેની દયા ન આવે, કારણ કે તેની દિલની દુનિયામાં જ દેવતા મૂકાઈ ગયો હોય છે, જ્યારે ક્રોધી આવેશમાં ને આવેશમાં શું કરી નાંખે તેની ખબર તેને પોતાને પણ પડે નહીં કારણ કે તે ટાઈમે તેનો દિમાગ જ ઠેકાણે હોતો નથી. પછી પાછળથી આવેશ ઉતરી ગયા પછી તેને પોતાની સ્થિતિનું ભાન આવે.

પારકી આંખે જોનારા

દંડકરાજાએ ક્રોધમાં ને ક્રોધમાં પૂર્વાપરનો વિચાર કર્યા વિના જ પાલકને આજ્ઞા ફરમાવી દીધી કે, તને ઠીક લાગે તે સજા આ સાધુઓને કરજે. હવે ફરી વાર મને તે વિષે પૂછવું જ નહીં. તેં આ પાખંડી ધંધકની પોલ ઠીક જાણી લીધી, નહિં તો મને કંઈ ખબર પડત નહીં, કારણ કે, હું તો તમારાથી જ ચક્ષુવાળો છું. બસ! આનું નામ રાજા-વાજા ને વાંદરા! તેના ભરોસા હોય નહીં. આપણે આગળ કહી ગયાં કે, રાજાઓ મોટે ભાગે પારકી આંખે જ જોનારાં હોય છે.

મરણાંત ઉપસર્ગના સમયે પણ દાખવેલી અપૂર્વ ક્ષમા

પાલક મનમાં ખૂબ હરખાઈ ગયેા. તેને તેા આટલુંજ જોઇતું હતું. ભાવતું'તું ને વૈદ્યે કહ્યું. તેના હરખનેા પાર ન રહ્યો અને મનમાં વિચારવા લાગ્યેા કે મારી ધારણાં હવે પાર પડી જશે. અજમાવેલી મારી યુક્તિ સફળ થઇ ગઈ. દુષ્ટ બુદ્ધિનાં મનુષ્યેા ઘેાર દુષ્કૃત્યેા આચરતાં પણ અચકાતાં નથી. પાલક બીજેજ દિવસે સવારનાં વહેલેા ઉદ્યાનમાં પહેાંચી ગયેા, અને બેાલી ઉઠયેા, મહારાજ ! તમે મારૂં શ્રાવસ્તિ નગરીમાં ભર સભામાં અપમાન કર્યું હતું, હવે હું તેનેા બદલેા લીધા વિના નહીં રહું. તમારામાંથી કેાઈને પણ હવે છેાડનાર નથી ! તમને બધાને અવળી ઘાણીએ પીલી નાંખવામાં આવશે. માટે ઇષ્ટદેવનું સ્મરણ કરવું હેાય તેા કરી લેજો. ખંધક આચાર્યને ભગવાન મુનિસુવ્રત સ્વામિએ ભાખેલું ભવિષ્ય યાદ આવી ગયું ! પેાતે પેાતામાં સાવધાન થયા અને અંદરની જાગૃતિ પૂર્વક સૂરિજી બેાલ્યા કે, મહાનુભાવ ! અમને મુનિઓને જીવન અને મરણ બન્ને સમાન હેાય છે. મૃત્યુનેા ભય અમને હેાતેા નથી, અને જીવિતવ્યનેા લેાભ અમને હેાતેા નથી. મહાપુરૂષેા મૃત્યુને વાંછનારા હેાતા નથી, પણ મૃત્યુનેા સાદ સાંભળીને નાશભાગ કરનારા પણ હેાતા નથી ! મહા પુરૂષેાએ તેા તૈયારી એવી કરી રાખી હેાય છે કે, મૃત્યુ અચાનક આવી પહેાંચે તેા તેને મિત્રની જેમ ભેટી શકે.

શરીર યંત્રમાં અને મન નવકાર મહામંત્રમાં

ત્યાંતો પાલક તાડુકીને બોલ્યો, બધી વાત કરો છો પણ ઘાણીમાં પીલાશો ત્યારે ખબર પડશે. એ ટાઈમે હું જોઇશ, આ તમારૂં તત્ત્વજ્ઞાન તમને કેટલું ખપ લાગે છે? એમ કહીને પાલકે મનુષ્યને પીલી શકાય તેવું યંત્ર તૈયાર કરાવ્યું અને તે ઉદ્યાનમાં લાવવામાં આવ્યું. અને પાલક એક પછી એક સાધુઓને પીલી નાંખવાની તૈયારીમાં છે. ખંધકસૂરિજી બધા મુનિવરોને યોગ્ય શિખામણ આપે છે કે, આપણાં માટે આ મરણાંત ઉપસર્ગનો સમય છે તો સૌ પોતપોતાના સ્વરૂપમાં સાવધાન થઈ જજો. ચિત્તને નમસ્કાર મહામંત્રનાં નિર્મળ ધ્યાનમાં અને ક્ષમા ગુણમાં પરોવી દેજો! મરણાંત ઉપસર્ગનાં આવા પ્રસંગે ક્ષમા રાખનાર કેવલજ્ઞાનને પામે છે. તેનાં ઘાતિકર્મનાં ભુક્કા બોલી જાય છે ! મુનિવર્યો ! એટલું ધ્યાનમાં રાખજો કે, શરીરથી યંત્રમાં પિલાવવાનું છે પણ મનથી સમતારસમાં ઝીલવાનું છે યંત્ર સામે ગોઠવાએલું છે પણ નવકાર મંત્ર હૃદયમાં ગોઠવાએલો છે. એ મંત્રનો પ્રભાવ એવો છે કે, આ યંત્ર વ્યવહારનયથી તમારા શરીરને પીલી નાંખશે, પણ નિશ્ચયનયથી તમારા કર્મો પીલાઈ જશે. આવો ઘોર ઉપસર્ગ કરનાર આ પાલક આપણો દુશ્મન નહીં, પણ ઉપકારી છે. આવા હિતશિક્ષાનાં વચનો સાંભળી દરેક મુનિવરો મરણાંત ઉપસર્ગ વેઠી લેવા અંદરથી ખૂબજ ઉત્સાહિત મનવાળાં બની જાય છે. અને દરેકનું સત્ત્વ અંદરથી ખૂબ ઉત્તેજિત બની ગયું, તેમજ વિચારે છે કે, આ જીવે પરાધીન પણે ઘણું વેઠેલું છે, આ તો

સ્વાધીનપણે વેઠવાનું છે. માટે હે આત્મન! કાયરતા ધારણ કરીશ નહીં..

આપણે નથી પીલાતા આપણાં કર્મ પીલાય છે; ઘાણીમાં પીલાતા મુનિવરોની અપૂર્વ ભાવનાશ્રેણી

ત્યારબાદ પાલકે બંધક આચાર્યની આગળ તેમના દેખતાં એક પછી એક મુનિને યંત્રમાં પીલવા માંડ્યા! દરેક મુનિને બંધક આચાર્ય દેશના દેવા પૂર્વક, સમ્યક્, પ્રકારે આરાધના કરાવે છે. યંત્રમાં પીલાવવા સમયે પણ દરેક મુનિ પોતાનાં મનને બરાબર કાબુમાં રાખે છે, અને બંધક આચાર્યે એકેક મુનિને કહ્યું કે, આત્મા અને શરીર ભિન્ન છે. આ પાલક તમારા દેહના નાશમાં નિમિત્ત બનશે, પણ તમારા આત્માનો નાશ નહીં કરી શકે. કારણ દેહનો વિનાશ છે, પણ આત્મા અવિનાશી છે. પ્રત્યેક મુનિ ઘાણીમાં પીલાતા એવી તો સુંદર સમ્યક્ વિચારણા કરે છે કે, આ ઘાણામાં તો આપણાં ઘાતી કર્મોનો ઘાણ નીકળી રહ્યો છે. શરીર તો વ્યવહારથી પીલાય છે. પણ ખરી રીતે તો આમાં આપણાં કર્મો પીલાય છે. માટે કર્મ નિર્જરાનાં માર્ગમાં આ પાલક તો આપણને સહાયભૂત થનારો છે. જો આવો મરણાંત ઉપસર્ગ આ પાલક તરફથી ન થયો હોત તો અંતર્મુહુર્ત્ત જેટલાં કાળમાં આટલા બધાં જન્મો જન્મનાં સંચિત કર્મો કયાંથી બપી જાત? ઘણાં લાંબા ગાળે જે કર્મો બપત તે કર્મો આ ઉપસર્ગનાં પ્રભાવે કાચી બે ઘડીમાં બપી જશે!

પાલકની આખરી નિર્દયતા

આવી ચિંતવના કરતાં તે મુનિઓ આવા મરણાંત ઉપસર્ગનાં સમયે પણ એવા તો સ્વ-સ્વરૂપમાં લીન બની જાય છે કે, એક એક પછી કેવલજ્ઞાનને પામી ચારસો ને નવ્વાણું મુનિવરો અંતકૃત કેવળી થઇને મોક્ષે સિધાવ્યાં. હવે છેલ્લે એક બાળ મુનિનો વારો આવ્યો. એટલે બંધક આચાર્યે પેલા પાલકને કહ્યું, આ બાળ મુનિ છે માટે પ્રથમ મને પીલી નાંખ! આ બાળ સાધુને પીલાતા મારી નજરે હું નહીં જોઇ શકું. મને ઘણું દુઃખ થશે ત્યાં પાલકે વિચાર્યું, મારે તો આને જેમ વધારે દુઃખ થાય તેમજ કરવાનું છે. એટલે બંધક આચાર્યનાં દેખતાં જ તે બાળ મુનિને પણ તેણે પીલી નાખ્યાં. બાળ મુનિએ પણ પોતાના આત્માને શાન્તરસમાં એવો તરબોળ બનાવ્યો કે તેઓ પણ મોક્ષે સિધાવી ગયા. જુઓ આ "રસાધિરાજ" શાન્તરસનો કેટલો અપૂર્વ મહિમા છે! ઘાણીમાં પીલાવાના ટાઇમે મુનિઓનાં શરીરમાંથી લોહીનાં જાણે બિંદુઓ ઉછળતા હતા, પણ તેમનાં આત્મામાં એ સમયે પણ જાણે શાન્તરસનાં ફુવારાં ઉડતા હતા. ભેદજ્ઞાનની દશા આને કહેવામાં આવે છે; આતો બધી ભૌતિક સુખ—સગવડતાઓ ભોગવવી અને ભેદવિજ્ઞાની કહેવડાવવું તો પછી દુનિયામાં અજ્ઞાની કોણ કહેવાશે ?

આનું નામ સ્વરૂપ સ્થિતિ

કોઈ મહાત્માએ સઝ્ઝાયમાં લખ્યું છે કે,

"તે સાધુનાં ઊછળે, રૂધિરકેરાં બિન્દુ રે,
પાપને દેખી અંબરે, કંપે સૂરજ-ચંદ્ર રે."

ઉપર આપણે ઘટના કહી ગયા તે આ ગાથાને આધારે જ કહી છે. કેવો મરણાંત ઉપસર્ગ! પણ એ પાંચસો મુનિ પુંગવોએ સમતા કેવી રાખી છે? ધન્ય છે એ મહર્ષિઓને! અગણિત વંદન હો એ મહર્ષિઓનાં ચરણારવિંદમાં! આત્મા એમણે ઓળખ્યો એટલું જ નહીં પણ આત્માને એમણે પરમાત્મા બનાવ્યો! સ્વરૂપની એમણે વાતોજ કરી એમ નહી, પણ સ્વરૂપમાં એ સ્થિત બન્યા એકલાં ભેદવિજ્ઞાનનાં એમણે ગાણાંજ નથી ગાયા પણ એ કેવલજ્ઞાનને પામ્યા "એગોમે સાસઓ અપ્પા" એ પાઠ બુલંદ અવાજે ઉચ્ચારનારા તો ઘણાં, જ્યારે એ તો શાશ્વત ધામમાં પહોંચી ગયા, અને અનંત અવ્યાબાધ એવા શાશ્વત સુખોના ભોકતા બની ગયા.

ધર્મોત્તર ક્ષમા

ખંધકસૂરિનાં શિષ્યોની ક્ષમા અંગે પૂ. ધર્મદાસ ગણીએ ઉપદેશમાળામાં ફરમાવ્યું છે કે,

जंतेहिं पीलियावीहु, खंदग सीसा नचेव परिकुविया।
विइय परमत्थसारा, खमंति जे पंडिया हुंति ॥

યંત્રવડે પીલાવા છતાં ખંધકસૂરિનાં શિષ્યોએ પાલકપર લેશ પણ કોપ કર્યો નહીં કારણ કે, પરમાર્થનો સાર જેમણે જાણ્યો છે એવા પંડિતો ક્ષમા કરે છે, પણ કોપ કરતાં નથી.

માનવી વાત વાતમાં જે ક્રોધાવેશમાં આવી જાય છે તે એમ સૂચવે છે કે, તેણે મોક્ષમાર્ગનો સાર જાણ્યો નથી. આ શ્લોકના ઉત્તરાર્ધમાં તો જાણે બધા આગમોનું રહસ્ય સમાવી દીધું છે. ખંધકસૂરિજીનાં શિષ્યોની ક્ષમાપર તો ભલભલાં આફ્રિન થઈ જાય તેવી તેમણે ક્ષમા રાખી છે. આવી ક્ષમાને જ શાસ્ત્રોમાં લોકોત્તર અથવા ધર્મોત્તર ક્ષમા કહેવામાં આવે છે. માર્ગનાં સારને પામેલાં એ પુરૂષો હતા તોજ એક ક્ષણવારમાં અનંતા ભાવોનું સાટું વાળી સંસાર તરી ગયા. જગતને રૂડું દેખાડવા તો દરેક મનુષ્યોએ ઘણું કર્યું છે પણ એ મહાન આત્માઓએ તો જેમ આત્માનું રૂડું થાય તેમ કર્યું છે.

આચાર્ય પોતે વિરાધક ભાવમાં

હવે આ બાજુ ખંધક અણગારની વાત પાલકે માન્ય ન રાખી, અને એમના દેખતાં બાળમુનિને પણ પીલી નાંખ્યા. એટલે ખંધક આચાર્યની ધીરજ ખૂટી અને એમનો આત્મા અંદરથી થરથરી ઉઠ્યો. અરે ! આ પાલકની દુષ્ટતા તો મેં પહેલેથીજ જાણી હતી. પણ આ ગામનો રાજા કે, જે સંસારી પક્ષે મારો સગો બનેવી થાય, તેને કે આ નગરનાં નગરવાસીઓ, કોઈને કાંઇ પડી નથી ! ખંધક આચાર્ય ત્યાં ને ત્યાં નિયાણું કરે છે કે, "મારા આ તપ-સંયમનું કાંઈ પણ ફળ હોય તો હું આ પુરોહિત રાજા તેનાં કુળ અને દેશનો નાશ કરનારો થાઉં": આવું નિયાણું બાંધતા તે ખંધક આચાર્યને પણ પાલકે પીલી નાંખ્યા. ખંધક આચાર્યનાં પાંચસો શિષ્યો આરાધક ભાવમાં રહી

ભગવાન મુનિસુવ્રત સ્વામિએ કરેલાં નિર્દેશ મુજબ મોક્ષે સિધાવ્યા અને છેલ્લે આચાર્ય પોતે નિયાણું બાંધતા વિરાધક થઇ ભુવનપતિ નિકાયમાં અગ્નિકુમાર દેવ થયાં. ભગવાને જે ભાખ્યું હતું તે તદ્દન સાચું પડ્યું. ભગવાને ખંધક સૂરિજીને સ્પષ્ટ કહ્યું હતું કે, તમારા સિવાય બધા આરાધક થશે અને તેમજ બન્યું

"જીવ તે શરીરથી ભિન્ન છે,
ધરશો નહીં દુઃખ સંત રે."

આખરી નિજ્જામણાં પામી સૌ અંતકૃત કેવળી થઈ ને મોક્ષે ગયા. પણ નિજ્જામણાં કરાવનાર પોતે રહી ગયા. છેલ્લે આવેશ આવી ગયો, એટલે ખંધક આચાર્ય આરાધક ભાવને ન પામી શકયા, અને નિયાણું કર્યું એટલે વર્ષોનાં તપ–સંયમનાં ફળને હારી બેઠાં. જો કે એ બનાવજ એવો હતો કે, ભલભલાના મન પર કાબુ ન રહે. છતાં કાબુ રાખનાર કેવલજ્ઞાનને પામ્યા અને જરાક કાબુ ખોઈનાંખનાર વિરાધક ભાવને પામ્યા.

સત્ય ઘટનાની જાણ થતાં રાણીને લાગેલો તીવ્ર આઘાત !

આટલી ઘટનાં બની ગઈ છતાં ખંધક આચાર્યના સગાં બહેન પુરંદરયશા કે જે રાજ્યનાં મહારાણી છે તેને કશી ખબર પડી નથી. ત્યાં એટલામાં ખંધક આચાર્યનો ઓઘો કે જે લોહીથી ખરડાએલો હોવાથી કોઇ પક્ષિણીએ ચાંચમાં હરી લીધેલો અને તે આકાશને માર્ગેથી પસાર થઈ રહી

હતી. એટલામાં તે ઓઘો નીચે રાજાની અગાસી ઉપર પડયો પુરંદરયશાની સમીપમાં જ તે ઓઘો પડવાથી રાણી ઓઘાનાં અમુક ચિન્હ પરથી ઓળખી ગઈ કે, આ ઓઘો તો દિક્ષીત બનેલાં મારા ભાઈનો જ છે. પછી તો તપાસ કરતાં પોતાના મહર્ષિ ભાઈનું યંત્રમાં પીલાવાથી મૃત્યુ થએલું રાણીનાં જાણવામાં આવ્યું- પાલકનાં આખાએ કારસ્તાનની ખબર મહારાણીને પડી ગઇ. અને મહારાણીનાં મુખમાંથી શબ્દો એવા નીકળી પડયાં કે, અરર ! આ પાપી પાલકે આવું અઘોર કૃત્ય કર્યું અને રાજાએ પૂર્વાપરનો વિચાર કર્યા વિના તેને આવું કૃત્ય કરવાની સંમતિ આપી ! પોતાના પતિ દંડકરાજા ઉપરે રાણીએ ખૂબ આક્રોશ કર્યો અને કહ્યું, રાજન ! મારા ભાઈને કયાં રાજ્યનો મોહ હતો ? તેના પોતાના પિતા પાસે વિશાળ સામ્રાજ્ય હતું છતાં તેણે ત્યાગ કરીને દીક્ષા અંગિકાર કરી હતી. તમે કાચા કાનના થઇ આટલા બધાં મુનિઓનો વધ કરાવી આખા દેશ પર ઘોર આફત ઉતારી છે. કોઈ પણ જીવની હિંસા એ પાપ છે, જ્યારે પંચ મહાવ્રતધારી સાધુની હિંસા એ તો મહા પાપ છે. જે દેશમાં પાંચચો–પાંચસો મુનિઓનો સમુદાયિક સંહાર થાય તે દેશમાં સુખ–સમૃદ્ધિનાં દર્શન પણ દુર્લભ થઈ જાય છે માટે તમને આ મહાભયંકર પ્રચંડ પાપ આચરવાનું સૂજ્યુ કયાંથી ? પાલક પુરોહિતનાં ભરમાવવાથી તમે તમારા આત્માને પાપ કર્મરૂપી પાતાળમાં ધકેલી દીધો છે. આ પ્રમાણે વલોપાત કરતી અને શોક મગ્ન બનેલી પુરંદરયશાને શાસનદેવીએ જ્યાં ભગવાન મુનિસુવ્રત સ્વામી બિરાજમાન હતા ત્યાં મૂકી દીધી અને ભગવાનનાં વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરી તેણે પોતાના આત્માનું કલ્યાણ કર્યું.

ખંધક આચાર્યના જીવે પુરોહિત રાજા–પ્રજા અને સમગ્ર પ્રદેશનો કરેલો નાશ

આ બાજુ ખંધક આચાર્યનો જીવ કે જે નિયાણાનાં યોગે અગ્નિકુમાર દેવ બનેલો છે. તેણે પોતાનો પૂર્વ ભવ અવધિજ્ઞાનનાં બળે જાણી પાલક અને નગરજનો સહિત દંડકરાજાને ભસ્મ કરી દીધા. નગરને ઘેરી લઈને ચારે બાજુ ફરતી અગ્નિની જવાળાઓ પ્રગટાવી દીધી. ચારે બાજુ અગ્નિ ફેલાઈ જતાં એકવારનો તે અતિ રમણિય પ્રદેશ દંડકારણ્યમાં પલટાઈ ગયો અને તે પ્રદેશ આજે પણ દંડકારણ્યના નામથી જ પ્રખ્યાત છે. રાજા અને પાલક પુરોહિતને ઘણાં કાળ સુધી અનેક યોનિઓમાં પરિભ્રમણ કરવું પડયું. કર્મોનાં વિપાક ભોગવ્યા વિના છુટકારો થતો નથી.

તેમાંએ પાલકનો જીવ તો અભવિનો હોવાથી તેને તો ભટકવાનું છે. જ્યારે દંડક રાજાનો જીવ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરી ગીધ જાતિનો મહારોગી પક્ષી થયો. તેને કોઈ મહર્ષિનાં દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન થયું છે, અને તે જ મહાત્માની લબ્ધિનાં પ્રભાવથી તેનો વ્યાધિ પણ મટી ગયો. પાછળથી તે જટાયું એવા નામથી પ્રખ્યાતિને પામ્યો. જૈન રામાયણના ઉલ્લેખ પ્રમાણે રાવણ જ્યારે મહાસતી સીતાજીનું હરણ કરી જતો હતો ત્યારે એ જટાયું પક્ષીએ રાવણનો પોતાના તીક્ષ્ણ નખો વડે ખૂબ સામનો કર્યો હતો. રાવણની છાતી ઉજરડી નાંખી. પછી તો રાવણે ગુસ્સામાં આવીને તલવાર વડે તેની પાંખો છેદી નાંખી. છેલ્લે રામચંદ્રજીએ તેને નવકારમંત્ર સંભળાવ્યો અને તે પક્ષી મૃત્યુ પામી.

મહેન્દ્ર દેવલોકમાં દેવતા થયો. આ જટાયું પક્ષીનો જીવ એજ દંડક રાજાનો જીવ હતો.

અમુક ગુણઠાણાની ભૂમિકા સુધી આલંબનની જરૂર રહેવાનીજ.

આપણી વાત એ હતી કે, "રસાધિરાજ" શાન્તરસનો મહિમા કેટલો બધો અપરંપાર છે. પાંચસો મુનિવરો શાન્ત રસમાં પોતાના આત્માને ઝીલાવીને મોક્ષપદનાં અધિકારી બની ગયા, અને બંધક આચાર્ય આવેશમાં આવી ગયા તો તદ્ભવ મુક્તિગામી ન બની શકયાં. જો કે તેઓ પણ મોક્ષગામી આત્મા છે. પણ નિયાણાનાં લીધે તેમનો સંસાર વધી ગયો. "રસાધિરાજ" નાં આખાએ વિવેચન ઉપર કળશ ચડાવવા માટે આ દ્રષ્ટાંત છેલ્લે આપવામાં આવ્યું છે. જિન પ્રતિમા પણ શાન્તરસની સાધના અને મનની એકાગ્રતા માટેનું પ્રબળ આલંબન છે. એટલું જ નહીં પણ સ્વરૂપ પ્રાપ્તિનું કારણ અને નિર્મળ ધ્યાન ધરવા માટેનું પુષ્ટાલંબન છે. અમુક ગુણઠાણાની ભૂમિકા સુધી કોઇને પણ આલંબન વિના ચાલવાનું નથી.

વિષમ કાળમાં બે મુખ્ય આલંબનો

વિષમ કાળમાં જિનબિંબ અને જિનઆગમ એ બે જ મુખ્ય આલંબનો છે. ઉપર શ્રેણી ચડવા કંઇને કંઇ આલંબન તો જોઇએ જ. બારમા ગુણઠાણાના છેલ્લા સમય સુધી શ્રુતનું આલંબન હોય છે. તો પછી નીચલા ગુણઠાણે તો

આલંબનની જરૂર રહેવાની જ છે. તદ્દન નિરાલંબન દશા તો તેરમે ગુણઠાણે છે. જ્યારે આ કાળમાં છઠ્ઠા સાતમાથી આગળનું ગુણઠાણુ તો છે જ નહીં. જીવ શુભમાં નહીં જોડાય તો અશુભમાં તો પડવાનો જ છે. જિનેન્દ્ર પૂજા એ મહાન શુભ કરણી હોવાથી ગૃહસ્થો માટે તે મુખ્ય કર્તવ્યરૂપ છે ત્યારબાદ ગુરૂઓની ઉપાસના, સ્વાધ્યાય, સંયમ–તપ અને દાન એ ગૃહસ્થો માટેનાં ષટ કર્તવ્યો અહર્નિશ આચરવા યોગ્ય છે. ગૃહસ્થો મોટે ભાગે આરંભ–સમારંભમાં પડેલાં હોય છે. તેઓ માટે તો આ શુભ કર્તવ્યો અવશ્ય કરવા યોગ્ય છે. આવા શુભ કર્તવ્યોમાં અને સામાયિક પ્રતિક્રમણાદિમાં ગૃહસ્થોનો જેટલો વખત પસાર થાય તે જ તેમનાં માટે લેખે છે. સામાયિકમાં રહેલાં શ્રાવકને જ્ઞાનીએ શ્રમણ તુલ્ય કહ્યો છે. અને એટલાં માટે શ્રાવકોએ પુનઃ પુનઃ સામાયિક કરવી જોઈએ શ્રાવકોનો તેવા શુભાનુષ્ઠાનોમાં જેટલો કાળ પસાર થાય તે જ સફળ છે. શુભ પ્રવૃતિમાં રહેનાર ઉત્તરોત્તર ઉર્ધ્વગતિને પામે છે અને પરંપરાએ મોક્ષપદને પણ પ્રાપ્ત કરે છે, જ્યારે અશુભમાં પડેલાં આત્માઓ વિકાસને સાધી શકતા નથી. નીચ કર્મ કરનારા નીચે ને નીચે ઉતરતા જાય છે અને આખર નરક નિગોદનાં અધિકારી બને છે માટે જિન–પૂજાદિ શુભ કરણી શ્રાવકને અવશ્યમેવ કરણીય છે.

દરેક મુમુક્ષુ આમાંથી યોગ્ય પ્રેરણાં મેળવી નિજ આત્મહિત સાધે એજ એક અભિલાષા રાખવા સાથે ઉત્તરાર્ધ પુરૂં કરવામાં આવે છે.

ક્ષણ...લાખેણી...જાય

મનુષ્યભવને દરેક જ્ઞાની પુરૂષોએ અતિ દુર્લભ કહ્યો છે એ વાત પ્રત્યેક માનવી જાણે છે. આપણે પણ મનુષ્યભવની દુર્લભતાપર ઘણી ઘણીવાર વિસ્તારથી વિવેચન કરી ગયા છીએ. કારણ કે, મનુષ્યભવની દુર્લભતા સમજાયા વિના તેની સાર્થકતા કરી શકાતી નથી. માનવી ! જાણી લે કે મહાન પુન્યોદયે આ નર જન્મ મલ્યો છે અને ફરી ફરીને આ મનુષ્યભવ મળવો અતિ દુર્લભ છે. એટલે માનવીમાં જરૂર એવી સદ્‌બુદ્ધિ પ્રગટે કે, મારે આ મળેલા નર જન્મને સાર્થક કરવોજ જોઇએ, કનક-કામિનીમાંજ આ જીવ નિરંતર રાગ ભાવને પોષી રહ્યો છે અને મિથ્યાત્વના ઉદયને લીધે જીવને વસ્તુ સ્વરૂપનો ભેદ સમજાયો નથી ! જેમ કોઈએ ધતુરો ખાધો હોયને ઉન્મત્ત બનીને ચોમેર ભટકયા કરે તેમ આ જીવ પણ મોહનીય કર્મનાં ઉન્માદને લીધે ઉન્મત્ત બનેલો છે. સંસાર આખામાં કનક-કામિનીનેજ સારભૂત માનીને તે માટે જાણે ચોમેર ભમી રહ્યો છે.

ભ્રમમાં પડેલો જીવ

જીવમાં પોતાનામાં અનંતુ સુખ હોવા છતાં જીવને અનાદિથી કર્મનાં ઉદયને લીધે જાણે એવો ભ્રમ થઈ ગયો છે કે, સુખ કયાંક બહારમાં છે તેથી કનક-કામિની વગેરેનેજ જીવ સુખના સાધન માની બેઠેલો છે. અથવા શરીર, સંપત્તિ, સાનુકુળ ઇન્દ્રિયોના વિષયો અને તેના સાધનો-તેમાંજ જીવ સુખની કલ્પના કરી બેઠો છે. આવી રીતે જીવ ભ્રમમાં પડી ગએલો હોવાથી કનક-કામિની, કાયા-કુટુંબ વગેરેની પાછળ આ જીવ ધતુરો ખાઈને ઉન્મત્ત બનેલા મનુષ્યની જેમ ભમ્યા કરે છે. આ બરેબરા રહસ્યની વાત છે. આજ વાતનો ઘટસ્ફોટ કરતાં પૂ. ચિદાનન્દજી મહારાજ પદ બહોંતેરીમાં ફરમાવે છે કે,

कनक कामिनि अरु एहथी, नेह निरंतर लायो,
ताहुमें तुं फिरत सुरानो कनक बीज मानु खायो।
मूरख विरथा जन्म गुमायो ॥

ધ-તુરો જેણે ખાધો હોય તે મનુષ્ય માટીની ઇંટ વગેરેને સુવર્ણ સ્વરૂપે દેખે છે, તેમ મોહનાં ઉન્મત્તપણાને લીધે આ જીવ શરીરાદિ બધાં પરપદાર્થોને પોતાના લેખે છે. એટલા માટે ભગવતી સૂત્રમાં ભૂત વળગેને કોઈ મનુષ્ય ઉન્મત્ત બની જાય તે કરતાં મોહનીય કર્મના ઉન્માદને ભયંકર કહ્યો છે. સૂત્રમાં કહેવાએલી આ વાત દરેક મુમુક્ષુએ પુનઃ વિચારવા યોગ્ય છે.

નરજન્મને હારી ગયા તો ગણત્રી ગમારમાં થશે

આવી રીતે કનક-કામિની, કાયા અને કુટુમ્બના મોહમાં પડેલા મનુષ્યો નરજન્મને કયાંથી સાર્થક કરી શકવાના છે ? નરજન્મની દુર્લભતા વિષે લેશ પણ કોઈને શંકા નથી. મહાન પુન્યના ઉદયે અનંતકાળે આ મનુષ્યભવ મલ્યો છે અને છતાં સાર્થક ન કરી શકયા અને પ્રમાદમાં પડીને જો આ નરજન્મને હારી ગયા તો ફરી અનંતકાળે આ મનુષ્યભવ મળવો દુર્લભ છે. એટલે કોઈએ એમ ન માની લેવું કે, આટલો બધો આ નરજન્મને કેમ દુર્લભ કહ્યો છે ? આપણને તો મનુષ્યભવ મળી ગએલો છે. આવા વિચારો આવે તો ઉપરોક્ત વિચારણા મગજમાં લાવવાની છે કે, કેટલે કાળે આ મનુષ્યભવ મલ્યો છે, અને ધર્મ-ધ્યાનમાં પ્રમાદી બનીને જો હારી ગયા તો ફરી કેટલે કાળે મળશે ?

ક્ષણે ક્ષણ મહા કિંમતી

આપણે તો આ વાતને હજી થોડી આગળ લંબાવવી છે કે, મનુષ્યભવને તો જ્ઞાની પુરૂષોએ દુર્લભ કહ્યોજ છે એટલુંજ નહીં પણ મનુષ્ય ભવની પ્રત્યેક ક્ષણને જ્ઞાનીએ દુર્લભ કહી છે. અમૂલ્ય એવા રત્નો વડે ધન-વૈભવ જરૂર મેળવી શકાય છે. જ્યારે મહાપુરૂષો ફરમાવે છે કે,

દુર્લભો રત્નકોટયાદ્યાડપિ ક્ષણોડપિ મનુજાયુષઃ

કરોડો રત્ન આપવા છતાં મનુષ્ય ભવનું એક ક્ષણનું પણ

આયુષ્ય મેળવી શકાતું નથી. કરોડો રત્ન કરતાં પણ એક ક્ષણનું આયુષ્ય વધારે કિંમતી છે. મૃત્યુના સમયે જીવવાના પ્રલોભનથી ધનાઢય મનુષ્યો પોતાનું સર્વસ્વ આપવાને તૈયાર થઈ જાય છે, છતાં એક ક્ષણનું પણ આયુષ્ય લંબાવી શકાતું નથી. ખુદ ભગવાન મહાવીર, ઈન્દ્રની વિનંતી હોવા છતાં છેવટે નિર્વાણના સમયે એક ક્ષણનું પણ આયુષ્ય વધારી શકયા નથી. તે સમયે એક ક્ષણનું પણ ભગવાને આયુષ્ય વધારી દીધું હોત તો શાસનને ભસ્મરાશી નિમિત્તે સહેવું ન પડયું હોત. ભગવાને તે સમયે સાફ શબ્દોમાં ઈન્દ્ર જેવા ઈન્દ્રને કહી દીધું કે, ભાવિમાં જે બનવાનું હશે તે બનશે, પણ હે ઈન્દ્ર ! એક ક્ષણનું પણ આયુષ્ય વધારવાને તિર્થંકરો કે દેવેન્દ્રો કોઈ સમર્થ નથી. ભૂતકાળમાં બન્યું નથી, ભાવિમાં બનવાનું નથી અને વર્તમાનમાં પણ તેવું બનતું નથી કે કોઈ આયુષ્ય વધારી શકે.

ભગવાન ભલે એક ક્ષણનું પણ આયુષ્ય વધારી શકયા નથી. પરંતુ આપણે તો એમાંથી સાર એટલો લેવાનો છે કે એક ક્ષણનાં આયુષ્યની પણ કિંમત કેટલી હતી ? ભસ્મ રાશી નામના મડા ક્રૂર ગ્રહનો સર્વથા ઉપદ્રવ ટળી જાત એ ગ્રહની સ્થિતિ શાસ્ત્રોમાં બે હજાર વર્ષની કહી છે, ત્યાં સુધી સાધુ-સાધ્વીજીઓ યોગ્ય પૂજા-સત્કાર પામી શકે નહીં અને શાસનમાં પણ અનેક મતભેદોનું વાતાવરણ ઉભું થતાં, મનુષ્યોની ધાર્મિક ભાવનાને પણ ઘણો મોટો ધક્કો લાગી જાય. આવા બધા કારણોને લીધે ભગવાનને ઈન્દ્રે વિનંતી કરી હતી કે, પ્રભુ ! આપના જીવતાં જો આ ભસ્મરાશી ગ્રહનું આપના જન્મ નક્ષત્રમાં સંક્રમણ થાય તો આપના

શાસનને બાધા પહોંચાડી શકશે નહીં, અને આપનાં શાસનનાં સાધુ-સાધ્વીજીઓમાં પૂજા-સત્કાર વગેરે ખૂબ સારી રીતે પ્રવર્તશે. માટે આપ ક્ષણનું આયુષ્ય વધારો. છતાં ભગવંતે ફરમાવી દીધું કે, હે ઇન્દ્ર ! બનવાકાળ હશે તેમ બનશે; ભાવિ મિથ્યા કરવા કોઈ સમર્થ નથી બાકી આયુષ્ય કોઈ વધારી શકયું નથી. ને વધારી શકશે નહીં.

ભસ્મ રાશીનો પ્રભાવ

આજે જૈનો ઘણી ઓછી સંખ્યામાં છે. છતાં જૈન સંઘમાં ફાંટા કેટલાં પડયા છે ? અને તેમાં પણ પાછા મતભેદો કેટલાં છે ? એક શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં કેટલા ગચ્છો છે. તેમાં પણ પાછા તિથિ વગેરેના કેટલા મતભેદો પ્રવર્તે છે ? આ બધો ભસ્મ રાશીનો તો પ્રભાવ નહીં હોય ? દરેક જૈનનાં ફિરકાઓમાં અમુક મતભેદો તો ઉભાજ છે. આટલું હોવા છતાં જૈન શાસનનો જે ઝળહળાટ વિશ્વમાં દેખાય છે તે તેના સત્ય, અહિંસા અને તપ-ત્યાગના મહામૂલા સિદ્ધાંતોને આભારી છે.

આવા પડતા કાળમાં પણ જૈન ધર્મના ધર્મ ગુરૂઓમાં જ તપ-ત્યાગ છે અને ગામો ગામ પગપાળા વિહાર કરવાની જે પ્રણાલિકા છે તે આ રેલ્વે-મોટર અને હવાઈ જહાજના યુગનાં ભલભલાને વિસ્મય પમાડે તેવી છે એટલું જ નહીં પણ જૈન સાધુઓ પ્રતિ દરેકના હૃદયમાં અપૂર્વ બહુમાન પેદા કરે તેવી છે. આ કાળના શ્રાવક સમુદાયમાં પણ જે ઉદારતા છે તેની સાથે જે સહૃદયતા અને સૌજન્યતા છે તે

ભલભલાને આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવી છે. તો પછી ઘણા વર્ષો પહેલાં થઈ ગએલા વસ્તુપાલ—તેજપાલ, ભામાશા, જગડુશા અને ધરણાશા શેઠના તે તે સદ્‌ગુણોની તો વાતજ શી કરવાની ? તેમાંએ હવે તો ભસ્મરાશીએ ઉતરી ગયો છે. હવે આગળ ઉપર તો જરૂર જૈન શાસનની અપૂર્વ પ્રભાવના થશે તેવી આશા રાખવી તે કોઇ અસ્થાને વાત નથી.

ક્ષણના ચાર વિભાગ

આપણી મૂળ વાત એ છે કે, મનુષ્ય ભવની આપણને અપૂર્વ ક્ષણ મળી છે તેની દુર્લભતા પિછાનવાની ખાસ જરૂર છે. ભગવાન ઉમાસ્વાતિ પ્રશમરતિમાં ફરમાવે છે કે, કોટી ભવે પણ મળવો દુર્લભ તેવો મનુષ્ય ભવ પામવા છતાં અરર ! આ જીવનો શો પ્રમાદ છે ? કારણ કે, વીતી ગએલી ક્ષણ તો ફરી પાછી ઇન્દ્ર જેવાને પણ મળતી નથી !

नच गतमायुर्मूयः प्रत्येत्यपि देवराजस्य ।

આ ભગવાન ઉમાસ્વાતિના ઉદ્‌ગારો છે. આ ઉદ્‌ગારો એવા છે કે માનવી તેની પર ઘોલન કરે તો તેને એકવાર અમૃતના ઓડકારો આવે ! દુનિયામાં કંચન, કામિની, ધન–વૈભવ એ બધું ફરી પાછું મેળવી શકાશે પણ પસાર થઈ ગએલી ક્ષણ ફરી પાછી મેળવી શકાતી નથી. એટલા માટે ભગવાન આચારાંગ સૂત્રની દેશનામાં તેના બીજાં અધ્યયનમાં ફરમાવે છે કે,

खणं जाणाहि पंडिए ।

હે પંડિત ! આ મળેલા અપૂર્વ અવસરને તું પિછાણી લે !

અથવા તો ક્ષણને પિછાણે તેજ ખરો પંડિત છે, ધર્માનુષ્ઠાન માટેનો અવસર તેને અપૂર્વ ક્ષણ કહેવામાં આવે છે, તેના ચાર વિભાગ પડે છે. દ્રવ્યક્ષણ, ક્ષેત્રક્ષણ, કાલક્ષણ અને ભાવક્ષણ. અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને મહાન પુન્યનાં ઉદયે મનુષ્ય ભવ મળી જાય, તેમાં પણ પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા મળે. શ્રેષ્ઠ જાતિ અને કુળમાં મનુષ્ય જન્મ મળે, રૂપ, બળ દિર્ઘાયુષ્ય અને આરોગ્ય વિગેરેની પ્રાપ્તિ તેને દ્રવ્યક્ષણ કહેવામાં આવે છે. મનુષ્ય ભવ તો મળી જાય પણ ઉપરોક્ત સામગ્રી સહિત મનુષ્ય ભવ મળવો અતિ દુર્લભ છે. તમે મારી સામે બેઠેલાં ખૂબ ભાગ્યશાળી છો કે આ દ્રવ્યક્ષણની તમને સંપૂર્ણ અનુકુળતા મળી છે. એટલી બધી સાનુકુળ સામગ્રીનો તમને જોગ મલ્યો છે કે, તમે ધારો તો તમારા પુરૂષાર્થના બળે સર્વ વિરતિચારિત્રની ભૂમિકા સુધી પહોંચી શકો. જીવને ચારિત્રજ દુર્લભ છે. મનુષ્યોનેજ તેના અધિકારી કહ્યા છે. દેવ અને નારકો સમ્યકૃત્વ અથવા શ્રુત સામાયિકને પામી શકે, તિર્યંચોમાંથી કોઇક દેશ વિરતિના પરિણામને પામી શકે, **બાકી સર્વ વિરતિ ચારિત્ર મનુષ્યો જ અંગિકાર કરી શકે છે અને સર્વ વિરતિ ચારિત્ર અંગે જ મનુષ્ય ભવની આટલી દુર્લભતા છે ધન-વૈભવનાં સુખ અંગે કોઈ જ્ઞાનીએ મનુષ્યભવને દુર્લભ કહ્યો જ નથી. તેથી મનુષ્યો ધન-વૈભવના સુખની પાછળ જ જો પડયા રહેશે તો આ મળેલી મોંઘેરી મહા કિંમતી દ્રવ્ય ક્ષણ વેડફાઈ જવાની છે.**

આર્ય દેશમાં અનાર્યતા

બીજી ક્ષેત્ર ક્ષણની અપેક્ષાએ જે ક્ષેત્રમાં ચારિત્ર

ઉદયમાં આવે તેવા આર્ય દેશમાં મનુષ્ય ભવની પ્રાપ્તિ થાય તેને ક્ષેત્રક્ષણ કહેવાય. એક ભરત ક્ષેત્રમાં બત્રીશ હજાર દેશ કહેવાય છે તેમાં ફક્ત સાડાપચ્ચીસજ આર્ય દેશ કહેવાય છે કાશી, કૌશલ, મગધ, સૌરાષ્ટ્ર વિગેરે દેશોની ગણનાં આર્ય દેશમાં થાય છે, તેવા કુલ મળીને ફક્ત સાડા પચ્ચીસજ આર્ય દેશ છે. તેવા આર્ય દેશમાં મનુષ્ય ભવ મળવો અતિ દુર્લભ છે· બાકી તો એવા અનાર્ય દેશમાં મનુષ્યો જન્મેલાં છે કે જે દેશના લોકો ઉંદરનો અથાણાંમાં ઉપયોગ કરે છે. જીવદયાનાં જ્યાં સંસ્કાર ન હોય અને ધર્મ શબ્દ પણ જ્યાં કાને ન અથડાય તે દેશને અનાર્ય કહેવામાં આવે છે, અથવા તો જે દેશમાં જન્મેલા લોકો ધર્મ ભાવનાથી ઘણા આઘા હોય તેને અનાર્ય દેશ કહેવાય. આજે તો આર્ય દેશમાં જન્મેલા પણ કેટલાંકો ધર્મ ભાવનાથી ઘણા દૂર ઉભા છે. તો તે પણ આર્ય દેશમાં જન્મેલા હોવા છતાં અનાર્ય જેવા કહેવાય. આજે આ કાળમાં જીવ હિંસા ચૌમેર એટલી બધી વધી ગઇ છે, અને તે પ્રવૃત્તિને એટલું બધું ઉત્તેજન અપાઈ રહ્યું છે કે, આર્ય–અનાર્યની વ્યાખ્યા કરતાં મતિ મૂઝાઇ જાય છે. શિકાર, જુગાર, વિશ્વાસઘાત, અનાચાર. અનીતિ, ચોરી, લુંટફાટ, વગેરેના બીજાં પાપો પણ આ દેશમાં એટલાં બધા ફાલતા–ફૂલતા જાય છે કે, જાણે આર્ય દેશમાં અનાર્યતા પ્રવેશી ચૂકી છે તેમ લાગ્યા વિના રહે નહીં.

કેટલાક અનાર્ય દેશમાં જન્મેલા આર્યતા તરફ વળી રહ્યાં છે. અધ્યાત્મ શું છે? ઈશ્વર શી વસ્તુ છે? આત્મા શું છે? આવી તત્વજ્ઞાનની કેટલીક ઉંડી વસ્તુઓ જાણવા અંગેની ઉત્કંઠા સેવી રહ્યા છે. ભલે આર્ય દેશમાં જન્મ

મળવો દુર્લભ છે. કારણ કે, આર્ય દેશમાં ધર્મ પામવાના અને જીવનમાં ઉત્તમ સંસ્કાર પોષવા અંગેનાં નિમિત્તો ઘણાં છે. પણ એટલાથી અનાર્ય દેશમાં જન્મેલાં સત્સંગના પ્રભાવે અથવા પોતાની હળુ કર્મિતાના પ્રભાવે આર્ય ન જ બની શકે અથવા ધર્મ ન જ પામી શકે તેવી કોઈ એકાંતે વાત છે જ નહીં. શાસ્ત્રોમાં આર્દ્રકુમારનું દ્રષ્ટાંત મોજૂદ છે. તેઓનો જન્મ અનાર્ય દેશમાં થયો હતો, છતાં અભયકુમાર જેવા મિત્રના સત્સંગનાં પ્રભાવે આર્દ્રકુમાર આર્ય તો એવાં બન્યા કે, અંતે અણગાર બન્યા અને કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

અધ્યાત્મમાંજ ખરી શાન્તિ

જ્યારે આપણને મહાન પુન્યના ઉદયે આર્ય દેશમાં મનુષ્ય જન્મ મળ્યો છે. તો આપણાં સંસ્કાર તો કેટલા ઉંચા હોવા જોઈએ ? એકલા ભૌતિકવાદ તરફનો નહીં પણ આપણા જીવનનો ઝોક અધ્યાત્મવાદ તરફનો હોવો જોઈએ. પશ્ચિમના લોકો અધ્યાત્મવાદ તરફ વળતા હોય તો એ ઘણુંજ આનંદની વાત કહેવાય, પણ આપણને તો અધ્યાત્મવાદ વારસામાં મળ્યો છે. આપણા જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં અધ્યાત્મનું લક્ષ પહેલું હોવું જોઈએ. કોઈપણ પ્રવૃત્તિ કરતાં તેમાં પાપનો ડર પહેલો હોવો જોઈએ. કુટુંબીઓનાં ભરણ પોષણ માટે ભલે અમુક પ્રવૃત્તિ કરતાં હોઈએ પણ તે કુટુંબીઓનાં મોહમાં પોતાનો આત્મા ન ભૂલાઈ જવો જોઈએ. આત્મા અને પરમાત્માને ભૂલીને કંઈ પણ કરવા ગયા તો પરિણામ અંતે આપણા માટે સારૂં નહીં હોય

ગૃહસ્થોને વ્યાપાર વાણિજ્ય કરવું પડે તો તે પણ ધર્મની મર્યાદામાં રહીને કરવું જોઈએ બસ આનેજ અધ્યાત્મવાદ કહેવામાં આવે છે. વિજ્ઞાનનો દુનિયા માં ગમે તેટલો વિકાશ થયો હોય કે ભૌતિકવાદ ભલે દુનિયામાં ઘેઘુર વડલાની જેમ ફાલ્યો-ફુલ્યો હોય પણ તેમાં ખરી શાન્તિ આપવાની તાકાત નથી. દુનિયા આજે અશાન્તિના દાવાનલમાં જાણે હોમાઈ રહી છે. દુનિયામાં શાન્તિની સરિતા રેલાવવાની જો કોઈમાં તાકાત હોય તો તે અધ્યાત્મવાદમાંજ છે.

અધ્યાત્મનો ખરો રણકાર

જીવો અને જીવવા દો! વખત આવે પ્રાણને ભોગે અન્યની રક્ષા કરો. કોઈ પણ જીવનો વધ કરો નહીં. બીજા પાસે કરાવો નહીં, કોઈ કરતા હોય તેને અનુમોદન આપો નહીં. જેવો તમારો આત્મા છે તેવોજ બીજાનો આત્મા છે. સર્વ જીવ જીવીતવ્યને ઇચ્છે છે, કોઈ મૃત્યુને ઇચ્છતા નથી માટે ઘોર એવા પ્રાણીવધનો સત્વર પરિત્યાગ કરો. સ્વ-પ્રાણની જેમ અન્ય જીવોની રક્ષા કરો. પછી તે સર્પ હોય કે વીંછી હોય, ઘેટો હોય કે બકરો હોય, બળદ હોય કે પાડો હોય, ગાય હોય કે વાછડો હોય, હરણ હોય કે તેતર હોય, કોઈનો પણ વધ ન કરો. વધ કરવાથી તે જીવો સાથે વેર બંધાય છે અને તે પરંપરા ભવોભવ સુધી ચાલે છે. અને જીવને તે બંધના અતિ દારૂણ વિપાકો ભોગવવા પડે છે. ગમે તેટલા તીર્થો કર્યા હોય કે ગમે તેટલા વ્રતો કર્યા હોય પણ કોઈપણ જીવની હિંસા કરવાથી કરેલાં તીર્થ કે કરેલાં વ્રતોનું ફળ નષ્ટ થઈ જાય છે.

તેમજ ધર્મ માર્ગથી જીવ ભ્રષ્ટ થઈ જાય છે. મર એ શબ્દ કહેવાથી પણ જીવને દુઃખ થાય છે, તો મારવાથી તેને કેટલું દુઃખ થતું હશે ? માટે હિંસા એ બુરામાં બુરી ચીજ છે. તે યમરાજની સગીબહેન છે. જેટલા હિંસાને માર્ગે વળ્યા તેવા ભલભલા ચક્રવર્તિઓ પણ નરકગતિના મહેમાન બન્યા છે. માટે જીવનમાં અહિંસાધર્મને લાવવા ક્ષમાશીલ બનો.

ક્ષમા અને દયા એ બંને વચ્ચે સગી બહેનો જેવો સુમેળ છે. દયા એ ધર્મનું મૂળ છે, પણ ક્રોધી પ્રકૃતિના મનુષ્યો દયા પાળી શકતા નથી. માટે જે ક્ષમાપરાયણ છે તે જ ઉત્તમ એવા દયા ધર્મનું પાલન કરી શકે છે. ક્રોધાવેશમાં આવેલો મનુષ્ય કયારેક પોતાના સંબંધીનો પણ વધ કરી નાખે છે. માટે ક્ષમાશીલ બન્યા સિવાય દયા પાળી શકાતી નથી. બસ આજ અધ્યાત્મનો બરો રણકાર છે. અર્જુનના ધનુષ્યનો ટંકાર એવો હતો કે તે સાંભળીને દુશ્મનો ધ્રુજી ઉઠતા જ્યારે આ અધ્યાત્મનો રણકાર એવો છે કે જે સાંભળીને કેટલાય આત્માઓ અંદરથી નાચી ઉઠવાના. સુખ-દુઃખ અંગે જેવો પોતાના આત્મા માટે પોતાને અંતરમાં અનુભવ થાય છે તેવો બહારમાં અન્ય આત્માઓ માટે પણ પોતે અનુભવે તેજ બરૂં અધ્યાત્મ છે. પછી તો પોતે એવા દ્રઢ નિર્ણય પર આવી જાય કે જે હિંસા મને પોતાને અનિષ્ટ છે તે મારે બીજા પ્રતિ પણ નહીં આચરવી જોઇએ. સુખ સૌને પ્રિય છે, અને દુઃખ સૌને અપ્રિય છે. માટે મારી કોઈ હિંસા કરે તો મને દુઃખ ઉપજે છે તેમ બીજાની હિંસા કરવાથી તેને પણ દુઃખ ઉપજવાનું જ છે. તેથી પોતાને અનિષ્ટ એવી હિંસા બીજા પ્રતિ પણ નહીં આચરવી જોઈએ.

સત્ય–અહિંસાને માર્ગે વળ્યા વિના ઉદ્ધાર નથી

ધર્મના અનેક સિદ્ધાંતો છે પણ તેમાં મુખ્યમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે જે કાંઇ પોતાના આત્માને પ્રતિકૂલ હોય તે બીજા પ્રતિ નહીં આચરવું જોઇએ. અહિંસાનો સિદ્ધાંત એ જ અધ્યાત્મનું ખરૂં રહસ્ય છે. આ રહસ્યને દુનિયા આજે સમજે આવતી કાલે સમજે કે પછી કાલાંતરે સમજે આ રહસ્યને પામ્યા વિના દુનિયામાં ખરી શાન્તિ સ્થપાવાની નથી, અને આ રહસ્યને દુનિયા જે દિવસે પામી જશે તે દિવસે દુનિયામાં ચોમેર શાન્તિના સરોવરીયાં છલકાશે અને વિશ્વની આબોહવા પણ એટલી બધી શુદ્ધ થઇ જવાની કે, વિશ્વના અણુએ અણુમાંથી શાન્તિના સુર ગુંજી ઉઠશે. વિશ્વના આત્માઓ જ્યાં ત્રાહીમામ્ થઈ રહ્યા છે ત્યાં ગમે તેટલી પંચવર્ષિય યોજનાઓ પસાર કર્યેથી કંઈ વળવાનું નથી. સત્ય અહિંસાની પ્રતિષ્ઠા થશે ત્યારે જ આ વિશ્વમાં સાચી સમૃદ્ધિનાં દર્શન થશે, અને તે અહિંસા પણ મનુષ્ય-પ્રાણી જેટલી સિમિત નહીં, પણ પ્રાણીમાત્ર સુધી પહોંચે તેવી વિરાટ હોવી જોઇએ.

આજે દુનિયામાં ચૌમેર દ્રવ્યહિંસા વધી છે તેમ પરસ્પર સંઘ સમુદાયોમાં, સમાજમાં અને આપસ–આપસમાં રાગ–દ્વેષ, કલેશ–કંકાસ અને વૈર–ઝેર વધવાથી ભાવ હિંસા પણ ખૂબ વધી છે. ભાવ હિંસાથી જીવને નિયમાબંધ પડે છે, અને તેનાથી વાતાવરણમાં ખૂબ અશાંતિ આવી જાય છે. માટે ભાવ હિંસા ટાળવાનો પણ દરેકે પ્રયત્ન કરવો જોઇએ. જીવના અંદરના અશુભ પરિણામ તે જ ભાવ હિંસા છે,

અને પ્રમત્તયોગ વડે કોઇના પ્રાણોનો નાશ કરવો, અથવા કોઇના દિલને આઘાત લાગે તેવા કટુ વચન કહેવાં તે દ્રવ્ય હિંસા છે. આ બન્ને પ્રકાર સમજીને હિંસાનો પરિત્યાગ કરી દેવો જોઇએ.

જયણાથી વર્તનાર જ જીવદયા પાળી શકે

ગૃહસ્થો સંપૂર્ણતયા અહિંસા પાળી શકતા નથી, છતાં વિના કારણ ઈરાદાપૂર્વક કોઈ પણ નિરાપરાધી એવા હાલતાં ચાલતા ત્રસ જીવોના સંહારથી તો તેમણે બચવું જોઈએ અને હૃદયમાં દરેક જીવોને બચાવવા અંગેની બુદ્ધિ હોવી જોઇએ. છકાયનો સંહાર ગૃહસ્થોને કરવો પડે છે. પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિ કાય. વગેરે સ્થાવર કાયની ગૃહસ્થો રક્ષા કરી શકતા નથી, છતાં ગૃહસ્થો પણ યતના પૂર્વક વર્તિ શકે છે. જયણાપૂર્વક પ્રવર્તનારને કર્મોનોબંધ ઘણો ઓછો પડે છે. નિરાપરાધી એવા ત્રસ જીવોની હિંસા જેમ ગૃહસ્થોને આચરવાની હોતી નથી તેમ વિના કારણ નિરર્થકપણે સ્થાવરકાયના જીવોની હિંસા પણ ગૃહસ્થોએ નહીં આચરવી જોઈએ. આ રીતે ગૃહસ્થો પણ જયણાપૂર્વક પ્રવર્તે તો તેમની મર્યાદામાં રહીને જીવદયાના સિદ્ધાંતોનું પાલન કરી શકે છે.

કાળ ક્ષણની વ્યાખ્યા

આવા જીવદયા વગેરે ધર્મના સંસ્કાર જે ક્ષેત્રમાં ઘણી સહેલાઈથી પામી શકાય તે ક્ષેત્ર ક્ષણ કહી શકાય.

ત્યારબાદ ત્રીજા પ્રકારમાં કાળક્ષણ આવે છે. ધર્મ કરવાનો અવસર તે કાળ ક્ષણ. તે અવસર્પિણીના કાળમાં એક કોટા–કોટી સાગરોપમના કાળથી કંઈક અધિક કાળ ધર્મનો હોય છે. ત્રીજા આરાના છેલ્લા ભાગથી ધર્મશાસનની શરૂઆત થાય છે, તે આખાએ ચોથા આરામાં ધર્મશાસન જીવંતુ હોય છે, અને પાંચમાં આરામાં પણ ધર્મશાસન હોય છે. તેજ રીતે ઉત્સર્પિણીમાં પણ ત્રીજા અને ચોથા આરામાં ધર્મશાસન હોય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી બન્નેનો મળીને વીશ કોટા–કોટી સાગરોપમ પમાણ કાળ હોય છે. તેમાં ધર્મનો કાળ ફક્ત બે કોટા–કોટી સાગરોપમથી કંઈક અધિક જેટલો હોય છે. બાકી તેમાં ઘણોખરો યુગલિક કાળ હોય છે અને અવસર્પિણીની અપેક્ષાએ છઠ્ઠા આરાનો અને ઉત્સર્પિણિની અપેક્ષાએ પહેલાં-બીજા આરાનો કાળ ધર્મ માટે અનુકુળ હોતો નથી. માટે વીશ કોટા–કોટી સાગરોપમના કાળમાં બે કોટા–કોટી સાગરોપમનો જે કાળ ધર્મ માટે અનુકુળ કહેવાય તેને કાળ ક્ષણ કહી શકાય. મહાવિદેહ ક્ષેત્રમાં તો સદાએ ચોથા આરાનો કાળ હોય છે. એટલે ત્યાંતો ધર્મ માટે કાળ ક્ષણની ઘણીજ અનુકુળતા સમજવી.

આપણે કેવા નસીબદાર

આપણને પંચમ કાળમાં પણ જિનશાસન જેવું શાસન મલ્યું છે, એટલે આપણે તો ઘણાં નસીબદાર કહેવાઈએ. પૂ. હેમચંદ્રાચાર્યે કલિકાલને પણ નમસ્કાર કર્યા છે.

नमोऽस्तु कलये यत्र त्वदर्शनमजायत ।

હે નાથ! અમને આ કલિકાલમાં પણ આપ દેવાધિદેવના દર્શન થયા છે. માટે આ કલિકાલને પણ અમારા નમસ્કાર છે. દુષ્કાળમાં ઘૃતપૂર એવા ઘેબરનું ભોજન મળે એ કેટલું ખુશનશીબ કહેવાય! તેમ આવા પડતા કાળમાં જિનશાસન રૂપી અમૃતપાનનો અવસર મળ્યો છે એ પણ કેવું મહાન નશીબ કહેવાય! જ્યાં લીંબડાની છાયા પણ દુર્લભ હોય તેવી મરૂભૂમિમાં કલ્પતરૂની છાયા મળી જાય એતો મહાન ભાગ્યોદય હોયતોજ મળે. તેમ આ કઠણ એવા પંચમ કાળમાં જિનશાસન રૂપી કલ્પતરૂની છાંયા મળી છે એ પણ જીવનો જેવો તેવો પુન્યોદય ન કહેવાય, બલ્કે પ્રબળ પુન્યોદય કહેવાય. માટે બને તેટલી જિન ધર્મની આરાધના કરીને આ મળેલી કાળક્ષણને લેખે લગાડવી જોઈએ.

મરૂભુમિમાં કલ્પતરૂ

કેટલાક આત્માઓ ચોથા આરાના કાળમાં જે સામગ્રી નહોતા પામી શકયા તે ધર્મ સામગ્રી આપણે આ પડતા કાળમાં પામી શકયા છીએ.

सुषमातो दुःषमायां कृपा फलवती तव ।
मेरुतो मरुभूमौंहि श्लाध्या कल्पतरोः स्थिति ॥

કલિકાલ સર્વજ્ઞ પૂ. હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે, નાથ! સુષમ કાળ કરતાં પણ દુષમ કાળમાં (પંચમ કાળમાં) આપની કૃપા અમારા જેવા માટે અધિક ફળવતી છે. કારણ કે, મેરૂ પર્વતની ભૂમિ કરતાં મરૂભૂમિમાં કલ્પવૃક્ષની સ્થિતિ

અધિક શ્લાઘનીય છે. મેરૂ પર્વત પર કલ્પતરૂની શી કિંમત અંકાવાની છે ? જ્યારે એજ કલ્પતરૂ જો મારવાડની ભૂમિમાં ઉગેલો હોય તો કેટલીબધી પ્રશંસાને પામે ? તેમ ચોથા આરાનો કાળ કે જે કાળમાં સાક્ષાત્ તીર્થંકરો વિચરતા નહોતા એ કાળમાં ઘણા આત્માઓ આ શાસનને પામેલા નહોતા. જ્યારે અત્યારે આ પંચમ કાળમાં તેવા તીર્થંકરાદિ મહાપુરૂષોનો વિરહ વર્તે છે, તેવા કાળમાં આપણે જિન શાસનને પામ્યા એ આપણા પ્રબળ પુન્યોદયની નિશાની છે. માટે આ અપૂર્વ અવસર મલ્યો છે એમ જાણી આવા પડતા કાળમાં પણ બને તેટલું સ્વઆત્મહિત સાધી લેવું જોઇએ.

કર્મ સ્થિતિની લઘુતા વિના જીવને રસ્તો સુઝે નહીં

ચોથી ભાવક્ષણ છે. જે કર્મોનાં ઉપશમ ક્ષયોપશમ અને ક્ષયરૂપ છે, જેમ જેમ કર્મોનું ઉપશમ ક્ષયોપશમ કે ક્ષય થાય તેમ તેમ આત્મિક ગુણો પ્રગટે છે. એક સમ્યક્ત્વ ગુણ પણ મોહનીયાદિ સાતે કર્મોની સ્થિતિ જ્યારે ઘણી ખરી એની મેળે જીવના તથા પ્રકારનાં પુરૂષાર્થ વિના પણ તૂટી જાય છે અને એક કોટા-કોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિમાંથી પણ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલી સ્થિતિ જ્યારે ન્યુન થઈ ગઇ હોય ત્યારે તો જીવ ગ્રંથીનાં દેશે આવે છે. અને ગ્રંથીનાં દેશે આવેલા જીવોમાંથી પણ કોઇકિજ જીવ અપૂર્વકરણના પરિણામ વડે રાગ-દ્વેષની નિબિડ ગાંઠને ભેદીને સમ્યક્ત્વના પરિણામને પ્રાપ્ત કરે છે.

ગ્રંથીના ભેદ વડે સમ્યક્ત્વના પરિણામને પામ્યા પછીજ જીવનો ખરેખરો વિકાસ ક્રમ શરૂ થાય છે. તે પહેલાં જે કર્મોનું જોર હતું તે ગ્રંથીભેદ થયા પછી જીવનાં પુરૂષાર્થનું જોર વધતું જાય છે અને કર્મોને ખપાવતો-ખપાવતો જીવ અંતે પોતાના ક્ષાયિકભાવ સુધી પહોંચી જાય છે.

જીવતાં હોવા છતાં મરેલા સમાન

સમ્યક્ત્વને પણ જીવ ન પામ્યો હોય ત્યાં સુધીતો તે કર્મસત્તા નીચેજ દબાએલો પડ્યો હોય છે એમ સમજવું. કોઈ મહાત્માએ લખ્યું છે કે,

सम्यक्त्वं यस्य न साधंते असाध्यं व्रत संजम ।
ते नरा मिथ्या भावेन जीवंतोऽपिमृताइव ॥

જે જીવ સમ્યક્ત્વને નથી સાધતો તેને વ્રત-સંયમ પણ અસાધ્ય છે. અર્થાત્ તે વ્રત-સંયમને પણ સાધી શકતો નથી અને મિથ્યા ભાવને લીધે તે જીવતો હોવા છતાં મૃતક સમાન છે. મિથ્યાદ્રષ્ટિ જીવો કે જેની દ્રષ્ટિમાંજ એકલું ઝેર ભર્યું છે અને જેનો અંદરનો અભિપ્રાય પણ સમ્યક્ નથી અને માન્યતામાંજ વિપરિતતા છે તેવા મિથ્યા દ્રષ્ટિને જ્ઞાનીઓએ હાલતુ—ચાલતુ શબ કહેલ છે. જીવની માન્યતા સમ્યક્ હોય તેજ સમ્યક્ત્વ છે. જેમ કેટલાક કહે છે કે, શરીરજ આત્મા છે, શરીરથી ભિન્ન આત્મા છે જ નહીં. એ તદ્દન વિપરિત માન્યતા છે, અને વિપરિત માન્યતા એજ મિથ્યાત્વ છે. જ્યારે જ્ઞાની ફરમાવે

છે કે, શરીરથી આત્મા ભિન્ન છે. શરીર જડ છે, આત્મા ચેતન છે. શરીર નાશવંત છે, આત્મા અવિનાશી છે. શરીરનો સ્વભાવ સડન-પડન ને વિધ્વંસન છે. જ્યારે આત્માનો સ્વભાવ જ્ઞાન, દર્શન ને ચારિત્ર છે. બન્નેના લક્ષણ જુદા જુદા હોવાથી આત્માને શરીર એક નથી પણ તલવારને મ્યાનની જેમ શરીરને આત્મા તત્વ દ્રષ્ટિએ ભિન્ન છે. આત્મા સંસાર પર્યાયમાં છે ત્યાં સુધી શરીરથી આત્મા એકાંતે ભિન્ન નહીં, એકાંતે અભિન્ન પણ નહીં, ભિન્નાભિન્ન કહ્યો છે પણ સિદ્ધ પર્યાયને પામેલા જીવો અશરીરી હોવાથી તત્વ દ્રષ્ટિએ આત્માને શરીરથી ભિન્ન કહ્યો છે. આને સમ્યક્ માન્યતા કહેવાય અને એજ સમ્યક્ત્વ છે.

જ્યાં એકાંત ત્યાં સમ્યક્ત્વનો અંત

શરીરથી ભિન્ન આત્માને માનીને પણ તેને એકાંતે નિત્ય માની લેવો અથવા એકાંતે અનિત્ય માની લેવો એ પણ વિપરિત માન્યતા હોવાથી મિથ્યાત્વ છે. જ્યારે આત્માને કંથચિત્ નિત્ય અને કંથચિત્ અનિત્ય માનવો એ સમ્યક્ માન્યતા છે. દ્રવ્યાર્થિકનયની દ્રષ્ટિએ આત્મા નિત્ય છે તો શરીરાદિ પર્યાયની દ્રષ્ટિએ અનિત્ય પણ છે. બસ આજ સ્યાદ્વાદની શૈલી છે. સંસારનું સર્જન ભગવાને કર્યું છે, એમ માની લેવું એ પણ વિપરીત માન્યતા છે. સંસાર ભગવાને સર્જેલો નથી, પણ આપણા કર્મે સર્જાએલો છે. ભગવાન તો મોક્ષનો સાચો રસ્તો બતાવનારા છે. ભગવાન કોઈ ને જન્મ-મરણના ફેરામાં નાખનારા નથી. આજ સાચી માન્યતા છે, અને સાચી માન્યતામાંજ સમ્યક્ત્વ છે.

જ્યાં દોષ પોતાનો છે
ત્યાં કર્મને પણ દોષ દેવો નકામો

કર્મના ઉદયે આપણને સુખ કે દુઃખ ભોગવવા પડતા હોય તેમાં બીજા કોઈને દોષ દેવો તે પણ દ્રષ્ટિની વિપરીતતા છે. ગમે તેવા પોતાની ઉપર દુઃખો પડયા હોય, છતાં બીજા કોઈને દોષ ન દેતાં પોતાના કર્મોદયનો વિચાર કરવો એજ સાચી માન્યતા છે. જીવ સ્વકૃત કર્મનેજ વેદે છે, કંઈ પરના કરેલા જીવને ભોગવવા પડતા નથી તો પછી બીજાને શા માટે દોષ દેવો જોઈએ ? સુખ કે દુઃખ એ પોતાના કર્મોદયનું ફળ છે. છતાં બહારના નિમિત્ત પર ઢોળી દેવું એ તો નર્યું ઘોર અજ્ઞાન છે, અને કર્મ પણ શું કરે ? આત્માએ પોતાના અજ્ઞાનથી કર્મ બાંધ્યા તો બંધાણા છે. માટે ખરી રીતે તો કર્મને પણ દોષ દેવો નકામો છે. દોષિત પોતાનો આત્મા જ છે. માટે આત્માજ પોતાનો મિત્ર છે, આત્માજ પોતાનો શત્રુ છે. હવે આમાં બીજા પર ઓઢાડવાની વાતજ કયાં રહી ? આમ અશુભના ઉદયના પ્રસંગે પોતાનેજ દોષિત ઠરાવવાથી અંદરનાં રાગ-દ્વેષ શાન્ત પડી જાય છે. પછી દુઃખમાં નિમિત્ત બનનાર પ્રતિ પણ હૃદયમાં દ્વેષ પેદા થતો નથી.

સત્તરથી એક અઢારમુ ભારે

અંદરના રાગ-દ્વેષ શાન્ત પડી જાય અને જતે દહાડે તે મૂળમાંથી નાબુદ થઈ જાય એજ આત્મા માટે મોટામાં મોટી સિદ્ધિ છે. પણ તે સિદ્ધિ સમ્યક્‌દ્રષ્ટિ થયા વિના

કોઈ ભવે સાંપડવાની નથી. શરીર ધન–વૈભવાદિ કોઈ પરપદાર્થો જીવનાં પોતાના નથી, છતાં જીવને તે તે પદાર્થોમાં પોતાપણાની બુદ્ધિ થાય એ પણ દ્રષ્ટિની વિપરીતતા છે. તેને બહિરાત્મદશા પણ કહેવામાં આવે છે. ધન–વૈભવાદિ પરપદાર્થો કે કુટુંબીજનો કોઈ પોતાના નહીં હોવા છતાં અને પરિવાર એ એક પ્રકારનો પંખીનો મેળો હોવા છતાં દ્રષ્ટિની વિપરીતતાને લીધે ધન–વૈભવાદિને પોતાના માનીને તેના નિમિત્તો જીવ કેટલીકવાર તીવ્ર પાપ આચરતો હોય છે. અને જીવ તેની પાછળ મહારંભાદિના પાપ આચરતો હોય છે. એટલે અઢાર પાપસ્થાનકમાં સત્તર પાપસ્થાનકથી પણ જ્ઞાનીએ અઢારમાં મિથ્યાત્વ પાપસ્થાનકને ભારે કહ્યું છે. કારણ કે જ્યાં દ્રષ્ટિ જ એવી વિપરીત હોય કે માન, પ્રતિષ્ઠા અને સુખ એ બધું પૈસો હોય તો જ છે, પછી તો તેમાંથી પાપની પ્રચંડ જ્વાલાઓ જ ફાટવાની છે. અને દ્રષ્ટિજ એવી સમ્યક્ થઈ જાય કે સુખ કે શાન્તિ કોઇ બહારના ઈષ્ટ સંજોગોમાં નથી પણ મારા પોતાના આત્માના સ્વભાવમાંજ તે સુખ અને શાન્તિના અખૂટ ભંડાર ભર્યા પડયા છે, પણ તે આત્માનો ખજાનો મને લૂંટતા આવડયો નથી એટલે હું જ્યાં ત્યાં બહારમાં સુખને શાન્તિ માટે ઝાવાં નાખી રહ્યો છું. બાકી હું મને પોતાને ઓળખીને તેમાં સમાઈ જાઉં તો મારા જેવો કોઈ સુખી નથી. આ પ્રમાણે દ્રષ્ટિ નિર્મળ થઈ જાય તો તેમાંથી એકલો શાન્તિનો પ્રવાહ જ વહેવા માંડવાનો છે પછી તો આત્માના પ્રદેશે પ્રદેશમાં ભાવના ચંદન જેવી શીતળતા વ્યાપી જવાની છે.

રહે પણ રમે નહીં !

શાસ્ત્રોમાં ત્યાં સુધી ફરમાવવામાં આવ્યુ છે કે, **સમ્યક્ત્વ સહિત જીવ નરકમાં હોય તો તે પ્રશંસનીય છે અને તેનાથી રહિત કદાચ સ્વર્ગમાં હોય તો પણ તે પ્રશંસનીય નથી. સમ્યક્દ્રષ્ટિ જ મોક્ષ માર્ગમાં છે.** જ્યારે હજી મિથ્યાત્વની મંદતા પણ ન થઈ હોય તેવા તીવ્ર મિથ્યાદ્રષ્ટિ જીવો તો બિચારા ભવ માર્ગમાં જ છે. જિનેશ્વર ભગવંતોએ કહેલાં તત્વોમાં જીવની સમ્યક્ અભિરૂચિ તેને સમ્યક્ શ્રદ્ધાન કહેવામાં આવે છે. સમ્યક્ શ્રદ્ધાન એજ સમ્યક્ દર્શન છે. તત્વના શ્રદ્ધાન વડે પવિત્ર બનેલો આત્મા તથાપ્રકારનાં કર્મનાં ઉદયે ભવસમુદ્રમાં રહ્યો હોય, પણ તેમાં તે રમતો ન હોય. ગમે તેવા જડ સંયોગો તેની સામે હોય પણ સમકિતીને તેમાં તીવ્ર આસક્તિ ન થાય. સમકિત થાય એટલે તે ઘર છોડીજ દે ને સાધુજ બની જાય, તેવું એકાંતે નથી. **સમકિતી અમુક કાળ ઘરમાં રહે પણ ખરો, પણ તે તેમાં રમે નહીં. આ સમકિતીની ખરેખરી વ્યાખ્યા છે. રહે ને રમે તેમાં તો આકાશ-પાતાળ જેટલું અંતર છે. રહેવું ચારિત્રમોહનીયના ઉદયે થાય અને રમવું એ મિથ્યાત્વમોહનીયના ઉદયે થાય છે.** માટે રહેતો હોય ને તેમાં રમતો ન હોય તે જીવ પાપ ઘણાં ઓછા બાંધે. જેમ ભાણે બેસીને જમતો હોય પણ તેમાં રસ ન પોષતો હોય તો કર્મથી લેપાતો નથી, બલ્કે ખાતાં-ખાતાં પણ કર્મ ખપાવી નાખે. જ્યારે કોઈ પણ ચીજનો ભોગવટો ન કરતો હોય, કેવળ મનથીજ તેની ઝંખના કર્યા કરતો હોય, છતાં તે કર્મથી બંધાય છે. આ છે જૈન

દર્શનની તત્ત્વ વ્યવસ્થા, લોકોત્તર દર્શનની તત્ત્વ વ્યવસ્થા પણ લોકોત્તર કોટીનીજ હોય !

સમકિતી અને મિથ્યાત્વીના પરિણામ વચ્ચે મહદ્ અંતર

સંપત્તિ કે પૈસો મનુષ્યને મળે પુન્યોદયથી પણ તેમાં આસક્તિ બંધાય પાપોદયથી. માનવી ગમે તેવા વૈભવની વચમાં રહ્યો હોય પણ તેની અંદરની જ્ઞાનદશા જાગૃત હોય અને દ્રષ્ટિ સમ્યક્ હોય તો તે વૈભવ પણ તેને વૈરાગ્યનું નિમિત્ત બને છે. તેની પણ તે હરઘડીએ અસારતા ચિંતવતો હોય છે, માટે ભવમાં રહ્યા હોવા છતાં સમકિતીજીવો કયાંય આસક્ત બનતા નથી અને મોક્ષ માર્ગમાં ઉત્સાહ પૂર્વક પ્રવર્તતા હોય છે. સમકિતી પણ આરંભાદિની પ્રવૃત્તિ કરતા હોવાથી બાહ્ય દ્રષ્ટિથી સમકિતી અને મિથ્યાદ્રષ્ટિ વચ્ચેનો ભેદ સમજાતો નથી. સ્થૂલ દ્રષ્ટિથી જોનારને બન્ને પ્રવૃત્તિમાં સરખા લાગે પણ સમકિતીના શમ-સંવેગાદિના પરિણામ અંદરથી એટલા બધા નિર્મળ હોય છે કે મિથ્યાદ્રષ્ટિ અને સમકિતીના પરિણામ વચ્ચે આકાશ પાતાળ જેટલું અંતર હોય છે. મિથ્યાદ્રષ્ટિ પાપમાં રસથી પ્રવર્તે છે જ્યારે સમકિતી તેમા પ્રવર્તતો હોવા છતાં પાપ પ્રતિ તેને હૃદયથી લેશ પણ બહુમાનનો ભાવ હોતો નથી તે બધી વ્યાપારાદિની પ્રવૃત્તિ ઉદાસીન ભાવે કરતો હોય છે એટલે તે યત્કિંચિત્ પાપ આચરતો હોવા છતાં બંધ અલ્પ પડે છે કારણ તેના પરિણામ વિધ્વંસ હોતા નથી બલ્કે શુદ્ધ હોય છે. આ વાત સમકિતી તરફના પક્ષપાતની નથી પણ

વસ્તુ સ્વરૂપની વ્યાખ્યા છે, અને સમકિતનો પણ કોઇએ કાંઈ ઠેકો રાખેલો નથી. જે કોઈ આત્મા પોતાની દ્રષ્ટિને સમ્યક્ બનાવે તે સમ્યકત્વને પામી શકે છે.

સમકિતના પડીકા ન હોય

એક તિર્યંચ ગતિનાં તિર્યંચની કે નરકગતિના નારકની દ્રષ્ટિ નિર્મળ થાય અને તે જીવોની તત્ત્વમાં રમણુતા આવી જાય તો તે પણ સમકિત પામી શકે છે. તો પછી દેવ અને મનુષ્યો તેવા પરિણામને પામી શકે તેમાં નવાઈ શી છે ? માટે સમજી જ લેવાનું કે, સમ્યકત્વના કયાંય પડિકા બંધાતા નથી. જીવ પોતાના પરિણામને શુદ્ધ કરીને સમ્યકત્વને પામી શકે છે. કોઈ કહેતા હોય કે અમારા પંથમાં ભળે તેજ સમકિત પામે તો સમજવું કે તે તેનો ઉન્મત્ત પ્રલાપ છે.

अमृतरसास्वादज्ञकुभक्तरस, लालितोऽपि बहु कालम् ।
त्यक्त्वा तत्क्षणमेनं, वाग्छत्युच्चैरमृतमेव ॥

અમૃતરસ જેવા ભોજનના સ્વાદનો જાણકાર હોય અર્થાત્ કોઈવાર કોઈ માણસે અમૃત ભોજન આરોગેલું હોય અને ત્યારબાદ તેના સ્થિતિ-સંજોગો પલટાતાં તેને ઘણા લાંબા કાળ સુધી સામાન્ય કદન્ન જેવાં ભોજનથી પોતાનો નિર્વાહ કરવો પડતો હોય છતાં તે અંતરથી તો અમૃત ભોજનની જ વાંછના કરતો હોય છે. તેવી રીતે અપૂર્વકરણના પરિણામથી જેણે સમ્યકત્વરૂપી અમૃત રસનો સ્વાદ ચાખેલો

હોય તે ચિરકાળથી તથા પ્રકારના કર્મોદયને લીધે પાપને સેવતો હોવા છતાં તેને તે પાપકર્મ પ્રતિ બહુમાનનો ભાવ હોતો નથી. અંદરથી ભાવશૂન્યપણે તે પાપ આચરતો હોય છે અને જેવો તેના ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થાય કે તે ચારિત્રના પુનિતપંથે ચાલી નીકળે છે. પંખીને જરાક પાંજરામાંથી છુટવાનો માર્ગ મળે કે તરત ગગનમાં ઉડડયન કરી જાય છે. તેમ પુરૂષાર્થ કરતાં તપ–જપાદિનાં યોગે જેવા કર્મો પાતળાં પડે કે સમકિતી જીવ ચારિત્રના પુનિત પંથે સંચરી જાય છે.

સર્વ વિરતિની તો શી વાત પણ જીવની દ્રષ્ટિ સમ્યક્ થઇ જાય એ પણ સામાન્ય વાત નથી

જે કોઇ મનુષ્ય જે વસ્તુને ઝંખતો હોય તેની તેને પ્રાપ્તિ થાય એટલે તેને કેટલો બધો આનંદ થઈ જાય છે ? તેના આનંદની અવધિ થઇ જાય છે તેમ સમકિતી વિરતિનેજ ઝંખતો હોય છે તેમાં અવરોધ નાખનારા કર્મો જેવાં ખપી જાય કે તે વિરતિને અંગીકાર કરે છે, અને તે સમયે તેના આનંદની પણ અવધિ થઇ જાય છે. ઘણા વર્ષોથી યુદ્ધે ચડેલાં યોદ્ધાનો જેવો રણક્ષેત્રમાં વિજય થાય ત્યાં તેને કેટલો અનુપમ આનંદ થાય છે ? તેમ સમકિતી જીવને પણ સર્વવિરતિ અંગીકાર કરતાં તેવોજ અનુપમ આનંદ થાય છે.

સર્વ વિરતિ ચારિત્ર તો ઘણી મોટી વાત છે. એક જીવની દ્રષ્ટિ સમ્યક્ થઇ જાય તો એ જગતમાંથી ઘણા ખરાં

સંઘર્ષોનો આજે અંત આવી જાય. "જર, જમીન ને જોરૂ એ ત્રણે કજીયાના છોરૂ" એમ કહેવતમાં કહેવાય છે. પણ દ્રષ્ટિ સમ્યક થઇ જતાં મનુષ્ય ધન-વૈભવની અનિત્યતાં અને અસ્થિરતા વિચારતો થઇ જાય પછી જર, જમીન ને જોરૂ વચ્ચેનાં કલેશો પણ એની મેળે શાન્ત પડી જાય છે. આજે દુનિયામાં ચોમેર અશાન્તિનું વાતાવરણ છે. કારણ કે સૌને પરિગ્રહ અને ભોગની ભૂખ લાગેલી છે. પરિગ્રહ અને ભોગની તૃષ્ણા, દ્રષ્ટિ જો નિર્મળ થાય તો જ ઘટે અને પછી તો જગતમાં સર્વત્ર શાન્તિ જ સ્થાપવાની છે. પછી તો માનવીની પાસે ધન હશે તો પણ તે એમ વિચારશે કે, ધનનો ધર્મનાં કાર્યોમાં સન્માર્ગે વ્યય થાય અને જન હિતના કાર્યોમાં તેનો ઉપયોગ થાય એજ મળેલા ધનનું વાસ્તવિક ફળ છે. દુનિયામાં બધા કલેશ-કંકાસ અને સંઘર્ષોનું મૂળ જીવની મિથ્યાદ્રષ્ટિ છે અને તે બધાના અંત માટેનો ખરો ઉપાય જીવની સમ્યક્‌દ્રષ્ટિ છે.

આવરણ હટે તો ગુણો પ્રગટે

તેવી દ્રષ્ટિ કર્મોનાં ઉપશમ ક્ષયોપશમ કે ક્ષયથી પ્રાપ્ત થાય છે માટે ભાવક્ષણ એ ક્ષયોપશમાદિરૂપ છે. સમ્યકત્વ દેશવિરતી માટે ચારિત્ર કે સર્વ વિરતી ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી કે પરંપરાએ કેવલજ્ઞાન એમાના કોઇપણ ગુણો કર્મોના ઉપશમ ક્ષયોપશમ કે ક્ષય વિના પ્રાપ્ત થતાં નથી. જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિના ગુણો આત્મામાંથીજ પ્રગટાવવાના છે. કયાંય બહારથી પ્રગટવાના નથી, પણ જેમ જેમ કર્મોના આવરણો હટતાં જાય છે તેમ તેમ ગુણો પ્રગટે છે

અને જેમ જેમ આત્મા તપ સંયમના માર્ગમાં પરાક્રમ કરે તેમ તેમ કર્મોનાં આવરણો તૂટતાં જાય છે. કર્મોનાં આવરણ તોડવા મનુષ્ય ભવનો આપણને એક મહાન અને અપૂર્વ અવસર મળ્યો છે, માટે સૂત્રમાં ફરમાવવામાં આવ્યું છે કે, હે પંડિત ! તું આ ક્ષણને પિછાણ ! અને અવસરને પિછાણે તેજ ખરો પંડિત કહેવાય ! અવસર વિતી ગયા પછી કશું હાથમાં આવવાનું નથી. આ મનુષ્ય ભવના અવસરને જીવ ચૂકી ગયો તો છેલ્લે તેને કેવલ પશ્ચાત્તાપના આંસુ સારવાના રહેશે. કારણ કે, મનુષ્ય ભવનો અવસર ફરી ફરીને હાથમાં આવવો અતિ દુર્લભ છે.

જીવ સવળો પડે તો એક ક્ષણમાં તરી જાય

આ જીવનની જે ક્ષણ જાય છે તે લાખેણી જાય છે. હમણાં વચ્ચમાંજ કહી ગયા તેમ, ગયેલી ક્ષણ પાછી હાથમાં આવવાની નથી. માટે જીવનમાં જાગૃતિ કેળવીને ક્ષણેક્ષણ દરેક મનુષ્યોએ સફળ બનાવવી જોઈએ. આ મનુષ્ય જીવનની એકાદ ક્ષણ પણ નકામી જાય, અથવા ધર્મની આરાધના વિનાની જાય તો સમજવું કે જ્ઞાનીની દ્રષ્ટિએ આપણને ઘણું મોટું નુકશાન થાય છે. પણ આપણે એવા તો બેફામ છીએ કે નુકશાન આપણને થાય છે છતાં એ નુકશાનનો આપણને ખ્યાલ સરખોએ આવતો નથી. જીવ સવળો પડે તો એક ક્ષણમાં કામ કાઢી જાય, અને અવળો પડે તો એક ક્ષણમાં બાજી બગડી પણ જાય છે. કેટલાક મનુષ્યોના જીવનમાં એકાદ ક્ષણના સત્સંગથી પણ એવો પલટો આવી જાય છે કે, જીવનની આખી લાઈન

બદલાઈ જાય છે. માટે શંકરાચાર્યજીને લખવું પડયું છે કે,

क्षणमपि सज्जनसंगतिरेका ।
भवति भवार्णवतरणे नौका ।।

એક ક્ષણની પણ જે સંતની ત્સંગની છે તે ભવસાગર પાર કરી જવા માટે નૌકા સમાન છે.

સત્સંગના પ્રભાવે એક લુંટારો મહર્ષિ બન્યો !

વાલિયો ભીલ જંગલમાં લુંટ ચલાવનારો મોટો લુંટારો હતો.. જે કોઇ જંગલનાં રસ્તેથી પસાર થાય તેને તે લુંટી લેતો હતો. એક વાર નારદઋષિ એ રસ્તેથી પસાર થાય છે, તેમને લુંટવા તે આગળ આવે છે, અને નારદઋષિને કહે છે કે, જે કાંઇ તમારી પાસે હોય તે અહિં મૂકી દો, પછી આગળ જ્યાં જવું હોય ત્યાં જવાનું છે. નારદજી કહે છે કે, મારી પાસે, કમંડળ કે ભગવાં વસ્ત્રો સિવાય કાંઈ છે નહીં. વળી તને આ ચીજ કોઇ ઉપયોગમાં આવે તેવી નથી. છતાં તે કહે છે, જે હોય તે મૂકી દો. નારદજી કહે છે, તું સાધુ–સંતોને પણ લુંટી લે છે તો આવા કર્મો બાંધીને તું છુટીશ કયાં ભવે ? કરેલાં કર્મ તો તારે ભોગવવા પડવાના છે, અને સૌને ભોગવવા પડે છે. તું કોનાં ભરોસે આ જોખમ ખેડી રહ્યો છે ? તું ધ્યાન રાખજે તારી માથે ભય વધતો જાય છે. નારદજીનાં આ વચન સાંભળીને પેલો લુંટારો કહે છે, મહારાજ ! હું જે આ

કર્મ કરી રહ્યો છું તેમાં ઘણાંની ભાગીદારી છે. આ પાપ કર્મની કંપનીનો મુખ્ય સંચાલક છું, પણ એના બીજા શેર હોલ્ડરો ઘણા છે. મહારાજ ! આ મારી એકલાની નહીં પણ લિમીટેડ કંપની છે. માટે મારે લાંબી ચિન્તા કરવા જેવી નથી. મારા આખાએ કુટુંબનાં નિર્વાહ માટે હું આ પાપ સેવી રહ્યો છું.

નારદજી તેને કહે છે, તો તું ઘેર જઈને તારા આખાએ કુટુમ્બને (શેર હોલ્ડરોને) ભેગાં કરીને એકવાર પૂછી લે કે, તમારા સૌના નિર્વાહ માટે હું પાપ સેવી રહ્યો છું, માટે પાપ કર્મમાં તમે સૌ ભાગીદાર છો ? વાલિયો ભીલ તરત ઘેર જાય છે અને પોતાના આખાએ કુટુંબને ભેગું કરે છે, અને કહે છે કે તમારા બધાના નિર્વાહ માટે જંગલમાં રહીને ચૌર્યકર્મ જેવા પાપ મારે સેવવા પડે છે. તેમાં કેટલાય ઋષિ–મુનિઓને પણ મેં લુંટેલા છે. માટે હું એકલો નહીં પણ તમે સૌ પાપમાં ભાગીદાર છો અને તે કર્મ સૌને ભોગવવા પડવાના છે. આ વાત સાંભળીને તેના પત્ની અને પુત્રોએ તેને સંભળાવી દીધું કે, પાપ કર્મમાં તે કોઈની ભાગીદારી હોતી હશે ? એતો સૌના કર્યા સૌને ભોગવવાના છે. તેનાં બધા સંબંધીઓ તરફથી તેને આવો એક સરખો જવાબ મળ્યો, ત્યાં તો પેલો ત્યાંથી સીધો ઉભોજ થઇ ગયો. તેને બધા પર વૈરાગ્ય આવી ગયો, અને સંબંધીઓને છેલ્લા સલામ ભરીને સીધો નારદજીની સમીપે પહોંચી ગયો, અને સંબંધીઓને છેલ્લે કહેતો ગયો કે, આજથી તમારા માટે તો ઠીક પણ મારા આ પેટ માટે પણ મારે પાપ આચરવા નથી.

નારદજી કહે છે, કેમ ભાઇ? સંબંધીઓ તરફથી શું પ્રત્યુત્તર લઈને આવ્યો? પ્રભો! હવે બીજી વાત બધી મૂકી દો. આપે કહેલાં વચન તદ્દન સાચા ઠર્યાં છે. આજથી આપ જ મારા ગુરૂ છો. આજથી બધા પાપોનો હું પરિત્યાગ કરૂં છું આપનો સંગ થયા પહેલાં પૂર્વે મારાથી ઘણાં પાપો સેવાઈ ગયાં છે, અને મારા આત્માને મેં ખૂબ મલિન બનાવેલો છે. માટે હવે આપ મને શુદ્ધિનો ઉપાય બતાવો! મને પાપ કર્મો અંગેનો પશ્ચાત્તાપ થાય છે. હવે આપ મને તેનું પ્રાયશ્ચિત્ત કરાવો. પશ્ચાતાપ એજ શુદ્ધિનો પરમ ઉપાય છે. ત્યારબાદ નારદજી તેને રામ નામનો મંત્ર આપે છે, અને ત્યાં ને ત્યાં રહીને તે રામ નામની જાણે અલખ જગાવી દે છે. તેનાં શરીર પર માટીના રાફડા ફરી વળે છે. છતાં તેણે રામનામની ધુન છોડી ન્હોતી. અંતે તેનો ઉદ્ધાર થઈ જાય છે અને હિન્દુધર્મશાસ્ત્રોમાં વાત આવે છે તેમ વાલિયો લુંટારો, લુંટારો મટીને વાલ્મિકીઋષિ બની જાય છે.

જ્યાં સ્વ દયા નથી ત્યાં વળી પર દયા કેવી?

તમે પણ અનેકો માટે પાપ આચરી રહ્યા છો. માટે એકવાર બધાને ભેગાં કરીને બધાની સમક્ષ આ વિચારણા મૂકી દે જો એટલે તમને પણ વાલિયા ભીલની જેમ સંબંધીઓ કેવા સ્વાર્થી હોય છે તેનું સ્પષ્ટ દર્શન થઈ જશે. કોઈ જ્ઞાની પુરૂષે લખ્યું છે કે,

मया परिजनस्यार्थे कृतं कर्म सुदारुणम ।
एकाकी तेन दह्योऽहं गतास्ते फल भोगिनः ॥

મેં કુટુંબીઓને મારા પોતાનાં માનીને તેમને સુખી કરવા માટે અતિદારૂણ એવા કુકર્મો આચર્યા ! આજે તે કર્મો ઉદયમાં આવતાં તે કુકર્મોની ભીષણ ઝાળમાં હું એકલો બળી રહ્યો છું અર્થાત્ ઉદયમાં આવેલાં તે પાપકર્મો હું એકલો ભોગવી રહ્યો છું અને જે જે માટે મેં તેવા કુકર્મો કર્યા હતાં તે તો બધાં ફળ ભોગવીને અને જે હાથમાં આવ્યું તે લઈને કયાંના કયાં પલાયન થઇ ગયા. સંપત્તિમાં સૌ સંબંધીઓ ભેગાં હતા અને સૌ સાથે રહીને અમન-ચમન કરતા હતા અને વિપત્તિ કાળમાં આજે હું એકલો પડી ગયો છું. આ એક ગાથામાં કેટલું બધું રહસ્ય સમાએલું છે અને આવી રીતે સમ્યક્ વિચાર્યા પછી કોણ એવો મૂર્ખ હોય કે જે પોતાના આત્મા માટે જોખમ ખેડે ? પાપના ભારથી આત્માને લાદવો એ મહાભયંકર જોખમ ખેડવા જેવું છે. પોતાને પોતાની દયા ન હોય તેજ આવું જોખમ ખેડી શકે ! અનંત કાળથી આત્મા અનંતાનંત દુઃખોને ભોગવી રહ્યો છે. છતાં સ્વઆત્મા અંગેની પણ જેનાં હૃદયમાં દયા નથી તે તો ક્રૂરમાં ક્રૂર માનવી કહેવાય અને સ્વદયા જેનામાં નથી તેની પાસે પરદયાની તો આશા જ કયાંથી રખાય ?

આપણી મૂળ વાત એ હતી કે, સત્સંગના પ્રભાવે વાલિયા ભીલમાં કેવું પરિવર્તન આવી ગયું ! વાલિયો ભીલ મટીને વાલ્મિકીઋષિ બની ગયો, એ કાંઇ જેવું તેવું પરિવર્તન ન કહેવાય. માટે જીવનની જે ક્ષણ સત્સંગમાં જાય તે સફળ છે. પાપીમાં પાપી કહેવાતો મનુષ્ય પણ સત્સંગના પ્રભાવે ધર્માત્મા બની જાય છે. જૈન શાસ્ત્રોમાં તેવું જ દ્રષ્ટાંત ચિલાતી પુત્રનું આવે છે.

ચિલાતી પુત્રનું દ્રષ્ટાંત

રાજગૃહી નગરીમાં ધનસાર્થવાહ નામના શેઠની ચિલાતી નામે દાસીનો તે પુત્ર હોવાથી તેનું નામ ચિલાતીપુત્ર પાડવામાં આવ્યું હતું. શેઠને પાંચ પુત્રો હતા અને તેની ઉપર સુષુમા નામે પુત્રી હતી. સુષુમાની સંભાળમાં અને તેને રમાડવામાં તે ચિલાતી રોકાએલો રહેતો. ચિલાતી મોટી ઉંમરનો થયો એટલે તેનામાં અમુક અપલક્ષણ જોઇને શેઠે તેને ઘરમાંથી કાઢી મૂકયો. ચિલાતી કોઈ મહાભયંકર અટવીમાં જઈ ચડયો, ત્યાં સિંહગુફા નામની ચોરપલ્લીમાં તે દાખલ થયો, એટલે ત્યાં રહેતા ચોર લોકો સાથે તેને મહોબ્બત થઈ ગઈ. સરખા આચાર-વિચારવાળા હોય તેનો પરસ્પર તરત મેળ જામી જાય છે. પલ્લીપતિ મૃત્યુને પામ્યા બાદ ચિલાતી તેના સ્થાને નિમાઈ ગયો.

ધનાવાહ શેઠની પુત્રી સુષુમાનું અપહરણ

એકદા ચિલાતી ધનાવાહ શેઠને ત્યાં લુંટ ચલાવવાનો નિર્ણય કરે છે. બધા ચોરોને ચિલાતીએ કહી રાખેલું કે, શેઠને ત્યાંથી સંપત્તિ મળે તેના સ્વામી તમે બધા થજો. મારે તો શેઠની પુત્રી સુષુમાનું કામ છે. શેઠે ચિલાતીને ઘરમાંથી કાઢી મૂકેલો ત્યારથી તેના મનનાં શેઠ પ્રતિ રોષ રહી ગએલો. તેમજ સુષુમા તરફની બાલ્યાવસ્થાની પ્રીતિ પણ હજી તેના મનમાં એવીને એવી રહી ગઈ હતી, એટલે તે બધા ચોરોની સાથે રાજગૃહીમાં ધનાવાહ શેઠને ત્યાં આવીને ખાતર પાડે છે. શેઠને ત્યાંથી લુંટાય તેટલું ધન

લુંટીને ચોર લોકો ત્યાંથી પલાયન થઈ જાય છે. ચિલાતી પણ સુષુમાનું હરણ કરીને ત્યાંથી નાશી છુટે છે. શેઠને એકની એક પુત્રી હોવાથી પ્રાણથી પણ અધિક હતી. શેઠ રાજ્યના કોટવાળોની મદદ લઈ ને ચિલાતીની પાછળ પડે છે, ચોર લોકો ધન લુંટી ગયા તેની શેઠને લાંબી ચિન્તા નથી. શેઠે કોટવાળોને કહી દીધું કે, ચોરોએ લુંટેલું ધન તમે લેજો, પણ મારી પુત્રી કોઈપણ ભોગે પાછી લાવી આપો. ધનની લાલચથી કોટવાળો ચિલાતી અને ચોર લોકોને પકડી પાડવા એકદમ તેમની પાછળ પડે છે. શેઠ પણ પોતાના પાંચે પુત્રોની સાથે પોતાની પુત્રીને મેળવવા મરણીયા થઈને ચોરોની પાછળ પડ્યા છે.

ચિલાતીની ખોટી હરણફાળ

ચિલાતી સિવાયના ચોરો પોતાનો જીવ બચાવવા ધન રસ્તામાં જ મૂકી દઈને અટવીમાં નાસી ગયો. કોટવાળોને ધન મળી જતાં, કોટવાળો ત્યાંજ રોકાઈ ગયો. જ્યારે ચિલાતી તો જાણે પોતાના પ્રાણ હોડમાં મૂકવાને તૈયાર થઈ ગયો છે. તેણે સુષુમાનો ત્યાગ ન કર્યો. તે તો સુષુમાને ખભા ઉપર ઉપાડીને અટવી ભણી પુર વેગમાં આગળ ધપી રહ્યો છે. તેમ શેઠ પણ બરોબરના તેની પાછળ પડી ગયેલા છે. સુષુમાને ખભા ઉપર ઉપાડેલી હોવાથી ચિલાતી અંતે રસ્તામાં થાકી જાય છે. દુન્યવી કહેવતમાં પણ કહેવાય છે કે, બહુ દોડે તે અંતે થાકે જ! પરવસ્તુનું આમ હરણ કરી જવું એ તો એક પ્રકારની હરણફાળ કહેવાય. અને તેમાં પણ માનવી નીતિ અને ન્યાયની મર્યાદાનો લોપ કરે એટલે તેને સફળતા કયાંથી મળે?

સમજી રાખવા જેવા ચાર પ્રકાર

પર ધન કે પરસ્ત્રી તરફ જે નજર ન કરે તે સજ્જન કહેવાય. અથવા તો પર ધન જેની દ્રષ્ટિમાં માટીના ઢેફાં સમાન હોય અને પરસ્ત્રી જેની દ્રષ્ટિમાં મા–બહેન કે પુત્રી સમાન હોય તે સજ્જન તો કહેવાય, પણ તેને મહાજન કહેવું હોય તો પણ કહી શકાય. જન–સજ્જન–મહાજન અને દુર્જન, એ ચારે પ્રકાર સમજી રાખવા જેવા છે. કોઈનું હિત ન કરી શકે પણ કોઈનાં પણ અહિતમાં ઉભો ન રહે તે જન કહેવાય. પોતાના સ્વાર્થ તરફ લક્ષ હોય પણ શક્તિ મુજબ પરમાર્થ કરે તે સજ્જન કહેવાય. સ્વાર્થનો ભોગ આપીને પણ પરમાર્થ કરે તે મહાજન કહેવાય. કંઈ ઘણાં મનુષ્યોનાં સમુદાયને જ મહાજન કહેવાય તેવું નથી. કુમારપાળ જેવાં એકને પણ મહાજન કહી શકાય, અને બીજાના અહિતમાં પ્રવર્તે તે દુર્જન કહેવાય, કેવળ પોતાનો સ્વાર્થ સાધવાની જ બુદ્ધિ હોય, તેવાનો નંબર તો જન સમુદાયમાં પણ ન લાગે તો પછી જૈન સંઘમાં નંબર લાગવો એ કયાં સહેલી વાત છે?

વણિકવૃત્તિ અને જૈનત્વ વચ્ચેનું અંતર

જન શબ્દ ઉપર બે પાંખડાં ચડે ત્યારે જૈન શબ્દ બને છે. દયા અને દાનનાં જેનામાં પરિણામ હોય તેજ ખરો જૈન કહેવાય. જૈન શબ્દ પર બે માત્રા છે તે ખરી રીતે બે પાંખ છે. તે સૂચવે છે કે, દયા અને દાન અંગેની જેની ઉત્કૃષ્ટ ભાવના છે તેજ ખરો ભાવ જૈન છે, જન બનવા

પણ યોગ્યતા જોઇએ તો કેટલી યોગ્યતા હોય ત્યારે જૈનત્વ આવે. મન, ઇન્દ્રિયો અને રાગ–દ્વેષાદિ પર અંશે પણ જેનો વિજય થયો હોય તે જૈન કહેવાય. વણિકવૃત્તિ એ જુદી વાત છે, અને જૈનત્વ એ આખી જુદી વાત છે. જૈનત્વ પરમાર્થ પ્રધાન હોય છે, જ્યારે વણિકવૃત્તિ સ્વાર્થ પ્રધાન હોય છે. માટે વણિકકુળમાં જન્મ મળ્યો એટલે જૈન બની ગયા એમ નહીં માની લેતા. અંદરના કામ–ક્રોધાદિ દોષોને જીતી લેનાર જૈન બની શકે છે, અને તેમાં એકાંતે કુળની પણ પ્રધાનતા નથી કે, અમુકજ કુળમાં જન્મેલો જૈન બની શકે. જે કોઈ શુદ્ધ–દેવ, ગુરૂ ને ધર્મની ઓળખાણપૂર્વક દોષોને જીતી લેવાનો ધ્યેય રાખે તે જૈન બની શકે, અને રાગ–દ્વેષાદિ દોષોને સંપૂર્ણ પણે જીતી લેનાર તો જિન કેવળી બને છે. કોઈ મહાભાગ્યવાન તો જિનેશ્વર પણ બની જાય છે.

રાગ ભયંકર પણ રાગનો અંધાપો અતિભયંકર

હવે મૂળ વાત પર આવી જઈએ. ચિલાતી થાકી એવો ગયો કે, હવે તેનામાં આગળ ધપવાની તાકાત રહી નહોતી, અને શેઠ પણ લગભગ તેની નજીકમાં આવી પહોંચે છે. શેઠ અને તેમના પાંચે પુત્રો હથિયાર સહિત તેની પાછળ પડેલા છે. સુષુમાને ખભા પર ઉપાડેલી હતી એટલી ચિલાતીને થઈ ગયું કે, હવે હું મારૂં કોઇ સંજોગોમાં રક્ષણ કરી શકું તેમ નથી. શેઠ અને તેનાં પુત્રો મને હવે થોડીક જ વારમાં ઘેરી વળવાના છે. છતાં સુષુમાનો મોહ તેનાથી મૂકાતો નથી. તેને થયું, ભલે હું ખાઇ શકું તેમ નથી પણ મને ઢોળી નાંખતા તો આવડે છે! એટલે તે તલવારના

એક ઝાટકે સુષુમાનું મસ્તક છેદી નાંખે છે. રાગ દશાની કેટલી ભયંકરતા હોય છે. રાગ તો ભલભલામાં હોય છે. રાગનો અંધાપો નહીં હોવો જોઇએ. સુષુમા તરફ ચિલાતીને એટલો બધો રાગ હતો, એ એને મેળવી ન શકયો એટલે એને એમ થયું કે, હવે આનો બીજાં કોઈ કેમ લાભ ઉઠાવી જાય? એટલે જીવ લઈ લીધો. ક્રૂરતાને લીધે માનવી કેવું કૃત્ય કરી બેસે છે? છતાં આવા આત્માઓ પણ સત્સંગનાં યોગે પલટો થઈ જાય છે તે આગળ ઉપરના વિવેચન પરથી સમજી શકાશે.

વિયોગને વૈરાગ્યમાં વાળે તેજ ખરો જ્ઞાની

તેનાં મસ્તકને હાથમાં લઈને ઝડપથી તે કોઇ ગાઢ જંગલમાં ચાલ્યો ગયો. સુષુમાનું ધડ તો ત્યાંજ પડેલું છે. તેનાં પિતા પણ ત્યાં આવી પહોંચ્યા, પણ એ પહેલાં તે મૃત્યુને પામી ચૂકી હતી. શેઠનાં તેને બચાવવાનાં પ્રયાસો નિષ્ફળ ગયા. શેઠને અને તેનાં પાંચે ભાઈઓને ઘણું લાગી આવ્યું. ઘણો વિલાપ કર્યો, પણ હવે તો કોઇ ઉપાય રહ્યો નહોતો. શેઠ ધર્મના સંસ્કારવાળા હતા. હૃદયમાં વૈરાગ્ય ભાનનાનું ચિંતન કરતાં શેઠ પોતાના ઘેર આવ્યા અને પોતાની પુત્રીના વિયોગને વૈરાગ્યમાંવાળી શેઠે પ્રવજ્યા અંગીકાર કરી લીધી! પુત્રી તરફનો ખરો પ્રેમ આને કહેવાય. જ્યારે આજે રો-કકળ ખૂબ કરશે, પણ વિયોગનાં પ્રસંગને વૈરાગ્યમાંવાળી ધર્મનો રસ્તો નહીં લે.

ચિલાતીને મુનિ ભગવંતે સંક્ષેપમાં સમજાવેલું ધર્મનું રહસ્ય !

એક હાથમાં તલવાર અને બીજા હાથમાં સુષુમાનું ધડથી જુદું કરેલું, લોહી નિંગળતું મસ્તક લઈને ચિલાતી ભર જંગલમાં આવી પહોંચ્યો. રસ્તો ભૂલી જવાને કારણે તે જંગલમાં ચોમેર ભમી રહ્યો છે. સુનાં વેરાન જેવાં પ્રદેશમાં તે ભૂખ્યોતરસ્યો આમ-તેમ ભટકવા લાગ્યો. ત્યાં એટલામાં વૃક્ષની નીચે કાયોત્સર્ગધ્યાનમાં ઉભેલા કોઈ મહાત્મા પુરૂષને તેણે જોયા. તે મહાત્માને તેણે પડકાર કરીને કહ્યું કે, હે સાધુ! તું મને ધર્મ બતાવ, નહીં તો તારૂં મસ્તક પણ હમણાં તલવારના ઝાટકે ઉડાડી દઈશ. સાધુ પાસે આને ધર્મ સમજવો છે, પણ શબ્દ પ્રયોગ તેણે કેવો કર્યો છે? તેમાં તેણે જરાય વિવેક જાળવ્યો નથી. મુનિને પણ મનમાં થયું કે, આને ધર્મની જિજ્ઞાસા હોવા છતાં આવી રીતે ધર્મની માંગણી તો આજે જ સાંભળી છે. છતાં મુનિને થયું કે ગમે તેમ હોય પણ આટલીએ આણે જિજ્ઞાસા બતાવી છે, કોઈ વાર આવા અધર્મને રસ્તે ચડેલા જીવોમાં પણ સત્સંગના યોગે ક્ષણવારમાં પરિવર્તન આવી જાય છે. એટલે મુનિ તેને સંક્ષેપમાં ધર્મ સમજાવી દે છે. કારણ કે, વિસ્તારથી ધર્મ કહેવાનો તે અવસર નહોતો. ઉપશમ, વિવેક અને સંવર. આ ત્રણ શબ્દોમાંજ ધર્મનું રહસ્ય કહીને મુનિ ત્યાંથી આકાશને માર્ગે સંચરી જાય છે. તે મુનિ આકાશગામિની લબ્ધિવાળા ચારણશ્રમણમુનિ હતા, એટલે તે તેને ફક્ત ત્રણજ શબ્દોમાં ધર્મનું સમગ્ર સ્વરૂપ કહીને

આકાશને માર્ગે વિચરી ગયા.

ઉપશમ, વિવેક અને સંવર...
આ ત્રણ શબ્દોની ચિલાતીના આત્મા ઉપર થયેલી જાદુઈ અસર

મુનિ ભગવંતે કહેલાં ત્રણે શબ્દો પર ચિલાતી ઉંડાણથી ચિંતવના કરે છે. જાણે ચિંતનનાં સરોવરમાં ચિલાતી ડુબકી ખાઈ જાય છે. મુનિ ભગવંતનાં વચનોએ તેની પર એવી સચોટ અસર પાડી દીધી કે, અધર્મને રસ્તે ચડેલો તેનો આત્મા જાણે ધર્મનો રસ્તો પકડી લે છે. સમુદ્રની અંદર મોજાંઓ માર-પછાડ કરતાં કિનારા ભણી દોડતા હોય પણ જેવો કિનારો આવે કે મોજાં થંભી જાય છે, તેમ આ ચિલાતીનો જીવ કે બીજાં પણ અનેક આત્માઓ પાપકર્મ ભણી આંધળી દોટ મૂકી રહ્યા છે, પણ જેવો સત્સંગનો યોગ થાય કે, ભલભલાનો આત્મા એક વાર થંભી જાય છે, અને તેનામાં સમ્યક્ વિચારણાં પેદા થઈ જાય છે. ચિલાતી જેવા ઘોર દુષ્કર્મ આચરનાર પર ત્રણ શબ્દોની કોઈ એવી તો જાદુઈ અસર થઈ છે કે, તેના પાપકર્મનો અંદરનો વંટોળ શાન્ત પડી જાય છે. તે વિચારે છે કે, મુનિ ભગવંતે મને ધર્મના સ્વરૂપમાં પહેલો જ ઉપશમનો ઉપદેશ આપ્યો છે, અને વાત પણ તદ્દન સાચી છે. હવે જો મારે ધર્મને રસ્તે ચડવું હોય તો પહેલાં અંદરનાં કષાયોને ઉપશમાવી દેવા જોઇએ.

હૃદય શુદ્ધ થાય તો જ અંદરનો અખૂટ ભંડાર હાથમાં આવે

પાણી ડોળાએલું હોય ત્યાં સુધી તળીયે ભાગમાં પડેલી વસ્તુ દેખાય પણ નહીં. તેમ આત્મા કષાય ભાવથી કલુષિત બનેલો હોય ત્યાં સુધી અંદરનાં અખૂટ ભંડારનાં તેને દર્શન પણ થાય નહીં તો પછી પ્રાપ્તિ તો કયાંથી થઈ શકે ? એટલે ચિલાતીને સુષુમાનાં પિતા ધનાવહ શેઠ ઉપર જે ક્રોધ આવી ગએલો હતો તે શાન્ત પડી જાય છે તેનો આત્મા ઉપશમ ભાવમાં આવી જાય છે. ચિલાતીની ઈચ્છા કોઈ પણ ભોગે સુષુમાને પ્રાપ્ત કરવાની હતી અને શેઠ પાછળ એવા પડી ગએલાં કે, તેની ઈચ્છા બર આવી નહીં. એટલે તેને શેઠ પર એકદમ ગુસ્સો આવી ગએલો હતો. જીવને જેમાં રાગ હોય તેની પ્રાપ્તિમાં બીજા કોઈ આડે આવે એટલે જીવને તેના પ્રતિ મનમાં દ્વેષ આવીજ જાય.

અપરાધીનું પણ મનથી બરાબ ન ચિંતવવું તેનું નામ ઉપશમ.

જ્યાં કામ ઉત્પન્ન થાય એટલે ક્રોધ તો આગળથીજ આવીને હાજર થઈ જ જાય છે. ભગવદ્ ગીતામાં લખ્યું છે કે,

ध्यायतो विषयान्पुसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद् भवति संमोहः संमोहात्स्मृतिर्विभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥

મનુષ્ય વિષયોનું ચિંતન કરે એટલે તેને તેમાં આસિક્ત પેદા થાય છે, અને આસક્તિમાંથી કામવાસના ઉત્પન્ન થાય છે. તેમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી મૂઢ ભાવ થાય છે અને તેનાથી સ્મૃતિનો નાશ થાય છે. સ્મૃતિનાં નાશથી બુદ્ધિનો નાશ અને બુદ્ધિનાં નાશથી સર્વસ્વનો નાશ થાય છે, એટલે કે માનવી શ્રેયના સાધનથી ભ્રષ્ટ થઈ જાય છે.

વિચારણામાં આગળ વધતાં ચિલાતી પોતાના આત્માને ઉપશમ ભાવમાં સ્થિર બનાવી દે છે. તેની દ્રષ્ટિમાં એટલી બધી નિર્મળતા આવી જાય છે કે, તે શેઠને દોષ ન આપતાં પોતાનાં આત્માને જ દોષ આપે છે અને વિચારે છે કે, શેઠે આમાં મારૂં શું બગાડયું ? હું જ શેઠનો અપરાધી છું એટલે પોતાની પુત્રીનાં રક્ષણ માટે શેઠ મારી પાછળ પડયા હતા તેમાં શેઠનો શો દોષ હતો ? માટે શેઠ પ્રતિ હવેથી મારે કોઈ પણ પ્રકારનાં મનમાં ખરાબ વિચારો લાવવાના નથી. બસ આનુંજ નામ ઉપશમ ભાવ.

નિઃસારનો ત્યાગ અને સારભૂતનું સેવન વિવેકના પ્રભાવે જ થઈ શકે.

ચિલાતી ઉપશમ ભાવમાં આવી જતાં તેના આત્મામાં વિવેકરૂપી દીપક ઝળહળી ઉઠે છે. અને મુનિ ભગવંતે ફરમાવેલા ધર્મ તત્ત્વના બીજા મુદ્દા ઉપર તે ખૂબજ ઉંડાણથી ચિંતન કરે છે. અને હંસ ક્ષીરન્યાયનાં દ્રષ્ટાંતે તેનામાં હેય, ઉપાદેય, કર્તવ્ય–અકર્તવ્ય અંગેનો વિવેક પ્રગટી જાય છે. હંસની આગળ કોઇએ પાણી વાળું દૂધ મૂકયું

હોય તો હંસ પોતાની ચાંચ વડે દૂધ અને પાણી બન્નેને અલગ કરી નાખે છે. છે. હંસની ચાંચમાં બટાશનું તત્વ હોય છે. દૂધમાં જેવી ચાંચ બોળે કે ફોદેફોદા થઈને દૂધ પાણીથી નિરાળું થઇ જાય, એટલે કે, દૂધ અને પાણી બન્ને જુદાં પડી જાય છે. ત્યારબાદ બરેબરો જે રાજહંસ હોય તે સારભૂતનું સેવન કરે છે અને નિઃસાર એવા પાણીના ભાગનો ત્યાગ કરી દે છે.

તેવી રીતે જીવ અને પુદ્ગલ બન્ને બીર અને નીરની જેમ જાણે એકમેક જેવાં થઇ ગયાં છે, છતાં મુનિરૂપી રાજહંસ અથવા સમ્યકદ્રષ્ટિ આત્મા પોતાની વિવેકશક્તિ વડે તે જીવ અને પુદ્ગલ બન્નેને ભિન્ન કરે છે. જીવ અને પુદ્ગલ બન્નેનાં લક્ષણ જુદાં હોવાથી બન્નેને અલગ કરી શકાય છે. જીવનું લક્ષણ, જ્ઞાન–દર્શન છે, જ્યારે પુદ્ગલનું લક્ષણ સ્પર્શ–રૂપ રસને ગંધ છે. આ રીતે બન્નેનું ભેદ–વિજ્ઞાન કરી શકાય છે. શરીરાદિ પુદ્ગલો અને આત્મા જાણે એક જ છે એવો અવિવેક જીવને અનાદિથી સુલભ છે. પણ તે બન્ને વચ્ચેનો ભેદ જ્ઞાનરૂપી વિવેક જીવને અતિ દુર્લભ છે. ભેદ વિજ્ઞાન થયા પછીજ જીવ પોતાનાં વિકાસનાં માર્ગે ઝડપથી આગળ વધી શકે છે, અને પરંપરાએ જીવ કેવલજ્ઞાનની ઉચ્ચ ભૂમિકાએ પહોંચી શકે છે. **ભેદજ્ઞાન વગરનો જીવ ચેતન હોવા છતાં જ્ઞાનીએ તેને જડ જેવો કહ્યો છે. દેહાદિથી ભિન્ન જેણે આત્માને જાણ્યો તે અલ્પજ્ઞ હોવા છતાં જ્ઞાનીએ તેને મહાજ્ઞાની કહ્યો છે.**

વિવેક–એ બીજા પ્રકાર પર વિચાર કરતાં ચિલાતીમાં

પણ વિવેક આવી જાય છે અને તરત જ એક હાથમાં રાખેલી તલવાર અને બીજાં હાથમાં રાખેલાં સુભુમાનાં મસ્તકનો પરિત્યાગ કરી દે છે. સારભૂતનું સેવન અને નિઃસારનો પરિત્યાગ એજ ખરો વિવેક છે. સંસાર આખો અસાર છે અને સારભૂતમાં સારભૂત ધર્મ છે. ધર્મના સેવન માટે જ્ઞાની પુરૂષો જ્ઞાનગર્ભિત એવા વૈરાગ્યના બળે આખાએ સંસારનો પરિત્યાગ કરી દે છે, અથવા તો રાગ-દ્વેષ, મોહ-ક્રોધ, માન-માયા અને લોભ એ બધા દોષરૂપ હોવાથી નિઃસાર છે. જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા, ઋજુતા, નમ્રતા, નિર્લોભિતા એ બધા આત્માનાં ગુણો હોવાથી સારભૂત છે. જ્ઞાની પુરૂષો નિઃસાર એવા દોષોનો ત્યાગ કરી દે છે, અને સારભૂત એવા સદ્‌ગુણોનું સેવન કરે છે. હંસ કોઇ દિવસ ગંદકીમાં ચાંચ બોળે નહિં તેમ જ્ઞાની પણ દુર્ગુણમાં પોતાનો ઉપયોગને જવા દે નહીં.

પરભાવમાં ન રાચે તે જ ખરો જ્ઞાની.

સમયસારમાં શ્રી કુંદકુંદાચાર્યે લખ્યું છે કે,

જહણામ કોવિ પુરિસો, પરદવ્વ મિણંતિ જાણિદું ચયદિ
તહ સવ્વે પરભાવે, ણાઉણ વિમુંચદે ણાણી ॥

જેમ કોઈ પુરૂષ આ પર દ્રવ્ય છે એમ જાણી લે તેને પાકા પાયે ખાત્રી થઈ જાય કે બીજાનું કપડું મેં ભૂલથી પહેરી લીધું છે, અથવા ધોબી ભૂલથી મારા મિત્રનો કોટ મારે ત્યાં આપી ગયો છે અથવા આ ચંપલ બીજાના છે અને મારાથી ભૂલથી પહેરાઈ ગયા છે, એવી પાકા પાયે

ખાત્રી થઇ જાય એટલે આ પરદ્રવ્ય છે એમ જાણીને તેનો પરિત્યાગ કરી દે છે તેમ જ્ઞાની પુરૂષ પણ, મારો આત્મા અને મારા આત્માના જ્ઞાનાદિ ગુણ સિવાયના જગતની અંદરના શરીરાદિ જેટલા ભાવો છે એ બધા મારા માટે બહિર્ભાવો છે, અને અંદર ઉત્પન્ન થતાં રાગ–દ્વેષાદિના ભાવો એ પરભાવો છે એમ જાણીને જ્ઞાની પણ તે તે ભાવોનો પરિત્યાગ કરી દે છે. પત્થરની ખાણમાં હજારો પત્થરના ટુકડાની વચ્ચે પડેલાં કિંમતી રત્નને જેમ ઝવેરી પારખી લે છે તેમ શરીર–મન, વચનાદિ પરદ્રવ્યો અને રાગ–દ્વેષાદિનાં પરભાવોની વચમાં રહેલાં ચૈતન્યરૂપી રત્નને જ્ઞાની પારખી લે છે. અને તે બધા બહિર્ભાવોનું પરિત્યાગ કરીને ચૈતન્ય રત્નને ગ્રહણ કરે છે. અંતરાત્મામાં જ જે સ્થિર બનેલો છે, તેમાંજ જે રમણતા કરનારો છે. શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ ત્રણે જેનાં સ્વઆત્મામાં જ છે તે જ ખરો જ્ઞાની છે, અને તે જ ખરો વિવેકી છે.

જડ ચેતનનું ભેદ જ્ઞાન તે જ લોકોત્તર વિવેક.

ઘર આંગણે આવેલા મહેમાન કે અતિથિનો આદર સત્કાર કરવો એ તો વ્યવહારની રીતે વિવેક છે. વ્યવહારમાં બેઠેલાને પણ આવી રીતે વિવેક તો રાખવો પડે છે પણ જડ ચેતનનું ભેદજ્ઞાન થઈ જાય અને તેમાં બહિર્ભાવ અને પરભાવનો ત્યાગ કરી દેવો અને પોતના શુદ્ધ સ્વભાવનો જ આદર કરવો એને તો લોકોત્તર વિવેક કહેવામાં આવે છે. આવો વિવેક આવ્યા પછી સંસાર રહેતો નથી, પછી તો એ જીવ થોડાક જ ભવ કરીને મોક્ષે પહોંચી જાય છે. માનવી

આજે સામાન્ય વિવેકથી ભ્રષ્ટ થતો જાય છે, ત્યાં તેના માટે આ લોકોત્તર વિવેકની વાત તો ઘણી આગળની છે. ઘર આંગણે આવેલા મહેમાન કે અતિથિને જ્યાં આવ કે આદર ન મળતો હોય તો સમજવું એ ઘર નથી પણ વગડા છે. કોઈ માણસે શરીર પર ગમે તેવા હીરા-માણેકના અને સોના-ચાંદીના અલંકારો પહેરેલાં છે, પ્રત્યેક આંગળીઓમાં રત્નજડિત સોનાની મુદ્રિકાઓ પહેરેલી હોય છતાં તે મનુષ્યથી ઉદારતાથી સન્માર્ગે વપરાતું ન હોય તો તેવાને માણસ નહીં પણ મડાં કહ્યાં છે. તે હાલતા-ચાલતા મડાં છે તેમ કહ્યું છે. એક વ્યવહારમાં વિવેક ચૂકી જવાથી તે દુનિયામાં કેટલો હીન કહેવાય છે, તો પછી માનવી ધર્મમાં વિવેક ચૂકે તો તે કેટલો નીચે ઉતરી જાય ? વ્યવહારમાં વિવેક રાખવાથી પણ માનવી કેટલીક શોભાને પામે છે. તો માનવમાં જો લોકોત્તર વિવેક આવી જાય તો માનવ દેવ બની જાય, અને પરંપરાએ દેવનો દેવ બને.

ભાવ સંવરની વ્યાખ્યા

ચિલાતી વિવેકરૂપી દશામાં નિધીને પામ્યા બાદ હવે મુનિ ભગવંતે તેને સંભળાવેલાં ત્રણ પદોમાંથી સંવર પર ઉંડાણથી ચિંતવના કરે છે. જીવનમાં ખરેખરો વિવેક પ્રગટ્યા બાદ આત્મા આશ્રવના નિરોધપૂર્વક પોતાનાં શુદ્ધ સ્વભાવમાં આવી જાય અથવા ક્ષુધા-પિપાસાદિ બાવીસ પરિસહ સમતાભાવે સહન કરવા પૂર્વક સમિતિગુપ્તિ આદિનું પાલન કરવું, અનિત્યાદિ બાર ભાવનાઓનું ચિંતન કરવું અને દશ

ભેદે યતિધર્મનું પાલન કરવું, પાંચ ઈન્દ્રિયો અને મનનાં સંકલ્પ-વિકલ્પરૂપ વિષયોથી આત્માને નિવર્તાવવો તેને સંવર કહેવામાં આવે છે. સત્તાવન ભેદે સંવર શાસ્ત્રોમાં વર્ણવાએલું છે, અથવા પુન્ય કે પાપ બન્નેમાંથી એકને પણ નહીં ગ્રહણ કરનારી જીવની જે શુદ્ધ પરિણતિ તેને દેવાધિદેવ તીર્થંકરોએ સંવર કહ્યું છે. જે સંવર જીવ માટે અત્યંત હિતકારી અને સુસમાધિવાળો છે. આને ભાવસંવર કહી શકાય. આ વ્યાખ્યા પૂ. ઉમાસ્વાતિવાચકે પ્રશમરતિ પ્રકરણ શાસ્ત્રમાં ફરમાવી છે.

या पुण्यपापयोरग्रहणे वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हित संवरो वरद देशित रिश्चिन्त्यः ॥

પુન્ય શુભાશ્રવ છે તો પાપ અશુભાશ્રવ છે. આશ્રવનો નિરોધ તે સંવર છે. સંવર અને નિર્જરા એજ મનુષ્ય જન્મનો સાર છે. જે સંવર અને નિર્જરાને દેવો આરાધી શકતા નથી તેને મનુષ્યો આરાધી શકે છે, અને નર જન્મના ઉત્તમ ફળને મેળવી શકે છે. સંવર અને નિર્જરાની સાંગોપાંગ આરાધના મનુષ્ય ભવમાંજ થઈ શકે છે. માટેજ જ્ઞાનીઓએ નર જન્મને અતિદુર્લભ કહ્યો છે. કોઈ પણ આત્માઓ મનુષ્ય ભવને પામ્યા સિવાય મોક્ષપદને પામી શકતા નથી, અને મોક્ષસાધક એવા સંવર નિર્જરાની સાંગોપાંગ અને સંપૂર્ણ આરાધના મનુષ્યભવ સિવાયનાં બીજા કોઈપણ ભવમાં થઈ શકતી નથી. માટે જ્ઞાનીએ નરભવને મોક્ષનો દરવાજો કહ્યો છે.

સદ્‌ગતિના દ્વારને દુર્ગતિનું દ્વાર બનાવનારા.

સંત તુલસીદાસજીએ પણ લખ્યું છે કે,

બડે ભાગ માનુષ તનુ પાવા,
સુર દુર્લભ સબગ્રંથ હી ગાવા ।
બડે ભાગ પાહિબ સત્‌સંગા.
બિન હી પ્રયાસ હોઇ ભવ ભંગા ॥

મહાન પુન્યનાં ઉદયે મનુષ્યભવ મળે છે, જે નરજન્મ દેવોને પણ દુર્લભ છે, કારણ કે દેવ ભવમાં ભોગ સાધી શકાય છે, જ્યારે મનુષ્યભવમાં ભોગોનું ત્યાગ કરવા પૂર્વક યોગ પણ સાધી શકાય છે. જ્યારે દેવો ત્યાગ કરી શકતા નથી. દેવભવ પુન્ય ભોગવવાનું સ્થાન છે. જ્યારે મનુષ્યભવ કર્મ ખપાવવાનું સ્થાન છે. મનુષ્યભવમાં આવેલો આત્મા જ કર્મોની જડ ઉખેડી શકે છે. જો મનુષ્ય સંવરને ને નિર્જરાના માર્ગે ચડી જાય તો તેનામાં કર્મોના ભુક્કા બોલાવવાની તાકાત રહેલી છે. જ્યારે કર્મોની જડને દેવ, તિર્યંચ કે નારકો કોઈમાં ઉખેડવાની તાકાત નથી. તે તાકાત ફક્ત મનુષ્યમાં જ છે. માટે મનુષ્યભવ મોક્ષનો દરવાજો છે. મનુષ્યભવ જેવા મનુષ્યભવને પામીને પણ ઘોર કુકર્મને આચરનારા મનુષ્યો કેટલીકવાર મુક્તિના દ્વાર સમા મનુષ્ય ભવને પણ દુર્ગતિના દ્વારમાં પલટાવી નાંખે છે. તેવા મનુષ્યોને જ્ઞાનીએ મતિમંદ અને ભાગ્યહીન કહ્યાં છે.

નરજન્મનું વાસ્તવિક ફળ

સંત તુલસીદાસજીએ પણ કહ્યું છે કે,

નરતનપાય વિષયમનદેહી । પલ્ટીસુધા તે ષઠ વિષ લેહી ॥

મનુષ્ય દેહને પામીને જે મનુષ્યો વિષયોમાં આસક્ત બને છે તેવા મનુષ્યો અમૃતપાનનું ત્યાગ કરીને જીવનમાં હલાહલ વિષપાન કરનારા છે. મનુષ્યભવને પામીને બીજા અનેક દુન્યવી કાર્યો કરવા છતાં જે મનુષ્યોએ સ્વઆત્મહિતના માર્ગમાં લેશ પણ પ્રયત્ન ન કર્યો તેવાને યોગવાશિષ્ટ નામે હિન્દુ ધર્મશાસ્ત્રના ગ્રંથમાં આત્મઘાતી કહ્યા છે, અને આત્મઘાત કરનાર જે ગતિને પામે તેવી ગતિને સ્વઆત્મહિતમાં બેદરકાર રહેનારા મનુષ્યો પ્રાપ્ત કરે છે. પૂ. હેમચંદ્રાચાર્યજીએ ફરમાવ્યું છે કે, આ મનુષ્ય શરીરથી સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીની આરાધના કરવાની હોય છે. તેના બદલે મનુષ્ય શરીરથી પાપ આચરવાં અથવા કેવળ ઈન્દ્રિયોનાં ભોગ ભોગવવા એ તો સોનાના થાળમાં ધૂળ ભરવા બરોબર છે, માટે સંવર અને નિર્જરા ધર્મની ઉપાસના એજ મળેલા નર જન્મનું વાસ્તવિક ફળ છે.

શરીર ચાલણીના જેવું થઇ ગયું છતાં ચલિત ન થયા

આ પ્રમાણે ઉપશમ, વિવેક અને સંવર. આ ત્રણે પદોનાં અર્થ ઉંડાણથી વિચારતાં ચિલાતીપુત્ર ત્યાંજ પરમ

સમાધી ભાવમાં સ્થિર બની ગયા, અને શુભ ધ્યાનમાં મગ્ન બની જાય છે. શરીર તેમનું લોહીથી ખરડાએલું હોવાથી તેની ગંધથી કીડીઓ ત્યાં આવી પહોંચી અને ચટકાં એવા મારવા લાગી કે, તેમના શરીરને ચાલણીનાં જેવું છિદ્રવાળું કરી નાંખ્યું ! જંગલની પીપિલીકાઓ તે મહર્ષિનાં શરીરને કોતરીને આરપાર નિકળી જાય છે. છતાં તે લેશ પણ ધ્યાનથી ડગ્યા નહી, અને એક સ્થંભની જેમ નિશ્ચળ રહ્યાં છે અથવા મેરૂની જેમ અડગ રહ્યાં છે. અઢી દિવસ પર્યંત આવા ઘોર ઉપસર્ગને સમભાવે સહીને ચિલાતીપુત્ર મૃત્યુને પામીને દેવલોકમાં જાય છે. મોક્ષગામી જીવ હોવાથી આગળ ઉપર મોક્ષે જશે.

અસાધ્ય, દુઃસાધ્ય અને સુસાધ્ય દર્દીની જેમ જીવોના પણ ત્રણ પ્રકાર.

ચિલાતી પુત્રે તત્કાળમાં કેવું ઘોર દુષ્કર્મ કર્યું હતું ? એક થોડીકવાર પહેલાં સ્ત્રી હત્યા જેવું ઘોર દુષ્કર્મ જેણે આચર્યું હતું એ દુષ્કર્મ એવું હતું કે, તેને નરકગતિનાં મહેમાન બનવું પડત. છતાં સદ્‌ગુરૂનો યોગ થતાં એ જીવ તરી ગયો છે. જે મુનિનો તેને ભર અટવીમાં યોગ થયો હતો, તે મુનિએ ફક્ત ચિલાતીને ધર્મના સારરૂપે ત્રણ વચનોજ સંભળાવ્યાં હતાં. જે ઉપર આપણે વિસ્તારથી વિવેચન કરી ગયા છીએ. કંઈ કલાકો ને કલાકો સુધી ચિલાતીને તે મહર્ષિના સમાગમનો લાભ મલ્યો નહોતો. તે મહર્ષિ ચારણ શ્રમણ મુનિ હોવાથી સંક્ષેપમાં તેને ધર્મનો સાર કહીને તરત આકાશને માર્ગે વિચરી ગયા હતા. છતાં

એ ત્રણે પદોની કોઈ જાદુઇ અસર ચિલાતીના આત્મા પર થઈ છે.

આજે મહિનાનાં મહિનાઓ સુધી વ્યાખ્યાનો સાંભળવા છતાં કેટલાકો મગશેલીયા પત્થરની જેમ કોરાં-ધાકોર જેવાં રહી જાય છે. સત્સંગનો પ્રભાવ અપૂર્વ હોય છે. સત્સંગને પારસમણિની ઉપમા છે. પારસમણિનો સ્પર્શ લોઢાને થાય તો લોઢું સુવર્ણ બની જાય છે, પણ લોઢાને કાટ ચડેલો હોય તો પારસમણિનો સંગ થવા છતાં લોઢું લોઢું જ રહી જાય છે. તેમ આજે ઘણાં આત્માઓ ઉપર પાપ કર્મોનો કાટ એવો ચડી ગયો છે કે, મહિનાઓ સુધી સત્સંગમાં રહેવા છતાં જીવનમાં પલટો લાવી શકતા નથી. તેમાં સંત્સંગનો દોષ છે તેમ માની શકાય નહીં. ઘુવડ દિવસના ન જોઈ શકે તેમાં સૂર્યનો શો દોષ છે ? તેવી રીતે કોઈ અસાધ્ય દર્દથી ઘેરાએલો દર્દી હોય ને દવા ન જ ગુણ કરે તો તેમાં દવાનો પણ શો દોષ છે ? તેમ અમુક દર્દ ઉપર દવા ગુણ જરૂર કરે પણ કાળે કરીને ગુણ કરે છે. કેટલાક દર્દો દવાથી તરત મટી જાય છે, તેવી રીતે કેટલાક હળુકર્મિ જીવો એવા હોય છે કે, તેને સંત્સંગથી તરત લાભ થઈ જાય છે. જ્યારે કેટલાક કાટ ચડી ગએલાં લોઢા જેવાં હોય તેનો પહેલાં કાટ ઉખેડવો જોઈએ. કાટ ઉખડી જાય એટલે સંત્સંગથી જીવને જરૂર લાભ થાય છે. જ્યારે કેટલાક તો તદ્દન સડી ગએલાં લોઢા જેવા હોય છે, તેવા જીવો અસાધ્ય દર્દી જેવા હોય છે. અભવિનાં જીવો તીર્થંકર જેવા મહાપુરૂષોથી પણ પ્રતિબોધને પામતા નથી ! કરડુ સીઝે તો અભવિ બુઝે ! ગમે તેટલો અગ્નિ સળગાવવામાં આવે છતાં કરડુ મગ સીઝે નહીં, તેમ ગમે તેવા મહાન

સદ્‌ગુરૂનો યોગ મળ્યો હોવા છતાં અભવિ બુઝે નહીં ! સત્સંગ જરૂર ફળદાયી છે. પણ જીવની પણ થોડી પાત્રતા જોઇએ, અને તેવી પાત્રતા જીવની પોતાની હળુકર્મિતા અને યમ–નિયમાદિનાં પાલનથી આવે છે.

પોતાના દુષ્કૃત્યોની રોજીંદી નિંદા અને સુકૃત્યોની રોજીંદી આત્માની સાક્ષીએ અનુમોદનાં કરવાથી, દરરોજ રાત્રિનાં સમયે શયન કરતાં પહેલાં અરિહંતાદિ ચારે શરણાં અંગીકાર કરવાથી પણ જીવમાં યોગ્યતા આવે છે. આ રીતની રોજીંદી આરાધનાથી જીવનાં તથાભવ્યત્વનો પરિપાક થાય છે, અને જીવમાં ધર્મને રસ્તે ચડવાની ખરેખરી યોગ્યતા પ્રગટે છે.

ફક્ત અઢી દિવસમાં પોતાનું કામ કાઢી લીધું.

ચિલાતીએ જે દુષ્કૃત્યનું સેવન કર્યું હતું તે મેરૂપર્વત તુલ્ય હતું, છતાં મહાત્માના દર્શન થતાં અને તેમના શબ્દો તેના કાને પડતાં તેને પાપકર્મ અંગેનો પારાવાર પશ્ચાત્તાપ થયો છે. પાપ પણ તેનાં હાથે તત્કાળ આચરાએલું હતું. અને સત્સંગનો યોગ પણ તેને તત્કાળ મલ્યો, એટલે તે જીવની એટલી હળુકર્મિતા હોવાથી તેને તે પાપ કર્મ અંગેનો પશ્ચાત્તાપ એટલો બધો થયો કે તેનું મેરૂતુલ્ય પાપ **અણુ** તુલ્ય થઈ ગયું, અને પશ્ચાતાપનાં યોગે તેનામાં પાત્રતા એટલી બધી આવી ગઇ કે તે જીવ અઢી દિવસમાં નરકનાં અતિથિ બનેલાં પોતાનાં આત્માને સદ્‌ગતિનો અધિકાર બનાવી દીધો. તેને ફક્ત અઢી દિવસ સહન કરવું પડયું, પણ અઢી દિવસમાં તો અઢી દ્વીપમાં ન મળે તેવું વૈમાનિક દેવલોકનું સુખ તેણે

મેળવી લીધું. એક ક્ષણનાં સત્સંગના પ્રભાવે કેવો એ જીવનો ઉદ્ધાર થઇ ગયો ? પૂ. ચિદાનંદજીએ એક પદમાં લખ્યું છે કે, પાણીમાં વજ્ર ગળી જાય છે, પણ પતાસા કેટલીકવાર કોરા રહી જાય છે. સત્સંગના પ્રભાવે આવા વજ્ર અને લોઢાં જેવાં કઠણ જીવો ગળી જાય છે પણ, પતાસા જેવા માયાવી મીઠા-બોલા કોરા-ધાકોર જેવાં રહી જાય છે.

ઘોર પાપ આચરનારા તરી ગયા જ્યારે માયાવી કોરા રહી ગયા.

પૂ. ચિદાનંદજી ફરમાવે છે કે,

વજ્ર ગલત હમ દેખા જલ મેં કોરા રહત પતાસા
સંતો અચરિજ રુપ તમાસા ।

અરે સંતો ! જુઓ તો ખરા આ કેવો તમાસો છે ? જેને જોતાં ભલભલાને મનમાં આશ્ચર્ય થાય તેવો આ તમાસો છે. વજ્ર પાણીમાં ગળી જાય છે જ્યારે પતાસુ પાણીમાં કોરૂં રહી જાય છે ! ઇલાતીપુત્ર, દૃઢપ્રહારી, રોહણીયા ચોર, વગેરે પાપના ભારથી વજ્ર જેવાં કઠણ બની ગએલાં આત્માઓ, જિનવાણીના નિર્મળ પ્રવાહમાં ગળી ગયા છે. તેમનાં કર્મ મળ એવા તો ધોવાઈ ગયા કે, તે આત્માઓ, ઉજ્જવલ બની ગયા છે, જ્યારે ધવલશેઠ અને મમ્મણશેઠ જેવાં મહા પરિગ્રહધારી માયાવી મીઠા બોલા કોરા-ધાકોર રહી ગયા છે, અને અધોગતિગામી

બન્યા છે. આજે પણ ઉપાશ્રયમાં પગ નહીં મૂકનારા, સાધુઓના સમાગમમાં આવતાં ધર્મને રસ્તે એવા ચડી જાય છે કે, ઘડી ભર તેમનાં જીવનનું પરિવર્તન જોઈને ઘણા આશ્ચર્યમાં પડી જાય છે! જ્યારે ઉપાશ્રયના ચોરસા ઘસી નાંખનારા, કેટલીકવાર બાહ્યથી ધર્મ ઘણો કરતાં હોવા છતાં અંતરથી કોરા-કરાડ જેવાં હોય છે. કેટલીકવાર તો ઉપાશ્રયમાં બેસીને આખો દિવસ ધર્મ કરનારા સાધુઓનાં પણ નિંદક બને છે. દ્રષ્ટિને અંતરમાં વાળીને ધર્મ થતો હોત તો આવું પરિણામ કોઇ કાળે ન આવત. કેટલાક પોતાના દોષો ઉપરજ દ્રષ્ટિ રાખીને અંતર દ્રષ્ટિથી પણ ધર્મ કરનારા હોય છે. તેવાઓનું ધર્મમય જીવન જોઈને ભલભલાંને અનુમોદના કરવાની ઇચ્છા થઈ જાય.

દ્રષ્ટિ જેની બહિર્મુખ તેવો જીવ ગમે તેટલો ધર્મ કરતો હશે તો પણ એ જીવ ભવમાં જ ભટકવાનો છે અને દ્રષ્ટિ જેની અંતર્મુખ છે, અર્થાત્ પોતાના આત્માનાં લક્ષે જ જેની બધી ધર્મ પ્રવૃત્તિ છે, તે જીવ સંસારની ઘણી લાંબી મજલને પણ ટૂંકી કરીને બે-પાંચ ભવે મોક્ષે પહોંચી જવાનો છે. પૂ. ચિદાનંદજી ફરમાવે છે કે,

बिन बादल वर्षा अति वर्षत बिन दिग बहत बतासा
संतो अचरिज रूप तमासा ।

આકાશમાં એકેય વાદળ નથીને અનરાધાર વર્ષા થઈ રહી છે, એટલે ભગવાન દેશના દેતા હોય અથવા ગુરૂ ભગવંતો જિનવાણી સંભળાવતા હોય ત્યારે વાણીના ધોધ

વર્ષતા હોય છે, તે વર્ષા થવામાં વાદળાંની કોઈ જરૂર નથી. વર્ષા થાય એટલે તેનો પ્રવાહ અમુક દિશા યા વિદિશામાં વહેતો હોય છે, જ્યારે જિનવાણીનો પ્રવાહ તો મનુષ્યોનાં હૃદય ભણી વહે છે અને તે પ્રવાહમાં પાપ કર્મની અપેક્ષાએ વજ્ર જેવાં લાગતાં મનુષ્યો ગળી જાય છે, અને ધર્મનાં ઉપલકીયા રંગવાળા કોરા રહી જાય છે. આગળ વધીને પૂ. ચિદાનંદજી ફરમાવે છે કે,

કીડી કે પગ કુંજર બાંધ્યો જલ મે મગર પિયાસા
સંતો અચરિજ રુપ તમાસા ।

ઘણા મનુષ્યો સરકસ જોવા જતા હોય છે. તેમાં અનેક પ્રકારનાં દૃશ્યો બતાવવામાં આવે છે. મનુષ્યો જોઈને હેરત પામે તેવા દૃશ્યો મોટે ભાગે ત્યાં જોવા મળે છે. વાઘ અને બકરીને ભેગાં ઉભા રાખે, સિંહ પર માણસને સવાર થયેલો બતાવવામાં આવે વગેરે આવા દ્રશ્યો તો મારી સામે બેઠેલા તમારામાંથી ઘણાંએ જોયા હશે, પણ કીડીને પગે કુંજર (હાથી) બંધાયો છે એવું દ્રશ્ય કયાંય કોઈ સરકસમાં તમારામાંથી કોઈનાં જોવામાં આવ્યું ? જ્યારે ચિદાનંદજી કહે છે કે, સંતો ! જુઓ આ કેવો વિસ્મયકારી તમાસો છે, કર્મ પ્રકૃતિરૂપી કીડી તેનાં પગે આત્મા રૂપી કુંજર બંધાયો છે. તે કર્મ પ્રકૃતિરૂપી કીડી જ્યાં ઠીક લાગે ત્યાં ચાર ગતિ રૂપ સંસારમાં આત્મા રૂપી કુંજરને ઘસડી જાય છે. એક કીડી કુંજરને હંફાવે એ કેવું દ્રશ્ય કહેવાય ? હું નથી માનતો કે, કમલા સરકસમાં એ આવું દ્રશ્ય તમને જોવા મલ્યું હોય ? આજે ધુમ્રપાન કરનારાઓને બીડી

પીધા વિના ચાલે નહીં. થોડી વાર થાય કે બીડી ચગાવે, ત્યારે આ બીડી રૂપી કીડીએ પણ ચૈતન્યરૂપી કુંજરને અરોબરનો પોતાના પાસમાં બાંધ્યો છે. અનંત શક્તિનો ધણી આત્મા એક બીડીના વ્યસનને એક ઘડાકે છોડી શકતો નથી, કારણ કે તેને પોતાની અનંત શક્તિનું જ ભાન નથી.

સિંહનાં બચ્ચાંએ જન્મકાળથી પોતાને બકરો માની લીધો હોય, એટલે તે બધી ચેષ્ટાઓ બકરાં જેવી જ કરે પછી આગળ પર કોઈ સિંહનો ભેટો થતાં તેને પોતાનાં સ્વરૂપનું ભાન કરાવી દે તે પછીની વાત જુદી છે પછી તો તે એવી સિંહ ગર્જના કરે કે, તેની આજુ-બાજુનાં બધાં પ્રાણીઓ ભાગવા માંડે તેમ આત્માને પણ તેની પોતાની અનંત શક્તિનું ભાન નહીં હોવાથી જડની જેમ બધી પ્રવૃત્તિ કરે છે, તેમાં તેને કોઈ સદ્‌ગુરૂરૂપી સિંહનો ભેટો થઈ જાય તો જરૂર ચૈતન્યરૂપી સિંહ જાગી ઉઠે, અને પછી બીડીનો શું એકવાર કનક-કામિનીનો પણ ત્યાગ કરીને ધર્મને રસ્તે ચાલી નિકળે!

ચા કે બીડી ન છુટે ત્યાં રાગ કે દ્વેષ છુટવા સહેલા નથી!

જ્ઞાનીઓ તો ઉપદેશ આપીને રાગ-દ્વેષાદિ છોડાવવા માંગે છે, ત્યારે આ જીવ એક ચા કે બીડીનો ત્યાગ કરી શકતો નથી, તો પછી સ્ત્રીનો મોહ છોડીને એ બ્રહ્મચર્ય શું પાળશે? અનંત શક્તિનો ધણી આત્મા અને સ્વરૂપની અપેક્ષાએ સદ્ ચિદાનંદ અને આનંદઘન એવો આત્મા એક

ચા કે બીડીના વ્યસનને છોડી શકતો નથી તેનું મૂળ કારણ એજ છે કે, તેને પોતાના સ્વરૂપનું જ ભાન થયું નથી. કર્મપ્રકૃતિઓને ખપાવવાની પણ પ્રચંડ તાકાત આત્મામાં રહેલી છે પણ તે આત્મા પોતાની તાકાત ફોરવતો નથી, એટલે કર્મને વશ બનીને તે સંસારમાં અનાદિ કાળથી ભમી રહ્યો છે. ગમે તેટલાં કર્મ બળવાન હોય પણ તે જડ છે અને આત્મા ચેતન છે. જડ કર્મોની તાકાત ગમે તેટલી હોય પણ ચેતન જો નિજ ભાનમાં હોય તો જડની તાકાત શું કામ આવે? પણ પૂ. વીરવિજયજીએ ફરમાવ્યું છે, તેમ—

ચેતન ચતુર થઇ ચૂક્યો। નિજ ગુણ મોહવસે મૂક્યો ॥

ચેતન પોતે ચતુર હોવા છતાં ચૂકયો છે અને મોહ વશ થઈને પોતાના અનંત ગુણ સમુદાયના ભંડારને જાણે કર્મ રાજાને ત્યાં ગીરવે મૂકી દીધો છે. ચેતન જેવો ચેતન કર્મ પ્રકૃતિનાં બંધનમાં જકડાઈ ગયો છે. પોતે પોતામાં સાવધાન બને તો ક્ષણમાં બંધનથી છુટી જાય. આચારાંગ સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે કે,

अरई आउट्टे से मेहावी खणंसि मुक्के

સંયમના માર્ગમાં માનસિક ઉદ્વેગનો ત્યાગ કરી દેનાર અને મનની પ્રસન્નતાપૂર્વક આગળ ધપનાર બુદ્ધિશાળી પુરૂષ ક્ષણમાત્રમાં સ્વલ્પ કાળમાં બંધનથી મુક્ત થઈ જાય છે. સૂત્રકારના આ ટંકશાળી વચન પરથી સમજી લો કે, એક ક્ષણ પણ કેટલી મહા કિંમતી છે.

બન્ને બાજુથી આગની લપેટમાં

કીડી કે પગ કુંજર બાંધ્યો એ પદનું રહસ્ય સમજાવવામાં આવ્યું. ત્યાર બાદ લખે છે,

जलमें मगर पियासा, संतो अचरिज रूप तमासा ॥

જેમ સંત કબીરજીએ પણ લખ્યું છે કે,

पानीमें मीन पियासी मोहे सुनसुन आवस हांसी ॥

સરોવરના અગાધ જળમાં રહેનાર મત્સ્ય કહે કે હું તરસ્યો છું તો એ વાત તેની માન્ય કોણ રાખે ? તેમ અનંતસુખ આત્મામાં છે છતાં જીવ પોતાને દુઃખી માની બેઠો છે કારણ એને પોતાનાં અનંત અવ્યાબાધ સુખનું ભાન નથી. બહારનાં સુખ એ તો સુખાભાસ જેવાં છે ! જ્યારે શાન્તિ અને સમાધિનું ખરૂં સુખ તો આત્મામાંજ રહેલું છે. જીવને ધન વગેરે ન મળતાં હોય તો તેની તૃષ્ણા ઘણી રહે છે અને પુન્યનાં ઉદયે મળી જાય તો જીવને તૃપ્તિ નથી !

આમ તૃષ્ણા અને અતૃપ્તિની બન્ને બાજુની આગની લપેટમાં જીવ એવો તો ઘેરાઈ ગયો છે કે સ્વપ્ને પણ તે શાન્તિ પામતો નથી ! ધન વૈભવથી જીવને તૃપ્તિ થવાની નથી જીવને તૃપ્તિ સમ્યક્ જ્ઞાનથી છે માટે ખરૂં સુખ જ્ઞાનમાં છે. પણ કયાંય બહારમાં ખરૂં સુખ છે નહીં ? દેવલોકના દેવો પણ ઈર્ષ્યાની આગમાં કયારેક એવા લપેટાઈ જાય છે કે ત્યાં તેમને પણ વાસ્તવિક સુખ હોતું નથી તો

પછી અહિંના સુખ અને વૈભવની વાતજ કયાં કરવાની રહી? માટે સુખ જોઇતું હોય અને સુખી થવું હોય તો સ્વ તરફ વળો અને પર તરફનું લક્ષ છોડી દો!

કરત હલાહલ પાન રુચીધર, તજ અમૃતરસ ખાસા ।
ચિંતામણિ તજ કાચ શકલકી ધરત ચિતમેં આશા ॥
સંતો અચરિજ રુપ તમાસા ॥

અમૃતરસનો ત્યાગ કરીને કોઇ હલાહલ એવા ઝેરનું પાન કરે એ શું ડહાપણ ભર્યું કહેવાય? કોઇપણ બુદ્ધિશાળી એવો અભિપ્રાય નહીં આપે કે એ ડહાપણ ભર્યું કહેવાય! ત્યારે મનુષ્ય ભવ જેવા મનુષ્ય ભવને પામીને જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનામાં નહીં જોડાનારાં અને કેવલ ઇન્દ્રિયોનાં વિષયોમાં રાચનારાં મનુષ્યો અમૃતનો ત્યાગ કરીને જીવનમાં હલાહલ વિષ પાન કરનારાં છે, તેવાં મનુષ્યો અત્યંત ભાવદયાને પાત્ર છે. સદ્‌ગુરૂઓ બોધ આપીને અમૃતના કટોરાં મોઢે મંડાવી દે છે. છતાં હતભાગી મનુષ્યો તેને ગટગટાવી શકતા નથી. અને વિષયવાસના એ કાતિલ ઝેર હોવા છતાં જાણે હોંશે હોંશે તેનું પાન કરતાં હોય છે. દિકરાને ઘેર દિકરા આવી ગએલા હોય ત્યાં સુધી પણ મોટા ભાગનાં મનુષ્યો વિષય વાસનાથી વિરમતાં નથી, પછી તો શરીરમાં અનેક રોગો ઘર કરી જાય છે. વધારે પડતી વિષય વાસના એ રોગોની જન્મદાત્રી છે. માનવી સંયમનો આદર્શ નજર સામે રાખીને જીવન જીવવા માંડે તો તેનું જીવન સુખમય બનવાની સાથે ધન્ય જીવન બની જાય!

કર્મ બાંધતા વિચાર નહીં રાખો તો ઉદયકાળ ભોગવતા આંખે અંધારા આવી જવાના

ધર્મ ચિન્તામણીનું ત્યાગ કરીને મનુષ્યો પાપકર્મ રૂપી કાચના ટુકડાની મનમાં આશા કરતાં હોય છે. ચિન્તામણિની આગળ કાચના કુકડાની શી કિંમત છે? ધર્મનાં પ્રભાવે જીવનો અભ્યુદય થાય છે અને પરંપરાએ નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે. અહિં કાચ વાગ્યો હોય તો કયારેક છ મહિનાનો ખાટલો આવે ત્યારે પાપ કર્મ રૂપી કાચના ટુકડા વાગ્યા હોય તો ઘણા લાંબા કાળ સુધી અતિ દારૂણ દુઃખ ભોગવવાનો વખત આવે છે! બાંધવાનાં ટાઈમે અથવા આચરવાના ટાઇમે પાપની કાંઈ ખબર ન પડે, પણ જ્યારે વિપાક ભોગવવાનો ટાઇમ આવે છે ત્યારે ખબર પડે છે કે, પાપ એ શી વસ્તુ છે? અને તેમાં પણ જો તીવ્રરસથી બાંધેલા હોય તો ભોગવવાનાં સમયે આંખે અંધારા આવી જાય છે. પ્રદેશોદયથી કર્મો ભોગવાઇ જાય તેમાં કાંઇ ખબર ન પડે પણ જ્યારે વિપાકોદયથી ભોગવાતાં હોય ત્યારે બરાબરની હાજરી લેવાઇ જાય છે. માટે પાપકર્મ રૂપી કાચના ટુકડા સંધરવા જેવા નથી. કાચના ટુકડાં ભેગાં કરે દાળદર નહીં ફીટે, જ્યારે ધર્મ ચિન્તામણિનો પ્રભાવ એવો છે કે એકલાં દાળદરનું જ નહીં પણ દુઃખ, દરિદ્રતા અને દૌર્ભાગ્ય આ ત્રણેનો મૂળમાંથી અંત લાવી દેશે અને જીવને શાશ્વત સુખના ધામમાં પહોંચાડી દેશે.

છેલ્લી ગાથામાં પૂ. ચિદાનંદજી ફરમાવે છે કે,

वेर अनादि पण उपरथी, देखत लगत बगासा !
चिदानंद वोही जन उत्तम, कापत यांका पासा ।
संतो अचरिज रुप तमासा ।

આશા, તૃષ્ણા, માયા, મમતા એ જીવનાં અનાદિના વૈરી છે. છતાં ધનની આશા અને તૃષ્ણામાં જીવને મોઢામાં પાણી આવી જાય છે. પૂ. ચિદાનંદજી ફરમાવે છે કે, આ જગતમાં ઉત્તમ તેજ છે કે, જે આશા અને તૃષ્ણાના બંધનને તોડી નાંખે છે. અંદરના દોષો એજ જીવનાં દુશ્મન હોવા છતાં જીવ તેને ઓળખી શકતો નથી, અને તેની સાથે મિત્રની જેવો વર્તાવ રાખે છે. અંદરના અભ્યંતર શત્રુઓને ઓળખીને જીવ જો જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં પ્રવર્તે તો બંધન આજ ક્ષણે તૂટી જાય. આનંદઘનજીની જેમ ચિદાનંદજીએ રચેલાં પદોમાં પણ કેટલી અદ્‌ભુતતા છે ! અદ્‌ભુતતાની સાથે તેમાં ભાવવાહિતા કેટલી છે ? અને તેમાં પાછી પ્રશાંતવાહિતા રેલાએલી છે. નિર્જન જંગલનાં પ્રદેશમાં બેસીને આવા પદો લલકારવામાં આવે તો એક વાર સૂતેલો આત્મા અંદરથી જાગ્યા વિના ન રહે !

એક પણ ક્ષણ ધર્મ વિનાની ન જાય ત્યારે સમજવું કે જીવન હવે ધન્ય બન્યું

મનુષ્યભવની જે ક્ષણો જાય છે. તે મહા કિંમતી છે. એક પણ ક્ષણ જ્યારે ધર્મ વિનાની ન જાય અને ધર્મ જીવનમાં તાણાને–વાણાની જેમ વણાઈ જાય, ત્યારે આ મનુષ્ય જીવનની સાચી સફળતા છે. દેવભવના પલ્યોપમને

સાગરોપમનાં આયુષ્ય કરતાં, મનુષ્યભવના એક ક્ષણનાં આયુષ્યને જ્ઞાનીઓએ મહા કિંમતી કહ્યું છે મનુષ્ય ધારે તો ક્ષણમાં સાધી શકે તે દેવો સાગરોપમ અને પલ્યોપમનાં કાળમાં સાધી શકતા નથી. પૂ. વીરવિજયજી મહારાજે સામાયિક વ્રતની પૂજામાં ફરમાવ્યું છે કે,

લાખ ઓગણસાંઠ બાણું કોડી;
પચ્ચવીશ સહસ નવસેં જોડી
પચ્ચવીશ પલ્યોપમ ઝાઝેરૂં;
તે બાંધે આયુ સુર કેરૂં,
હે સુખકારી! આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે,
હે ઉપકારી ! એ ઉપકાર તુમારો,
કદિએ ન વિસરે.

એક સામાયિકનો કાળ અડતાલીસ મિનિટનો હોય છે. એટલાં સામાયિકનાં કાળમાં જીવ જો બરાબર શુભ ભાવમાં રહ્યો હોય તો બાણુક્રોડ ઓગણશાઠ લાખ, પચવીશ હજાર અને નવસો પચ્ચીસ પલ્યોપમ [૯૨,૫૯,૨૫,૯૨૫,] થી કંઇક અધિક દેવ ભવનું આયુષ્ય જીવને બંધાય છે, હવે વિચારો કે મનુષ્ય ભવની એક મિનિટ કેટલી કિંમતી છે? દેવભવનાં બે ક્રોડ પલ્યોપમ કરતાએ મનુષ્ય ભવની એક મિનિટની કિંમત વધારે ઠરે છે !

વિકાસની ચરમ સીમાને મનુષ્ય જ પાર કરી શકે

દેવભવનાં આયુષ્યની વાત તો ઠીક છે. પણ બીજા

આરાનો કાળ હોય તો એક અંતર્મુહુર્તનાં કાળમાં ઘાતિ કર્મોનાં ભુક્કા બોલાવવાની તાકાત મનુષ્યમાં રહેલી છે. ગમે તેવા દેવો ચોથા ગુણ ઠાણાંથી આગળનાં ગુણ સ્થાનકને પામી શકતા નથી, ત્યારે મનુષ્યો કાળ અને સંઘયણાદિની અનુકુળતા હોય તો ચૌદમા ગુણ સ્થાનકને પામીને મોક્ષ પદને મેળવી લે છે. ત્રીજા, બારમા અને તેરમાં ગુણ સ્થાનકે કોઈ પણ જીવો મૃત્યુને પામતા નથી. બાકીનાં ૧૧ ગુણ સ્થાનકે વર્તતો જીવ મૃત્યુને પામી શકે છે. પહેલાં, બીજા અને ચતુર્થ ગુણસ્થાનક સિવાયના કોઈ પણ ગુણ સ્થાનકો ભવાંતરમાં જીવની સાથે જતાં નથી. ફક્ત મિથ્યાત્વ સાસ્વાદન અને અવિરત સમ્યકત્વ એ ત્રણ ગુણ સ્થાનકોજ ભવાંતરમાં સાથે જાય છે. આત્મ વિકાસની ચરમ સીમાને આંબી જવાની તાકાત ફક્ત મનુષ્ય પ્રાણીમાંજ છે. મનુષ્ય પ્રાણી સિવાયનાં દેવ, તિર્યંચ દે નારકો ચોથા કે પાંચમાં ગુણઠાણાની ભૂમિકાને પામી શકે છે. દેવ અને નારકોની મર્યાદા તો ચોથા અવરિત સમ્યકદ્રષ્ટિ ગુણ ઠાણા સુધીની જ છે ફક્ત કોઈ સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચની અપેક્ષાએ પાંચમાં ગુણઠાણાની ભૂમિકા કહી છે. બાકી ગુણઠાણાની ચરમ સીમાએ મનુષ્ય ભવમાં આવેલાં આત્માઓ જ પહોંચી શકે છે. આ મનુષ્યભવ અંગેની એક મહાન વિશિષ્ટતા છે.

જીવને પ્રતિ સમયે બંધ પડે છે, માટે પ્રતિ સમયે સાવધ રહેવાની જરૂર.

મનુષ્યભવની કિંમત કોહીનૂર કરતાં પણ અનંતગણી છે. પણ તેની ક્ષણભંગુરતા પણ એટલી બધી છે કે, કયારેક

એક પળમાં પ્રાણ ઉડી જાય છે. માટે જે મનુષ્યોને મનુષ્ય ભવમાં આવીને આત્મહિત સાધી લેવું હોય તે મનુષ્યોએ પ્રમાદનો પહેલાં ત્યાગ કરવો જોઈએ. આયુષ્યકર્મ સિવાયની સાત કર્મ પ્રકૃતિઓનો બંધ જીવને પ્રતિસમયે પડે છે માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીર પ્રભુએ ફરમાવેલા ઉપદેશ પ્રમાણે જીવે એક પળનો પણ પ્રમાદ નહીં કરવો જોઈએ. ગૌતમ સ્વામી જેવા મહાપુરૂષને ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રનાં દશમાં અધ્યયનમાં ફરમાવ્યું છે કે ગૌતમ આ મનુષ્યભવ ફરી ફરીને મળવો અતિ દુર્લભ છે માટે આત્મહિત સાધી લેવું હોય તો, ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં આવા મહાન અપ્રમત્ત યોગીન્દ્રને ભગવાને પ્રમાદનાં ત્યાગનો ઉપદેશ કર્યો છે તો આપણે તો પ્રમાદનાં પોટલાં કહેવાઇએ તો આપણા જેવા માટે તો આવા ઉપદેશની અત્યંત જરૂર છે. જીવ પ્રતિ સમયે પોતામાં સાવધ નહીં રહે તો તેનાં ઘરમાં લુંટ ચાલુજ રહેવાની છે અને તેનું આત્મિક ધન લુંટાઇ જવાનું છે. કારણ કે, પ્રતિ સમયે જીવને બંધ પડે છે. જીવ પ્રતિસમયે પોતામાં સાવધ બની અંદરનાં અધ્યવસાય સારા રાખે તો બંધ પરંપરા એની મેળે અટકી જાય. પછી બંધ પડે પણ ઈર્યાપથિક બંધ પડે. સાંપરાયિક ન પડે તો તેથી જીવને ગભરાવાનું કોઇ કારણ નથી. કષાયયુક્ત પરિણામથી સાંપરાયિક બંધ પડે છે અને કેવળ યોગની પ્રવૃત્તિથી ઈર્યાપથિક બંધ પડે તે તો બળી ગએલી સિંદરી જેવું હોય. અનંત શકિતના ધણી આત્માને તેવા બંધનો તોડતાં વાર કેટલી લાગે ?

તન અટકે ત્યારે મન ન છટકે તો ઘણી નિર્જરા સાધી શકે

મનુષ્યનું શરીર અનિત્ય છે ધન–વૈભવ પણ શાશ્વત્ નથી. મૃત્યુ તો સદા જાણે આપણી નજદીકમાં જ છે, એમ જાણીને મનુષ્યોએ જીવનમાં ધર્મ સંચય કરવું જોઈએ. દશવૈકાલિકનાં આઠમાં અધ્યયનમાં ફરમાવ્યું છે કે,

जरा जावन पीडेई वाही जाब न वड्ढइ ।
जाविंदिया न हायंति तावधम्मँ समायरे ॥

જરાઅવસ્થા જ્યાં સુધી શરીરને પીડે નહીં અને વ્યાધિ શરીરમાં જ્યાં સુધીમાં વધી ન જાય અને ઇન્દ્રિયોની શકિત જ્યાં સુધીમાં હણાઇ ન જાય ત્યાં સુધીમાં મનુષ્યોએ ધર્મ આરાધી લેવો. શરીરથી તદ્દન અશકત બન્યા પછી કંઈ બનવાનું નથી. મોઢામાંથી લાળો જતી હશે અને હાથે કંપવા ઉપડયો હશે એ ટાઇમે માળાએ હાથમાં કયાંથી રહેવાની છે ? પહેલાથી જ ધર્મના માર્ગે વળેલો જીવ હોય તો એવી સ્થિતિમાં પણ પોતાના મનને જરૂર સમાધિભાવમાં રાખી શકે. તન અટકે ત્યારે મનુષ્ય ધારે તો મનને શુભ ભાવોમાં રાખીને ઘણું કર્મ ખપાવી શકે, પણ એ તો શરૂઆતથી જ જાગૃત આત્મા હોય તો જ બની શકે.

ધર્મમાં મુદ્દત ન હોય !

આટલી ચોખવટ થયા પછી હવે એવી ભ્રમણામાં નહીં

રહેતા કે, ઘડપણમાં ભગવાનને ભજી લઈશું ! ઘડપણ આવે એ પહેલાં જ ઘણાં બળતણમાં ચાલ્યા જાય છે તેનું શું ? માટે આ જીંદગીનો એક પળનો ભરોંસો નથી એમ સમજીને નિરંતર ધર્મધ્યાનમાં રહેવું ! ધર્મમાં મુદત ન હોય ! મુદત લેવી હોય તો કોર્ટમાં લેજો, બાકી ધર્મમાં તો-જાગ્યા ત્યારથી જ સવાર-એમ સમજીને કામે લાગી જવાનું છે. આ તો વિજળીના ઝબકારે મોતી પરોવવાની વાત છે. ભાદરવાની મેઘલી અમાવસ્યાની મધ્ય રાત્રિના સમયે વીજળીનાં ઝબકારે મોતી દોરામાં પરોવવું હોય તેણે કેટલાં સજાગ રહેવું જોઈએ ? સજાગ રહેવાને બદલે ઝોલા ખાય તો કયાથી મોતી પરોવી શકે ? અને ઝોલા ખાતા કયાંય ઝોકો આવે તો રામ રમી જાય ! મોતી મોતીના ઠેકાણે રહી જાય, વિજળીના ઝબકારાનો કાળ કેટલોક હોય છે, તો પછી તેનાં પ્રકાશમાં કાર્ય કરી લેવું હોય તો કેટલાં સાવધ રહેવું જોઈએ ? આ જીંદગી પણ વિજળીનાં ઝબકારા જેવી જ છે. અથવા અંજલિમાં રહેલા જળની જેમ આયુષ્ય ક્ષણભંગુર છે. તો પછી આવા ક્ષણભંગુર મનુષ્યશરીરથી આત્માર્થ કે પરમાર્થ સાધી લેવું હોય તો સદા-સર્વદા કેટલા સજાગ રહેવું જોઈએ ! અને જીવનમાં કેટલી સાવધાની રાખવી જોઈએ ? પછી કુંભકર્ણની નિદ્રામાં મનુષ્ય ઘોરતો રહે તો કયાંથી કાર્ય થવાનું છે ? કોઇ મહાત્માએ લખ્યું છે કે,

निशदिन नयनमें निंद न आवे
नर तब ही नारायण पावे ।

નયનોમાંથી નિદ્રા ચાલી જાય અને સ્વઆત્મામાં

પુરેપુરી જાગૃતિ આવી જાય ત્યારે મનુષ્ય નારાયણને પામે છે. ગમે તેવું શરીર સશકત હોય તોએ કાળનો ભરોસો કરવા જેવો નથી! વજ્રકાયવાળા મનુષ્યોને પણ કાળે સંહરી લીધા છે અને કાળનો રાત અને દિવસનો એજ ધંધો છે. પ્રતિસમયે અનંતાનંત પ્રાણીઓને કાળ સંહરી રહ્યો છે. ફકત મોક્ષે ગયેલા આત્માઓ કાળના ઝપાટાથી બચી ગયેલા છે. બાકી તો—

स्वप्नको राज साच करी मानत, राचत ज्या ज्युं
गगन बदरीरी – आइ अचानक काल तोपची
ग्रहगो ज्युं नाहर बकरीरी ।
जीय जाणे मेरी सफल घडीरी ॥

કાળના ઝપાટામાં બલભલાં આવી જાય છે. જંગલમાં બકરી નિરાંતે ચરતી હોય ત્યાં પાછળથી નાહરસિંહ આવીને તેને પકડી લે છે, તેમ માનવી સંસારનાં શાતાના સુખની લહેરમાં જ્યાં રાચતો હોય ત્યાં કાળરૂપી શિકારી અચાનક આવીને તેને ઝડપી જાય છે. માટે ધર્મ આચરવો હોય તેણે કાળનાં ભરોસે રહેવા જેવું નથી. જે કાલે કરવું હોય તે આજે કરવું અને આજે બપોરે કરવું હોય તે આજ ક્ષણે કરી લેવું. જીંદગીનો ભરોસો નથી અને જે ક્ષણ જાય છે તે લાખેણી જાય છે.

ધર્મ સદા–સર્વદા આચરવા યોગ્ય

આ તો માનવી ભ્રમણામાં પડી ગયેલો છે અને

વિચારો મનમાં એવા કરતો હોય છે કે, આપણી કઇ અવસ્થા થઈ ગઇ છે ? ધર્મ કરવાને હજી આપણે ઘણી વાર છે ! અત્યારથી વળી ધર્મ ધર્મ શું કરવાનું હોય ! અત્યારે આ કાળમાં તો ભોગવાય તેટલાં સુખ ભોગવી લેવા જોઇએ ! આ તો સુખ ભોગવી લેવાનો કાળ છે. ધર્મ કરવો હશે તો ઘડપણમાં કરી લેવાશે. આવા મિથ્યા વિચારના પોતે તો કરે નહીં અને બીજા કરતાં હોય તેની પણ ઉપરથી મશ્કરી કરે. અરર ! આ તો હજી ઉગીને ઉભો થયો નથીને મોટો ધર્મ કરવા નીકળી પડયો છે ! જાણે ધર્મના પુંછડા થઈ ગયા છે ! આવી ભાષા ઉચ્ચારનારા પણ કેટલાકો હોય છે બધા કંઈ તેવા નથી હોતા, કોઈ કોઇનાં મોઢેથી આવા શબ્દો સાંભળ્યા છે. એટલે તેવા આત્માઓ પણ કોઈને ધર્મમાં અંતરાય ન કરે તેવી સદ્‌બુદ્ધિથી આટલું લખેલ છે. તેવા મનુષ્યો એટલું જ જો સમજતા થઈ જાય કે, મૃત્યુ વૃદ્ધાવસ્થામાં જ આવે છે તેવું નથી. મૃત્યુ બાલ્યાવસ્થામાં પણ આવે છે, યુવાવસ્થામાં પણ આવે છે અને વૃદ્ધાવસ્થામાંએ આવે છે. ધર્મ માટે અમુક જ નિયત કાળ છે એમ નહીં સમજવાનું. ધર્મ સદા–સર્વદા આચરવા યોગ્ય છે. આટલી સમજણમાં તો જીવની બધી ભ્રમણા ભાંગી જાય તેવું છે.

મનુષ્યભવની ક્ષણેક્ષણની સફળતામાં કરોડોની કમાણી

ધર્મની કમાણી કરી લેવા માટેનો મનુષ્યભવનો જ ઝરેખરો અવસર છે. તેની ક્ષણેક્ષણની સફળતામાં કરોડોની

કમાણી છે, અને અફળતામાં તેટલી જ મોટી નુકશાની છે. સત્સંગમાં, સદ્‌વિચારમાં, સત્કરણીમાં જે જે ક્ષણો જાય તે સફળ છે. કુસંગમાં, દુર્ધ્યાનમાં, કુકર્મો કરવામાં જે ક્ષણો જાય છે તે અફળ છે. તિર્યંચ પશુઓ સવારના ઉઠે અને રાતના સુઈ જાય ત્યાં સુધી તેને એકજ પેટ ભરવાની ચિન્તા! તેમ કેટલાક મનુષ્યો પણ સવારનાં ઉઠે અને રાતના સુઈ જાય ત્યાં સુધી કુટુંબીઓનાં ભરણ-પોષણની અને પેટ ભરવાની જ ચિન્તા લાગેલી હોય! પરમાર્થની તો લેશ પણ વિચારણા હોય નહીં કે, આ મળેલો મનુષ્યભવ સફળ શી રીતે થાય? આજનાં દિવસમાં કેટલાં મેં શુભ કાર્યો કર્યા? શું આચરવા યોગ્ય છે? શું પરિહરવા યોગ્ય છે? આવી લેશ પણ પરમાર્થની વિચારણા ન હોય તો તેવા મનુષ્યોના પણ રાત્રિ અને દિવસો કયાંથી લેખે લાગવાના છે? સત્કર્મ કરનારનાં રાત્રિ અને દિવસ સફળ થાય છે. જ્યારે અધર્મ આચરનારના રાત્રિ અને દિવસ અફળ જાય છે. દિવસ ઉગ્યોને આથમી ગયો, પણ આખા દિવસમાં પા-અડધી કલાકનું સત્સંગ પણ આપણે ન કરી શકયા, તો દિવસ ઉગ્યો એ આપણા માટે આથમી ગયા બરાબર છે. આવા જેટલા દિવસો પસાર થઈ જાય તેની પર ચોકડી મૂકવાની રહી. માટે ધર્મનું આચરણ કરવાવડે રાત્રિ-દિવસ અને ક્ષણે ક્ષણને લેખે લગાડો!

તેવા બધા દિવસો પર ચોકડી મૂકો

આખા દિવસ દરમ્યાનમાં જુઠું ન બોલ્યા હો, કોઈની આધી-પાછી કરી ન હોય, કોઈ સાથે વ્યાપારમાં અનીતિ કરી ન હોય, કોઈ સાથે વિશ્વાસઘાત કર્યો ન હોય,

ન કોઇ જીવને દુઃખ પહોંચાડયું હોય, ન કોઈ પર ખોટાં આળ ચડાવ્યાં હોય, સામાયિક-પ્રતિક્રમણ, સ્વાધ્યાય, યથાશક્તિ વ્રત-પચ્ચક્ખાણ કર્યા હોય, પા-અડધી કલાક પણ આત્માનાં સ્વરૂપની સમ્યક વિચારણા કરી હોય, તો સમજવું કે એ દિવસ તમારા માટે સફળ છે. દિવસને તમે લેખે લગાડયો. એવા બાર મહિનામાં કેટલા દિવસો પસાર થાય છે તેની એક ડાયરીમાં નોંધ કરતા રહો. જેટલાં દિવસો શુભ પ્રવૃત્તિમાં જાય ત્યાં એકડો કરવો; બાકી ઉપર હમણાંજ કહી ગયા તેમ નિંદા-કુથલીમાં, આધી-પાછી કરવામાં, કષાય કરવામાં જેટલાં દિવસો જાય તેની પર ચોકડી મૂકો ! આવો અભ્યાસ જીવનમાં આજથીજ શરૂ કરી દો ! જતે દહાડે જીવન તમારૂં જરૂર ધર્મમય બની જશે. અંધકારની જગ્યાએ જીવનમાં પ્રકાશ પથરાઈ જશે.

મનુષ્યભવને એળે ગુમાવ્યો તો અનંતાભવ એળે ગુમાવવા જેવુ થશે

ચોમાસામાં કેટલાય અળસીયાં જન્મે છે અને બિચારા મૃત્યુને પામી જાય છે. બીજાં પણ ચોમાસાની સીઝનમાં કેટલાય પ્રાણીઓ જન્મે છે અને મૃત્યુને પામે છે. તેવા જંતુઓ તો એક ભવ હારી જાય છે, પણ આ મનુષ્યભવને જો આપણે હારી ગયા, તો એક ભવ નહીં પણ અનંતાભવ હારી જવા જેવું થશે. કારણ કે ફરી આવો મોંઘેરો મનુષ્યભવ મળવો અતિ દુર્લભ છે અને ઘોર કર્મ બાંધેલા હશે તો કેટલાય ચોરાશીના ફેરા કરવા પડશે.

શેઠના ત્રણ પુત્રોનું દૃષ્ટાંત

એક શેઠને ત્રણ દીકરા હતા. ત્રણેને શેઠે હજાર હજારની મૂડી આપીને વ્યાપાર કરવા દેશાવર મોકલ્યા. શેઠને ત્રણેની પરીક્ષા કરવી હતી કે આ ત્રણેમાં હોશિયાર કોણ છે? જેથી તેને ઘરનો વહીવટ સોંપી શકાય. ત્રણે ભાઈઓ જુદા જુદા દેશમાં જઈ પહોંચ્યા. દેશાવરનાં કોઇ મોટા શહેરમાં પહોંચ્યા બાદ એક ભાઈએ વિચાર કર્યો કે, પિતાની પાસે ઘણું ધન હોવા છતાં પરીક્ષા કરવા માટે અમને ત્રણેને દેશાવર મોકલ્યા છે, માટે વ્યાપારમાં સારી રીતે ધન ઉપાર્જન કરી પિતાને પ્રસન્ન કરવા જોઈએ એટલે વ્યાપારમાં પોતાનો ખર્ચ કાઢતાં પહેલા દિકરાએ ખૂબ ધન મેળવી લીધું. શેઠે આપેલી મૂળ મૂડીમાં ખૂબ વધારો કર્યો. ત્યારે શેઠના બીજા પુત્રને મનમાં થયું કે પિતાશ્રી પાસે ધન ખૂબ છે. તો અધિક ધન કમાવવા શા માટે પરિશ્રમ ઉઠાવવો જોઈએ? એટલે એ શેઠે આપેલી મૂડી ઉભી રાખીને પોતાના નિર્વાહ જેટલું મેળવી લે છે. જ્યારે ત્રીજાને થયું કે શા માટે કમાવું જોઈએ? બાપા પાસે કરોડોની સંપત્તિ છે તે અમને જ કામ લાગવાની છે. એટલે તે ત્રીજા નંબરનો દીકરો પિતાએ આપેલી મૂડીનો મહાવ્યસનાદિ સેવવામાં દુરૂપયોગ કરી નાખે છે. થોડા દિવસમાંજ પિતાએ આપેલી મૂડી તેણે હાથમાંથી ગુમાવી દીધી.

મનુષ્યભવ પામીને એવા પાપકર્મ નહીં આચરતા કે મૂળ મૂડીએ સાફ થઈ જાય.

સમયની મર્યાદા પુરી થયે ત્રણે ભાઈઓ ફરી પાછાં

ઘેર આવે છે. તેમાં જે ખૂબ કમાણી કરીને આવેલો છે તેને શેઠે આખાએ ઘરનો સ્વામિ બનાવી દીધો. પોતાનો બીજો સુપુત્ર કે, જે મૂળ મૂડી ઉભી રાખીને આવેલો છે તેને વ્યાપાર-ધંધા અંગેનું ઘરનું બધું કામકાજ સોંપી દે છે. અને ત્રીજાને ઘરમાંથી કાઢી મૂકે છે.

આજ દ્રષ્ટાંત ધર્મમાં ઘટાવવામાં આવે છે. શેઠનાં ત્રણ પુત્રોની જેમ સંસારમાં પણ ત્રણ પ્રકારનાં મનુષ્યો હોય છે. કેટલાક મનુષ્યો મનુષ્યભવમાં આવીને શુભ કરણી કરવા વડે ભવાંતરમાં દેવ ગતિને પામે છે. તેવા મનુષ્યોએ વ્રત-પચ્ચકખ્ખાણ, જીવદયા, સુપાત્રેદાન અને સરાગ-સંયમાદિનાં પાલન વડે પોતાની પુન્યરૂપી મૂળ મૂડીમાં ઘણો વધારો કર્યો કહેવાય અને પોતાનો પરલોક સુધાર્યો કહેવાય.

બીજા પ્રકારના મનુષ્યો સરલતા, નમ્રતા, દાનરૂપી અને કષાયોને પાતળાં પાડવા વડે કરીને આ ભવમાં મનુષ્યભવનું આયુષ્ય બાંધીને, ભવાંતરમાં ફરી પાછા મનુષ્ય ભવને પ્રાપ્ત કરે છે. તેવા મનુષ્યોએ મૂડીમાં વધારો ન કર્યો પણ પોતાની મૂળ મૂડી ટકાવી રાખી કહેવાય ! મનુષ્યોએ એવા ઘોર પાપ તો કદાપિ નહીં આચરવાં જોઇએ કે, મૂળ મૂડીમાંથી પણ હાથ ધોઈ નાખવાનો વખત આવે. સ્વભાવથીજ અલ્પ કષાયવાળો, સરલ પરિણામી, જેનામાં કૂડ-કપટ ન હોય, વાણી, વર્તન ને વિચારમાં ભિન્નતા નહીં રાખનારો, આરંભ ને પરિગ્રહની અપેક્ષાએ અલ્પારંભ અને અલ્પ પરિગ્રહવાળો જીવ ભવાંતરમાં જરૂર મનુષ્યભવને પ્રાપ્ત કરે છે. માનવી ઉગ્ર તપ ન કરી શકે, ઘર છોડીને કોઈ તથા પ્રકારના કર્મનાં ઉદયે દીક્ષા ન લઈ શકે તો છેવટે આટલી

તો યેાગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ કે, જેથી મૂળ મૂડી હાથમાં રહી જાય. એક વિધવા બાઈ પણ પેાતાની મૂળ મૂડી ટકાવી રાખે છે. પેાતાની પાસે સેાનું હેાય કે ચાંદી હેાય, તેને પેાતાની મરણ મૂડી લેખીને કેાઈ પણ ભેાગે સાચવી રાખે છે. તમે મૂડીમાં વધારેા કરેા તેા ઘણાં મેાટાં આનંદની વાત થશે. છેવટે મનુષ્યભવ રૂપી મૂળ મૂડી તેા ટકાવી રાખજો નહીં તેા મારે કહેવું પડશે કે એક વિધવા બાઈ આગળ પણ તમે ટકી નહીં શકેા. એક વિધવા બાઈમાં પણ બુદ્ધિ હેાય તેટલીએ બુદ્ધિ વ્યાપારમાં હજારેાની હારજીત કરનારા એવા તમારામાં નથી એમ મારે કહેવું પડશે. આ દ્રષ્ટાંતની રીતે વાત છે, અહિં મૂળ મૂડી એટલે સેાનું કે ચાંદી નહીં પણ મનુષ્યભવ રૂપી મૂડી સમજવાની છે. મનુષ્યભવને પામીને તમે મેાક્ષે પહેાંચેા કે દેવલેાકને પામેા તેા કંઈ કહેવાપણું નથી. પણ મનુષ્યભવ રૂપી મૂળ મૂડીને જ હારી જાએા તેા તેા પછી તેના જેવી બીજી કેાઈ દુઃખની વાત નથી !

શેઠના ત્રીજા નંબરના છેાકરાની જેમ કેટલાક મનુષ્યેા, મનુષ્યભવમાં દુષ્કર્મ આચરીને ભવાંતરમાં દુર્ગતિના અધિકારી બને છે. તેવા મનુષ્યેાએ મૂળ મૂડી પણ હાથમાંથી ગુમાવી દીધી કહેવાય. કૂડ-કપટ અથવા મહારંભને મહા પરિગ્રહનાં પાપ સેવીને તેવા મનુષ્યેા ભવાંતરમાં તિર્યંચ અથવા નરકગતિના અધિકારી બને છે. બેાલેા હવે મૂળ મૂડીએ કયાં હાથમાં રહી કહેવાય ? તેવા જીવેાને અનંતકાળ

સંસારમાં ભમવું પડે છે. ઘણાં લાંબા કાળ સુધી તેવા મનુષ્યો ફરી પાછાં મનુષ્યભવને પામતા નથી.

મનુષ્યભવના વાસ્તવિક ફળને સૌ પામો
એજ અંતિમ મનોકામના.

સૂત્રકાર ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવે છે કે.


માણુસત્તં ભવે મૂલં લાભો દેવ ગઈ ભવે ।
મૂલચ્છેએણ જીવાણં ણરગ તિરિક્ખત્તણં ધુવં ॥

મનુષ્યભવ એ મૂળ મૂડી છે. દેવગતિ એ મૂળ મૂડીમાં લાભસમાન છે. નરક અને તિર્યંચ ગતિની પ્રાપ્તિ એ મૂળ મૂડીનો નાશ છે. "ક્ષણ લાખેણી જાય" એ વિષય પર ખૂબ લંબાણથી સમજાવવામાં આવ્યું છે. સંસાર પર ઉત્કટ વૈરાગ્ય આવ્યા પછી જીવ એક ક્ષણ પણ સંસારમાં રહેવાને ઇચ્છતો નથી. તેનાં માત-પિતા તેને દિક્ષામાં આના-કાની કર્યા કરતા હોય તો એ તેને તો એમજ લાગે કે, મારી એક એક ક્ષણ હવે લાખેણી જાય છે. તેની દ્રષ્ટિમાં લાખલાખ સોનામહોર કરતાં એક ક્ષણની કિંમત અધિક હોય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં મૃગાપુત્રનો અધિકાર આવે છે. મૃગાપુત્રનો વૈરાગ્ય ખૂબ ઉત્કૃષ્ટ હતો, એક મુનિના દર્શન થતાં જાતિસ્મરણનાં જ્ઞાનથી તેવો વૈરાગ્ય તેનામાં પ્રગટયો હતો. માત-પિતા પાસે દિક્ષાની અનુમતિ માંગતા આ શબ્દો મૃગાપુત્રે માતા-પિતાને કહ્યાં છે કે, માતાજી ! મને પ્રવ્રજ્યાની અનુજ્ઞા આપો. મારી ક્ષણે ક્ષણ લાખેણી જાય

છે. અને માતાએ કસોટી કરીને દિક્ષાની અનુજ્ઞા આપી છે. દીક્ષા અંગીકાર છેલ્લે કરીને કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા છે.

તેવીજ મનુષ્યભવની અપૂર્વ ક્ષણ તમને મળી છે. તે ક્ષણની સફળતા વડે મનુષ્યભવના વાસ્તવિક ફળને સૌ પામો એજ એક અભિલાષા.



ભૂલો....પડેલો....યાત્રી



આજે રવિવારના અંગે "ભૂલો પડેલો યાત્રી" એ વિષય પર જાહેર પ્રવચન રાખવામાં આવ્યું છે. સંસારમાં અનાદિ કાળથી પરિભ્રમણ કરતો હોવાથી આપણો આત્મા જ ભુલો પડેલો યાત્રી છે. જે રસ્તે જીવ ચાલી રહ્યો છે તે રસ્તે ચાલતાં ચાલતાં યુગના યુગ વીતી ગયા છતાં હજી પંથડાનો અંત આવ્યો નથી. જ્યાં જીવનમાં એકલા અંધકારના ઓળા ઉતરેલા છે ત્યાં જીવને સાચો રસ્તો જડે કયાંથી ? અને સાચે રસ્તે ચડયા વિના પરિભ્રમણનો અંત આવે કયાંથી ? જીવ જન્મ–મરણના ચક્રાવે ચડેલો છે, અથવા અનાદિથી ચોરાશીના ફેરા ફરી રહ્યો છે. અત્યાર સુધીમાં જીવ અનંતીવાર જન્મી ચૂકયો છે અને અનંતીવાર મૃત્યુને પામી ચૂકયો છે. એક એક જીવાયોનિમાં જીવ અનંતી–અનંતીવાર ભમી આવ્યો છે. ત્યાં અનંતાનંત દુઃખો જીવે અનુભવેલાં છે, છતાં જીવનો હજી કોઈ એવો પુરુષાર્થ નથી કે, આ ચક્રાવામાંથી જીવનો છુટકારો થઈ જાય. પૂ. આનંદઘનજી મહારાજ ફરમાવે છે કે,

મર્યો અનંતવાર બિન સમજ્યો,
અબ સુખ દુઃખ વિસરેંગે.
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો,
નહીં સમરે સો મરંગે.
અબ હમ અમર ભયે ન મરેંગે,
યા કારણ મિથ્યાત્વ દિયો તજ.
કયું કર દેહ ધરેંગે...અબહમ.

વસ્તુસ્વરૂપને જીવ સમજ્યો નહીં તેમાં જીવને અનંતીવાર મરવુ પડયું છે. અને અનંતીવાર જન્મવું પડયું છે. દુઃખના ઘણાં પ્રકાર છે, પણ જન્મ–મરણ જેવું બીજું એકેયે દુઃખ નથી, એ દુઃખ માથે ઉભું છે ત્યાં સુધી જીવ પુન્યના ઉદયે કદાચ સમ્રાટ ચક્રવર્તિ બની જાય, છતાં નિર્ભય નથી. જીવની માથે જે ભવનો ફેરો છે તે જ મોટામાં મોટો ભય છે. જીવ મિથ્યાત્વનો પરિત્યાગ કરીને સમ્યકત્વને પામે તો જરૂર એ ફેરાનો અંત આવે. આનંદઘનજી ફરમાવે છે કે, અમે અમર થઇ ગયા, અમે મરવાના નથી. શંકાકાર શંકા ઉઠાવીને પૂછે છે કે, એવું તે તમે શું કરી નાખ્યું કે, અમર થઈ ગયા ! પ્રત્યુત્તરમાં કહે છે કે, અમે કંઇ એવું કર્યું નથી. ફક્ત એક મિથ્યાત્વનો ત્યાગ કર્યો છે અને દ્રષ્ટિને સમ્મક્ બનાવી છે. મિથ્યાત્વનું જે કાતિલ ઝેર હતું તેને અમે વમી નાંખ્યું છે. તેથીજ અમે પડકાર કરીને કહીએ છીએ કે, અમે હવે મરવાના નથી. જીવ જે જન્મતો હતો અને મરતો હતો તેનું મૂળ કારણ મિથ્યાત્વ હતું. તેનો અમે પરિત્યાગ કરી દીધો છે. સાચી માન્યતા તેજ સમકિત છે. અને વિપરિત માન્યતા તે જ મિથ્યાત્વ છે. સાચામાં

જ સમકિત વસે છે. જ્યારે માયામાં મિથ્યાત્ત્વ છે. અહું અને મમ એજ મિથ્યાત્ત્વની જડ છે. જ્યારે મારૂં કાંઈ નથી અને હું કેાઇનેા નથી. આ શરીર પણ અંતે મારૂં નથી. શરીરાદિ એ બધા બહિર્ભાવેા છે અને એ બધા ભાવેા મૃગજળ, ગંધર્વ નગર અને સ્વપ્ન જેવા છે. તે બધા બહિર્ભાવેાને હું મારા પેાતાના માની બેઠેા છું, એજ મહામિથ્યાત્ત્વ છે. તે તે ભાવેાથી હું મારા આત્માને ભિન્ન સમજું એજ સમ્યગ્દ્રષ્ટિપણું છે.

સમ્યક્ત્વ અંગેની દ્રઢ પ્રતીતિ

જીવ મિથ્યાત્ત્વનેા ત્યાગ કરીને સમ્યકત્ત્વને પામે કે તેનેા સંસાર પરિમિત થઇ જાય છે. તે જીવ મેાડેા કે વહેલેા મેાક્ષે પહેાંચવાનેા છે, જીવ સમ્યકત્ત્વને રસ્તે નથી ચડયેા ત્યાં સુધી જ "ભુલેા પડેલેા યાત્રી" છે. આનંદઘનજી અંદરમાં પ્રતિતી લાવીને કહે છે કે, અમે અમર થઇ ગયા અમે હવે મરવાના નથી, શરીરમાં ઝેર હેાય તેા મૃત્યુનેા કાળેા કેર મચે. જ્યાં ઝેરજ એાકી નાંખ્યું પછી તેા લીલા લહેરજ હેાયને ? તે આત્માને પુનઃ પુનઃ શરીર ધારણ કરવા અંગેનું કેાઈ પ્રયેાજન રહેતું નથી. કદાચ અમુક ભવના ફેરા બાકી રહ્યા હેાય ત્યાં સુધી ભલે તે શરીર ધારણ કરી લે બાકી અંતે તેા તે અશરીરી અવસ્થાને પામવાનેાજ તેમાં શંકાને કેાઇ સ્થાનજ નથી.

પૂ. આનંદઘનજીને પેાતાના સમ્યકત્ત્વ અંગેની કેવી દ્રઢ પ્રતિતી વર્તે છે. અમે અમર થઇ ગયા, અમે હવે મરવાના

નથી. આ પોતાના અંતઃકરણમાંથી ઉઠેલો રણકાર છે. બસ આનેજ દ્રઢ પ્રતિતી કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં જેને દ્રઢ વિશ્વાસ કહેવામાં આવે છે.

ગુણ પ્રગટે એટલે અંદરની દશા પલટાઈ જાય

આજે ઘણાંને બોલતા સાંભળ્યા છે કે, કોણ જાણે આપણને સમકિત પ્રાપ્ત થયું હશે કે નહીં ? જ્ઞાની સ્વીકારે તે સાચું ! અરે ભાઈ ! તને અંદરથી જે ચીજનો સ્વીકાર થયો નથી તેનો જ્ઞાની કયાંથી સ્વીકાર કરી લેશે ? સાકરનો ગાંગડો મોઢામાં નાખનારને શું તેના સ્વાદની ખબર ન પડે ? કેરીની ચીર મોઢામાં નાખનારને શું તે અંગેનું કંઈ પણ મનમાં સંવેદન ન થાય ? તે તો તરત બોલી નાંખે છે કે, અહા ! શું આની લહેજત છે ! તેમ આત્મામાં ગુણ પ્રગટયો હોય તો શું તે અંગેનો આત્માને કંઈ પણ સ્વાનુભવ ન થાય ? સંવેદના એ આત્માનો મુખ્ય ધર્મ છે, જડમાં કોઈપણ પ્રકારની સંવેદના નથી. આત્મા તો સંવેદનશીલ છે, સુખ–દુઃખ દરેક વસ્તુ અંગેનું આત્માને સંવેદન થયાજ કરતું હોય છે. તેમ જ્ઞાન, દર્શન કે ચારિત્રાદિ કોઈ પણ ગુણ આત્મામાં પ્રગટયો હોય તો તે અંગેનો પણ આત્મામાં સ્વાનુભવ જાગવો જ જોઇએ. શરીરમાં નવું લોહી આવે એટલે શરીરની આખી રોનક બદલાઈ જાય છે. તેમ આત્મામાં સમ્યકત્વનો ગુણ પ્રગટે એટલે અંદરની આખી દશા પલ્ટાઈ જાય છે. સમ્યગ દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં આત્મા રમણતા કરતો થઈ જાય એટલે સમજવું હવે વહાણ કિનારે પહોંચવાની તૈયારીમાં છે.

તન રૂપી મઠનેા ભરેાસેા શું ?

પૂ. આનંદઘનજીને પેાતાના ગુણ અંગેની દ્રઢ પ્રતિતી થઈ ચૂકી છે. આગળ વધીને કહે છે કે,

દેહ વિનાશી હું અવિનાશી,
અપની ગતિ પકરેંગે,
નાસી જાસી હમ સ્થિર વાસી,
ચેાખે વ્હૈ નિખરેંગે,
અબ હમ અમર ભયે ન મરેંગે.

દેહ વિનાશી છે, જ્યારે હું આત્મા અવિનાશી છું હવેથી અમે અમારેા રાહ બદલ્યેા છે. અનંતજ્ઞાનીએ ચીંધેલા રસ્તે હવેથી અમે પ્રયાણ આરંભીશું. અને મેાક્ષ માર્ગમાં ગતિ કરતાં કરતાં આખર આત્માના શુદ્ધ સ્વરૂપને પામી જઈશું. "નાસી જાસી હમ થીરવાસી ચેાખે વ્હૈ નિખરેંગે" શરીર નાશવંત છે, અને તે એક દિવસે પડી જવાનું છે. આ શરીરરૂપી મઠ એક દિવસે જમીન દેાસ્ત થયા વિના રહેવાનું નથી. આ મઠ એવું છે કે, કયારેક જોતજોતામાં ઢળી પડે. માટે આ તન રૂપી મઠમાં આત્માએ નિરાંતે સૂઈ રહેવા જેવું નથી. ઘરમાં આગ લાગી હેાયને મકાનમાલિક સૂઈ રહે તેા તે મહામૂર્ખ કહેવાય તેમ આખાએ લેાકમાં **જન્મ, જરા અને મૃત્યુની મહાભયંકર આગ લાગી છે, અને આત્મા તન રૂપી મઠમાં નિરાંતે ઘસઘસાટ ઉંઘી રહ્યો છે.** તેના જેવી ઘેાર અજ્ઞાનતા બીજી કઈ હેાઈ શકે ?

આનંદઘનજીએ ભેદ-વિજ્ઞાનની રીતે વાત કરી છે કે, શરીર નાશવંત હોવાની સાથે એક દિવસે પડી જવાનું છે. જ્યારે હું આત્મા સ્થિરવાસી છું. નિર્મળ દ્રષ્ટિથી આત્માના શુદ્ધ સ્વરૂપને નિહાળીશ. અથવા શરીરરૂપી ઘરમાંથી મારે એક દિવસે નીકળવાનું તો છે જ. નિકળતાં પહેલાં એવો નિર્મળ થઈ જઈશ કે, ફરી મરવાનો વખતજ ન આવે. ચોખા પૂર્વાવસ્થામાં કમોદ હોય છે. તેને છડવામા આવે એટલે તે ચોખા થઇ જાય છે. કમોદ વાવવાથી ઉગે, ચોખા ઉગે નહીં. કારણ કે, તેના પરથી ફોતરીનું આવરણ હઠી ગયું છે. તેમ આત્મા પરથી કર્મનું આવરણ હઠે એટલે આત્મા ચોખ્ખો થઇ જાય છે, પછી તેને જન્મ-મરણ રહેતા નથી. આત્મામાં મલિનતા હોય ત્યાં સુધી મેલાનો સંસાર અને ચોખ્ખાનો મોક્ષ થઇ જાય છે.

ખોળીયું બદલાય તેથી આત્મા બદલાતો નથી

કેવી આનંદઘનજીએ ભેદ-વિજ્ઞાનની વાણી ઉચ્ચારી છે? આવી ભેદ-વિજ્ઞાનની પરિણતી તે જ નિશ્ચય સમકિત છે. કોઈ મૃત્યુને પામે એટલે બધા માની લે છે કે, ફલાણા ભાઇ મરી ગયા! મરી ગયા એ વાત ખરી, પણ તે શરીરની અપેક્ષાએ મર્યા છે, જ્યારે આત્મા તો સૌ કોઇનો અજરામર છે. આયુષ્ય પુરૂ થાય એટલે ખોળીયું બદલાય છે, કંઇ આત્મા બદલાતો નથી. કેટલાકો મરનારની પાછળ રૂદન કરતા હોય છે. પણ તે ઘોર અજ્ઞાન છે. મરનાર ઉપર ખરેખરી લાગણી હોય તો તેની પાછળ ધર્મ-ધ્યાન વિશેષ કરવું જોઈએ. જ્યારે આજે તો મરનારની પાછળ કકળાટ મચે

છે. હજી મરનારનેા જીવ ન નીકળ્યેા હેાય તે પહેલાં લેાકેા કકળાટ મચાવી દે છે. તેમાં મરનારની પણ સદ્ગતિ કયાંથી થાય? રેા–કકળાટનાં વાતાવરણમાં કયારેક મરનાની પણ જો છેલ્લે લેશ્યા બગડે તેા મૃત્યુ બગડી જાય છે. કેાઈની પણ અંતિમ ઘડીના સમયે આજુબાજુનું વાતાવરણ એવું ઉંચું બનાવવું જોઈએ કે, મરનારની લેશ્યા સુધરી જાય. નવકાર મહામંત્રની ધૂન લગાવવાથી વાતાવરણ શુદ્ધ અને પવિત્ર બની જાય છે. તેવા વાતાવરણમાં દેહ છુટે તેા તે જીવની ઉંચી ગતિ થાય છે. આ તેા વ્યવહારનયની અપેક્ષાએ વાત છે. બાકી મૃત્યુ સુધરવાનેા મુખ્ય આધાર તેા જીવની પેાતાની અંતિમ ઘડીની લેશ્યા ઉપર જ રહે છે.

કાળનેા પણ કેાળીયેા કરી જનારા

"રાગ–દ્વેષ જગ બંધ કરત હૈ,
ઈન કેા નાશ કરેંગે;
મર્યેા અનંત કાળ તે પ્રાણી,
સેા હમ કાલ હરેંગે.
અબ હમ અમર ભયે ન મરેંગે

રાગ અને દ્વેષ બન્ને કર્મબંધના મુખ્ય હેતુ છે, તેનાથી જ જીવને બંધ છે. તે બન્નેનેા અમે નાશ કરીશું અને અનંતકાળથી જે જન્મ–મરણ કરતા આવ્યા છીએ તે કાળનેા પણ અમે હવે કેાળીયેા કરી જઈશું. કાળ સર્વ ભક્ષી કહેવાય છે તે કાળનું પણ ભક્ષણ કરી જઈશું. સ્વમાં જાગ્યેા તેને કાળ પણ શું કરી શકે? જાગૃત આત્મા [illegible] તે એવા અજરામર

સ્થાનને પામી જાય છે કે જ્યાં કાળને પણ કિંકર થઇને રહેવું પડે છે, મોક્ષને પામનારા મહાપુરૂષો કાળ નથી કરી જતા પણ ઉલ્ટા એ કાળનો કોળિયો કરી જાય છે. ભગવાન મહાવીરસ્વામી કે ભગવાન ઋષભદેવસ્વામી મૃત્યુને પામ્યા એમ જે કહેવાય તે તો ઉપચારથી કહેવાય. બાકી ખરી રીતે તો તેમના મૃત્યુનું મૃત્યુ થયું છે, હવે એ મહાપુરૂષો કોઇ કાળે જન્મવાના નથી ને કોઈ કાળે મરવાના પણ નથી. એ તો અજરામર સ્થાનને પામી ગયા

વ્યાધિ વિકાર અને પાપ વિકાર

રાગ-દ્વેષને જીતી લેતો આપણો આત્મા પણ તે સ્થાનને પામી શકે છે. જીવમાં રાગ-દ્વેષ છે ત્યાં સુધી સંસાર ઉભો છે. એક પ્રત્યે રાગ ને બીજાં પ્રત્યે દ્વેષ, બસ, જીવમાં આજ મોટામાં મોટી ખરાબી છે. આ ખરાબી છે ત્યાં સુધી બરબાદી છે. અને જ્યાં એ નથી ત્યાં સંપૂર્ણ આબાદી છે. રાગ-દ્વેષ, કામ-ક્રોધ, ઇર્ષ્યા, મદ-મત્સર, એ બધાં અંદરનાં આસુરી તત્ત્વો છે, જેને પાપવિકારો કહેવામાં આવે છે. શરીરમાં આરોગ્યની પ્રાપ્તિ થતાં જેમ વ્યાધિ-વિકારો રહેતા નથી, તેમ ધર્મરૂપ ભાવ આરોગ્યની પ્રાપ્તિ થતાં આ પાપવિકારો પણ રહેતા નથી. પછી તો આત્મામાં મૈત્ર્યાદિ ભાવનાના ગુણો પ્રગટે છે અને આત્મા ખરેખરા ભાવ આરોગ્યને પામી જાય છે.

સ્વરૂપ અને વિરૂપ

આત્માજ પરમાત્મા બને છે. અનંતજ્ઞાન, અનંત

દર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્ય એજ જીવનું શુદ્ધ સ્વરૂપ છે. જ્યારે રાગ–દ્વેષ કે મેાહ એ કેાઈ જીવનું શુદ્ધ સ્વરૂપ નથી. એ તેા વિરૂપ છે. કેાઇ મનુષ્યનાં શરીરમાં કેાઢ ફુટી નિકળે ને શરીર બેડેાળ થઈ જાય છે. એ શરીરનું સ્વરૂપ નથી પણ વિરૂપ છે. તેમ કષાયથી આત્મા ધમધમી ઉઠે એ શું આત્માનું સ્વરૂપ છે? તે સમયે મનુષ્યની આકૃતિ કેટલી બેડેાલ થઇ જાય છે? ક્રોધથી ધમધમી ઉઠેલેા માણસ એજ ટાઇમે આરિસામાં મેાઢું જોવા જાય તેા અસલ વાંદરા જેવું મેાઢું લાગે. માટે કષાય કે રાગ–દ્વેષ એ જીવનું સ્વરૂપ નથી, એ વિરૂપ છે, અને તેના લીધેજ જીવને પ્રતિ સમયે કર્મેાનેા બંધ છે માટે પૂ. આનંદઘનજી ફરમાવે છે કે, તે બન્નેનેા અમે નાશ કરીશું અને આ પ્રાણી અનંત કાળથી મરતેા આવ્યેા છે તે કાળનેા પણ અમે કેાળિયેા કરી જઇશું! જીવ વસ્તુ સ્વરૂપને સમજ્યેા નહીં તેમાં અનંત કાળમાં અનંતીવાર મર્યેા છે. માટે સુખ અને દુઃખ બન્નેને હવે અમે વિસારે પાડી દઇશું, અને એ અક્ષરેા કે જે તદ્રૂન નજદીકમાં રહેલા છે તેનું સ્મરણ નહીં કરે તેનેજ જન્મ મરણ કરવાના છે. વસ્તુ સ્વરૂપની સમજણ ઉપર કેટલેા બધેા ઝોક આપ્યેા છે! આત્માના સ્વરૂપની ઓળખાણ એજ વાસ્તવિક સમજણ છે. આત્મામાં વિભાવ વર્તે છે ત્યાં સુધી આત્મા કર્મનેા કર્તા ને ભેાકતા છે, પણ સ્વરૂપની અપેક્ષાએ તેા આત્મા જ્ઞાતા ને દ્રષ્ટા છે. મેાક્ષ માર્ગમાં ભલે પુન્યાનુબંધી પુન્યની સંપૂર્ણ ઉપાદેયતા છે. પણ તત્વ દ્રષ્ટિએ આત્મા પુણ્યને પાપ બન્નેની પેલીપાર છે.

મોક્ષમાં શુભ કે અશુભ કોઇ કર્મ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી અન્ને પ્રકૃતિઓને ખપાવીને જીવ મોક્ષે જાય છે. પુન્યાનુ-બંધી પુન્યને હેય કહેનારા તો તદ્દન માર્ગ ભુલેલાં છે છતાં સ્વરૂપની સમજણતો જીવનમાં દરેકે કરી લેવી જોઇએ.

કોહં અને સોહંના જ્ઞાનમાં મોહંનો મૃત્યુ ઘંટ

કોહું-સોહું અને મોહું આ ત્રિપદીમાં દુનિયાભરનું બધુ જ્ઞાન આવી જાય છે. મનુષ્ય દરેક જગ્યાએ હું ને આગળ કરે છે. હું આવો ને હું તેવો એમ ઘણીવાર બોલી નાંખતો હોય છે. પણ હું કોણ તેનું તેને ભાન હોતું નથી ! કોહં એટલે હું કોણ ? ત્યાં અંદરમાંથીજ અવાજ આવશે કે, હું શરીર નથી, પણ સોહં ! હું સિદ્ધ સ્વરૂપી આત્મા છું. જેવું અનંતા સિદ્ધોનું સ્વરૂપ છે તેવું જ તત્વદ્રષ્ટિએ મારૂં સ્વરૂપ છે. સોહં હું તે છું એટલે જેવા સિદ્ધ ભગવંતો છે તેવો હું છું અથવા હું તેમનીજ જ્ઞાતિનો છું, પણ અનાદિથી કર્મનાં યોગે સંસારી છું, પુરૂષાર્થના બળે કર્મના આવરણો હટાવી દઉં તો હું તે જ છું. આવી રીતે કોહં અને સોહંનું જ્ઞાન થઈ જાય પછી મોહં બિચારો રહે ક્યાં ? એટલે સ્વરૂપનું જ્ઞાન થઇ જતાં મોહંનો મૃત્યુ ઘંટ વાગી જાય છે. મોહું એટલે જેને મોહનીય કર્મ કહેવામાં આવે છે. પ્રકાશની સામે અંધકાર ટકી શકે નહીં તેમ જ્ઞાનની સામે મોહ ટકી શકે નહીં. મોહ કે રાગ-દ્વેષાદિ અંદરમાં એવાને એવા ટકી રહ્યા હોય તો સમજવું કે હૃદયમાં ખરેખરૂં જ્ઞાન પ્રગટયું જ નથી. સોહું એજ

તદ્દન સમીપમાં રહેલાં બે અક્ષરો છે. આનંદઘનજી કહે છે આ બે અક્ષરનું સ્મરણ નહીં કરે તેને જ હવે મરવાનું છે. એક એક પદમાં આ યેાગીરાજ કેવેા ભાવ લાવી શકયા છે.

અંધેર નહીં પણ ઘેાર અંધેર.

સમ્યક્ત્વને પામેલેા જીવ રસ્તે ચડેલેા છે. બાકી જગત આખું ભૂલું જ પડેલું છે. "ભૂલેા પડેલેા યાત્રી" એ વિષયની પુષ્ટિમાં જ આપણી વાત ચાલી રહી છે. જીવ સગાં સંબંધીઓમાંથી કેાઈને ભુલ્યેા નહીં પણ તે બધાના મેાહમાં પેાતાનેજ પેાતે ભુલી ગયેા.

પેાતે પેાતાનેજ ભુલી જાય તેના જેવી બીજી ભૂલવણી કઈ હેાઈ શકે? લગ્નાદિના પ્રસંગે કેાઈને ભૂલતેા નથી, સૌને યાદ કરી કરીને કંકેાત્રી લખવામાં આવે છે. કેાઈને નહીં ભૂલનારેા પેાતાનેજ ભુલ્યેા એ કેવી અજબ-ગજબની વાત કહેવાય? બસ આનું નામ જ "ભૂલેા પડેલેા યાત્રી" કહેવાય. **સ્વને ભૂલ્યેા ને પરને પેાતાના માન્યા આ જ જીવની મેાટામાં મેાટી ભૂલ છે અને આ એક ભૂલમાંથી બીજી અનેક ભૂલેા ઉભી થઈ છે.** જે જેને જીવ પેાતાના માની લે તે તેમાં તીવ્ર મમત્વ બંધાઈ જાય છે. મમત્વ ભાવને લીધે જીવ ઘેાર પાપ આચરતેા હેાય છે. પછી તેા જીવ એવેા કર્મના પાશમાં આવી જાય છે કે, છુટવાનેા કેાઇ આરેા કે વારેા રહેતેા નથી. આજે દુનિયામાં ઘણી જગ્યાએ અંધેર ચાલે છે. કેટલાક કહે છે કે સરકારી ખાતાઓમાં અંધેર છે, પણ પેાતાને પેાતે ભુલી ગયેા તેના જેવું અંધેર કયું હેાઇ શકે? દુનિયામાં જે ચાલે છે તે તેા અંધેર છે. પણ પેાતાને પેાતે ભુલી જાય એ તેા ઘેાર અંધેર કહેવાય!

સદ્‌ગુરૂના સમાગમે જ પોતાને પોતાનું ભાન થાય છે અને ભાન થયા પછી જ આગળનો માર્ગ મોકળો થાય છે.

ભૂલા પડવાના સ્થાનો.

ભૂલા પડવાના અનેક સ્થાનો હોય છે. અજાણ્યા મનુષ્યો શહેરમાં ભૂલા પડી જાય છે. કેટલાકો જંગલ કે અટવીમાં ભુલા પડે છે. મોટા મોટા બગીચાઓમાં ફરવા ગયેલા પણ કેટલીકવાર રસ્તો ભૂલી જાય છે. મોટા મોટા ભવ્ય પ્રાસાદોમાં પણ કેટલીકવાર રસ્તાઓ એટલા બધા હોય છે કે, પહેલીજવાર દાખલ થયેલા મનુષ્યો તેમાં પણ ભુલા પડી જાય, તેમ આ જીવ પણ નગરની અપેક્ષાએ ભવ નગરમાં ભૂલો પડેલો છે. જે નગરમાં ચારગતિરૂપી ચાર મોટા રસ્તાઓ છે અને ચોરાશી લાખ જીવાયોનીરૂપી મોટી મોટી ચોરાશી પોળો છે. આ ભવનગરમાં જીવ અનાદિથી ભુલો પડેલો છે. મનુષ્ય ગતિમાંથી કયારેક નરક ગતિમાં ચાલ્યો જાય છે. અને નરકગતિમાંથી કયારેક તિર્યંચમાં ચાલ્યો જાય છે. કયારેક દેવ ગતિમાં ચાલ્યો જાય છે; કયારેક ફરી પાછો મનુષ્યભવમાં આવી પહોંચે છે, કયારેક કીડો થાય છે તો કયારેક પતંગિયું થઈ જાય છે. મનુષ્યભવમાં પણ કયારેક ચંડાલના કુળમાં જન્મ ધારણ કરે છે તો કયારેક બ્રાહ્મણ કુળમાં જન્મ લે છે. કયારેક વૈશ્ય થાય છે તો કયારેક ક્ષત્રિય થાય છે. આમને આમ જીવ ચાર ગતિમાં ભમ્યા કરે છે. ભવપુરનગરમાં એવો ભુલો પડ્યો છે કે, કયાંય તેને સાચો રાહ જડતો નથી.

કેાણ પરાયું અને કેાણ પેાતાનું ?

અટવીની અપેક્ષાએ જીવ ભવરૂપ અટવીમાં ભુલેા પડેલેા છે. વન કે ઉદ્યાનની અપેક્ષાએ જીવ મેાહરૂપી વનમાં ભુલેા પડયેા છે. કનક, કાન્તા, કીર્તિ, કાયા, કુટુમ્બ, એજ મેાહરૂપી વન છે. ભલભલા ભુલા પડે તેવું એ મહાવન છે. આ મેાહરૂપી વન એવું છે કે, ઉચ્ચ ગુણઠાણાની ભૂમિકાએ પહેાંચેલા પણ કેટલીવાર એમાં ભુલાં પડી જાય છે, અને ભુલા એવા પડે છે કે, માર્ગથી ઘણાં દૂર ફેંકાય જાય છે. જેમાં અષાઢાભૂતિ મુનિ દ્રષ્ટાંતરૂપ છે. જો કે એ મુનિ ફરી પાછા ઠેકાણે આવી ગયા છે અને પ્રાંતે કેવલજ્ઞાન પામ્યા છે. પણ મેાહવનમાં એકવાર તેા એ પણ ભુલા પડી ગયા હતા.

જીવ ભુલેા ત્યાંજ પડયેા છે કે, કેાઈ પરદ્રવ્યેા કે પરપદાર્થો જીવના પેાતાના નથી છતાં જીવે પેાતાના માન્યા છે. કેટલીકવાર સંસારમાં પેાતાનેા સ્વાર્થ જ્યાં સરી જાય ત્યાં પેાતાના માન્યા હેાય તે પણ પારકા થઈ જાય છે. અને જેને પારકા માન્યા હેાય તે ઉપયેાગમાં આવી જાય છે. તેા પછી કેાણ પેાતાનું ને કેાણ પારકું ? જીવે પેાતાના કે પારકાં માનીને કેાઈમાં પણ રાગ–દ્વેષ પેાષવાના નથી. સ્વ કે પરનેા ભેદ રાખ્યા વિના દરેકના હિતમાં પ્રવર્તતા રહેવાનું છે. આવું ભેદજ્ઞાન થાય તેા "ભુલેા પડેલેા યાત્રી" જરૂર રસ્તાપર આવી જાય.

સાચી કેળવણી

વિશાળ મકાન હેાય અને જવા–આવવાના ઘણાં માર્ગો

હોય તો બીજાના ઘરમાં પણ ભૂલા પડી જવાય છે. જ્યારે આ જીવ કોઈ પારકા ઘરમાં ભૂલો પડયો નથી પણ પોતાનાજ ઘરમાં ભુલો પડયો છે. સ્વભાવ એ જીવનું નિજ ઘર છે. અને વિભાવ એ પર ઘર છે. રાગ–દ્વેષ એ વિભાવ છે અને જ્ઞાન–દર્શન એ જીવનો સ્વભાવ છે. જીવ નિજ ઘરમાં ભુલો પડયો છે. એ તો ઠીક પણ હજી ખરૂં પૂછો તો જીવ નિજ ઘરમાં દાખલ પણ નથી થયો! પછી ભુલા પડવાનો તો વાત જ કયાં રહી? સ્વભાવ દશારૂપી નિજઘરમાં જીવ રહ્યો હોત તો કયારનોએ મુક્તિ મંદિરે પહોંચી ગયો હોત. પણ એના નશીબમાં જ્યાં ભટકવાનું છે ત્યાં આ જીવ નિજ ઘરમાં આવે કયાંથી? જ્ઞાન–દર્શનાદિ અનંત ગુણ સમુદાય એ જીવનો નિજ પરિવાર છે. પોતાના સ્વરૂપમાં રહેવું એ નિજઘર છે. પોતાના ખરા પરિવારને ઓળખીને જીવ નિજ ઘરમાં આવી જાય તો અનાદિની ભુલવણી મટી જાય અને એજ જીવ માટે સાચી કેળવણી છે.

દ્રષ્ટાંત

ભગવાન મહાવીર સ્વામીના સમક્તિ પામ્યા પછીના સત્તાવીશ ભવ કહેવાય છે. તેમાં પહેલો ભવ નયસારનો છે. નયસાર કોઈ એક ગામના ઉપરી ગ્રામપતિ હતા, જેને ગામના મુખી પણ કહેવામાં આવે છે. નયસાર હજી એવા કોઈ સાધુ પુરૂષોના સમાગમમાં આવેલાં નહતાં, છતાં દુષ્કૃત્યોથી તેઓ પરાંગમુખ હતા અને કોઈના પણ દોષો જોવાની બાબતમાં તદ્દન વિમુખ હતા અને ગુણ ગ્રહણ કરવામાં તત્પર હતા. આ એવી મહાન યોગ્યતા છે કે જેના પ્રભાવે વામન પણ વિરાટ બને.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે નયસારની આ યેાગ્યતાનું વર્ણન કરેલ છે. તેઓ ફરમાવે છે કે,

साधुसम्बन्धबाह्योऽपि सोऽकृत्येभ्यः पराङ्मुखः ।
दोषान्वेषणविमुखो गुणग्रहणतत्परः ॥

આપણે આ ગાથાને આધારેજ નયસારની યેાગ્યતાનું વર્ણન કરેલ છે. તીર્થંકરનાં આત્માઓ સમકિત ન પામ્યા હેાય તે પહેલાં પણ તેમનામાં અમુક મહાન યેાગ્યતા હેાય છે પરાર્થ વ્યસનિતા, અદીનતા, અશઠતા વગેરે સદ્‌ગુણેા જેવા તે મહાન આત્માઓમાં હેાય છે, તેવા અન્યેામાં હેાતા નથી. શુભ નિમિત્તો મળતાંજ તે મહાન આત્માઓમાં રહેલી યેાગ્યતા તરત ઝળકી ઉઠે છે. નયસારમાં પણ તે તીર્થંકરના આત્મા હેાવાથી તેવીજ યેાગ્યતા રહેલી છે.

એકદા પેાતાના ઉપરી રાજાના હુકમથી નયસાર જંગલમાં કાષ્ઠ લેવા નિમિત્તે જાય છે. નયસાર ગામના મુખી હેાવાથી ઘણાં સેવકેા પણ તેમની સાથે જંગલમાં આવેલા છે. નયસારની આગેવાની નીચે સેવકેા જંગલમાંથી કાષ્ટ કાપી રહ્યા છે. કેાઈ ભવ્ય પ્રાસાદનાં બાંધકામ નિમિત્તે કાષ્ટ કપાવવાનેા ઉપરી રાજા તરફથી હુકમ થયેલેા છે એટલે નયસાર ઉંચામાં ઉંચી જાતના કાષ્ઠ શુષ્ક થઈ ગયેલા વૃક્ષેાને કપાવીને એકઠા કરાવે છે. સેવકેા વિનમ્ર અને આજ્ઞાંકિત હેાવાથી દિલ દઈને કામે લાગી ગયા છે. એટલામાં મધ્યાહ્ન વેળા થઈ જાય છે, અને જંગલની હવા ઘણી જ શુદ્ધ હેાવાથી સૌને કડકડતી ભૂખ લાગે છે. ભેાજન વેળા થઈ જતાં સેવકેા તરતજ

સ્વાદિષ્ટ ભોજન સામગ્રી એક લતામંડપ જેવા વૃક્ષની નીચે હાજર કરી દે છે. આપણે ભૂખ્યા હોઇએ અને આ રીતે મધ્યાહ્ન વેળાએ ભોજન સામગ્રી કોઈ એ હાજર કરી દીધી હોય તો મને તો લાગે છે, સીધા જ આપણે આરોગવા જ બેસી જઈએ ! ઘણાં ઘણાં સંત પુરૂષોનાં સમાગમમાં તમે આવેલા છો, ઘણાંના વ્યાખ્યાનો પણ સાંભળ્યા છે છતા ભાણે બેસતા પહેલાં દિશાવલોકન કરો છો ખરાં કે કોઈ દિશામાંથી સાધુ પુરૂષો આવી ચડે તો મને સુપાત્રે દાન દેવાનો લાભ મળી જાય. આ રીતે દિશાવલોકન કર્યા પછી જ ભાણે બેસવાનો નિયમ રાખ્યો છે ખરો ? ઘેર જમવા આવો ત્યારે ઘરવાળાને પૂછતા તો હશોને કે કોઈ મહાત્મા આપણે ઘેર આવી ગયા ? કોઈ અતિથિ સત્કારનો આજે આપણને લાભ મળ્યો કે નહીં ? ભાણે બેસતા પહેલાં આવી કંઈ Enquiry (તપાસણી) કરો ખરા ? કે પછી કડકડતી ભૂખ લાગી હોય એટલે સીધા ઝાપટવા જ મંડી પડો ? રાંધેલા અન્નમાંથી કોઈનો સંવિભાગ કર્યા વિના સીધા ભાણે જ બેસી જાય તેવા માટે શાસ્ત્રોમાં લખ્યું છે કે, તે ભાણે બેસીને અન્ન નથી ખાતા પણ પાપ ખાય છે. ત્યાગ કર્યા વિના ભોગવટો કરનારને ઉપનિષદ્‌માં ચોર કહ્યો છે. આપણે સંપત્તિનો ભોગવટો કરતા હોઈએ તો કમથી કમ તેનો ચોથો હિસ્સો પણ સન્માર્ગે લગાડવો જોઈએ ?

નયસારની કેટલી ઉંચી ભાવના !

અહિં નયસારને કડકડતી ભૂખ લાગી હોવા છતાં, અને આદ્ય સામગ્રી પોતાની સમક્ષ વિદ્યમાન હોવા છતાં એવી

શુભ ભાવના ભાવે છે કે, કોઈ અતિથિનેા મને સુયેાગ મળી જાય તેા તેમને ભેાજન કરાવ્યા બાદ હું ભેાજન કરૂં ! નયસારની ભાવનાનું વર્ણન કરતાં પૂ. હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે,

ક્ષુધિતસ્તૃષિતો વાપિ યદિ સ્યાદ્ અતિથિર્મમ ।
તં ભોજયાભીતિ નયસારોઽપશ્યદિતસ્ત્તતઃ ॥

કોઇ અતિથિ આવી ચડે તેા તેને ભેાજન કરાવીને પછી હું ભોજન કરૂં. નયસારની ભાવના કેટલી ઉત્તમ છે? પેાતે ક્ષુધાતુર અને તૃષાતુર હેાવા છતાં ભાવના એવી ભાવે છે કે, કોઈ અતિથિને ભોજન કરાવીને હું ભોજન કરૂં ! હજી નયસાર સાધુ સમાગમમાં આવેલાં નથી. સાધુના હજી જેને દર્શને પણ થયા નથી તેા તેમના શ્રીમુખેની વાણી તેા કયાંથી સાંભળી હેાય ? છતાં સંસ્કાર કેટલા ઉંચા છે ? આજે ઘણાંના વ્યાખ્યાનેા સાંભળી સાંભળીને કાન ફાટી ગયા છતાં જીવનમાં આવા સંસ્કાર આવ્યા નથી. એક ગામમાં તેા ચાલુ ભર વ્યાખ્યાનમાં મેં એક ભાઈને પૂછેલું કે, તમે ભાણે બેસતાં પહેલાં કોઈ સાધુ મહારાજ વહેારવા આવી ગયા કે નહીં ? આવી પૂછપરછ કરેા છેા કે નહીં ? ત્યારે એ ભાઇ બેાલ્યા કે, કોઈ વિરલા જરૂર આવી પૂછપરછ કરતા હશે, બાકી અમે તેા એટલું પૂછી લઈએ કે છેાકરા સ્કુલમાંથી જમવા આવી ગયા કે નહીં ? અથવા જમીને ગયા કે આમને આમ ભૂખ્યા તરસ્યા ગયા ? આ રીતની પૂછપરછ અમે કરીએ બસ ! મેં કહ્યું આમાં શી તમે મેાટી ધાડમારી દીધી ? પશુ પંખીઓ પણ પેાતાના બચ્ચાઓનું

ધ્યાન રાખે છે અને તે અંગેની તમે તમારી ફરજ બજાવો તેમાં કોઈ આડે આવવાનું નથી. સંસાર તરફની મોહદશાને લીધે આવું તો સહેજે પુછાઈ જાય. મારી જે વાત છે એ તો ધાર્મિક સંસ્કારો અંગેની વાત છે, અને તે સંસ્કાર નયસાર હજી તેવા કોઈ સમાગમમાં આવેલા નથી છતાં તેમના જીવનમાં જોવા મળે છે. જ્યારે તમે જે છેલ્લા કેટલાય વર્ષોથી ધર્મનું શ્રવણ કરતાં આવ્યા છો તો તમારામાં એ સંસ્કાર કેટલા ઉંચા હોવા જોઈએ?

મહાન કોણ બની શકયા?

એકલી પોતાના સ્વાર્થ ઉપર દ્રષ્ટિ રાખીને દુનિયામાં કોઇ મહાન થઈ શકયા નથી અને થઈ શકવાના પણ નથી. જીવનમાં પરમાર્થ આચરીને જ મહાન બની શકાય છે. જીવ માત્રના હિતમાં પ્રવર્તવું અને સ્વાર્થને તદ્દન ગૌણ કરીને જીવનમાં પરમાર્થનેજ પ્રધાનતા આપવી, આવી યોગ્યતા ભાવિમાં તિર્થંકર થનારા આત્માઓમાં સહજ સિદ્ધ હોય છે. જેમ કોઇને ચા બીડીના વ્યસનો લાગુ પડેલાં હોય છે તેમ તે મહાન આત્માઓ પરાર્થવ્યસની હોય છે. એટલે પોતાના સ્વાર્થ સામું ન જોતાં પહેલાં બીજાનું કાર્ય કરી આપવું તેને પરાર્થ વ્યસનિતા કહેવામાં આવે છે. આવું કોઈ વ્યસન તમને પણ લાગુ પડયું હોય તો ચા બીડીનાં વ્યસનની જેમ એ વ્યસન અમારે છોડાવવું નથી, ઉલ્ટો અમારો એ ઉપદેશ છે કે સૌ પરાર્થવ્યસની બને! ઘરમાં ઘણી એવી વસ્તુઓનો સંગ્રહ કરી રાખ્યો હોય કે

જે આપણા ઉપયોગમાં ન આવતી હોય અને બીજા મનુષ્યોને તેની જરૂરિયાત હોય તો તેવી વસ્તુઓનો ઘરમાં સંગ્રહ કરી રાખવાનો કશો અર્થ નથી. કોઇ એક ગ્રંથમાં વાંચવામાં આવ્યું કે, સો હાથોંસે ઇકઠા કરો મગર હજાર હાથોંસે ઉસકો બાંટ દો ।

જીવન જરૂરીઆતો ઓછી કરો !

આજે ઠામ-વાસણ, વસ્ત્ર ધન-દૌલત વગેરેનો સુખી ગૃહસ્થોને ત્યાં એટલો બધો સંગ્રહ હોય છે કે તેઓ પોતે જીંદગીમાં તેનો ઉપયોગ કરી શકવાના નથી. તો પછી બીજાનાં ઉપયોગમાં તે વસ્તુઓ આવી જાય તો તેમાં ખોટુ શું છે? પોતાના માટે, પોતાના પુત્ર-પૌત્રાદિ માટે જરૂર જેટલું રાખીને બાકીના સંગ્રહનો ઉદારતાથી સામાન્ય સ્થિતિનાં જનસમુદાયમાં વિતરણ કરી નાખવો જોઈએ. આવી સદ્‌બુદ્ધિ સૌમાં સૂઝે તો દેશમાંથી સામ્યવાદ આજે વિદાય થઈ જાય અને ભારત દેશમાં અધ્યાત્મવાદનો અને દાનવાદનો પુનઃ વિજય ધ્વજ ફરકી જાય.

કેટલીક ખોટી જરૂરિયાતો ગૃહસ્થોએ જીવનમાંથી ઓછી કરી નાંખવી જોઈએ. આજે વ્યસન અને ફેશનમાં જેટલું ખર્ચ થાય છે તેટલું જીવનનિર્વાહમાં થતુ નથી માટે ખોટી જરૂરિયાતો પર કાપ મૂકવાની ખાસ જરૂર છે. નાટક-સિનેમાની પાછળ થતાં પૈસાના દુર્વ્યય ઉપર પણ કાપ મૂકાઈ જવો જોઇએ અને એમાંથી જે રકમ બચે તેનો સન્માર્ગે વ્યય થવો જોઇએ. ફર્નિચર, રાચ-રચીલું, રેડિયો, એરકંડીશનર એ બધાની પાછળ એટલો બધો ખર્ચ

કરવામાં આવે છે કે, કેટલીકવાર હદ ઉપરાંત ખર્ચ થઇ જાય છે. એ ખોટાં ખર્ચાઓને પહોંચી વળવા પછી જીવનમાં અનેક પાપો આચરવા પડે છે અને પરમાર્થના કોઈ કાર્યો પછી જીવનમાં કરી શકાતા નથી પોતાનામાંથીજ જે ઉંચો ન આવે તે બીજાને કયાંથી ઉપયોગી થઈ શકે ?

જંગલમાં મંગલ.

નયસાર અતિથિની શોધમાં દિશાવલોકન કરી રહ્યા છે એટલામાં ક્ષુધાતુર અને તૃષાતુર થયેલાં રસ્તાના થાકથી શ્રમિત થયેલાં અને સાર્થની શોધમાં પરિભ્રમણ કરતાં પંચ મહાવ્રતધારી જાણે સાક્ષાત્ ધર્મના મૂર્તિમંત સ્વરૂપ સમા ન હોય તેવા શ્રમણ ભગવંતો તે મહા ભયંકર અટવીમાં આવી પહોંચે છે. તે સાધુ ભગવંતોને આવતા જોઈને નયસારને રોમે-રોમમાં આનંદ છવાઈ જાય છે અને તેના મુખમાંથી તેવા ઉદ્‌ગારો સરી પડે છે કે, આજે આ ઘણું સારૂં થયું કે મને આ ભર જંગલમાં પણ અતિથિ સેવાનો અપૂર્વલાભ મલ્યો છે. પૂ. વીરવિજયજી મહારાજે પણ નયસારની ભક્તિ અંગેના એક સ્તવનમાં ખૂબજ ભાવવાહી ઉદ્‌ગારો કાઢયા છે કે,

મન ચિંતે મહિમાનીલો રે,
આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરૂં રે,
તો વાંછિત ફળ હોય રે;
પ્રાણી ધરિયે સમકિત રંગ.

મારગ દેખી મુનિવરા રે,
વંદે દેઈ ઉપયેાગ,
પૂછે કેમ ભટકેા ઇહાં રે,
મુનિ કહે સાથ વિજોગ રે,
પ્રાણી ધરિયે સમકિત રંગ

આ ગાથાઓમાં પણ કેટલીબધી ભાવવાહિતા છે ! આ બન્ને ગાથાઓમાંથી પહેલી ગાથાનેા ભાવાર્થ તેા આપણે વિસ્તારથી વર્ણવી ગયા છીએ. બીજી ગાથાનાં ભાવાર્થમાં દૂરથી મુનિ ભગવંતેાને આવતા જોઈને નયસારને મનમાં ખૂબજ આનંદ થઈ જાય છે. અને નયસાર મુનિઓને અમુક ડગલાં સામે જઈને ભાવથી વંદના કરે છે અને પૂછે છે. ભગવાન ! હું આપ જેવા કોઈ અતિથિના આગમનની રાહ જોઇ રહ્યો છું. પણ આપને પૂછવાનું મન થઈ જાય છે કે, આપ આવા ભયંકર જંગલમાં કેમ ભમી રહ્યા છેા ? આ જંગલ એટલું બધું ભયંકર છે અને હિંસક પ્રાણીઓનેા આ જંગલમાં એટલેા બધેા ભય છે કે, શસ્ત્રધારી મનુષ્યેા પણ આ જંગલમાં એકાકી પર્યટન કરી શકતા નથી. પ્રત્યુત્તરમાં મુનિ ભગવંતેા કહે છે કે, અમેા કોઇ એક ગામથી સાર્થવાહની સાથે નિકળ્યા હતા. રસ્તામાં ગામ આવતા અમે ભિક્ષા નિમિત્તે ગામમાં ગયા. એટલામાં સાર્થ અમારાથી ખૂબ આગળ નિકળી ગયેા, અને અમે ગામમાંથી નિર્દોષ ભિક્ષા પણ ન પામ્યા અને રસ્તામાં ભુલા એવા પડયા કે, ભમતા ભમતા આ અટવીમાં આવી પહેાંચ્યા છીએ.

આ વાત સાંભળીને નયસાર પેલા સાર્થ ઉપર ફિટકાર વરસાવે છે અને કહે છે કે, આ સાર્થ કેવેા વિશ્વાસઘાતી

કે, આવા મહાપુરૂષોને પાછળ રાખીને પોતે આગળ ધપી ગયો. સાર્થની સાથે વ્યાપાર-ધંધા નિમિત્તે અનેક માણસો જોડાએલા હોય, પણ આવા મહાપુરૂષોનો સુયોગ મળી આવવો કયાં સુલભ છે ? છતાં એ સાર્થ આ મહાપુરૂષોનાં પૂર્વનાં પુન્યોદયે મળેલા સુયોગનો લાભ ન ઉઠાવી શકયો. અરર ! એ બિચારાની એ કેવી કમનસીબી છે ? પછી આગળ વધીને નયસાર મહાત્માઓને કહે છે કે, આપ મારા કોઈ મહાન પુન્યના ઉદયે આ અટવીમાં આવી પહોંચ્યા છો. આવા અઘોર જંગલમાં મને આપ મહાપુરૂષોનાં દર્શનનો લાભ મલ્યો એ કોઇ મારા પ્રબળ પુન્યનો ઉદય છે. આમ કહીને જ્યાં વૃક્ષની નીચે બધી ભોજન સામગ્રી ગોઠવાએલી છે ત્યાં મુનિઓને ભાવપૂર્વક તેડી જાય છે.

"હરખ ભરે તેડી ગયો રે,
પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે,
સાથ ભેળા કરૂં આજ રે,
પ્રાણી ધરિયે સમકિત રંગ.

ઉતારે તેડી જઇને વિધિપૂર્વક નિર્દોષ આહાર-પાણી વહોરાવે છે. એ ટાઇમે નયસારની બન્ને આંખોમાં હર્ષનાં આંસુ આવી જાય છે. અને રોમરાજી વિકસ્વર બની જાય છે. એવા ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવે છે કે, હૃદયમાં આનંદ સમાતો નથી. તેનો આત્મા અંદરથી પુલકિત બની જાય છે.

દ્રવ્ય માર્ગ બતાવનારને ભાવમાર્ગની પ્રાપ્તિ.

મુનિ ભગવંતેા નિર્દોષ આહાર–પાણી વહેારીને ત્યાંથી થેાડેક દૂર જઇને એક વૃક્ષની નીચે બેસીને આહાર–પાણી વાપરી લે છે. નયસાર પણ પેાતાના બધા સેવકેાની સાથે ભેાજન કર્યા બાદ મહાત્માઓની સમીપે પહેાંચી જાય છે. તેમને વિનંતી પૂર્વક કહે છે કે, આપ રસ્તેા ભુલી ગયા છેા. પધારેા, આપને હવે હું રસ્તેા બતાવી દઉં અને જે નગરમાં પહેાંચવાનું છે તે નગરને રસ્તે આપને ચડાવી દઉં. મુનિ ભગવંતેા ત્યાંથી વિહાર આગળ લંબાવે છે, અને નયસાર તેમને રસ્તે ચડાવી દે છે. મુનિ ભગવંતેા નગરને રસ્તે ચડયા બાદ એક વૃક્ષની નીચે બેસીને નયસારને ધર્મ સમજાવે છે અને કહે છે. નયસાર ! તેં અમને જે રસ્તે ચડાવી દીધા એ દ્રવ્યમાર્ગ છે. મુનિ ભગવંતેા મનમાં વિચારે છે કે, જરૂર આ કેાઈ હળુકર્મિ આત્મા છે અને ભાવિમાં કેાઈ મહાન આત્મા થશે. આણે આપણને રસ્તેા બતાવીને અટવીપાર કરાવી દીધી. હવે આપણે એને એવેા રસ્તેા બતાવી દઇએ કે, એ જીવ ભવ અટવી પાર ઉતરી જાય એમ ચિંતવી એક વૃક્ષની નીચે બેસીને નયસારને ધર્મ સમજાવે છે દેવ, ગુરૂ અને ધર્મની ઓળખાણ કરાવે છે, અને તેને વિધિપૂર્વક નવકાર મહામંત્ર આપે છે.

નયસાર એ મહાત્માઓના સમાગમથી ત્યાંને ત્યાં સમ્યક્ત્વને પામી જાય છે અને ધન્ય ધન્ય બની જાય છે. નિમિત્ત વિના કેાઈ કાર્ય બનતું નથી. આત્મામાં અનંતા

ગુણો રહેલા છે. સમ્યક્ત્વ એ પણ આત્માનો ગુણ છે, પણ શુભ નિમિત્તોનો જોગ મળ્યા વિના ગુણો પ્રગટતા નથી. નિમિત્ત કે વ્યવહારનો લોપ કરવો એ આખા માર્ગનો લોપ કરવા જેવું છે. નિમિત્તવાસી આત્મા આવા શુભ નિમિત્તોના જોગ વિના કયાંથી ઉચે ચડવાનો છે ? નિમિત્તનો લોપ કરનાર પણ ઉપદેશાદિની પ્રવૃત્તિ તો કરતા જ હોય છે. આવાઓનાં વાણી અને વર્તનમાં કંઈ ઠેકાણા હોતા નથી.

નયસારે મહાત્માઓને જે રસ્તે ચડાવી દીધા એ દ્રવ્ય માર્ગ અને મહાત્માઓએ નયસારને જે ધર્મનો રસ્તો બતાવ્યો તે ભાવમાર્ગ કહેવાય બીજા શબ્દોમાં તેને મોક્ષમાર્ગ પણ કહેવામાં આવે છે. મુનિરાજો તો રસ્તો ભુલી ગયા હતા, જ્યારે નયસાર તો ભવાટવીમાં ભુલા પડેલા હતા. બસ આનુ નામ જ "ભુલેા પડેલેા યાત્રી." શ્રી વીર જિનેશ્વરને પણ અનંત કાળ સુધી ભવમાં ભમવું પડયું હતું, પણ નયસારના ભવમાં સમકિત પામ્યા પછી અંતે સત્યાવીશમાં ભવે અરિહંત બન્યા છે.

ધર્મને રસ્તે ચડયા પછીના જ વર્ષો ગણુત્રીના બાકીના પાણીમાં.

સમકિત પામ્યા પહેલાં ભગવાન મહાવીરનાં આત્માને જે અનંતા ભવો કરવા પડયા તે ગણુનામાં લેવાયા નથી. સમકિત પામ્યા પછી જ ભવ ગણુના શરૂ થાય છે. જેમ તમે ગમે તેટલાં વર્ષો પસાર કરી નાખ્યા પણ તે ગણુત્રીમાં લેવાતા નથી. જ્યારથી તમે ધર્મને રસ્તે ચડયા તે પછીના વર્ષો જ

ગણુત્રીમાં લેવાના છે જે વર્ષો દરમ્યાન જીવનમાં લેશ પણ ધર્મની લેશ્યા ન આવી હેાય અને એકલાં આરંભ–સમારંભના જ ધંધા કર્યા હેાય, અઢારે પાપ સ્થાનકેા રાચી—માચીને સેવેલા હેાય એ વર્ષો તેા ઉલ્ટા પાણીમાં ગયા કહેવાય, તેા પછી ગણુત્રીમાં લેવાની વાત જ કયાં રહી ? માટે કેાઈ પણ તમને તમારી ઉંમર વિષે પૂછે તેા જ્યારથી તમે ધર્મને રસ્તે ચડયા હેાય તે પછીના વર્ષોની ગણુત્રી કરીને તમારી ઉંમર જાહેર કરજો. એક ગામમાં એક ભાઈની ઉંમર હતી પાંસઠ વર્ષની અને મારાથી સહેજે પૂછાઇ ગયું કે ઉંમર કેટલી થઇ છે ? એ ભાઇ બેાલ્યા, મહારાજશ્રી, ઉંમર હજી પાંચ વર્ષની થઇ છે. મેં કહ્યું, કેમ આમ બેાલેા છેા ? આ દાઢી, મૂછ અને મસ્તકના વાળ તેા ધેાળા થઈ ગયા છે ને પાંચ વર્ષની ઉંમર કહેા છેા ? એ ભાઈએ મને મારા જ શબ્દેામાં કહ્યું કે, મહારાજશ્રી, આપ પેાતે જ કહેા છેા કે, વર્ષો પાણીમાં ગયા છે. મહારાજશ્રી, છેલ્લાં પાંચેક વર્ષથી જ ધર્મને રસ્તે ચડયેા છું ! બાકી તેા જીવનમાં એકલાં કર્મો જ બાંધ્યા છે, મેં કહ્યું કે, એ અપેક્ષાએ કહેતા હેા તેા વાત તમારી સાચી છે.

મારી સામે બેઠેલાઓને મારે ઉંમર વિષે પૂછવુ નથી. પણ મનમાં સૌ સમજી લેજો. આપણાં કર્તવ્યો જોતાં તેા એમ જ લાગે કે, આપણે હજી ઘુંટણભેર માંડ માંડ ચાલતા શીખ્યા છીએ. જે મનુષ્યેાના હૃદયમાં દેવાધિદેવ અરિહંતનું સ્થાન નથી નવકાર મહામંત્રનું ધ્યાન નથી જીવદયાના પરિણામ નથી જયણાનું પાલન નથી અલ્પાંશે પણ કષાયેાનું ત્યાગ નથી ગુણીજનેા તરફ હૃદયમાં બહુમાન

નથી, તેવા મનુષ્યો ઉંમરની અપેક્ષાએ ભલે વૃદ્ધાવસ્થાએ પહોંચેલા હોય, છતાં જ્ઞાનીની દ્રષ્ટિએ તેઓ હજી ભવ બાળદશામાં છે. જ્ઞાનીઓએ તો ત્યાં સુધી ફરમાવ્યું છે કે, જેણે જીવનમાં ધર્મનાં શુભ કાર્યો કર્યા નથી. ગિરિરાજ શત્રુંજય જેવા તીર્થોની સ્પર્શના સરખી પણ કરી નથી. સમજી લેવું તે તો હજી ગર્ભાવાસમાં જ છે. હજી તેનો જન્મ પણ થયો નથી ! કારણ કે, તે જનમ્યો તોએ તેનો જન્મ શા કામનો છે ? જેણે દીન–અનાથનો ઉદ્ધાર કર્યો નથી, કર્મ ખપાવવા નિમિત્તે તપ કર્યું નથી, આપત્તિમાં સપડાયેલા કોઇ સાધર્મિક બંધુઓનો પણ ઉદ્ધાર કર્યો નથી, હૃદયમાં વીતરાગ પરમાત્માને ધારણ કર્યા નથી. આમાનું જેણે જીવનમાં કાંઈ કર્યું નથી તો સમજી લેવું એ બિચારો મળેલા નર જન્મને જ હારી ગયો ! માટે આપણે એક રીતે નહીં પણ અનેક રીતે ભુલા પડેલા છીએ. નયસારની જેમ કોઈ આપણને પણ સાચો રસ્તો બતાવનાર મળી જાય તો જ આપણા આ પરિભ્રમણનો અંત આવવાનો છે, બાકી તો આપણાં નશીબમાં રખડપાટ અને રઝળપાટ જ છે.

નયસારને કેવા મહાન સદ્‌ગુરૂ મળી ગયા ? બન્નેએ માર્ગ બતાવવાનું કામ કર્યું છે; એકે દ્રવ્યમાર્ગ બતાવ્યો તો બીજાએ ભાવમાર્ગ બતાવ્યો, પરસ્પર બન્નેએ એકમેકને રસ્તે ચડાવી દીધા. નયસાર ઉપર મહાત્માઓએ કેવી કરૂણા વરસાવી છે ? નયસાર એ સમયે ભલે ભવાટવીમાં ભુલા પડેલા હતા, પણ મહાત્માઓને તેનામાં યોગ્યતાના દર્શન થયા છે અને તેજ મહાત્માઓને આલંબને નયસારને સમ્યગ્

દર્શન પ્રાપ્ત થયું છે, કેવું જંગલમાં મંગલ થયું છે. બસ, આને જ જંગલમાં મંગલ કહેવાય !

ભેામિયેા મળી જાય તેા ભમવું ન પડે !

જીવ એકવાર ધર્મને રસ્તે ચડી જાય એટલે તે મેાડા કે વહેલેા ઠેકાણે પહેાંચી જવાનેા. પૂ. હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે,

मार्गंश्रितो यथादूरं क्रमात् पंगुरपि व्रजेत् ।
धर्मस्थो धनकर्मापि तथा मोक्षमवाप्नुथात् ॥

રસ્તે ચડેલેા કદાચ પાંગળેા માણસ હેાય તેા પણ તે ક્રમે કરીને પેાતાના ધારેલા સ્થાને પહેાંચી જાય છે. તેમ ધર્મના રસ્તે ચડેલેા જીવ વર્તમાનમાં કદાચ ભારેકર્મિ હેાય એટલે ઘેાર અવિરતિનાં ઉદયવાળેા હેાય, તે છતાં પણ તે ક્રમે કરીને મેાક્ષે પહેાંચી જાય છે. ગમે તેવેા "ભુલેા પડેલેા યાત્રી" હેાય પણ તેને કેાઈ માર્ગ બતાવનાર ભેામિયાનેા સંઘાત મળી જાય તેા તેની ભુલવણીનેા અંત આવી જાય છે.

લેાભનેા થેાભ નહીં !

જીવ પદાર્થમાત્રમાં ભુલેા પડેલેા છે. શરીર, ધન–વૈભવાદિ પ્રત્યેક પદાર્થમાં જીવની દ્રષ્ટિમાં ઘણી વિપરિતતા છે. જીવને ઘણું ધન મળે તેાએ તૃપ્તિ નથી. એકવાર આખી પૃથ્વીનું ધન જીવને મળી જાય તેાએ જીવને તૃપ્તિ થવાની નથી ! કારણ કે, દ્રષ્ટિ વિપરિત છે. પુણિયા શ્રાવકની દ્રષ્ટિ સમ્યક્ હતી તેા ઓછી આવકમાં પણ તેને ઘણેા સંતેાષ હતેા. તેનાં જીવનમાં લેશ પણ હાય–વેાય નહેાતી. કારણ કે,

પૈસામાં કે વૈભવમાં તેણે સુખ માન્યું જ નહોતું, તેણે સંતોષમાં જ ખરૂં સુખ માન્યુ હતું. જ્યારે તમે બધા પૈસામાં જ સુખ માની બેઠા છો, એટલે પછી પૈસા માટે તમે આકાશ–પાતાળ એક કરી રહ્યા છો, જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ લોભ પણ વધતો જાય છે. કારણ કે, જીવની તૃષ્ણા ઘણી વિશાળ છે. વખતે સ્વયંભૂરમણ સમુદ્રનો કિનારો આવે પણ લોભ સમુદ્રનો કયાંય કિનારો દેખાતો નથી. પોતાના બાહુ બળે વખતે કોઈ મનુષ્ય સ્વયંભૂરમણ સમુદ્ર પાર કરી જશે, પણ આ લોભ સમુદ્રનો ભલભલા ભડવીર કહેવાતા પણ પાર પામી શકતા નથી.છતાં મનુષ્યની દ્રષ્ટિ જો સમ્યક્ થઇ જાય કે, ખરૂ સુખ ધન–વૈભવમાં નથી, પણ સંતોષમાં જ છે. તો સંતોષરૂપી સેતુના બળે લોભ સમુદ્રનો જરૂર પાર પામી શકાય છે. પણ જીવ જ્યાં માતા–પિતા, ભાઈ–ભગિની, પુત્ર–પૌત્રાદિ, ધન–વૈભવ, આ બધામાં ભુલો જ પડેલો છે, ત્યાં કયાંથી પાર પામવાનો છે ?

પદાર્થ માત્રને જ્ઞાનદ્રષ્ટિથી જોતાં શીખવુ જોઈએ. જીવ પોતે દ્રષ્ટા હોવાથી ઘણાં ઘણાં દ્રવ્યોને તે જોયા કરતો હોય છે, પણ હજી સુધીમાં તેણે જાગીને જોયું નથી. જીવ જો જાગીને જોતો થઈ જાય તો "ભૂલો પડેલો યાત્રી" આજે માર્ગ ઉપર આવી જાય. પછી તો તે તિજોરી ઉઘાડીને ધનનાં ઢગલાને જોશે તોએ તેને લાગશે કે આ પરિગ્રહ મેં ઘણું ભેગું કર્યું છે અને તેની મમતા મારાથી મૂકાતી નથી, પણ આ પરિગ્રહની મૂર્છા જ મને દુર્ગતિમાં લઈ જનારી છે, અને આ પરિગ્રહ એક દિવસે છૂટી તો જવાનો જ છે એ પહેલાં

હું જ ન છેાડી દઉં, કે જેથી એટલેા ભાર તેા મારા પરથી ઓછેા થઈ જાય. આ કાળે આત્મા ક્ષીણ કર્મિ ન બની શકે પણ તમે એ રીતે ભાર ઓછેા કરી નાંખેા તેા હળુકર્મિ તેા જરૂર બને. આત્માને હળવેા બનાવેા ! બાહ્ય પરિગ્રહની જેમ અંદરનાં વેર-ઝેર, રાગ-દ્વેષાદિનેા પણ પરિત્યાગ કરી દેા. છેવટે તેને પાતળાં પાડી દેા, તેા જરૂર તમારેા આત્મા હળવેા બની જશે. જ્ઞાનદ્રષ્ટિથી અવલેાકન કર્યાનું આજ અરૂ ફળ છે.

દ્રવ્ય નિદ્રા અને ભાવ નિદ્રા.

જીવ હજી ઉંઘમાં જ રહ્યો છે. તેની દ્રવ્ય નિદ્રા ટળી છે, ભાવ નિદ્રાની અપેક્ષાએ હજી ઉંઘતેા છે. રાત્રિ સમાપ્ત થતાં સવારના ટાઈમે જે જાગી જાય તેનું નામ દ્રવ્ય નિદ્રા ટળી કહેવાય, અને અંદરથી આત્મા એવેા જાગૃત થઈ જાય કે, અહંકાર અને મમકારનું બંધન ઢીલું પડી જાય, પરદ્રવ્યેા અને પરભાવેાથી આત્મા નિરાળેા ભાસે, તેનું નામ ભાવનિદ્રા ટળી કહેવાય. ભાવનિદ્રા ટળી તેા નથી પણ તેને ટાળવાનેા હજી જીવે પ્રયત્ન પણ કર્યેા નથી ! અહું અને મમનેા જે અંદરમાં ભાવ વર્તે છે એજ ભાવ નિદ્રા છે. જીવ સ્વમાં જાગૃત થાય એટલે ભાવ નિદ્રા ટળી જાય છે. સ્વમાં જે જાગૃત તે જ જાગતેા કહેવાય. પરમાં ગમે તેવેા જાગૃત હેાય તેા એ તે ઉંઘતેા કહેવાય. જાગીને જોનારને જેમ પરિગ્રહ નિઃસાર ભાસે છે તેમ સર્વ આત્માઓ તેને પેાતાના આત્મા સમાન ભાસે છે. કેાઇને પણ દુઃખ આપવામાં તે ઘેાર પાપ સમજે જીવ માત્ર જીવવાને ઇચ્છે છે;

કોઈ મૃત્યુને ઇચ્છતા નથી. માટે ઘોર એવા પ્રાણી વધનું તે દૂરથીજ પરિત્યાગ કરે છે. પોતાના જીવની જેમ તે અન્ય જીવોનું રક્ષણ કરે છે અને મૃત્યુથી ભયભીત બનેલાં જીવોને તે પોતાના તરફથી અભયદાન અપાવે છે. કોઇપણ જીવને જીવિતદાન અપાવવું તેના જેવો કોઈ ધર્મ નથી, અને કોઈપણ જીવનો વધ કરવો તેનાં જેવું કોઈ પાપ નથી. માટે ઘોર હિંસાનો દરેક મનુષ્યોએ પરિત્યાગ કરી દેવો– જેની દ્રષ્ટિમાં સુખ દુઃખની અપેક્ષાએ સર્વ આત્માઓ સ્વ આત્મા સમાન છે તે જ સ્વમાં જાગૃત આત્મા છે.

જ્ઞાનદ્રષ્ટિથી જોનારો પર સ્ત્રીને પણ માતા સમાન લેખે છે અને સ્વદારામાં પણ તેને તીવ્ર આસક્તિ હોતી નથી. જીવ ત્યાં પણ ભૂલોજ પડેલો છે કે જ્યાં તેની અંદરની જ્ઞાનદશા જાગી નથી. જેને તે આ ભવમાં સ્ત્રી માને છે, તે જન્મજન્માંતરમાં અનંતીવાર પોતાની જનેતા થઈ ચૂકી છે. આ સંસારનું સ્વરૂપ જ એવું છે કે, આ ભવની માતા ભવાન્તરમાં કયારેક સ્ત્રી રૂપે થાય છે અને આ ભવની સ્ત્રી ભવાન્તરમાં માતા પણ થઈ જાય છે. પિતા પુત્ર રૂપે થાય છે અને પુત્ર પિતા થઇ જાય છે. પુત્ર પિતા રૂપે ઉત્પન્ન થાય ત્યાં સુધી તો વાંધો નથી. પણ કયારેક શત્રુરૂપે ઉત્પન્ન થાય છે, આને સંસાર ભાવના કહેવામાં આવે છે. તમે જાગીને જોયું છે જ કયાં? એટલે આ બધી વાતો અંધારામાં રહી ગઇ છે. આવી જ્ઞાન દ્રષ્ટિનાં અભાવે જ તમે સંસારમાં જાણે એકાકાર થઇ ગયા છો, પરસ્પર મમત્વથી જાણે એવા બંધાઈ ગયા છો કે પરલોકમાંએ તમને

એકલા જવું નહીં ગમે. છતાં ધ્યાન રાખજો તમારે એ માર્ગે તેા એકલા જ જવાનું છે. અહિં તમને હરવા ફરવામાં સથવારેા મળી આવશે બાકી અનંતને માર્ગે કેાઈ સથવારેા કરાવનાર નહીં મળે.

પૂ. સકલચંદજી મહારાજે અનિત્ય ભાવનામાં ફરમાવ્યું છે કે,

"રાચ મા રાજની ઋદ્ધિ શું પરિવર્યો,
અંતે સબ ઋદ્ધિ વિસરાલ હેાશે;
ઋદ્ધિ સાથે સવિ વસ્તુ મૂકી જતે,
દિવસ દેા-તીન પરિવાર રેાશે;
મુંઝ મા મુંઝ મા મેાહમાં મુંઝ મા,
શબ્દ વર રૂપ રસ ગંધ દેખી.

હે આત્મન્ ! આ ઋદ્ધિ-સિદ્ધિ કે સમૃદ્ધિમાં જરાએ રાચવા જેવું નથી. અંતે આ ઋદ્ધિ નાશ પામી જવાની છે. ઋદ્ધિ સાથે અંતે આ બધું મૂકીને જવાનું છે. એ ટાઈમે આ તારા સંબંધીઓ બે પાંચ દિવસ તારી પાછળ પેાક જરૂર મૂકશે. બાકી આ ઋદ્ધિ-સિદ્ધ કે સમૃદ્ધિમાં કાંઈ સાર નથી. માત્ર બે પાંચ દિવસ તારા સંબંધીઓ તારી પાછળ રેાકકળાટ જરૂર કરશે, પણ તારા સંબંધીઓ તારી પાછળ પેાક મૂકે તેમાં તારૂં દાળદર કાંઈ થેાડું ફીટી જવાનું છે ? તું તેા નયસારની જેમ ધર્મને રસ્તે ચડી જા તેા જ તારૂં દાળદર ફીટવાનું છે.

વીર ભગવાનને સમકિત પામ્યા પછી પણ સત્તાવીશ ભવ કરવા પડયા છે. એ ઘટના પણ સ્થૂલ ભવની અપેક્ષાએ

છે. વચમાં વળી બીજા ભવ તો કેટલાંએ કરવા પડયા છે. રસ્તે ચડયા પછી પણ માણસ કયારેક રસ્તો ભૂલી જાય છે. તો પછી ભૂલેલાની તો વાત જ શી કરવાની? રાતનો ભૂલ્યો મુસાફર દિવસે માર્ગ પર આવી જાય છે, પણ દિવસના જે ભૂલ્યો તેને તો ગોથા જ ખાવાના છે. તેમ અજ્ઞાન દશામાં રહીને કોઈ મનુષ્ય પાપ આચરતો હોય તો કયારેક તેને સદ્‌ગુરૂનો જોગ મળી આવતાં જરૂર તે ધર્મને રસ્તે ચડી જવાનો છે, પણ જાણી–બુઝીને બેધડકપણે પાપ આચરતો હોય તો તે જીવ એકદમ કયાંથી ઠેકાણે પડવાનો છે ?

જીવનમાં પાપ ભીરૂતા આવે એ પણ એક મોટી યોગ્યતા છે. પાપ આચરતાં મનમાં ખટકો રહે એ પણ ઘણી મોટી વાત છે. જીવ પાપને પાપરૂપે સમજતો થાય. પુન્યને પુન્યરૂપે સમજતો થાય, આશ્રવને આશ્રવરૂપે સમજતો થાય. સંવરને સંવરરૂપે સમજતો થાય, એ પણ સમ્યગદ્રષ્ટિપણું છે. સમ્યગૂજ્ઞાન આવ્યુ હશે તો તેના ફળસ્વરૂપે ચારિત્ર જરૂર આવવાનું છે.

નયસારની તત્વરમણુતા.

નયસારે રસ્તો બતાવ્યા બાદ મુનિવરો આગળ વિહાર કરી જાય છે, તે પછી નયસાર જંગલમાંથી કાષ્ઠ લઈને ફરી પાછા પોતાના ગામ તરફ વળે છે. પોતાના ઉપરી રાજાના હુકમથી કાષ્ટ લેવા અટવીમાં ગયા હતા તે કાષ્ઠ રાજાને મોકલાવી આપે છે. પોતે પોતાના ગામમાં આવી જાય છે. ત્યારબાદ નયસાર ધર્મતત્ત્વનો ઉંડાણથી અભ્યાસ કરે છે,

અહર્નિશ જીવ-અજીવાદિ નવે તત્વનું ઉંડાણથી ચિંતવન કરે છે, અને નવકાર મહામંત્રનું આરાધન કરતાં કરતાં છેલ્લે કાળધર્મને પામી પહેલા સૌધર્મ દેવલોકને પામે છે. આ મહાવીર ભગવાનનો નયસાર તરીકેનો પહેલો ભવ છે જેની ઉપર આપણે વ્યાખ્યાનમાં ઠીક-ઠીક પ્રકાશ પાડયો છે. ભગવાન મહાવીરના આ પહેલાં નયસારના ભવમાંથી પણ આપણે ઘણું ઘણું શીખવાનું છે. તો પછી આગળ આગળના ભવોની તો વાત જ ક્યાં કરવાની રહે છે. તેમાં જો કે, પતન અને ઉત્થાનનો ક્રમ તો ચાલું જ રહ્યો છે છતાં અંતે સત્તાવીશમાં ભવે તેઓ અરિહંત બન્યા છે.

એ ભગવાન બન્યા ને આપણે ભટકતા રહ્યા !

એ દેવાધિદેવના આત્માઓ સાથે એક દિવસે આપણે પણ અનેક પ્રકારની ક્રીડાઓ કરતા, પણ આજે તેઓ ભગવાન થઈ ગયા અને આપણે ભટકતા રહી ગયા ! જેમ પૂ. વીરવિજયજીએ ફરમાવ્યું છે કે,

તુમ અમ પહેલે એકઠાં,
મન મોહન મેરે,
મળિયા વાર અનંત...મન,
શીઘ્રપણે કેમ સાહિબા,
મન મોહન મેરે,
આપ હુઆ ભગવંત...મન

નાથ ! ભવોના ભવો સુધી આપણે ભેગા રમ્યા છીએ અને આપ સવળે માર્ગે પુરૂષાર્થ ફોરવીને ભગવાન બની

ગયા, અને નાથ અમે તો એવાને એવા ભવમાં ભટકતા રહી ગયા ! નાથ ! હવે પૂર્વની મૈત્રી સંભારીને અમારી ઉપર પણ એવી કરૂણા વરસાવો કે, અમે પણ ભવસાગર તરી જઈએ, અને જે સ્વરૂપને આપ પામ્યા છો તે આત્માના શુદ્ધસ્વરૂપને અમે પણ પામી જઈએ. નાથ ! આટલું અંતર પડી ગયું તેમાં અમારા પ્રમાદનો જ દોષ છે. આપે પુરૂષાર્થ કર્યો તો આજે ભગવાન થઇને લોકાગ્રે બિરાજો છો અને અમે પ્રમાદમાં જ પડયા રહ્યા તો ભવમાં ભટકીએ છીએ. નાથ ! આપની અસીમ કૃપા વિના અમારો કોઈ આરોવારો નથી. નાથ ! જીવ માત્ર પોતાના પુરૂષાર્થના બળે જ મોક્ષ મેળવે છે છતાં રસ્તો બતાવનારા તો આપ જ છો. આપે મોક્ષનો રસ્તો બતાવ્યો તો કંઇક આત્માઓ આ પડતા કાળમાં પણ પોતાનું કલ્યાણ સાધી રહ્યા છે, ભલે આ કાળમાં એ આત્માઓ મોક્ષે નહીં પહોંચે તોએ સદ્‌ગતિના અધિકારી તો બનવાના જ છે, અને પરંપરાએ મોક્ષે પણ પહોંચવાના છે. નાથ ! આખાએ જગત ઉપર આપનો અનંત ઉપકાર છે અને એજ અમ પામર આત્માઓ ઉપર આપની અસીમ કરૂણા છે.

ભૂલા પડેલા જીવોને મુક્તિનો સાચો રાહ બતાવનારા આપ જ છો. એ રસ્તે ચાલનારનો જરૂર નિસ્તાર છે. બસ, એજ આ આખાએ વ્યાખ્યાનનો સાર છે.

બં....ધ....ન.... મુ....ક્તિ

બંધન—મુક્તિ, એ આજના જાહેર વ્યાખ્યાનનો વિષય છે. બંધન કોઇને પણ પ્રિય નથી. સૌ બંધનમાંથી છૂટવા ઇચ્છે છે. ઢોર સાંજ પડે ઘેર આવે એટલે માલિક તેને ખીલે બાંધે છે, પણ જ્યાં સવાર પડે ત્યાં ઢોર તરત બંધનથી છૂટવાને ઇચ્છે છે, પશુ પણ બંધનમાંથી છૂટવાને ઇચ્છે છે, તો પછી મનુષ્ય બંધનમાંથી મુક્તિ ઇચ્છે એમાં શી નવાઇની વાત છે ? પાંજરામાં પુરાએલો પોપટ પણ તેમાંથી છુટવાને ઇચ્છે છે; ભલે પછી રત્નજડિત સોનાનું પિંજરૂ કેમ નથી હોતું ? તો પણ પોપટને તે બંધનકારી લાગે છે. તેવી રીતે સંસારના ગમે તેવા કામ–ભોગાદિના સુખ પણ જ્ઞાનીને પોતાની દ્રષ્ટિમાં ફંદરૂપ ભાસે છે. જ્ઞાનીની દ્રષ્ટિમાં એક જ વાત હોય છે કે, આ મનુષ્યભવ મહાન પુન્યના ઉદયે મળ્યો છે, તો પુરૂષાર્થ એવો કરી લેવો કે જીવનો બંધનમાંથી

સદા કાળને માટે છુટકારો થઈ જાય. પાંજરામાંથી પોપટની મુક્તિ થાય અથવા ખીલેથી ઢોરને છોડવામાં આવે એ તો દ્રવ્ય મુક્તિ છે. જ્યારે આઠ કર્મના બંધનમાંથી જીવની મુક્તિ થઈ જાય તે ભાવ મુક્તિ છે.

નજરકેદનું સુખ.

રાજદ્વારી ક્ષેત્રમાં મોટા નેતાઓને પણ કયારેક તેવા કોઈ અપરાધને કારણે જેલની સજા કરવામાં આવે છે. પણ જેલમાં તેમને જાતજાતની બધી સગવડો આપવામાં આવે છે. તેમની પાછળ હજારો રૂપીયાનો ખર્ચ સરકાર ભોગવતી હોય છે, છતાં તે નેતાઓ જેલમાં રહેવાનું પસંદ કરતા નથી. જેલમાં ગમે તેવું સુખ હોય પણ તેઓ સમજતા હોય છે, આ નજરકેદનું સુખ શા કામનું છે ? તેનાં કરતાં મુક્ત જીવનમાં ભલે તેવી સગવડો તેમને ન મળતી હોય છતાં મુક્ત જીવનને તેઓ પસંદ કરતા હોય છે. તેવી રીતે સમકિતી જીવ વૈમાનિક દેવલોકના સુખ ભોગવતો હોય છતાં તે સુખમાં તેની ઉપાદેય બુદ્ધિ હોતી નથી. દેવલોકનું સુખ પણ તેની દ્રષ્ટિમાં નજરકેદનું છે. નરક અને તિર્યંચ ગતિ દુઃખરૂપ છે. એ વાત તો સૌ કબૂલ રાખે છે. પણ સમકિતીની દ્રષ્ટિમાં ચારેચાર ગતિ દુઃખરૂપ છે. સમકિતી સુરનરના સુખને પણ દુઃખરૂપ ચિંતવતો હોય છે, અને હૃદયથી સિર્ફ મોક્ષ સુખને જ ઝંખતો હોય છે. ચારેચાર ગતિ રૂપ સંસારને સમકિતી પોતાની દ્રષ્ટિમાં કારાવાસ રૂપ લેખે છે. કારાવાસમાં રહેલા મનુષ્યને ગમે તેવી સુખ સગવડતા મળે પણ તેની અંતરની એકની

એક ઝંખના હોય છે કે, આમાંથી હું કયારે છુટું ? તેમ સમકિતી સંસારમાં ઉંચામાં ઉંચા સુખ ભોગવતો હોય છતાં તેની અંતરની ઝંખના એજ હોય છે કે હું આમાંથી છુટું કયારે ?

અનંત અવ્યાબાધ સુખ તેજ વાસ્તવિક સુખ.

જે જીવ ભવ બંધનમાંથી છુટવાને જ ન ઈચ્છતો હોય, અનંતાનંત સંસારના દુઃખો ભોગવવા છતાં મુક્તિ સુખ મેળવવા અંગેની અભિલાષા પણ જે જીવમાં ન પ્રગટી હોય, તેવા જીવોને તો જ્ઞાનીએ ખૂબ જ ભારેકર્મી કહ્યા છે. મોક્ષ મેળવવા અંગેની જે જીવમાં ઇચ્છા પણ ન પ્રગટી હોય. તે જીવ હજી અચરમાવર્ત કાળમાં છે એમ જ્ઞાનીએ કહ્યું છે અર્થાત્ તે જીવ હજી ચરમાવર્તમાં પણ આવ્યો નથી ! અરર ! આ જન્મ–મરણના ફેરાનો હવે તો અંત આવે તો સારૂં ! આવા તો અનંતા જન્મ–મરણ થઈ ગયા, છતાં હજી આ ભવ ભ્રમણનો અંત ન આવ્યો ! આ પરિભ્રમણનો અંત કયારે આવશે ? મારો આત્મા હવે ઠરીને ઠામ કયારે થશે ? જે જીવને આવા વિચારો આવતા હોય તે જીવ નિયમા ભવિ છે. અભવિને મોક્ષ તત્ત્વની વાત કેમે ગળે ઉતરે નહીં. મોક્ષના અનંત સુખની વાત આવે કે અભવિનો જીવ ખંખેરીને ઉભો થઈ જાય. નવ તત્ત્વમાં 'જીવ–અજીવાદિ આઠ તત્ત્વને અભવિ સદ્દહે ખરો પણ મોક્ષ તત્ત્વને સદ્દહે નહીં. એટલે મોક્ષ તત્ત્વને નહીં સદ્દહનારા જીવોને જ્ઞાનીએ અત્યંત ભારેકર્મી કહ્યા છે. મોક્ષના અનંત સુખને અથવા આત્માના અનંત અવ્યાબાધ સુખને સદ્દહનારા જીવોને

નિકટ મોક્ષગામી કહ્યા છે. ઘાતિ અને અઘાતિ કર્મના ક્ષય પછીનું જે આત્મિક સુખ છે તે જ વાસ્તવિક સુખ છે. એ સિવાયનું પૌદ્ગલિક સુખ ગમે તેવું પ્રકૃષ્ટ અને ચડીયાતું હોય પણ તે અંતે અનંત દુઃખરૂપ છે. એવી દ્રઢ પ્રતિતિ જે જીવને હોય તે નિયમા ભવિ છે. અભવિને ભૌતિક સુખની જ મીઠાશ હોય છે, અને તે માટે તે ચારિત્ર પણ અંગીકાર કરીને દુષ્કર તપ પણ કરે છે. ચારિત્રના પાલનમાં તે બાહ્ય જયણા એવી રાખે કે એક માખીની પાંખને પણ ન દુભવે ! છતાં તે જીવ સીઝે નહીં. કારણ કે તેનામાં એકલી બાહ્ય જયણા જ હોય છે. પણ અંતરની જતના તેનામાં હોતી નથી. તપ સંયમના માર્ગમાં તે જીવ જે પરાક્રમ કરતો હોય છે તે કેવળ ઊંચામાં ઊંચા દેવલોકના સુખ મેળવવાના ધ્યેયથી ! દેવલોકના સુખ અંગેની તે જીવની માન્યતા હોય છે. પણ મોક્ષના સુખ અંગેની માન્યતા તે જીવની હોતી નથી. એટલે કર્મક્ષયના ધ્યેય પૂર્વકની તે જીવની કોઈ પ્રવૃત્તિ હોતી નથી. જ્ઞાન અને બાહ્ય ચારિત્રમાં અભવિ ગમે તેટલો વિકાશ સાધે પણ સમ્યક્ત્વના અભાવમાં તેના જ્ઞાન ચરિત્ર બંને નિષ્ફળ કહ્યા છે.

બંધન પોતાનાથી જ.

'બંધન મુક્તિ', એ આજના વ્યાખ્યાનનો વિષય છે. તેની પીઠીકા બરાબર રચાઇ ગઈ. બંધનમાંથી છુટવા સૌ ઇચ્છે છે. પણ પહેલા સમજવાનું એ છે કે જીવને બંધન શાથી ઊભું થયું ? જેમ ઢોરને માલિક સાંજ પડે ખીલે

બાંધે અને સવાર પડે છોડી મૂકે છે. તેમ આ જીવને પણ બીજા કોઈએ જો બંધનમાં નાંખ્યો હશે તો તે બંધનમાં નાંખનાર આવીને છોડશે ત્યારે જીવનો છુટકારો થશે. પણ જીવને બીજા કોઈથી બંધન ઊભું થયું નથી. જીવ પોતે જ બંધ ભાવને ઉદ્દીરે છે, એટલે પોતે જ પોતાને બાંધે છે, અને પોતે જ પોતાને છોડે છે. જ્ઞાન, દર્શનને ચારિત્ર સ્વરૂપ પોતાની સ્વભાવદશાનાં પરિણામથી જીવ પોતાને છોડે છે, અને રાગ-દ્વેષ સ્વરૂપ વિભાવદશાના પરિણામથી જીવ પોતેજ પોતાને બાંધે છે. બીજા કોઈએ તો ઠીક પણ કર્મોએ મને બાંધી રાખ્યો છે એ માન્યતા પણ ઠીક નથી. કર્મો જીવને શું બાંધે ? કર્મોને બાંધનારો તો જીવ પોતે છે. કર્મ તો જીવે બાંધ્યા તો બંધાણા છે. જીવ ન બાંધે તો કર્મ પરાણે બંધાતા નથી. ચેતનની પોતાની પ્રેરણા ન હોય તો કર્મ યોગ્ય પુદ્ગલોને ગ્રહે કોણ ? નિજભાનને ભૂલીને આત્મા જ્યારે પરભાવમાં જાય છે, ત્યારે જ કર્મો બંધાય છે. માટે કર્મ પણ આત્માના ઓર્ડરથી પ્રવર્તે છે. જીવની અનાદિથી સ્વરૂપમાં ભૂલ થતી આવી છે, તેના કારણે જીવને બંધન ઊભું થયું છે. જીવ રાગ-દ્વેષાદિના ભાવોમાં પ્રતિ સમયે પરિણમે છે. તેની જગ્યાએ પોતાના જ્ઞાન-દર્શનાદિના ભાવોમાં પરિણમે તો દુનિયાની કોઈ એવી તાકાત નથી કે જે જીવને બંધનમાં નાંખી શકે.

ચેતનની આગળ જડની તાકાત કેટલી ?

ક્રોધાદિથી જીવને બંધ છે તો ક્ષમાદિકથી તે બંધનને છેદી પણ શકાય છે. અથવા રાગ-દ્વેષ અને મોહ એ જેમ

બંધનો પંથ છે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ મોક્ષનો પંથ છે. જીવ જો નિજભાવમાં હોય તો કર્મની તાકાત શી છે કે જીવને હંફાવી શકે ? કર્મ ગમે તેટલા બળવાન હોય તો પણ જડ છે, અને આત્મા ચેતન છે. પણ માલિક પોતે જ ઉંઘતો હોય તો તેના ઘરમાં લુંટ ચાલવાની જ છે. પ્રમાદને વશ થઈને જીવ પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠો છે. અને કર્મની પરાધીનતામાં પરવશપણે જીવ અનેક કષ્ટોને વેઠી રહ્યો છે. જેમ પૂ. ચિદાનંદજી મહારાજ લખે છે કે,

પ્રમાદી તું હોય પિયારે, પરવશતા દુઃખ પાવે,
ગયા રાજ પુરૂષાર્થ સે તી, ફિર પાછા ઘર આવે,
અવધુ ખોલી નયન અબ જોવો.

પ્રમાદને વશ પડીને જીવે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે. છતાં જીવ પ્રમાદનો ત્યાગ કરી પુરૂષાર્થને માર્ગે વળે તો હાથમાંથી ગયેલું સામ્રાજ્ય ફરી પાછું જરૂર પોતાના હાથમાં આવે. પોતાની અંદરની અખૂટ શાન્તિ અથવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર એજ જીવનું ખરૂં સામ્રાજ્ય છે. એને જીવ એકવાર પામી જાય તો આ જીવ પણ ત્રણ ભુવનનો બાદશાહ છે. એ સામ્રાજ્યની આગળ ષટખંડનું સામ્રાજ્ય સડેલા તણખલા સમાન છે. પૂ. ચિદાનંદજી મહારાજ ફરમાવે છે કે,

"વાર અનંત ચૂકિયા ચેતન, ઈણ અવસર મત ચૂક,
માર નિશાન મોહ રાય કી, છાતી મેં મત ઊક."

હે ! ચેતન, તું અનંતીવાર ચેતન થઈને ચૂક્યો પણ

હવે આ અવસરે ચૂકવા જેવું નથી. કારણ કે ફરી આવો અપૂર્વ અવસર હાથમાં આવવો અતિ દુર્લભ છે. માટે નિશાન તાકીને મોહરાજાની છાતીમાં પ્રહાર એવો કર કે, મોહનીય કર્મનું મૂળમાંથી ઉન્મૂલન થઈ જાય. આત્મન્ તને બરેબરો મોકો મલ્યો છે. મોહ એજ તારો કટ્ટો દુશ્મન છે. અનંતીવાર આ દુશ્મને તને પછાડેલો છે. આ વખતે તું પણ જરાએ ઓછો ઉતરીશ મા ! મોહરાજાએ તારી ખાનાખરાબી કરવામાં જરાએ ખામી રાખી નથી. માટે બળ ફોરવીને આ વખતે તું પણ દુશ્મનને એવો પછાડ કે ફરી ઊભો ન થાય. માટે આત્મન્ ! આવા અપૂર્વ અવસરને પામીને તારે ચૂકવા જેવું નથી.

આશ્ચર્યની વાત છે કે, કર્મ જડ હોવા છતાં ચેતનને વિધવિધ પ્રકારે નાચ નચાવે છે. વાઘ જેવા વાઘને બકરી ખાઈ જાય, એ વાત કેવી કહેવાય ! એ વાત તો એવી કહેવાય કે સાંભળીને ભલભલા આશ્ચર્યમાં પડી જાય પૂ. ચિદાનંદજી મહારાજને લખવું પડ્યું કે,

"જડ પુદ્ગલ ચેતનકું, જગમે નાના નાચ નચાવે;
છાલી ખાત વાઘકું યારો, એ અચરિજ મન આવે."

બકરી વાઘને ખાઈ જાય એ તો કોઈને પણ આશ્ચર્ય ઉપજાવે એવી વાત છે. વાઘની આગળ બકરીની કઈ તાકાત કહેવાય ? તેમ અનંત શક્તિના ધણી આત્માની આગળ જડ કર્મોની પણ કઈ તાકાત છે ? અનંત શક્તિનો ધણી આત્મા પણ જ્યાં પોતે પોતાના સ્વરૂપમાં ન હોય અને જડ પુદ્ગલોમાં આશક્ત બની ગયો હોય એટલે જડ

કર્મો તેને હંફાવે તેમાં શી નવાઇની વાત છે ? સૂતેલો ચૈતન્યરૂપી સિંહ એકવાર પણ સ્વમાં જાગીને સિંહ ગર્જના કરે તો તેને ઘેરી વળેલા આઠ કર્મરૂપી ઘેટાને બકરા ઊભી પૂંછડીએ ભાગવા માંડે, જો એટલી જ સિંહ ગર્જના કરે કે,

एगो मे सासओ अप्पा, नाण दंसण संजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोग लक्खणा ॥

शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम ।
नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥

કેવી છે આ સિંહ ગર્જના ! જે સાંભળીને કર્મ શત્રુના છક્કા છુટી જાય. એવી છે એ સિંહ ગર્જના. આત્મારૂપી સિંહ સ્વમાં સાવધાન બને પછી બાકી શું રહે ? એ તો સ્વને ભૂલીને પરમાં પડયો તેમાં ખત્તા ખાય છે. एगो मे सासओ अप्पा એક મારો શાશ્વત્ આત્મા છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રના લક્ષણવાળો છે. બાકીના શરીર ધન-વૈભવાદિ જે ભાવો છે. તે બધા બહિર્ભાવો છે, અને તે સર્વે બહિર્ભાવો સંયોગિક લક્ષણવાળા છે. જેનો સંયોગ તેનો વિયોગ. માટે સંયોગના ભરોસે રહેવા જેવું નથી. તત્ત્વ દ્રષ્ટિએ જ્યાં શરીર પણ સંયોગિક વસ્તુ છે ત્યાં બીજા બાહ્ય પદાર્થોની તો વાતજ કયાં કરવાની રહી ? આઠ કર્મ પણ પુદ્ગલદ્રવ્ય સ્વરૂપ છે. પુન્ય-પાપ પણ શુભાશુભ કર્મરૂપ હોવાથી પુદ્ગલ દ્રવ્યરૂપ છે. અંદરના રાગદ્વેષાદિના ભાવો પણ ઔદયિક ભાવ સ્વરૂપ છે. તે ભાવો પણ જીવના સ્વભાવરૂપ નથી. માટે જ્ઞાન-દર્શનાદિના ભાવો સિવાય બાકીના બધા બહિર્ભાવો છે. જે સંયોગરૂપ હોવાથી

શાશ્વત્ નથી. આત્માને આત્માના ગુણો શાશ્વત્ છે. માટે ફરમાવે છે કે,

શુદ્ધાત્મદ્રવ્ય તે હું છું અને શુદ્ધ જ્ઞાનાદિ તે મારા ગુણો છે. તે સિવાય હું કોઈ અન્ય નથી અને અન્ય કાંઈ મારૂં નથી. આ સ્વરૂપે આત્માને ધ્યાવવું તે મોહને હણવાનું આકરામાં આકરૂં શસ્ત્ર છે. મોહ હણાય એટલે બીજા કર્મો તો હણાઈ જ ગયેલા છે. સર્પની દાઢમાંથી ઝેર કાઢી લો એટલે તેનું બળ હણાઈ ગયું. તેમ મોહ જીતાય એટલે બીજા કર્મોની તાકાત હણાઈ જ જાય છે. અથવા તાલવૃક્ષની મસ્તક પરની શાખાના વિનાશથી જેમ આખાએ તાલવૃક્ષનો નાશ થઈ જાય છે, તેમ મોહકર્મના ક્ષયે બાકીના સમસ્ત કર્મોનો નિયમા નાશ થાય છે. જીવને બધા કર્મોમાં મોહનીયકર્મ એ જ મુખ્ય બંધનરૂપ છે. બારમે ગુણઠાણે એ કર્મોનો મૂળમાંથી ક્ષય થાય છે. અને તેરમે ગુણઠાણે જીવ કેવળજ્ઞાનને પામે છે, માટે મોહનું આવરણ હઠે એ જ ખરી બંધન-મુક્તિ છે. બંધન-મુક્તિ મનુષ્ય ભવમાં જ થઈ શકે છે. દેવભવમાં રહેલા દેવો પણ કર્મોના બંધનને છેદી શકતા નથી, તો નારકો અને તિર્યંચો તો બિચારા ક્યાંથી છેદી શકવાના છે? સ્થાવરકાય અને નિગોદમાં રહેલા આત્માઓ તો કર્મ સત્તાની નીચે તદ્દન દબાયેલા પડ્યા છે. મનુષ્ય ભવમાં આવેલો આત્મા જ પુરૂષાર્થના બળે મોક્ષ મેળવી શકે છે.

ભ્રમ ન ભાંગે ત્યાં સુધી બંધન શે તૂટે?

જીવને ભ્રમ એવો થઈ ગયો છે કે જાણે કર્મોએ મને બાંધી રાખ્યો છે. જેમ થાંભલાની સાથે બાથ ભીડીને કોઈ

મનુષ્ય કહે કે આ થાંભલાએ મને ઝાલી રાખ્યો છે. ત્યાં જ્ઞાની કહે છે, અરે ભાઈ ! થાંભલાને શા માટે દોષ આપે છે ? થાંભલાને તું પોતે વળગ્યો છે. તેમાં થાંભલાનો શો દોષ છે ? તેમ પ્રતિ સમયે જીવ કર્મ પોતે બાંધે છે, અને કહે છે કર્મોએ મને બાંધી રાખ્યો છે. જીવનો આ ભ્રમ ન ભાંગે ત્યાં સુધી બંધનમાંથી છુટવાનો કોઇ ઉપાય નથી. પૂ. ઉપાધ્યાય યશોવિજયજીએ ફરમાવ્યું છે કે,

આપહી બાંધે ને આપહી છોડે નિજ મતિ શક્તિ વિકાશી
ચેતન જો તું જ્ઞાન અભ્યાસી

આત્મા પોતે જ પોતાને બાંધે છે. અને પોતે જ પોતાને છોડે છે. એટલે જીવને બંધાવવાનું પણ પોતાનાથી છે અને છુટવાનું પણ પોતાનાથી છે. જીવ રાગભાવમાં જ જો પરિણમે તો જીવને પ્રતિ સમયે બંધાવવાનું છે, અને પોતાનાં જ્ઞાન સ્વભાવમાં પરિણમે તો પ્રતિ સમયે છુટવાનું છે જેમ કોસેટાનાં કીડા પોતાની લાળથી જ પોતાને બાંધે છે. તેમ જીવ પણ રાગદ્વેષ કે મમત્વ ભાવની લાળથી જ પોતાને બાંધે છે. વાંદરાને પકડવા મદારી લોકો જંગલમાં માટલીમાં ચણા ભરીને મૂકે છે. માટલીની અંદર પોલાણ હોય છે અને તેનું મોઢું સાંકડું હોય છે. એટલે વાંદરો અંદર હાથ નાખીને ચણા મૂઠીમાં ભરી લે છે પછી ભરેલી મૂઠીને બહાર કાઢવાના ઘણા પ્રયાસો કરે છે, પણ માટલીનું મોઢું સાંકડુ હોવાથી હાથ કેમે બહાર નીકળે નહીં અને વાંદરાભાઈને ભ્રમ એવો થઇ જાય કે આ માટલીએ મને ઝાલી રાખ્યો છે. હવે વાંદરાભાઈનો ભ્રમ ભાંગે કોણ ? જો મૂઠી છોડી નાખે તો

તરત હાથ બહાર નીકળી જાય. પણ ચણાના મોહમાં મૂઠી કેમે છુટે નહીં. તમે લોકોએ પણ મૂઠી કેવી વાળી છે? કંઈ વાપરવાનો પ્રસંગ આવે એટલે ઉભી પૂંછડીએ ભાગો છો! પણ પરિગ્રહની ગાંઠ ઢીલી નહીં પડે તો પેલા વાનરભાઇની મૂઠીમાં ને આપણી મૂઠીમાં કંઈ ફેર પડતો નથી. અંતે વાનરભાઈને મદારી લોકોના તાબે થવું પડે છે. પછી તો વાંદરાના ગળામાં દોરડું એવું પડી જાય છે કે જિંદગી આખી પરાધિનતાના કષ્ટો તેને વેઠવા પડે તેમ પરિગ્રહની નિબિડ ગાંઠવાળા જીવોના ગળામાં કલેશ કંકાસ અને વૈર-ઝેરના હારડા એવા તો પડી જાય છે કે તે જીવો કયાંય જીવનમાં શાંતિને અનુભવી શક્તા નથી.

તીર્થંકરો કર્મ ખપાવવાનો રસ્તો બતાવે પણ બીજાના કર્મ ખપાવી ન દે

મનુષ્ય તો ખૂબ વિવેકી કહેવાય છે. છેલ્લા વાંદરાના દ્રષ્ટાંતે તેનો ભ્રમ ભાંગી જવો જોઈએ કે કર્મે મને નથી બાંધ્યો પણ કર્મ મેં બાંધ્યા છે, અને હજી બાંધી રહ્યો છું. માટે મેં બાંધ્યા છે તો તોડવાના પણ મારે જ છે માટે ઢોરને જેમ માલિક છોડે તેમ બીજા કોઈથી મારો છુટકારો નથી, મારે જ મારાથી છુટવાનું છે. મારે જ મારાથી બંધાવવાનું છે. બંધન હું પોતે ઊભું કરું ને છુટકારો કોઈ બીજો કરે એ કયાંથી બનવાનું છે? દેવાધિદેવ તીર્થંકરોએ પણ છુટવાનો રસ્તો જરૂર બતાવ્યો છે. બંધ અને નિર્જરના હેતુઓ તેમણે જરૂર બતાવ્યા છે, પણ કોઇના પણ કર્મોના બંધન તેમણે તોડયા નથી. પોતાના કર્મ તેમણે જરૂર ખપાવ્યા છે, અને

બીજાઓને બચાવવા માટેનો રસ્તો જરૂર બતાવ્યો છે, પણ બીજા કોઇના કર્મો તેઓ અનંત શક્તિના ધણી હોવા છતાં પણ બચાવી શકતા નથી. તે તો તેમણે કહેલા રસ્તે ચાલીને જીવને પોતાને જ બચાવવાના રહેશે. જીવ ધારે તો અપવર્તનાદિકરણ શક્તિના બળે તદ્દન અલ્પકાળમાં પણ બચાવી શકે છે. જીવના અધ્યવસાયોમાં પ્રચંડ તાકાત રહેલી છે જીવ જો સવળો પડે તો કાચી બે ઘડીમાં ઘાતિ કર્મોના ભુક્કા બોલાવવાની તાકાત જીવમાં રહેલી છે. માટે બીજા કોઈ પારકાના મોઢા સામું જોવાથી મોક્ષ થવાનો નથી. જીવનો મોક્ષ જીવના પોતાના પુરૂષાર્થથી જ થશે.

માર્ગ બતાવનારનો પણ મહાન ઉપકાર

મોક્ષનો રસ્તો બતાવનારા અથવા ધર્મતીર્થ પ્રવર્તાવનારા દેવાધિદેવ તીર્થંકર ભગવંતોનો પણ આપણી પર કે જગત આખા પર જેવો તેવો ઉપકાર નથી. મોક્ષ માર્ગ પ્રવર્તાવનારા હોવાથી તેઓ અનંત ઉપકારી છે, અને આખાએ વિશ્વ પર તેમનો અનંત ઉપકાર છે. રસ્તો ન મળે તો ઝડપથી ચાલનારો મનુષ્ય પણ કયાંથી ધારેલા સ્થાને પહોંચી શકવાનો છે. માટે મોક્ષ ભલે આપણા પોતાના પ્રયત્નથી થવાનો છે. પણ તેમાં ધર્મતીર્થને પ્રવર્તાવનારા દેવાધિદેવ તીર્થંકરોનો પણ આપણી પર ઘણો મહાન ઉપકાર છે. તેમણે સંવર અને નિર્જરાનો માર્ગ ન બતાવ્યો હોત તો ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં આપણે રખડી જ જવાના હતા. ભુલા પડેલાને કોઈએ રસ્તો બતાવ્યો હોય ને તે પોતાને સ્થાને પહોંચી ગયો છતાં તેનામાં જો થોડી પણ લાયકાત હોય તો રસ્તો બતાવનારને તે જીંદગીભર ભુલે કેમ ? રસ્તો બતાવનારનો તેને કયારેક ભેટો થઈ જાય તો તે એમ પણ કહે કે, તે જ મને ઠેકાણે

પાડયો હતો તે મને રસ્તો ન બતાવ્યો હોત તો હું દુઃખી દુઃખી થઇ જાત હવે સામાન્ય દ્રવ્યમાર્ગ બતાવનારનો આટલો બધો ઉપકાર માને તો મોક્ષમાર્ગરૂપી ભાવમાર્ગ બતાવનારનો કેટલો ઉપકાર માનવો જોઈએ ? કહેવું હોય તો એમ પણ કહેવાય નાથ ! આપની કૃપા વિના આ જીવનો કયાંથી મોક્ષ થવાનો છે. માટે આપણા પુરૂષાર્થ વિના મોક્ષ થવાનો નથી. પણ માર્ગના ઉપદેશક હોવાથી દેવાધિદેવ તીર્થંકરોનો પણ આપણી પર મહાન ઉપકાર છે.

મોક્ષ માર્ગમાં નિશ્ચયને વ્યવહાર બન્નેની સંપૂર્ણ જરૂર. કોઈ એકને આધારે મોક્ષ માર્ગ છે જ નહીં !

તીર્થંકર મહાપુરૂષોના વિરહકાળમાં તેમની આજ્ઞાનુસાર ઉપદેશ કરનારા પંચ મહાવ્રતધારી ગુરૂ ભગવંતો પણ મહાન ઉપકારી છે. અત્યારે પંચમકાળમાં તેઓજ શાસનની ધુરાને વહન કરનારા છે. ઝળહળતા સૂર્યસમા દેવાધિદેવ તીર્થંકરો અનંત ઉપકારી છે, તો તેમના વિરહકાળમાં દીપકસમા આચાર્યાદિ ગુરૂ ભગવંતો પણ પરમ ઉપકારી છે. આ નિમિત્ત અને ઉપાદાનની સંધીની વ્યાખ્યા થઇ. મોક્ષ માર્ગમાં ઉપાદાન આત્મા પોતે છે. તો દેવ, ગુરૂ, સત્શાસ્ત્ર વગેરે નિમિત્ત કારણરૂપ છે. જીવમાં યોગ્યતા રહેલી છે પણ સાનુકૂળ નિમિત્તો વિના યોગ્યતા પ્રગટતી નથી. માટીમાં ઘટ થવાની યોગ્યતા હોય છે, પણ કુંભકારાદિ કારણ સામગ્રી વિના તે યોગ્યતાં લાખો વર્ષે પણ બહાર આવતી નથી. તેવી રીતે નદીની રેતીમાં ઘટની યોગ્યતા

નથી તો કરોડો કુંભાર ભેગા થયા હોય તો પણ તેમાંથી ઘટ બનાવી શકતા નથી. અભવિના જીવમાં સમ્યક્ત્વના પરિણામ પામવાની યોગ્યતા નથી તો તેને તીર્થંકરો પણ સમકિત પમાડી શકતા નથી. માટે નિમિત્ત કે ઉપાદાન, નિશ્ચય ને વ્યવહાર, જ્ઞાન ને ક્રિયા મોક્ષમાર્ગમાં બંનેની સંપૂર્ણ જરૂર છે. કોઈ એકને આધારે મોક્ષમાર્ગની પ્રરૂપણા કરતા હોય તો તેઓ માર્ગના રહસ્યને સમજ્યા જ નથી.

માર્ગમાં નહીં ચાલે એકલા નિશ્ચયથી કે નહી ચાલે એકલા વ્યવહારથી નહીં ચાલે એકલા જ્ઞાનથી કે નહીં ચાલે એકલી ક્રિયાથી. નહીં ચાલે એકલા નિમિત્તથી કે નહીં ચાલે એકલા ઉપાદાનથી. એક એકને આધારે મોક્ષમાર્ગ છે જ નહીં, સંપૂર્ણ મોક્ષમાર્ગની વ્યવસ્થા બંનેના સુમેળથી અને સુયોગથી બને છે. આટલી વાત જેઓ સમજ્યા નથી તેઓ જૈન શાસ્ત્રોને આધારે મોક્ષની વાત કરવાને પણ લાયક નથી. કેવળ પોતાના શિથિલાચારને ઢાંકવા તેઓ એકલા નિશ્ચયને પકડી બેઠા છે. એકલા નિશ્ચયને આધારે કોઇ પણ જ્ઞાનીએ મોક્ષમાર્ગ કહ્યો નથી. માટે મનુષ્યની એવી દ્રઢ માન્યતા હોય કે મારી પાસે ગમે તેટલું ધન હોય અથવા ગમે તેટલા મારા સંબંધીઓ હોય પણ તેમાંથી કોઈ મારૂં રક્ષણ કરનાર નથી; મારા આયુષ્યનો કાળ પણ સંખ્યાતા વર્ષનો છે. અર્થાત્ આયુષ્યનો કાળ પણ અતિ અલ્પ છે. ક્યારે કાયા પડી જશે કંઈ કલ્પી શકાતું નથી. આ જિંદગીનો કોઈ ભરોસો નથી. ક્યારેક એક પળમાં પ્રાણ ઉડી જાય છે. એમ સમજીને જે મનુષ્ય સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાના માર્ગમાં પ્રવર્તે છે, જ્ઞાન અને

ક્રિયા બનેનો જીવનમાં સુમેળ સાધે છે. તે જ મનુષ્ય કર્મોના બંધનનાંથી છુટકારો પામે છે. અર્થાત્ તેનાજ બંધન તૂટે છે. આનું નામ જ "બંધન-મુક્તિ."

દ્રષ્ટાંત

વચમાં કહી ગયા તેમ બંધનમાં રહેવા કોણ ઈચ્છે? રત્નજડીત સુવર્ણના પાંજરામાં પુરાએલો પોપટ પણ તેમાંથી છુટવાને ઈચ્છે છે. પાંજરામાં તેને ગમે તેવું દાડમ વગેરેનું ઉંચામાં ઉંચુ ખોરાક આપવામાં આવે છતાં તે બંધનમાંથી મુક્તિને ઈચ્છે છે. સતી સ્ત્રીઓમાં જેનું ખૂબ જ પ્રખ્યાત નામ છે. એવી સતી કલાવતી ભવાંતરમાં રાજકુમારી સુલોચના હતી. તે મહાવિદેહ ક્ષેત્રમાં મહેન્દ્રપુરી નગરીના રાજા વિક્રમની પુત્રી હતી. વિદેશમાંથી આવેલો કોઈ મનુષ્ય એક સુંદર પોપટ રાજાને ભેટમાં આપે છે. તે પોપટ એવા સુંદર વચન ઉચ્ચારે છે કે અંતે-ઉરમાં બધાને તેની તરફ અત્યંત પ્રીતિ બંધાઈ જાય છે. તેમાં રાજકુમારી સુલોચના તો તેનાથી એક ક્ષણ પણ વિખુટી પડતી નથી. સુવર્ણના પિંજરામાં તેને પુરીને આખો દિવસ તેની તહેનાતમાં રાજકુમારી ખડે પગે ઉભી રહે છે. પાંજરામાં તેને ખાવા માટેના ઉત્તમમાં ઉત્તમ પદાર્થો પુરા પાડે છે. અને પોપટ જ્યારે વાણી ઉચ્ચારે છે ત્યારે તો સુલોચના જાણે તેની વાણી પર મુગ્ધ બની જાય છે. મોરલી વાગે ને નાગ ડોલે તેમ તે સૂડાના વચન સાંભળીને સુલોચના ડોલી ઉઠે છે.

આવી સુખ સાહ્યબીમાં રહેવા છતાં પોપટને બંધનમાં રહેવું ગમતું નથી. તે સૂવર્ણના પિંજરાને પણ પોતાના માટે બંધન રૂપ લેખે છે. તેની અંતરની એકની એક મનોકામના

છે કે આ બંધનમાંથી કયારે છુટું ? જુઓ, આ તિર્યંચ ગતિનો પ્રાણી છે. છતાં મુક્ત જીવનની મોજ માણવા ઈચ્છે છે, પણ બંધનમાં રહેવા ઈચ્છતો નથી. તો પછી આઠ કર્મના પિંજરામાં છુટ્યા પછીનો આનંદ કેવો અપૂર્વ હશે ? ભવિ જીવ કર્મના પિંજરામાંથી છુટવા ઇચ્છે છે. આશ્રવોનો પરિત્યાગ કરી સંવર અને નિર્જરાના માર્ગને અનુસરનારા આઠ કર્મના પિંજરામાંથી છુટી જાય છે. કર્મ પિંજરમાંથી છુટકારો થાય એજ ખરી મુક્તિ છે. દ્રવ્ય મુક્તિનો પણ થોડોક આનંદ હોય છે તો ભાવ મુક્તિનો આનંદ તો કેવોક હોતો હશે ? તે આનંદ તો એવો અભૂતપૂર્વ હોય છે કે જે શબ્દોમાં પણ વર્ણવી શકાય નહીં. જીવને વિષયોમાં આનંદ આવે છે પણ તે તો ક્ષણ પૂરતો આનંદ છે. જ્યારે મુક્તિનો આનંદ શાશ્વત છે. વિષ્ટાના કીડા વિષ્ટામાં આનંદ માણે છે. તેમ ભારે કર્મી જીવો વિષયોમાં આનંદ માણે છે. આસન્નસિદ્ધિ જીવ હોય તે જ વિષયોમાં વિરક્ત બને છે. અલ્પ કાળમાં મોક્ષે જનારો જે જીવ તેને આસન્નસિદ્ધિ કહેવામાં આવે છે. ઇન્દ્રિય સુખમાં તો કુતરા અને કાગડા પણ આસક્ત બનેલા હોય છે, પણ અતિન્દ્રિય સુખ ભણી એટલે આત્મિક સુખ ભણી જેણે પોતાની દૃષ્ટિને વાળી તે જ ખરો સત્ પુરૂષ છે. અને તેવો પુરુષ જ પરંપરાએ પોતાના અનંત અવ્યાબાધ સુખને મેળવી શકે છે.

છેલ્લે લેશ્યા સારી રહે તો પરલોક જરૂર સુધરે

એક દિવસ પાંજરાના દ્વાર ખુલ્લા રહી ગયા, અને પોપટ એકદમ ઊડીને એક વૃક્ષની ડાળ પર જઈ બેઠો.

બંધનમાંથી છુટકારો થયાનો પોપટને આનંદ એટલો બધો થયો કે જે શબ્દોમાં લાવી ન શકાય. પોપટનો વિરહ થતાં રાજકુમારી સુલોચના મૂર્છિત થઇ ગઈ, એટલે રાજાએ તે પોપટને પકડી લાવવા ચારે બાજુ માણસો દોડાવ્યા. માણસો પાશ નાખીને પોપટને પકડી લાવ્યા. એટલામાં રાજકુમારીની મૂર્ચ્છા ઉતરી જાય છે. રાજકુમારી પોપટ પર રીસાઈ જાય છે, પાંજરૂં ખુલ્લું રહી જતાં પોપટ ઉડી ગયો બસ એ જ પોપટનો વાંક. તેમાં રાજકુમારીને પોપટ પર ગુસ્સો આવે છે. અને તેની બંને પાંખો છેદી નાંખે છે. વધારે પડતો રાગ અંતે દ્વેષમાં જ પરિણમે છે.

સૂડો પણ કોઇ સંસ્કારી જીવ હોવાથી પોતાની પર આવી પડેલા કષ્ટને સમતા ભાવે વેદે છે. કંઈ ખાવાનું નાંખે તો ખાતો નથી, પીવાનું આપે તો પીતો નથી. ભૂખ-તરસના કષ્ટને સમભાવે વેદી લે છે. શુભ પરિણામે સૂડો મૃત્યુને પામી દેવલોકમાં દેવ થાય છે. કેટલાક તિર્યંચોને પણ છેલ્લે લેશ્યા સારી આવી જાય તો પરલોક જરૂર સુધરી જાય છે.

વેરની વસુલાત

રાજકુમારી સુલોચના પણ તે સૂડાના વિહરમાં મૃત્યુ પામીને તે જ દેવલોકમાં દેવાંગના રૂપે ઉત્પન્ન થાય છે. દેવલોકના સુખ વિલસીને તે બંને અહીં માલવદેશમાં આવેલી ઉજ્જૈણી નગરીમાં રાજા ને રાણી થયા છે. પોપટનો જીવ દેવલોકમાંથી ચ્યવીને શંખ રાજા થયો અને સુલોચનાનો જીવ દેવલોકમાંથી ચ્યવીને શંખ રાજાની રાણી કલાવતી થઈ છે. સુલોચનાના ભવમાં પોપટની પાંખો છેદી નાંખેલી. એટલે

કલાવતીના ભવમાં કલાવતીના કર છેદાણા છે. બંને ભલે રાજા રાણી બન્યા પણ વેર ઉદયમાં આવ્યા વિના રહેતુ નથી. જન્માંતરમાં જીવે બાંધેલા કર્મ વેદ્યા વિના છૂટતા નથી. આ વાત હવે જરા વિસ્તારથી કહેવામાં આવે છે.

સમાધિયોગનો પ્રસંગ એજ જિંદગીનો ધન્ય અવસર

માલવદેશમાં ઉજ્જૈણી નગરીમાં શંખરાજા રાજ્ય કરતા હતા. મહારાજાને અંતે ઉરમાં ૩૬૦ મહારાણીઓ હતી તેમાં સતીઓમાં શિરોમણી કલાવતી નામે પણ એક મહારાણી હતી. જે રાજાને અત્યંત પ્રિય હતી. અને લીલાવતી કરીને પટરાણી હતી. કલાવતી નેપાળ દેશના મહારાજા જીતશત્રુ રાજાની પુત્રી હતી. અને માલવ દેશના શંખરાજા વેરે તેને પરણાવવામાં આવી હતી. કલાવતીને જયસેન અને વિજયસેન બે સગા ભાઈ હતા. શંખરાજાની સાથે પંચવિષય સુખ વિલસતાં કલાવતી જતે દહાડે સગર્ભા બને છે. કલાવતી રાણી ગર્ભ ધારણ કર્યાના સમાચાર રાજાને મળતાં રાજાને મનમાં આનંદનો પાર ન રહ્યો. રાજાના શરીરની સાતે ધાતમાં જાણે મંગલ પ્રભાત જેવો આનંદ છવાઈ ગયો. જીવ મોહદશામા પડેલો હોય ત્યાં સુધી તે આવા પ્રસંગોને જ જિંદગીના ધન્ય અવસર તરીકે લેખે છે. જ્યારે સમ્યગૃદ્રષ્ટિ જીવ અપૂર્વ સમાધિ યોગ જેવા પ્રસંગોને જીંદગીના ધન્ય અવસર તરીકે લેખે છે.

વહાલાએ મોકલાવેલી ભેટ

ગર્ભ ધારણ કર્યો છ-સાત મહીના થયા એટલે રાજા

ભવ્ય આનંદ ઓચ્છવ ઉજવે છે. જેને સંસારી ભાષામાં સીમંતનો પ્રસંગ કહેવામાં આવે છે. બસ તે જ પ્રસંગે કલાવતીના પિયર પક્ષ તરફથી એક નાની સરખી પેટી ભેટમાં આવે છે. કલાવતીના સગા બે ભાઇઓએ હાથમાં પહેરવા માટેના બે બેરખા (કંકણ) પોતાની બહેન કલાવતી માટે ભેટમાં મોકલ્યા છે. પોતાની શોકયેોથી મનમાં શંકાતી હોવાને લીધે પિયરથી આવેલી પેટીને કલાવતીએ ગોઠણ નીચે સંતાડી દીધી. ત્યારબાદ પ્રસંગે પેટી એકાંતમાં ખોલતાં તેમાંથી બે બેરખા નીકળ્યા. જે બહુ જ કિમતી હતા, જેમાં હીરા–માણેક જડેલા હતા. પોતાના બંને ભાઇના નામથી અંકિત હતા. અંધારામાં પણ ઉજાસ કરે તેવા હતા. ખાટ હિંડોલા પર બેસીને હિંચકતા બંને બેરખા કલાવતીના હાથમાં વીજળીના ઝમકરાની જેમ ઝબુકતા હતા. લીલાવતી મહારાણી કે જે શંખરાજાની પટરાણી છે. તેની દાસી એકવાર કલાવતીના હાથમાં બેરખા જોઇ ગઇ. વીજ ઝબુકે તેમ બેરખા રાત્રીના સમયે પણ ચમકતા જોઈને પેલી દાસીને મનમાં ખીજ ચડી. અંદરમાં તો સળગે છે. પણ ઉપર ઉપરથી કલાવતીને પૂછે છે કે, કહોને બાઇજી ! આવા અમૂલ્ય આભૂષણ તમારી પર કોણે મોકલ્યા છે, કોના તરફથી ભેટમાં આ આભૂષણ મળ્યા છે. કલાવતીના પેટમાં જરાએ પાપ નથી. એટલે સરલ ભાવે કહી દીધું કે વહાલાએ આ આભૂષણ મારી ઉપર મોકલ્યા છે.

દાસીએ જઈને રાજાની પટરાણીને બધી વાત કરી, એટલે લીલાવતી એકદમ ક્રોધાતુર થઇ ગઈ. મનમાં તેને ઘણો ખેદ થયો કે, હું પટરાણી હોવા છતાં રાજા મારી તરફ

આટલો બધો ભેદ રાખે છે, પટરાણીને મનમાં એમ છે કે કલાવતીને બેરખાં રાજાએ જ કરાવી આપ્યા છે. રાજા મહારાણી પ્રત્યે કહે છે તમને કોણે ડૂબાવ્યા છે ? અંતે ઉરમાં કોણે તમારો અનાદર કર્યો છે ? મહારાણી રાજાને કહે છે, કોઇએ મારો અનાદર કર્યો નથી તમે જ મારી તરફ ભેદભાવ રાખ્યો છે. મને અંધારામાં રાખીને કલાવતીને તમે રાતના અજવાળું કરે તેવા બેરખા ઘડાવી આપ્યા છે, ત્યારે મારી કઇ ગુનેગારી છે કે મને જ ભૂલી ગયા ?

અંદરથી ખદબદતું વાતાવરણ

રાજા કહે છે, કલાવતીને મેં બેરખાં ઘડાવી આપ્યા નથી. અને મને તે અંગેની કંઇ ખબર પણ નથી. માટે મહારાણી તમે કલાવતીને પૂછીને નક્કી કરો કે બેરખા કોણે ઘડાવી આપ્યા તે ? અથવા ભેટમાં મળ્યા હોય તો કોના તરફથી મળ્યા છે ? એટલે લીલાવતી ત્યાં કલાવતીની સમીપે પહોંચી ગઇ, અને રાજા પણ એક બાજુ છાનો ઉભો રહ્યો છે. આ ઉપરથી સમજી શકાય છે કે રાજાઓના અંતેઉરના વાતાવરણમાં પણ કેટલી અશાંતિ હોય છે. અને અંદરથી વાતાવરણ કેવું ખદબદતું હોય છે, મોટા ભઠ્ઠાની આગ કરતાં ઈર્ષ્યાની આગ તો એકલા મૃત્યુલોકમાં જ નહીં પણ જ્યાં બાદર અગ્નિકાય નથી તેવા દેવલોક સુધી પહોંચેલી છે, દેવોમાં પણ પરસ્પર ઈર્ષ્યા, અદેખાઇ અને મત્સર હોય છે. વૈભવશાળી દેવોના વૈભવને જોઇને કેટલાક મિથ્યાદ્રષ્ટિ દેવો ઉભા સળગતા હોય છે ! એટલે જ્ઞાનીઓને ફરમાવવું પડયું કે, "નવી સુખી દેવતા દેવલોએ" દેવલોકમાં રહેલા દેવો પણ સુખી

નથી. રાજા મહારાજાઓ પણ સુખી નથી. કહેવાતા શેઠ કે સેનાધિપતિઓ પણ સુખી નથી. કારણ કે આમાંના કોઈ આધિ, વ્યાધિ કે ઉપાધિથી મુક્ત હોતા નથી. સુખીમાં સુખી જો કોઈ હોય તો વીતરાગી એવા મુનિ ભગવંતો છે. કારણ કે, તેમને આધિ, વ્યાધિ ને ઉપાધિની જગ્યાએ સમાધિ હોય છે. માટે વીતરાગી એવા મુનિ ભગવંતો સુખી છે. આજે ઘર ઘરના વાતાવરણમાં કલેશ અને કંકાસ કેટલા વધી ગયા છે ? તેવા વાતાવરણમાં સ્વપ્નને પણ સુખની આશા શી રાખી શકાય ? સંસારમાં તો મોટા ભાગના ચિંતામાં ને ચિંતામાં ઉભા સળગે છે. છતાં સંસારી કેટલીકવાર થપ્પડ મારીને મોઢા લાલ રાખે છે ! જ્યાં અંશે પણ આત્માના સ્વરૂપની ઝાંખી જેને થઇ છે. તેને જ વાસ્તવિક સુખ છે. બાકી તો કોઈ એક કવિએ લખ્યું છે કે,

"બહુત વણજ બહુત બેટીયા દો નારી ભરથાર ।
ઇતને કો મત મારીઓ માર રહ્યો કિરતાર ॥"

ચારે બાજુનો ખૂબ જેને વ્યાપાર હોય, ઝાઝી જેને દીકરીઓ હોય, બે નારીનો જે ભરથાર હોય, કવિ કહે છે, આટલાને કોઇ હણશો નહીં. કારણ કે કિરતાર તેને હણી જ રહ્યો છે. આ ત્રણે બાબતો તમારા અનુભવની હોવાથી લાંબુ વિવેચન કરવાની જરૂર રહેતી નથી. તે કાળના રાજા-મહારાજાઓના અંતેઉરમાં તો હજારો મહારાણીઓ રહેતી હતી. જેની ચાલુ વાર્તા છે, તે શંખરાજાના અંતેઉરમાં પણ ૩૬૦ મહારાણીઓ હતી. તે રાજાઓના અંતરંગ જીવનની તો વાત જ શી કરવી ? પુન્યોદયે સરખું ઉતરે એ વાત

જુદી છે, બાકી કયારેક કેવો અનર્થ સર્જાઈ જાય છે એ આ ચાલુ વાર્તા પરથી જ સમજાઈ જશે.

સતીને કુલટા માની લીધી

લીલાવતી મહારાણી કલાવતીને પૂછે છે કે, બાઈ કલાવતી ! સાચું કહો, આવા સુંદર બેરખા કોના તરફથી તમને મલ્યા છે ? કલાવતી અંદરના કાવત્રાની વાત સમજી શકતી નથી, એટલે સરળભાવે કહી દે છે કે, જેને હું ઘણી વહાલી છું તેણે બેરખા મારી પણ મોકલ્યા છે, અને જે મને વહાલા છે તે મને રાત ને દિવસ સાંભરે છે. વહાલા શબ્દનો પ્રયોગ કર્યો પણ મારા બે સગા ભાઇએ બેરખા મોકલ્યા છે, અને તે મને ખૂબ વહાલા છે, તેવો ઘટસ્ફોટ ન કર્યો. બસ સગા ભાઇનો ખુલાસો ન કર્યો તેમાં તો રાજાએ અને લીલાવતીએ અર્થનો અનર્થ કરી નાખ્યો. રાજા તો એવા નિર્ણય પર આવી ગયો કે, પરણ્યા પહેલાંના કોઈ પર પુરૂષ સાથે કલાવતીને પ્રિતી હશે. તેણે બેરખા મોકલ્યા લાગે છે. રાજા કલાવતીના સતીત્વને પણ સમજી શકયો નહી કલાવતી મહાસતી હોવા છતાં રાજા તે સ્વરૂપમાં ઓળખી શકયો નથી. રાજાનો જીવ ભવાંતરમાં પોપટના ભવમાં હતો ને ભવાંતરમાં કલાવતી સુલોચના રાજકુમારી હતી. તેણે પોપટની પાંખો છેદી નાખેલી. તે કર્મ હવે કલાવતીના ભવમાં ઉદયમાં આવતાં રાજાને નિમિત્ત મળી આવ્યું. રાજા લીલાવતી મહારાણીને કહે છે કે, તું જરાયે મનમાં ઓછુ આણીશ નહીં. કલાવતીના પ્રછન્ન પાપ હવે પ્રગટ થઈ ગયા છે હું તેના બેરખા સહિત બંને કર છેદાવીને તે બંને હાથ તને સોંપાવી દઇશ.

રાજાનો હુકમ

રાજા તરત ચંડાલને બોલાવીને હુકમ કરે છે કે, આ કલાવતીને ભરજંગલમાં લઈ જઈને તેના હાથ કાપીને અહીં લાવીને મારી સમક્ષ હાજર કરો. આ પરથી સ્પષ્ટ થઇ જાય છે કે, રાજા ઠરેલ બુદ્ધિને તો નહીં જ. નિર્ણય લેવામાં રાજાએ કેટલી ઉતાવળ કરી છે ! કલાવતીના પણ કર્મ ઉદયમાં આવ્યા છે. એટલે રાજાને પણ શું દોષ દેવો ? જીવને ઉદયમાં આવેલા કર્મ ભોગવવાના હોય છે બીજા તેમાં નિમિત્ત રૂપ બને તેટલું જ છે. જન્મ જન્માંતરમાં કરેલા કર્મો ઉદયમાં આવ્યા વિના રહેતા નથી. ભલભલા મહાપુરૂષોને પણ ઉદયમાં આવેલા કર્મો ભોગવવા પડે છે. **દુનિયામાં ગહનમાં ગહન જો કોઇ પણ વસ્તુ હોય તો તે કર્મની ગતિ છે.**

રાજાનો હુકમ સાંભળીને ચંડાલ પણ થરથરી ઉઠયો અને પોતાની પત્ની ચંડાલણીને કહે છે, આ હુકમ રાજાનો આપણે બજાવવો નથી. રાજા આપણી પાછળ પડયા વિના નહી રહે. તે કરતાં આપણે આ નગરીનો જ ત્યાગ કરી દઈએ આ બિચારો ચંડાલ છે છતાં તેનામાં દયા છે, અને રાજા કેટલો નિર્દય બન્યો છે ? ચંડાળ તો ગામ છોડવાને તૈયાર થઇ ગયો, ત્યાં ચંડાલણી કહે છે તારૂં આમાં કામ નથી હું કામ પતાવી આવીશ. રાજાની સમક્ષ આવીને ચંડાલણીએ બીડું ઝડપી લીધુ. રાજા તેને હાથમાં તલવાર આપે છે. અને કહે છે કલાવતીને રથમાં બેસાડીને રથને બળદ કાળા જોડાવજે અને કંઈ પૂછે તો કહી દેજે રાજા પીયર મોકલે છે. **માનવીનો એક પાપ આચરવામાં બીજા અનેક**

પાપ આચરવા પડે છે. અને તેમાં માયા–મૃષાવાદ તો ખૂબ સેવવો પડે છે.

રાજાના હુકમની બજાવણી

રથ તૈયાર કરાવીને ચંડાલણી કલાવતીને તેમાં બેસી જવાનું કહે છે, અને રાજાના કહ્યા મુજબ પિયરનું બહાનું આપીને રથને ત્યાંથી પુરવેગમાં હંકારી મૂકે છે. રથની સાથે શ્યામ બળદ જોડેલા જોઈને સતી કલાવતી અંદરના ભેદને સમજી ગઇ. રથ આગળ ધપતા ધપતા જંગલના એક તદ્દન સૂકા પ્રદેશમાં ચંડાલણી રથને થંભાવી દે છે, અને રાણીને કહે છે, બાઈ હવે નીચે ઉતરો. "સતી કલાવતી મનમાં એકદમ ઉચાટ થાઇ જાય છે, અને ચંડાલણીને કહે છે મને પીયર મોકલવાનો રાજાનો આદેશ છે આ માર્ગ પીયરનો તો છે નહીં. અને તે મને આવા તદ્દન નિર્જન સૂકા જંગલમાં કેમ ઉતારી મૂકી ?

ચંડાલણી કહે છે, બાઇજી હવે સ્પષ્ટ ખુલાસો કરૂં છું રાજાએ તમને પીયર મોકલ્યા નથી. પણ તમારા કોઇ મહાન અપરાધને લીધે રાજાએ ભર જંગલમાં લઇ જઈને તમારા બંને કર છેદી નાંખવાનો મને હુકમ કર્યો છે, એટલા માટે હું તમને રથમાં બેસાડી જંગલમાં લઈ આવી છું.

અંતે સત્યનો સૂર્ય ઝળહળી ઉઠ્યો !

રાજાનો હુકમ સાંભળતા જ કલાવતી જમણો હાથ તો પોતાના હાથથી જ છેદીને ચંડાલણીને આપી દે છે, ડાબો હાથ ચંડાલણી છેદી નાંખે છે. બેરખા સહિત બંને હાથ નગરમાં આવીને રાજાને સોંપે છે. રાજા લીલાવતી

મહારાણીને બંને હાથ જેવા સોંપવા જતા હતા કે, બેરખા પર કલાવતીના બંને ભાઈના નામ વાંચ્યા. જયસેન અને વિજયસેન એવા અક્ષરો સ્પષ્ટ બેરખામાં લખાયેલા હતા. રાજા નામ વાંચતા જ તત્કાળ મૂંઝાઈ ગયો, અને રાજા મૂર્છા ખાઈને ધરતી પર ઢળી પડયો. સેવકોએ શીતળ વાયરાથી રાજાને સજ્જ કર્યો ત્યાં રાજા પોકે પોક મૂકીને રોવા લાગ્યો. રાજા વિલાપ કરવા લાગ્યો કે, આ મને કેવી દુર્બુદ્ધિ સુઝી ? મેં આ તદ્દન નિર્દોષ નારીને કેવો ઘોર અન્યાય કર્યો ? હવે મારે જીવવું શા કામનું છે ? રાજ-રમણી બધું હવે મારા માટે નકામું છે.

રાજા ચંદનના કાષ્ટની ચિત્તા તૈયાર કરાવે છે. અને સતી કલાવતીને ઘોર અન્યાય કર્યો તે પાપની શુદ્ધિ માટે અગ્નિમાં બળી મરવા તૈયાર થઈ જાય છે. રાજ્યના મુખ્ય પ્રધાન રાજાને કહે છે, રાજન ! એકદમ આવું દુઃસાહસ કરવા જેવું નથી. મને એક મહીનાની મુદત આપો. હું શોધ ચલાવીને એક મહીનામાં ગમે ત્યાંથી મહાસતી કલાવતી આપને મેળવી આપીશ. પ્રધાનની હિંમત પરથી રાજાને આશ્વાસન મળે છે, અને મૃત્યુને માર્ગેથી રાજા તરતને માટે પાછો વળી જાય છે.

કલાવતીની હૃદય વેદના

આ બાજુ કલાવતીને કર છેદાવવાથી એકદમ વેદના ઉપડે છે. તીવ્ર વેદનાને લીધે ત્યાંને ત્યાં તેને પ્રસૂતિ થઈ થઈ જાય છે. તેજસ્વી પુત્રને જન્મ આપે છે. જગતમાં શીયળનો મહિમા અપરંપાર છે. શીયળના પ્રભાવે વિપત્તિ

સંપત્તિમાં પલટાઈ જાય છે. મહા ભયંકર વિઘ્નો પણ શીયળના પ્રભાવે દૂર થઈ જાય છે. શીલવંતને દેવો પણ શિર ઝુકાવે છે. કલાવતી મહાસતી હોવા છતાં પૂર્વના કર્મના ઉદયે તેની માથે મહાભયંકર આફત આવી પડી છે. છતાં સૂર્યની આડા આવી ગયેલા વાદળાંને વિખરાઈ જતા વાર કેટલી લાગે છે ? તેવી રીતે ધર્મના પ્રભાવે ગમે તેવા વિપત્તિના વાદળ પણ એક ક્ષણવારમાં વિખરાઇ જાય છે. તરતના જન્મેલા બાળક પ્રત્યે કલાવતી કહે છે, હે બાળ ! ભર જંગલમાં તારો જન્મ થયો છે. કોણ અહીં તારી સાર–સંભાળ લેનાર છે ? ઉજ્જૈણી નગરીમાં આજે તારો જન્મ થયો હોત તો અત્યારે સુમધુર વાજિંત્રો વાગતા હોત. જ્યારે અહીં તો શિયાળીયાનું રૂદન સંભળાય છે. નગરીમાં તારો જન્મ થયો હોત તો અપૂર્વ ભવ્યતાપૂર્વક આજે તારો જન્મ મહોત્સવ ઉજવાત. આખી નગરીમાં આનંદનું વાતાવરણ છવાઈ જાત. જ્યારે હે પુત્ર ! અહીં જંગલમાં આ દુઃખીયારી હું તારી માતા આંસુની ધાર વહાવીને તારો જન્મ મહોત્સવ ઉજવી રહી છું. હું રાજરાણી અને તું રાજપુત્ર હોવા છતાં આવા સંકટ કાળના સમયે પણ આપણી કોઈ સાર સંભાળ લેનાર નથી. માસ બંને હાથ કપાઇ ગયા છે. તેમાં વળી આ પ્રસૂતિનો કાળ ! બીજું બધું તો ઠીક પણ હું અશુચિ પણ શી રીતે ટાળીશ ? પુત્રનું પાલન શી રીતે કરીશ ! આ રીતે મનમાં સંતાપ કરવા પૂર્વક રૂદન કરે છે.

શીયળનો પ્રભાવ !

એટલામાં શીયળ ધર્મના પ્રભાવે જે સૂકી નદી હતી

તે બે કાંઠે વહેતી થઈ ગઈ. કલાવતી નદીની વચમાં નિર્ભિક પણે બેઠેલી છે. પાણી ચારે બાજુ આંટા મારીને પુર વેગમાં વહે જાય છે, પણ કલાવતીને જલના પ્રવાહ વડે લેશ પણ બાધા પહોંચી નથી. કારણ તેના શીયળના પ્રભાવે તો નદીમાં પાણી આવ્યું છે, એટલું જ નહીં, જે સૂકું જંગલ હતું તે લીલુછમ થઈ જાય છે. ચારે બાજુનું વાતાવરણ જાણે હર્યુંભર્યું થઈ જાય છે.

પોતાની બન્ને બાંય નીચી કરીને જેવી જળમાં બોળવાની તૈયારી કરે છે કે તેટલામાં કોઈ એવો તો દેવી ચમત્કાર થઈ જાય છે કે બન્ને હાથ બેરખાં સહીત નવીન કરપલ્લવ વડે પલ્લવીત થઈ જાય છે એટલે શાસન દેવીના પ્રભાવે જે હાથ કપાઈ ગયા હતા તેની જગ્યાએ નવા હાથ આવી જાય છે. આ છે શીયળ ધર્મનો સાક્ષાત્ પ્રભાવ. સંકટના સમયે ધર્મ રક્ષા કરે છે. આપણે જો ધર્મનું રક્ષણ કર્યું હોય તો ધર્મ આપણી રક્ષા કરે જ ! કલાવતી રાણીએ મનથી પણ કોઈ પર પુરુષની ઈચ્છા કરી નથી. પોતાના શીયળ વ્રતનું અખંડ પણે પાલન કરેલું છે. તો પછી ધર્મ તેની રક્ષા કરે તેમાં શી નવાઈની વાત છે ? પુરુષોએ કે બહેનોએ પોતાના પ્રિય પ્રાણોને ભોગે પણ ધર્મની રક્ષા કરવી જોઈએ. સજ્જન મનુષ્યો સંકટના સમયે ધર્મની રક્ષા માટે પોતાના પ્રાણોનો પરિત્યાગ કરી દે છે, પણ ધર્મનો ત્યાગ કરતા નથી. શીલ એ જ શરીરનો સાચો શણગાર છે. શીલ અને સૌંદર્ય બન્ને ભેગા હોય તો સોનામાં સુગંધ સમાન છે. હજી એકલુ શીલ હોય તો શોભારૂપ છે. બાકી શીલ

વિનાનું એકલું સૌંદર્ય શોભારુપ નહીં પણ આપરુપ જરુર છે.

રાજા, વાજા ને વાંદરા !

ધર્મનો પ્રભાવ જોઈને કલાવતી રાણી એકદમ ઉત્સાહમાં આવી જાય છે. એટલામાં એક તાપસ ત્યાં આવી પહોંચે છે. રણ જેવો પ્રદેશ નંદનવનમાં પલ્ટાઈ ગયેલો જોઈને તાપસને મનમાં ખૂબ હર્ષ ઉત્પન્ન થાય છે. તાપસ નેપાળ દેશ તરફ રહેનારો હોવાથી પૂર્વાવસ્થામાં તે કલાવતીના પિતાનો મિત્ર હતો. એટલે કલાવતી તેને આદરથી બોલાવે છે, અને તાપસ પણ કલાવતીને કહે છે કે, અરે ! પુત્રી તું આવી મહા ભયંકર અટવીમાં એકાકી કઈ રીતે આવી પહોંચી ? મને પિતા તૂલ્ય ગણીને તું બધી હકીકત કહી સંભળાવ. કલાવતી અવરથી આખર સુધીની બધી ઘટના કહી સંભળાવે છે. સાંભળીને તાપસ એકદમ શંખ રાજા પ્રતિ કોપાયમાન થઈ ગયો. કલાવતીને તાપસ કહે છે, તું કહેતી હો તો હું રાજાને એવો ઉપદ્રવ કરું કે તેની બુદ્ધિ ઠેકાણે આવી જાય ! કલાવતી કહે છે, આપ મારા માટે પિતા તૂલ્ય છો પણ રાજા પ્રતિ કોપ નહીં કરો. રાજાનો લાંબો દોષ નથી. રાજાઓ હંમેશા કાચ્ચા કાનના જ હોય છે. કોઈ ભંભેરણી કરે એટલે ભરમાઈ જાય. માટે જે પરવશ હોય તેની દયા ચિંતવો !

તાપસ પોતાની વિદ્યાના બળે ત્યાં કલાવતીને જંગલમાં રહેવા માટે ભવ્ય પ્રાસાદ ઊભો કરી દે છે. કલાવતી પોતાના પુત્ર સાથે તે મહેલમાં દિવસો પસાર કરી રહી છે.

જંગલમાં બનેલી આ અપૂર્વ ઘટના જોઈને લાકડા કાપવા આવેલા કઠિયારા આશ્ચર્ય ચકીત બની જાય છે, અને શંખરાજાને વધામણી આપવા ઉજ્જૈની નગરી ભણી દોડતા દોડતા જઈ રહ્યા છે.

આ બાજુ રાજ્યના મંત્રીએ કલાવતીની શોધ માટે મહિનાની મુદ્દત માંગેલી હતી. એટલે મંત્રી શોધ કરવા માટે નગરીની બહાર નીકળ્યા કે સામેથી કઠિયારા મળ્યા. કલાવતીની સઘળી વિગત સાંભળીને સૌને આનંદનો પાર ન રહ્યો, કઠિયારાને રાજાની સમીપે લઈ ગયા, રાજાને બધી વાત કરી, એટલે રાજાને પણ આનંદનો પાર ન રહ્યો. કઠિયારાને રાજાએ આખી જિંદગીનું દાળદર ફીટી જાય એટલું ધન આપ્યું. રાણીના ક્ષેમકુશળના, પુત્ર જન્મના અને શીયળ ધર્મના પ્રભાવના બધા સમાચાર ભેગા મળ્યા એટલે રાજાને તો આનંદની અવધિ થઈ ગઇ ! રાજા પોતે ચિન્તામાં પ્રવેશ કરવાનો હતો, તેમાંથી પણ રાજા ઉગરી ગયેા.

પછી તો રાજા મંત્રીઓની સાથે જંગલમાં પહોંચી ગયેા અને મોટી ધામધૂમથી રાણીને નગરમાં પ્રવેશ કરાવે છે. આખા નગરમાં ઉત્સવના રંગ વધામણા જેવું વાતાવરણ સર્જાતા જય જયકાર વર્તી જાય છે. દુનિયાને એકવાર ભાન થઇ જાય છે કે ધર્મનો કેવો અપૂર્વ પ્રભાવ છે.

પછી તો રાજા-રાણી ઘણા વર્ષો સુધી સુખ ભોગવ્યા બાદ એકવાર વનમાં ક્રીડા કરવા નિમિત્તે ગયા છે અને ત્યાં વનમાં તેમને ધર્મ ધુરંધર એવા સાધુના દર્શનનો લાભ મળી જાય છે. સાધુ મહારાજ, રાજા-રાણી બન્નેને ધર્મદેશના

સંભળાવે છે. રાજા સાધુ ભગવંતને પૂછે છે કે, કયા કર્મના ઉદયે મેં આ કલાવતીના કર છેદાવ્યા તે આપ મને ફરમાવો ! મુનિ ભગવંત અતિન્દ્રિય જ્ઞાનના ધણી હોવાથી પૂર્વે આપણે આ કથામાં વર્ણવી ગયા તેમ આખું પૂર્વ ભવ બન્નેને કહી સંભળાવે છે. રાજા ભવાંતરમાં પોપટના ભવમાં હતો અને રાણી સુલોચના રાજકુમારી હતી તે બધું આપણે વિસ્તારથી વર્ણવી ગયા છીએ.

કર્મના વિપાક કેવા હોય છે તે આ કથાનક પરથી સ્પષ્ટ સમજાઈ જાય છે. માનવી કર્મના વિપાક સમજે તો પાપથી જરૂર વિરામ પામે અને પાપથી વિરામ પામે તો ભવોભવમાં આરામ પામે.

વિપાકની વાત સાંભળતા વૈરાગ્ય અને દીક્ષા.

પૂર્વભવની વાત સાંભળીને રાજા ને રાણી બન્નેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. અને પોતાના પૂર્વભવને જ્ઞાનીના વચનાનુસાર 'તહુત્તિ' કહીને સદ્દહે છે. કર્મના વિપાકની વાત સાંભળીને રાજા ને રાણી બન્ને વૈરાગ્ય પામે છે. અને નિર્મળ ભાવે બન્ને ચારિત્ર અંગીકાર કરે છે. તપ, જપ અને ધ્યાનના બળે દેવલોકે જાય છે અને અમુક ભવ કરીને મોક્ષે જશે અને તેના પતિ શંખરાજા પણ અમુક ભવ કરી મોક્ષે જશે.



પ્ર....દે....શી....રા....જા....ના

દશ પ્રશ્નો



પ્રદેશી રાજા શરૂઆતમાં તદ્દન નાસ્તિક હતા. તે અંગેનું પ્રદેશી રાજાનાં પ્રધાન ચિત્ર સારથીને મનમાં ખૂબ દુઃખ રહેતું હતું. રાજા જો આસ્તિક બને તો સારૂં. તેવી ચિત્ર સારથીની પ્રબળ ભાવના હતી. એકવાર વિહાર કરતા કરતા કેશી ગણુધર ભગવાન શ્વેતામ્બિકા નગરીમાં પધારે છે. ચાર જ્ઞાનનાં ધણી કેશી સ્વામિ નગરીની બહાર મૃગવન નામે ઉદ્યાનમાં સમવસર્યા. ચિત્ર સારથીએ પૂર્વે વિનંતી કરેલી એટલે ચિત્ર સારથીને કેશી સ્વામિનાં આગમનથી અપૂર્વ આનંદ થયો. એકવાર અશ્વક્રિડાના નિમિત્તે ચિત્રસારથી પ્રદેશી રાજાને મૃગવન ઉદ્યાનમાં તેડી જાય છે અને કેશી ગણુધર ભગવાનનાં સમાગમમાં આવવાનું પ્રદેશી રાજાને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

જોકે શરૂઆતમાં તો પ્રદેશી રાજાએ કેશી સ્વામિ માટે ખૂબજ અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા છે પણ સંપર્કમાં

આવ્યા બાદ તેની શંકાઓનું સમાધાન થઈ જતાં પ્રદેશી રાજા કેશી અણગારના ચરણમાં ઝુકી જાય છે.

(૧) જો આત્મા શાશ્વત્ અને પરલોકગામી હોય તો પરલોકમાં ગએલા અહિં પાછા કેમ ન આવે ?

કેશી સ્વામી અને પ્રદેશીરાજા વચ્ચે વાર્તાલાપની શરૂઆત થતાં પ્રદેશી કહે છે કે, આપના મંતવ્ય મુજબ શરીરથી આત્મા ભિન્ન છે પણ મારી સમજણ એવી છે કે, શરીર અને આત્મા એકજ છે. શરીરથી ભિન્ન આત્મા જેવી વસ્તુ નથી. તેના પ્રબળ પુરાવા રૂપે મારો દાદો ખૂબજ અધાર્મિક હતો. પ્રજાની સાર સંભાળ બિલકુલ લેતો ન હતો. કરવેરા એટલાબધા નાંખતો કે પ્રજા તેનાથી ત્રાહિમામ્–ત્રાહિમામ્ થઈ ગએલી. કેટલાય નિર્દોષ મનુષ્યોનો પણ કોઈ સામાન્ય નઈ જેવા અપરાધને કારણે તે વધ કરાવી નાંખતો ! માટે આવા ઘોર કર્મ કરનારો મારો દાદો તમારી માન્યતા મુજબ અહિંથી મૃત્યુને પામીને નરક ગતિમાં ગએલો હોવો જોઇએ અને ત્યાં નરક ગતિમાં તે તીવ્ર દુઃખ ભોગવતો હોવો જોઇએ, છતાં હજુ સુધી તે મને અહિં ચેતવવા આવ્યો નથી કે દિકરા ! તું ઘોર પાપ નહીં કરતો, જો પાપ કરીશ તો તારે પણ મારી જેમ ભવાંતરમાં નરકગતિનાં દુઃખ ભોગવવાં પડશે. મારા દાદાને અહિં મારી પર અપૂર્વ પ્રેમ હતો, છતાં જો આત્મા શાશ્વત્ હોય અને પરલોકગામી હોય તો નરકગતિમાં ઉત્પન્ન થએલો મારો દાદો મને આટલું પણ કહેવા અહિં કેમ ન આવે ? માટે મારી દ્રઢ માન્યતા છે કે આત્મા જેવી કોઈ શાશ્વાત્ વસ્તુ નથી.

પ્રત્યુત્તરમાં કેશી અણગાર કહે છે કે, રાજન્! તારી મુખ્ય પટરાણી સૂરીકાન્તા રાણી સાથે કોઈ હલકો મનુષ્ય ખરાબ વર્તન કરતો હોય ને તે તારી નજરે આવી જાય તો રાજન્ તેને તું કેવીક સજા કરે? મહાત્મન્! આવું કોઈ કરે તો તેને હું શુળીએ ચડાવી દઉં, તેનાં શરીરનાં ટુકડા કરાવી નાંખુ! રાજન, તે કામાંધ મનુષ્ય કહે કે, રાજન્ તમારે મને જે સજા કરવી હોય તે કરજો પણ ઘડીકવાર થોભી જાઓ, હું મારા સંબંધીઓને ઘેરે જઈને ચેતવી આવું કે, કોઈ મારી જેમ આવું ખરાબ વર્તન કરશો નહીં, નહીંતર મારી જેમ તમારે પણ મોતની સજા ભોગવવી પડશે. રાજન્ તું તે અપરાધીને ઘેર જવા દે ખરો? પ્રભુ! હું તેને એક ક્ષણ પણ કયાંય દૂર ન જવા દઉં! રાજન, તેવીજ રીતે નરકમાં ગએલા જીવાત્માઓને અહિં આવવાની ઇચ્છા થાય છે પણ નારકો પરમાધામીને એવા તો વશ પડેલાં હોય છે કે, તેને ઘડીકે પરમાધામીઓ પોતાનાથી વિખુટાં પડવા દેતા નથી. એટલે આવી પરાધીનતામાં સપડાએલો તારો દાદો તને અહિં ચેતવવા કયાંથી આવી શકે?

બીજું કારણ એ છે કે, નરકગતિની તીવ્ર વેદનાં નારકોને વિહ્વલ કરી નાંખે છે, એટલે તે બિચારાં મૂઢ જેવા બની જાય છે. ત્રીજું કારણ એ છે કે, આયુષ્ય કર્મ પુરૂં ન ભોગવાય ત્યાં સુધી નારકો ત્યાંથી નીકળી શકતા નથી, કારણ કે ત્યાનું આયુષ્ય નિરૂપક્રમ હોય છે અને વધારેમાં વધારે તેત્રીસ સાગરોપમ અને ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું હોય છે. વેદનીય કર્મ પણ પુરૂં ન ભોગવાય ત્યાં સુધી પણ નારકો છુટકારો પામી શકતા નથી, માટે પરલોકગામી આત્મા છે એ વાત નિશ્ચિત છે.

(૨)

પ્રદેશી રાજાએ બીજો પ્રશ્ન એ કર્યો કે, મારી દાદી ખૂબજ ધાર્મિક હતી. સામાયિક-પ્રતિક્રમણ, પૌષધ વગેરે દરેક ધર્મ ક્રિયા તે કરનારી હતી. સુપાત્રે દાન કરતી હતી. તમારા મત પ્રમાણે મારી દાદી જરૂર દેવલોકમાં ગઈ હોવી જોઈએ, છતાં તેણે પણ અહિં આવીને મને એમ કહ્યું નથી કે, તું મારી જેમ ધર્મ-ધ્યાન કરજે જેથી પરલોકમાં તને મારી જેમ સ્વર્ગનાં સુખ મળશે ! ભલે આપનાં કહેવા પ્રમાણે મારો દાદો નરકમાંથી પરવશતાને લીધે અહિં ન આવી શકે, પણ મારી દાદીને સ્વર્ગમાંથી અહિં આવવાને કોણ રોકી શકે ? પણ તે હજી મારી પર તેને ખૂબ સ્નેહ હોવા છતાં મને ચેતવણી આપવા આવી નથી. માટે હું એવા નિર્ણય પર આવ્યો કે, પરલોકગામી આત્મા નથી. અહીં શરીર ભસ્મીભૂત થવાની સાથે આત્મા પણ ભસ્મીભૂત થઈ જાય છે.

રાજન્ ! તું સ્નાનથી શુદ્ધ થઈને, હાથમાં દેવ પૂજાની કેશર-ચંદન, ધૂપ વગેરે સામગ્રી લઈને દેવમંદિરમાં પૂજા કરવાને જઈ રહ્યો હોવ, અને તને કોઈ ભંગી કહે કે, રાજન્ ! અહીં સંડાસમાં આવીને થોડીવાર વિશ્રાંતિ લો ને ! ડીલ જરા લાંબુ કરો તો, રાજન, તું સંડાસમાં દાખલ થાય ખરો ! પ્રભુ સંડાસમાં પ્રવેશ કરવાની વાત તો ઠીક, પણ હું તે ભંગીની સામું પણ ન જોઉં. તેને સજા કરાવું ! તો રાજન, દેવો દુર્ગંધને સહન કરી શકતા નથી. અહીંની મૃત્યુલોકની દુર્ગંધ ચાર સો થી પાંચ સો જોજન

ઉપર જાય છે. તો દેવો અહીં શી રીતે આવી શકે ? બીજું પણ ત્રણ કારણોને લીધે દેવો અહીં નીચે આવતા નથી. દેવલોકનાં સુખોમાં દેવો એવા તો મશગુલ બની જાય છે કે, તેને અહીં આવવાનું મન થતું નથી. અત્યારની રીતે વિચારવું હોય તો અમેરિકા ગએલાં યુવાનો અહીં આવવાની ઇચ્છા કરતા નથી, તો દેવલોકમાં ગએલાં અહીં શેનાં આવે ? કોઈ તિર્થંકરાદિ જેવા મહાપુરૂષોનાં પ્રકૃષ્ટ પુન્યોદયનાં પ્રભાવે ખેંચાઈને દેવો અહીં મૃત્યુલોકમાં પહેલાના કાળમાં જરૂર આવતા હતા. બાકી અત્યારે આપણા પુન્ય પણ પરવારી બેઠાં છે. ભણાવી-ગણાવીને પરણાવ્યા બાદ સગાં તમારા છોકરાં તમારી પાસે આવતા નથી. તો દેવો અહીં આવે તેવા આ કાળમાં જીવોનાં પુન્ય કયાં છે ? છતા આ કાળમાં પણ કયાંક કયાંક દૈવી ચમત્કારો જોવા મળે છે ખરા ! ત્રીજુ કારણ એ છે કે, દેવ-દેવીઓ સાથે નવા સંબંધો એટલા બધા બંધાઇ જાય છે કે, પૂર્વનાં સંબંધીઓ સાથેનો સંબંધ છુટી જાય છે. ચોથું કારણ એ છે કે, સુખમાં પડેલાં દેવો વિચાર્યા કરતા હોય છે કે, હમણાં જઈને હું મારા સંબંધીઓને મળી આવીશ, હમણાં જઇશ, હમણાં જઇશ, આવા વિચારોમાં ને વિચારોમાં કેટલોય કાળ વિતી જાય છે. ત્યાં તો અહીંના મનુષ્યો દેવોની અપેક્ષાએ ઘણાજ અલ્પાયુષી હોવાથી મરણને શરણ થઈ જાય છે. આ ચાર કારણને લીધે દેવો નીચે મૃત્યુલોકમાં આવી શકતા નથી. બાકી દેવગતિનો અભાવ નથી,

(૩) અરૂપિ સત્તા હોવાથી શબ્દ કરતા પણ જીવ સૂક્ષ્માતિ સૂક્ષ્મ

પ્રદેશીરાજાને બન્ને પ્રશ્નોનાં પ્રત્યુત્તરથી ખૂબજ સંતોષ

થયો અને કહે છે કે, હજી મારી પાસે પુરાવા છે તે સાંભળો ! કોઈ એક ચોરને જીવતાં મેં લોઢાની કુંભીમાં પુરી દીધો. પછી તે કુંભી પર મજબૂત ઢાંકણ ઢાંકી દીધું. વળી ઉપર સીસાનું રેણ દેવડાવી દીધું, થોડાં સમય બાદ કુંભીને ઉઘાડીને જોયું તો ચોર મૃત્યુને પામી ગયેલો, પણ કુંભીમાં કયાંય તલનાં દાણાં જેટલુએ છિદ્ર પડેલુ હતુ નહીં. તો પ્રભુ ! શરીરથી ભિન્ન આત્મા હોય તો તે કુંભીમાંથી ગયો કયા માર્ગે ?

રાજન્ ! મોટો ઓરડો હોય તેની પર ધુંમટી હોય, તે ઓરડાનું બારણું મજબૂતપણે બંધ કરી દેવામાં આવે, એક નાનકડાં છિદ્ર જેટલો ભાગ પણ ઉઘાડો ન હોય, એકદમ પેક કરેલો ઓરડો હોય, તેની અંદર પહેલાથી કોઈ માણસને રાખેલો હોય ને અંદરથી રણભેરી વગાડવામાં આવે તો રાજન્ ! તેનો અવાજ બહાર આવે કે નહીં ? અવાજ તો જરૂર બહાર આવવાનો ! તો રાજન્, એક પણ છિદ્રનાં અભાવમાં અવાજ બહાર નીકળી શકે તો જીવ તો અરૂપી સત્તા છે, તે તો શબ્દ કરતાં પણ સૂક્ષ્માતિ સૂક્ષ્મ છે, તો પછી કાણાં કે છિદ્રનાં અભાવમાં કુંભીમાંથી જીવ બહાર નીકળી જાય તેમાં શી નવાઈની વાત છે ? શબ્દનો અવાજ જો બહાર આવી શકે તો જીવ કુંભીમાંથી બહાર નીકળી જાય એતો તદ્દન સ્વાભાવિક છે. માટે જીવ એ અભાવાત્મક નથી પણ ભાવાત્મક છે.

(૪) આત્માની શ્રદ્ધા થયા વિના ધર્મમાં રૂચી જાગે નહીં !

વળી પણ રાજા પ્રશ્ન મૂકે છે કે, એક ચોરને મેં

હણીને કુંભીમાં પૂરી દીધેલો અને ઢાંકણથી ઢાંકીને ઉપર રેણ કરાવી દીધું ! કુંભીમાં એક તલનાં દાણાં જેટલું એ છિદ્ર હોતું રહેવા દીધું. થોડા સમય પછી કુંભીને ઉઘાડીને જોયું તો ચોરનાં શરીરમાં એકલાં કીડાં બદબદતા હતા તો એ કીડાં કુંભીમાં પુરેલાં તેનાં શરીરમાં પેઠાં કયા માર્ગેથી ? રાજન્, લોઢાંને જ્યારે ભઠ્ઠીમાં તપાવવામાં આવે ત્યારે તે લાલચોળ થઈ જાય છે, તો રાજન્, લોઢામાં તો એક પણ કાણાંનો અભાવ છે, તો રાજન્ અગ્નિનો પ્રવેશ લોઢામાં કયાં માર્ગેથી થયો ? અગ્નિ તો આત્માની અપેક્ષાએ ખૂબ સ્થૂલ હોય છે, છતાં તે એક પણ છિદ્રનાં અભાવમાં જ્યારે લોઢામાં પેસી જાય છે તો પછી આત્મા કુંભીમાં પ્રવેશી શકે તેમાં શી નવાઈની વાત છે ? માટે રાજન્ તું જેટલાં જીવની નાસ્તિ માટેનાં પુરાવા આપે છે તે બધા અંતે તારાજ ગળામાં આવીને પડે છે. માટે તેના કરતાં તું શરીરથી ભિન્ન આત્માનું દ્રઢ શ્રદ્ધાન કરી લે કે જેથી મળેલાં નરજન્મને સાર્થક કરી શકે. આત્માની સિદ્ધિ વિનાં માનવી ધર્મને માર્ગે પ્રવર્તિ શકે નહીં, અને ધર્મને માર્ગે પ્રવર્ત્યા વિનાં નરજન્મને સાર્થક કરી શકાય નહીં !

(૫) આત્મા નથી હલકો કે નથી ભારે !

પ્રદેશીરાજા ગુરૂ ભગવંતને કહે છે કે, આપના સમાધાનથી મને ઘણો સંતોષ છે. પણ થોડાંક પ્રશ્નોનું હજી પણ આપ મને સમાધાન કરી આપો, પછી તો આપ મને આપનો દાસ નહીં પણ દાસાનું દાસ સમજી લેજો.

એક જીવતાં ચોરનો મેં કાંટેથી તોલ કરાવ્યો અને

ત્યારબાદ મારી નંખાવીને તોલ કર્યો, પ્રભુ ! છતાં તેના વજનમાં કંઈ ફેર પડયો નહીં ! વધ કરાવ્યાં બાદ તેના શરીરમાંથી જીવ તો નીકળી ગયો, તો પછી તેનાં વજનમાં થોડોક તો ફેર પડવો જોઈએ. છતાં વજનમાં જરાએ ફેર પડયો નહીં. માટે હુ એવા નિર્ણયપર આવ્યો છું કે, શરીર જ આત્મા છે, શરીરથી ભિન્ન આત્મા નથી, માટે જીવવું ત્યાં સુધી સુખપૂર્વક જીવવું અને માથે કરજ કરીને પણ ઘી-કેળાં ઉડાવવાં ! શરીર અહીં બળીને ભસ્મીભૂત થયા પછી ભવાંતરમાં વળી કોને જન્મ લેવાપણું છે ? આત્મા જ નથી તો પછી પાપથીએ ડરવાની શી જરૂર છે ?

રાજન્ ! ચામડાંની મશકમાં હવા ભરીને તોલ કરવામાં આવે અને ત્યારબાદ હવા બહાર કાઢીને તોલ કરવામાં આવે, રાજન્; તેનાં વજનમાં કઈ ફેર પડશે ખરો ? પ્રભુ, તેમાં ફેર નહીં પડે. તો પછી શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી કદાચ વજનમાં ફેર ન પડયો તેટલાથી કંઈ આત્માની હસ્તિ મટી જતી નથી ! પવન કરતાં પણ આત્મા તો અતિ સૂક્ષ્મ વસ્તુ છે, એટલુજ નહીં આત્માનો સ્વભાવ તો અગુરૂલઘુ છે. આત્મા નથી ભારે કે નથી હલકો, તો પછી વજનમાં ફરક કયાંથી પડે ? આટલાં સ્પષ્ટિકરણ પછી શરીરથી ભિન્ન આત્મા વિષેની તને હવે દ્રઢ પ્રતિતિ થઈ જવી જોઈએ. પ્રભુ, હજી મારી કેટલીક મૂંઝવણો છે, તેનું પણ આપ નિરાકરણ કરી આપો એટલે પ્રતિતિ થવામાં કોઈ બાધા નહીં ઉભી થાય !

(૬) શરીરના ટુકડા કરે જીવ સત્તા પ્રગટ ન થાય, ઉપયોગ અંતરમાં વળે તો આત્મા જરૂર પ્રગટ થાય !

પ્રભો ! એક ચોરનાં મેં બારીક ટુકડા કરાવ્યા અને તેના શરીરનાં અણુ અણુમાં આત્મા અંગેની મેં ખૂબ શોધ ચલાવી, છતાં કયાંય આત્મા તેનાં શરીરના બહારના ભાગમાં કે અંદરના ભાગમાં દેખાયો નહીં. માટે મારા વિચારોમાં હું મક્કમ બની ગયો કે શરીરજ આત્મા છે !

રાજન્, અરણીનાં કાષ્ટમાં અગ્નિ હોય છે, એ વાતની તો તને પ્રતિતિ છે ને ? પ્રભો ! તે અંગેની તો મને દ્રઢ પ્રતિતિ છે, તો પછી રાજન્, તે અરણીનાં કાષ્ટના બારીક બારીક ટુકડાં કરે શું તેમાંથી અગ્નિ પ્રગટ થાય ખરો ? પ્રભો ! તેમ તો ન જ પ્રગટ થાય ! ત્યારે કેમ પ્રગટ થાય ! તેને ઘસારો લાગે તો પ્રગટ થાય, બસ તેવીજ રીતે શરીરનાં ટુકડાં કરે તેમાંથી આત્મા પ્રગટ ન થાય, પણ બહારમાં ભમતાં ઉપયોગને જો અંદરમાં વાળવામાં આવે તો આત્મા જરૂર પ્રગટ થાય, જીવનો ઉપયોગ જ પરભાવમાં વળેલો છે, તેને જો સ્વરૂપભણી વાળવામાં આવે તો ચૈતન્ય સત્તા અવશ્યમેવ પ્રગટ થાય, એવી સ્થિતિએ જીવ પહોંચે કે એક સમયને માટે પણ જીવનો ઉપયોગ જ્યારે પરમાં કે પરભાવમાં ન રોકાય ત્યારે સમજવું હવે કેવલજ્ઞાન પ્રગટવાની તૈયારી છે; રાજન્, જીવ પોતે જ જ્યાં જાણનારો ને દેખનારો છે ત્યાં જીવ શરીરમાં કયાંય દેખાણો નથી કે ઘટ-પટાદિની જેમ કયાંય દેખાતો નથી એ વાત જ કરવાની કયાં રહે છે !

(૭) વિષમતા કર્મોદયને અંગે

હજી મારા ચાર પ્રશ્નો બાકી રહે છે. રાજન્, જે પ્રશ્નો બાકી રહેતા હોય તે તું છૂટથી પૂછી શકે છે.

બે બાણાવલી મનુષ્યો છે, તેમાં એક વૃદ્ધ છે અને બીજો યુવાન છે. નિશાન તાકીને બન્ને બાણ છોડે છે. યુવાન હોવાને કારણે એકનું બાણ દૂર દૂરનાં પ્રદેશમાં જઈને પડે છે. વૃદ્ધે છોડેલું બાણ નજદીકમાં જ પડે છે. પ્રભો! તે બન્નેમાં એક યુવાન અને બીજો વૃદ્ધ હોવાથી તેમ બને તે સ્વાભાવિક છે, પણ જીવ તો બધા સરખા છે છતાં જીવોની ગતિ આ ગતિમાં ફરક કેમ પડે છે? એક જીવ ઉંચે જાય છે ને બીજો નીચે જાય છે તેનું કારણ શું?

પ્રત્યુત્તરમાં કેશી અણગાર કહે છે કે, રાજન્, જીવ તો બધા સરખા છે પણ કર્મ બધાનાં સરખા હોતા નથી. જીવ અનાદિથી કર્મે ઘેરાયેલો છે. દુષ્કર્મ કરનારાં જીવો નીચે જાય છે અને સત્ કર્મ કરનારાં ઉંચે જાય છે. કર્મ પણ જીવે પોતે જ કરેલાં હોય છે, માટે પોતાનાં કરેલાં પોતે ન ભોગવે તો બીજો કોણ ભોગવી દેશે? જીવો સમાન હોવા છતાં જે વિષમતા દેખાય છે તે કર્મોદયને લીધે છે.

(૮)

જગતમાં વિદ્યમાન ઘટ પટાદિ પ્રત્યેક નજરે દેખાય છે, તેવી રીતે જીવ સત્તા વિદ્યમાન છે તો તેમે કોઈ જોઈ કેમ શકતા નથી?

રાજન્, જીવ સત્તા અરૂપી છે માટે સર્વજ્ઞ સિવાય

તેને કોઈ જોઈ શકતા નથી ! હવા ચાલતી હોય છે, પણ તેને આપણે જોઈ શકતા નથી પણ વૃક્ષની ડાળીઓ જ્યારે હાલતી હોય, મંદિરની ધજા ફરકતી હોય ત્યારે આપણે સૌ અનુમાન જરૂર કરી શકીએ છીએ કે હવા અત્યારે જોરથી ચાલે છે. આપણા પોતાના શરીરને પણ હવા સ્પર્શતી હોય છે છતાં દેખાતી હોતી નથી !

સ્વાનુભવથી આત્માની સિદ્ધિ

તેવી રીતે આત્મા પણ ભલે નજરે ચરમચક્ષુથી દેખાતો નથી પણ અંદરનાં સ્વ સંવેદનથી આત્માને જરૂર જાણી શકાય છે, અનુભવી પણ શકાય છે. ગુણી આત્મા ભલે પ્રત્યક્ષ નથી પણ આત્માનાં જ્ઞાનાદિ ગુણ તો સૌને પ્રત્યક્ષ છે. જેનો ગુણ પ્રત્યક્ષ છે તેનો ગુણી પણ પ્રત્યક્ષ જ છે. હું સુખી, હું દુઃખી આવો સ્વાનુભવ તો લગભગ સૌને હોય છે તો રાજન્, આવા દરેકનાં સ્વાનુભવ પરથી આત્માની સિદ્ધિ ઘણી જ સહેલાઈથી થઈ જાય છે, કારણ કે, જડમાં આ રીતનો સ્વાનુભવ હોતો નથી.

(૯) સંકોચ અને વિકાસ પામવાનો આત્માના પ્રદેશોનો સ્વભાવ !

કુંથુઆનાં શરીરમાં જેવો આત્મા છે તેવો જ કુંજરનાં શરીરમાં આત્મા છે અને તેવોજ આત્મા મનુષ્ય શરીરમાં છે. તો પછી એક નાનો ને એક મોટો આ બધું શી રીતે બની શકે છે ?

રાજન્, આત્મા અસંખ્ય પ્રદેશી છે. તેનાં પ્રદેશોમાં સંકોચ અને વિકાસ પામવાનો સ્વભાવ છે. દિપકનાં દ્રષ્ટાંતે આ વાતને બરાબર ઘટાવી શકાય છે

દિપકને ઢાંકી દેવામાં આવે તો તેનો પ્રકાશ તેટલા નીચેનાં ભાગમાં જ રોકાઈ જાય છે અને ઢાંકણુ હઠાવી લેવામાં આવે તો આખા મકાનમાં પ્રકાશ ફેલાઈ જાય છે. સંકોચ અને વિકાસનો સ્વભાવ હોવાથી આત્માના પ્રદેશો કુંથુઆનાં શરીરમાં પણ ગોઠવાઈ જાય છે અને તેવી જ રીતે કુંજરનાં શરીરમાં પણ ગોઠવાઈ જાય છે. કેવલી સમુદ્દઘાતનાં સમયે આખા ચૌદ રાજલોકમાં પણ આત્માના પ્રદેશો ફેલાઈ જાય છે. ચૈતન્ય સત્તા જ કોઈ એવી તો અદ્ભુત છે કે, જેની ચમત્કૃત્તિ ભલભલાને આંજી નાંખે તેવી છે. શરીરથી ભિન્ન ચૈતન્યની શ્રદ્ધા કરનારને પણ જ્ઞાનીએ મહા ભાગ્યવંત કહ્યો છે. કેટલાકો મહા મોહનીય કર્મનાં ઉદયને લીધે શરીરથી ભિન્ન આત્માને પણ સદ્દહતા હોતા નથી, તેવા જીવો બેધડક પણે પાપ આચરતા હોય છે! અને તેનાં અતિ દારૂણ વિપાક તે જીવોને ભવોનાં ભવો સુધી ભોગવવાં પડે છે.

આ રીતે પ્રશ્નોનાં સ્પષ્ટ પ્રત્યુત્તર મલ્યા પછી પ્રદેશી રાજાને આત્મા વિષેની દ્રઢ પ્રતિતિ થઈ જાય છે. આત્માને સદ્દહતો ન હતો. હવે તેને દ્રઢ શ્રદ્ધાન્ થઈ જાય છે. તત્ત્વાર્થના શ્રદ્ધાનને જ સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

(૧૦)

પ્રદેશી રાજા કેશી સ્વામીને છેલ્લે કહે છે, હવે કોઈ

બીજા પ્રશ્નો રહ્યા નથી પણ પેઢી દર પેઢીથી ચાલ્યો આવતો ધર્મ હું મૂકી કેમ શકું ? આ છેલ્લા પ્રશ્નનો આપ મને યોગ્ય સમાધાન કરી આપો. એટલે મારા મનને પરમ શાન્તિ થઈ જાય અને મારી ભાવના હવે આપના જ માર્ગે આગળ વધવાની છે, એટલે જિન માર્ગ અંગીકાર કરવાની મારી ભાવના થઈ ગઈ છે. રાજન્, કુળ પરંપરાથી ગમે તેવો ધર્મ ચાલ્યો આવતો હોય તો પણ તે ધર્મ નહીં પણ અધર્મ હોય તો તેનો ત્યાગ કરવામાં એક ક્ષણની પણ વાર નહીં લગાડવી જોઈએ, નહીં તો રાજન્ તારે લોઢાનો જ આગ્રહ રાખનારા વ્યાપારીની જેમ પસ્તાવું પડશે. તે વ્યાપારી કોણ ? આપ મને બરાબર સમજાવી દો.

રાજન્, અમુક ચારથી પાંચ વ્યાપારી ગાડા લઈને વ્યાપારાર્થે જઈ રહ્યા હતા. રસ્તામાં લોઢાની ખાણ જોઈને ગાડામાં જેટલું ભરાય તેટલું લોઢું ભરી લીધું. ત્યાંથી જરા આગળ ધપ્યા ત્યાં ત્રાંબાની ખાણ આવી. એક સિવાયનાં બીજાં બધાં વ્યાપારીઓએ લોઢાનો ત્યાગ કરીને જેટલું ભરી શકાય તેટલું તાંબુ ભરી લીધું, પણ એક વ્યાપારી ન સમજ્યો. આગળ જતાં ચાંદીની ખાણ આવી, વળી આગળ જતાં સોનાની ખાણ આવી ને આગળ જતાં હિરા–માણેકને રત્નની ખાણ આવી. બીજા વ્યાપારીઓએ જેટલાં ભરાય તેટલાં હિરા ને રત્ન ગાડામાં ભરી લીધાં પણ પેલો એક વ્યાપારી તો ન સમજ્યો તે ન સમજ્યો અને તેણે લોઢાનો જ આગ્રહ રાખ્યો !

ઘેર આવ્યા પછી બીજાં બધા વ્યાપારી ખૂબ સુખી થયા. ભવ્ય મહેલ ચણાવીને તેમાં આનંદકિલ્લોલ કરવા લાગ્યા.

ત્યારે જેણે લોઢાનો જ આગ્રહ રાખ્યો તે દુઃખી દુઃખી થઈ ગયો. કારણ કે, તેને લોઢાનાં ખાસ દામ ઉપજ્યા નહી. જ્યારે હિરા ને રત્નવાળાને તો કરોડો રૂપિયા ઉપજી ગયા ! એટલે તે ખૂબ સુખી થયા. બસ તેવી રીતે રાજન્ આ હિરા જેવો આત્મા મેં તને ઓળખાવી દીધો છે. છતાં લોઢા જેવા નાસ્તિક મતનો તું ત્યાગ નહીં કરે તો રાજન્ તું પણ પેલા હઠીલા વ્યાપારીની જેમ દુઃખી થઈશ !

પ્રદેશી રાજા હવે પોતાના મનનું સંપૂર્ણ સમાધાન થઇ જતાં કેશી ગણધર ભગવાનને કહે છે કે, સ્વામિ તમે તો મારો ખરેખર ઉદ્ધાર કર્યો છે. આજ મારો ઉદ્ધાર કરીને જાણે મને આપે શીવપુરનો રાજ સમર્પિ દીધો. આપનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. આપે બુડતા જીવનો ઉદ્ધાર કરીને આ પામર ઉપર અનંત ઉપકાર કર્યો છે. આત્માને ઓળખવા માટેની જે મારી પાસે દ્રષ્ટિ જ ન હતી, આપે તો આત્માને ઓળખવાની દ્રષ્ટિ આપીને ખરેખર દ્રષ્ટિદાન કર્યું છે. કયા શબ્દોમાં હું આપનો ઉપકાર વ્યક્ત કરી શકું ? આવું દિવ્ય જ્ઞાન આપીને આપે ખરેખર મારા જેવા આંધળાને દેખતો કર્યો છે. આપ કરૂણાનાં સાગર હોઈ આ પામર પર આપે અનંત ઉપકાર કર્યો છે. મને થાય છે કે, આપના ચરણમાં હું શું ધરી દઉં ? આત્માથી દુનિયામાં બધું હીન છે. માટે મારો આત્મા જ હું આપને સમપિ દઉં છું. એટલે આજથી આપની આજ્ઞા મુજબ વર્તવાનો હું મારો દ્રઢ નિર્ધાર જાહેર કરી દઉં છું બસ ખરૂં સમર્પણ ભાવ આને કહેવામાં આવે છે.

પ્રદેશી રાજા ત્યાં ને ત્યાં સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં

બાર વ્રત ઉચ્ચરીને બારવ્રતધારી શ્રાવક બને છે, અને નિર્ગ્રંથ માર્ગ છેવટે સર્વથી નહીં પણ દેશથી અંગીકાર કરે છે. પ્રદેશીને સ્પષ્ટ પ્રતિતિ થઈ ગઈ કે, નિર્ગ્રંથ માર્ગ એજ અર્થરૂપ છે, એટલું નહી પરમાર્થ રૂપ છે, એ સિવાયનું જગતમાં જે કાંઈ છે તે બધું અનર્થ રૂપ છે. આવો નાસ્તિક રાજા પહેલીજ વારનાં સંપર્કથી બારવ્રતધારી બન્યો. જ્યારે તમે તો વર્ષોથી મહા પુરૂષોનાં સંપર્કમાં આવેલાં છો છતાં મોટે ભાગે હજી ઘાંચીના બળદિયાંની માફક જ્યાંના ત્યાં જ છો. કોઈ વિરલાં બુઝે એ વાત આખી જુદી છે.

પ્રદેશી રાજા બારવ્રતધારી શ્રાવક બન્યા બાદ સંસારનાં કામ-ભોગાદિનાં સુખોમાં એકદમ વિરક્ત બની ગયા. રાજ્યમાં, ધનમાં, વૈભવમાં અંતે ઉરમાં રાજાને ઉત્કટ વૈરાગ આવી ગયુ. અંતેઉરમાં સૂરિકાન્તા નામે મુખ્ય મહારાણી હતી. તેમાં પ્રદેશી રાજા ખૂબજ રાગી હતો. પણ આત્માની પ્રતિતિ થયા બાદ રાજા તેમાં પણ તેવોજ વૈરાગી બની ગયો. ધર્મને રસ્તે ચડયાની આ જ બરી નિશાની છે કે, જીવ વિષયોમાં વિરક્ત બની જાય! વિષય વિરાગ, કષાય, ત્યાગ અને ગુણાનુરાગ વિના જીવનમાં ધર્મ છે જ કયાં?

કેશી સ્વામિનાં સમાગમથી પ્રદેશી રાજાને આત્માની ઓળખાણ થઈ જતાં અંતરાત્મામાં જ્ઞાન કલા એવી ભાસી કે, પૂર્વે સૂરિકાન્તા રાણીમાં જે રાજાને અત્યંત રાગ હતો તેમાં પણ રાજા વિરાગી બની ગયો. તન, ધન કે વૈભવમાં મોહ ન રહ્યો હોય અને જીવ તેમાં ઉદાસી બની ગયો હોય, બસ.

ત્યાંજ જ્ઞાન કલા ઘટભાષી કહેવાય. બાકી ભેદજ્ઞાનની વાતો કરતા હોય ને અંદરનો મોહ ભાવ જો એવોને એવો હોય તો તે ઉદાસી નહીં પણ લબાસી જરૂર કહેવાય. એકવાર પણ ઘટમાં ભેદ જ્ઞાનની કલા ભાસી જાય પછી બાકી શું રહે ? હું આત્મા અવિનાશી છું ને બાકી જગતનાં ભાવો વિનાશ છે. આવી દૃઢ પ્રતિતિ એજ અંદરની સાચી જ્ઞાન કલા છે.

આજે ઘણાં વર્ષોથી ધર્મ કરતા હોય છે પણ કનક-કાન્તા અને કિર્તીનો મોહ એવોને એવો વળગેલો હોય છે. પહેરવા-ઓઢવાનો અને હરવા-ફરવાનો અને ઘરમાં નવી વસ્તુઓ વસાવવાનો અને ઘરને સજાવવાનો મોહ એટલો બધો છે કે ઘડી ભરને માટે એમ થઈ જાય કે આ કરેલો ધર્મ બધો જતો કયાં રહે છે ? શું એનો આત્મા પર કોઈ પ્રભાવ નહીં પડતો હોય ? ને પ્રભાવ જો પડે તો વર્ષોથી ધર્મ કરનારનો વૈરાગ્ય ભાવ કેટલો ઉંચો હોવો જોઈએ. તપ-ત્યાગનાં સંસ્કાર પણ તે આત્માઓમાં કેટલાં ઊંચા હોવા જોઇએ ? પ્રદેશી રાજામાં ધર્મને રસ્તે ચડયા બાદ જીવનમાં અજબ પરિવર્તન આવી ગયું. જેનાં વિરહમાં રાજા એક ક્ષણ નહોતો રહી શકતો તેમાં એકદમ વિરક્ત બની ગયો. આત્માનાં ગુણોમાં આત્મા રક્ત બને અને બહારના ભાવોમાં વિરક્ત બને એજ ધાર્મિક જીવનનું ખરૂં લક્ષણ છે. પરની રમણતાં ઘટે અને સ્વની રમણતાં વધે એટલે સમજવું કે ધર્મ આત્મામાં પેઠો છે. આત્માનો ધર્મ આત્મામાં જ છે. ધર્મ આત્માથી ભિન્ન વસ્તુ નથી. આત્માનો પોતાનો સ્વભાવ તે જ આત્માનો ધર્મ છે. જ્ઞાન-દર્શનાદિ જે આત્માનો સ્વભાવ છે તે જ ધર્મ છે.

કસ્તુરીયો મૃગ કસ્તુરી પોતાની નાભિમાં હોવા છતાં

તેની શોધ બહારમાં ચલાવે છે, તેમ આત્માનો ધર્મ આત્મામાં હોવા છતાં અજ્ઞાની મનુષ્યો તેની શોધ બહારમાં ચલાવી રહ્યા છે. જે વસ્તુ જ્યાં હોય ત્યાંજ તેની શોધ ચલાવવી જોઇએ. દાગીનાં મૂકેલાં હોય તીજોરીમાં અને શોધ કરે ડામચીયામાં! તો શોધ ક્યાંથી લાગવાની છે? માટે જ્ઞાન, દર્શન કે ચારિત્ર અથવા, ઋજુતા, નમ્રતા કે સંતોષ સ્વરૂપ જે ધર્મ છે તે આત્મામાંજ છે. ક્યાંય બહારમાં નથી. પોતે પોતામાં જો સ્થિત બની જાય તો ઘરની ચીજ ઘરમાંથીજ મળી આવવાની છે. જો કે સદ્‌ગુરૂનાં યોગેજ પોતાને પોતાની ઓળખાણ થાય છે. માટે દેવ, ગુરૂ આદિ ધર્મ પામવાના પ્રબળ નિમિત્તો છે. પ્રદેશી રાજાને કેશી સ્વામિનાં સમાગમે જ અપૂર્વ ધર્મલાભ થયો છે.

સૂરિકાન્તા રાણી કે જે પ્રદેશી રાજાની પટ્ટરાણી છે. તે અત્યંત વિષયાંધ હોવાથી તે રાજા પ્રતિ એકદમ દ્વેષિલી બની જાય છે. પ્રદેશી રાજા વિષયોથી વિરક્ત થયા એટલે સૂરિકાન્તા રાણીની વિષય ભોગની ઈચ્છાઓ પરિપૂર્ણ થતી નથી તે રાજા માટે ફાવે તેમ બકે રાખે છે કે, તમે તો હવે મોટા ધર્મિ બની ગયા છો. પોતાનાં સંબંધીઓ પ્રતિ તમે હવે પ્રેમ રાખતાં નથી? તમારા જે આશક હતાં તે પણ તમારાથી નિરાશ થઇ રહ્યા છે. આવે ઉંધે રસ્તે તમને કોણે ચડાવી દીધા? સૂરિકાન્તા રાણીના ઉદ્‌ગારો પરથી આપણે ખ્યાલ એ કરવાનો છે કે, પ્રદેશીરાજા જીવનમાં પલટો કેવો આઈ ગયાં? પ્રદેશી-પ્રદેશી મટીને જાણે સ્વદેશી બની ગયા એટલે પરમાંથી જાણે સ્વમાં આવી ગયા.

સૂરિકાન્તા રાણીએ જોયું કે હવે આમનાથી મારી કોઈ

ઈચ્છાઓ પરિપૂર્ણ થતી નથી અને આ મારા પતિ ઘરમાં છે ત્યાં સુધી હું કોઈ પરપુરૂષ સાથે પણ વ્યવહાર કરી શકું નહીં ! માટે કોઈ રસ્તો એવો કરું કે આ કાંટો વચમાંથી નીકળી જાય ! સૂરિકાન્તા રાણીની આ વિચારણામાં સંસારનો આબેહુબ ચિતાર આવી જાય છે. સ્વાર્થ હોય ત્યાં સુધી સૌ કોઈ સ્નેહ દાખવે છે અને જુએ છે કે હવે આમનાથી સ્વાર્થ રહ્યો નથી ત્યાં સ્નેહ દાખવનારા જ ક્ષણવારમાં છેહ આપી દે છે. જ્યાં સ્વાર્થનીજ વાત હોય ત્યાં સ્નેહની સરિતા સૂકાતા વાર કેટલી લાગે ? અને હ�ૃદયનો જો નિર્મળ ધર્મ સ્નેહ હોય તો સ્નેહની સરિતા ખળખળ કરતી વહેતીજ રહે છે.

પ્રદેશી રાજા ધર્મને રસ્તે ચડયા એટલે બધા કુટુંબી ઓની તદ્દન ઉપેક્ષા જ કરતાં હતા તેવી કોઈ વાત હતીજ નહી. પોતાની ફરજ પોતે બરાબર બજાવતા હતા, પણ હવે તે પોતાના આત્માની માથે આઠ કર્મનો બહુ કરજ ચડાવવાને તૈયાર ન હતા. પોતે મહાવ્રતધારી બન્યા ન હતા, અણુવ્રતધારી બન્યા છે. છતાં સ્વદારામાં પણ પુરેપુરા સંતોષી બની ગયા છે. હવે આસક્તિપૂર્વક સંસાર ભોગવવાની તેમનાં જીવનમાં કોઈ વાત રહી ન હતી, કારણ કે તેમનાં જીવનમાં અજ્ઞાનની રાત હવે વિતી જવા આવી હતી. પૂર્વે તેમનામાં જે વિષયોમાં અત્યંત આસક્તિ હતી, અંદરના ભાવોમાં જે અત્યંત ક્રૂરતા હતી તે બધા દોષો તેમનાં જીવનમાંથી સર્વથા નાબુદ થઈ ગયા છે. બાકી ધર્મ પામ્યા એટલે તેઓ માનવતાથી પરવારી બેઠા હતા તેવી કોઈ તેમનાં જીવનમાં વાત ન હતી. બાકી સૂરિકાન્તા રાણી તો અત્યંત વિષય લંપટ હતી. દેશથી પણ સંયમ રાખવાની વાત તેને પસંદ હતી નહીં ! એકદમ છૂટથી

સંસાર ભોગવવાની તેની અંદરની મનોકામના હતી. એટલે તેવી છુટ મેળવવા તે જેને એકવાર પોતાના પ્રાણ કરતા પણ પ્રિય ગણનારી હતી, અને પ્રાણનાથ કહીને બોલાવનારી હતી તે જ પ્રદેશીરાજાનાં પ્રાણ લેવાના ઉપાયો યોજી રહી છે. જેમાં અતિ રાગ હોય તેમાંજ કયારેક અતિ દ્વેષ પેદા થાય છે માટે રાગ કે દ્વેષ કયાંય વધારે પડતા પોષવા જેવા નથી અને તેનું પરિણામ કેટલું ભયંકર આવે છે તે પ્રદેશી રાજા અને સૂરિકાન્તાના દ્રષ્ટાંત પરથી બરાબર સમજી શકાય છે.

પ્રદેશી રાજાએ એકવાર ચૌવિહારો છઠ્ઠ કરીને પૌષધવ્રત અંગીકાર કરેલું છે. આત્માનાં ગુણોની પુષ્ટિ થાય એ રીતે જ પ્રદેશી રાજા પૌષધવ્રતમાં રહેતા હતા. નિંદા–કૂથલીની પ્રવૃત્તિથી તેઓ લાખ લાખ ગાઉ દૂર રહેતા હતા અને પૌષધવ્રતની ખરી વ્યાખ્યા પણ તે જ છે કે, જેમાં આત્માના ગુણોની પુષ્ટિ થાય તેનું નામ પૌષધ.

પ્રદેશીરાજા આત્મ કલ્યાણની પ્રવૃત્તિમાં બરોબરના જોડાઇ ગયેલાં. જ્યારે સૂરિકાન્તા રાણી વચ્ચેથી કાંટો કાઢી નાંખવાની પ્રવૃત્તિમાં પડી ગઈ છે. પ્રદેશીરાજા ત્રીજે દિવસે સવારના પૌષધવ્રત પારીને ચૌવિહારા છઠ્ઠનું પારણું કરવા નીચે રસોડામાં આવે છે. લગભગ પોરસી, સાઢ પોરસીનો સમય ચડાવેલો છે, અને સૂરિકાન્તા રાણી પારણામાં પ્રદેશી રાજાને ઝેર આપી દે છે. પારણાં નિમિત્તે બનાવેલી વસ્તુઓમાં કાતિલ ઝેરનું મિશ્રણ કરી નાંખે છે. પારણું કર્યા બાદ રાજાને થોડીક જ વારમાં શરીરમાં વિષ બાધા થતાં તિવ્ર અશાતા થઈ જાય છે. શરીરની નસે નસો જાણે ખેંચાવા

માંડે છે રાજા સમજી જાય છે કે, મને શરીરમાં વિષ બાધા થઈ છે. ઉપર પૌષધશાળામાં જઈને રાજા ચારે આહારનો ત્યાગ કરીને અંતિમ આરાધના શરૂ કરી દે છે.

હૃદયમાં નવકાર મહામંત્રનું ધ્યાન ધરે છે. પંચ પરમેષ્ટિનું ધ્યાન ધરીને પોતાના પરમ ઉપકારી ગુરૂ ભગવંત કેશી સ્વામીનું પુનઃ પુનઃ સ્મરણ કરે છે. કરતલ વડે અંજલી કરીને સકલ જીવ રાશીને ખમાવે છે, તેમાં સૌથી પહેલાં પોતાની પટ્ટરાણી સૂરિકાન્તાને ખમાવે છે. રાજાને પારણામાંજ ગંધ આવી ગયેલી કે, આમાં કંઈક આજે કાવત્રા જેવું લાગે છે. આ કાવત્રામાં સૂરીકાન્તા સંડોવાયેલી છે, છતાં રાજાને સૂરીકાન્તા પતિ લેશ પણ મનમાં દુર્ભાવ પેદા થયો નથી. રાજાના અંદરનાં અધ્યવસાયો એટલા બધાં ઉંચા છે કે સૂરિકાન્તા તરફ મનમાં રોષ આણવાને બદલે પોતાનાં કર્મને દોષ આપે છે અને ચિંતવના એવી કરે છે કે, આ મહારાણીએ તો મારી પર મહાન ઉપકાર કર્યો છે. આણે તો મને કર્મ નિર્જરાનાં માર્ગમાં સહાય કરી છે. હું સાધક તો હતો, આણે તો મારૂં ઉત્તર સાધકપણું કર્યું છે. આના તરફથી મને જો આવો ઉપસર્ગ ન થયો હોત તો હું ભવોભવનાં સંચિત કર્મોને આવી રીતે જલ્દીથી ન ખપાવી શકત ! કરોડો વર્ષે જે કાર્ય ન થાત તે કાર્ય જે તદ્દન અલ્પ સમયમાં જ થઈ ગયું છે તે બધો ઉપકાર આ મહારાણીનો છે. આવા અંદરના પરિણામનાં બળે રાજા પોતાનાં આત્માને એકદમ ઉપશમ ભાવમાં લાવી મૂકે છે ત્યાં સૂરિકાન્તા રાણી પૌષધશાળામાં ધસમસતા નદીનાં પૂરની જેમ ઉપર આવી પહોંચી !

નાથ! પારણા પછી તબિયતમાં શું જણાય છે? આપને તકલીફ હોય તે જણાવો. આવી રીતે ઉપર ઉપરનાં ખોટાં પ્રેમને દાખવતી એકદમ પ્રદેશી રાજાની છાતી પર ચડી બેઠી અને તેના મસ્તક પર પોતાનાં વાળ ઢાળીને ખોટા હાવ ભાવને બતાવવાની સાથે પ્રદેશીરાજાનું ગળું દાબી દીધું. રાજાને વિષ બાધાને લીધે શરીરમાં તીવ્ર વેદના થઈ રહી હતી છતાં પ્રદેશી અંદરની ઉચ્ચ ભાવનાની શ્રેણીએ ચડેલા હતા. વિષ બાધાની તિવ્ર વેદનાને ભોગવી રહ્યા હતા, તેમાં ગળું દબાતા પ્રદેશીનું પ્રાણ પંખેરું તત્ક્ષણમાં ઉડી ગયુ. ઘણાંજ ઉંચા આરાધક ભાવમાં પ્રદેશી રાજાનો દેહ છુટે છે, અને સમાધી મરણને પામી પહેલાં સૌધર્મ દેવલોકમાં સૂર્યાભ નામે દેવ થાય છે. એક ભવ કરીને પ્રદેશી રાજાનો જીવ મોક્ષે જશે! પોતાનું કાર્ય બરાબર સાધી લીધું. સૂરિકાન્તા મૃત્યુને પામી નરક ગતિની અધિકારી બને છે. કર્મના વિપાક ભોગવ્યા વિના છુટકારો થતો નથી.

સૂર્યાભદેવ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ તરતજ ત્યાંના સામાનિક દેવોને પુછે છે કે, મારા માટે પૂર્વ અને પછી શું હિતકારક છે? તે મને કહો. ત્યારે પ્રત્યુત્તરમાં સામાનિક દેવો કહે છે,

एवं खलु देवाणुप्पियाणं सूरियाभे विमाणे
सिद्धायतणे अट्ठसयं जिणपडिमा णं
जिणुस्सेह पमाण मेत्ताणं सण्णिक्खित्त चिट्ठइ ॥

હે દેવાનુપ્રિય, આ સૂર્યાભ નામે વિમાનનાં

સિદ્ધાયતનમાં તીર્થંકર ભગવંતોની સમાન ઉંચાઈવાળી ૧૦૮ જિનેશ્વર ભગવાનની શાશ્વતિ પ્રતિમાઓ છે.

ताओ णं देवाणुप्पियाणं अन्नेसिं च बहुणं वेमाणियाणं देवाणं य देवीणं य अच्चणिज्जाओ वंदणिज्जाओ णमंसणिज्जाओ पूयणिज्जाओ पूव्विं सेयं अच्छा सेयं हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्तए भविस्सइ ॥

(આ પાઠો રાયપસેણી સૂત્રમાં આવે છે)

તે પ્રતિમાઓની પૂજા અને અર્ચના એકલા તમારા માટે જ નહીં, પણ વૈમાનિક દેવલોકના દરેક દેવ–દેવીઓ માટે પૂર્વ અને પછી, એટલે ચાલુ વર્તમાન કાળ અને ભાવિ કાળ માટે અત્યંત હિતકારક અને સુખકારક થશે, એટલું જ નહીં આખર મોક્ષને આપનાર થશે. પૂર્વ અને પચ્છા શબ્દથી સમ્યગ્દ્રષ્ટિદેવોની પ્રતિમા પૂજન એ નિત્ય શુભ કરણી કહી છે. જીત આચાર પુરતો જ દેવોને જિન પ્રતિમા સાથેનો સંબંધ હોય છે, તેવી પ્રરૂપણા કરવી તે આવા શાસ્ત્રોના મૌલિક પાઠોને ઉત્થાપવા જેવું છે.

પૂવ્વિંસેયં પચ્છાસેયં હિયાએ સુહાએ

સૂત્રના મૂળ પાઠમાં આવતા આ શબ્દો આપણું ધ્યાન ખેંચે તેવા છે, તેવી શુભ કરણી મનુષ્યો માટે પણ અત્યંત હિતકારક અને સુખકારક હોય છે. કંઇ દેવોનાં અને મનુષ્યોનાં સમકિતમાં અંતર હોતુ નથી. માટે તેવી શુભ કરણી સમ્યગ્દ્રષ્ટિ મનુષ્યોએ પણ અહર્નિશ કરવાની હોય છે.

જ્ઞાતા સૂત્રના અધિકાર મુજબ દ્રૌપદીએ પણ જિન પ્રતિમા પૂજી છે. ત્યાં જિણપડિમાણું એ શબ્દનો અર્થ

ટીકાકાર પૂ. અભયદેવસૂરીજીએ જિન પ્રતિમાં એવો કર્યો છે. કામદેવની પ્રતિમા એવો અર્થ કર્યો નથી. પૂ. અભયદેવ-સૂરીજી મહાન સમર્થ વિદ્વાન એક હજાર વર્ષ પહેલાના નવાંગી ટીકાકાર છે.

આવા સમર્થ મહાન પુરૂષો સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા શા માટે કરે? "જ્ઞાતા સૂત્ર" અને "રાયપસેણી સૂત્ર" ની જેમ "ભગવતી સૂત્ર" "ઠાણાંગ સૂત્ર," "જિવાભિગમ સૂત્ર" વગેરે અનેક સૂત્રોમાં જિન પ્રતિમાં અંગેના સ્પષ્ટ અધિકારો આવે છે. જિન પ્રતિમા એ આજ કાલની વસ્તુ નથી, એ તો અનાદિ કાલથી સિદ્ધ થએલી વસ્તુ છે.

અરિહંત પરમાત્મા જેમ નામ અને ભાવ નિક્ષેપે પૂજનિક છે, તેમ દ્રવ્ય અને સ્થાપના નિક્ષેપે પણ પૂજનિક છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ફરમાવે છે કે,

नामाकृति द्रव्यभावै पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे कालेच सर्वास्मिन्नर्हतः समुपास्महे ॥

નામ–આકૃતિ, દ્રવ્ય અને ભાવ વડે સર્વ ક્ષેત્ર અને સર્વકાળમાં ત્રણે જગતના આત્માઓને પવિત્ર કરનારા અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ. આ ગાથામાં ચારે નિક્ષેપાથી અરિહંત પરમાત્માની સ્તવના કરી છે. જેનો ભાવ નિક્ષેપો સાચો તેના ચારે નિક્ષેપા સાચા હોય છે. પ્રતિમાને જડ કહીએ તો નામ પણ જડ છે. નિરંજન નિરાકારને આકાર ન હોય તો નામ પણ ન હોય! નામ અને રૂપ બન્ને શરીરાશ્રિત છે. છતાં પરમાત્માના નામનું આલંબન લઈ

શકાય તો તેમની પ્રતિમાનું આલંબન લેવામાં પણ કોઈ દોષ નથી! "જિન પ્રતિમા જિન સારખી" એ વચન તદ્દન યુક્તિ યુક્ત છે. કર્મો ખૂબજ પાતળા પડયા પછીજ આ વાત મગજમાં બેસે તેવી છે. પ્રતિમા પૂજનમાં પુષ્પાદિ ચડાવવામાં દોષની કલ્પના કરવી તે પણ વ્યાજબી નથી! જેમાં અલ્પ દોષ અને મહાન લાભ હોય તેવી શુભકરણી શ્રાવક માટે અવશ્ય કરવા યોગ્ય છે. શ્રાવકની વાત તો બાજુ પર રહી, પણ એવા સામાન્ય દોષ તો સાધુપણામાં પણ વિહારાદિમાં લાગી જાય છે વિહારમાં કયારેક નદી પણ ઉતરવી પડે છે છતાં એક જગ્યાએ રહેવામાં જે દોષ છે તે વિચરતા રહેવામાં નથી! માટે લાભાલાભનો વિચાર તો સાધુપણામાં પણ કરવો પડે છે, તો પછી શ્રાવકપણામાં તો, જેમાં મહાન લાભ અને અલ્પ દોષ હોય ત્યાં તે અવશ્ય કરવા યોગ્ય છે. જ્યાં સામાન્ય દોષ હોય ત્યાં જિન આજ્ઞાજ ન હોય તો મુનિઓથી વિહારાદિ કેમ થશે? અને વિહારાદિમાં નદી પણ કેમ ઉતરી શકાશે? પોતાના વડીલ વગેરેને વંદન-નમસ્કારાદિની ક્રિયા પણ કરી શકાશે નહી, ધાર્મિક પુસ્તકો પણ છપાવી શકાશે નહી, કારણ કે, સામાન્ય દોષ તો બધે લાગવાના છે. પછી તો ફક્ત પાદોપગમન સંથારો કરી લેવો પડશે. બીજી કોઈ પણ ધર્મકરણી કરી શકાશે નહીં! માટે જેમ વ્યવહારમાં તમને લાખ રૂપિયા મળતા હોય તો પાંચ હજારની ખોટ તમને ખોટ રૂપે જણાતી નથી. તેમ પ્રતિમા પૂજનથી પણ ચિત્તની પ્રસન્નતા રૂપ અપૂર્વ લાભ મળતો હોય તો થોડીક ખોટ વેઠી લેવામાં જરાએ નુકશાન નથી. બલ્કે એકાંત લાભ છે. સાધુઓ દ્રવ્યના ત્યાગી હોવાથી તેમના

માટે તો ભાવ પૂજાજ વિહીત છે અને તેનું ફળ પણ અનંત છે.

ભગવાને પરિણામે બંધ કહ્યો છે. શ્રાવકના જિન પૂજામાં ભાવ ઘણાજ ઉંચા હોય છે તેવા ભાવમાં શ્રાવક ખૂબ નિર્જરા સાધી લે છે. અને કદાચ બંધ પડે તો ઘણાંજ ઉંચા પુન્યાનુબંધી પુન્યનો બંધ પડે છે જે પુન્ય પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

જિન પૂજામાં જોડાએલાં શ્રાવકની અભ્યંતર શુદ્ધિનો ખ્યાલ કરવામાં ન આવે તો ઉપર ઉપરથી પૂજા સાવદ્ય લાગે પણ અનુબંધે નિરવદ્ય છે જેનું આખરી ફળ મોક્ષ હોય તેજ અનુબંધે નિરવદ્ય કહેવાય. મનમાં મિથ્યાત્વ શલ્ય રાખીને ગમે તેવી જીવદયા પાળતા હોય કે ગમે તેવું દુષ્કર તપ કરતા હોય તે ઉપર-ઉપરથી નિરવદ્ય લાગે, પણ અનુબંધે સાવદ્ય છે, કારણ કે, તે પરિણામે સુંદર નથી. આ રીતે ધર્મના વિષયમાં ખૂબ ઉંડા ઉતરવું પડે છે, અને ઘણીજ સુક્ષ્મ બુદ્ધિથી ધર્મતત્ત્વની વિચારણા કરવી પડે છે.

નિર્યુક્તિ ટીકા ચૂર્ણિ કે ભાષ્યનો આલંબન લીધા વિના મૂળ આગમના રહસ્યો પણ સમજી શકાતા નથી. તેમાં એટલા બધા ઉંડા રહસ્યો છે કે, પૂર્વાચાર્યોની ટીકાનો આધાર લીધા વિના આપણે ફાંફા જ મારવા પડે ! એટલા માટે પૂ. યોગીરાજ આનંદઘનજીને લખવું પડયું કે,

ચૂર્ણી ભાષ્ય સુત્ર નિર્યુક્તિ વૃત્તિ પરંપર અનુભવ રે
સમય પુરૂષના અંગ કહ્યા તે જે છેદે તે દુર્ભવ રે
ષટ દરિષણ જિન અંગ ભણીજે ન્યાય ષડંગ જો સાધે રે
નમિ જિનવરના ચરણ ઉપાસક ષટ દર્શન આરાધે રે

ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ અને ટીકા એ બધા આગમ પુરૂષના અંગ કહ્યા છે. જેને પંચાગી કહેવામાં આવે છે. આ પાંચમાંથી કોઇપણ અંગનું છેદ કરવું તે આગમ પુરુષના અંગનું છેદ કરવા બરાબર છે, અને તેવાને આનંદઘનજીએ દુર્ભવી કહ્યા છે. પોતાના વક્તવ્યોની પુષ્ટિમાં વાતવાતમાં આનંદઘનજીના મંતવ્યોનું ઉલ્લેખ કરનારા દરેકે આ ગાથાનું ખૂબ પરિશીલન કરી લેવાની જરૂર છે. મહાપુરૂષોને ન્યાય આપવો હોય તો તેમના મંતવ્યોનો સર્વાંગીક અભ્યાસ કરી લેવો જોઈએ. પોતાને અનુકૂળ હોય તેટલું લઈ લેવું અને બાકી બધું મૂકી દેવું, એમ કરવાથી મહાપુરૂષોને ન્યાય આપી શકાતુ નથી. પ્રતિમાં પૂજન અંગેના તો મૂળ આગમોમાં પણ સ્પષ્ટ પાઠો આવે છે. તેમાં શાશ્વતી અશાશ્વતી બન્ને પ્રકારનાં અધિકારો આવે છે અને તે બન્ને પ્રકારની પ્રતિમાઓ વંદનીય અને પૂજનીય છે.

શાશ્વતી પ્રતિમાઓ પૂજનિક છે તેમ અશાશ્વતી જિન પ્રતિમાઓ પણ પૂજનિક જ છે. જિનપ્રતિમાની ઉપાસના કરવામાં શાશ્વતી કે અશાશ્વતી તેવો ભેદ પાડવાનો હોતો નથી સુર્યાભદેવ તેવી શુભકરણી વડે દેવલોકમાં રહીને પણ પોતાનુ હિત સાધી લે છે આ આખોએ અધિકાર રાયપસેણી સૂત્રમાં ખૂબજ વિસ્તારથી કહેવાએલો છે. જેની પર આપણે સંક્ષેપથી વિવેચન કર્યું છે. સૌ તેમાંથી સાર ગ્રહણ કરી નિજ આતમ હિત સાધે એજ એક અભિલાષા.

સુ...ખ...ની... શો...ધ...માં



જગતમાં કોઈપણ આત્મા એવો નહીં હોય કે જેને સુખ પ્રિય ન હોય અને દુઃખ પ્રિય હોય. જીવ માત્ર દુઃખનો દ્વેશી છે અને સુખના રાગી છે. આમ છતાં જગતના જીવોમાં અનાદિની મોહાન્ધતા હોવાથી તેમને વસ્તુના ગુણધર્મો સમજાતા નથી અને જગતના જીવો જે જે ચેષ્ટાઓ સુખ માટેની કરે છે તે તે ચેષ્ટાઓથી દુઃખ જ પામે છે. મોહાન્ધતા અનાદિની આપણી એવા પ્રકારની છે કે જે રસ્તે સુખ નથી, તે રસ્તે આપણે સૌએ સુખ માન્યું છે અને ઉંધા માર્ગે આપણે સૌ સુખની શોધ ચલાવી રહ્યા છીએ. સુખની શોધમાં આપણે સૌ નીકળ્યા છીએ પણ જ્ઞાનીએ કહેલાં રસ્તે નીકળ્યા નથી, પણ સ્વબુદ્ધિથી કલ્પેલા રસ્તે નીકળ્યા છીએ. આ રીતે તો યુગનાયુગો સુધી સુખની શોધ ચલાવ્યા કરશું તો પણ સુખ કયાંય મળવાનું નથી, અનાદિનું દુઃખ કાંઇ ટળવાનું નથી.

કારણના યોગે જ કાર્ય થાય છે એ ન્યાયે શાસ્ત્રો કહે છે કે :—

"दुख पापात् सुख धर्मात्"

(મહર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજી)

એટલે કે દુઃખ પાપથી આવે છે અને સુખ ધર્મથી આવે છે. આજે તો જગતના જીવો એકલી આંધળી દોટ જ મૂકી રહ્યા છે, સૌને ધર્મના ફળ જોઈએ છે પણ ધર્મ જોઈતો નથી. પાપનાં ફળ જોઈતા નથી પણ જીંદગીભર પાપનું જ આદર કર્યા કરવું છે. અગ્નિમાં હાથ નાખીને કોઈ શીતળતાની આશા રાખે તો તે મુર્ખ કહેવાય તેમ પાપના રસ્તે કોઈ સુખની આશા રાખે તો તે મહા મુર્ખ જ કહેવાય. વિષવેલ પાસેથી અમરવેલનાં ફળની આશા જ કેમ રખાય ? તેમ પાપના રસ્તે સુખની આશા પણ કેમ રખાય ? માટે દુઃખ ન જોઇતા હોય તો નક્કી કરો કે જીવનમાં પાપ પણ જોઇતા નથી,

પણ આજે તમારી બધાની હાલત એવી છે કે દુઃખથી રાડ નાખો છો પણ પાપમાં હાડ ગાળો છો ! દુઃખની આગાહીથી પણ કંપી ઉઠો છો જ્યારે પાપ કર્મોની નાગાઈ જીવનમાં ચાલુજ રાખો છો. જીવનમાં પાપો તરફ ઘૃણાં લાવશો તો જ દુઃખમાંથી છૂટવાનો વખત આવશે. પાપ કરતાં તો કરાઈ જાય છે પણ ભોગવતા બહુ ભારે પડી જશે. હસતાં હસતાં જે બાંધ્યા હશે તો રોતાં રોતાં છોડવા પડશે અને છતાં પણ છૂટશે નહિ માટે ઉદય કાળમાં પાપ અતિ ભયંકર હોય છે છતાં બંધ કાળમાં ચેતાતું નથી. કારણ

કે એટલી આપણી ભાવિની નબળાઈ છે. આ તો વિષયના લગતી ભૂમિકા તૈયાર થઈ.

મહાપુરૂષોએ સુખી થવાના અનેક ઉપાયો બતાવ્યા છે તેમાંના અમુક મારે તમને સમજાવવાનાં છે. તેમાં પહેલો જ ઉપાય એ છે કે જ્યાં આપણે બેઠા છીએ ત્યાંથી ઉઠવું જોઇએ. એટલે કે મમતામાં બેઠા છીએ ત્યાંથી ઉઠીને સમતામાં આવવું જોઇએ. એ સામર્થ્ય ન હોય તો છેવટે જ્યાં રહ્યા છો ત્યાં અનાસક્ત ભાવે રહેવાવું જોઇએ. આ સંસારના પદાર્થો ઉપરથી–સ્ત્રી, પુત્ર, ધન ઉપરની મમતા ઉઠાવવી જોઇએ. જીવનમાં અનાસક્ત ભાવે રહેશો તો કયારેક સુખના દર્શન થશે. જેટલે અંશે સંસારમાં વધુ લેપાઇને રહેવાના તેટલે અંશે વધુ દુઃખી થવાના. હિમાલયના પ્રદેશમાં ચમરી નામની ગાય થાય છે, તેની દોડ હરણા જેવીજ હોય છે. કોઇવાર વાઘ કે વરૂ તેની પાછળ પડે– તો તે પવન વેગે દોડી શકે છે પણ તેને તેનું પુંછડું બહુ પ્રિય હોય છે, તેથી તે જો કયાંય ઝાડી–ઝાંખરામાં ભરાઈ જાય તો તે ત્યાંની ત્યાંજ થંભી જાય છે. જો તે દોડે તો કોઇના હાથમાં ન આવે પણ દોડેજ નહિ અને અંતે વાઘ કે વરૂ ફાડી ખાય, પણ તે પુંછના મોહમાં પોતાના પ્રાણ પણ જતા કરે છે અને તેને પુંછ ઉપર એટલો બધો પ્રેમ હોય છે કે જેટલો આજે તમને મૂંછ ઉપર પણ નથી. આ રીતે મમત્વ આપણને પણ મારી નાખે છે. આમાં તો હું મમત્વ છોડવાની વાત કરૂં છું કાંઇ હજુ ઘરબાર છોડવાની વાત કરતો નથી. પણ એટલું તો નક્કી કરજો કે ત્યાગ

વિના સિદ્ધિ મળવાની નથી. જીવનમાં મમત્વનું ત્યાગ કરશો તો તમારૂં મૃત્યુ પણ શાંતિદાયક થશે.

યોગી ભતૃહરીના શબ્દોમાં કહીએ તો :-

" पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्त भूतं जगत् "

મોહમદીરાનું પાન કરીને આખું જગત ઉન્મત્ત બન્યુ છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના શબ્દોમાં કહીએ તો અહં અને મમ ના રટણમાં આખું જગત અંધ બન્યું છે. આસક્તભાવ-મમત્વભાવ એ હલાહલ ઝેર છે. મમત્વનું ઝેર જ આત્માને અનંત કાળથી મારી રહ્યું છે. સર્પ તેટલો ભયંકર નથી જેટલું તેની અંદરનું ઝેર ભયંકર છે. મદારી લોકો તેમાંથી ઝેર કાઢીને તેને છૂટથી રમાડી શકે છે તેમ આસક્તિ એ ઝેરની કોથળી છે. તેને કાઢીને તમો પણ સંસારને છૂટથી રમાડી શકો છો. સંસાર તેટલો ભયંકર નથી જેટલું આસક્તિનું ઝેર ભયંકર છે, એ ઝેરને જો કાઢી લ્યો તો પછી કદાચ સંસારમાં કર્મ સંયોગે રહેવું પડશે તો પણ એ સંસાર તમને નડી શકશે નહીં. જે વસ્તુ તમારી નથી તેની ઉપરનું મમત્વ તે જ બધા પાપોની જડ છે, અને તેના આધારે જ આ પાપનું થડ છે. મમત્વ ભાવે જ આ સંસારમાં અનાદિથી આપણે ભૂલ કરી રહ્યા છીએ. પરને પોતાનું માન્યુ તે જ આ જીવની અનાદીની ભયંકર ભૂલ છે, અને એ ભૂલમાં જ પાપનું મૂળ છે.

જે પર વસ્તુઓને આપણે પોતાની માની તે તો અંતે ચલાયમાન છે યોગી ભતૃહરીના શબ્દોમાં કહીએ તો

" चला लक्ष्मी श्चलाः प्राणाः "

અંતે બધુ ચલાયમાન છે. નિશ્ચલ અને અવિચળ એક ધર્મ જ છે કે જેની આજે આપણને મોટા ભાગે પડી જ નથી. બાકી તો સંસારમાં જીવની માફક જે વસ્તુને સાચવી હશે તે પણ અંતે તો જવાની જ છે. અરે! બચ્ચાઓને તમે જીવની માફક સાચવતા હો છો છતાં કાળનો ઝપાટો ઓચિંતો એવો આવે છે કે જોતજોતામાં ખોળામાં ગેલ કરતાં બચ્ચાને ઝડપી લે છે. લક્ષ્મીને પણ તમો પ્રાણની માફક સાચવતા હો છો, એક લોબાનનો ધુપ નથી દેતાં એટલું જ બાકી રાખો છો! (સભામાંથી–ધનતેરસે તે પણ દઈએ છીએ) પણ એ દીવસે તો પૂજાએ કરતાં હશોને? ખરેખર, આજે દેવીઓએ તમારી ઉપર ભારે કામણ કર્યું છે હો? લક્ષ્મી દેવીએ તો કામણ કર્યું જ છે તેમ આ દેવીએ પણ ક્યાં ઓછું કામણ કર્યું છે? (સભામાંથી–હવે ત્રીજા મહાદેવીનું રહેવા દેજો) બહુ ઉતાવળા થયા. હું આગળ વધવાનો જ નહોતો. છતા તમે સૌ સાનમાં સમજી ગયા એ ઠીક થયું. તાનમાં આવીને ઘણાં એમ બોલતા હોય છે કે, લક્ષ્મી એ તો હાથનો મેલ છે. પણ એની મમતા છોડવી એ કાંઇ બચ્ચાના ખેલ નથી. તે તો આ તત્વ સમજી જાય તે જ છોડી શકે છે. છતા એટલી વાત તો નક્કી સમજજો કે તમે એને ધૂપ દો કે એની પછવાડે ભેખ લો પણ એ કોઇ કાળે રાખી રહેવાની નથી, અને તેમાંથી એક રાતી પાઈ પણ સાથે આવવાની નથી હા! વખતે છોકરા પછવાડેથી મનીઓર્ડર કરે તો કંઇ કહી શકાય નહિ! કહો કરે એમ છે? (સભામાંથી–કોઇ કરે એમ નથી અને કદાચ કોઈ કરે તોય ક્યાં પહોંચે એમ છે.)

કહો આ તે કેવી જબરી નિકાસબંધી કહેવાય. બાકી તમો ધારો તો સદુપયોગ દ્વારા તેનો નિકાસ કરી શકો.

અંતે બધું જ ચલાયમાન છે એમ જો વિચારીએ તો કેમ આસકિત ન છુટે ! અને દીવા જેવી વાત છે કે સાથે કાંઈ લાવ્યા નથી અને કાંઈ લઈ જવાના નથી. આ તો બધી વચગાળાની સરકાર છે, અને તેના ઉપરની જે વાસના એમાં જ આત્માનો શિકાર છે. જો ખરૂં વિચારીએ તો એક પરમાણું પણ તમારૂં નથી એટલે કે એક પરમાણુંનાં પણ તમે માલિક નથી. નાહક ખોટી ઉપાધી કરી રહ્યા છો માટે પહેલો મુદ્દો એ નક્કી થયો કે અનાસકત ભાવમાં જ સાચી શાંતિ અને સાચું સુખ રહેલું છે.

બીજા ઉપાયમાં સંતોષ આવે છે. સંતોષ એ મનુષ્યોના જીવનનું પરમ નિધાન છે. આચાર્ય ભગવાન હેમચંદ્રાચાર્યજી યોગશાસ્ત્રમાં ફરમાવે છે કે :–

"सन्निधौ निधयस्तस्य कामगव्यानुगामिनी
अमराः किङ्करायन्ते सन्तोषो यस्य भूषणम् ॥"

સંતોષ એજ જેમના જીવનનું આભૂષણ છે તેમના જીવનમાં નવનિધિ અષ્ટમહાસિદ્ધિ તો તેમની પાસે જ છે. કામધેનુ તેમની પાછળ ફરે છે, અને દેવતાઓ તો તેમનાં કિંકરો થઈને રહે છે. આથી અધિક સંતોષનું મહાતમ્ય શાસ્ત્રો કયા શબ્દોમાં લખે ! આજે સંતોષ અને શાંતિ જો કોઇના પણ નસીબમાં હોય તો તે માત્ર યોગી પુરૂષોના જ નસીબમાં છે. તમારા સંસારીઓનાં નસીબમાં ભલે પૈસા હશે, આગબગીચા હશે, પણ સંતોષ અને સાચી શાંતિ આજે તમારા નસીબમા નથી, કારણ કે તમને આજે એકલો લાવ અને લઉંનો હડકવા લાગ્યો છે, આમાં સંતોષ

અને શાંતિ નસીબમાં ક્યાંથી હોય ? લોભવૃત્તિ જ્યારે જાય ત્યારે જ જીવનમાં શાંતિ અને સંતોષ આવે છે. આજે તો તમને જેમ લાભ થાય તેમ લોભ વધતો જાય છે, પરિશ્રમ કરતાં થોડું મળી જાય અને તેમાં તૃપ્તી રાખે અને અધિકની આશા ન રાખે તેનું નામ સંતોષ કહેવાય. આજે એ રીતનો સંતોષ માણસોમાં છેજ નહીં. આજે સંતોષ માણસોમાં હશે પણ તે તેની કલ્પના પ્રમાણેનો હશે. જેમકે ઘણાં પૈસા થઈ ગયા હોય પછી ઉપર ઉપરથી કહે ! "હવે આપણે શીદ ઉપાધી કરવી જોઈએ ? છોકરાઓ એનું કર્યા કરે છે.' અને પાછા ડોકરા એ લાગ આવે તો કૂદી જ પડે આ રીતનો સંતોષ એ સંતોષના ઘરનો સંતોષ નથી પણ મોહના ઘરનો છે. બાકી ખરૂં પૂછો તો આજે કયાંય સંતોષ દેખાતો જ નથી. જો કે દુકાનની દિવાલોમાં ઘણાં લખે છે કે "સંતોષી નર સદા સુખી" પણ પાછા પડખેજ લખે છે કે "લાભ સવાયા" અને સવાયા કરતાંયે સંતોષ કયાં છે ? કરે બમણાં અને તમણાં. ખરી રીતે તો એ વાકય હૃદયની દિવાલ પર લખાવું જોઈએ. (સભામાંથી-તો તો દુઃખી જ શેના થઈએ ?) તો હવે જાગ્યા ત્યારથી સવાર, હવે વાર નહિ લગાડતા. જે માણસ સંસારને અસાર ગણીને દ્રષ્ટિને અંતરમાં વાળી લે છે તેજ ખરો સંતોષી છે. કહો એવા સંતોષી આજે કેટલાં છે ! યોગી ભતૃહરીએ ભિખારીની વ્યાખ્યા આપી છે. તેઓ કહે છે કે :—

"स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला"

ભિખારી અને દરિદ્રિ તે જ છે કે જેની તૃષ્ણા વિશાળ છે. આ વસ્તુ વિચારતાં તો આજના શ્રીમંતોની દશા ભિખારી

કરતાં યે કરૂણ લાગે. સંતોષી માણસ પરિશ્રમથી મેળવેલો પરસેવાનો ભલે છાશને રોટલો ખાતો હોય, છતાં તેને જે સુખ છે તે સુખ દેવતાઓને પણ નહિં હોય. તો કહેવાતા માંધાતાઓને તો કયાંથી હોય ? પછી હિટલર હોય કે મુસોલીની હોય. ભલભલા ભુંડા હાલે મર્યા છે કે જેના આજે નામનિશાન પણ રહ્યા નથી. જગતના જીવોમાં પરિગ્રહની અને ભોગની ભૂખ જગાડનારો સાચો ઉપકારી નથી પણ એ બન્નેની તુચ્છતા સમજાવીને એ ભૂખને ભગાડનારો અને સંતોષને રસ્તે ચડાવનારો જ સાચો ઉપકારી છે. જગતના જીવોને આજે હિંસા, ચોરી વગેરે બધા પાપો સમજાવવા સહેલા છે પણ ભોગ અને પરિગ્રહ એટલે કે જાજા પૈસા ભેગા કરવા અને ભોગ ભોગવવા એ પણ પાપ છે એ સમજાવવું ઘણું જ કઠણ છે અને ખરી રીતે તો બધાં પાપોને આ બે પાપો જ પુષ્ટ કરનારા છે.

દ્રષ્ટાંત :– એક યોગી હતા. એમની પાસે ભક્તોએ આપેલી થોડી મૂડી ભેગી થયેલી. અમુક ટાઈમે એમને ઈચ્છા થઇ કે આ મૂડી મારે કોઈક ભિખારી માણસને આપી દેવી છે તે ભિખારીની શોધમાં નીકળ્યા. એજ ટાઈમે એક રાજા બીજા રાજા ઉપર ચઢાઈ કરવા જતો હતો ત્યાં કોઈએ પેલા યોગી પુરૂષને કહ્યું કે આ રાજાની પાસે ઘણુ દેશ હોવા છતાં બીજા રાજા ઉપર ચઢાઈ કરવા જાય છે. આ સાંભળતા યોગી પુરુષને થયું કે હું જે ભિખારીની શોધમાં નીકળેલો તે મને રસ્તામાં સહજમાંજ મળી ગયો. યોગી રાજાને કહે છે કે તારા ગજરાજને જરા ઉભો રાખ. રાજાએ ગજરાજને ઉભો રાખ્યો. ત્યાં યોગી પેલી મૂડી રાજાની સામે

ધરે છે. રાજા કહે છે કે મારે આની શી જરૂર છે ? કોઇક ભિખારીને આપી દેજો. ત્યાં યોગી કહે છે કે મારે આ મૂડી નાના ભિખારીને નથી આપવી પણ, મોટા ભિખારીને આપવી છે, અને તું તેમાનો છો, એટલે મેં આ મૂડી તારી સામે ધરી છે. આટલું વિશાળ રાજ્ય હોવા છતાં તૃષ્ણા હજુ તારાથી છૂટતી નથી માટે ભિખારી તો ભિખારી હોય પણ તું તો મહાભિખારી છો. આ સાંભળતા રાજાની આંખ ઉઘડી ગઈ અને રાજા ત્યાંથી પાછો ફરે છે. તમારે કોઇ દિવસ પાછા ફરવું છે ? કે પછી આશા અને તૃષ્ણામાંજ રહીને મરવું છે. તો તો પરલોક નહિ સુધરે અને આ લોકમાંયે સુખ કે શાંતિ નહિ મળે.

લોભ અને સંતોષ એ તો પ્રતિપક્ષી છે. શરૂઆતમાં નિર્ધનને થાય કે સોએક રૂપિયા મળી જાય તો ઠીક. એટલા મળી જાય ત્યાં એમ થાય કે એની ઉપર એકાદ મીંડુ ચડી જાય તો ઠીક. પછી મીંડા ઉપર મીંડા ચડતાજ જાય અને અંતે જીવનમાં મોટા મીંડાજ મુકાઈ જાય છે. જેમ સાગરને કિનારો ન હોય તેમ લોભ સમુદ્રને પણ કિનારો હોતો નથી. શરૂઆતમાં તો લોભ ગાગરરૂપે હોય છે પણ પછી અંતે મહાસાગર રૂપે થઈ જાય છે. પછી એનો કિનારો કયાં દેખાય ? એક સુભાષિતમાં આવે છે કે :–

સ્નેહ મૂલાનિ દુઃખાનિ રસ મૂલાનિ વ્યાધયઃ ।
લોભ મૂલાનિ પાપાનિ ત્રીણિ ત્યક્ત્વા સુખી ભવ ॥

કહેવતમાં પણ તમે કહેતા હો છો કે, સ્નેહ એટલું જ દુઃખ અને દુઃખનું મૂળ પણ સ્નેહ છે. વધારે પડતું ખાવુ

એ વ્યાધીનું મૂળ છે. જ્યારે લોભ એ બધાં પાપોનું મૂળ છે. જ્યારે સંતોષ એ બધા સુખોનું મૂળ છે.

આજે મામસો કહે છે કે શું કરીએ–પેટ માટે પાપ કરવા પડે છે. પણ પેટ તે માંગી માંગીને કેટલું માંગે ? (સભામાંથી–પાશેર માંગે) અરે શરીર બહુ શક્તિશાળી હોય તો વધુમાં વધુ પોણોશેર માંગે ! એથી તો વધારે નહિ માંગે ને ? ત્યારે કહો મન કેટલું માગે છે. આખા ભારતનું રાજ્ય મળે તોયે મનની ભૂખ ન ભાંગે. તરતજ ચીન ઉપર ચડાઈ કરવાની ઈચ્છા થાય આ રીતે આશા અને તૃષ્ણાનો કોઇ અંત જ નથી, માટે સાચુ સુખ જ સંતોષમાં છે.

ત્રીજો રસ્તો એ છે કે દરેકના જીવનમાંથી ગુણ લેતાં શીખવું જોઈએ. દોષદ્રષ્ટિ ન જોઇએ, "દરેકમાંથી સારૂં મેળવવું તેનું નામ ગુણદ્રષ્ટિ છે" તમે કહેશો કે આમાં કયાં સુખનો રસ્તો છે પણ ખરો ઘોરી રસ્તો જ આ છે આજે બીજાના સુખે દુઃખી થનારા જગતમાં ઓછા નથી. એવા માણસોનો તો આજે રાફડો ફાટી નીકળ્યો છે એમ કહીએ તો પણ ચાલે, અરે, બીજાના સુખ જોઈને એવા બળે એવા બળે કે જતે દહાડે ટી. બી. લાગુ પડે. આજે બીજાના સારા મકાન અને વૈભવ જોતાં પણ ઘણાંને ઇર્ષ્યા થાય છે. એટલા માટે તો ઘણાં મુત્સદ્દી માણસો પોતાની પાસે મૂડી હોવા છતાં ગામડાં ગામમાં રહેતા હોય તો સારા મકાન પણ ચણાવતા નથી, એને એમ થાય છે કે કયાં લોકોની આંખે ચડવું, બીજાના સુખ જોતાં આપણાં મનમાં પ્રમોદ થવો જોઇએ, દરેકના જીવનની આબાદી જોઈને હરખાવું જોઇએ. અને તેમાંજ આપણી પણ આબાદી છે, નહિ તો બરબાદી તો છે જ.

એક રમુજી દ્રષ્ટાન્ત.

ગુજરાતીમાં કહેવત છે કે " ખાડો ખોદે તે પડે " એક ઘરમાં સાસુ વહુ હતા. તેમા અમુક દિવસતો ઠીક ચાલ્યું. ધીમે ધીમે વહુને સાસુ ઉપર ઈર્ષા થવા લાગી, અને ઈર્ષ્યા એ તો સ્ત્રી સ્વભાવને વરેલીજ હોય છે. આજે તો પુરૂષ સ્વભાવને પણ વરી ચુકી છે. વહુને સાસુ માટે મનમાં કંઈને કંઇ બળતરા થયાજ કરે છે. તેણે મનમાં નક્કી કર્યું કે એક દિવસ મારે આ સાસુની ફજેતી કરવી છે. એક દિવસે સાક્ષાત્ રણચંડીની જેમ વાળ ખુલ્લા કરીને જમીન ઉપર ઢળી પડી. ધણી ઘેર આવીને જુએ છે તો જોતાંજ વિચારમાં પડી જાય છે. અને પુછે છે કે પણ તને થયું શું ? ત્યાં એના શરીરમાંથી જાણે કોઇ બીજી જ વ્યક્તિ બોલે છે કે, આ મારી બહેનપણી હતી અને એને હું વળગી છું. ત્યાં ધણીને નક્કી થયું કે વળગાડ લાગે છે, પછી તો ભુવા ધુણાવ્યા, દોરા કરાવ્યા, ધાગા કરાવ્યા પણ કોઈ રીતે વળગાડ નીકળે નહિં. પછી તો ભુવાએ જોરમાં આવીને પુછ્યું કે તું એનો છેડો મૂકે છે કે નહિં ? ત્યારે કહે છે કે, " એક શરતે મૂકવા તૈયાર છું અને તે એ કે મારા સાસુ કાળુ મોઢુ કરી માથું મુંડાવી અને ગધેડે બેસી જો દર્શન આપે તો છેડો મુકવા તૈયાર છું. " ત્યાં ભાયડો સમજી ગયો કે આતો ઢોંગ છે. માને કહે છે કે તું હમણાં પિયર ભેગી થઈ જા અને પોતે સીધો ત્યાંથી પોતાની સાસુ પાસે આવ્યો. કુદરતીજ એવું હતું કે બન્ને વેવાણોના રૂપરંગ સરખા હતાં. ઓચિંતા જમાઇને ઘેર આવેલા જોઈને સાસુ તો હેબતાઇ ગયા

અને કહે છે કે આટલા બધાં બેબાકળાં કેમ છો ? ત્યાં જમાઇ કહે છે કે તમારી દીકરીનો જાન જોખમમાં છે. અરે પણ થયું શું? "શું થયું શું ! વળગાડ વળગ્યો છે. બધા ઉપાય કરી જોયા છેલ્લો એક ઉપાય બાકી છે તે એ કે તમે માથું મુંડાવી કાળું મોઢું કરી, ગધેડે બેસી દર્શન આપો તો એ વળગાડ જાય એમ છે. કારણ કે છેલ્લી એની તમારા એ સ્વરૂપે દર્શન કરવાની ઈચ્છા છે. "અરે એમાં શું, એકવાર નહિં સત્તરવાર દર્શન આપું, અંતે વિધિ પ્રમાણે માજીનુ માથું મુંડાવી, મોઢુ કાળું કરાવી અને ગધેડા ઉપર બેસાડીને વાજતે ગાજતે પોતાને ઘેર લાવે છે. માજી આવ્યાના સમાચાર સાંભળતાં જ વહુને તો હરખનો પારજ ન રહ્યો. અંતે માજી દર્શન આપવા ઘરમાં આવ્યા ત્યારે પણ એ શાંત ન રહી. હજી આટલું કર્યા પછીએ જો શાંત રહી ગઇ હોત તો બાંધી મૂઠી લાખની રહી જાત. પણ શંખણીની જાત તે કાંઈ સખણી રહે ? એણે તો કરી ગર્જના.

देख रंडीका चाला शीर मुंडा मुह काला ॥

ત્યાં એનો ધણી બાજુમાં જ ઉભો હતો. પછી તો એય તે ઝાલ્યો રહે ! એ પણ જુવાન જોધ ભાયડો હતો. તેણે પણ કરી સીંહ ગર્જના કે :–

देख बंदेकी फेरी मा तेरीके मेरी ।

સામે જરા જો તો ખરી, મા તારી છે કે મારી ? ખરેખર આ કાળનો ભાયડો હોત તો તો કોણ જાણે કોને ઉપાડી લાવત ! જ્યાં બાઈને ખબર પડી કે આતો મારી માં છે, એટલે લોંય ખોતરવા લાગી, બીજાનું કાળું કરવા ગઇ ત્યાં

પોતાનું કાળું થયું. આજે પરસ્પરના સબંધોમાં મીઠાશજ રહી નથી. પ્રજા અને સરકાર વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યા છે. પિતા પુત્ર વચ્ચે પણ ઘર્ષણ છે. મીલમાલીક અને મજુરો વચ્ચે પણ એમજ છે. ભાગ્ય જોગે અમારી અને તમારી વચ્ચેના સંબંધો કઈક સારા રહ્યાં છે. તેય જો વ્યાખ્યાન પછી થાળી ફેરવતો હોઉ તો કયાં સુધી સારાં રહે ! (સભામાંથી– આવતી કાલે કોઈ વ્યાખ્યાનમાં ન આવે) તમે તારે સુખેથી આવજો એ ધંધો અમારો નથી. એક ન છૂટકે અમારે ભિક્ષાની ઝોળી ફેરવવી પડે છે, બાકી કાંઈ અમારે ફેરવવું પડતું નથી. જ્યાં સ્વાર્થ હોય ત્યાં સંબંધોમાં મીઠાશ હોતી જ નથી. આજે કોઈ કોઈનું સારૂ જોઇ શકતા નથી, આ એક આ જમાનાનો મોટામાં મોટો રોગ છે, બીજાને સુખી જોતાં આપણી દ્રષ્ટિમાંથી અમી વર્ષા થવી જોઇએ, એને બદલે આજે આંખોમાં ઝેર આવે છે. પણ એ ઝેર તો ઝામરના પાણી કરતાયે ભયંકર છે. આજે જ્યાં ત્યાં આંખોમાં ઝેર અને હૈયામાં વેર છે, અને એમાંજ જ્યાં ત્યાં કાળો કેર છે. કયાંય શાંતિ નથી—સુખ નથી.

આ રીતે જ્ઞાની પુરૂષોએ કહેલાં રસ્તે આપણે સૌ કોઈ જો સુખની શોધમાં નીકળશું તો અવશ્યમેવ સુખની પ્રાપ્તિ થશે. અને અનાદિકાળના દુઃખોની મુક્તિ થશે, સૌ એ રસ્તે ચાલી સુખ પામો એજ એક મહેચ્છા.



દ્રષ્ટા કોણ ?

(પૂર્વાર્ધ)

દ્રષ્ટા કોણ ? એ આજના જાહેર વ્યાખ્યાનનો વિષય છે, દ્રષ્ટા આત્મ પોતે છે. આત્મા જ્ઞાતા ને દ્રષ્ટા છે. કારણ કે, જ્ઞાન અને દર્શન તે જીવનો સ્વભાવ છે. અજ્ઞાન દશાને લીધે આત્મા યથાસ્થિત સ્વરૂપમાં આપણને ભાસતો નથી. એટલે આત્માને આપણે જાણે રાગી ને દ્વેષી માની લીધો છે, પણ તત્ત્વ દ્રષ્ટિએ આત્મા તેવો નથી. તત્ત્વ દ્રષ્ટિએ આત્મા–જ્ઞાન ને દર્શન સ્વભાવિ છે.

જીવ અને પુદ્ગલના લક્ષણો

અનાદિનાં દેહાધ્યાસને લીધે અજ્ઞાનીએ આત્મા દેહ સમાન ભાસે છે. દેહ તરફનો જે મમત્વ અથવા દેહ તરફનો જે અત્યંત રાગ તેને દેહાધ્યાસ કહેવામાં આવે છે. દેહાધ્યાસ છૂટે તો જીવ કર્મનો કર્તાજ રહેતો નથી. કર્તા ન રહે તો

ભોક્તા શેનો રહે ? બસ આ જ તત્ત્વજ્ઞાનનો મર્મ છે. આ મર્મને જેઓ નથી સમજ્યા તેઓજ કર્મનાં કર્તા અને ભોક્તા બને છે. એટલે સાચી સમજણનાં અભાવે અજ્ઞાની શરીરને જાણે આત્મા માની લે છે. છતાં જ્ઞાનીની દ્રષ્ટિમાં શરીર અને આત્મા બન્ને ભિન્ન છે, કારણ કે પ્રગટપણે બન્નેના લક્ષણ જુદા છે. શરીર એ પુદ્ગલ રૂપ હોવાથી પુદ્ગલનું લક્ષણ વર્ણ, ગંધ રસ અને સ્પર્શ છે અથવા સડન, પડન અને વિધ્વંસન એ શરીરનું લક્ષણ છે. સડન એટલે કેન્સર જેવો દર્દ લાગુ પડી જતાં શરીર સડવા માંડે અને જતે દહાડે સડી જાય. પડન એટલે ઉપરથી નીચે પડે ને મૃત્યુને પામે, વિધ્વંસન્ એટલે અંતે વિનાશને પામે. આ શરીરનું લક્ષણ છે. જ્યારે આત્મા ઉપયોગના લક્ષણવાળો છે ઉપયોગ–જ્ઞાન અને દર્શન સ્વરૂપ હોવાથી જ્ઞાતાને દ્રષ્ટા જીવનું લક્ષણ છે. લક્ષણના જ્ઞાનના અભાવે શરીરને જ આત્મા માની લેવો એ તો ઘોર અજ્ઞાન છે જ્ઞાતા ને દ્રષ્ટા એ જીવનું લક્ષણ છે તે જીવમાંજ ઘટે છે.

લક્ષણના ત્રણ મુખ્ય દોષો

ધર્માસ્તિકાયાદિ અન્ય કોઈ પણ અજીવ દ્રવ્યમાં એ લક્ષણ ઘટી શકશે નહીં, તેમ પુદ્ગલાદિ અજીવ દ્રવ્યોનાં મુખ્ય વિશેષ લક્ષણો જીવમાં ઘટી નહીં શકે. એક દ્રવ્યનુ લક્ષણ બીજા દ્રવ્યમાં જાય એ તો અતિવ્યાપ્તિ દોષ કહેવાય જેમ શીંગડા જેને હોય તે ગાય કહેવાય. એવું જો ગાયનું લક્ષણ બાંધવામાં આવે તો શીંગડા તો ભેંસને પણ હોય છે, માટે એ અતિવ્યાપ્તિ દોષ કહેવાય. કાળા વર્ણ–વાળી હોય તે જ

ગાય કહેવાય તો ગાય તો સફેદ રંગવાળી પણ હોય છે, માટે તે અવ્યાપ્તિ દોષ કહેવાય. ગાયને એક ખરીવાળી કહેવી તે અસંભવ દોષ થયો કહેવાય. કારણ કે, ગાયને પગમાં બે ખરી હોય છે. આ ત્રણે દોષથી રહિત હોય તે જ લક્ષણ કહી શકાય. જેમ સાસ્ના (ગળાંની ગોદડી) એ ગાયનું લક્ષણ છે. એ લક્ષણ પ્રત્યેક ગાયમાં ઘટી શકે છે, અને ભેંસ વિગેરે બીજા કોઈ પણ જાનવરનાં ગળામા ગોદડીનો અભાવ હોવાથી એ લક્ષણ તેમને લાગુ પડતું નથી.

સંવેદનશીલતા એ જીવનું લક્ષણ

તેવીજ રીતે જ્ઞાતાને દ્રષ્ટાએ જીવનું લક્ષણ ઉપરોક્ત ત્રણે દોષોથી રહિત છે. પ્રત્યેક જીવમાં એ લક્ષણ ઘટી શકે છે. અન્ય કોઈ દ્રવ્યમાં એ લક્ષણ ઘટી શકતું નથી. ષટ્ દ્રવ્યમાં જીવ સિવાયનાં બાકીના પાંચે દ્રવ્યો જડ છે. જડમાં જ્ઞાતાને દ્રષ્ટાભાવ હોઈ શકે નહીં. માટેજ ફરમાવવામાં આવ્યું છે કે,

"જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવ સ્વરૂપ"

જે આપણી દ્રષ્ટિ છે એ તો દ્રષ્ટિજ છે. જ્યારે આત્મા એ દ્રષ્ટિનો પણ દ્રષ્ટા છે. આત્મા દ્રષ્ટા હોવાની સાથે બધા ભાવોને જાણનારો પણ છે. આત્મા શરીર નથી, આત્મા ઈન્દ્રિય સ્વરૂપ નથી, આત્મા વાણી સ્વરૂપ નથી, મન પણ આત્મા નથી. આ પ્રમાણે દરેક વસ્તુનો બાધ કરતાં કરતાં જે અબાધ્ય રહે છે, એટલે જેનો કોઇ પણ સંયોગોમાં

બાધ કરી શકાતો નથી, એવો જે સ્વાનુભવ છે અથવા અંદરનું જે સંવેદન છે તેજ જીવનું સ્વરૂપ છે. સંવેદન શીલતા પ્રત્યેક જીવમાં હોય છે. હું સુખી, હું દુઃખી એવી પ્રતિતિ આત્મા સિવાય કોઇને કયારે પણ થઇ શકતી નથી.

ઇન્દ્રિયોથી પણ આત્માની ભિન્નતા

પાંચે ઇન્દ્રિયોમાંથી પ્રત્યેકને પોતપોતાનાં વિષયનું જ્ઞાન હોય છે. ચક્ષુ ઇન્દ્રિયને રૂપનું જ્ઞાન હોય છે તો ઘ્રાણેન્દ્રિયને ગંધનું જ્ઞાન હોય છે, પણ રૂપનું જ્ઞાન ઘ્રાણેન્દ્રિયને હોતું નથી તેમ ચક્ષુ ઇન્દ્રિયને ગંધનું જ્ઞાન હોતું નથી. તેવી રીતે પ્રત્યેક ઇન્દ્રિયો માટે સમજી લેવાનું છે જ્યારે આત્માને પાંચે ઇન્દ્રિયોનાં વિષયનું જ્ઞાન હોય છે. માટે ઇન્દ્રિયો એ ઇન્દ્રિય છે. જ્યારે આત્મા તેનાથી પણ ભિન્ન હોવાથી અતિન્દ્રિય છે.

ઘરના ઝરૂખામાં બેસીને રસ્તા પરનાં ભિન્ન ભિન્ન પ્રકારનાં દ્રષ્યો જોનારાં મનુષ્યની કયારેક અશુભનાં ઉદયે આંખ ચાલી પણ જાય છતાં તેણે જે રસ્તા પરનાં દ્રષ્યો નિહાળ્યાં હોય છે તે આંખની ગેરહાજરીમાં પણ સ્મૃતિપટમાં આવ્યા કરતા હોય છે. તેનું કારણ એજ હોઈ શકે કે, દ્રષ્યોને નિહાળનારી દ્રષ્ટિ ભલે નથી પણ દ્રષ્ટિથી નિહાળેલાં દ્રષ્યોને મગજમાં ધારી રાખનારો દ્રષ્ટા આત્મા હજી દેહાલયમાં બિરાજેલો છે. વર્ષો પૂર્વેની વાતોપણ માનવીને સ્મૃતિપટમાં જે આવી જાય છે તે આત્માની જ્ઞાન શક્તિનેજ આભારી છે. અનંત શકિતનો ધણી જે આત્મા કહેવાય છે

તે તદ્દન યથાતથ્ય વાત છે. જીવનમાં આજે જે કંગાલિયત આવી ગઈ છે અને વાતવાતમાં જે જીવનમાં હતાશા આવી જાય છે તેનુ મુખ્ય કારણ એજ છે કે પોતાની અનંત શકિતનું જ પોતાને–ભાન નથી.

મિથ્યાત્ત્વ મોહનીયના ક્ષયોપશમ પૂર્વકનું જ્ઞાનાવરણીયનું ક્ષયોપશમ સોનામાં સુગંધરૂપ

પાંચે ઈન્દ્રિયોનાં વિષયોનું જ્ઞાન એક આત્માને હોય છે. જ્ઞાન એ આત્માનોજ સ્વભાવ છે. કેવલજ્ઞાનની પૂર્ણ ભૂમિકાએ અથવા અવધિ, મનઃપર્યવ, જ્ઞાન વગેરે અતિન્દ્રિય જ્ઞાનની ભૂમિકાએ આત્મા ન પહોંચ્યો હોય ત્યાં સુધી વચગાળાની આત્માની અપૂર્ણ અવસ્થામાં ઈન્દ્રિયો અને મન આત્માને જ્ઞાન પ્રાપ્તિમાં મદદરૂપ જરૂર હોય છે પણ એટલાથી જ્ઞાન અને દર્શન એ મન કે ઈન્દ્રિયોનું સ્વરૂપ નથી. જ્ઞાન–દર્શન સ્વરૂપી તો આત્માજ છે. ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામિ પ્રભુ મહાવીરને પ્રશ્ન કરે છે કે,

આયા ભંતે નાણે અન્નાણે

આત્મા જ્ઞાન સ્વરૂપ છે કે અજ્ઞાન સ્વરૂપ છે ? ભગવાન પ્રત્યુત્તરમાં ફરમાવે છે કે,

ગોયમા આયા સિય નાણે સિય અન્નાણે

ગૌતમ ! આત્મા કયારેક જ્ઞાન સ્વરૂપ છે અને કયારેક અજ્ઞાન સ્વરૂપ છે.

"नाणे पुण नियमा आया"

પરંતુ ગૌતમ ! જ્ઞાન તો નિશ્ચિત આત્મ સ્વરૂપ છે. જ્ઞાનાવરણીય કર્મનાં ઉદયે કયારેક આત્મા અજ્ઞાન સ્વરૂપ બની જાય એ ભલે. પણ જ્ઞાન તો આત્મા સ્વરૂપ છે. પોતાનાં જ્ઞાન ગુણનું વિપરીત પરિણમન એજ અજ્ઞાન છે. મિથ્યાત્વનાં તિવ્ર ઉદયે જીવ પોતેજ જ્યાં અવળો પડયો હોય ત્યાં તેના ગુણોનું કયાંથી સમ્યક્ પરિણમન થવાનું છે ? મિથ્યાત્વ મોહનીય કર્મનું ક્ષયોપશમ કે ઉપશમ થયા પછી જ જીવનાં જ્ઞાન દર્શનાદિ ગુણોનું પરિણમન સમ્યક્ થાય છે. મિથ્યાત્વના તિવ્ર ઉદયે તો પોત્તાના જ જ્ઞાનાદિ ગુણથી જીવને લાભ થવાને બદલે મોટો ગેરલાભ થઈ જાય છે. મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપક્ષમ વિના જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કોઈ કામનું નથી જ્ઞાનાવરણીય કર્મનાં ક્ષયોપશમે અભવિનો જીવ પણ નવ પૂર્વ સુધી ભણી જાય છે, પણ સમ્યક્ત્વનાં અભાવમાં તે જ્ઞાન અભવિનાં જીવને કેવલ ભવ વૃદ્ધિનાં હેતુ રૂપ બને છે. નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવે એટલે જ્ઞાનાવરણીય કર્મનો કેટલો બધો ક્ષયોપશમ કહેવાય ? પણ સામે મિથ્યાત્વનાં ક્ષયોપશમનો સદંતર અભાવ છે એટલે તે જ્ઞાન સંસાર હેતુરૂપ બને પણ મોક્ષ હેતુરૂપ બની શકે જ નહીં.

અનાદિથી ભવ હેતુરૂપ બનતાં મિથ્યા જ્ઞાનને સમ્યગ્ જ્ઞાનમાં પલ્ટાવી તેને ભવ નિવૃત્તિરૂપ કરનાર જો કોઈ હોય તો તે સમ્યગ્દર્શન છે. માટે જિન શાસનમાં સમ્યગ્ દર્શનનો મહિમા અપરંપાર છે.

અખૂટ ભંડાર ખોલવા માટેની ખરેખરી ચાવી

જીવ અનાદિથી પરમાં સ્વપણાની બુદ્ધિ અને સ્વમાં પરપણાની બુદ્ધિ કરતો આવ્યો છે એજ મિથ્યાત્વ છે. તેની જગ્યાએ સ્વમાં સ્વપણાની બુદ્ધિ અને પરમાં પરપણાની બુદ્ધિ એજ સમ્યક્ત્વની ખરી ભૂમિકા છે જીવનાં અભિપ્રાયમાં વિપરીતપણુ છે ત્યાં સુધી સમ્યક્ત્વ ઘણું દૂર છે અને અભિપ્રાયમાં સમ્યગ્પણું આવી જાય તો સમકિત ઘણું સુલભ છે. સમકિત પામ્યા પછી જીવ માટે આગળનો માર્ગ ખૂબ સરલ બની જાય છે- સમકિતની એકજ ચાવી એવી છે કે, તેનાથી પરંપરાએ અનંત જ્ઞાન ને અનંત દર્શનનાં અખૂટ ભંડાર ખુલ્લા કરી શકાય છે. બાકી એ ચાવી હાથમાં નથી આવી ત્યાં સુધી ઘરમાં અખૂટ ભંડાર હોવા છતાં તેના માલિક આત્માને એક મવાલિની જેમ ચાર ગતિરૂપ સંસારમાં ભટકતાં રહેવાનું છે. પાછી ખૂબીની વાત એ છે કે, બીજા કોઈ ભંડાર ખોલવા હોય તો કયારેક બીજી ચાવી પણ લાગુ કરી શકાય છે. પણ આ અનંત જ્ઞાનને અનંત દર્શનના અખૂટ ભંડારને ખોલવા સમકિત સિવાયની બીજી કોઈ ચાવી લાગુ પડે તેમ નથી. માટે જીનોક્ત તત્વમાં શ્રદ્ધા એવી કેળવો કે છેવટે આ પડતાં કાળમાં સમકિતનાં લાભથી વંચિત ન રહી જવાય. જીવની અંદરની જે શ્રદ્ધા પરિણતિ તે જ સમ્યક્ત્વનું મૂળ સ્વરૂપ છે.

સૂત્રના એકાદ વચનને ઉત્થાપે
તે પણ બહુલ સંસારી

કેવલજ્ઞાનની જેમ સમ્યક્ત્વ પણ જીવનો પ્રકૃષ્ટ ગુણ છે. કેવલજ્ઞાનમાં સર્વ પદાર્થોનું જ્ઞાન હોય છે. તો સમ્યક્ત્વમાં સર્વે પદાર્થોનું સમ્યગ્ શ્રદ્ધાન હોય છે કેવલી લોકાલોકનાં બધા ભાવોને જાણે છે તો સમકિતી કેવળી નિરૂપીત સૂક્ષ્માતિ સૂક્ષ્મ બધાં ભાવોને સદ્દહે છે. કેવળી પ્રરૂપિત એક પણ પદાર્થને જીવ ન સદ્દહતો હોય ત્યાં સુધી તે મિથ્યાદ્રષ્ટિ છે, ભલે પછી લાખો પદાર્થોને સદ્દહતો હોય છતાં મિથ્યાદ્રષ્ટિ છે. સૂત્રના એક અક્ષરને ઉત્થાપે તેને પણ બહુલ સંસારી કહ્યો છે. સૂત્રના કરોડો અક્ષરમાં શ્રદ્ધા હોય ને એકાદ અક્ષરને ન સદ્દહતો હોય તો પણ તે મિથ્યાદ્રષ્ટિ છે તત્ત્વની અશ્રદ્ધા એજ મિથ્યાત્વ છે. એક અક્ષર કે પદની અશ્રદ્ધા થાય તેપણ મિથ્યાત્વ છે કારણ કે કેવલજ્ઞાનની જેમ સમ્યક્ત્વ ગુણ પણ મહાન ગુણ છે. કેવલજ્ઞાની સર્વ ભાવોને જાણે અને સમકિતી સર્વ ભાવોને સદ્દહે એટલું જ બંને વચ્ચે અંતર છે. જમાલી વગેરે નિન્હવો આખી દ્વાદશાંગીને સદ્દહનારા હોવા છતા એકાદ વચનમાં અશ્રદ્ધા થતાં શાસ્ત્રકારોએ મિથ્યાદ્રષ્ટિ તરીકે જાહેર કર્યા છે.

માટે મિથ્યાત્વના ક્ષયોપશમે સમ્યક્ત્વનાં પરિણામને પામેલો સમ્યગ્દ્રષ્ટિ જ ખરો દ્રષ્ટા છે. સમ્યગ્ દર્શનનાં પ્રભાવે જગતનાં ભાવોને સમકિતી જીવ યથાસ્થિત સ્વરૂપમાં જોનારો હોય છે. તેને આખીયે ભવચેષ્ટા કેવા સ્વરૂપે ભાસે છે તે અંગેનો ઉલ્લેખ કરતાં યોગદ્રષ્ટિ સમુચ્ચયગ્રંથમાં આચાર્ય ભગવાન હરિભદ્રસૂરી મહારાજ ફરમાવે છે કે,

बाल धूलीगृहक्रिडा तुल्याऽस्यां भाति धीमताम् ।
तमोग्रन्थिविभेदेन भवचेष्टाऽखिलैवहि ॥

આખીએ ભવચેષ્ટા અંગેનું સમકિતિનું સ્પષ્ટ દર્શન

વર્ષા ઋતુમાં બાળકો માટીનાં ઘર બનાવનાની ક્રિડા કરે તેને ધૂલીગૃહક્રિડા કહેવામાં આવે છે, બચ્ચાઓએ તેવા માટીના ઘર બનાવેલાં હોય અને કોઈ સમજી મનુષ્ય ત્યાં જઈ ચડયો હોય તેને તે માટીના ઘર કેવા સ્વરૂપે ભાસે છે ? બસ તેવાજ સ્વરૂપે આખીએ ભવચેષ્ટા અજ્ઞાનરૂપી ગ્રંથીના વિભેદ વડે સમકિતિને ભાસે છે બનાવેલાં ધૂળનાં ઘર જેમ અસ્થિર અને અસાર છે તેમ ચક્રવર્તિનું ષટખંડનું વૈભવ ભલે કેમ નથી હોતું, સમકિતિની દ્રષ્ટિમાં તે પણ અસ્થિર અને અસાર છે, ધૂલીગૃહક્રિડામાં બચ્ચાઓએ બનાવેલાં માટીના ઘરને જે વિશેષણ લાગુ પડે છે તે જ વિશેષણ ચક્રવર્તિના ષટખંડનાં વૈભવને લાગુ પડે છે. બધાને તેવા સ્વરૂપે ભવ ચેષ્ટા કેમ નહીં ભાસતી હોય ? તેવી પણ કોઈને શંકા થાય તો સમજવાનું કે "तमोग्रंथिविभेदेन' આ શબ્દનો ગાથામાં જે પ્રયોગ થયો છે તે અતિ સૂચક છે. બધાંને કાંઈ ગ્રંથીભેદ થયેલો હોતો નથી. રાગ દ્વેષ અને અજ્ઞાનની અનાદિની એવી નિબીડ ગાંઠ છે કે એ ન તૂટે ત્યાં સુધી જીવ કોઇ પણ પદાર્થને યથાસ્થિત સ્વરૂપમાં નિહાળી શકતો નથી. ગ્રંથી એ કોઈ જેવી તેવી ચીજ નથી. જીવનાં અપૂર્વકરણનાં પરિણામ વડે જ એ ગ્રંથી તૂટે છે. એકવાર ગ્રંથી ભેદ થયા પછી બહારનાં બધા ભાવોને જીવ ખરાં સ્વરૂપમાં જોતો થઈ જાય છે. ભિન્ન ગ્રંથી જીવ શ્રુતજ્ઞાનના વિવેક વડે બહારનાં ભાવોને મૃગજળ તૂલ્ય, ગંધર્વનગર તુલ્ય અથવા સ્વપ્ન તુલ્ય દેખે છે. મૃગજળમાં જળ બુદ્ધિથી હરણ

તેની પાછળ દોડતાં હોય છે. જળ નહીં હોવા છતાં હરણને મૃગજળમાં જળ ભાસે છે, એટલે તે તેની પાછળ દોડે છે. હરણ તો તિર્યંચ ગતિનો જીવ એટલે તેનામાં લાંબી બુધ્ધિ કયાંથી હોય? પણ તમે જે મારી સામે બેઠેલાં છો! તમારામાંતો સારાસારનો વિવેક કરવા જેટલી બુદ્ધિ છે, અને છતાં તમે મૃગજળ જેવાં સંસારના સુખોની પાછળ આંધળી દોટ મૂકી રહ્યાં છો. એ તમારા જેવા બુધ્ધિશાળી મનુષ્યો માટે શું કહેવાય? મારી અલ્પ બુધ્ધિ પ્રમાણે શોભારૂપ તો ન જ કહેવાય!

સાંસારિક વાતાવરણમાં આત્મા લેપાય નહીં એજ જ્ઞાનનું વાસ્તવિક ફળ

હરણને મૃગજળમાં સ્પષ્ટ દર્શનનો અભાવ છે. એટલે તે તેની પાછળ દોડે છે, તેમ સંસારનાં ભૌતિક સુખો અને ધન વૈભાવાદિ અંગેના મોટા ભાગનાં મનુષ્યોમાં સ્પષ્ટ દર્શનનો અભાવ છે એટલે જીંદગી આખી તેનાજ મોહમાં સંસારી મૂંઝાતા હોય છે. જ્યારે ગ્રંથીના ભેદ વડે સમ્યગ્દ્રષ્ટિ જીવ બહારનાં ભાવોને મૃગજળ તૂલ્ય અથવા સ્વપ્ન તૂલ્ય લેખતો હોવાથી કોઇપણ પદાર્થોમાં તેને તિવ્ર મોહ થતો નથી. તે સંસારનાં મોહક વાતાવરણની વચ્ચે રહ્યો હોય છે છતાં અંતરથી નિરાલો હોય છે. તેનો આત્મા ખરડાયેલો હોતો નથી. પદાર્થનાં સ્વરૂપને જાણ્યાનું આજ વાસ્તવિક ફળ છે. સ્પષ્ટ દર્શન થયા પછી પણ મોહ ન છૂટે તો મોક્ષની વાત આપણા માટે આકાશકુસુમવત્ રહેવાની છે. તેને સમ્યગ્ જ્ઞાન કે સમ્યગ્ દર્શન કેમ કહી શકાય કે જેના પ્રભાવથી

લેશ પણ મોહ ઓછો ન થયો હોય? અંધકારને ન હઠાવી શકે તેને પ્રકાશ કેમ કહી શકાય? પ્રકાશ થાય એટલે અંધકાર હઠીજ જાય છે. તેમ જ્ઞાન થાય એટલે મોહરૂપી અંધકાર વિખરાઇ જાય છે. જ્યાં મોહભાવનો ક્ષય ઉપશમ કે ક્ષયોપશમે થયો હોય તે જ ખરૂ જ્ઞાન છે.

છેવટે મોહનો ક્ષયોપશમે ન થયો હોય તો સમજવું કે એ સાચુ જ્ઞાન નહીં પણ એકલું વાચા જ્ઞાન છે. મોહનીયનો ઉદય ભલભલાને મુંઝવે છે. એક ખરો આત્મજ્ઞાનીજ તેમાં મુંઝાતો, નથી. જ્ઞાનીની દ્રષ્ટિ મૂળ તત્ત્વ ઉપરજ હોય છે, એટલે જ્ઞાનીને મોહ કયાંથી મુંઝવી શકે?

अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम ।
यदत्र तत्परं तत्त्वं शेषः पुनरुपप्लव : ।।

અભ્યંતર એવી જ્ઞાન જ્યોતિ કે જે નિરાબાધ અને નિરામય છે તે જ મુમુક્ષુની દ્રષ્ટિમાં પરમ તત્વરૂપ છે. તે સિવાય બાકી બધુ ઉપદ્રવરૂપ છે, આત્મા જ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે. ઝંઝાવાતનો પવન પણ તેને બુઝાવી શકે નહીં એટલે તે નિરાબાધ છે અને રોગ રહિત છે. એક વાર આત્મા જ્યોતિ સ્વરૂપ બની જાય એટલે રોગને શોક બધા ઉપદ્રવ ટળી જાય. જ્યોતિ પ્રગટી નથી ત્યાં સુધીજ આ બધા ઝંઝાવાતો છે. ઘટમાં જ્ઞાનની જ્યોત છે, છતાં માનવી તેના દિવ્ય પ્રકાશનાં લાભથી વંછીત રહ્યો છે. પોતાને ભુલીને તો જીવે ઘણી ઘણી કદર્થનાઓ વેઠી છે અને હજી કેટલી વેઠવી પડશે તે તો જ્ઞાની સિવાય કોણ જાણી શકે?

આ ગાથામાં પૂ. હરિભદ્રસૂરીએ જાણે તત્વ જ્ઞાનનાં અખૂટ ભંડાર ખુલ્લાં મૂકી દીધા છે. તત્વનાં સ્વરૂપને સમજ્યા પછી મન તેમાં સ્થિર થઈ જાય છે.

અસ્થિરમાં સ્થિરતા કયાંથી આવી શકે ?

આપણે હમણાંજ વચમાં કહી ગયા કે, બહારનાં ભાવો સમકિતીને ગંધર્વ નગર તૂલ્ય અથવા મૃગજળ સમાન ભાસે છે તો પછી મુમુક્ષુને ઠરવાનું કયાં રહયું ? મનને બધેથી હઠાવીને કયાંકતો સ્થિર કરવું પડશેને ? માટેજ જ્ઞાનીઓએ મૂળ તત્વની વ્યાખ્યા ફરમાવી છે, તત્વ સમજાય એટલે મનમાં સ્થિરતા આવીજ જાય છે. આત્મા સિવાયનાં જગતનાં બધા પદાર્થો અધ્રુવને અશાશ્વત્ છે જ્યાં એ પદાર્થો પોતેજ સ્વરૂપથી અસ્થિર છે તો પછી તેમાં ભમતુ મન કયાંથી સ્થિરતા પામી શકે ? કોઇ સ્થિર તત્વમાં મનની એકાગ્રતા થાય તો જ મનની સ્થિરતા થવાની છે. પૂ. હરિભદ્રસૂરીએ અભ્યંતર જ્યોતિની જે વ્યાખ્યા ફરમાવી છે તે જ સ્થિરતાવાળું તત્વ છે. તેમાં જો મનની સ્થિરતા થઈ જાય તો જ્યોતમાં જ્યોત મલ્યા જેવું થઈ જાય. આત્મા એજ સ્થિર તત્વ છે. આત્મા ધ્રુવ, શાશ્વત્ અને અચલ છે. પર્યાયથી આત્મા પલ્ટાતો હોવા છતાં પોતાનાં સ્વરૂપથી શાશ્વત્ છે. બૌદ્ધ દર્શનની જેમ જૈનોએ આત્માને એકાંતે અનિત્ય માન્યો નથી. દ્રવ્ય દ્રષ્ટિએ આત્મા ધ્રુવ–શાશ્વત્ અને અચલ છે. આ શાશ્વાત્ તત્વનાં ખીલે જો મનને બાંધી દેવામાં આવે તો મનની બધી દોડધામ મટી જાય, મનની દોડધામ મટે એટલે સંસારના રખડપાટનોએ અંત આવી જાય

ભોગ કે પરિગ્રહમાં સમકિતિની પ્રસન્નતા નહી

સમકિતિની દ્રષ્ટિમાં લક્ષ્મી પણ અલક્ષ્મીની (દરિદ્રતાની) બહેનપણી છે, એટલે કરોડોની સંપત્તિ હોય તો પણ સમકિતીનાં માનસિક આનંદને માટે તે થતી નથી. પુન્ય પરવારતાં લક્ષ્મી ચાલી જાય એટલે તેની બહેનપણી દરિદ્રતા હાજર થઈ જાય છે. એટલે સમકિતી જીવ માને છે કે, દરિદ્રતા જેની સખી છે તેવી લક્ષ્મીમાંએ મારે શું આનંદ લુંટવાપણું છે ? એમાંથી આનંદ લુંટવા ગયો તો એક દિવસ હું આખોને આખો લુંટાઈ જઇશ ! લક્ષ્મીની જેમ પાપ જેનો સખા છે એવો જે ભોગ વિસ્તાર તે પણ સમકિતી જીવને આનંદ આપનારો થતો નથી. એક એક ભોગ સામગ્રી પાછળ દુનિયામાં કેટલા ઘોર પાપ આચરવામાં આવે છે ? પાંચે ઇન્દ્રિયોનાં રૂપ, રસ, અને સ્પર્શાદિ જે વિષયો તે જ ભોગ વિસ્તાર છે.

ભોગ વિસ્તારની પાછળ ઘોર પાપ પરંપરા !

ક્રીમ લેધર જેવી મુલાયમ વસ્તુઓ કેટલાકો વાપરતાં હોય છે. પણ તેની પાછળ કેટલી ઘોર હિંસા આચરવામાં આવે છે એ તો કેટલાકો જાણતા પણ નહીં હોય ! અને જાણતા હોય તો પણ ચીજનાં મોહમાં કેટલાકો આંખ આડાં કાન કરતાં હોય છે. ગાય-વાછરડાં વગેરે જીવતાં પશુઓ પર ગરમા ગરમ ખદખદતું પાણી રેડીને તે જાનવરોને જોર જોરથી પીટવામાં આવે છે અને તેનાં જીવતાં શરીરની ચામડી ઉતારીને આ બધી મુલાયમ વસ્તુઓ બનાવવામાં આવે છે.

તેવી વસ્તુઓનો ઉપયોગ કરનારાં મનુષ્યો એ મનુષ્યો નથી, પણ મૃત્યુલોકનાં રાક્ષસો છે. જેટલી-જેટલી મુલાયમ વસ્તુઓ બને છે તેની પાછળ પશુ-પંખી, ઉંદર વગેરે પ્રાણીઓની ઘોર હિંસા આચરવામાં આવે છે. આવી વસ્તુઓ ભોગોપભોગમાં લેનાર પણ પાપનાં ભાગીદાર બને છે. માટે આવી મુલાયમ ચીજો ખરીદવાનો જરાએ મોહ રાખવા જેવો નથી. એક રસનેન્દ્રિયનાં સ્વાદ માટે પંચેન્દ્રિય જીવોનો આજે કેટલો સંહાર થઈ રહ્યો છે ? દેવનાર જેવા કતલખાનાઓમાં હજારો પશુઓ રોજીંદા કપાય છે !! બિચારા મુંગા-અબોલ પ્રાણીઓને આ ધરતી પર જાણે કોઈ જીવવાનો અધિકાર જ નથી !

પશુઓને જીવીતદાન આપીને જીવનમાં ઉપયોગી ઘણુ મેળવી શકાય

જીવ રાશિમાં માનવ બધામા શ્રેષ્ઠ ગણાય છે, છતાં આજનો માનવ અધમતાની પરાકાષ્ટાએ પહોંચ્યો છે. ક્રૂરમા ક્રૂર કહેવાતા પશુઓ કરતાં આજનાં માનવની ક્રૂરતા કેટલીક વાર વધી જાય છે. પોતાના ક્ષણીક સુખ માટે પંચેન્દ્રિયનો સંહાર કરતાં આજનો માનવ અચકાતો નથી. ગાય બળદ ઘેટાં, બકરાં વગેરે પ્રાણીઓ બીજી રીતે પણ ઘણાં ઉપયોગી છે. ગાય અમૃત તૂલ્ય દૂધ આપે છે, જ્યારે એક ઘેટા જેવું પ્રાણી કે જેની ઊનનાં ધાબળાં બને છે, જે શીતકાળમાં માનવ સમાજનેજ અત્યંત ઉપયોગી થાય છે.

દરેક પશુઓને જીવીતદાન આપીને તેની પાસેથી જીવનમાં ઘણું ઘણું મેળવી શકાય છે, એક બકરીનાં દૂધમાં કેટલાં ગુણ કહ્યા છે. નાના બચ્ચાઓ માટે તો બકરીનું દૂધ માતાના ધાવણનું કામ કરે છે અને કેટલીકવાર તો મોટકા રોગો પણ બકરીનાં દૂધનાં સેવનથી મટી જાય છે, પશુઓની આટલી ઉપયોગીતા હોવા છતાં તેનો આજે દુનિયામાં કારમો સંહાર થઈ રહ્યો છે, ગાય-ભેંસનાં દૂધ કે દહીંથી શરીરને પુરૂ પોષણ મળી જવા છતાં તેનાં લોહી કે માંસનું ભક્ષણ કરવું બસ આજ નિર્દયતાની ચરમ સીમા છે,

એટલે જેટલો ભોગ વિસ્તાર છે, તેનો પાપ પરમ સખા છે. આવી રીતનાં સ્વરૂપનું જ્ઞાન થયા પછી સમકિતી જીવને તેમાં રાચવાપણું શું રહે ?

धर्मादपि भवन् भोगः प्रायोऽनर्थाय देहिनाम ।
चंदनादपि सम्भूतो दहत्येव हुताशनः ॥

ભોગને રોગ સમજનાર ભોગ કાળમાં પણ કર્મ ઘણાં ઓછા બાંધે !

આગળ વધીને પૂ. હરિભદ્રાચાર્યજી ફરમાવે છે કે, પાપ જેનો સખા છે તેવા ભોગસુખની તો વાત જ બાજુ પર રહી પણ સમ્યક્‌ત્વનાં પરિણામવાળો જીવ તો ધર્મથી પ્રાપ્ત થતાં ભોગ સુખને પણ પ્રાયઃ અનર્થનાં હેતુ માનતો હોય છે. દ્રષ્ટાંતથી ઘટના કરે છે કે, ચંદનનાં કાષ્ટમાંથીએ પ્રગટેલો અગ્નિ પ્રજાળનારો તો છે જ. બાવળનાં કાષ્ટમાંથીજ પ્રગટેલો અગ્નિ પ્રજાળે અને ચંદનનાં કાષ્ટમાંથી પ્રગટેલો અગ્નિ એકલી

ઠંડકજ આપે તેવુ તો છે નહીં, તેવીજ રીતે પાપ જેનો સખા છે તે જ ભોગ વિસ્તાર પ્રાણીઓને અનર્થમાં નાખે અને પુન્યોદયથી પ્રાપ્ત થયેલાં ભોગ સુખની પરંપરાને જ સર્જે તેવું પણ એકાંતે નથી.

ગાથામાં પ્રાયઃ શબ્દનો પ્રયોગ થયો છે તે શબ્દનું રહસ્ય એ છે કે, દેવાધિદેવ તિર્થંકરનાં આત્માઓ પણ ભોગાવલીનાં ઉદયે ગૃહવાસમાં રહીને ભોગ ભોગવતાં હોય છે છતાં તે ભોગ તેમને અનર્થના હેતુ થતાં નથી અંતરની ઉત્કટ જ્ઞાનદશાના પ્રભાવે તે મહાપુરૂષો ઉદયમાં આવેલાં ભોગ કર્મને રોગ સમાન લેખીને ભોગવનારાં હોવાથી ઉલ્ટા ભોગ કાળમા પણ નિર્જરા સાધે છે.

પૂ. રૂપવિજયજી મહારાજે પંચ કલ્યાણકની પૂજામાં લખ્યુ છે કે,

" ભોગ કર્મફલ રોગ તણી પરે, ભોગવે રાગ નિવારી રે,
પરવાલા પરે બાહ્ય રંગ ધરે, પણ અંતર અવિકારી રે,
શ્રી જીનરાજ જગત જયકારી, મૂર્તિ મોહનગારી રે, "

ઉદયમાં આવેલાં ભોગ કર્મફળને દેવાધિદેવ તિર્થંકર ભગવંતના આત્મા રોગની જેમ ભોગવનારા હોય છે. તેમાં હૃદયથી રાગ ભાવને પોષનારા હોતાં થથી. દ્રષ્ટાંતની ઘટનાં કરે છે કે, પરવાલ ઉપરથી રંગીન હોય છે પણ અંદરથી સફેદ હોય છે. તેમ તિર્થંકર ભગવંતના આત્માઓ ઉપરથી રંગરાગનાં વાતાવરણમાં રહેલાં દેખાય પણ અંતરથી તદ્દન નિરાલા હોય છે. માટે તેવા મહાપુરૂષોને ભોગ–સુખ અનર્થનાં

હેતુ બનતાં નથી. પણ એવી દશાવાળા આત્માઓ કટલાં નીકળી આવે ? માટે આપણા માટે તો ભોગ એ અનર્થનાં હેતુ છે એજ દ્રષ્ટિ બરાબર છે અને એ દ્રષ્ટિથી વિચારનારો જ ખરો દ્રષ્ટા છે.

શાલીભદ્ર–ધન્નાજી, શ્રીપાલ મહારાજા જેવા માટે પ્રાયઃ શબ્દનો ઉપયોગ કરી શકાય. તેઓ પણ ભોગને રોગ સમજીને ભોગવનારા હતાં. પુન્યાનુબંધી પુન્યોદયનો એજ પ્રભાવ છે કે, તે પુન્યોદયનાં કાળમાં જીવ અઢળક ભોગ સામગ્રીને પામેલો હોવા છતાં અને ભોગ સુખાદિને ભોગવતો પણ હોવા છતાં તેમાં આસક્તિનાં ભાવને પોષનારો હોતો નથી. દેવાધિદેવ તિર્થંકરના આત્માઓ તો પ્રબલ પુન્યાનુબંધી પુન્યના ઉદયવાળા હોય છે શાલીભદ્ર, ધન્નાજી વગેરે પણ પુન્યાનુબંધી પુન્યના ઉદયવાળાં હતા.

માર્ગમાં કાંટા વેરનારા

પુન્યાનુબંધી પુન્ય જીવને ઉત્તરોત્તર ઉંચેજ લઈ જાય છે. મોક્ષ માર્ગમાં પુન્યાનુબંધી પુન્ય જીવને અનેકરીતે સહાયરૂપ છે. માર્ગમાં પાપનુબંધી પુન્ય હેય છે તો પુન્યાનુબંધી પુન્ય સંપૂર્ણ ઉપાદેય છે. પુન્યાનુબંધીની અપેક્ષાએ પુન્ય અને પાપ બન્નેને સમકક્ષામાં મૂકનારા માર્ગ ભૂલ્યા છે એમ સ્પષ્ટપણે સમજી લેવાનું છે. જીવ આરંભ–સમારંભાદિમાં અને રોજીંદી છકાયનાં જીવોની વિરાધનામાં પડેલો હોય ત્યાં સુધી તેના માટે પુન્ય પણ પરમાલંબનરૂપ છે. એવા જીવો માટે પુન્ય માર્ગની ગૌણતા કરવી એ તો

એ જીવોનાં કલ્યાણનાં માર્ગમાં કાંટા વેરવા જેવું છે, અથવા કલ્યાણના માર્ગને કંટકમય બનાવવા જેવું છે. હજી જીવની એવી ઉચ્ચ ભૂમિકા ન હોય જીવનમાં નીતિને ન્યાયના પણ ઠેકાણા ન હોય તેવા જીવોની સામે પુન્યને ગૌણ કરીને એકલી આત્મજ્ઞાનની High Philoshophy (હાઈ ફિલોસૂફી) ની વાતો કરવી એ તો એ જીવોને સન્માર્ગથી ચ્યુત કરીને ઉન્માર્ગી બનાવવા જેવું છે.

શુભ આલંબનો છુટી જાય છે, છોડવાના હોતા નથી

ચક્કિનું ભોજન કંઇ બધાને પચે નહીં. તેમ જીવનમાં વ્યવહાર શુદ્ધિ થયા વિના એકલું આત્મજ્ઞાન બધાને પચવું કાંઈ સહેલું નથી. જૈન માર્ગમાં નિશ્ચય અને વ્યવહાર બન્નેની સંપૂર્ણ ઉપયોગિતા છે. નિશ્ચયના લક્ષે વ્યવહાર હોય એટલે બેડો પાર છે. નિશ્ચયની દ્રષ્ટિ હૃદયમાં રાખીને વ્યવહાર આચરનારા જ ભવ સમુદ્રનો પાર પામે છે. નિશ્ચય અને વ્યવહાર વચ્ચે શાસ્ત્રોમાં ઠેકઠેકાણે સંધી કરવામાં આવી છે. કયાંય પણ વિવાદ ઉભો કરવામાં આવ્યો નથી. આટલી વાત મગજમાં બેસે તો જીવ જૈન માર્ગના સારને પામી જાય. જેમ જેમ જીવ ગુણઠાણાની ઉચ્ચ ભૂમિકાએ ચડતો જાય છે તેમ તેમ શરૂઆતનાં વ્યવહારનાં આલંબનો એની મેળે–Automatic (ઓટોમેટીક) છૂટતા જાય છે, તે કાંઇ છોડવાનાં હોતા નથી. પણ હજી મધ દરિયે વહાણ હોય અને કોઇ કહે મારે વળી પરનાં આલંબનની જરૂર શી છે ? હું સ્વાધિન પરમ તત્ત્વ છું ત્યાં જ્ઞાની કહે છે. અરે

ભાઈ ! તારી બધી વાત સાચી છે. તું એક વાર વહાણને કિનારે તો પહોંચવા દે, પછી તું ભલે સ્વાધિન થઇ જજે, પણ અત્યારથી જો દુઃસાહસ ખેડવા ગયો તો તારે મધ દરિયે ડુબી મરવા જેવું થશે. માટે પહેલાં વહાણને કિનારે સહી સલામત પહોંચી જવા દે ! તેવીજ રીતે નિશ્ચયના કિનારે પહોંચ્યા બાદ સદ્‌વ્યવહારનાં આલંબનો એની મેળે છૂટી જવાના છે પણ હજી તો નાવ જ્યાં મધ દરિયે ઝોલા ખાય છે ત્યાં ભાઈ કહે છે કે, હું તો શુદ્ધ સ્વરૂપી આત્મા છું. મારે વળી પુન્ય કે ક્રિયાના આલંબનની જરૂર શી છે ? આવું તો અનંતીવાર કરી લીધું. આવા અપ્રતિબુદ્ધ જીવને જ્ઞાની કહે છે કે અરે ! ભાઈ ! તને આત્માને ઓળખવાની ના કોણે પાડી ? પણ આત્માને ઓળખ્યા પછીએ તારે તારા ગુણસ્થાનકની ભૂમિકા તો જોવાની રહેશે ને ? તું આ કાળમાં ક્ષપકશ્રેણી તો માંડી શકવાનો નથી તો વચગાળાનાં ગુણ સ્થાનકોમાં નિશ્ચયની દ્રષ્ટિ સાથે તારે સદ્‌ વ્યવહારની પણ આચરણા કરવાની જ રહેશે તે સિવાય ઠેકડો મારીને તું થોડોક જ ઉપર પહોંચી જવાનો છે ? માટે જિનેશ્વર ભગવાનનાં માર્ગની મર્યાદા તું પહેલાં જાણી લે ! હજી જીવનમાં એકલો પ્રમાદ પોષાતો હોય ને કહે અમે તો આત્માનું ધ્યાન કરી લઈએ છીએ. અમારે પ્રતિક્રમણાદિ ક્રિયાની હવે કોઈ જરૂર નથી, તેવાને તો જ્ઞાની ભગવંતોએ મહા મિથ્યાદ્રષ્ટિ કહ્યા છે જીવનમાં અપ્રમત્ત દશા ન આવે ત્યાં સુધી તો સદ્‌ વ્યવહારની બલવત્તરતા રહેવાની જ છે. તે પછી આગળ આગળનાં ગુણ સ્થાનકોમાં નિશ્ચયની

બલવત્તરતા થતી જાય છે. ઉચ્ચ ગુણઠાણાની ભૂમિકાએ પહોંચ્યા પહેલાજ વ્રત–પચ્ચક્ખાણાદિ રૂપ વ્યવહારને ત્યજી દેનારા સ્વચ્છંદી અને સ્વેરચ્છાચારી બને છે, તેવા જીવો ઘોર કર્મ બાંધી અંતે દુર્ગતિના અધિકારી બને છે. એટલું જ નહી સદ્વ્યવહારને છોડી દેનારાંઓની હાલત ધોબીના કુતરા જેવી થાય છે કહેવતમાં કહેવાય છે કે, "धोबीका कुत्ता न घरका और न घाटका" તેમ જીવ હજી શુકલધ્યાનની ભૂમિકાએ પહોંચ્યો ન હોય અને ધર્મક્રિયારૂપ વ્યવહારનો હૃદયના બહુમાનપૂર્વક પાલન ન કરે એટલે તે અંતરીયાળમાંજ રહી જવાનો.

મહાવ્રતાદિ મોક્ષના હેતુ !

આત્મા નિશ્ચયદ્રષ્ટિએ સ્વરૂપની પૂર્ણતાને ન પામ્યો હોય ત્યાં સુધી વ્રતપચ્ચક્ખાણ દયા–દાનાદિરૂપ વ્યવહાર પણ પરમાલંબન રૂપ છે. તે સદ્વ્યવહાર હેય કે જ્ઞેય છે, તેમ નહી પણ સંપૂર્ણ ઉપાદેય છે. વ્યવહાર આદરણીય નથી ફકત જાણવા યોગ્ય છે તેમ પ્રરૂપનારા તદ્દન ઉંધી માન્યતાવાળા છે. સાધુ માટે પંચમહાવ્રતાદિ અને શ્રાવક માટે બારવ્રતાદિ કેવળ જાણવા યોગ્ય છે તેમ નથી, પણ હૃદયના સંપૂર્ણ બહુમાન પૂર્વક પાળવા યોગ્ય છે શ્રાવક માટે જિનપૂજા અને દયા–દાનાદિ હૃદયના બહુમાનપૂર્વક આચરવા યોગ્ય છે અને તે તે કર્તવ્યોના પાલનથી શ્રાવક ઉત્તરોત્તર કલ્યાણની સંપદાને સાધે છે. સાધુઓના મહાવ્રતાદિના પાલન માટે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી લખે છે કે,

भावनाभिर्भावितानि पंचभिः पंचभिः क्रमात् ।
महाव्रतानि नो कस्य साधयंत्यव्ययं पदम् ।।

અનુક્રમે પાંચપાંચ ભાવનાઓથી વાસિત થયેલા મહાવ્રતો કોને મોક્ષપદ સાધી નથી આપતા ? અર્થાત્ પંચમહાવ્રતનો ભાવનાસહિત આદર કરનાર અવશ્ય મોક્ષને પામે છે. મહાવ્રતાદિ એ મોહનીય કર્મના ઉદયરૂપ નથી પણ ચારિત્રમોહના ક્ષયોપશમરૂપ છે, તે આશ્રવરૂપ નથી પણ સંવરરૂપ છે. સમિતિગુપ્તિ સત્ય અકિંચન બ્રહ્મચર્ય વગેરે બધા પ્રકારોને ભગવાન ઉમાસ્વાતિએ તત્વાર્થસૂત્રમાં સંવર તત્વમાં ગણાવેલા છે. જ્યારે તેને આશ્રવમાં ખતવનારા ખતવણી જ તદ્દન ઉંધી કરે છે. દયા–દાનાદિ વિકાર છે, અને પંચમહાવ્રતના ભાવ પણ વિકારી લાગણી છે તેમ બોલવું તે તો એક પ્રકારનો ઉન્મત્ત પ્રલાપ કહી શકાય નિશ્ચયની દશા પામ્યા વિના બોટી ધૂનમાંનેધૂનમાં કેટલાંકો આવું બોલી નાંખે છે, પણ તેમાં સંસાર ઘણો વધી જાય છે અનંતા તિર્થંકરોએ પંચમહાવ્રતને મોક્ષના હેતુ કહ્યા છે. તેને વિકારી ભાવમાં ખતવવા તે દ્રષ્ટિની વિપરીતતા સિવાય બની શકે નહીં !

શુષ્ક અધ્યાત્મિ કહે છે કે, મહાવ્રતાદિ પાળીને અનંતીવાર ગૈવેયક દેવલોક સુધી જઈ આવ્યો પણ મોક્ષ થયો નહી. તો તેમાં મહાવ્રતાદિનો શો દોષ છે ? દોષતો જીવની દ્રષ્ટિનો છે સમ્યગ્ દ્રષ્ટિ પૂર્વક મહાવ્રતાદિ પાળ્યા હોત તો જીવનો કયારનો મોક્ષ થઈ ગયો હોત !

માર્ગમાં નિશ્ચયની જેમ વ્યવહારની પણ બલવત્તરતા છે. ગુરૂ ભગવંતના ઉપદેશથી શિષ્ય કેવલજ્ઞાનને પામી ચૂક્યો હોય અને ગુરૂ હજી છદ્મસ્થ રહ્યા હોય, એટલે કેવલજ્ઞાન ન પામ્યા હોય છતાં ગુરૂને શિષ્યના કેવલજ્ઞાનની ખબર ન પડે

ત્યાં સુધી શિષ્ય ગુરૂનો વિનય ન ચૂકે ! શિષ્ય તેરમે ગુણઠાણે અને ગુરૂ છઠ્ઠે સાતમે ગુણઠાણે છતાં શિષ્ય ગુરૂનો વિનય કરે ! આ વાત લક્ષમાં લેવામાં આવે તો વિનય વૈયાવચ્ચાદિરૂપ સદ્‌વ્યવહારની ઉપાદેયતા ઘણી સહેલાઈથી સમજી શકાય.

એકલા નિશ્ચયને પકડવા જતા તો આખા માર્ગનોજ લોપ થઈ જાય છે. નિશ્ચયથી આત્માને બંધ મોક્ષ જ કયાં છે ? નિશ્ચયથી તો આત્મા શુદ્ધ સ્વરૂપી છે. શુદ્ધને વળી બંધ મોક્ષ કેવા ? શુદ્ધ તો સદા મુક્તજ હોય, નિશ્ચયથી આત્મા શરીરથી ભિન્ન હોવાથી હિંસા–અહિંસા શી રીતે ઘટી શકશે ? એકલા નિશ્ચયમાં બંધ મોક્ષની વ્યવસ્થા ઘટતી નથી. એટલે પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીને ફરમાવવું પડયું કે,

નહી નિશ્ચયમેં શિષ્ય ગુરુ કિયા ક્રિયા ફલયોગ ।
કર્તા નહી ભોક્તા નહી, વિફલ સબૈ સંયોગ ॥

એકાંત નિશ્ચયમાં ગુરૂ શિષ્યનો વ્યવહાર પણ રહેતો નથી. નિશ્ચયથી પોતેજ પોતાનો ગુરૂને પોતેજ પોતાનો શિષ્ય. એકાંત નિશ્ચયવાદમાં ક્રિયા–ક્રિયાફળ—કર્તા કે ભોકતા કંઈ પણ ઘટી શકે નહીં. માર્ગની વ્યવસ્થાજ ઘટે નહીં. માટે પહેલા હંમેશા સદ્‌વ્યવહારજ પરિણમે છે, અને તેના ફળ સ્વરૂપે જીવ નિશ્ચયને પામે છે. સાધન જ હંમેશા પહેલા હોય છે, અને સાધનના યોગેજ સાધ્યની સિદ્ધિ થાય છે. કાર્ય પહેલા હોતુ નથી કારણજ પહેલાં હોય છે. આટલી વ્યાખ્યામાં વ્યવહાર અને નિશ્ચયની સાંગોપાંગ સિદ્ધિ થઇ જાય છે.

માર્ગમાં શુદ્ધનો મહિમા છે તેમ શુભનો પણ મહિમા અપરંપાર છે. શુકલ ધ્યાન શુદ્ધોપયોગરૂપ છે તો ધર્મ ધ્યાન શુભોપયોગ રુપ છે. છતાં ભગવાન ઉમાસ્વાતિએ બન્નેને તત્ત્વાર્થ સૂત્રમાં મોક્ષના હેતૂ કહ્યા છે. અને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને સંસારના હેતૂ કહ્યા છે.

આર્ત રૌદ્ર ધર્મ શુક્લાનિ
પરે મોક્ષ હેતૂ

(તત્વાર્થ સૂત્ર)

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન એ ચાર ધ્યાનના પ્રકાર છે. તેમાં છેલ્લા બે મોક્ષના હેતુ છે. અને શરૂઆતના બે સંસાર પરિભ્રમણના હેતુ છે. માટે શુભોપયોગ અને શુદ્ધઉપયોગ બન્નેની માર્ગમાં સંપૂર્ણ ઉપાદેયતા છે શુદ્ધઉપયોગ મોક્ષનો અનંતર હેતૂ છે તો શુભોપયોગ પરંપર હેતૂ છે. પણ બન્નેને મોક્ષના હેતૂ કહ્યા છે દયા-દાનાદિના પરિણામથી કેટલાય જીવોએ સંસાર પરિત કર્યાના દ્રષ્ટાંતો શાસ્ત્રોમાં આવે છે. માટે આવી પ્રશસ્તભૂતચર્યાથી જીવ પરંપરાએ પરમ સૌખ્યને સાધે છે.

સદ્ વ્યવહારની જેમ મહાપુરૂષોએ નિશ્ચયની પણ પુષ્ટિ કરી છે. કારણ કે નિશ્ચયની દ્રષ્ટિ વિના એકલા વ્યવહારને આચરનારા ઘાંચીના બળદીયાની માફક જ્યાંના ત્યાંજ ઉભા રહે છે. આગળના વિકાસને સાધી શકતા નથી.

સદ્ વ્યવહારના ત્યાગમાં માર્ગનો લોપ અને નિશ્ચયના ત્યાગમાં તત્ત્વદ્રષ્ટિનો વિચ્છેદ

માટે કોઈ પણ નયનો એકાંત પક્ષ કરવા જેવું નથી.

મહાપુરૂષોએ જ ફરમાવેલું છે કે,

જઇ જિણમયં-પવજ્જહ તામા વવહાર નિચ્છએ મુયહ ।
ઇક્કેણ વિણા તિત્થં છિજ્જઇ અન્નેણઉતચ્ચં ॥

જો તું જિન મતને પ્રવર્તાવવા ઈચ્છતો હો તો નિશ્ચય કે વ્યવહાર બંનેમાંથી એકનો પણ ત્યાગ કરીશ નહીં. કારણ કે વ્યવહારનો ત્યાગ કરવા જતાં માર્ગનો લોપ થશે અને નિશ્ચયનો લોપ કરવા જતાં તત્વ દ્રષ્ટિનો વિચ્છેદ થશે. માટે માર્ગમાં બન્નેની સંપૂર્ણ જરૂર છે. નિશ્ચય અને વ્યવહાર અંગેની આ વાત સમયસારની ટીકામાં અમૃત ચંદ્રાચાર્ય મહારાજે પણ ફરમાવેલી છે. પણ એકાંત નિશ્ચયની ધૂનમાં પડેલાં બીજાને વ્યવહાર મૂઢ કહેનારાં અને પોતે નિશ્ચયમૂઢ બનેલાં આવી વ્યવહારનયની પુષ્ટિને કરનારી વાતોને ધ્યાનમાં જ લેતા નથી. સમયસારની ટીકામાં તો ત્યાં સુધી લખેલું છે કે, વ્યવહાર એ તીર્થ છે અને નિશ્ચય એ તીર્થ ફળ છે. પંચાસ્તિકાયની ટીકામાં અમૃતચંદ્રાચાર્યજીએ ત્યાં સુધી લખ્યું છે કે,

अत एवोभयनयायत्ता पारमेश्वरी तीर्थ प्रवर्तनेति !

જૈની તીર્થ પ્રવર્તના નિશ્ચય અને વ્યવહાર બન્નેને આધીન છે

अतो निश्चय व्यवहार मोक्ष मार्गयोः
साध्य साधन भावो नितरामुपपन्न ।
नचैतद्विप्रतिसिद्धं निश्चय व्यवहारयो;
साध्य साधन भावत्वात्सुवर्ण पाषाणवत् ॥

અને તે બન્ને વચ્ચે સાધ્ય સાધનપણું અત્યંતપણે ઘટે છે. નિશ્ચય અને વ્યવહાર વચ્ચે પરસ્પર વિરોધ આવે છે તેમ પણ નથી કારણ કે સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક નિશ્ચય અને વ્યવહારને સાધ્ય સાધનપણું છે. જે પાષાણમાં સુવર્ણ હોય તેને સુવર્ણપાષાણ કહેવાય. તેનું જ શોધન કરીને તેમાંથી સુવર્ણના ભાગને જુદુ પાડવામાં આવે છે એટલે સુવર્ણપાષાણ જેમ સુવર્ણનું સાધન બને છે તેમ વ્યવહાર નિશ્ચયનું સાધન બને છે.

આ નિશ્ચયને વ્યવહારની પ્રરૂપણા દિગમ્બર સંપ્રદાયનાં મહાન આચાર્ય અમૃતચંદ્રાચાર્યજીએ કરી છે. કેટલાકો આજે તેમના આ આશયને સમજ્યાં વિના પ્રરૂપણા એવી કરે છે કે, નિશ્ચય અને વ્યવહાર પરસ્પર વિરોધવાળાં છે. વ્યવહારનાં વચનો શાસ્ત્રોમાં આવે પણ શુભવ્યવહારથી લાભ માનવાનો નથી.

माता मे वंध्या

તેઓ પાછા વ્યવહાર બધો કરે છે. ત્રણ ત્રણવાર પ્રવચનો આપે છે. મંદિરો ઉભા કરાવે છે. પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવે છે. સ્વાધ્યાય કરે છે. પ્રશસ્તરાગ કે સદ્વ્યવહારથી લાભ માનવો નહીં ને વ્યવહાર બધો કરવો એ તો માતાને મા માનીને પાછી તેને જ વંધ્યા ઠરાવવા બરાબર છે. આવા મહાન આચાર્યો નિશ્ચય ને વ્યવહાર વચ્ચે સાધ્ય સાધનપણું અત્યંત ઘટે છે એવી સ્પષ્ટ પ્રરૂપણા

કરતા હોવા છતાં કહેવું કે, વ્યવહાર અને નિશ્ચય પરસ્પર વિરોધવાળાં છે. એ તો પોતાનાજ માન્ય પુરૂષોનાં વચનની ઉપરવટ થઈને આગળ ચાલવા જેવું છે. આ તો કોઈને પણ સાચી દ્રષ્ટિ મળે તે માટે આટલું લંબાણથી વિવેચન કરેલ છે

નથી ભોગી કે નથી યોગી, બાકી રોગી આ કાળમાં ઘણા

બાકી આપણી મૂળ વાત તો એ હતી કે પુન્યોદયથી પ્રાપ્ત થતાં ભોગ–સુખમાં પણ જીવ જો આશક્તિવાળો બને તો અનર્થના હેતુ બને છે. તિવ્ર જ્ઞાનદ્રષ્ટિવાળાં પુરૂષોને અનર્થના હેતુ બનતાં નથી કારણ કે તેઓ ભોગવતા હોવાં છતાં તેમાં આસક્ત બનતા નહીં હોવાથી પરંપરાએ પરમ પદને પ્રાપ્ત કરી લે છે, તે કાળનાં કેટલાંક પુરૂષોની વાતજ આખી જુદી હતી. તેઓ જેવા ભોગી હતા તેવાજ યોગી બની જતાં હતા. આ કાળમાં યોગી તો ઠીક પણ તેવા ભોગી પણ કયાં છે ? નથી તેવા યોગી કે નથી તેવા આ કાળમાં ભોગી, બાકી રોગી તો ઘણાં દેખાય છે. માટે ભોગની જે આસક્તિ છે તેજ અતિ ખરાબ છે, તદ્‌ભવ મુક્તિગામીને પણ ભોગાવલીના ઉદયે ભોગ ભોગવવા પડયા છે. છતાં તે મહાપુરૂષો તેમાં લેશ પણ લેપાયા વિના પ્રાંતે પ્રવ્રજ્યા લઈને મોક્ષે સિધાવી ગયા છે.

જ્ઞાની ભોગવીને ખપાવે જ્યારે અજ્ઞાની નહી ભોગવતો હોવા છતાં નવા બાંધે !

અમુક કર્મોજ એવા હોય છે કે, ભોગવ્યા વિના તેનો

ક્ષય થાયજ નહીં, એટલે જ્ઞાની જેવા જ્ઞાનીને કચવાતે મને પણ તે કર્મનો ઉદયકાળ ભોગવવો પડે છે, છતાં જ્ઞાન દ્રષ્ટિનાં બળે જ્ઞાની પુરૂષો ભોગને સેવતા હોવા છતાં સેવતા નથી અને અજ્ઞાન દ્રષ્ટિવાળાં જીવો નહીં સેવતા હોવા છતાં સેવતાં હોય છે. અજ્ઞાનીને અંતરાયનાં ઉદયે ભોગ–સુખની સામગ્રીનો જોગ પણ ન મલ્યો હોય છતાં ભોગવવા અંગેની તૃષ્ણાને લીધે નહીં ભોગવતો હોવા છતાં અજ્ઞાની પ્રતિ સમયે અંદરની તિવ્ર અભિલાષાને લીધે કર્મ બાંધતો હોય છે. જ્યારે જ્ઞાની અંદરની વૈરાગ્ય ભાવનાને લીધે ભોગવીને પણ ખપાવતો હોય છે. આ તો છેલ્લામાં છેલ્લા તત્વજ્ઞાનની વાત છે, છતાં આપણાં માટે તો છૂટવાનો એજ ઉપાય છે કે, ભોગને રોગ સમજીને તેમાંથી ક્રમે ક્રમે નિવર્તવાનો ઉપાય કરવો.

એક દ્રવ્ય બીજા દ્રવ્યસ્વરૂપ ન થઈ જાય પણ સહાયરૂપ જરૂર થાય.

દ્રષ્ટા કોણ ? એ વિષયના વ્યાખ્યાનમાં આપણે બીજા ઘણાં ઘણાં વિષયોને આવરી લીધા છે. શરૂઆતમાં આપણે કહ્યું હતું કે, આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે પણ ઇન્દ્રિય પ્રત્યક્ષ નથી કારણ કે, આત્મા અતિન્દ્રિય છે આત્માને પ્રત્યેક ઇન્દ્રિયનાં વિષયનું જ્ઞાન હોય છે અને ઇન્દ્રિયોની ગેરહાજરીમાં પણ આત્મા તે તે ઇન્દ્રિયોનાં વિષયોનું જ્ઞાન કરી શકે છે. આ વિષયપર સૂયગડાંગ સૂત્રની નિર્યુક્તિમાં ભગવાન ભદ્રબાહુ સ્વામિએ કોઈ અલૌકિક પ્રકાશ પાડેલો છે. આત્મસિદ્ધિમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આવા તત્ત્વ

જ્ઞાનનાં ગહનમાં ગહન વિષયને સહેલો કરીને તેની પર અપૂર્વ પ્રકાશ પાડયો છે.

દેહ, ઇન્દ્રિય કે દ્રવ્ય પ્રાણો આત્માને જાણી શકતા નથી. કારણ કે, તે બધા પોતેજ આત્માની સત્તા થકી પ્રવર્તે છે. હવે આમાં જીવ જીવનું કરે ને જડ જડનું કરે એ સિદ્ધાંત કયાં રહ્યો ?

"દેહ ન જાણે તેહને
જાણે ન ઇન્દ્રિય પ્રાણ,
આત્માની સત્તા વડે,
તેહ પ્રવર્તે જાણ,
(આત્મસિદ્ધિ)

જીવ દ્રવ્ય કે પુદ્ગલ દ્રવ્ય કોઈ પણ દ્રવ્ય પોતાની સ્વરૂપ સત્તાનો ત્યાગ કરીને પરદ્રવ્ય સ્વરૂપે ન થઈ જાય એ બરાબર છે પણ એટલાથી કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને સહાયરૂપ પણ ન બને તેવો કોઈ પણ સિદ્ધાંત જૈન દર્શનને માન્ય છે જ નહી. દ્રવ્ય પરસ્પર એક એકને સહાયરૂપ-મદદરૂપ જરૂર બને છે છતાં એકાંતે એવી પ્રરૂપણા કરવી કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ ન કરી શકે એ તો અનેકાંત દ્રષ્ટિનું જ લોપ કરવા બરાબર છે.

પૂ. ઉમાસ્વાતિ મહારાજે તત્વાર્થ સૂત્રમાં દરેક દ્રવ્યનાં ઉપકારો વર્ણવ્યા છે, તેમાં ગતિ સહાયકતા અને સ્થિતિ સહાયકતા એ ધર્મ અને અધર્મ દ્રવ્યનાં ઉપકારો છે તેમજ

"परस्परोपग्रहो जीवानाम्"

અને પરસ્પર અનુગ્રહ કરવો એ જીવ દ્રવ્યનો ઉપકાર છે.

સુખ-દુઃખ, જીવીત શ્વાસોશ્વાસ, શરીર, વાણી, મન એ બધા પુદ્ગલ દ્રવ્યનાં ઉપકારો છે આ બધું વ્યવહાર નયની અપેક્ષાએ છે પણ વ્યવહાર અને નિશ્ચય બન્ને ભગવાનને માન્ય છે. કોઈ પરસ્ત્રી પર બળાત્કાર ગુજારનાર કહેશે કે મેં આમાં કાંઈ કર્યું જ નથી ! આ તો પુદ્ગલે પુદ્ગલનું કામ કર્યું છે ચોરી કરનાર કહેશે કે, પરદ્રવ્યનું હરણ કોઈ કરી શકે નહીં ! હિંસા કરનાર કહેશે કે મેં કયાં કોઈનાં પ્રાણ લીધાં છે ! આ તો આ જીવ આ સ્વરુપે જ અવસ્થાંતરને પામવાનો હતો, એકાંતે પ્રરુપણા કરવામાં આવા કેટલાય અનર્થો સર્જાવાનો ભય રહે છે, અને સદાચારનું તો દુનિયામાંથી ઉઠમણું થઈ જવાનું ! સિદ્ધ નિરંજન દશાને જીવ એક વાર પામી જાય પછી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરતો નથી. એ વાત બરાબર લાગુ પડશે. બાકી સંસાર પર્યાયમાં જીવો રહેલા છે ત્યાં સુધી એક દ્રવ્ય બીજા દ્રવ્ય રુપે ન થઈ જાય, પણ એક બીજાને સહાયક તો જરુર થાય છે, અને આજ વાત આત્મસિદ્ધિમાં લખી છે કે, "આત્માની સત્તાવડે તેહ પ્રવર્તે જાણ."

દ્રવ્યોનો અગુરૂલઘુ સ્વભાવ

જીવ આમ જુઓ તો સર્વ અવસ્થાને વિષે બીજા બધા પરદ્રવ્યોથી નિરાલો જણાય છે. ચૈતન્ય સ્વભાવને લીધે બીજા દ્રવ્યોની અપેક્ષાએ જીવ દ્રવ્યની ઘણી મહાન વિશિષ્ટતા છે. બાકીનાં બધા દ્રવ્યો જડ છે, જ્યારે આત્મા ચૈતન્ય દ્રવ્ય છે. લોકાલોકના ભાવોનો જાણવાનો સ્વભાવ જીવનો જ છે. ક્ષાયિક ભાવે કેવલજ્ઞાન પ્રગટે એટલે એક સમયમાં જીવ લોકાલોકનાં ભાવોને હસ્તામલકવત્ જાણી

જોઈ શકે છે. આવું સામર્થ્ય બીજા કોઈ દ્રવ્યનું નથી. માટે છ એ દ્રવ્યોમાં જીવદ્રવ્ય એ મહાન દ્રવ્ય છે. જીવનું પ્રગટ રૂપ જે ચૈતન્ય છે તે જ જીવને પિછાણવા માટેનો મુખ્યમાં મુખ્ય એંધાણ છે. આ રીતનાં ચૈતન્ય સ્વભાવને લીધે જીવ દ્રવ્ય બધા દ્રવ્યોથી ભિન્ન ઠરે છે, એટલે દ્રવ્યો એક-બીજાને સહાયક હોવા છતાં પોતપોતાનાં સ્વભાવમાં જ રહે છે કયારે પણ પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને એકપણાને પામી જતા નથી ! દ્રવ્યોનો એવોજ અગુરૂલઘુ સ્વભાવ છે કે, પોતાની સ્વરૂપ સત્તાનો ત્યાગ કરીને કોઈ પણ દ્રવ્ય કયારે પણ પર દ્રવ્ય સ્વરૂપે પલટાઈ ન જાય. છ એ દ્રવ્યો જે સ્વતંત્ર છે તે આ અપેક્ષાએ છે.

નક્કર માર્ગ અપનાવવાની જરૂર

ધર્માસ્તિકાયાદિ છ એ દ્રવ્યોમાં જીવ દ્રવ્ય એ પ્રધાન દ્રવ્ય છે. તે જો એકાંતે સ્વતંત્ર હોત તો અનંત કાલથી અનંતાનંત દુઃખો તેને ભોગવવા જ ન પડયા હોત. કર્મ નચાવે તેમ જીવ અનાદિકાળથી નાચી રહ્યો છે તે જીવ દ્રવ્ય એકાંતે સ્વાધિન હોત તો શી રીતે બનત ? જીવ એકાંતે સ્વાધિન હોત તો તો જ્યાં અનંતા સિદ્ધોનો મેળો છે તેવા સિદ્ધાલયમાં કયારનો બિરાજી ગયો હોત ! માટે એક દ્રવ્ય પલટીને બીજા દ્રવ્ય સ્વરૂપે ન થઇ જાય એટલા પુરતી પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતા ખરી ! બાકી અનંતાનંત કાર્મણ વર્ગણાના પુદ્ગલોથી લેપાએલા જીવને વર્તમાન અવસ્થામાંએ એકાંતે સ્વાધિન અને સ્વતંત્ર દ્રવ્ય માની લેવો, એ તો જન્મટીપની સજાને પામેલાં કેદીને સ્વાધિન માની લેવા બરાબર છે. સ્વરૂપ

સત્તાની અપેક્ષાએ બધા આત્માઓ સિદ્ધ સમાન છે. એ તો જૈન ધર્મના પ્રત્યેક અનુયાયીની માન્યતા છે, પણ જીવમાં રહેલી કર્મજન્ય મલીનતા અને તેના લીધે ચાર ગતિરૂપ સંસારમાં અનાદિ કાળથી જીવ જે વિડંબનાઓને અનુભવી રહ્યો છે તે પણ એક નક્કર હકીકત છે. તેની પર એકલી સ્વરૂપ સત્તાની વાતો કરે કંઈ પડદો પડી જવાનો નથી, તેના માટે તો સંવર અને નિર્જરાનો અથવા જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનાનો કોઈ નક્કર માર્ગ જીવનમાં અપનાવવો પડશે તો જ આ અનાદિની કર્મ-જન્ય પરાધિનતાનો અંત કરીને જીવ પોતાની સાચી સ્વાધિનતાને પ્રાપ્ત કરી શકશે. રત્નત્રયની આરાધના કરવા પૂર્વક કર્મોનો ક્ષય કરીને જીવ સિદ્ધ નિરંજન દશાને પામી જાય એ જ સાચી સ્વાધિનતા છે. આ દશાયે પહોંચેલા જ ખરા સ્વતંત્ર છે. બાકી એકાંત દ્રષ્ટિએ સ્વતંત્રતાની વાતો કરવી એ તો વસ્તુ સ્વરૂપના પોતાના અજ્ઞાનનું પ્રદર્શન કરવા જેવું છે.

ભૂત સમુદાયમાંથી ચૈતન્ય ઉત્પન્ન થઇ શકે નહી!

જીવ ઘટપટાદિ પદાર્થોને જાણે એટલે તે તે પદાર્થને માનવા તૈયાર થઈ જાય છે, પણ આશ્ચર્યની વાત તો એ છે કે જાણનારો જે પોતે આત્મા છે તેને કેટલાકો માનવા તૈયાર હોતા નથી. એટલે લખવું પડયું કે, જે જેને તું જાણે તે તેને માનવા તૈયાર અને જાણનારો જે આત્મા તેને જ માનવા તૈયાર નહીં. વાહ! તારી સમજણ ને વાહ તારૂં જ્ઞાન! નાસ્તિકો કહે છે કે, પૃથ્વી, અપ, તેજ, વાયુ, વગેરે ભૂત સમુદાયમાંથી આત્મા ઉત્પન્ન થયો.

છે, આત્મા ચૈતન્ય નથી પણ ભૂતસમુદાયમાંથી ઉત્પન્ન થએલો છે. જેમ ગોળ, લોટ, મહુડાના ફૂલ, વગેરેમાંથી મદિરા ઉત્પન્ન થાય તેમ આત્મા ભૂત સમુદાયમાંથી ઉત્પન્ન થાય છે. આવી પ્રરૂપણા નાસ્તિક દર્શનની છે. પણ ભૂત સમુદાય જ્યાં પોતે જડ છે ત્યાં જડમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય શી રીતે ? ગોળ, લોટ, વગેરેમાં જે સડો ઉત્પન્ન થાય છે તેનું કારણ એ છે કે તે પ્રત્યેકમાં માદકતાના અંશો રહેલાં છે, એટલે તે તેનો સમુદાય એકત્રિત થતાં તેમાંથી મદિરા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. પણ ભૂત સમુદાય કે જે પોતે જડ છે, જેમાં ચૈતન્યના કોઈ અંશો પણ નથી તો તેમાંથી ચૈતન્ય ઉત્પન્ન થઈ શકે જ નહીં !

આત્મા અનાદિ અનંત

દુનિયામાં કારણને અનુરૂપ કાર્ય થાય છે. માટીમાંથી ઘટ થાય, કારણ કે તે તેનું કારણ છે. પણ માટીમાંથી પટ શી રીતે થાય ? હા ! તંતુમાંથી પટ જરૂર થાય તો તેમાંથી ઘટ ન થાય. એક ભૂતમાં જો ચૈતન્યનો અંશ નથી તો સમુદાયમાં પણ તે અંશ ક્યાંથી આવવાનો છે ? રેતીના એક કણમાં જો તેલ નથી તો લાખ મણ રેતી પીલવાથીએ તેલ ક્યાંથી નીકળવાનું છે ? પાણીનાં એક બિન્દુમાં જો ઘી નથી તો ગમે તેટલું પાણી વલોવે પણ ઘી તેમાંથી નીકળી શકે જ નહીં ! તેવી રીતે જીવરાશી ચ્યવી ગયા બાદ પૃથ્વી, તેજ, વગેરે એક એકમાં ચૈતન્ય ન હોય તો ભૂત સમુદાય સમ્મિલિત થતા પણ તેમાંથી ચૈતન્ય ઉત્પન્ન થઈ શકે નહીં ! જે વ્યક્તિમાં ન હોય તે સમુદાયમાં ક્યાંથી

આવે ? માટે ચૈતન્ય એ ભૂત ધર્મ નથી પણ આત્મ ધર્મ છે. આત્માએ ભૂત સમુદાયમાંથી ઉત્પન્ન થનારો નથી પણ અનાદિ અનંત શાશ્વત્ તત્ત્વ છે અને જે પ્રત્યેકને સ્વ સંવેદનથી ગમ્ય છે. છદ્મસ્થો માટે આત્મા ભલે પરોક્ષ છે, કારણ કે આત્મા અરૂપી અને અમૂર્ત છે છતાં આત્માનાં જ્ઞાન દર્શનાદિ ગુણો સૌને પ્રત્યક્ષ છે. ગુણ પરથી ગુણીની પણ ઓળખાણ થઈ શકે છે. ગુણ જેનાં પ્રત્યક્ષ તેનો ગુણી પણ અપેક્ષાએ પ્રત્યક્ષ માની શકાય. આમ તો અરૂપી આત્માના ગુણો પણ અરૂપી જ હોય પણ સ્વસંવેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ કહ્યા છે.

શંકાનો કરનાર જ આત્મા પોતે !

ઘણાં નાસ્તિકો કહે છે કે, આત્મા હોય તો પ્રત્યક્ષ દેખાડો ? તો તેનાં પ્રત્યુત્તરમાં સમજવાનું કે જ્ઞાનાદિ ગુણની પ્રત્યક્ષતામાં ગુણી આત્માની પ્રત્યક્ષતા સ્વતઃસિદ્ધ થઈ જાય છે. બાકી આત્મા અરૂપી સત્તા છે, તેને સાક્ષાત્ પ્રત્યક્ષપણે તો કેવલજ્ઞાની ભગવંતો જ જોઈ જાણી શકે છે. છતાં છદ્મસ્થો માટે પણ અનુમાન પ્રત્યક્ષાદિ પ્રમાણોથી આત્માની સિદ્ધી થઈ શકે છે. ખૂબીની વાત તો એ છે કે,

" આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. "

આત્માની શંકા કરનારો આત્મા પોતે જ છે જે શંકાનો કરનારો છે તે પોતે જ આત્મા છે ! આપ પોતે જ પોતાની શંકા કરે એ આશ્ચર્ય પણ અમાપ કહેવાય. શ્રીમદ્

રાજચંદ્રજીએ તત્વ જ્ઞાનની વાતોને કેટલી સરલ કરી નાંખી છે ! પોતે તત્વજ્ઞાની હોવા છતાં સદ્‌વ્યવહારનો પણ તેમણે કયાંય લોપ કર્યો નથી, ઉલ્ટું તેમણે લખેલું છે કે, વ્યવહારથી જ નિશ્ચય પમાય છે. સમજ્યા વિના સદ્‌વ્યવહારને લોપનાર સ્વપર ઉભય માટે દુર્લભ બોધીપણું પ્રાપ્ત કરે છે. વળી લખે છે કે, કયાંય નિષેધ કરાયેા હોય તેા અસદ્‌વ્યવહારનો નિષેધ કરાયેા છે. સમિતિગુપ્તિરૂપ વ્યવહારનો લોપ કરવાનો હોત તો તિર્થંકરોને બીજું પ્રરૂપવાનું જ શું રહેતું હતું ? માટે સદ્‌ વ્યવહારનો કોઈ પણ મહા પુરૂષે લોપ કર્યો નથી. છતાં આ કાળનાં કેટલાક શુષ્ક અધ્યાત્મિઓ સદ્‌વ્યવહારથી ધર્મ માનનારને મિથ્યા દ્રષ્ટિ ઠરાવે છે.

ભેદ વિજ્ઞાનની વાસ્તવિક સમજણ

આત્મા હશે કે નહીં ? પરલોક હશે કે નહીં ? આવી શંકાઓ આત્માને જ થાય છે. પુદ્‌ગલાદિ દ્રવ્યોમાં જીવસત્તા જ નથી તો શંકા કોને ઉઠવાની છે ? મનુષ્ય શરીરમાંથી પણ જીવ નીકળી ગયા બાદ આવી શંકાઓ ઉઠવાપણું રહેતું નથી. શંકા–જિજ્ઞાસા જેને થાય તે આત્મા પોતે જ છે માટે જ્ઞાતાને દ્રષ્ટા આત્મા પોતે જ છે. પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ આ વિષયની પુષ્ટિમાં લખે છે કે,

भिन्ना प्रत्येकमात्मानो विभिन्ना पुद्‌गला अपि ।
शून्य संसर्ग इत्येवं यः पश्यति स पश्यति ॥

સંસારમાં અનંતાનંત આત્માઓ છે પણ તે આત્માઓ

પ્રત્યેક આત્માથી ભિન્ન છે. સ્વરૂપથી ભલે બધા આત્માઓ એક હોય પણ વ્યક્તિથી અનેક છે. જો એમ ન હોય તો તો એકના મોક્ષમાં બધાનો મોક્ષ થઈ જાય! અને જગતની વિચિત્રવિચિત્રતા પણ ઘટે નહીં. પ્રત્યેક આત્માઓના કર્મજન્ય સંસ્કાર પણ ભિન્ન ભિન્ન હોય છે. એકને આઠ નવ વર્ષની ઉંમરે સંસાર પર વૈરાગ્ય આવી જાય છે તો બીજાને એંશી-નેવું વર્ષની ઉંમરે પણ વૈરાગ્ય આવતો નથી. માટે સંગ્રહ નયની દૃષ્ટિએ "एगे आया" એ સિદ્ધાંત બરાબર છે. બાકી વ્યવહારનયની દ્રષ્ટિએ આત્મા એક નહી પણ અનંતાનંત આત્માઓ છે. અને પ્રત્યેક આત્માઓ પ્રત્યેક આત્માઓથી ભિન્ન છે પિતા મરીને નરકે જાય અને છોકરો દેવલોકે જાય! પત્ની મૃત્યુને પામીને સ્વર્ગે જાય અને પતિ નરકે જાય તે પ્રત્યેક આત્મા પ્રત્યેક આત્માથી ભિન્ન ન હોય તો બને શી રીતે? માટે આ ગાથા આપણને બરોબરનો ભેદ જ્ઞાન કરાવનારી છે. ભેદ જ્ઞાન થઇ જાય તો પર તરફનો મોહ ઘણો ઓછો થઈ જાય.

શરીરાદિ પુદ્ગલોથી પણ આત્મા ભિન્ન છે. શરીર કે ધન સંપત્તિ વગેરે પુદ્ગલોમાં એક પરમાણુ માત્ર પણ જીવની માલીકીનું નથી. તે બધાનો જીવની સાથે સંયોગિક સંબંધ છે. માટે જીવે તેમાં લેશપણ રાગ પોષવા જેવો નથી. સંયોગમાં જેટલો રાગ પોષય તેટલો જ વિયોગમાં દુઃખ ઉભું થાય છે. જેનો સંયોગ તેનો વિયોગ તો થવાનો જ છે. સંસાર આખોએ સ્વપ્નવત્ છે. રાતના સ્વપ્ન આવે અને સંસારના સ્વપ્નમાં લાંબુ અંતર નથી સ્વપ્નમાં કયારેક રંક-રાજા બને પણ આંખ ઉઘડે ત્યાં કાંઈ

ન હોય ! તેમ આ સંસાર સ્વપ્ન એવું છે કે તેમાં આંખ મીંચાસે ત્યાં કાંઈ નહીં હોય ! માટે રાત્રીનું સ્વપ્ન કે આ દીવાસ્વપ્ન તે વચ્ચે લાંબુ અંતર નથી. આ રીતે પ્રત્યેક આત્માઓથી પોતાના આત્માને ભિન્ન દેખનારો પુદ્ગલોને પણ ભિન્ન નિહાળનારો અને સંસારને સ્વપ્નવત્ જોનારો તે જ ખરો દ્રષ્ટા છે. સાચા અર્થમાં તે જ દેખનારો છે. આ ભિન્નત્વની વ્યાખ્યા મમત્વને હઠાવવા માટે અતિ ઉપયોગી છે.

જીવ માત્રને સ્વ આત્મા સમાન દેખનારો જ ખરો દ્રષ્ટા

દ્રષ્ટા કોણ ? એ વિષયમાં તાત્ત્વિક દ્રષ્ટિએ આત્મા પોતે જ દ્રષ્ટા એ વાત સારી રીતે સિદ્ધ કરી ગયા. દ્રષ્ટા એ શબ્દનો અર્થ દેખનારો એવો થાય છે. ખરી રીતે દેખનારો કોણ કહેવાય તે જો કે ઉપરના વિવેચનમાં કહી ગયા પણ વ્યવહારનયની દ્રષ્ટિએ મહાપુરૂષોએ ફરમાવ્યું છે કે,

આત્મવત્ સર્વ ભૂતેષુ પર દ્રવ્યેષૂ લોષ્ટ વત્ ।
માતૃવત્ પરદારાણા યઃ પશ્યતિ સ પશ્યતિ ॥

સર્વ પાણી માત્રને જે સ્વ આત્મા સમાન દેખનારો છે, કારણ કે પ્રાણી માત્રને આપણા પોતાના આત્માની જેમ સુખ પ્રિય છે અને દુઃખ સૌને અપ્રિય છે. માટે સુખ–દુઃખની બાબતમાં પ્રાણી માત્રને જે સ્વ આત્મા સમાન દેખનારો છે તે જ ખરો દ્રષ્ટા છે. દ્રષ્ટાપણું જીવનમાં આવ્યા પછી પ્રત્યેક આત્મા સાથેનો આપણો વર્તાવ સુધરી જાય છે. સુખ બધાને પ્રિય છે, દુઃખ બધાને અપ્રિય છે. પછી તો એ

જીવને એમ જ થાય કે મારા આત્માને જે કાંઈ અનિષ્ટ હોય તે મારે બીજા પ્રતિ નહિ જ આચરવું જોઇએ. કારણ કે જેવો મારો આત્મા છે તેવો જ બીજાનો છે. હિંસા, જૂઠ, ચૌર્યકર્મ, વિશ્વાસઘાતાદિ મને ઈષ્ટ નથી, તો તેવા પાપ હું બીજા પ્રતિ કેમ આચરી શકું ? વ્યાપાર–વાણિજ્યમાં મારી સાથે કોઈ દગો કરે અથવા મને કોઈ છેતરે તે મને અનિષ્ટ છે, તો તેવો વર્તાવ મારાથી બીજા પ્રતિ પણ ન જ થઇ શકે ! દરેક આત્માઓને સ્વ આત્મા સમાન જાણ્યા પછી તો જીવનની આખી દિશા બદલાઈ જાય છે.

ધાર્મિક અને દાંભિક જીવન વચ્ચેનું અંતર

પછી તો જીવનમાં બાહ્ય અને અભ્યંતર વ્યવહારમાં સમાનરૂપતા આવી જાય છે. બહારમાં કંઇ ને ભીતરમાં કંઈ! તેવો વિસંવાદ જીવનમાં રહેતો નથી. જ્યારે આજે દેખાડવાના જુદા ને ચાવવાના જુદા, એ શબ્દનો પ્રયોગ ખૂબ થયા કરતો હોય છે ! મનુષ્યોની કથની અને કરણીમાં જ્યારે ઘણું જ અંતર દેખાય ત્યારે સમજવું કે જીવનમાં ધર્મને બદલે એકલો દંભ પોષાઈ રહ્યો છે, વાણી, વર્તન અને વિચારમાં એકાકારતા એ જ સાચી ધાર્મિકતા છે, અને એ ત્રણેમાં ભિન્નતા એ ધાર્મિકતા નહી નરી દાંભિકતા છે. વાણી, વર્તન ને વિચાર એ ત્રણેમાં એકાકારતા એ તો ધાર્મિક જીવનની પુર બહાર કહી શકાય. જ્યારે ત્રણેમાં ભિન્નતા એ દાંભિક જીવનની પુર બહાર કહેવાય. આજે માનવી બોલે છે કંઈ ને કરે છે કંઇ, માનવી જેને ઉપરથી સલામ ભરતો હોય તેનું જ પાછું મનથી બુરૂ ચિંતવતો હોય છે. ક્યાં રહી આમાં વાણી, વર્તન ને વિચારની એકાકારતા ?

જીવનની ખરી તાલબદ્ધતા

માનવી પ્રત્યક્ષમાં જેની પ્રસંશા કરતો હોય છે, પરોક્ષમાં તેની જ પાછી નિંદા કરતો હોય છે. કયાં રહી આમાં જીવનનાં સુરોની તાલબદ્ધતા ? સંગીતકાર સંગીત લલકારતો હોય પણ સુરમાં તાલબદ્ધતા ન હોય તો સાંભળનારને તે સંગીત બેસુરૂ લાગે છે. તેમ જીવનમાં વાણી, વર્તન ને વિચારની જે એકાકારતા એજ ખરી તાલબદ્ધતા છે. તે વિના જીવન પણ બેસુરૂ બની જાય છે. કયાંય દંભ સેવવામાં ધર્મ છે જ નહીં ! નમ્રતા અને સરલતા આચરવામાં ધર્મ છે. બધાં આત્માઓ સ્વઆત્મા સમાન લાગ્યા પછી વાણી, વર્તન ને વિચારમાં વિસંવાદ રહેવોજ ન જોઇએ અને તેમાં વિસંવાદ રહ્યો હોય તો સમજવું કે ધાર્મિક જીવનને નામે આપણે એકલું દાંભિક જીવન જીવી રહ્યા છીએ.

દ્રષ્ટા નહીં પણ ભ્રષ્ટા !

પ્રત્યેક આત્માઓને સ્વઆત્મા સમાન દેખનારો સાચો દ્રષ્ટા છે તેમ પર ધનને જે પત્થર સમ ગણનારો છે, પરસ્ત્રીને જે સગી જનેતા સમાન દેખનારો છે, અથવા સગી બહેન કે પુત્રી સમાન લેખનારો છે, તે જ ખરો દ્રષ્ટા છે. પર ધન અને પરસ્ત્રી દેખીને જેની આંખ બગડે તે દ્રષ્ટા નહીં પણ ભ્રષ્ટા છે ! કોઇને ત્યાં અઢળક ધન હોય તો સમજવું તે તેના પુન્યનો ઉદય છે. તેનો પુન્યોદય જોઇને આપણે આપણા મનમાં પ્રસન્નતા લાવવાની છે. કોઇના પુન્યોદયની ઇર્ષ્યા કરવાથી તો આપણું પુન્ય જેટલું હશે તેટલું એ સળગી

ઉડવાનું છે. માટે પોતાના પુન્યોદયે કોઈ વૈભવશાળી બન્યા હોય તેવાઓ પ્રતિ મનમાં લેશ પણ હલકાં વિચારો લાવવા નહીં, અને લાવવા જ હોયતો એટલાં પુરતા વિચારો મનમાં જરૂર લાવવા કે આ ભાગ્યશાળી સંપત્તિનો નમ્ર ભાવે સન્માર્ગે વ્યય કરીને પુન્યોદયને સાર્થક કરી લે તો કેવું સારૂં ?

પરસ્ત્રીઓનાં રૂપ કે સૌંદર્યને જોઇને મનમાં દુર્વિચારો લાવવા એ દ્રષ્ટાપણું નહીં પણ ભ્રષ્ટાપણું છે. રૂપ કે સૌંદર્ય પુન્યોદયથી મળે છે, પણ બીજાનું રૂપ જોઇને મન ને આંખ પાપોદયથી બગડે છે ! કપડામાંથી મેલ કાઢી નાંખવો એ ઘણું સહેલું છે પણ મનનો મેલ કાઢી નાંખવો એ સહેલું નથી. આજે મનુષ્યો મન અને આંખથી જ વધારે પાપ બાંધે છે. કોઈના પુન્યોદયમાં આપણો પાપોદય જાગે એ તો અજબ—ગજબની વાત કહેવાય ! કોઈ પણ સ્ત્રીને રૂપ કે સૌંદર્યની પ્રાપ્તિ થાય એ તેનાં પુન્યનો ઉદય છે પણ તેનું જ રૂપ કે સૌંદર્ય નિહાળીને આપણી આંખ અને મન બગડે એ આપણાં તિવ્ર પાપનો ઉદય છે.

રાગ દશાને લીધે ભલભલાનું અધઃપતન

કોઈનાં પણ રૂપ કે સૌંદર્યને નિહાળીને મનમાં અશુભ વિચારો લાવવા એ મહાપાપ છે. કદાચ વિચારો મનમાં લાવવા જ હોય તો એવા લાવવા કે વાહ ! કુદરતે આને રૂપ કે સૌંદર્યની કેવી ઉદાર હાથે બક્ષીસ કરી છે ? છૂટે હાથે કુદરતે આના જીવનમાં સૌંદર્ય વેરી દીધું છે. અદ્‌ભૂત રૂપ કે સૌંદર્ય પણ પુન્યોદય વિના પ્રાપ્ત થતાં નથી ! આવું રૂપ મલ્યું છે તો જરૂર ભવાંતરમાં આ જીવે તપ

કરેલું હોવું જોઇએ. એકલી ઇચ્છા અને ઝંખના કરવાથી દુનિયામાં કંઈ મળતું નથી. દરેક પ્રકારનાં ઇષ્ટ સંયોગની પ્રાપ્તિ પુન્યોદયથી થાય છે. આવા વિચારો મનમાં લાવવાથી કર્મ ઘણાં ઓછા બંધાય છે. બાકી રૂપની પાછળ અંધ બનવાથી તો કેટલીકવાર જીંદગી હારી જવાય છે, માટે કોઇના પણ રૂપ કે સૌંદર્ય તરફ પહેલા તો દ્રષ્ટિ જ ન કરવી જોઇએ, છતાં પ્રમાદને વશ જીવ છે, કયારેક દ્રષ્ટિ ચાલી જાય તો તેમાં રાગ કે દ્વેષની બુદ્ધિ ન થવી જોઇએ. રૂપ તરફની રાગ દશાને લીધે રાવણ અને દુર્યોધન જેવાનું પણ ઘોર અધઃપતન થયાનું શાસ્ત્રોમાં સાંભળીએ છીએ.

એક વિષયની પરવશતામાં પ્રાણહાની તો પંચેન્દ્રિયપરવશતા વિષે તો કહેવું જ શું ?

આ ભવમાં તેઓ કરૂણ વિનાશને પામ્યા અને ભવાંતરમાં દુર્ગતિના દારૂણ દુઃખો ભોગવી રહ્યા છે. માટે રૂપમાં પતંગીયાની જેમ લુબ્ધ બનવા જેવું નથી. દીપકનાં પ્રકાશનું મનોહર રૂપ જોઇને પતંગીયા તેમાં ઝંપલાવે છે. પણ પરિણામે પ્રાણ હાની વહોરી લેવાનો વખત આવે છે. પતંગીયા તો બિચારાં ઇન્દ્રિયોની અપેક્ષાએ વિકલેન્દ્રિય પ્રાણી કહેવાય એટલે તેનામાં લાંબી બુદ્ધિ ન હોય પણ બુદ્ધિશાળી કહેવાતા મનુષ્યો પણ જ્યારે રૂપ કે સૌંદર્યમાં પતંગીયાની જેમ કુદી પડતા હોય ત્યારે તો એમજ લાગે કે આ છતી બુદ્ધિએ દિવાળું કાં કાઢે ? શબ્દ, રૂપ, રસ, ગંધ વગેરે એકેક ઇન્દ્રિયનાં વિષયમાં લુબ્ધ બનેલ હરણ, પતંગ અને ભ્રમર વગેરે પ્રાણીઓ મૃત્યુનાં દુઃખને અનુભવે છે. તો પછી

જેઓ પાંચે ઈન્દ્રિયોનાં વિષયોમાં આસક્ત બનેલા હોય તેવાઓ માટે તો કહેવાનું જ શું રહે ? વિષયોમાં લુબ્ધ બનેલાઓને જન્મ મરણનાં દુઃખો એક–બે વાર નહીં, અનંતી અનંતીવાર ભોગવવા પડે છે માટે વિષયોમાં નજર નાખવા જેવી નથી. દ્રષ્ટાપણું એવું કેળવો કે જીવ વિષયોમાં વિરાગ ભાવને પામે !

શ્રી લક્ષ્મણજીનો અપૂર્વ સંયમ

દ્રષ્ટા ખરેખરા લક્ષ્મણજી હતા. ચૌદ વર્ષ પર્યંત વનવાસમાં સીતાજીની સાથે રહ્યા પણ કોઈ દિવસ સીતાજીનાં શરીર પરનાં ઘરેણાં તેમણે જોયા ન હતા ! તો પછી રૂપ રંગ જોવાની તો વાતજ કયાં રહી ? ચૌદ વર્ષનાં વનવાસમાં લક્ષ્મણજી રામચંદ્રજીને દશરથજીની જગ્યાએ ગણુતા હતા અને પોતાની માતા સુમિત્રાજીની જગ્યાએ જાનકીજીને ગણુતા હતા અને અટવીને અયોધ્યા ગણુતા હતા. બસ રામ ત્યાં અયોધ્યા એજ તેમનાં જીવનનો મુખ્ય મંત્ર હતો. ભર જંગલમાંથી રાવણ જ્યારે સીતાજીનું હરણ કરી ગયા ત્યારે બન્ને ભાઇઓ થોડીવારને માટે ખૂબજ વિહ્વલ બની ગયા. ત્યારબાદ સીતાજીની શોધમા અમુક વિદ્યાધરોને મોકલવામાં આવ્યા પણ કયાંય શોધ લાગી નહીં. સિર્ફ કુંડલ–કંકણ વગેરે ઘરેણાં જંગલમાંથી શોધમાં ગએલા વિદ્યાધરોને મળી આવ્યા. એટલે રામચંદ્રજી લક્ષ્મણજીને પૂછે છે કે આ અલંકાર તારા ભાભીનાં છે કે કોઈ બીજાનાં છે ? તું જરા પરીક્ષા કર.

ત્યારબાદ લક્ષ્મણજીએ જે પ્રત્યુત્તર વાળ્યો છે તે

અંગેનો ઉલ્લેખ વાલ્મીકી રામાયણમાં અતિ સુંદર શૈલીમાં કરવામાં આવ્યો છે. તેમાં લખ્યું છે કે,

કુંડલે નાભિ જાનામિ, નાભિજાનામિકંકણે ।
નુપુરેત્વભિજાનામિ, નિત્યપાદાભિવંદનાત ॥

બાંધવ ! હું જાનકીજીનાં કુંડલ કે કંકણ વિષે જાણતો નથી, તેમ બીજાં પણ તેમનાં અલંકારાદિ વિષે હું કંઈ પણ જાણતો નથી ! ફક્ત પગનાં નૂપૂર (ઝાંઝર) વિષે જાણું છું અને તે પણ હું તેમને પગમાં પડીને નિત્ય પ્રણામ કરતો હોવાથી જાણી શકયો છું. સીતાજી લક્ષ્મણજીનાં ભાભી હોવા છતાં દરરોજ પ્રણામ કરતા હતાં ! લક્ષ્મણજી જેવા સંયમી તેવા જ નમ્રશીલ હતા. જ્યારે આજે તો મોટાં ભાગનાં સગાં મા-બાપને પગે લાગતાં નથી તો ભાભીનો તો વારોજ કયાંથી આવવાનો છે ? **મનુષ્યમાં વિનય-વિવેકાદિનાં ગુણો ન હોય તો તેનું જીવન નીર વિનાની નદીની જેમ શોભાને પામતું નથી. સદ્‌ગુણ એજ જીવનની ખરી શોભા છે. ગમે તેવા સ્વરૂપવાન હોય પણ જીવનમાં સદાચાર ન હોય તો એકલાં રૂપની કશી કિંમત નથી. જેવો સ્વરૂપવાન તેવો જ શીયળવાન હોય તો સોનામાં સુગંધ સમાન કહેવાય !**

લક્ષ્મણજીનાં પ્રત્યુત્તરથી રામચંદ્રજીને કેટલો સંતોષ થયો હશે ? જો કે રામચંદ્રજીને લક્ષ્મણજીનાં ચારિત્ર વિષે લેશ પણ મનમાં શંકા ન હતી. કેવળ જાણવા માટે જ પૂછેલું હતું, છતાં આ પ્રત્યુત્તર સાંભળીને રામચંદ્રજી પણ ઘડીભરને માટે તો જાણે આશ્ચર્યમાં ગરકાવ બની ગયા !

આટલા વર્ષોથી સાથે રહે ને કુંડલ અને કંકણ વિષે કંઈ જાણે નહીં ? એ દ્રષ્ટિ પરનો કાબુ કેટલો કહેવાય ? જો કે લક્ષ્મણજી તો જાનકીજીનાં દીયર હતા ને ન્હોતા જાણતા પણ રામચંદ્રજી તો જાનકીજીનાં ભરથાર હતા ને ખુદ રામચંદ્રજીને સીતાજીનાં અલંકાર વિષે કશી માહિતી ન હતી અને પોતે ન્હોતા જાણતા માટેજ તેમણે લક્ષ્મણજીને પૂછેલું હતું. પુછવાની પાછળ લક્ષ્મણજીની પરીક્ષા કરવાનો ઇરાદો ન્હોતો. લક્ષ્મણજીનાં ચારિત્ર વિષે રામચંદ્રજી તદ્દન નિઃશંક હતા.

જીવન અને મરણ બન્નેને ધન્ય બનાવનારા

ચૌદ વર્ષના વનવાસનાં કાળમાં રામચંદ્રજીએ મહા સતી સીતાજી પોતાના ભાર્યા હોવા છતાં તેમની સાથેનો વર્તાવ ભગિની જેમ રાખ્યો હતો. ખૂબજ મર્યાદાથી વર્તનારા એ મહાપુરૂષ હતા. ત્યારે જ આખી દુનિયા તેમને મર્યાદા પુરૂષોત્તમથી ઓળખે છે. સંસ્કૃત્તિનાં આદર્શોને સંપૂર્ણપણે જીવનમાં અપનાવનારાં એ પુરૂષો હતા. રામ અને લક્ષ્મણનું જીવન આર્ય દેશનાં પ્રત્યેક માનવી માટે આદર્શરૂપ રહ્યું છે. જીવન અને મરણ બન્ને જેમનાં ધન્ય બનેલાં છે તે મહાપુરૂષોની યશોગાથા કયા શબ્દોમાં વર્ણવી શકાય ?

જુગનાં જુગ વિતી ગયા છતાં જે મહા પુરૂષોનાં પવિત્ર જીવન પર આજે અદ્યાપિપર્યંત કરોડો મનુષ્યો પોતાની શુભ ભાવનાના અર્ઘ્ય ચડાવી રહ્યા છે. મહા પુરૂષો પ્રતિની શું આ જેવી તેવી શુભ મનોકામનાં કહેવાય ?

ઘણીજ ઉંચી મનોકામના કહેવાય. આવા મહાપુરૂષોના આદર્શને જીવનમાં અપનાવનારા પણ પોતાના જીવનને ધન્ય બનાવી લે છે. રામ-લક્ષ્મણ જેવા મહાપુરૂષોને જ સાચા અર્થમાં ખરા દ્રષ્ટા કહી શકાય. આટલાથી આજના વ્યાખ્યાનનું પૂર્વાર્ધ પુરું થાય છે. હવે ઉત્તરાર્ધ આવતી કાલનાં વ્યાખ્યાનમાં કહેવાશે.



દ્રષ્ટા કોણ ?

[ઉત્તરાર્ધ]



દ્રષ્ટા કોણ ? એ વિષય પરનું પૂર્વાર્ધ આપણે ખૂબ વિસ્તારથી વર્ણવી ગયા. આજના વ્યાખ્યાનમાં ઉત્તરાર્ધ પર બોલવાનું છે. વિષય ખૂબજ મૌલિક હોવાથી પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધના બે વિભાગમાં વહેંચી નાંખવો પડયો છે. પૂર્વાર્ધમાં કહેવાઈ ગયું કે, આત્મા જ દ્રષ્ટા છે. જ્ઞાતા ને દ્રષ્ટા એ જીવનો મુખ્ય સ્વભાવ છે. શરીર અને ઇન્દ્રિયોથી આત્માની ભિન્નતા સિદ્ધ કરી બતાવી દેહ તરફનાં મમત્વ ભાવને લીધે અજ્ઞાનીને આત્માજ દેહ સમાન ભાસે છે. પણ બન્નેનાં લક્ષણ જૂદા હોવાથી આત્મા અને શરીર એક નથી પણ ભિન્ન છે. એ વાત પૂર્વાર્ધમાં ખૂબજ છણાવટપૂર્વક સમજાવવામાં આવી છે. અસિ ને મ્યાન દૂરથી જોનારને એક-મેક જેવા ભાસે છે, પણ સમજનાર તો બન્નેને ભિન્ન સ્વરૂપે જ લેખે છે. તેવીજ રીતે શરીર અને આત્મા તત્ત્વ દૃષ્ટિએ અસિ અને મ્યાનની જેમ ભિન્ન છે. છતાં સંસાર પર્યાયમાં રહેલાં આત્માને દેહથી એકાંતે ભિન્ન પણ માની શકાય નહીં અને એકાંતે અભિન્ન પણ માની શકાય નહીં. આ વાત પૂર્વાર્ધમાં છુટી ગઈ છે એટલે ઉત્તરાર્ધમાં થોડો ખુલાસો કરી

લઇએ. શરીરાદિ ત્રણે યોગથી એકાંતે આત્માને ભિન્ન માની લેવામાં આવે તો મન, વચન અને કાયાથી ગમે તેટલાં પાપ આચરવામાં આવે છતાં આત્માને બંધ નહીં પડવો જોઈએ. દાખલા તરીકે તમે ગમે તેટલા પાપ કરો છતાં મને બંધ પડતો નથી કારણ કે હું ને તમે એકાંતે ભિન્ન છીએ.

તેવી રીતે શરીર ને આત્મા પણ એકાંતે ભિન્ન માની લેવાથી શરીરથી હિંસા, અસત્ય, અનાચાર વગેરે ગમે તેવા પાપ આચરવાથી પણ આત્માને કર્મનો બંધ પડશે નહીં અને શાસ્ત્રોએ ત્રણે યોગથી બંધ તો માન્યો છે. શુભ યોગથી શુભનો બંધ માન્યો છે અને અશુભ યોગે અશુભનો માન્યો છે. તેરમાં ગુણસ્થાને જ્યાં કષાયનો સર્વથા અભાવ છે, છતાં યોગને લીધે એક સમયનો પણ બંધ માન્યો છે, જો કે બંધ તો જીવને પોતાના ભાવથી પડે છે, છતાં મિથ્યાત્વાદિ પાંચ મુખ્ય આશ્રવોમાં યોગનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. જીવમાં તેવા શુભાશુભ ભાવો પ્રગટે તેમાં પણ યોગ કારણ રૂપ છે માટે શરીરાદિથી આત્માને એકાંત ભિન્ન માની શકાય નહીં. તેમ એકાંતે અભિન્ન માનવામાં આવે તો આત્મા અને શરીર બન્ને એક થઇ જાય, એટલે નાસ્તિકનો મત આવીને ઉભો રહે. એકાંતે અભિન્ન માનવા જતાં શરીરની સાથે આત્માનો પણ નાશ થઈ જવાનો ! માટે શરીરથી આત્મા એકાંતે ભિન્ન પણ નથી, એકાંતે અભિન્ન પણ નથી, પણ ભિન્નાભિન્ન છે. બસ આજ ખરી અનેકાંત દ્રષ્ટિ છે.

એકાંત ભિન્ન અને એકાંત અભિન્ન પક્ષમાં જે જે દોષો આવતા હતા તેનું ભિન્નાભિન્ન પક્ષમાં નિવારણ થઇ

જાય છે. કોઇ અપેક્ષાએ આત્મા શરીરથી ભિન્ન પણ છે અને કોઈ અપેક્ષાએ અભિન્ન પણ છે. આ રીતનો જે સાપેક્ષવાદ એજ જૈન દર્શનનો મુખ્ય સિદ્ધાંત છે અને તેને જ બીજા શબ્દોમાં સ્યાદ્વાદ કહેવામાં આવે છે. કેટલાકો આત્માને એકાંતે શરીરાદિથી ભિન્ન અથવા અભિન્ન ઠરાવે છે પણ તે તેમનાં ઘોર અજ્ઞાનને જ સૂચવનારૂં છે. જૈન દર્શનનો મુખ્ય સિદ્ધાંત જે સ્યાદ્વાદ છે તેના સ્વરૂપને તેઓ યથાસ્થિત સ્વરૂપમાં સમજી શકયા નથી.

પૂર્વાર્ધમાં નિશ્ચય અને વ્યવહાર પર ખૂબ કહેવાઈ ગએલ છે. એક દ્રવ્ય બીજાં દ્રવ્યનું કયારે અને કંઈ અવસ્થામાં કંઈ પણ કરી શકે નહી તે વિષય ઉપર પણ પૂર્વાર્ધમાં ખૂબ સારી રીતે પ્રકાશ પાડી દીધેલ છે સર્વ આત્માઓને પોતાના આત્મા સમાન દેખનારો અને પરસ્ત્રીને સગી માતા સમાન દેખનારો તેમજ પર ધનને માટીનાં ઢેફા સમ દેખનારો જ સાચો દ્રષ્ટા છે. છેલ્લે લક્ષ્મણજીનું દૃષ્ટાંત આપી પૂર્વાર્ધ પૂરૂં કર્યું હતું. હવે ઉત્તરાર્ધને આગળ લંબાવીએ.

પૂ. વીર વિજયજી મહારાજ પૂજાની ઢાળમાં લખે છે કે,

" જિનઘર તીરથ સુવિહિત આગમ,
દર્શને નયન નિવારી,
ચક્ષુ દર્શનાવરણ કર્મ તે બાંધે,
મૂઢ ગમારી રસીયા,
તુજ મૂર્તિ મોહન ગારી."

જિન મંદિર, શત્રુંજય, ગિરનારાદિ તીર્થો આચાર્યાદિ, સુવિહિત સાધુ ભગવંતો અને જિન આગમના દર્શન-વંદનના લાભથી વંચિત્ રહેનારાં અથવા આટલાને ચક્ષુ ઇન્દ્રિયથી

હૃદયના ભાવ પૂર્વક નહીં નિરખનારા બિચારા ભાગ્યહીન જીવો ભવોભવને માટે ચક્ષુદર્શનાવરણીય કર્મ બાંધે છે, અને તે કર્મના વિપાક તે જીવોને ભવોનાભવો સુધી ભોગવવાં પડે છે. મહાન પુન્યનાં ઉદયે જીવને ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે. હવે પુન્યનાં યોગે મળેલી ઇન્દ્રિયોનો જો સદુપયોગ કરવામાં આવે તો અનંત લાભનું કારણ થાય છે, અને દુરુપયોગ કરવામાં આવે તો ગેરલાભ પણ તેટલું જ થવાનું છે. નાટક–સિનેમા જોવામાં ચક્ષુ ઇન્દ્રિયોનો દુરૂપયોગ કરનારાં મનુષ્યોને દ્રષ્ટા કેમ કહી શકાય ? તેવા પણ દ્રષ્ટા હોય તો પછી ભ્રષ્ટા કોણ કહેવાશે ? આજે મનુષ્યોને સિનેમાનો તો એક પ્રકારનો હરામ ચસ્કો લાગ્યો છે. ફીલ્મ જોવા ઉપડવું એટલે ઘરમાંથી બધાં એકી સાથે જાણે નીકળી જ પડે છે. ફીલ્મ જોવામાં શું નુકશાન છે ? શું તેમાં ગુણ દોષ છે ? બાલ–યુવાન કે વૃદ્ધોમાં પણ સિનેમા જોવાથી કેટલા નબળા સંસ્કાર પડે છે તે અંગેનો તો જાણે કાંઈ વિચાર જ કરવાનો રહેતો નથી.

જેમાં કેવલ પૈસાનો ધુમાડો જ થતો હોય, સમયનો દુરુપયોગ થતો હોય, એટલું જ નહીં પણ સંસ્કાર ધનનું છડે ચોક લીલામ થતું હોય તેવા માર્ગે પૂર્વાપરનો વિચાર કર્યા વિના ચાલી કેમ નીકળાય ? સિનેમાં જોવાથી બાળકોમાં કેટલી બદીઓ પેસે છે ? તેમનાં સંસ્કાર ધનનો કંઈ ખ્યાલ જ કરવાનો નહીં ? તેમનાં ભવિષ્યને શું અંધકારમય બનાવવું છે ? સિનેમા જોવાથી બચ્ચાઓમાં કયા શુભ સંસ્કારો પડવાના છે ? જેમાં કેવલ પાયમાલી જ હોય તેમાં વળી સંસ્કાર ધનની આશા જ કયાંથી રાખી શકાય ?

અંદરના ભાવો બગડતા આત્મા ગબડી એવો પડે કે ફરી પત્તો ન લાગે.

જે રસ્તે જવામાં જીવન–મરણનો સવાલ હોય તે રસ્તે આંખ મીંચીને ચાલી નીકળે તેને શું વિચારક કહી શકાય? સિનેમા જોતા રૂપેરી પડદા પર આવતા અશ્લિલ દ્રશ્યો નિહાળતાં શું અંદરનાં ભાવો નહીં બગડતા હોય? અંદરનાં ભાવો બગડતા તો આત્મા જેવો આત્મા ક્ષણ વારમાં એવો ગબડી પડે કે ફરી અનંત કાળે તેનો પત્તો લાગવો મુશ્કેલ થઈ પડશે. તેમાંય આ કાળમાં તો કેવા કેવા દ્રશ્યો બતાવવામાં આવે છે? માનવીનું અધઃપતન થયા વિના રહેજ નહીં. ધન માલની રક્ષા કરતાં પણ સંસ્કારધનની રક્ષા અતિ જરૂરી છે અને તે માટે જિન મંદિર, તીર્થ, સુવિહિત સાધુ, આગમ, વગેરેના દર્શનથી જીવનમાં ખરી પવિત્રતા આવે છે. જિન મંદિર કે તીર્થયાત્રા વગેરે આત્માને ઉંચે લઈ જવા માટેના પવિત્ર આલંબનો છે.

મુનિ દર્શનનો પણ અપૂર્વ પ્રભાવ

પૂ. વીર વિજયજી મહારાજે પૂજાની ઢાળમાં સ્પષ્ટ કહ્યુ છે કે, જિનઘર, તીર્થ, સુવિહિત સાધુ અને આગમના ભાવથી દર્શન નહીં કરનારા ચક્ષુ દર્શનાવરણીય કર્મ બાંધે છે. તે કર્મ ઉદયમાં આવતા તે જીવો ભવાંતરમાં આંખે કાણા થાય છે, અથવા જન્મથી અંધ હોય છે. દુઃખી અને હીન કુળોમાં અવતાર પામે છે. બીજી રીતે તેવા જીવો આંખની અપેક્ષાએ અલ્પ તેજવાળા બને છે. કોઈ દિવ્ય પ્રકાશ તરફ

જોવું હોય તો આંખે આડો હાથ રાખીને જોતા હોય છે. આ ઉપરથી જણાઈ આવે છે કે પૂર્વભવની કુકર્મોની કુટેવ જાણે હજીએ વિસારે પડી નથી ! જિન પ્રતિમાના દર્શનની જેમ મુનિ દર્શનનો પણ કોઈ અપૂર્વ પ્રભાવ છે ઈલાચીકુમાર મુનિ દર્શનના પ્રભાવે સાક્ષાત કેવલજ્ઞાન પામ્યા છે.

— દ્રષ્ટાંત —

ઘણુંજ પ્રાચીન કાળની વાત છે. તે કાળમાં આ ભરત ક્ષેત્રમાં ઈલાવર્ધન કરીને નગર હતું. ધન-ધાન્યાદિથી તે નગર સંપૂર્ણ હતું. તે કાળમાં રાજા-પ્રજા વચ્ચેના સંબંધો ખૂબ ઉંચા હતા. પૃથ્વીના વાતાવરણમાં ચૌમેર પ્રેમનો દિવ્ય પ્રકાશ હતો. તે કાળનાં લોકો એકલા સ્વાર્થ સામું જ નહીં પણ પરમાર્થ સામું પણ જોનારા હતા. દુઃખીનો સાદ સાંભળીને માનવતાની વહારે દોડનારા તે કાળમાં ઘણાં સજ્જનો હતા. જ્યારે દુનિયામાં એકલી સ્વાર્થની જ પ્રધાનતા થઈ જાય અને પરમાર્થ ભૂલાઈ જાય ત્યારે સમજવું કે, ધરતીનાં પુન્ય પરવારી બેઠા છે. મોટાં મોટા પર્વતોને કે સમુદ્રોને જ્ઞાનીઓએ પૃથ્વીને ભારરૂપ કહ્યા નથી પણ સ્વાર્થી મનુષ્યોને જરૂર પૃથ્વીને ભારરૂપ કહ્યા છે. પૃથ્વીપર કલ્પતરૂ પણ ઉગે ને કંટકતરૂ પણ ઉગે છે. તેમ પૃથ્વી પર સજ્જન અને દુર્જન બન્ને જન્મ ધારણ કરે છે. સજ્જન પોતાના જન્મને સાર્થક કરી જાય છે. જ્યારે દુર્જન મળેલાં જન્મને વ્યર્થ હારી જાય છે. નિરાધાર અને ગરીબ મનુષ્યો માટે કેટલાય મનુષ્યો આધારરૂપ હોય છે, તેવા મનુષ્યોને પૃથ્વીના ભારરૂપ નહીં પણ આભૂષણ રૂપ કહ્યા છે.

ધરતીને આભૂષણ રૂપ

એવા પણ મનુષ્યો પૃથ્વી પર જોવામાં આવે છે કે જેઓ પોતાનું પેટ પણ ભરી શકતા નથી અને એવા પણ પુન્યશાળી મનુષ્યો જોવામાં આવે છે કે, પોતાનું પેટ ભરવાનું તો ઠીક પણ હજારો મનુષ્યોનાં પેટ ભરતા હોય છે. જેના ઘરમાંથી હજારો મનુષ્યોના પેટમાં રોટલો જાય તે જ મનુષ્ય પૃથ્વીને આભૂષણ રૂપ છે. બાકી જેનાં પેટી પટારામાં એકલો BLACK (બ્લેક) નો પૈસોજ જતો હોય તેવા મનુષ્યો આ પૃથ્વીને આભૂષણ રૂપ તો નહીં પરંતુ દુષણ રૂપ તો જરૂર છે.

ઈલાવર્ધન નગરમાં ધનદત્ત કરીને શેઠ હતા. તે શેઠને પુત્ર ન હતો. ગૃહસ્થાશ્રમમાં ઘણાં વર્ષો વિત્યાબાદ તે શેઠને ત્યાં એક પુત્રનો જન્મ થયો અને પુત્રનું નામ, એક ઈલાચી દેવીની પ્રસન્નતાથી પુત્રનો જન્મ થયો એટલે તે દેવીના નામને અનુરૂપ ઈલાચીકુમાર નામ પાડવામાં આવ્યું.

ક્રમે ક્રમે વૃદ્ધિને પામતો ઈલાચી યુવાનીના ઉંબરે આવીને ઉભો રહ્યો, છતાં યૌવનનો ઉન્માદ તેનાં મુખ પર દેખાતો ન્હોતો. જાણે જન્માંતરથી જ વૈરાગ્યનાં સંસ્કાર સાથે લઈને ન આવેલો હોય ! એટલે જ્યારે જુઓ ત્યારે તેના મુખ પર વૈરાગ્ય ભાવનાં દર્શન થતાં હતા. તેના માતા-પિતા ફીકરમાં પડી ગયા. તેમને મનમાં થયા કરે છે કે આ છોકરાને સંસારમાં જરાયે રસ નથી. ઘરમાં અઢળક સમૃદ્ધિ હોવા છતાં મોજ–શોખ કે રંગ–રાગ પ્રતિ આના મનનું લેશ પણ ખેંચાણ નથી. માતા–પિતાને મોટી ફીકર તો એ થઈ પડી

કે આ પરણવાની પણ હા નહીં પાડે તો આપણા મનનાં મનોરથ મનમાં જ રહી જશે ! પરણવાનો તેને આગ્રહ કર્યો પણ ખરો. પણ માતા-પિતાને તેમાં સફળતા ન મળી, એટલે તેમનું અનુમાન સાચું ઠર્યું. માતા-પિતાની ચિંતા ઓર વધી ગઈ.

ઈલાચીના જીવનનું વળાંક આખું જુદીજ દિશા તરફનું છે. તેને મોહાધીન માતા-પિતા લેશ પણ સમજી શકતા નથી. તે ભરયૌવન કાળમાં પ્રવેશેલો હોવા છતાં વિષય-વાસના પર તેણે ખૂબજ કાબુ રાખેલો છે છતાં તે સંસ્કાર સુષુપ્ત રૂપે તો અંદરમાં પડેલાં જ હોય છે. સત્તાગત રહેલા કર્મો કયારેક રાગના નિમિતો ઉપસ્થિત થતાં એવા તો ઉદયમાં આવી જાય છે કે તે કર્મોના ઉદય કાળમાં ભલભલા આત્માઓ મોહાધીન બની જાય છે.

અનાદિની નબળી ચાલ

એકવાર ઘટના એવી બને છે કે, નટ લોકો ઈલાવર્ધન નગરમાં દૂર દૂરના પ્રદેશમાંથી આવી પહોંચે છે. નગરના ચોકમાં વાંસ ઉભા કરીને વિધવિધ પ્રકારનાં ખેલ ખેલી રહ્યા છે. આખા ગામમાં ઢોલનો સાદ પડવાથી હજારો લોકો ખેલ જોવા નિમિતે નગરના મધ્ય ચોકમાં આવી પહોંચ્યા છે. કહેવતમાં પણ કહેવાય છે કે, "દુનિયામાં કયાંય તમાશાને તેડુ હોતું નથી" ધનદત શેઠનો પુત્ર ઈલાચીકુમાર કે જેને સંસારની કોઈ વસ્તુમાં રસ ન હતો તે પણ ખેલ જોવા નિમિતે આવી પહોંચે છે. આજની દુનિયાને સિનેમા જોવાનો

કેટલો બધો મોહ છે ? સંસ્કારી કુટુમ્બનાં કહેવાતા પણ સિનેમા જોવા નિકળી પડે છે. દુનિયાની આ નબળી ચાલ છે જે આજ કાલથી નહીં પણ અનાદિ કાળથી ચાલી આવે છે. કેટલાક દુનિયાનાં આકર્ષણ એવા હોય છે કે ભલભલા મનુષ્યો તે પ્રતિ ખેંચાઈ જાય છે. જેઓ પોતાના મન પર કાબુ રાખી શકે તેવા મનુષ્યો જ તે તે અનિષ્ટોથી બચી શકે છે. અનંત શક્તિનો ધણી આત્મા મન ઇન્દ્રિયોને આધીન બની જાય તેના જેવી બીજી શોચનીય બીના કઈ હોઈ શકે ? મદારી વાંદરાને રમાડે તેમ મન અને ઇન્દ્રિયો જાણે આત્માને રમાડી રહ્યા છે ! આત્માને પોતાની અનંત શક્તિનું ભાન થાય તો તે મન અને ઇન્દ્રિયોને વશ કરી શકે છે.

નટ લોકો વાંસપર ચડીને જીવ સટોસટનો દાવ ખેલી રહ્યા છે. નીચેના ભાગમાં એક અત્યંત સ્વરૂપવાન નટડી પગે ઘુઘરા બાંધીને સુંદર નૃત્યનો પ્રોગ્રામ આપી રહી રહી છે. લોકો આ પ્રયોગો જોઇને આશ્ચર્ય ચકિત બની જાય છે. ઇલાચીકુમારને આ રમતમાં એટલો બધો રસ ન પડયો જેટલો નટડીનાં રૂપમાં રસ પડયો છે. નટડીનાં સૌંદર્ય પર ઇલાચીકુમાર જાણે મુગ્ધ બની જાય છે ! ધારી ધારીને તે નટડી તરફ વારંવાર જોયા જ કરે છે, જાણે તેનાં બન્ને લોચન કમલ પર ભ્રમરની જેમ નટડીનાં મુખારવિંદ પર ચોંટી ગયા છે, આ કહેવાતા કોટયાધિપતિનાં પુત્રને નગરનાં ભલ ભલાં શ્રીમંતોની કન્યાઓમાં જે રૂપ કે સૌંદર્યનાં દર્શન નહોતાં થયા તે આ નટકન્યામાં થયા છે. બસ પૂર્વનાં વિધાતાના લેખ આનેજ

કહેવામાં આવે છે. એટલે સજ્ઝાયના રચયિતા મહાપુરૂષને લખવું પડ્યું છે કે,

કર્મ ન છુટે રે પ્રાણીયા !
પૂર્વ નેહ વિકાર, નિજ કુળ છંડી રે
નટ થયો નાણી શરમ લગાર,

'પૂર્વના સ્નેહનાં સંબંધે ઈલાચીને નટકન્યામાં એટલો બધો રાગ બંધાઈ ગયો છે કે તેના મનમાં હવે તેનું રટણ ચાલ્યા કરે છે. હવે તો તે માતા-પિતાની પણ વાત સાંભળવા તૈયાર નથી. દેવ જેવા દેવો પણ પૂર્વનાં સ્નેહનાં સંબંધે કેટલીકવાર દેવાંગનાઓના બદલે મૃત્યુ લોકની સ્ત્રીઓમાં લપટાઈ જાય છે તો પછી ઈલાચી તો ગમે તેમ મૃત્યુલોકનો માનવી છે, તે લપટાઈ જાય તેમાં કોઈ નવાઈની વાત નથી ! ટુંકમાં બધા બંધનોમાં રાગનું બંધન જ જીવને નિબીડમાં નિબીડ છે. ચાતુર્માસની ઋતુમાં અળસિયા ઉત્પન્ન થાય છે તે અળસિયા જેમ માટીનું જ ભક્ષણ કરતા હોવાથી અંદરથી પણ માટીથી ખરડાય છે અને ઉપરથી પણ શરીર જમીનપર ઢસરડીને ચાલતા હોવાથી માટીથી ખરડાય છે. જીવની પણ આબેહુબ અળસિયા જેવી જ હાલત છે. રાગ-દ્વેષને લીધે જીવ અંદરથી પણ મલીન ભાવોથી ખરડાએલો રહે છે અને બહારથી પણ પ્રતિ સમયે કર્મબંધની અપેક્ષાએ કર્મરજથી લેપાએલો રહે છે.

ભગવંતે પણ ઉત્તરાધ્યયન સૂત્રમાં આ વાત પર વૈધક પ્રકાશ પાડેલો છે.

કાયસા વયસા મત્તે, વિત્તે ગિદ્ધેય ઇત્થિસુ ।
દુહઓ મલં સંચિણઈ, સિસુણાગુવ્વમટ્ટિયં ॥

મન, વચન અને શરીરવડે ધન અને સ્ત્રીઓમાં આસક્ત

બનેલાં મનુષ્યો રાગ અને દ્વેષથી ઉભય પ્રકારે કર્મ મળનો સંચય કરતા હોય છે. અળસિયાના દ્રષ્ટાંતેજ સૂત્રમાં ઘટનાં કરવામાં આવી છે.

જે કેઈ સરીરે સત્તા, વણ્ણે રુવેય સવ્વસો ।
મણસા કાય વક્કેણં, સવ્વે તે દુક્ખ સંભવા ॥

આ ગાથા પણ ઉદ્ધરાધ્યયન સૂત્રની છે. જે કોઈ મનુષ્યો મન, વચન, અને શરીરથી શરીરનાં વર્ણ, ગંધ, અને રૂપમાં આસક્ત બનેલાં હોય છે તે સર્વે મનુષ્યો શરીર અને ધન-વૈભવ માટે અનેક પાપો આચરીને ભવોભવમાં અનંત દુઃખને ભોગવનારાં બને છે, રાગ દશા અને આસક્તિજ દુઃખને જન્મ આપનારી છે. જ્યારે વીતરાગ દશા અનંત સુખને જન્મ આપનારી છે. વીતરાગની સમાધિ અનુપમ હોય છે, તો વીતરાગનું સુખ પણ સર્વોત્તમ હોય છે. જ્યારે સરાગ દશામાં આધિ, વ્યાધિ ને ઉપાધિનો પાર નથી હોતો તેનાં કારણે તેવી સ્થિતિમાં દુઃખ પણ અપરંપાર હોય છે.

કામાંધ શું ન કરે !

ઈલાચીના મનમાં અણુધાર્યું દુઃખ ઉભુ થઈ જાય છે. નટ કન્યાની નૃત્ય કળા જોઈને ઈલાચી તેની ઉપર જાણે આફ્રિન થઈ ગયો. એટલામાં ખેલ પૂરો થઈ જાય છે. નગરજનો બધા વિખરાઈ જાય છે. ઈલાચી પણ પોતાના ઘેર આવે છે, પણ ઈલાચીનાં મનને પેલી નટ કન્યાએ બરોબરનું ચોરી લીધુ છે ! ઈલાચીને હવે ખાવા-પીવામાં રસ રહ્યો નથી. તેની માતા તેને પરાણે-ભાણે બેસાડે; પણ ખાધું ન

આધુ ને તરત ભાણા ઉપરથી ઉભો થઈ જાય છે. બધી સંજ્ઞાઓમાં કામ સંજ્ઞા અતિ બલવત્તર હોય છે. કામાંધ મનુષ્ય પાગલ જેવો બની જાય છે. તે એવો તો અંધ બને છે કે, રાતને દિવસ બન્ને તેના માટે સરખા થઈ જાય છે. ઘુવડ દિવસનાં જોતા નથી ને કાગડા રાત્રીના જોતા નથી. પણ કામાંધ એ તો કોઇ એવો અપૂર્વ કોટીનો અંધ છે કે તે દિવસનાં કે રાતનાં કયારેય પણ જોતો નથી. એટલુંજ નહી પણ તે જાત કે કજાતને પણ જોતો નથી. દુનિયામાં કોઈ એવું અકાર્ય નથી કે જે કામાંધ ન કરે !

રાગ ભલભલાને મૂંઝવે

ઈલાચીને હવે નટડી ન મલે ત્યાં સુધી આખો સંસાર તેના માટે લુખ્ખો થઇ ગયેા. ભવ્ય પ્રાસાદમાં તે રહે છે, પણ જાણે આખું મકાન તેને હવે ખાવા ધાય છે. નટડીનાં અભાવમાં તે ભવ્ય પ્રાસાદ પણ તેને સ્મશાન રૂપ ભાસે છે. જો કે ઈલાચીનેા આત્મા મહાન છે. આ જ ભવે મોક્ષે જનારેા છે. છતાં અત્યારે તેા તેને નટડી તરફનાં રાગે બરોબરનેા ઘેરી લીધેા છે.

ઈલાચીને તેના માતા–પિતા ખાનગીમાં લઈ જઇને પૂછે છે કે, તું હમણાં હમણાં ચિંતાતુર કેમ રહે છે ? તારા મુખ પર ઉદાસીનતા કેમ દેખાય છે ? તું હસતેા નથી ! પ્રેમથી અમારી સાથે બોલતેા પણ નથી ! સરખી રીતે ખાતેા નથી, પીતેા નથી ! તારા મનની વાત જે કાંઈ હોય તે તું અમને કહી દે. ગમે તેમ તેા અમે તારા ભાવતર છીએ, અમારાથી તારે કાંઈ પણ છુપાવવાનું ન હોય ! માતા–પિતાની

વાત સાંભળીને ઇલાચી થોડીવાર તો વિચારમાં પડી જાય છે. ગમે તેમ હોય પણ તેનો જન્મ તો ઉચ્ચ કુળમાં થએલો છે. હૃદયની વાત માતા-પિતાની આગળ કરતાં તેનું મન અંદરથી લજ્જાને અનુભવે છે, છતાં તેને થાય છે કે આ ઝેર મનમાં ક્યા સુધી રાખવું ? એટલે માતા-પિતાને હૃદય ખોલીને બધી વાત કહી દે છે.

પછી તો માતા-પિતા તેને સમજાવવા માટેનાં ઘણાં ઘણાં પ્રયાસો કરે છે. તેને અનેક રીતે સમજાવે છે. તેને ત્યાં સુધી કહે છે કે, આપણા આ શ્રેષ્ઠ કુળને તું કલંક લગાડવા જેવું ન કર ! આપણી કુળ મર્યાદા ઘણી મહાન છે. ઉચ્ચ કુળમાં તારો જન્મ થયો છે, માટે જે પગલું ભરવું હોય તે સમજી-વિચારીને ભર ! આ નટ કન્યા પર તું આટલો બધો મોહાઈ શું ગયો છે ? તું કહે તો આનાથી એ સારામાં સારી અને અત્યંત સ્વરૂપવાન અને વળી કુળવાન એવી કન્યાઓ સાથે તને પરણાવી દઈ એ, પણ તું આ નટડીનો આગ્રહ છોડી દે. આપણું કયું કુળ છે ? કઈ આપણી ખાનદાની છે ? અને તારા પિતાની ગામમાં કેટલી આબરૂ છે ? એ બધી બાબતો તું કેમ ધ્યાનમાં લેતો નથી. સમજુ થઈને તું આવુ કરે એ તારા માટે તો ઠીક પણ અમારા માટે તો ઘણું જ દુઃખ રૂપ છે. આટલી આટલી રીતે સમજાવવા છતાં ઈલાચી એકનો બે ન થયો ! તેણે તો સાફ સાફ શબ્દોમાં પોતાના માતા-પિતાને સંભળાવી દીધું કે હું તો પરણીશ, તો આ નટડી વેરેજ પરણીશ, બાકી બધી સ્ત્રીઓ મારે મા-બહેન સમાન છે.

ઈલાચીનો દ્રઢ નિર્ધાર જાણ્યા પછી તેના પિતાને થયુ

કે હવે ખેંચવા જઈશું તો છોકરો સાવ હાથમાંથી જશે. એટલે ભલે હવે એની ઈચ્છા મુજબ થઈ જાય. એટલે ધનદત્ત શેઠ નટડીનાં પિતાને રૂબરૂમાં બોલાવીને ઈલાચી માટે નટ કન્યાની માંગણી મૂકે છે અને શેઠ તેને અઢળક ધન આપવાને તૈયાર થઈ જાય છે. છતાં નટે એ વાત કબૂલ ન કરી અને કહ્યું કે આ અમારી પુત્રી અમને પ્રાણ કરતાં અધિક છે. અમારી જેવા રંકને ઘેર આ એક મોઘું રત્ન છે. એટલું જ નહી પણ અમારી આજીવિકાનું પણ સાધન હોવાથી આ પુત્રી તો અમારા આખા કુટુમ્બ માટે આધાર શીલારૂપ છે ! માટે જે તેની વેરે અમારી પુત્રીને પરણાવવા અમે તૈયાર નથી. અમારી કળામાં જે કોઇ પારગામી બને અને અમારી સાથે રહીને ગામો ગામ નૃત્ય કળાનાં અને વાંસ પર નાચવાના પ્રયોગો સાંગો–પાંગ પણે ભજવી બતાવે અને તેમ કરતાં કરતાં પોતાની કળા વડે કોઇ રાજાને રીઝવીને લગ્નનાં પ્રસંગે અમારી આખી નાતને જમાડે તે જ અમારી પુત્રીનો ભરથાર બની શકશે. આ અમારી શરતો તમારો પુત્ર સ્વીકારી લે તો તેની મનોકામનાં જરૂર પૂર્ણ થશે, બાકી તે અમારી પુત્રીનો ભરથાર થવા ભલે ઇચ્છે છે પણ અત્યારે તો તેની નાવ મઝધાર છે.

ઉપરના લેબલનો જ ખોટો મોહ

પિતાના મુખેથી બધી વાત સાંભળીને ઈલાચી બધી શરતો કબુલ કરી લે છે. જેમ આજે પણ Love Marrage પ્રેમ લગ્નનાં મોહમાં પડેલાં કેટલાંકો બધી શરતો કબૂલ કરી લે છે. અરે ! કેટલાક તો મુસ્લીમ કન્યાના મોહમાં પડીને મુસલમાન પણ બની જાય છે, તો કેટલાક વળી ખ્રીસ્તી પણ

બને છે. આજની દુનિયાને રૂપનું તો ઘેલું લાગ્યું છે. ભલભલા રૂપ–સૌંદર્યની પાછળ પાગલ બને છે આ કાળના મનુષ્યો જેટલાં બાહ્ય સૌંદર્ય પ્રતિ આકર્ષાએલા છે, તેટલા જ જો અભ્યંતર ગુણ સૌંદર્ય પ્રતિ આકર્ષાયા હોત તો ખરેખર કલ્યાણ થઈ જાત. શરીરની ઉપરની ચામડીમાં ભિન્નતા દેખાય છે. કોઇ Black–કાળા હોય છે. તો કોઈ White–સફેદ હોય છે. આ બધી ભિન્નતા શરીરનાં બાહ્ય સ્વરુપની અપેક્ષાએ છે. ભાકી શરીરનું અંદરનું સ્વરૂપ તો બધાનું સરખું જ છે, દુનિયા ઉપરના Lable લેબલને જોઈને જ મોહ પામે છે, બાકી અંદરમાં તો આ કાયા એકલાં મળ–મૂત્રથીજ ભરેલી છે. મનુષ્યોનાં શરીરના નાક, કાન વગેરે નવ દ્વારમાંથી અને સ્ત્રીઓનાં બાર દ્વારમાંથી નિરંતર નગર બાળની જેમ મળ મૂત્ર વહે જ જાય છે. બહારમાં પડેલી દુર્ગંધને જોઈને મનુષ્યો મોઢું બગાડે છે પણ તે ટાઈમે એમ વિચારતા નથી કે એના એજ અશુચિમય પુદ્ગલોથી આ શરીર ભર્યું પડ્યું છે. રાગ દશાની જગ્યાએ જીવનમાં વૈરાગ્ય ભાવ લાવવો હોય તો એકલું બાહ્ય દ્રષ્ટિએ ન વિચારતાં મનુષ્યોએ અભ્યંતર (અંતરંગ) દ્રષ્ટિએ વિચારવું જોઈએ. રાગનું કારણ જ બાહ્ય દ્રષ્ટિ છે અને વૈરાગ્યનું કારણ તત્વ દ્રષ્ટિ છે.

ઈલાચી બધી શરતો કબૂલ કરીને, માતા–પિતાએ ખૂબ સમજાવવા છતાં નટ લોકોની સાથે ચાલી નીકળે છે. નટ કન્યાની પ્રાપ્તિ વિના અત્યારે તો તેને જીંદગી તદ્દન નિઃસાર લાગે છે. નટ કન્યાની પ્રાપ્તિ એજ તેની જીંદગીનો ધ્યેય બની ગયો છે. ઈલાચી પોતાના બુદ્ધિ બળનાં પ્રભાવે થોડાંક જ સમયમાં નટ વિદ્યામાં પારગામી બની જાય છે. વણીકનો પુત્ર હોવાથી તેની

બુદ્ધિમાં તો ખામી હતી જ નહીં, ફક્ત તેણે વળાંકજ અવળો લીધો છે. વળાંક સવળો લીધો હોત તો કુટુમ્બને તારી દેત. જો કે આગળ જતાં પોતાના આત્માને તો તારી જ દેવાનો છે.

ઇલાચીની કળા પર નટ કન્યાનો પિતા પણ મુગ્ધ બને છે. ગામો ગામ વાંસ પર વિવિધ પ્રકારનાં ખેલ ખેલીને ભલભલાના મનને ઇલાચી જીતી લે છે, નટ કન્યાનો પિતા વિચારે છે કે, ઇલાચી પોતાની કળાના પ્રભાવે ભલભલાનાં મન રીઝવી શકે છે તો કોઇ રાજાને પણ જરૂર રીઝવી શકશે. માટે હવે તો કોઇ એવા શહેરમાં પડાવ નાંખવો છે કે જ્યાંનો રાજા રીઝાઈ જાય, જેથી ઇલાચીની, મારી પુત્રીની અને સૌની મનોકામના પૂર્ણ થઈ જાય.

જે ગામમાં પડાવ હતો ત્યાંથી ઉપાડીને સીધો બેન્નાતટ નગરે પડાવ નાંખ્યો. આખાએ શહેરમાં મોટા પાયા પર જાહેરાત કરવામાં આવી. ગામ આખું ચોકમાં ભેગું થઈ ગયું. રાજાનું સિંહાસન ચોકનાં મધ્યમાં મંડાયું. ઇલાચી અરોબરનો સ્વાંગ સજીને અને રાજાને પ્રણામ કરીને સીધો વાંસ પર ચડી ગયો. આજ ઇલાચીનાં હૃદયમાં હર્ષ સમાતો નહોંતો. તેને નટ કન્યાની પ્રાપ્તિ હવે હાથ વેંતમાં દેખાતી હતી. બસ રાજા રીઝે એટલીવાર હતી. રાજાને રીઝવવા આજે ઇલાચી પોતાની સોળે સોળ કળામાં કામગીરી બજાવી રહ્યો છે. વાંસ પરનો ખેલ બતાવવા જાણે પોતાની જીંદગી હોડમાં મૂકી દીધી છે. ઇલાચી વાંસના આ દોરડાંથી પેલે દોરડે એમ કુદકા મારતો દોડે છે અને વચ્ચે આકાશમાં ઉછળીને ફરી પાછો દોર પર આવી જાય છે. કોઇ વાર એક પગે દોર પર ચાલે છે, તો કોઇ વાર કમાન લેતો દોરડાં પરથી પસાર થઇ

જાય છે. જાણે ઈલાચીએ જીવ સટોસટની બાજી લગાવી છે. લોકો તેની વિધ વિધ ખેલની રમત જોઈને તાલીઓના ગડગડાટથી વધાવી લે છે. ઈલાચી નીચે ઉતરીને રાજાને પ્રણામ કરવા પૂર્વક રાજાની પાસે દાન માંગે છે. રાજા કહે છે મારૂં ચિત્ત વ્યગ્ર હતું, મેં તારો ખેલ જોયો નથી. દાન લેવું હોય તો ફરીવાર ખેલ દેખાડવો પડશે. ઈલાચી ફરી બીજી વાર વાંસ પર ચડે છે. ફરી ખેલ દેખાડે છે. છતાં રાજા રીઝતો નથી. ત્રીજી ને ચોથી વાર વાંસ પર ચડીને વિધ વિધ ખેલ કરે છે, છતાં રાજા તેની વાતને ટલ્લે જ ચડાવે છે પણ રીઝીને દાન આપતો નથી.

ત્યાં ઈલાચી રાજાના મનની વાત જાણી જાય છે. રાજા દાન કયાંથી આપે ? જે નટડીનાં રૂપમાં હું લુબ્ધ બન્યો છું તે જ નટડીનાં રૂપમાં રાજા પણ પતંગીયાની જેમ અંધ બન્યો છે. નટડી તો એક છે, જ્યારે તેનાં હરીફ બે જાગ્યા છે. શિકાર એક ને શિકારી બે, સામસામા તૈયાર થઈ ગયા છે.

વારંવાર ઈલાચીને રાજા વાંસ પર ચડવાની ફરજ એટલા માટે પાડે છે કે, એકાદવાર આનો પગ લપટે ને નીચે પડી જાય તો આ નટડીને હું સ્વાધિન કરી લઉં. મારા અંતેઉરમાં ઘણી મહારાણીઓ છે, પણ આ નટડી જો મારા અંતેઉરમાં આવીને રહે તો મારૂં જીવિત સફળ બની જાય ! બત્રીસ શાક અને તેત્રીસ પકવાન ભાણે બેસીને આરોગનારાં પણ જ્યારે એંઠવાડમાં મોઢુ નાંખે ત્યારે સમજી જ લેવું કે, આ જાતજ અઘોરીની છે. જેનાં અંતેઉરમાં અપ્સરા જેવી મહારાણીઓ હોવા છતાં રાજા જેવો રાજા નટડીમાં લુબ્ધ બને ત્યારે સમજી લેવું કે, એ ધન વૈભવની અપેક્ષાએ

રાજા છે, બાકી ચારિત્રની અપેક્ષાએ રંક છે.
સજઝાયનાં રચયિતા મહર્ષિ ફરમાવે છે કે,

દાન ન આપે રે ભૂપતિ,
નટ જાણે નૃપ વાત;
હું ધન વંછું છું રાયનું,
રાય વંછે મુજ ઘાત;
કર્મ ન છુટે રે પ્રાણીયા.

દુનિયામાં વિધાતાના લેખ કયાંય મિથ્યા થતા નથી અને કરેલાં કર્મ ભોગવ્યા વિના છુટતા નથી. નગરશેઠનો પુત્ર નટડીની પાછળ નટ બન્યો છે, આથી પછી વિધાતાના લેખ કેવા હોય ? ઈલાચીએ રાજાના હૃદયની વાત જાણી લીધી કે હું રાજાનું ધન વંછી રહ્યો છું અને રાજા મારો ઘાત વંછી રહ્યો છે. જેનાં મોહમાં હું ફસાયો છું. તેના જ મોહમાં રાજા ફસાયો છે. એટલે રાજા મારૂ મરણ વાંછે છે, તો હું રાજાનું દ્રવ્ય વાંછી રહ્યો છું ! આ બે મુદ્દામાં તો સંસારનો આખો ચિતાર નજર સામે ખડો થઈ જાય છે. આજે દુનિયામાં મોટે ભાગે મનુષ્યોનાં અધ્યવસાયો એવા સ્વરૂપેજ કામ કરી રહ્યા છે. કોઈનાં માટે કંઇ પણ બોલતા પહેલાં આપણે આપણાં પોતાના અધ્યવસાયો સુધારી લેવા જોઇએ.

ભક્તિમાં જેટલી ન્યૂનતા, તેટલી જ પુન્ય બંધમાં હીનતા !

દાન મેળવવાની નટની ઇચ્છા પુરી થઈ નહીં એટલે નટ નિરાશાને અનુભવી રહ્યો હતો, છતાં તે હજી વાંસડાની

દોર ઉપરજ ઉભેલો હતો. તેને મનમાં વિચાર આવે છે કે, મે આ ચોથી વાર ચડીને પણ વિધ વિધ પ્રકારનાં ખેલ કરી બતાવ્યા છતાં રાજાએ મારી કદર કરી નથી. આ રાજાની પણ મોહાધીનતા કેટલી બધી છે ? એવા સ્વરૂપે નટ જ્યાં વિચારી રહ્યો છે ત્યાં એટલામાં તેની નજર કોઇ દિવ્ય સ્વરૂપધારી મહાપુરૂષ પર પડે છે. મહાન તપસ્વી મહાવ્રતધારી અણગાર કોઈ ગૃહસ્થને ત્યાં વહોરવા નિમિત્તે પધારેલાં છે. ઈલાચી વાંસ પર જ્યાં ખેલ કરી રહ્યો છે ત્યાં તેની પાછળ. આ ગૃહસ્થનું ઘર પડતું હતું.

થાળ ભરી શુદ્ધ મોદકે,
પદ્મણી ઉભી છે બહાર;
લ્યો લ્યો કહે છે લેતાં નથી
ધન ધન મુનિ અવતાર;
કર્મ ન છુટેરે પ્રાણીયા.

શુદ્ધ મોદકનાં થાળ ભરીને પદ્મિની સ્ત્રી મુનિ ભગવંતને વહોરાવવા નિમિત્તે ઘરનાં આંગણુમાં આવીને ઉભેલી છે. લ્યો લ્યો કહે છે છતાં મુનિ થોડું પણ વધારે લેતા નથી. પોતાને બપ પુરતુ જરૂર લીધું છે, લેશ પણ વધારે લેતા નથી. વહોરાવનારનું કેવું સમર્પણ ભાવ છે ? અને વહોરનાર મહામુનિની કેટલી બધી નિઃસ્પૃહતા છે ! પરસ્પરનો કેવો ઉંચો વ્યવહાર છે ? પોતાની શક્તિ હોવા છતાં દેવ, ગુરૂ અને સાધર્મિકની ભક્તિમાં જેટલી ન્યૂનતા રાખે તેટલીજ પુન્યાનુબંધી પુન્યના બંધમાં હીનતા આવે છે, જેટલી પુન્યાનુબંધી પુન્યમાં હીનતા આવે તેટલી જ આગળ

જતાં મોક્ષ માર્ગની આરાધનામાં દીનતા આવે છે. પુન્યાનુબંધી પુન્યનો ઉદય કાળ મોક્ષ માર્ગમાં જીવને ઘણી જ અનુકૂળતા કરી આપે છે જેથી જીવને માર્ગની આરાધનામાં ચિત્તની અપૂર્વ પ્રસન્નતા રહે છે. માટે દેવ, ગુરૂની ભક્તિમાં છતી શક્તિએ જરીએ ખામી આવવા દેશો નહી, નહી તો સામે ફળ પ્રાપ્તિમાં પણ ધમડકો જ થવાનો છે.

મુનિ દર્શનથી ઇલાચીના વિચારોમાં અજબ પરિવર્તન

'લ્યો લ્યો કહે છે, લેતા નથી ધન ધન મુનિ અણગાર' આ ભાવનામાં તો ઉદારતા અને નિઃસ્પૃહતા બન્ને ટોચ ઉપર પહોંચી જાય છે. ઇલાચીની દ્રષ્ટિ આ અનુપમ દ્રશ્ય પર પડે છે અને તેનાં અંતરમાં ખરેખરો દ્રષ્ટાભાવ જાગી જાય છે.

એમ તિહાં મુનિવર વહોરતા,
નટે દેખ્યા મહાભાગ;
ધિગ્ ધિગ્ વિષયારે જીવને,
એમ નટ પામ્યો વૈરાગ
કર્મ ન છુટે રે પ્રાણીયા.

નટની દ્રષ્ટિ મુનિરાજ પર પડતાં તેની વિચારધારામાં જબ્બરજસ્ત પરિવર્તન આવી જાય છે. તપનાં તેજ વડે મુનિરાજની જુવાન કાયા અત્યંત શોભી રહી હતી. મોદકનાં થાળ ભરીને સામે વહોરાવવા નિમિત્તે ઉભેલી પદ્મિની સ્ત્રી

પણ અત્યંત સ્વરૂપવાન હતી, છતાં મુનિરાજ નીચું મુખ રાખીને વહોરી રહ્યા છે. સામે સાક્ષાત્ અપ્સરા ઉભેલી હોવા છતાં મુનિરાજ આંખ ઉંચી કરીને પણ તે તરફ જોતા નથી! તો પછી સૌંદર્ય પ્રતિ મીટ માંડવાની તો વાત જ ક્યાં રહી? આ કાળમાં તો કોઈ અત્યંત સ્વરૂપવાન ન હોય તો એ મનુષ્યોની આંખ ત્યાંથી ખસતી નથી. એકલી વાનરવેડાની પ્રવૃત્તિ આ કાળમાં ચાલી રહી છે. આ વહોરનાર મહાપુરૂષતો સિંહ સમોવડ હતા. વાંસની દોર પર ઉભેલો ઈલાચી વિચારે છે કે, ધન્ય છે આ મુનિરાજને કે સામે અપ્સરા જેવી સ્ત્રી આગ્રહ પૂર્વક વહોરાવી રહી છે. છતાં મુનિરાજ તેની તરફ આંખ પણ ઉંચી કરતા નથી! વાહ? કેવી એમની સંયમની ધાર છે અને ધિક્કાર છે મને કે હું આ નટડીની પાછળ અંધ બન્યો છું. મુનિરાજ લાખ લાખ ધન્યવાદને પાત્ર છે. તો હું લાખ લાખ ધિક્કારને પાત્ર છું.

ભાવનાની શ્રેણીએ આરૂઢ થતા વાંસની દોર પર કેવળજ્ઞાન

વિષયાધીન બની મારા આ જીવતરને હું ધૂળમાં રગદોળી રહ્યો છું જ્યારે આ મુનિરાજ નર જન્મનાં વાસ્તવિક ફળને મેળવવા કેવો યોગ્ય માર્ગે ઉદ્યમ કરી રહ્યા છે? ખરેખર ધન્ય છે એ મહામુનિને, એ જીવનમાં એકલા અમૃતને ઘુંટી રહ્યા જ્યારે હું એકલા કાતીલ ઝેરને ઘુંટી રહ્યો છું. સન્માર્ગથી કેટલો હું દૂર છું? જ્યારે આ મુનિરાજ તો મોક્ષ માર્ગે ઝડપથી આગળ ધપી રહ્યા છે એમ

ચિંતવતા નટ વૈરાગ્યને પામે છે અને તેનો આત્મા શુકલ ધ્યાનની શ્રેણી પર આરૂઢ થઈને ત્યાં ને ત્યાં પેલા વાસની દોર પર જ કેવલજ્ઞાનને પામે છે.

સંવર ભાવે રે કેવલી,
થયો તે કર્મ ખપાય;
કેવલ મહિમા રે સુર કરે,
લબ્ધિવિજય ગુણ ગાય;
કર્મ ન છુટે રે પ્રાણીયા.

દેવો આવીને કેવલજ્ઞાનનો મહિમા કરે છે. વાંસડા ને દોરડાં કયાંય અદ્રશ્ય થઇ ગયા અને તે જગ્યાએ સિંહાસન રચાઇ જાય છે. કેવલજ્ઞાની ઈલાચી મહર્ષિને દેવો સાધુનો વેષ સમર્પે છે, ત્યાર બાદ કેવવજ્ઞાની મહર્ષિ ધર્મ દેશના સંભળાવે છે. કેવલીનો ઉપદેશ સાંભળી નાટક જોવા આવેલા ભવ નાટકનાં સ્વરૂપને સમજી જાય છે. રાજા–રાણી, નટડી વગેરે પણ પ્રતિબોધને પામી ગયા. કહેવતમાં કહેવાય છે કે, પોતે તરે તે અનેકોને તારે છે. ઈલાચીકુમાર નાટક કરતાં સદાકાળને માટે ભવ નાટકમાંથી છુટી ગયા ! મુનિ દર્શનનો પણ કેટલો પ્રભાવ છે કે, દૂરથી દર્શન થયા તેમાં આટલો બધો પલ્ટો આવી ગયો તો પછી મુનિ ભગવંતોનો પરિચય કરવામાં આવે તો લાભ કેમ ન થાય ? સાધુ જીવનનો બલિહારી છે જેના આચાર-વિચાર જોઈને પણ જીવ ધર્મ પામી જાય !

કાર્ય સિદ્ધિમાં નિમિત્તની પણ સંપૂર્ણ જરૂર

જીવ માટે શુભ નિમિત્તો પણ કેટલાં બધાં ઉપકારક છે,

નિમિત્તની અસરને નહીં માનનારાં પણ આ દ્રષ્ટાંત સાંભળીને એકવાર તો જરૂર કાન પકડી જવાના ! કાર્ય સિદ્ધિમાં નિમિત્તની પણ ઘણી જ ઉપયોગિતા છે. એકલાં ઉપાદાન કારણનો જ જોર શોરથી મહિમા કરે કંઇ વળવાનું નથી. આખર જિન મંદિરાદિ તો તેમને પણ ગામો ગામ ઉભા કરવા જ પડે છે. શાસ્ત્રોનાં નિમિત્તને પણ તેઓ અવલંબે છે તો પછી નિમિત્તાને તદ્દન ગૌણ કરીને એકલાં ઉપાદાનનો જ પક્ષ લેવાનો શો અર્થ છે ? ઉપાદાન એ ભલે મૂળ કારણ છે. અને નિમિત્ત બાહ્ય કારણ છે. જેમ માટીમાંથી ઘટ બને તેમાં માટી એ મૂળ ઉપાદાન કારણ છે છતા કુંભકારનાં નિમિત્ત વિના કરોડ વર્ષે પણ માટીમાંથી ઘટ નિર્માણ થતો નથી, તેમ જીવ ઉપાદાન કારણ છે અને દેવ–ગુરૂ, જિન પ્રતિમા આગમ એ બધા નિમિત્ત કારણ છે પણ સદ્‌ગુરૂ કે સત્‌શાસ્ત્રના આલંબન વિના મરૂદેવા માતાના અપવાદ સિવાય કોઈ જીવનો ઉદ્ધાર થયાનું સાંભળવામાં નથી અને તે મરૂદેવા માતાનું દ્રષ્ટાંત પણ શ્વેતામ્બર શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે.

દિગમ્બરો તો સ્ત્રી લિંગે મુક્તિ માનતા નથી ! માટે નિમિત્ત કારણની પણ સંપૂર્ણ બલવત્તરતા હોય છે. મુનિ દર્શનનો પણ કેટલો બધો પ્રભાવ છે તે વાત ઈલાચીનાં દ્રષ્ટાંતે અરાબર સમજાઈ જાય છે. ઈલાચીકુમારે જે દ્રષ્ટિથી મુનિને નિહાળ્યા એજ ખરૂં દ્રષ્ટાપણું છે. સાંસારિક પ્રલોભનની દ્રષ્ટિએ ગમે તેટલીવાર મુનિ દર્શન કરવામાં આવે પણ તેથી વાસ્તવિક લાભ થતો નથી. જિનદર્શન કે મુનિદર્શનમાં પણ

જો ખરૂં દ્રષ્ટાપણું ન આવે તો સમજવું કે જીવની એ ઘોર કમનશીબી છે.

પૂર્વાર્ધની જેમ ઉત્તરાર્ધમાં પણ ખૂબ લંબાણથી કહેવામાં આવ્યું છે. છેલ્લે એટલું જ કહેવાનું છે કે, ઇલાચીની જેમ દ્રષ્ટા બની પરંપરાએ અનંત-જ્ઞાનને અનંત દર્શનનાં ભાગી બનો એજ એક અભિલાષા સાથે ઉત્તરાર્ધ પુરૂં કરાય છે.

ધર્મ વિહીન નર દેહનું નિરૂપયોગીપણું

ભગવાને જગતના જીવોના કલ્યાણ માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર વસ્તુઓની દુર્લભતા બતાવી છે. તેમાં પહેલીજ વસ્તુ મનુષ્યભવ, એ અતિ દુર્લભ છે. આ વાત તો તમે સૌએ સાંભળી હશે, અને મનુષ્યભવ તો દુર્લભ છે જ તે બરાબર પણ તેમાંએ મનુષ્યત્વ તે અતિ દુર્લભ છે. મોતીની કિંમત અંકાય છે, તે કયારે ? તેમાં પાણી હોય તો તેની કિંમત અંકાય છે, તેમ જીવનમાં ધર્મ હોય તો તેની કિંમત છે. એકલાં માનવ દેહથી હરખાવાનું નથી, પણ માનવતા આવે ત્યારે જ મનુષ્યની કિંમત છે. બાકી ધર્મ વગરનું મનુષ્ય દેહ તે દુર્ગતીના ખાડામાં નાખે છે. અને તેવો ધર્મ વગરનો દેહ કેટલો અપવિત્ર અને નિંદ્ય હોય છે તે એક મહાત્મા અને શિયાળનાં સંવાદ ઉપરથી સમજી શકાય છે.

એક મહાત્મા ભર જંગલમાં ધ્યાનસ્થ બેઠેલ હતા. મહાત્માની મુખમુદ્રા ઘણીજ શાન્ત હતી. જાણે એમના મુખારવીન્દ પરથી શાન્ત રસનો ધોધ વહ્યો જતો હતો એ

મહાત્મા જ્યાં બેઠેલ હતા ત્યાં એમનાથી થોડેક દૂર એક મનુષ્યનું મડદું પડેલુ હતું. તે મડદાનું એક શિયાળ ભક્ષણ કરી જવાની તૈયારીમાં હતો. ત્યાં એ મહાત્માનું ધ્યાન પુરૂં થતાં તે શિયાળને એ રીતે સંબોધે છે કે,

રે રે જંબુક મુઞ્ચ મુઞ્ચ સહસા નીચસ્ય નિન્દ્ય વપુઃ ।

રે રે, શિયાળીઆ, તું છોડી દે, છોડી દે, આ નીચ મનુષ્યનું નિન્દાએલું અને અનેક પાપ કર્મોથી ખરડાએલું શરીર છે. તું એને છોડી દે; છોડી દે. ભૂલેચૂકે પણ આ પાપીષ્ટ શરીરનું ભક્ષણ કરીશ નહિં.

મહાત્માનો દિવ્યનાદ સાંભળતાં જ શિયાળ બે ઘડી થંભી જાય છે અને મહાત્માની સામે પોતાનું મોઢુ ઉંચું કરી જાણે મહાત્માની સાથે વાણીના અભાવે હૃદયથી જ વાત ન કરવા માગતો હોય તેમ જણાવે છે કે, પ્રભુ ઘણા દીવસથી ભૂખ્યો છું અને આજે આ મહા મહેનતે ભક્ષ મળ્યો છે તો તેમાં અંતરાય ન કરો—મહાત્મા ફરી કહે છે કે પણ તે ભક્ષણ કરવા જેવું નથી. શિયાળ ભૂખ્યાં ડાંસ જેવો હતો એટલે વચલો રસ્તો શોધી કાઢે છે કે પ્રભુ આપની આજ્ઞા પ્રમાણ છે, એના આખા શરીરનું ભક્ષણ નહિં કરૂં પણ એના હાથનું ભક્ષણ કરૂં તો ? અરે, એ પણ કરવા જેવું નથી.

હસ્તૌ દાન વિવિર્જિતૌ

એના હાથ દાનથી વિવર્જીત હતા. એણે એની આખી જીંદગીમાં સુપાત્રે દાન કર્યું નથી, એટલું જ નહિં પણ

કરનારાઓને પણ અંતરાય નાખેલ છે. એણે એની જિંદગીમાં એકલું ભેગું જ કર્યા કર્યું છે, ભૂલથી ઘુણાક્ષર ન્યાયે પણ એના હાથે સુપાત્રે પડયું નથી.

શાસ્ત્રોમાં ભગવાને દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનાં ધર્મમાં પહેલો જ દાન ધર્મ મૂકયો છે. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રાચાર્યજી મહારાજ ફરમાવે છે તેમ,

ધર્મસ્યાદિ પદં દાનમ્

ધર્મમાં આદિ સ્થાન જો કોઈને પણ હોય તો તે દાન ધર્મને છે દાન ધર્મથી જ ધર્મની શરૂઆત થાય છે. દાન એ જેમ ધર્મનું આદિ પદ છે તેમ દારિદ્રયનું નાશ કરનારૂં છે.

છતાં આપણી બુદ્ધિ એવી છે કે દેવા જઈએ ને ખૂટી જાય તો ? પણ તમો એક વાત તો લખી જ રાખો કે દાન દેવાથી લક્ષ્મી ખૂટવાની જ નથી. હા, પાપોદયથી ખૂટે છે. જ્યારે દાન તો પુન્યની પરંપરાને ટકાવનારૂં છે. શાસ્ત્રોમાં એવા પણ માણસોના દ્રષ્ટાંત આવે છે કે જેમની પાસે તમારી અપેક્ષાએ કશું પણ ન હતું છતાં પોતાની અલ્પશક્તિ પ્રમાણે દાનાદિ સુકૃત કરેલ છે. દાખલા તરીકે પુણિયા શ્રાવક ખૂબજ સંતોષી હતા જે તમારી પાસે છે તેમાંનું તેમની પાસે કાંઈ ન હતું. તેઓ રૂની પુણિયો વેંચીને તેમાંથી દરરોજ ફક્ત ૧૨॥ દોકડા મેળવતા, એક દિવસ પોતે ઉપવાસ કરતા અને જે દિવસે પોતાને પારણું હોય તે દિવસે તેમના પત્નીને ઉપવાસ હોય. જે દિવસે પોતાને પારણું હોય તે દિવસે પોતે સાધર્મિક ભક્તિનું લાભ લેતા અને તેમના પત્નીને પારણું

હોય તે દિવસે તેઓ શ્રાવિકા બહેનની ભક્તિનું લાભ લેતા. દરરોજના ફક્ત સાડાબાર દોકડા મેળવનાર પણ આ રીતે લાભ લઈ શકતા ત્યારે આજે સાડાબાર રોકડા મેળવનાર પણ લાભ તો નથી લેતા પણ ઉલટાં રોદડા રોતા હોય છે. આજે સાધર્મિક ભક્તિ તો તમને સાંભરતી જ નથી. પુણિયા શ્રાવક પોતાની ઘણીજ અલ્પશક્તિ હોવા છતાં લાભ અપૂર્વ લેતાં, જ્યારે તમારો તો પુન્યોદય પણ ખૂબ જાગતો છે તો આવી સોનેરી તક શા માટે તમારે જતી કરવી જોઈએ ? સમય એવો ખરાબ આવી રહ્યો છે કે ઉદારતાથી દાન કરશો તેજ ખાટી જશો.

મમ્મણ શેઠ કે જેમને ત્યાં કોઈ દિવસ સાધુ-મહાત્માના પગલા જ નહોતા થયા તો તેમાં તેઓ શું ખાટી ગયા ? તે મમ્મણ શેઠ પાસે અઢળક ઋદ્ધિ હતી છતાં તેઓ સાતમી નરકે ગયા, જ્યારે પુણિયા શ્રાવક પાસે ભલે લક્ષ્મી ન હતી પણ તેની પાસે શાશ્વત ધન હતું અને સુકૃત કરીને તે ઉંચામાં ઉંચા દેવલોકે ગયા છે.

તમારૂં જીવન તે પુણિયા શ્રાવક જેવું છે કે પછી મમ્મણ શેઠ જેવું ? મહીને એકાદ વખત તો તમારે ત્યાં સાધર્મિક ભક્તિ થતી જ હશે એમ જ માનું ને ? (સભામાંથી માનવા જેવું નથી) તો મમ્મણ શેઠ અને પુણિયા શ્રાવક આ બન્નેમાંથી તમારે કોનો આદર્શ જીવનમાં અપનાવવો છે ?

ધર્મની રક્ષા માટે પૂર્વ કાળના ઘણા મહાપુરૂષોએ પોતાના પ્રાણ પણ અર્પણ કરી દીધા છે. ભોગ આપ્યા વિના સિદ્ધિ સંભવતી નથી. સામાન્ય સ્વરાજ્ય મેળવવાની પછવાડે

પણ કેટલા ભોગ આપવા પડયા છે તો આત્માની સિદ્ધિ પણ કયારે મળે ? તેની પછવાડે પણ ભોગ આપવો જોઈએ ! ભગવાન કયાં આપણને કહે છે કે તું મારી પૂજા કર, ભગવાન તો કૃતકૃત્ય છે. એમને કાંઈ આપણી પૂજાની અપેક્ષા નથી. આપણા કલ્યાણ માટે આપણે પૂજા કરવાની છે તો તે શક્તિ હોય તો ભોગ આપીને કરવી જોઈએ. વ્યવહારમાં બધે ઘસારા વેઠો છો અને એક અહિંઆજ "સસ્તુ ભાડુ અને સિદ્ધપુરની જાત્રા" હવે બ્લેઉં કાલથી કેવીક સામગ્રીથી પૂજા કરવા માંડો છો. યોગીરાજ શ્રી આનંદઘનજી કહે છે કે,

"ધાર તરવારની સોહિલી,
દોહિલી ચઉદમાં જિનતણી ચરણ સેવા"

તલવારની ધાર પર ચાલવું સહેલું છે પણ યોગીરાજ જણાવે છે કે, પ્રભુ ચરણની સેવા દોહિલી છે. એ સેવા કઈ હશે ? આ તમો કરો છો તે ? ભગવાનને બે ચાંદલા દીધા ન દીધા ને તક તક ફરર કું. એ રીતની સેવા દોહિલી હશે ? એ સેવા માટે આચાર્ય ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે,

वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम् ।
आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥

હે વીતરાગ દેવ, આપની આજ્ઞાનું જે પરીપાલન એ જ આપની સાચી પૂજા છે. વીતરાગદેવની ત્રણે કાળ માટે એક જ આજ્ઞા છે કે, આશ્રવ (પાપના કારણ) એ સર્વથા

હેય છે અને સંવર એ સર્વથા ઉપાદેય છે. આશ્રવ એ ભવ હેતુ માટે થાય છે જ્યારે સંવર એ મોક્ષ માટે થાય છે. બસ આટલી જ આ પરમાત્માની આજ્ઞા છે. બાકી બધું શાસ્ત્રોમાં આ આજ્ઞાને સમજાવવા માટેનો વિસ્તાર છે. આ રીતની આજ્ઞાના જે આરાધક હશે તે કલ્યાણ સાધીને મોક્ષે જશે અને આજ્ઞાના વિરાધક હશે તે ભવમાં રખડશે. એ રીતની આજ્ઞાના પાલનરૂપ જે પૂજા છે તે ખાંડાની ધાર ઉપર ચાલવા જેવી છે અને તે જ સાચી સેવા છે. કહો, આમ આજ્ઞાનો મર્મ સમજીને એ વીતરાગદેવની સેવા કરતાં હોઈએ તો એમની તરફ કેવોક બહુમાન જાગે ? ત્યાં આત્મા અંદરમાંથી ઝુમી ઉઠે કે,

"ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો લોક
તે પ્રભુની પૂજા વિના રે, જન્મ ગુમાવ્યો ફોક"

ધન્ય છે શ્રી અરિહંત પરમાત્માને કે જેમણે વસ્તુ સ્વરૂપ ઓળખાવ્યો. અહો ! તે અરિહંત પરમાત્માનો આપણી ઉપર અનંત ઉપકાર છે અને તેવા ઉપકારીની પૂજા-ભક્તિ વગરનું જીવન જીવવું પણ વ્યર્થ છે, અને તે અનંત ઉપકારી વીતરાગ પ્રભુની આજ્ઞાપાલન રૂપ પૂજા તે ભાવ પૂજા છે અને તેની પ્રાપ્તિ માટે દ્રવ્ય પૂજા પણ અતિ ઉપયોગી છે પણ દ્રવ્ય તે ભાવનું કારણ હોવાથી જેવી દ્રવ્ય સામગ્રી હોય, ભાવ પણ તેવા જ આવે છે.

આમાં હું પૂજાનો નિષેધ નથી કરતો પણ કરવાની રીતે કરવાનું કહું છું અને એ રીતે તમો કરતા હો તો મારે કંઈ કહેવાપણું નથી.

ઉદારતાના અભાવે સાધર્મિક ભક્તિ કે પ્રભુ ભક્તિના કોઈપણ કાર્યો દીપતાજ નથી. દાનમાં પહેલી ઉદારતા જોઈએ, અને ધર્મની શરૂઆત જ દાનથી થાય છે. સુપાત્ર દાનનો જોગ મળે તો મહા પુન્યની વાત છે. છેવટે અનુકંપા દાન પણ ન ચુકવું, અને તે તો તમારા પુરૂષો કરતા ધારે તો બહેનો વધુ કરી શકે કારણ કે આખું અન્નક્ષેત્ર (રસોડું) તેમના હાથમાં હોય છે પણ એ પણ જો કપીલાનો અવતાર હોય તો કંઈપણ ન કરી શકે. પેલા મહાત્મા શિયાળને કહે છે કે આ જેનું મુડદું છે તે પણ મમ્મણનોજ અવતાર હતો એણે એના હાથે કોઈને પણ દીધું નથી. ઉલ્ટા દેતાને પણ અટકાવ્યા છે પોતે દે નહીં અને દેતાને અટકાવે એ તો ખરેખર કર્મચંડાલ જ કહેવાય.

દ્રષ્ટાંત :

એક શેઠ હતા. તે દુકાનેથી ઘેર જમવા આવ્યા. ભાણે બેઠાં ત્યાં પત્ની પૂછે છે કે દરરોજ ખૂબ પ્રસન્ન હો છો આજે મોઢુ કેમ મલીન છે? પછી આગળ એ શેઠની ખાસીયત પ્રમાણે પૂછે છે કે :—

कया कुछ गांठसे गिर पडा – क्या किसिको दीध
पत्नी पुछे कंथको क्यों है मुख मलीन ?

ત્યાં શેઠ કહે છે કે મારી ગાંઠેથી તે ખરી પડે? મારી ગાંઠ તો વજ્રની ગાંઠ કહેવાય. મારાથી તે કોઈને દેવાઈ જાય એ કોઈ કાળે બને જ નહિં ફરી પત્ની પૂછે છે કે જો આમાનુ કાંઇ બન્યું નથી તો મોઢું કેમ પડી ગયું છે? ત્યાં શેઠ કારણ દર્શાવે છે કે :—

નહિં કુછ ગાંઠસે ગિર પડા, નહિં કિસિકો દીધ
દેતા દીઠા ઓરકો મુખ ભયા મલીન ॥

ત્યાં પત્ની પણ જરા માથાભારે હતી એટલે તરતજ સંભળાવ્યું કે કોઈ બીજા આપે તેમાં તમારૂં શું જતું હતું ? પણ આવા મનુષ્યોને મનુષ્ય ન કહેવાય પણ મૃત્યુલોકના રાક્ષસોજ કહેવાય.

અંતે શિયાળ હાથ ખાવાનું છોડી દે છે અને મહાત્માને કહે છે કે એના કાન ખાઉં તો ? અરે એ પણ ખાવા જેવા નથી.

શ્રુતિ પુટૌ સારશ્રુતેઃ દ્રોહિણૌ

કારણ કે એણે કાનથી કોઇવાર પણ શાસ્ત્ર શ્રવણ કરેલ નથી. હા ! માત્ર અનેકોની નિંદા–કુથલી સાંભળી છે. જ્યારે કાનની શોભા તો શાસ્ત્ર શ્રવણથી છે. શ્રી ભર્તૃહરી જણાવે છે તેમ,

"श्रोत्रं श्रुते नैव न कुण्डलेन दानेन पाणिर्न तु कङ्कणेन ।
विभाति कायः करुणा पराणाम् परोपकारैर्न तु चन्दनेन ॥"

કાનની શોભા જેમ શાસ્ત્ર શ્રવણથી છે તેમ હાથની શોભા દાન દેવાથી છે, નહિં કે કંકણ પહેરવાથી અથવા ઘડિયાળ ચડાવવાથી. ટુંકમાં આખા શરીરની શોભા ચંદન ચોપડવાથી કે પફ–પાવડરના લપેટા મારવાથી નથી, પણ પરોપકારના કર્તવ્યો કરવાથી છે. ત્યારે આજે તો ઘરમાં રેશન ન હોય તો ચાલે પણ ફેશન પહેલી જોઈએ છીએ.

શિયાળ આગળ વધીને કહે છે કે પ્રભુ કાન પણ નહિં ખાઉં. પણ આંખ ખાઉં તો ? ત્યાં મહાત્મા કહે છે કે :

"नेत्रे साधु विलोकनेन विरहो"

એણે નયનથી સાધુ પુરૂષોના દર્શન કર્યા નથી. શાસ્ત્રોએ સાધુ પુરૂષોના દર્શનનું પણ અપૂર્વ મહાત્મ્ય વર્ણવ્યું છે. જેમકે મહાપુરૂષો ફરમાવે છે કે :—

"साधूनां दर्शन पुण्यं, तीर्थभूताहि साधवः ।
तीर्थः फलति कालेन, सद्यः साधु समागम ॥"

સાધુઓના દર્શનથી પણ મહાપુન્ય થાય છે. સાધુઓને શાસ્ત્રમાં જંગમ તીર્થસ્વરૂપ કહ્યા છે. સ્થાવરતીર્થ તો અમુક કાળે ફળે પણ સાધુનો સમાગમ તો તરતમાં જ ફળદાયી નીવડે છે. યોગીરાજ આનંદઘનજી ફરમાવે છે કે :—

"દેવ અસુર ઇન્દ્રપદ ચાહુ ન, રાજ ન કાજ સમાજ રી ।
સંગતિ સાધુ નિરંતર પાવું, આનંદઘન મહારાજ રી ।
સાધુસંગતિ બિનુ કૈસેં પૈયેં, પરમ મહારસ ધામ રી"

અર્થાત્ દેવ, અસુર અને દેવોના પતિ ઇન્દ્રપદને પણ હું ઇચ્છતો નથી, તેમ કોઈ રાજ્યનો પણ મને પ્રલોભન નથી, તેમ લક્ષ્મી, ઘરબાર, હાટ, હવેલી, સત્તા અને માનપૂજાને પણ ઇચ્છતો નથી, પણ જેનાથી આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય એવા સાધુની સંગતીને જ ઇચ્છું છું, કહો, આ સાધુ સંગતીનો શ્રીઆનંદઘનજીએ કેવોક અપૂર્વ મહાત્મ્ય વર્ણવ્યો છે.

ખરેખર, સંત સમાગમ એ તો પારસમણી જ કહી શકાય. પારસમણીના સમાગમથી લોઢું જેમ સુવર્ણ બની જાય તેમ સંત સમાગમથી આત્મા પણ અંતે પરમાત્મા બની જાય છે પણ આ સમાગમનો લાભ કોઇ પુન્યશાળી આત્માઓ જ લઈ શકે છે. ભાગ્યહીન આત્માઓ તો સંતપુરુષોના દર્શનથી પણ વંચિત રહે છે તો સમાગમની તો વાત જ કયાં રહી ?

શિયાળ આગળ વધીને કહે છે કે પ્રભુ હવે પગનું ભક્ષણ કરૂં તો ? ત્યાં મહાત્મા કહે છે કે :—

पादौ न तीर्थं गतौ

પગથી એ તીર્થયાત્રાએ ગયેા નથી. કદાચ કયારેક એ તીર્થયાત્રાએ ગયેા પણ ખરેા ! પણ પેલા રામા ને રત્નાની જેમ ગયેા.

રામાને રત્નાનું દ્રષ્ટાંત

કોઈ એક ગામમાં રામેા અને રત્નેા નામના સગા બે ભાઈ રહેતા હતા. જાતના કોળી હતા અને બન્નેનેા ધંધેા મચ્છિમારનેા હતેા. ઘણાં વર્ષો સુધી તેવેા પાપનેા ધંધેા કર્યા બાદ બન્નેને એકવાર તીર્થ કરવાની ભાવના થઈ. બન્નેને મનમાં થાય છે કે, આપણે જીંદગીમાં ઘણાં પાપેા આચર્યા અને હવે આપણે બન્ને અવસ્થાલાયક થયા છીએ. માટે છેલ્લી જીંદગીમાં એકવાર બધાં તીર્થોની યાત્રા કરી લઈએ જેથી આપણાં પાતક ખપી જાય !

બન્ને તીર્થ કરવા પ્રયાણ આરંભે છે. સૌથી પહેલ-વહેલા ઘેરથી નીકળીને દ્વારકા જાય છે અને ત્યારબાદ કાશી હરદ્વાર વગેરે અડસઠ તીર્થ કરીને ફરી પાછા ઘેર આવવા પ્રયાણ આરંભી દે છે. પોતાના ગામની નજદીકમાં આવી પહોંચતાં ગામની બહાર આવેલા સરોવરની કિનારે વિશ્રાંતિ લેવા પડાવ નાખ્યો છે.

સરોવર તરફ નજર નાંખતા બન્નેને લાગ્યુ કે, સરોવરમાં માછલાઓની ખૂબ વૃદ્ધિ દેખાય છે. આપણાં છોકરાઓ પ્રમાદી છે. આપણે તો તીર્થ કરવા ગયેલા પણ છોકરાઓએ પાછળ ધંધામાં ધ્યાન દેવાનું હતું પણ સરોવરમાં માછલા જે ઉભરાઈ પડયા છે તે એમ સૂચવે છે કે, આપણાં છોકરાઓ ધંધામાં તદ્દન બેદરકાર રહ્યા છે. અને હવે થશે શું ? આપણે તો ફરી તેવો પાપનો ધંધો નહી કરવાની પ્રતિજ્ઞા કરીને આવ્યા છીએ. આપણાં નિર્વાહનું શું થશે ? બન્ને ચિંતાતુર બની ગયા ! આવા વિચારો આવવાથી અડસઠ તીર્થ કર્યાનો અર્થ શો રહ્યો ?

આવા નબળાં વિચારો કરતા તે બન્ને પાણીથી લીટો દોરતાં ગામમાં પ્રવેશ કરે છે. સંબંધીઓ સ્વાગત કરવા સામા આવે છે.

ત્રણચાર મહિને યાત્રા કરીને ફરી પાછા ઘેર આવતા હોવાથી સંબંધીઓમાં ઉત્સાહ ઘણો હતો. વાજતે-ગાજતે ઘેર લાવ્યા પછી સંબંધીઓ બધા ઘરના ફળીયામાં ભેગા થાય છે. તે બધાની સમક્ષ રામો અને રતનો પોતાના યાત્રા પ્રવાસનું વર્ણન કરે છે; અને કહે છે કે ઘેરથી પહેલ

વહેલા નીકળી અમે દ્વારકાધીશને ભેટવા દ્વારકાએ ગયા ! ત્યાં જઈને શું કર્યું તે દોહરામાં જણાવે છે,

દ્વારકામાં જઈને રે, નાથ મારાને નિહાળ્યા
પાપ તણી ત્યાં કીધી પ્રતિજ્ઞા,
પુન્યના પંથ અજવાળ્યા રે,

તમે લીટે લીટે ચાલો રે, ખાડામાં છે ખદબદીયા !

દ્વારકામાં જઈને નાથને નિહાળ્યા અને દ્વારકાધીશ સમક્ષ પાપ કર્મોની અમે પ્રતિજ્ઞા લઈને આવ્યા છીએ. પણ તમે આ પાણીને લીટે લીટે ચાલ્યા જાવ બહાર સરોવરમાં માછલા ઉભરાઈ પડયા છે. તમે કેમ કોઈએ અમારા ગયા પછી જાળ બિછાવી નથી. એ ધંધો તો આપણી વંશપરંપરાથી ચાલ્યો આવે છે અને છતાં તમે કોઈ ધંધામાં ધ્યાન દેતાં નથી. માટે અમે તો હવે પ્રતિજ્ઞાબદ્ધ છીએ. તમે ઝટ જાળ બંબે નાખીને સીધા લીટે લીટે સરોવરના કિનારે પહોંચી જાવ !

હવે આગળના પ્રવાસનું વર્ણન કરે છે.

ગંગા નાહ્યા, ગોદાવરી નાહ્યા, નાહ્યા ભાગીરથી રેવા,
પ્રયાગ જઈ ત્રિવેણી નાહ્યા ને
કરશું પ્રભુની સેવા રે.

તમે લીટે લીટે ચાલો રે ખાડામાં છે ખદબદીયા.

અમે ગંગા, ગોદાવરી અને ત્રિવેણીમાં નાહી આવ્યા અને પાપ બધાં ધોઈ નાખ્યા માટે અમે હવે પ્રભુની સેવા કરશું અને તમે લીટે લીટે ચાલ્યા જાવ ! હવે છેલ્લા દોહરામાં

વર્ણન એવું કરે છે કે, આવા પ્રકારના યાત્રા પ્રવાસનું કોઇ ફળ નથી !

નાને દીવે થાય દિવાળી અને મોટે દીવે થાય હોળી,
રામોને રતનો ભગત થયા પણ રહ્યા કોળીના કોળી.

ભલે રામો ને રતનો બધા તીર્થ કરી આવ્યા પણ અંતે રહ્યા તો કોળીના કોળી !

તમે પણ વર્ષોના વર્ષોથી વ્યાખ્યાન સાંભળતાં આવ્યા છો, પણ રહ્યા વણીફ્ના વણીફ્–સાચા જૈન બની શકયા નથી. વણીફ્ વૃત્તિમાં સ્વાર્થની પ્રધાનતા હોય છે. તેનો ત્યાગ થાય ત્યારે જીવનમાં સાચું જૈનત્વ આવે છે. ઘણાં તમારા-માંથી શત્રુંજય તીર્થની નવ્વાણુ યાત્રા કરી આવ્યા હશે પણ તેમાંથી એવા કેટલા નીકળશે કે જે યાત્રા કરી આવ્યા બાદ અસત્ય ન બોલ્યા હોય ! વ્યાપારમાં અપ્રમાણિકતા ન આચરતા હોય ! નિંદા કુથલીમાં રસ ન લેતા હોય ! વિશ્વાસ ઘાત જેવા ઘોર પાપ ન આચરતા હોય ! એવા કેટલા નીકળશે ? આવા આવા પાપ કર્મોનો ત્યાગ ન થાય તો આપણી તીર્થયાત્રા અને રામા ને રત્નાની તીર્થયાત્રા વચ્ચે લાંબો અંતર રહેતો નથી. જીવનમાં પવિત્રતા આવે તે જ યાત્રાનું વાસ્તવિક ફળ છે. પગપાળા ચાલીને "છ"રી પાળતા ગુરૂ સંગાતે વિધિપૂર્વક તીર્થયાત્રાએ જવામાં આવે તો જરૂર જીવનમાં સાચી પવિત્રતા આવે ! પણ આજે કયાં પગથી તીર્થયાત્રાએ જાવ છો ? નહિં તો તમારે તો ઘર બેઠાં ગંગા છે. શ્રી ગીરનારજી તથા શ્રી સિદ્ધગિરીજી વગેરે મહાન તીર્થો અહીંથી તો ખૂબજ નજદીક છે અને એ મહાન તીર્થોની

યાત્રા જીંદગીમાં એકાદવાર પણ વિધિપૂર્વક "છ"રી પાળતા કરવી જોઇએ. ત્યારે આજે તો અહીંથી ગાડીમાં બેસીને સીધા પાલીતાણા સ્ટેશને પહોંચે અને પછી ત્યાંથી ઘોડાગાડીમાં બેસી ધર્મશાળાએ પહોંચે અને ત્યાંથી પણ ઘોડાગાડીમાં બેસી તલેટીએ જાય, કેમ એમજ ને ? (સભામાંથી મોટે ભાગે તો એમજ છે) તો પછી સવારના રાઈ પ્રતિક્રમણમાં શું સમજીને બોલો છો કે :-

"એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ
કોડિ સહસ્સ ભવનાં કર્યા, પાપ ખપે તત્કાળ."

તેનો શો અર્થ કરો છો ? છેવટે ધર્મશાળાથી તે ગિરિરાજ સુધી તો તમારે પગે ચાલતાં જ જવું જોઈએ તો તેથી પણ તમારા આત્માને અપૂર્વ લાભ થાય.

તે પછી શિયાળ પેટનું ભક્ષણ કરવા ઇચ્છે છે. મહાત્મા કહે છે કે અરે ! એ તે કરાય.

अन्यायार्जितवित्तपूर्ण मुदरं

એણે એકલું અનીતિથી ઉપાર્જન કરેલા દ્રવ્યથી જ પેટ ભર્યું છે માટે એનું પેટ તો અતિ અપવિત્ર છે.

છેલ્લે હવે એક માથું બાકી રહ્યું છે. શિયાળ કહે છેકે પ્રભુ હવે એ તો બાવા દેશો ને ? મહાત્મા કહે છે કે :-

गर्वेण तुङ्गं शिरः

ગર્વથી એનું મસ્તક અદ્ધરને અદ્ધર રહ્યું છે. કોઇ

દિવસ એણે મહાત્માઓના ચરણમાં માથું ઝુકાવ્યું નથી માટે એ પણ ભક્ષણ કરવા જેવું નથી.

રે રે જંબુક મુઞ્ચ મુઞ્ચ સહસા નીચસ્ય નિન્દ્ય વપુઃ ।

અંતે શિયાળ મડદાનો ત્યાગ કરે છે, આ તો જો કે એક રૂપક દ્રષ્ટાંત છે, પણ એ દ્રષ્ટાંતમાનો ભાવાર્થ તદ્દન યથાર્થ છે અને આમાંથી સાર એ લેવાનો છે કે ધર્મ વગર આ મનુષ્ય શરીરની કોઇ ઉપયોગીતા નથી. ધર્મના અભાવમાં આ શરીર કોડીનું છે. એને એક ગંદકીનો ગાડવો કહીએ તો પણ ચાલે અને એજ શરીરથી જો ધર્મ થતું હોય તો તેની કિંમત ચિંતામણી રત્ન કરતાં પણ અધીક છે માટે આ દેહની સાર્થકતા ધર્મથી જ છે. 'સૌ કોઈ ધર્મપરાયણ બની આ દુર્લભ દેહની સાર્થકતા કરો' એજ મહેચ્છા.



અજીર્ણના ચાર પ્રકાર



પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સોળમાં પાપસ્થાનકની સજ્ઝાયમાં ચાર પ્રકારના અજીર્ણ કહ્યાં છે એ ચારે પ્રકાર સમજવામાં ઘણાં સહેલાં છે પણ આચરવામાં તેટલાં જ કઠીન છે. જુના જમાનાથી એક વાત ચાલી આવે છે કે દુનિયામાં બધું સહેલું છે પણ પચાવવું સહેલું નથી. કાચો પારો જેમ ફુટી નીકળે છે તેમ કેટલીકવાર તપ, ત્યાગ પણ જીવનમાં ફુટી નીકળે છે, અને અભિમાન એવું આવી જાય છે કે, તપ ને ત્યાગ બસ મારામાં જ છે; પછી તેવા મનુષ્યોના જીવનમાં બીજા કોઈના તપ, ત્યાગ અને સદ્ગુણ અંગેની અનુમોદના રહેતી નથી. પોતાને જ સદ્ગુણનો ભંડાર માની બેઠાં હોય તેને અન્યના સદ્ગુણો દ્રષ્ટિમાં આવે કયાંથી ?

જ્યારે શાસ્ત્રમાં ત્યાં સુધી ફરમાવવામાં આવ્યું છે કે, પોતે ષટમાસીતપ કરતો હોય અને બીજામાં તેવું સામર્થ્ય ન હોય ને માત્ર દરરોજ નવકારશીનું જ પચ્ચક્ખાણ કરી શકતો હોય છતાં ષટ્માસીતપ કરનારાએ તેના નવકારશીના પચ્ચક્ખાણની પણ અનુમોદના કરવી જોઈએ અને એવા શુભભાવો મનમાં

લાવવા જોઈએ કે; ધન્ય છે; ભગવાનની આજ્ઞામાં રહીને એટલું પણ કરે છે તેમજ ઓછું તપ કરનારે પોતાનાથી જે અધિક કરતાં હોય તેની પણ ભૂરી ભૂરી અનુમોદના કરવી જોઈએ અને અધિક તપ કરનારે કોઈનો પણ તપ–સંયમમાં વીર્યોલ્લાસ વધે તેવા સુવચનો કહેવાં જોઇએ.

ઓછું કરી શકતા હોય તેની નિંદાકુથલીમાં ઉતરવાનું તો શાસ્ત્રે કયાંય વિધાન કર્યું નથી. ઓછું કરી શકતા હોય તેની તો વાત કયાં રહી; તદ્દન નિર્ગુણીમાં નિર્ગુણી હોય તેવાની નિંદામાં ઉતરવાનું પણ શાસ્ત્રે નિષેધેલ છે. જ્યાં ગુણ દેખાય ત્યાં ગુણાનુરાગ ધરવાનું કહ્યું છે અને નિર્ગુણ ઉપર માધ્યસ્થ ભાવે રહેવાનું કહ્યું છે. કેટલી ઉચ્ચ શ્રેણીનાં શાસ્ત્રોનાં વિધાનો છે, અને આવા શાસ્ત્રોનું સ્વાધ્યાય કરનારા પણ કેટલીકવાર નિંદાકુથલીની અધમ પ્રવૃત્તિમાં કેટલા નીચે ઉતરી જાય છે !

અજીર્ણના ચાર પ્રકાર

ચાર અજીર્ણની વ્યાખ્યા કરતાં પૂ. ઉપાધ્યાયજી ફરમાવે છે કે :–

"ક્રોધ અજીર્ણ તપતણું, જ્ઞાનતણું અહંકાર,
પરનિંદા ક્રિયાતણું વમન અજીર્ણ આહાર"

આ ગાથામાં ફરમાવવામાં આવ્યું છે કે ક્રોધ એ તપનું અજીર્ણ છે. તપસ્વી જો પોતાના સ્વરૂપમાં સાવધાન ન રહે તો સહેજે ક્રોધ આવી જાય છે. તપસ્વીને ક્રોધ આવે તો સમજવું કે તેના તપને કેન્સર લાગુ પડયો. તપ સમતાભાવ પૂર્વકનું

હોય તો તેનું ફળ મહાન છે. યંત્રવડે પીલાવવા છતાં ખંધકસૂરીજીના શિષ્યોએ યંત્રમાં પીલનાર પાલકપર લેશમાત્ર પણ ક્રોધ કર્યો નથી. કારણ કે મોક્ષમાર્ગનો સાર જેમણે જાણ્યો છે તેવા પંડિતો ક્ષમા કરે છે પણ કોઇ ઉપર ક્રોધ કરતાં નથી. ખંધકસૂરીજીના શિષ્યોએ તે સમયે ચિંતવના એવી કરી કે આ યંત્રમાં વ્યવહારનયથી ભલે શરીર પીલાય છે પણ ખરી રીતે તો આપણાં જન્મોજન્મનાં ભેગાં કરેલાં કર્મો પીલાય છે. આવી ભાવનાના બળે શિષ્યો કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા છે માટે તપ ક્ષમા પૂર્વકનું હોવું જોઈએ. તેવા તપથી એકાંતે નિર્જરા છે.

બીજા પ્રકારમાં અહંકાર એ જ્ઞાનનું અજીર્ણ છે. થોડી પણ પોતામાં જાણકારી આવે એટલે તેનું અભિમાન આવી જાય છે. બસ હું જ જ્ઞાતા છું ને હું જ બધાના શાસ્ત્રોનો વેત્તા છું, શાસ્ત્રોના ઉંડા રહસ્યો મેં જ જાણેલાં છે, બીજા ભલે ઉપર ઉપરથી જાણતાં હશે પણ હું તો ઉંડો ઉતરેલો છું.

અરે ભાઈ ! ગમે તેટલો તું ઉંડો ઉતર્યો છે પણ દવાનું સેવન કરવા છતાં તારો વ્યાધિ વધ્યો છે પણ ઘટ્યો નથી. સમ્યગ્જ્ઞાન એ તો પરમ રસાયણ રૂપ છે. તેના સેવનથી તો અહંકારરૂપી વિષમજ્વરનો અંત આવવો જોઇતો હતો તેના બદલે ઉલ્ટો પ્રકોપ વધ્યો છે. આંબાને ફળ આવે કે નમી જાય છે. તેમ જ્ઞાન વધે તેમ નમ્રતા આવવી જોઈએ. અને જ્ઞાનનો અહંકાર આવવાની તૈયાર હોય ત્યારે પૂર્વકાળના મહાપુરૂષોના અગાધ જ્ઞાનનો વિચાર કરવો જોઇએ અને તે

મહાપુરૂષોની અપેક્ષાએ પોતાની લઘુતા વિચારવી જોઈએ. કયાં એ મહાપુરૂષોના જ્ઞાનની પ્રભુતાં અને કયાં મારી લઘુતા! એ મહાપુરૂષો શ્રુત સમુદ્રનો પાર પામી ગએલા હતા. જ્યારે હું તો હજી શ્રુત સાગરને કિનારે ઉભો ઉભો શંખલા વીણી રહ્યો છું. સમ્યગ્જ્ઞાનના ખરાં મોતી હજી મારાં હાથમાં આવ્યાં નથી. એ તો મરજીવા થઈને શ્રુત સાગરમાં ઝંપલાવે તેના જ હાથમાં આવે. ધન્ય છે તે મહાપુરૂષોને કે તેવા મહાજ્ઞાની હોવા છતાં જ્ઞાનનો લેશ પણ ગર્વ કર્યો નથી.

નિંદા એ ક્રિયાનું અજીર્ણ છે, પોતે ગમે તેટલી ક્રિયા કરતાં હોય પણ બીજાની નિંદામા ઉતરે એટલે કરેલી ક્રિયા પર પાણી ફરી જાય. પૂ ધર્મદાસ ગણીએ તો તેવા નિંદકને સ્વવિરચિત ઉપદેશમાળા શાસ્ત્રમાં અદિઠું કલ્યાણકરા કહ્યા છે એટલે તે અદર્શનીય છે. તેનું મોઢું જોવામાં પાપ છે.

જેહને નિંદાની ઢાળ છે, તપ ક્રિયા તસ ફોક.
દેવ કિલ્બિષી તે ઉપજે, એહ ફળ રોકા રોક.

નિંદાની જે મનુષ્યમાં કુચાલ છે તે મનુષ્યોની તપક્રિયા કે ગમે તેવો ત્યાગ હોય તોય તે ફોક છે.

આ વચનો પૂ. ઉપાધ્યાય યશોવિજયજી જેવા મહાપુરૂષે ઉચ્ચારેલા છે. પોતાના ધર્માચાર્ય અને ગુણીજનની નિંદા કરનારા ભવાંતરમાં કદાચ દેવલોકને પામે તો અધમ કિલ્બિષિ દેવ નિકાયમાં ઉત્પન્ન થાય છે. જે દેવ નિકાયમાં હલકા દેવ કહેવાય છે. તે દેવોને ઈન્દ્રસભામાં પણ બેસવાનો અધિકાર મળતો નથી.

દોષ નજરથી નિંદા હુએ,
ગુણ નજરે હુએ રાગ,
જગ સવિ ચાલે માદલ મઢ્યો,
સર્વગુણી વીતરાગ હો સુંદર,
પાપસ્થાનક તજો સોલમું.

દોષ દૃષ્ટિથી નિંદા થાય છે અને ગુણ નજરથી ગુણાનુરાગ થાય છે. પૃથ્વીમાં જ્યાં ત્યાં કાંટા વેરાયેલા હોય તો કંઈ આખી ધરતીને ચામડેથી મઢી ન શકાય. પોતે બચવાનો ઉપાય કરી લેવો, તેમ દોષોથી પોતાના આત્માને બચાવી લેવો, બાકી દરેકમાં દોષો રહેલા છે. આપણે પણ અનંતા દોષોથી ભરેલાં છીએ.

સર્વ ગુણસંપન્ન તો ફકત વીતરાગ છે, માટે તપ જપનું ફળ મેળવવું હોય તો ગુણાનુરાગી બનવું અને દ્રષ્ટિમાંથી દ્રષ્ટિદોષ કાઢી નાખવો. પોતાનાથી અધિક કરતાં હોય તેવા પ્રતિ પૂજ્યભાવ જોઈએ અને ઓછી ક્રિયા કરતાં હોય તેવાની પણ હૃદયમાં અનુમોદના કરવી જોઈએ કે ધન્ય છે આ જિનાજ્ઞામાં રહીને આટલી પણ શુભ પ્રવૃત્તિ કરે છે. મોક્ષના અસંખ્ય યોગ છે. એક એક યોગના આલંબને અનંતા મોક્ષે ગયા છે, માટે આ મહાપુરૂષને પણ ધન્ય છે કે જેમણે તરવાનું પાટીયા જેવું પણ આલંબન પકડી રાખેલું છે. કોઈ બાહ્ય તપ વગેરે એછું કરી શકતા હોય ને સ્વાધ્યાયાદિમાં રમણતાં રાખતાં હોય તો સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચના આલંબને પણ ઘણાં તરી ગયા છે.

કોઈ મહાપુરૂષોને તેવો પુન્યોદય ને પ્રભાવના યોગ હોય કે અનેકોને ધર્મના રસ્તે ચડાવતા હોય અને અનેક ધર્મના પ્રસંગો તેમની નિશ્રામાં ઊજવાતા હોય અને બને તેટલી શાસનની પ્રભાવના કરતાં હોય તો તેવા પુરુષો પ્રતિ પણ પ્રમોદ ભાવના વ્યકત કરવી જોઇએ. મૈત્ર્યાદિ ભાવનાયુકત અનુષ્ઠાનને ધર્મ જ કહેવામાં આવે છે.

અવિરૂદ્ધ એવા વચનથી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા સામાયિક-પ્રતિક્રમણનાં અનુષ્ઠાન ધર્મ છે પણ મૈત્ર્યાદિ ભાવનાથી સંયુકત જોઈએ.

નિંદા, પૈશુન્ય અને અભ્યાખ્યાન એ ત્રણે પાપસ્થાનકો મીઠાં રોગ જેવા છે. પારકા મોઢે દ્વેષ બુદ્ધિથી અથવા સામાને હલકો પાડવાની બુદ્ધિથી કોઈની પણ વાત કરવી તે નિંદા પાપસ્થાનક છે.

દશવૈકાલિક અને દશાશ્રુત સૂત્રમાં સાફ શબ્દોમાં લખ્યું છે કે, પૂંઠ પાછળ કોઇની નબળી વાત કરવી નહીં. पिट्ठिमंसंन भक्खेज्जा मायामोसं विवज्जए

આ શબ્દો દશવૈકાલિકના છે. પૂંઠ પછવાડે કોઇની વાત કરવી એ શરીરનાં પાછળના ભાગમાંથી જે નીકળે છે તેનું ભક્ષણ કરવા બરાબર છે. નિંદકને જ્ઞાનીએ ચંડાલ કહ્યો છે. આવા વિધાનો શાસ્ત્રમાં હોવા છતાં આજે કેટલાકોને ચા પીધાં વિના ચાલશે પણ કોકની આધી-પાછી કર્યા વિના નહીં ચાલે!

કોઇના મોઢે બીજાની ચાડી કરવી તેને પૈશુન્ય કહેવાય અને કોઈ પર ખોટાં આળ ચડાવવાં તેને અભ્યાખ્યાન કહેવામાં આવે છે. અઢાર પાપસ્થાનકમાં આ પાપસ્થાનકની પણ ગણના છે. દરરોજ આલોવવા છતાં આ ત્રણે પાપસ્થાનકો હાલતાં સેવાઈ જાય છે. તેને મીઠા રોગ જેવા એટલા માટે કહ્યા છે કે તેના સેવનમાં મનુષ્યોને મઝા પડે છે પણ તેમને એ ખ્યાલ રહેતો નથી કે ભવિષ્યમાં સજા કેવી ભોગવવી પડશે ? આ ત્રણે પાપસ્થાનકના સેવનમાં મનુષ્યો એવા ટેવાઈ જાય છે કે તેને આ હું પાપ કરી રહ્યો છું એટલું એ ભાન રહેતું નથી.

અજીર્ણનો ચોથો પ્રકાર આહાર અંગેનો છે. વધારે પડતો આહાર લેવાઈ ગયો હોય તો આહારનું પણ અજીર્ણ થાય છે ખાટા ઓડકાર, વમન એ આહારનું અજીર્ણ છે. આ છેલ્લો પ્રકાર એવો છે કે, તેમા સૌ સમજી શકે છે. છેલ્લા અજીર્ણના દોષમાંથી બચવાનો ઉપાય એ છે કે થોડો ટાઇમ ભોજનનો ત્યાગ કરી દેવો, એટલે અજીર્ણનો દોષ મટી જાય. આહારના અજીર્ણ કરતાં શરૂઆતના તપ, જ્ઞાન અને ક્રિયાના અજીર્ણો અતિ ભયંકર છે અને તે અજીર્ણોથી જીવને વધારે નુકશાન થાય છે.

વસ્તુ પચે તો અમૃત નહી તો ઝેર

આ ચારે પ્રકાર મહાન જ્ઞાની પુરૂષોએ કહેલા છે. કોઈનો પણ ઉત્કર્ષ જોઈને મનમાં રાજી થવુ પણ બળાપો

નહીં કાઢવો. પોતાનો પુન્યોદય પાતળો હોય તેમાં બીજાને શા માટે વખોડવા જોઈએ ? સૌનાં કર્મો સૌને ભોગવવાના હોય છે, છતાં જીવ બીજાની ભાંજગડમાંથી ઉંચો આવતો નથી !

સંક્ષેપમાં, વસ્તુ પચે તો અમૃત છે, બાકી જીરવી ન જાણે તો અમૃત પણ હલાહલરૂપે પરિણમે છે. માટે અજીર્ણના ચારે પ્રકારને ત્યજી જીવનમાં વસ્તુને પચાવતા શીખો એજ મંગલ કામના.

શ્રી ધન્નાજીનો ત્યાગ
અને
શાલીભદ્રનો વૈરાગ

શ્રી ધન્નાજી અને શાલીભદ્રજી બન્ને સંસારી પક્ષે સાળા–બનેવી થતા હતા. શ્રી શાલીભદ્રના ધન્નાજી બનેવી થતા હતા. બન્ને રાજગૃહી નગરીના રહેવાસી હતા. એક કાકંદીના ધન્ના પણ થયા છે. પણ આજના વ્યાખ્યાનમાં જેમના વિષે વિવેચન કરવું છે તે ધન્નાજી રાજગૃહી નગરીના હતા. ધન્નાજીના જીવનમાં ત્યાગ ઉત્કૃષ્ટ હતો તો શાલીભદ્રજીનાં જીવનમાં વૈરાગ્ય ઉત્કૃષ્ટ હતો બન્ને મહાન મોક્ષગામી આત્માઓ હતા, એવા મહાન પુરુષોનાં ગુણોનું ગુણાનુવાદ કરીએ તો આપણાં ભવોભવનાં કર્મો ખપી જાય, બન્ને મહાન ગર્ભ શ્રીમંત હોવાની સાથે બન્નેને ત્યાં અપ્સરા જેવી સ્ત્રીઓ હોવા છતાં અને ભર યૌવનકાળમાં દેવતાઈ ભોગોને ભોગવતા હોવા છતાં જરાક નિમિત્ત મળી જતાં ક્ષણવારમાં સંસારનો ત્યાગ કરીને અણગારપણું અંગીકાર કરી લીધું. આ વાત તેમનાં જીવનમાં જેવી તેવી ન હતી.

શ્રી શાલીભદ્રને ત્યાં અપ્સરા જેવી બત્રીસ સ્ત્રીઓ હતી અને ધન્નાજીને ત્યાં આઠ હતી. શાલીભદ્રને ત્યાં તો દરરોજની દેવલોકમાંથી નવ્વાણુ પેટીઓ ઉતરતી હતી, જેમાંથી દરેક પ્રકારની ભોગસામગ્રી અને અલંકારાદિ મળી આવતાં હતાં. આવા દેવતાઇ વૈભવના સ્વામી માત્ર એક સ્વામી શબ્દ સાંભળીને પ્રતિબોધ પામ્યા છે. અને એવું જ એક વચન સાંભળીને ધન્નાજી પ્રતિબોધ પામ્યા છે. આ બધા વિષયો પર આજનાં વ્યાખ્યાનમાં આપણે વિગતવાર વિવેચન કરવાનું છે. તે પહેલાં એટલું જરૂર સમજી લેવાનું છે કે શ્રી ધન્નાજીનો જે ત્યાગ હતો તે એકલો બાહ્ય ત્યાગ જ નહીં પણ અભ્યંતર ત્યાગપૂર્વકનો તેમનો બાહ્ય ત્યાગ હતો. ધન વૈભવ અને કુટુંબ–કબીલાનો ત્યાગ એ બાહ્ય ત્યાગ છે અને અંદરનાં રાગદ્વેષાદિનો જે ત્યાગ તે અભ્યંતર ત્યાગ છે. સર્પના શરીર પર કાંચળી વીંટળાઈ જાય છે અને અમુક સમયે સર્પ કાંચળીનો ત્યાગ કરી દે છે. હવે સર્પે કાંચળીનો ત્યાગ કર્યો એટલે શું તે ત્યાગી બની ગયો કહેવાય ? હજી તેની દાઢમાં ઝેર તો એવું ને એવું ભર્યું છે માટે કંચુક–ત્યાગ એ સર્પનો બાહ્ય ત્યાગ કહેવાય. અને અંદરની વિષ ગ્રંથિનો જે ત્યાગ તે અભ્યંતર ત્યાગ કહેવાય.

विषयैः कि परित्यक्तैर्जागर्ति ममतायदि ।
त्यागात् कच्चुक मात्रस्य भुजंगो नही निर्विषः ॥

રાગ ઘટે તો ત્યાગ સફલ કહેવાય

જો હૃદયમાં મમતા જાગૃત છે તો વિષયોનાં એકલા બાહ્ય ત્યાગથી શું ? કાંચળી માત્રનાં ત્યાગથી કંઈ સર્પ નિર્વિષ બની જતો નથી. આ વ્યાખ્યા પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે શ્રી અધ્યાત્મસાર ગ્રંથમાં ફરમાવી છે. જે સાંભળતાં ભલભલાનાં હૈયાં હાલી જાય તેવી વ્યાખ્યા ફરમાવી છે. માનવી બાહ્યથી વિષયોનો અથવા પદાર્થોનો ત્યાગ કરે અને અંદરમાં તે તે વિષયો પરત્વેની આશક્તિને પોષ્યા કરે તો તેવા એકલા બાહ્ય ત્યાગથી કયો અર્થ સરવાનો છે–**ઉપરથી તજે અને અંદરમાં તેની તે વસ્તુને ભજે એમ કરવાથી કોઈ અર્થ સરે નહીં ! જેનો ત્યાગ કરીએ તેનો રાગ છૂટવો જોઈએ તો એ ત્યાગ વાસ્તવિક ત્યાગ કહેવાય અને તેવો ત્યાગ પરંપરાએ આત્માને વીત-રાગ બનાવે.** આ તો આઠ મહિના ભાજીપાલવ ન ખાય અને જેવું કાર્ત્તિક પૂર્ણિમા પછી છૂટું થાય ત્યાં હાશ હવે પાંદડું છૂટું થયું એટલે પછી ભાજી–પાલવ અને પાંદડા પર જાણે તૂટી જ પડે. અરે ! ભાઈ તેં આઠ મહિના જે ચીજનો ત્યાગ રાખ્યો તે પ્રતિનો રાગ જરાએ ઘટયો નહીં. ઠીક છે કે તું એમ કહી શકે જે વસ્તુ આઠ મહિના અભક્ષ્ય હતી તે હવેથી ચાર મહિના માટે ભક્ષ્ય બને છે. તે વસ્તુનું સેવન કરવું હોય તો હવેથી થઈ શકે. આવી રીતે સહજ સ્વભાવે ઘટના કરવી હોય તો કરી શકાય. જેનો ત્યાગ કરીએ તેની આસક્તિ તો ઓછી થવી જોઇએ તો એ ત્યાગ અત્યંત ફળદાયક નિવડે.

વૈરાગ્યના ત્રણ પ્રકાર :

સાધુપણું અંગીકાર કરનાર કુટુંબ–કબીલાનો ધન–વૈભવનો બાહ્ય ત્યાગ કરે એ કંચુક–ત્યાગ કહેવાય. જેમ સર્પ કાંચળી છોડે તેવો ત્યાગ કહી શકાય, પણ અંદરનાં રાગદ્વેષાદિનો જ્યારે ત્યાગ કરે ત્યારે તે ત્યાગ વાસ્તવિક કહેવાય, જેને બીજા શબ્દોમાં ગ્રંથિ–ત્યાગ કહેવાય. રાગદ્વેષ એ જ અંદરની વિષ ગ્રંથિ કહેવાય. એ ગ્રંથિને તોડ્યા વિના આત્મા ન તો સમ્યક્‌ત્વને પામે કે ન વાસ્તવિક ચારિત્રને પામે, માટે ધન્નાજીનો ત્યાગ અભ્યંતર ત્યાગના ધ્યેયપૂર્વકનો ત્યાગ હતો, **સાચો વૈરાગ્ય જીવનમાં પ્રગટ્યા વિના કોઈ પણ આત્મા ત્યાગ કરી શકતો નથી. પહેલું વૈરાગ આવે અને પછી ત્યાગ આવે છે. વૈરાગ્ય પ્રગટ્યા વિના ત્યાગ આવી શકે નહીં અને આવેલો ત્યાગ પણ વૈરાગ્ય વિના ટકી શકે નહીં**, માટે ધન્નાજીના જીવનમાં પણ ત્યાગ અને વૈરાગ્યનો સાંગોપાંગ સુમેળ હતો છતાં આપણે વિષય રાખ્યો છે. શ્રી ધન્નાજીનો ત્યાગ અને શાલીભદ્રનો વૈરાગ એ તો બન્નેનાં જીવનમાં એક એક ગુણની પ્રધાનતા અંગે ઉપરોક્ત વિષય રાખ્યો છે. શ્રી શાલીભદ્રજીએ ત્યાગ ઉત્કૃષ્ટ કર્યો છે અને વૈરાગ્ય પણ તેમનામાં ઉત્કૃષ્ટ હતો. તેમનાં જીવનમાં જે વૈરાગ્ય હતો. તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હતો. દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એવા વૈરાગ્યનાં ત્રણ વિભાગ પડે છે. ઉપરાઉપરી સંસારમાં દુઃખો પડ્યા કરે મનમાં વૈરાગ્ય આવી જાય કે આના કરતાં સાધુપણું શું ખોટું છે ?

અહીં પૂરું આવાયે મળતું નથી અને સાધુપણામાં તો લોકો મોદક વહોરાવે છે. આવા ભાવથી દીક્ષા લેવાય તે દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય. દુઃખગર્ભિત વૈરાગ્યથી કેટલાકો દિક્ષા અંગીકાર કરે છે પણ પાછળથી દુઃખગર્ભિત વૈરાગ્ય જો જ્ઞાનગર્ભિતમાં પલટાઈ જાય તો આત્માનું જરૂર હિત સધાઈ જાય, પણ તેવું કોઈક જ માટે બને છે. બાકી ઘરનું દુઃખમય વાતાવરણ જોઈને દિક્ષા લીધી હોય અને પાછળથી સાંભળે કે હવે તો મારા કુટુંબીઓ પાસે કરોડો રૂપીયા થઈ ગયા છે એટલે દિક્ષા છોડીને ફરી પાછા ઘરભેગા થઈ જાય. **દુઃખગર્ભિત વૈરાગ્યનો આ કરુણમાં કરુણ અંજામ કહેવાય. દુઃખની અસારતા સમજમાં આવવી ઘણી સહેલી છે, પણ સંસારના પૌદ્ગલિક સુખોની અસારતા ન સમજાય ત્યાં સુધી વૈરાગ્ય કાચું જ રહેવાનું. દુઃખ કરતાં પણ પૌદ્ગલિક સુખ આત્મા માટે ખતરનાક છે. આટલી સમજમાં જ જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું બીજ રહેલું છે.** સુખ ભયંકર એટલા માટે છે કે ભોગવવાના સમયે સુખ તો ક્ષણ પૂરતું જ હોય છે પણ પાછળથી દુઃખ અનંત કાળ સુધી ભોગવવુ પડે છે. એક નામનું સુખ ભોગવવા જતાં અનંત દુઃખ લલાટે લખાઈ જાય છે. આસક્તિપૂર્વક ભોગવાતા વૈષયિક સુખોને જ્ઞાનીઓએ પરિણામે અતિ દારુણ કહ્યા છે, જીવની દૃષ્ટિ સીર્ફ વર્તમાન ઉપર છે એટલે જીવ તેવા કૃત્રિમ વૈષયિક સુખોમાં સુખ માની બેઠો છે. દૃષ્ટિને જરાક આગળ લંબાવે તો સુખ પરથી જીવનું મન ઉભગી ગયા વિના રહે જ નહીં.

વર્ષોથી ભોગવેલા સુખો પર લાવારસ ફરી વળતા વાર કેટલી ?

કનક-કામિની અને ધન-વૈભવ અંગેનાં સુખોને જીવ વર્ષોથી ભોગવતો હોય, ખૂબ અમનચમન કરતો હોય પણ કયારેક સંસારમાં અઘટિત બનાવ એવો બની જાય કે ભોગ-વેલા સુખો પર પાણી ફરી વળે. પાણી ફરી વળે ત્યાં સુધી તો ઠીક પણ કયારેક તો લાવારસ ફરી વળે ? એકના એક વહાલસોયા દિકરાનો વિયોગ થઈ જાય, જેને પ્રાણ કરતાં અધિક પ્રિય માની હોય તેવી પત્નીનો અણધાર્યો વિયોગ થઈ જાય, વ્યાપારમાં ફટકો એવો લાગે કે એકી સાથે લાખો-કરોડો ચાલ્યા જાય; બસ એ સમયે દુઃખનો જે અનુભવ થાય તે તો અનુભવનારા જ જાણી શકે. વેદન કરનારો આત્મા પોતે છે તેને જ ખબર હોય કે એ સમયની અંતરની વેદના કેવા પ્રકારની હોય છે ! તીવ્રાતિતીવ્ર વેદના જીવ એ સમયે અનુભવતો હોય છે. હવે વર્ષોથી ભોગવેલાં સુખ પર આ લાવારસ જ ફરી વળ્યું કહેવાય કે બીજું કાંઈ કહેવાય ?

દૂધપાક-પૂરીનું જમણ હોય અને ભાણે બેસીને ટેસથી દૂધપાક પૂરી જમ્યા હો. વચમાં વચમાં બમણ પણ સારી પેઠે ઝાપટયું હોય, તેમાં અપૂર્વ સ્વાદિષ્ટતાનો અનુભવ કર્યો હોય. હવે દૂધપાક પૂરીનું જમણ હોય એટલે છેલ્લે કઢી-ભાત પીરસવામાં આવે. દૂધપાક બધો હોય એટલે છેલ્લે ભાતમાં દાળ ન પીરસાય. મોટેભાગે કઢી પીરસાય છે.

દૂધપાકનું જમણ હોય એટલે તેમાં કઢી જ ભળે, દાળ તેમાં ભળે નહીં. છેલ્લે વાટકો ભરીને કઢી પી જાય એટલે દૂધપાક હજમ થઈ જાય. હવે છેલ્લે કઢી-ભાત આરોગતાં છેલ્લા કોળીયે જો માખી આવી જાય તો જેટલું ખાધેલું હોય તે બધું ક્ષણવારમાં ઓકાવી નંખાવે-ઓકાવડાવે એ તો ઠીક પણ છઠ્ઠીનું ધાવણ કાઢી નાંખે ! અને ભાઈને કેટલીક વાર ખબરે ન પડે કે આ તે માખી આવી કે મેથીનો દાણો આવ્યો ! કારણ કે મેથીનો દાણો સીઝી ગયા પછી આ તે મેથીનો દાણો છે કે માખી છે તેની કશી ખબર પડતી નથી. ગમે તેવી ભોજનમાં સ્વાદિષ્ટતા માણી હોય પણ છેલ્લે કોળીયે મક્ષીકાપાત થઈ જાય એટલે સ્વાદિષ્ટતાની જગ્યાએ ખાધેલું બધું ઓકાઈ જાય. બસ તેવી રીતે સાંસારિક સુખો ભોગવીને અજ્ઞાની મનુષ્યો તેમાં અલમસ્ત બની ગયા હોય, પણ કયારેક ઓચિંતો અને અણધાર્યો ફટકો એવો લાગી જાય કે શોક ને સંતાપનો પાર રહેતો નથી માટે સંસારનાં કામ-ભોગાદિનાં સુખોમાં જીવે જરાયે રાચવા જેવું નથી.

હાડકાં જેવી તુચ્છ વસ્તુની અસારતા શ્વાનને સમજાતી નથી, તેમ ભોગ અને પરિગ્રહની અસારતા પણ કોઈ વિરલા સમજી શકે

સુકાઈ ગયેલા હાડકાને કૂતરો બટકા ભરતો હોય એટલે તેના દાંતના જડબામાંથી લોહી ટપકવા માંડે અને તે લોહી હાડકા ઉપર પડે, એટલે કૂતરો એમ માની લે છે કે

આ લોહીનો સ્વાદ મને હાડકામાંથી મળે છે. હવે ખરી રીતે પોતાના જ જડબામાંથી લોહી ટપકે છે છતાં કૂતરાની સમજ એવી વિપરીત છે કે જાણે આ લોહીનો સ્વાદ હાડકામાંથી પોતાને મળે છે. તે ટાઈમે જોડે ઈન્દ્ર આવીને ઊભેલો હોય તો કૂતરાને શંકા એવી જાય કે કયાંક આ મારું આંચકી લેશે તો ? એટલે એ મનમાં ભલે તેની પડખે ઈન્દ્ર આવીને ઊભો હોય તોયે શંકાતો હોય છે. હવે તે કૂતરાને ઈન્દ્ર હોય કે પછી કોઈ મહાન બૃહસ્પતિ હોય–કોઈની તાકાત છે કે હાડકાની અસારતા કોઈ તેને સમજાવી શકે ? બિલકુલ સૂકું હાડકું છે તેમાં માંસ કે લોહી જેવું કશું નથી છતાં ભલભલા બૃહસ્પતિઓ પણ તે હાડકાની નિઃસારતા કૂતરાને સમજાવી શકતા નથી. કોઈ તત્ત્વજ્ઞાનની છોળ ઉડાડી દે પણ તે વસ્તુની અસારતા શ્વાનને સમજાવાની નથી તેવી રીતે તમારી સમક્ષ પણ આ તત્ત્વજ્ઞાનની છોળો ઊડે છે પણ તમને પણ પરિગ્રહની અસારતા કયાં સમજાય છે ? શ્વાન એ તો તિર્યંચ ગતિનો પ્રાણી છે. તે પ્રાણીમાં સારાસારનો વિવેક પણ હોતો નથી. જ્યારે તમે તો મનુષ્ય પ્રાણી છો અને જૈન જેવા શ્રેષ્ઠ કુળમાં જન્મ મળ્યો છે છતાં તમે ભોગ અને પરિગ્રહની અસારતા ન સમજી શકો એ તો મહદ્ આશ્ચર્યની વાત કહેવાય, જીવની ભારે કર્મિતા એવી છે કે જીવ વસ્તુના સત્ય સ્વરૂપને સમજી શકતો નથી, અને વસ્તુ સ્વરૂપને સમજ્યા પછી ભલે વસ્તુ ન છૂટે પણ તે પરત્વેની આસક્તિ છૂટી જાય. આ વ્યાખ્યા શ્રી ભર્તૃહરિએ એક ગાથામાં આ સ્વરૂપે કરી છે કે–

કૃમિકુલ ચિતં લાલાક્લિન્નં વિગન્ધિ જુગુપ્સિતં।
નિરુપમરસ પ્રિત્યા, ખાદન્નરાસ્થિ નિરામિષમ્
સુરપતિમપિશ્વા પાર્શ્વસ્થં વિલોક્યન શંકતે
નહી ગણયતિ ક્ષુદ્રોજંતુ પરિગ્રહ ફલ્ગુતામ્ ॥

અનેક ક્રીડાઓથી ખદબદતા, લાળ વડે લેપાએલા, દુર્ગંધવાળા, તદ્દન નિઃરસ માંસ વગરનાં માણસના અથવા જાનવરનાં હાડકાનું અત્યંત આસક્તિપૂર્વક ભક્ષણ કરનારો કૂતરો તેની સમીપમાં ઊભેલા ઈન્દ્રને પણ જોઈને લજ્જાતો નથી અર્થાત્ અનેરા પ્રેમથી હાડકાને કરડી ખાતો હોય છે અને મનમાં એ રીતની શંકા પણ સેવતો હોય છે કે મહા કષ્ટે પ્રાપ્ત થયેલું ભક્ષ આ પડખે ઊભેલો આંચકી તો નહીં લે ?

હવે તે સૂકલ હાડકાના ટુકડામાં શું માલ છે ? છતાં પડખે ઊભેલા ઈન્દ્ર જેવાથી પણ શ્વાન મનમાં શંકા તો હોય છે હવે તે હાડકાના ટુકડાની નિઃસારતા ઈન્દ્ર જેવા પણ તેને સમજાવી શકે ? કોઈ કાળે ન સમજાવી શકે. બસ, તેવી જ રીતે ક્ષુદ્ર પ્રકૃતિના મનુષ્યોને પરિગ્રહની અસારતા કોણ સમજાવી શકે ? અર્થાત્ ક્ષુદ્ર પ્રકૃતિના મનુષ્યો પરિગ્રહની અસારતા સમજી શકતા નથી.

મોહગર્ભિત કે દુઃખગર્ભિત વૈરાગ્યથી સિદ્ધિ નથી

દેવલોકાદિનાં સુખોની વ્યાખ્યા સાંભળીને તે સુખો પ્રતિનો આકર્ષણ એટલો બધો વધી જાય કે તે સુખોની પ્રાપ્તિના ધ્યેયથી મૃત્યુ લોકનાં વૈષયિક સુખોનું ત્યાગ કરીને

દિક્ષા અંગીકાર કરવાને તૈયાર થઈ જાય. આ મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય, ભલે એ દિક્ષા અંગીકાર કરવાને તૈયાર થઈ ગયો પણ હૃદયમાં દેવલોકનાં સુખો પ્રતિનો મોહ બેઠેલો છે એટલે એ વાસ્તવિક વૈરાગ્ય ન કહેવાય અથવા કુશાસ્ત્રો સાંભળીને વૈરાગ્ય પામી જાય એ પણ મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય તેવા વૈરાગ્યથી પણ કોઈ વાસ્તવિક સિદ્ધિ નથી.

એક જ વચને ધન્ના શાલિભદ્ર બન્નેમાં પ્રગટેલું જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય

સંસારની નિર્ગુણતા અને વૈષયિક સુખોની અસારતા સમજાયા પછીનું જે વૈરાગ્ય એજ વાસ્તવિક વૈરાગ્ય કહી શકાય, તેવું જ્ઞાનગર્ભિત વૈરાગ્ય મારી માથે સ્વામી છે. બસ આ એક જ વચન સાંભળતા શાલીભદ્રજીમાં પ્રગટયું હતું. આખીએ ઘટના સાંભળ્યા પછી તમારા સૌના અંતરમાં વૈરાગ્ય રસ છલકાઈ જશે. ભગવાન મહાવીર સ્વામીના સમયે બનેલી આ ઘટના છે. ધન્ના અને શાલીભદ્ર બન્ને ભગવાનના વરદ હસ્તે દિક્ષિત બન્યા હતા. ઘટના એવી બને છે કે રાજગૃહી નગરીમાં એકવાર નેપાળ દેશના વણઝારા સોળ રત્ન કંબલો લઈને વ્યાપાર કરવા નિમિત્તે આવેલા હતા. એક એક રત્ન કંબલની કિંમત લાખ લાખ સોનામહોરની હતી. સંક્ષેપમાં કહેવું હોય તો રત્નકંબલ એટલે કિંમતીમાં કિંમતી ચીજ કહેવાય. શિયાળામાં રત્નકંબલ કોઈ ઓઢી લે તો શરીરમાં ગરમી લાવી દે અને ઉષ્ણ કાળમાં કોઈ શરીર પર ધારણ કરી લે તો Air condition એરકંડીશનનું કામ કરે અને સુવર્ણની

જેમ ભઠ્ઠીમાં નાંખવાથી જ તેની શુદ્ધિ થઈ જ શકે. હવે જે ચીજનાં આવા ગુણ હોય તેની આટલી કિંમત અંકાય તેમાં શી નવાઈ કહેવાય ?

રાજવી જેવા રાજવી રત્નકંબળ ન ખરીદી શકયા

વણઝારા ઘરે ઘરે રત્નકંબલનાં ગુણદોષ કહેતા ફરે છે પણ કિંમત ઘણી વધારે હોવાથી કોઈ ખરીદી શકતા નથી. વણઝારાની નિરાશા જોઈને કોક અનુભવીએ કહ્યું કે ભાઈ હાથી કયાં વેચાય ? રાજદરબારે વેચાય અને ત્યાં જ તેની કિંમત અંકાય. માટે આ રત્નકંબલો લઈને તમો સીધા રાજદરબારે પહોંચો. ત્યાં જ આ રત્નકંબલોની ખરીદી થશે. બાકી અમારા જેવા સામાન્ય મનુષ્યોનું ગજુ નહીં. એટલે વણઝારા સીધા રાજદરબારે પહોંચ્યા. ચેલણાજીને કંબલો પસંદ પડી ગઈ. શ્રેણિક મહારાજાને તેમના પટરાણી ચેલણા કહે છે કે એકાદ કંબલ ખરીદી લો તો ઘણી સારી વાત કહેવાય. મહારાજા શ્રેણિકે વણઝારાઓને કિંમત પૂછી. વણઝારાઓએ સવા લાખ સોનામહોરની કિંમત કહી. કિંમત સાંભળીને શ્રેણિક મહારાજા હેબતાઈ ગયા અને ચેલણા રાણીની ઇચ્છા હોવા છતાં રત્નકંબલ ખરીદી શકયા નહીં

વણઝારાઓમાં વ્યાપેલી નિરાશા

મહારાજા શ્રેણિક મહાન પ્રમાણિક પુરુષ હતા. તેઓ સમજતાં હતા કે મગધનાં ભંડારમાં દ્રવ્ય ઘણું છે પણ તે દ્રવ્ય જનકલ્યાણાદિનાં કાર્યોમાં વપરાવવું જોઈએ કારણ કે

આખર તો એ દ્રવ્ય પ્રજાનું જ છે. તો પછી એ દ્રવ્ય મારા પોતાના અંગત ભોગોપભોગાદિના માર્ગે મારાથી વાપરી કેમ શકાય ? પરમાર્થનાં કાર્યોમાં જ વાપરી શકાય. પોતાની પટરાણી માટે રત્નકંબલ ખરીદવાની વાત એ તો અંગત સ્વાર્થની વાત થઈ ગઈ. રત્નકંબલ ખરીદવી હોત તો પોતાની માલિકીના દ્રવ્યથી શ્રેણિક મહારાજા ખરીદી શકતા હતા, છતાં શ્રેણિક મહારાજાને દ્રવ્યનો ઘણો જ વધારે પડતો વ્યય થતો હોવાથી રત્નકંબલ ખરીદવાની ઇચ્છા ન થઈ એટલે તેમણે વણઝારાઓને રત્નકંબલ ખરીદવા અંગેની સાફ શબ્દોમાં ના પાડી દીધી. વણઝારા હવે તો બિલકુલ નિરાશ થઈ ગયા હતા રાજદરબારે હાથી ખરીદાયો નહીં. હવે બીજે તેની ખરીદી કયાંથી થઈ શકવાની છે ? મહારાણી ચેલણાની ઇચ્છા હોવા છતાં શ્રેણિક રાજા રત્નકંબલનું એકાદ નંગ પણ ખરીદી શકયા નહીં ત્યાં હવે સોળે સોળ નંગ તો રાજગૃહી જેવી નગરીમાં પણ વેચાવવાની વાત જ કયાં રહી ?

બત્રીસે પુત્ર વધુઓ પર ભદ્રા શેઠાણીની સમદૃષ્ટિ

વણઝારા સીધા રાજગૃહીના ભરબજારમાં આવ્યા અને વ્યાપારીઓને પૂછવા લાગ્યા કે ભાઈ રાજ દરબારે અમો જઈ આવ્યા. અમારા માલની જરી પણ ત્યાં ખપત થઈ નહીં. હવે રાજગૃહી નગરીમાં રત્નકંબલો કોઈ ખરીદી શકે તેવા હોય તો અમને કહો.

" પૂછે ગામને ચોતરે, લોક મલ્યા વિધ વિધ પરે,
જઈ પૂછોજી, શાલીભદ્રના મંદિરેજી"

એટલામાં કોઈ અનુભવી પુરુષે તેમને કહ્યું કે શાલિભદ્ર કરીને શ્રેષ્ઠિ આ નગરીમાં રહે છે. સાત માળની હવેલીમાં તેઓ રહે છે તેમની માતાનું નાણ ભદ્રા શેઠાણી છે અને આખા ઘરનું વહિવટ તે જ પોતે કરે છે. તમે જઈને શાલિભદ્રના મંદિરે પૂછો. અમને લાગે છે કે તમારી સોળે સોળ રત્નકંબલો ત્યાં ખરીદાઈ જશે. હવે બીજે ભટકવામાં સાર નથી. સીધા ત્યાં પહોંચી જાઓ. વણઝારા ઓનાં મોઢા પર ઘેરી નિરાશા હતી છતાં રાજરસ્તા પરથી તે તરફ જવા નીકળ્યા. ભદ્રા શેઠાણી ઝરૂખામાંથી તેમને જોઈ ગયાં. તેમનાં મુખ પર ઘેરી નિરાશા જોઇને ભદ્રા શેઠાણીના મનમાં થયું કે આવી મહાન નગરીમાં આવેલા આ વણઝારા આટલી બધી નિરાશાને કેમ અનુભવી રહ્યા છે?' તરત જ પોતાના મુનીમને મોકલીને વણઝારાઓને પોતાની હવેલીએ તેડાવે છે અને નિરાશાનું કારણ પૂછે છે.

વણઝારાઓનાં મુખેથી હકીકત સાંભળી લીધા પછી ભદ્રા શેઠાણી પૂછે છે તમારી પાસે નંગ કેટલા છે? એક મુખ્ય વણઝારાએ કહ્યું માતાજી અમારી પાસે સોળ નંગો છે. ભદ્રા શેઠાણીએ કહ્યું, હવે આમાં મારો કોઈ ઉપાય નથી કારણ કે મારે બત્રીસ પુત્રવધૂઓ હોવાથી બત્રીસ નંગ જોઇએ છે? હવે સોળ નંગ ખરીદીને હું શું કરું કારણ કે બત્રીસે પુત્રવધૂઓ પર મારી સંપૂર્ણ સમદૃષ્ટિ છે. મારે દરેકને સરખે ભાગે આપવું છે. માટે સોળથી કામ નહીં પતે, બત્રીસ કંબલો જોસે. વણઝારાઓએ કહ્યું માતાજી એક

રસ્તો છે કંબલોની લંબાઇ પહોળાઈ ઘણી છે. આપ કહો તો એક એકના બબે ટુકડા કરી આપીએ એટલે આપ બત્રીસે પુત્રવધૂઓને સરખા ભાગે વસ્તુ પહોંચાડી શકો. પણ માતાજી એક પણ કંબલ વેચાવાની અમને આશા નહોતી ત્યાં આપ તો બત્રીસની માગણી કરો છો. માતાજી, આપના હૃદયની વિશાળતા જોઇને અમો તો આશ્ચર્યમાં ગરકાવ બની ગયા છીએ અને માતાજી બત્રીસે પુત્રવધૂઓ પ્રતિ આપના હૃદયમાં પ્રેમ કેટલો છે અને કેવી આપની સમદૃષ્ટિ છે ! પુત્રવધૂ પ્રતિ સાસુઓ આવું વલણ રાખે તો ઘરઘરનાં વાતાવરણમાં સ્વર્ગ નીચે ઊતરી આવે અને કલેશ–કંકાસનું કયાંય નામ–નિશાન ન રહે, પણ દિલની દુનિયામાં જ દેવતા મુકાઈ ગયો હોય ત્યાં દાવાનલ જ ફાટવાનું છે અને માનવીનાં દિલ દરિયાવ હોય તો અશાન્તિનું વાતાવરણ એની મેળે શાંત પડી જવાનું છે.

ભદ્રા માતાના ઉચ્ચ વ્યવહારનો વિદેશી વણઝારાઓ પર પડેલો અપૂર્વ પ્રભાવ

માતાજીએ કહ્યું, ભલે એક એક કંબલનાં બબે ટુકડાં કરી નાંખો, તેમાં મને વાંધો નથી પણ વસ્તુ દરેકને સરખે ભાગે પહોંચવી જોઇએ. માતાજીના મનમાં એક બીજી વાત એ હતી કે આવી મહાન નગરીમાં આશાભર્યા આવેલા વણઝારા તદ્દન નિરાશ થઈને પાછા ફરે એ નગરી માટે શોભારૂપ ન કહેવાય. બલ્કે લાંચ્છનરૂપ કહેવાય એટલે પછી બબે ટુકડાં કરાવીને સોળે સોળ રત્નકંબલો માતાજી ખરીદી લે

છે અને શાલિભદ્રના મંદિરે પ્રત્યેક પુત્રવધૂને એક એક નંગ પહોંચાડી દે છે. સજ્ઝાયનાં રચયિતા મહાપુરુષ લખે છે કે,

"શેઠાણી ભદ્રા નિરખે જી
રત્નકંબલ લઈ પરખે જી,
લેઈ પહોંચાડીજી,
શાલિભદ્રના મંદિરે જી.
તેડાવ્યો ભંડારીજી,
વીશ લાખ નિરધારી.
ગણી દેજો જી,
એહને ઘર પહોંચાડજો જી."

શેઠાણી ભદ્રાએ રત્નકંબલો નિરખીને પરખી પણ લીધી અને શાલિભદ્રની બત્રીસે વહુઓને પહોંચાડી પણ દીધી. તે પછી તરત જ ભંડારીને તેડાવ્યો અને એક એક કંબલની કિંમત સવા લાખ સોનૈયાની હોવાથી વીશ લાખ સોનામહોર ચૂકવી દીધી અને વણઝારાઓનું અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દ્વારા આદર–સત્કાર કરીને તેમને વિદાય કર્યાં, અને વણઝારાઓએ પણ વિદાય લેતાં પહેલાં માતાજીને પ્રણામ કર્યાં. તેમને મનમાં થયું કે આ માતાજી આપણે પરદેશી હોવા છતાં આપણા માટે સગી જનેતા કરતાં અધિક છે. ધન્ય આ નગરી અને ધન્ય છે આ નગરીમાં વસનારા આવા ઉદાર ચરિત્ર આત્માઓને ! કયા શબ્દોમાં આ માતાજીનુ અને એમના પુણ્યશાળી સુપુત્રનું ચરિત્ર વર્ણવી શકાય ? કેવો આ નિર્મળ વંશ છે કે જેમાં રાજહંસ જેવા સુપુત્ર અવતર્યા

છે અને એક એકનાં મન કેટલાં નિર્મળ છે. પોતાની પુત્ર-વધૂઓ હોવા છતાં માતાજી તેમના પ્રતિ કેટલો વાત્સલ્યભાવ રાખે છે! પુત્રવધૂઓને પુત્રી તુલ્ય સમજીને તેમનાં પ્રતિ આવો ઉચ્ચ વ્યવહાર રાખવામાં આવે તો પુત્રવધૂઓને પણ પોતાના સાસુ પ્રતિ હૃદયમાં કેવો પૂજ્યભાવ પ્રગટે અને આવો પરસ્પરનો શુદ્ધ વહેવાર હોય ત્યાં ગૃહસ્થાશ્રમમાં પણ શાન્તિ અપૂર્વ રહે. ઘરના વાતાવરણમાં શાન્તિ હોય તો સામાયિક પ્રતિક્રમણાદિની ધર્મ ક્રિયાઓમાં પણ અનેરો આનંદ આવે. ઘરમાં દરરોજ કંકાશ ચાલતો હોય ત્યાં ધર્મક્રિયામાંયે મન શું લાગે? પછી તો ધર્મક્રિયા કરતા હોય તોયે મનમાં નખળા વિચારો આવ્યા કરે. માટે ઘરના વડીલોએ દિલ દરિયાવ રાખવાં જોઈએ અને ઘરમાં નાના કહેવાતાઓએ વડીલો પ્રતિ સંપૂર્ણ પૂજ્યભાવ દર્શાવવો જોઈએ, પેલા વણઝારા અપૂર્વ પ્રેરણા લઈને શાલિભદ્રના મંદિરેથી વિદાય થયા અને આખા રસ્તે શાલિભદ્રના વૈભવની અને ભદ્રા શેઠાણીની ઉદારતાની પ્રશંસા કરતાં કરતાં સ્વદેશે પહોંચી ગયાં.

શાલિભદ્રનો દેવતાઈ વૈભવ

હવે આ બાજુ ઘટના એવી બને છે કે શાલિભદ્રની બત્રીસે વહુઓએ ફક્ત એક જ દિવસ રત્નકંબલો શરીર પર ધારણ કરીને બીજે દિવસે સવારમાં પાછળના રસ્તા પર ફેંકી દીધી. કારણ કે શાલિભદ્રને ત્યાં દેવલોકમાંથી દરરોજ નવ્વાણું પેટીઓ ઊતરતી હોવાથી તેમના શરીર પર અને તેમની બત્રીસે સ્ત્રીઓના શરીર પર જે વસ્ત્ર અને આભૂષણાદિ આજે

ચડ્યાં હોય તે બીજે દિવસે ચડે નહીં. જેમ આજે ચડેલાં ફૂલ ભગવાનની પ્રતિમા પર બીજે દિવસ ચડે નહીં; બસ તેવી જ રીતે હીરા, મણિ-માણેકનાં અલંકાર પણ બત્રીસે સ્ત્રીઓનાં શરીર પર આજે ચડ્યા હોય તે બીજે દિવસે નિર્માલ્યની જેમ ફરી શરીર પર ચડે નહીં આવો શાલિભદ્રનો વૈભવ હતો. જે વૈભવ તે કાળના રાજા મહારાજાઓને પણ દુર્લભ હતો.

નીચે રસ્તા પર પડેલી રત્નકંબલો ને લઈ મેતરાણી એક મોટા ટોપલામાં ભરીને પાછળના રસ્તેથી પોતાના ઘર તરફ ચાલી જાય છે. ત્યાં રાજમહેલના ઝરૂખામાંથી મહારાણી ચેલણાની દૃષ્ટિ ટોપલા પર પડે છે અને ચેલણા તો જાણે આભાં બની જાય છે અને મનોમન વિચારે છે કે આવી કિંમતી ચીજ આ મેતરાણીના નશીબમાં કયાંથી હોય? જે ચીજ માટે મેં પોતે કેટલી બધી ઝંખના સેવેલી છતાં તેની પ્રાપ્તિ મને ન થઈ અને તે ચીજની પ્રાપ્તિ આ મેતરાણીને થઇ ગઈ! આ વાત એવી બની છે કે આની પછવાડે કોઈ મહાન ઇતિહાસ હોવો જોઇએ. ચેલણા રાણીએ સહજ ભાવે મેતરાણીને પૂછ્યું કે, આ રત્નકંબલો તેં કેવી રીતે પ્રાપ્ત કરી? ત્યાં તો પ્રત્યુત્તર મળી ગયો કે શાલિભદ્રની હવેલીના પછવાડેના ભાગમાંથી આ કંબલો મને મળી છે અને આવું તો દરરોજ મને કેટલુંયે મળે છે. ચેલણાજી તો આ પ્રત્યુત્તર સાંભળીને વિસ્મિત બની ગયાં અને વિચારવા લાગ્યાં કે આ નગરીમાં કેવા ગર્ભશ્રીમંતો વસે છે? તેમના વૈભવના મુકાબલે

આ રાજ્ય વૈભવ પણ કોઈ વિસાતમાં નથી. એટલામાં મહારાજા શ્રેણિક અંતે ઉરમાં પધાર્યા. ચેલણા દેવીએ મહારાજા શ્રેણિકને કહ્યું કે,

"રાણી કહે સુણો રાજજી,
આપણું રાજ શા કાજજી,
મુજ કાજેજી,
એક ન લીધી કાંબળી જી,
રાજા કહે સુણો રાણીજી,
એ વાત મેં જાણી પિછાણીજી,
એ વાતનો જી,
અચંબો મુજને ઘણો જી,
દાતણ તો તબ કરશું,
શાલિભદ્ર મુખ જોશું,
શણગારો જી,
ગજ રથ ઘોડા પાલખી જી,
આગળ કુંતલ હિંચાવંતા,
પાછળ પાત્ર નચાવંતા,
રાય શ્રેણિકજી,
શાલિભદ્ર ઘેર આવીયાજી.

મહારાણી ચેલણા રાજા શ્રેણિકને કહે છે કે રાજાજી આપણું આ રાજ્ય શા કામનું છે હું આવા વિશાળ રાજ્યની મહારાણી હોવા છતાં આપ મારા માટે એક કંબલ પણ ખરીદી શકયા નથી અને આજ નગરીમાં વસતા શ્રેષ્ઠિ શાલિ-

ભદ્રની માતા ભદ્રા શેઠાણીએ સોળે કંબલો એકી સાથે ખરીદી લીધી. રાજન્! હવે આપ જ વિચારો : આવા વિશાળ સામ્રાજ્યના આપ માલિક હોવા છતાં એક પોતાની પટરાણીની ઇચ્છા પૂરી કરી શકયા નહીં તો પછી આવડા મોટા રાજ્ય અને સામ્રાજ્યનો અર્થ શો છે.

મૈત્र्यादि ભાવનાની આજે દુનિયા જ કયાં રહી છે

રાજા શ્રેણિક પ્રત્યુત્તરમાં કહે છે કે, સુણો ચેલણા રાણી! આ વાત મેં પણ કર્ણોપકર્ણથી જાણી લીધી છે અને મને પોતાને એ વાત જાણ્યા પછી મનમાં અચંબો એવો થયો છે કે હજી મનમાં તે અંગેનો અજંપો રહ્યા કરે છે. જ્યાં સુધી એ પુણ્યશાળીના હું દર્શન નહીં કરું ત્યાં સુધી આ મારા મનનો અજંપો નહીં મટે અને હૃદયમાં આનંદ પણ સમાતો નથી કે મારી આ મહાન નગરીમાં આવા સુખી શ્રીમંતો વસે છે! શ્રેણિક રાજાને જાણે રોમરોમમાં આનંદ છવાઈ ગયો. તે કાળના રાજાઓ આવી પ્રમોદ ભાવનાવાળા હતા. પ્રજાનું સુખ જોઈને મનમાં રાજી થનારા હતા. જ્યારે આ કાળનાં સત્તાધીશો તો આવો કોઈ વૈભવશાળી તેમના ધ્યાનમાં આવી જાય તો બીજે જ દિવસ તેને ત્યાં રેડ પડાવ્યા વિના ન રહે. આજે મૈત્રી, પ્રમોદ કે કારુણ્ય ભાવનાની દુનિયા જ કયાં રહી છે. આજે તો ભાવનાની જગ્યાએ ચૌમેર ભવાઈ દેખાય છે અને માનવીનાં જીવનમાં સવળાઈનાં દર્શન પણ દુર્લભ થઈ પડયા છે. અવળાઈ અને આડોડાઈ કરવામાં માનવી પોતાની કુશળતા માને છે. આવી સ્થિતિમાં માનવીના જીવનમાં શુદ્ધ ભાવનાના દર્શન થાય કયાંથી?

શ્રેણિક મહારાજા શાલિભદ્રના દર્શનાર્થે

શ્રેણિક રાજાએ પોતાના સેનાધિપતિઓને બોલાવીને કહી દીધું કે આવતી કાલે સવારના આ નગરીમાં વસતા મહા પુણ્યશાળી શાલિભદ્રનાં દર્શન કર્યા પછી મારે મોઢામાં પાણી લેવાનું છે. તે પહેલાં હાથમાં દાતણે ઝાલવાનું નથી. માટે ગજરથ, ઘોડા, પાલખી વગેરેને શણગારીને તૈયાર રાખો. મોટા આડંબર સહિત શાલિભદ્ર શ્રેષ્ઠિનાં દર્શનાર્થે મારે જવાનું છે. લોકો પોતાના ઇષ્ટદેવનાં દર્શનાર્થે સવાર પડે જાય પણ રાજા શ્રેણિકમાં પ્રમોદ ભાવના એવી પ્રગટી કે મારે નગરીમાં વસતા પુન્યશાળીનાં દર્શનાર્થે સંપૂર્ણ રાજ્યના રસાલા સહિત જવું છે.

રાજા શ્રેણિક સત્તાધીશ હતા. તેઓ ધારત તો પોતાના ઘર આંગણે શાલિભદ્રને બોલાવી શકતા હતા. રાજાને કોઈના ઘરે સામેથી જવું જ ન પડે પણ રાજાને મનમાં થયું કે આવો પુણ્યશાળી આત્મા આ નગરીમાં વસે છે, વાહ! એનો પુણ્યોદય! એના મુકાબલે હું રાજા હોવા છતાં મારું પુણ્ય ઘણું નબળું છે માટે મારે આ પુન્યશાળીને ભેટવા જવું જ જોઈએ.

ને પછી તો રાજા અનેક સૈનિકોની સાથે જાણે ચતુરંગી સેના સજીને મોટા રસાલા સાથે શાલિભદ્રના ઘરે પહોંચ્યા.

પહેલે ભુવને પગ દીયો
રાજા મનમાં ચમકીયો કાંઈ જોજોજી
આ ઘર તો ચાકર તણાંજી
બીજે ભુવને પગ દીયો
રાજા મનમાં ચમકીયો કાંઈ જોજોજી.

આ ઘર તો સેવક તણાંજી
ત્રીજે ભુવને પગ દીયો
રાજા મનાં ચમકીયો કાંઈ જોજોજી.
આ ઘર તો દાસી તણાં જી.
ચોથે ભુવને પગ દીયો
રાજા મનમાં ચમકયો કાંઇ જોજોજી.
આ ઘર તો શ્રેષ્ઠિ તણાં જી.

રાજાએ શાલિભદ્રના પ્રાસાદનાં પહેલા ભુવનમાં પગ મૂકયો ત્યાં તો રાજા એકદમ ચમકી ઊઠયો અને બોલી ઊઠયો કે આ ભવનમાં કોણ રહે છે? સાથે અભયકુમાર હતા જેઓ બુદ્ધિનાં ભંડાર હતા. તરતજ શ્રેણિક રાજાને કહ્યું કે રાજન્! આ શાલીભદ્રના પ્રાસાદનો નીચેનો ભાગ છે. જેમાં નોકરચાકર રહે છે અને એક બાજુમાં ઢોર બંધાય છે. રાજા કહે છે આવો સુંદર નીચેનો ભાગ અને આવા અતિ રમ્ય તલભાગમાં ચાકર રહે છે? હું જે રાજમહેલનાં દિવાનખાનામાં બેસું-ઊઠું છું તે પણ આ નીચેના તલભાગ જેવું સુંદર અને સુશોભિત નથી. આ તલભાગ હોવા છતાં આંગણામાં સ્ફટિકમણિ જડેલા છે, જ્યારે હું જે ભુવનમાં રહું છું તેમાં તો વધારેમાં વધારે આરસ જડેલું છે. અભયકુમારે કહ્યું રાજન્! આપ સત્તાધીશ હોવાથી સત્તાના શિખરે છો જ્યારે આ શાલિભદ્ર ગર્ભશ્રીમંત હોવાથી સંપત્તિના શિખરે છે. રાજન્! પુણ્યનાં ઘણાં પ્રકારો હોય છે. સત્તા ભોગવવાને લગતું પુણ્ય

આપનું છે અને સંપત્તિ ભોગવવાને લગતું પુણ્ય આ શ્રેષ્ઠિવર્યનું છે. રાજન્ ! આપ પ્રમોદ ભાવનાથી શ્રેષ્ઠિવર્યને ભેટવા આવ્યા છો એ જ આપની મહાનતા છે.

મહારાજા શ્રેણિક આશ્ચર્યમાં ગરકાવ

પછી તો રાજા જેમ જેમ ઉપરના મજલાઓ પર ચડતા જાય છે તેમ તેમ તેમનાં આશ્ચર્યનો પાર રહેતો નથી અને અભયકુમાર ખુલાસા આપતા જાય છે. રાજન્ ! આ બીજા ભવનમાં શ્રેષ્ઠિનાં સેવકો રહે છે. ત્રીજા ભવનમાં ઘરકામ કરનારી દાસીઓ રહે છે અને ચોથા ભવનમાં પગ મૂકયો ત્યાં અભયકુમારે કહ્યું, આ ભવન શ્રેષ્ઠિતણું છે ત્યાં તો ભદ્રા શેઠાણી મોતીના થાળ ભરીને શ્રેણિક મહારાજાનું સ્વાગત કરવા ભવનના દરવાજા પાસે આવી પહોચ્યાં અને શ્રેણિક મહારાજાને સાચાં મોતીડે વધાવ્યા તે પછી શ્રેણિક મહારાજાને યોગ્ય આસને બેસાડયા અને ભદ્રા શેઠાણી પૂછે છે : આપ મગધાધિપતિ, અમે આપના પ્રજાજન. તો કયા પ્રયોજને અમઆંગણીયે આપનું પધારવું થયું ? શ્રેણિક મહારાજા કહે છે, કોઇ બીજા પ્રયોજને આવ્યો નથી, ફકત તમારા સુપુત્રના દર્શનાર્થે આવ્યો છું. માતાજી શ્રેણિક રાજાના આવાગમનનાં હેતુની વાત સાંભળીને હેરત પામી ગયાં. વાહ ! રાજવી વાહ ! આપના અંતરમાં પોતાના પ્રજાજન પ્રતિનો કેટલો બધો અપૂર્વ પ્રેમ છે ! માતાજી તરતજ રાજાજીને સ્નાન ગૃહમાં લઈ ગયા અને પોતાના સેવકોને આજ્ઞા કરીને

શ્રેણિક રાજાને સ્નાન-વિધિ કરાવે છે. તે કાળનો આ પણ એક પ્રકારનો શિષ્ટાચાર હતો. ઘરે કોઈ મોંઘેરા મહેમાન પધારે ત્યારે સ્નાન-વિધિ પહેલી કરાવતા. સ્નાન-વિધિના સમયે શ્રેણિકના હાથની અંગુલિમાંથી મુદ્રિકા નીચે પડી ગઈ. અને તે પાણીના પ્રવાહમાં તણાઈને ખાળ કૂવામાં ચાલી ગઈ. શ્રેણિક રાજા શરીર પુચ્છી કારવીને કિંમતી વસ્ત્રો શરીર પર ધારણ કરીને સિંહાસન પર બિરાજમાન થયા હશે આંગળીઓ તરફ સહજ નજર કરી ત્યાં એક આંગળી મુદ્રિકા વિહિન દેખાણી. તરતા જ ભદ્રા શેઠાણીને ખબર પડી એટલે સ્નાન-ગૃહનાં નીચેના ખાળ કૂવામાંથી બે મોટા થાળ ભરીને અલંકારાદિ શ્રેણિક મહારાજાની સમક્ષ હાજર કર્યા.

રાય શ્રેણિકની મુદ્રિકા, ખોવાઈ ખોળ કરે જીકા
માય ભદ્રા જી, થાળ ભરી તવ લાવીયાજી.

થાળમાં ઘણું બધાં અને વિધ વિધ પ્રકારનાં આભૂષણ હતાં. એક બાજુના ભાગમાં શ્રેણિક રાજાએ પોતાની મુદ્રિકા પડેલી જોઈ. બીજા આભૂષણોની અપેક્ષાએ ઘણી ઝાંખી લાગતી હતી. રાજાએ ભદ્રા શેઠાણીને કહ્યું, આ મુદ્રિકા પર મારું નામ હોવાથી મારી પોતાની છે. માતાજી એ આ બધું આપનું જ છે. આપ ખુશીથી આપની મુદ્રિકા લઇ લો અને જોઈએ તો વળી આવા થાળનાં થાળ ભરી લાવું ? આખો ખાળ કુવો આવા કિંમતી અલંકારોથી ભર્યો પડયો છે. તેનું કારણ એ હતું કે આજે જે અલંકારો શાલિભદ્ર અને શાલિભદ્રની સ્ત્રીઓનાં શરીર પર ચડયાં હોય તે બીજે

દિવસે તેમના શરીર પર ચડે નહીં. એટલે સીધા ખાળ કૂવામાં જાય, ખાળ કૂવો અલંકારો અને મુદ્રિકાઓથી છલકાઈ ગયો હતો. શ્રેણિક તો આ વાત સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા અને સૌની વચ્ચે કહેવા લાગ્યા, વૈભવ તો શાલિભદ્રનેજ વર્યો છે. માતા ભદ્રાએ દરેક રીતે શ્રેણિક રાજાનો આદર-સત્કાર કર્યો. શ્રેણિક રાજાએ મનમાં અનેરી પ્રસન્નતાનો અનુભવ કર્યો અને માતાજીને કહ્યું, હવે મને તમારા પુણ્યશાળી પનોતાનાં દર્શન કરાવી દો. હું જે ધ્યેયથી અહીં આવ્યો છું તે ધ્યેય મારું સિદ્ધ થઇ જવા દો. ભદ્રા માતા શાલિભદ્રને જગાડવા અને નીચે લાવવા ઉપર સાતમે મજલે ગયા, અને કહે છે કે—

"જાગો જાગો મોરા નંદજી
કેમ સૂતા આણંદજી
કાંઈ ઘર આંગણુ જી
શ્રેણિકરાય પધારીયાજી
હું નવિ જાણું માતા બોલમાં,
હું નવિ જાણું માતા તોલમાં તુમે લેજો જી
જેમ તમને સુખ ઉપજે જી
પૂર્વે કદી પૂછતા નહીં
તો આમાં શું પૂછો સહી
મોરી માતાજી
હું નવિ જાણું વણજમાં જી.
રાય કરીયાણુ લેજો
મુહ માંગ્યા દામ દેજો
નાણાં ચુકવીજી
રાય ભડારે મંગાવી દીયોજી

મારા લાલ હવે જાગો જાગો આ સોનાનાં નળીયાં થયાં અને સૂતા કેમ પડયા છો અને આજે આપણા ઘર આંગણીયે મગધાધિપતિ મહારાજા શ્રેણિક પધાર્યા છે અને તે પણ તને ભેટવા પધાર્યા છે. માતાજીની વાત સાંભળતા શાલિભદ્રને મનમાં થયું શ્રેણિક મીન્સ કોઇક વણઝારો આવ્યો લાગે છે એટલે માતાને કહે છે માતાજી વ્યાપારીઓ સાથે બોલમાં કે તોલમાં હું કાંઈ જાણતો નથી. તમને જેમ ઠીક લાગે તેમ માલ શરીદી લેજો. પૂર્વે કદી વ્યાપાર વાણિજ્ય વિષે મને તમોએ પૂછેલું નહીં તો આજે વળી વાણિજ્ય વિષે શું પૂછવા આવ્યા છો? હું કયાં કંઈ વણજ વિષે જાણું છું? રાય કરિયાણુ ખરીદી લેજો અને મુહ માંગ્યા દામ આપી દેજો. નાણાં ચૂકવી કારવીને રાય કરીયાણાને ગોદામમાં નંખાવી દેજો! ભાઈને એટલીયે ખબર નથી કે રાજા કોને કહેવાય? એને તો એમ કે કોઇ વ્યાપારી રાઈ, જીરૂ, ધાણા વગેરે કરીયાણું લઇને આવ્યો છે એટલે માતાને કહી દીધું કે રાય કરીયાણા ખરીદીને નાણાં ચૂકવી કારવીને માલ ભંડારમાં નંખાવી દો. શાલિભદ્રની પુણ્યાઈ એવી કે માતા આખાએ ઘરનું વહીવટ કરે. પોતે જુવાનજોધ હોવા છતાં સાતમે મજલે લહેર કરે. સૂરજ કઈ દિશામાં ઊગે અને આથમે તેનીયે ભાઈને ખબર નહીં અને માતા જેવી માતા રહી એટલે તેને તો પુત્રના સુખ અંગેની મનમાં ઈર્ષ્યા થાય જ નહીં. માતા તો મનોતા પુત્રના સુખ ઉપર જાણે વારી જતી હતી અને તેના પિતા ગોભદ્ર શેઠ મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થયેલા એટલે

દરરોજ દેવલોકમાંથી પુત્ર પ્રતિના વાત્સલ્ય ભાવથી ખેંચાઈને નવ્વાણુ પેટીઓ મોકલતા હતા, પિતા પુત્રાદિના પરસ્પરના સંબંધોમાં પૂજ્ય ભાવ અને વાત્સલ્યભાવ જળવાયો હોય તો ભાવિ પરિણામમાં કેટલી બધી સુંદરતા અને મધુરતા જળવાઇ રહે છે તે વાત આટલા પરથી સમજી લેવાની છે. અને સંબંધોમાં વેર ભાવ બંધાયો હોય તો કોણિક નિમિત્તો શ્રેણિકને કેટલું સહન કરવું પડયું તે પણ વિચારી લેવા જેવું છે. માટે પ્રત્યેક જીવાત્માઓ પ્રતિ હૃદયમાં મૈત્રી ભાવ જળવી રાખવાનો છે ભૂલે ચૂકે કોઈ પણ જીવ સાથે વેર બાંધવાનું નથી, કેટલાક દિવસ આપણે અહીં બેસી રહેવાનું છે કે આપણે કોઈ પણ જીવ સાથે વેર બાંધીએ? બધા જીવો પ્રતિ હૃદયમાં મૈત્રી ચિંતવવાની છે થોડા દિવસની જિંદગી છે ત્યાં કોઈ પણ જીવ પ્રતિ મનમાં વેર રાખી મનને કલુષિત કરવું એ મહાભયંકર પાપ છે. મહા પુરુષોએ ફરમાવ્યું છે કે—

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन्
चिंत्यो जगत्यत्र न कोपि शत्रुः ।
कियद्दिन स्थायिनि जीवितेऽस्मिन्
किं खिद्यते वैरधिया परस्मिन्॥

ચોપડા ચોકખા કરો

હે આત્મન્ ! બધા જીવાત્માઓ પ્રતિ હૃદયમાં મૈત્રી ધારણ કર ! અને ચિંતવના એવી કર કે જગતમાં જેટલા

આત્માઓ છે બધા તારા મિત્રો છે, કોઈ દુશ્મન નથી. તારા દુશ્મન તો તારા ભીતરમાં જ છે. કામ, ક્રોધ રાગ, દ્વેષાદિ એ જ તારા ભવોભવથી બગાડનારા બરા દુશ્મનો છે. બહારમાં કોઈ તારા દુશ્મનો નથી અને જે કોઈ છે તે નિમિત્ત માત્ર છે. બાકી મૂળ સુખ-દુઃખમાં કારણભૂત તો તારા શુભાશુભ કર્મો જ છે. તો પછી હૃદયમાં બીજા પ્રતિ વેર રાખીને શા માટે તું તારા આત્માને ખેદ પમાડે છે. આ એક ગાથામાં તો પૂ. ઉપાધ્યાય વિનય વિજયજી મહારાજે આખાએ જીવનનો જાણે નિચોડ આપી દીધો છે. વેર ભાવને લીધે જીવને ભવોભવમાં દારુણ વિપાક ભોગવવા પડે છે અને તીવ્રાતિતીવ્ર વેરભાવને જીવનમાં પોષનારા ભવાંતરમાં નરકગતિના અધિકારી બને છે. માટે દરેક જીવો સાથે ખમી-ખમાવીને ભવોભવના ચોપડા ચોકખા કરી લેજો, જેથી જીવને કર્મોના દારુણ વિપાકો ભોગવવા ન પડે અને શુદ્ધ સમાધિજન્ય આનંદને જીવ ભવોભવમાં પામી શકે.

વળતી માતા ઈમ કહે, સાચું નંદન સદૂદહે
કાંઈ સાચે જી શ્રેણિક રાય પધારીયાજી

શાલિભદ્રને શ્રેણિક એટલે કોઈક વણઝારો લાગ્યો એટલે વળતી માતા પુત્રને કહે છે, હે નંદન ! તું સાચું કરીને સદૂદહજે ! હું સાચે જ કહું છું કે કોઈ કરીયાણું લઈને વણઝારો આવ્યો નથી. મહારાજા શ્રેણિક ઘર આંગણે પધાર્યા છે. શાલિભદ્રને આ વાત તદ્દન નવીન લાગે છે એટલે માતાને પૂછે છે. માતાજી શ્રેણિક રાજા મીન્સ ક્યા

चीज है ? में तो इस बातमें कुच्छभी नहीं जानता हूँ माता कहे छे,

ક્ષણમાં કરે કાંઈ રાજીએા, ક્ષણમાં કરે બે રાજીએા,
કાંઈ ક્ષણમાં જી ન્યાય અન્યાય કરે સહીજી.

સ્વામિ શબ્દથી પ્રતિબોધ

માતા પુત્રને કહે છે કે હે ! પુત્ર ! તું પૂછ રહા હૈ શ્રેણિક મીન્સ કયા चीज है તો શ્રેણિક કોઇ સામાન્ય चीज નહી है । શ્રેણિક મહારાજા અપને સ્વામી है, વે धारे તો ક્ષણમેં અપનેકો ન્યાલ કર દેવે और धारे तो ક્ષણમેં બેહાલ भी कर देवे और ज्यादा कोइ अपनेसे अपराध हो गया हो तो अपनेको देशनिकालभी कर देवे ! इस लिए ओ मेरे लाल ! શ્રેણિક મહારાજાધિરાજ होनेसे अपने स्वामि है सारे मगधदेश पर उनका शासन चल रहा है इसलीए અપન સભી उनके प्रजाजन है આ વ્યાખ્યા સાંભળી ત્યાં શાલિભદ્રનો આત્મા અંદરથી ચોંકી ઊઠયો અરર ? મારી માથે ને સ્વામિ છે ? જરૂર ભવાંતરમાં મારી કરણીમાં ખામી રહી ગઈ. ખામી ન રહી હોત તો માથે સ્વામિ શેનો હોય ? માથે સ્વામી એટલે હું તેનો સેવક બન્યો. આતો સ્વામી–સેવકભાવ જેવું થયું માટે કરણીમાં રહી ગએલી ખામી મારે આ ભવમાં દૂર કરી નાંખવી છે.

"પૂર્વે સુકૃત નવિ કીધા, સુપાત્રે દાન નવિ દીધા,
મુજ માથેજી, હજી પણ એહવા નાથ છે જી,
અબ તો કરણી કરીશું, પંચ વિષય પરિહરશું,
પાળી સંયમજી નાથ સનાથ થશું સહી જી,

પૂર્વે ભવાંતરમાં મેં સુકૃત કર્યા લાગતા નથી સુપાત્રે દાન દીધા લાગતા નથી બસ એના કારણેજ મારી માથે સ્વામી છે. હવે તો પાંચે ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરીને એવી ઉચ્ચ કરણી કરવી છે કે જેથી ભવાંતરમાં મારો આત્મા સનાથ બની જાય માથે કોઈ સ્વામીજ ન રહે અને મારો આત્મા નાથનો પણ નાથ બની જાય.

સીર્ફ એક સ્વામી શબ્દ સાંભળીને શાલિભદ્ર પ્રતિબોધને પામ્યા. દેવતાઈ વૈભવના સ્વામી હોવા છતાં અને શ્રેણિક રાજાની તેમના પ્રતિ અપૂર્વ પ્રમોદ ભાવના હોવા છતાં સ્વામી શબ્દ સાંભળતા શાલિભદ્રના અંતરમાં જાણે જબ્બરજસ્ત આંદોલન મચી ગયું. શ્રેણિક કાંઈ જેવા તેવા સ્વામિ નહોતા. ક્ષાયિક સમકિતના ધણી હતા અને ભાવિના તીર્થંકરના આત્મા હતા. આવતી ચોવીશીમાં પદ્મનાભ સ્વામિ નામે પ્રથમ તીર્થંકર થવાના છે. હવે આવા સ્વામી માથે હોવા છતાં શાલિભદ્ર પ્રતિબોધને પામ્યા. તમારી માથે શું આવા જ કોઈ સ્વામી શાસન કરે છે ? તો તો વળી કહેવાનું શું હતું ? પણ આજે તો ચોમેર ભયંકર હિંસાની મહા જ્વાલા ફાટી નીકળી છે. દેવનાર જેવા કતલખાનાઓમાં રોજીંદા હજારોની સંખ્યામાં પંચેન્દ્રિય જીવો કપાઈ રહ્યા છે. શાસક વર્ગ ધારે તો આવી ઘોર હિંસા પર રોક લગાવી શકે પણ દુઃખની વાત એ છે કે ઊલટું હિંસાને ઉત્તેજન અપાય છે. એના કારણે આજે દેશમાં દુઃખ દારિદ્રય અને કુદરતી આફ્તોનાં પ્રમાણો વધતા

જાય છે. હવે કેવા વિષમ વાતાવરણ વચ્ચે આપણે જીવી રહ્યા છીએ થોડીક એની મનમાં કલ્પના કરી લેજો. તમારી માથે આજે સ્વામી કેટલા છે તેની પણ જરા કલ્પના કરી લેજો. નહીં નહીં ને નવસો નવ્વાણુ સૂણા તમારી માથે રાજ કરતા હશે ? છતાં તમે પ્રતિબોધને પામો નહીં, આ શું કહેવાય ? અને શાલિભદ્ર સ્વામી શબ્દ સાંભળીને તો જાણે ચોંકી ઊઠયા. હવે કેવા હળુકર્મી આત્મા હશે ? અને તમે તો વળી તેવા કોઈ સત્તાધીશ ઘર આંગણે આવી ચડે તો તેના સ્વાગતમાંયે હજારો ખર્ચી નાંખો અને ઉપરથી પાછા હર્ષ વ્યક્ત કરો કે આજે આપણે ત્યાં મોટા મોટા અમલદારો પધાર્યા હતા. હવે આમાં પ્રતિબોધ પામવાની વાત કયાં રહી ? સ્વાગતમાં હજારો–લાખોની ઊઠી ગઇ હોય અને ઉપરથી પાછા હર્ષ વ્યક્ત કરે ! જ્યારે શાલિભદ્રના આંગણે શ્રેણિક સામેથી આવ્યા છતાં શાલિભદ્ર પ્રતિબોધને પામ્યા જ્યાં આજના મનુષ્યો અભિમાન પોષે છે ત્યાં શાલિભદ્ર સમ્યક્‌જ્ઞાન પામી ગયા.

રાજા શ્રેણિકનો પરિચય મલ્યા પછી શાલિભદ્ર તરત જ નીચે આવ્યા અને શ્રેણિકરાજા શાલિભદ્રનું અદ્‌ભુત લાવણ્યયુક્ત કંચન જેવું શરીર જોઈને અત્યંત પ્રસન્નતાને પામ્યા. શાલિભદ્રના શરીરનાં અંગોપાંગ એટલા બધાં શોભાયમાન હતાં કે શાલિભદ્ર પ્રતિ મહારાજા શ્રેણિકને ઘણોજ મનમાં હેત ઉત્પન્ન થયો અને શાલિભદ્રને શ્રેણિક રાજાએ ખોળામાં બેસાડીને અનેરો વાત્સલ્યભાવ દર્શાવ્યો.

"ઈન્દુવત્ અંગ તેજ જી આવે સહુને હેજ જી,
નખ શિખ લગે જી અંગોપાંગ શોભે ઘણાંજી,
મુક્તાફળ જિમ ચળકે જી, કાને કુંડલ ઝળકે જી
રાજા શ્રેણિક જી, શાલિભદ્ર ખોળે લીયેા જી.

રાજા શ્રેણિકે શાલિભદ્રને ખોળામાં બેસાડયેા ત્યાં તેા શાલિભદ્રને શરીરમાં પસીનેા છૂટી ગયેા. હવે વિચાર કરેા શરીરની સુકેામળતા કેટલી હશે ? માલતીના ફૂલ જેવું સુકેામળ શરીર હતું શ્રેણિકના શરીરની ગામડીનેા સ્પર્શ પણ શાલિભદ્રથી સહન ન થયેા અને કાયા પરસેવાથી રેબ ઝેબ થઈ ગઇ આવી સુકેામળ કાયાથી પણ શાલિભદ્રે સંયમ અંગીકાર કર્યા પછી કેટલા બધા પરિસહેા અને ઉપસર્ગો વેઠેલા છે રાજા શ્રેણિકે ભદ્રાશેઠાણીને તરત જ કહી દીધું કે, માતાજી તમારેા કુંવર ખૂબ સુખ શાતામાં છે અને મારે એ પુણ્યશાળીનાં જે દર્શન કરવા હતાં તે મેં કરી લીધા હવે તેને પાછેા મંદિરે મેાકલી આપેા અને નહીં તેા એની કાયા કરમાઇ જશે માટે એને એના મૂળ સ્થાને મેાકલી દેા.

"શાલિભદ્ર નિજ ઘર આવ્યાજી,
રાય શ્રેણિક મહેલ સીધાવ્યાજી,
પછી શાલિભદ્રજી ચિંતા કરે મનમાં ઘણી જી,
શ્રી જિનનેા ધર્મ આદરું,
મેાહ માયાને પરિહરું,
હું છંડુજી ગજરથ ઘેાડા પાલખી જી,
માત પિતાને ભ્રાતજી સહુ આળપંપાળની વાતજી
ઇણ જગમાં જી, સ્વાર્થના સર્વે સગાજી.

શાલિભદ્ર સાતમે મજલે પોતાના ભુવનમાં સિધાવી ગયા અને રાજા શ્રેણિક પોતાના મંદિરે આવી પહોંચ્યા. મહેલમાં પહોંચ્યા પછી શાલિભદ્ર મનમાં ઊંડાણથી ચિંતવના એવી કરે છે કે શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રવર્તાવેલા મોક્ષ માર્ગને હું આદરું અને મોહમાયાનો સંપૂર્ણપણે ત્યાગ કરું, ગજરથ, ઘોડા–પાલખી વગેરે વૈભવને પણ હવે હું ત્રિવિધે છાંડી દઉં, માતા–પિતા, ભાઇ વગેરે સંસારમાં સંસારિક સંબંધો જે છે તે બધી એક પ્રકારની આળપંપાળ છે અને જે સંબંધીઓ સંસારમાં છે તે બધા અંતે સ્વાર્થના સગાં છે. સંસારમાં સ્વાર્થ સિવાય સગાઇ છે નહીં.

સાતમા માળ ઉપર પોતાના ભવનમાં ગયા પછી શાલિભદ્રના અંતરમાં આ રીતની સમ્યગ્ વિચારણા પ્રગટી અને તે પછી દરરોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે શાલિભદ્રની આવી ઉત્કટ વૈરાગ્ય ભાવના જોઈને તેની માતા અને બત્રીસે સ્ત્રીઓ મનમાં ખૂબ ઉચ્ચાટ કરે છે.

હંસ વિના શ્યા સરોવરિયા, પિયુ વિના શ્યા મંદિરિયા
મોહ વશ થકાજી, ઉચ્ચાટ એમ કરે ઘણાંજી.

સરોવરિયા સાક્ષાત્ ભલે માન સરોવર જેવા હોય પણ તેના કિનારે જો હંસલા ન વિહરતા હોય તો તે શોભાને પામે નહીં જેવા હંસ વિનાનાં સરોવરિયાં તેવા જ પિયુ વિનાના મંદિરિયા ગમે તેવી મહેલાતો હોય પણ પ્રીતમ વિના તેની શોભા શી રહે ? બસ આવી રીતે ઘરમાં બધા

વિલાપ કરવા લાગી ગયા. બધાને મનમાં થઈ ગયું કે આ વૈરાગી હવે સંસારમાં રહેશે નહીં કારણ કે આ શાલિભદ્રનું વૈરાગ્ય કંઈ દુઃખમાંથી પ્રગટેલું નથી, સાચી સમજમાંથી પ્રગટેલું છે. એટલે રંગ ચોલ મજીઠનો લાગેલો છે, હળદરિયા રંગ જેવો શાલિભદ્રનો સ્મશાનિયો વૈરાગ નથી. પણ સાચો વૈરાગ છે. શાલિભદ્ર માતાને પણ જણાવી દે છે કે મારે સંયમ લેવાનું છે અને તે માટે હું એક એક નારીનો ત્યાગ કરવાપૂર્વક સંયમને માર્ગે જવા આગળ વધી રહ્યો છું, માતાને આ વાત સાંભળતા મૂર્ચ્છા આવી ગઈ છતાં શાલિભદ્ર વૈરાગ્ય ભાવમાં અડગ રહ્યા. માતાને મૂર્ચ્છા આવી ગએલી જોઇને શાલિભદ્ર જરી પણ મોહ ભાવને પામ્યા નહીં અને 'ઓ મા ઓ મા' કરતા દોડતા માતાની પાસે પણ ગયા નહીં. વિચારણા એવી કરી કે મોહ-મમતાના સંસ્કાર જીવોમાં અનાદિથી પડેલા છે. આ સંસ્કારોને હું પોષવા જઈશ તો મારો છુટકારો કોઈ ભવે નહીં થઈ શકે. હમણાં થોડી વારમાં માતાજી આપોઆપ શુદ્ધિમાં આવી જશે. મારે તો હવે મોહ પર વિજય મેળવવાનો છે. એટલામાં તો માતાજી શુદ્ધિમાં આવી ગયા.

યમરાજને દેવાય પણ મહારાજને ઝટ ન દેવાય

શાલિભદ્રની સંસાર છોડવાની વાત સાંભળીને માતાજી આંખોમાંથી આંસુ પાડી રહ્યાં છે અને તેમની બત્રીસે સ્ત્રીઓ રુદન કરી રહી છે છતાં શાલિભદ્ર ભાવનામાં અત્યંતપણે દૃઢ

રહ્યા છે. એ તો દરરોજ એક એકનો ત્યાગ કરે જ જાય છે. સંસારમાં આવી ભાવનાને વધાવી લઈ ને કુમકુમના ચાંલ્લે વિદાય આપે તેવા વિરલા હોય છે તે કાળમાં પણ તેવા વિરલા હતા તો આ કાળની તો વાત જ કયાં કરવાની રહી અનાદિનો મોહ ઝટ છૂટે નહીં છતાં અંતે બધું થાળે પડી જાય છે. દીક્ષા અંગીકાર કરનાર પોતે જો મજબૂત હોય તો કોઈ તેને રોકનાર નથી. બાકી સંસારીઓની મોટે ભાગે દશા એવી હોય છે કે વખતે સામાનું આયુષ્ય પૂરું થયે જમને આપી દેશે પણ જતીને આપવામાં ઝટ જીવ ચાલે નહીં.

હવે ધન્નાજીનાં અપૂર્વ ત્યાગની વાત આવે છે.

સર્વ નીર અમૂલ્યજી, વાટકડે તેલ કૂલેલજી,
શાહ ધન્નેજી શરીર સમારણ માંડીયોજી
ધન્ના ઘેર સુભદ્રા નારી જી
બેઠા મહેલ મોઝારો જી
સમારંતાજી એકજ આંસુ ખેરીયું જી

આપણે પહેલાં જ ઘટના કરી આવ્યા કે જેવો શાલિભદ્રનો વૈરાગ તેવો જ ધન્નાનો ઉત્કૃષ્ટ ત્યાગ. એ વાત હવે સારી રીતે સમજાવવામાં આવે છે. ધન્નાજીના આવા ઉત્કૃષ્ટ ત્યાગમાં તેમના મુખ્ય ધર્મ પત્ની નિમિત્ત બન્યા છે. પુષ્પાદિ સૌગંધિક દ્રવ્યોથી મિશ્રિત એવા અમૂલ્ય નીરથી વાટકડામાં રાખેલા તેલ–કૂલેલથી પોતાની હવેલીમાં ધન્નાજીએ શરીર સમારણ માંડેલું છે એટલે કે તેમની પત્નીઓ શરીરનું લક્ષપાક તેલ જેવા ઉત્તમ દ્રવ્યોથી માલિશ કરી રહી છે

તે કાળમાં સ્નાન-વિધિ પહેલાં શરીર સમારણુનો (માલિશ) નો રિવાજ હતો શ્રી કલ્પસૂત્રના પાઠ મુજબ દશરથ મહા રાજા પણ સ્નાન કર્યા પહેલા મજ્જન ગૃહમાં માલિશ કરાવવા ગયા છે અને તે પછી તેમણે સ્નાન વિધિ કરી છે.

પત્નીની આંખમાં આંસુ જોઈ ધન્નાજીએ દાખવેલો આદર્શ વ્યવહાર

ધન્નાજીની આઠે સ્ત્રીઓમાં મુખ્યતા સુભદ્રાની છે. સુભદ્રા શાલિભદ્રનાં સગાં બહેન થાય છે. ધન્નાજીના શરીરનું સમારણુ કરતાં કરતાં સુભદ્રાની આંખોમાંથી આંસુનાં એકાદ બે ટીપાં પડી ગયાં. ધન્નાજીને મનમાં થયું. સમારણુ-વિધિ પતી ગઈ હવે શીતલ એવા જલથી સ્નાન-વિધિ ચાલી રહી છે. શીતલ જલ શરીર પર સીંચાઈ રહ્યું છે, તેમાં આ ઉષ્ણુજલનાં બિન્દુઓ કયાંથી ટપકી પડયાં? આંખ ઊંચી કરીને જોયું તો પોતાની મુખ્ય ધર્મ પત્ની સુભદ્રાની આંખોમાંથી આંસુ પડી રહ્યાં છે. તરતજ ધન્નાજીએ કહ્યું :

ગોભદ્ર શેઠની બેટડી, ભદ્રાબાઈ તોરી માવડી;
સુણ સુંદરી જી, તેં કેમ આંસુ સારીયાજી.
શાલિભદ્રની બેનડી, બત્રીસ ભોજાઈની નણદલડી;
તો તાહરે જી, શા માટે રડવું પડે જી.

સુંદરી! તું ગોભદ્રશેઠ જેવાની બેટડી છો અને ભદ્રા શેઠાણી તારી માવડી છે આવાં તારાં મહા પુણ્યવાન્ માતા-પિતા છે, તો સુંદરી! તારે આંખોમાંથી શા માટે આંસુ

પાડવા પડે છે? એટલું જ નહીં શાલિભદ્ર જેવા શ્રેષ્ઠિની તું બેનડી છો અને બત્રીસ ભોજાઈની નણદલડી છો. આવા મહાન પુણ્યશાળી તારા ભાઈ અને બત્રીસ-બત્રીસ ભોજાઈની તું નણંદ. તો તું કહે તો ખરી કે તારે શા માટે રડવું પડે છે, સુંદરી? કાંઈ ખુલાસો કરતો મને ખબર પડે. તારી શોકયોમાંથી કોઇએ તારું અનાદર કર્યું કે મારા તરફથી તને કાંઈ ઓછું આવી ગયું કે નોકર ચાકરમાંથી કોઇએ તારું વચન ઉથાપ્યું? આમાંનું કોઈ કારણ હોય તો કહી બતાવ. હવે આપ વિચારી જુઓ ધન્નાજી પોતે ભરથાર છે પણ કેટલા બધા વિવેકી છે અને પોતાની પત્ની પરત્વેનો હૃદયમાં ભાવ કેવો રહેલો છે? આજે તો ઘરમાં કાંઈ અણ બનાવ બન્યો હોય અને પત્ની આખો દિવસ ખૂણામાં બેઠી બેઠી આંખોમાંથી ડબ ડબ આંસુ પાડતી હોય છતાં ભાવે ન પૂછે! કેટલાક માતૃમુખા હોય તો ભાવે ન પૂછે અને ઘરવાળીને આધીન બનેલા હોય તો આરતી ઉતારવાએ લાગી જાય! સંસારમાં આવા કંઈ કંઈ પ્રકારના નાટકો ચાલે છે. કંઈ વાત જ કરવા જેવી નથી છતાં પરસ્પર વિનય-વિવેક-ભર્યો વ્યવહાર હોય તો ગૃહસ્થાશ્રમે દીપી ઊઠે અને ગૃહ-કલેશ જ ચાલ્યા કરતો હોય તો ગૃહસ્થાશ્રમે શેનો કહેવાય એક પ્રકારનો પાપાશ્રમ કહેવાય.

એ તો કાયર છે તે સંયમ શું લેશે?

હવે સુભદ્રા ખુલાસો કરે છે કે સ્વામિનાથ મને મનમાં ઓછું આવવાના આપે જે કારણો દર્શાવ્યાં તેમાંથી કોઈ

કારણો નથી. ત્યારે શા માટે આંસુ પાડવા પડયા ? સ્વામિનાથ તેનું કારણ એ છે કે—

"જગમાં એક જ ભાઈ માહુ રે તે પણ સંયમ લેવા ધારે.
નારી એક એક જી દિન દિન પ્રત્યે પરિહરે જી.

સ્વામિનાથ હવે આપ કારણ સાંભળો જગતમાં મારે એક જ ભાઈ છે. જેનું શુભનામ શાલિભદ્ર છે અને તે પણ સંયમ લેવાના ભાવ રાખે છે તેના પ્રબળ પુરાવારૂપે નારી એક એકનો દિન પ્રતિદિન ત્યાગ કરે જાય છે. ત્યાં તો ધન્ના તાડુકી ઊઠયા ? તારો ભાઈ શું સંયમ લેવાનો હતો. એ કાયર છે. તું અમસ્તી આંખોમાંથી આંસુ પાડે છે. હવે એ સંયમ લઈ રહ્યો. ત્યાગ તે વળી કટકે કટકે હોતો હશે ? એ તો એક ઘાએ બે કટકા હોય. એક એક સ્ત્રીનો એ ત્યાગ કરે છે એ જ કાયરતાનું પહેલું લક્ષણ છે. માટે તું હવે ડબ ડબ આંખોમાંથી આંસુ પાડીસ મા ! એ ચારિત્ર નહીં લઈ શકે અને શૂરો સરદાર બનશે તે દિવસે એ જરૂર ચારિત્ર લેશે.

कहना सहेल मगर करना मुशकेल

ધન્નાજીએ આવાં વચનો ઉચ્ચાર્યાં એટલે બહેનને એકદમ લાગી આવ્યું. સગા ભાઈ માટે બહેનથી આવાં વચનો સંભળાણાં નહીં. સાંભળતાં ઘણું દુઃખ લાગ્યું. તરત જ પોતાના ભરથારને કહી સંભળાવ્યું. સ્વામિનાથ ? **कहना सहेल है मगर करना मुशकेल है** એટલે કે સ્વામિનાથ કહેવું સહેલું છે પણ કરવું મુશકેલ છે. તમારે પણ અમે બધી મળીને આઠ છીએ. એકાદનો તો ત્યાગ કરી બતાવો. સજ્ઝાયના રચયિતા લખે છે કે :

"કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું છે અતિ દોહિલું,
સુણો સ્વામિજી, આવી ઋદ્ધિ કુણ પરિહરે જી.

સ્વામિનાથ આપ જ જરા વિચારો કે આવી દેવતાઈ ઋદ્ધિ કોણ છાંડી શકે ? આ તો મારો ભાઈ દરરોજ એક એકનું ત્યાગ કરી શકે. શાલિભદ્રની બત્રીસે બત્રીસ સ્ત્રીઓ અપ્સરા સ્વરૂપે છે અને ભલભલા રાજા મહારાજાઓથી ચડી જાય એવો તો મારા ભાઈનો વૈભવ છે. ભલે મારો ભાઈ એક એકનો ત્યાગ કરે છે પણ એ ત્યાગ પણ જેવો તેવો નથી.

ધન્નાની સિંહ ગર્જના

ધન્નાજી સુભદ્રા દેવીને હવે છેલ્લા શબ્દો કહી સંભળાવે છે : બોલ હવે આથી વધારે તારે કંઈ કહેવું છે ? જે કાંઇ કહેવું હોય તે કહી દે. તારી અને મારી વચ્ચેનો હવે આ છેલ્લો વાર્તાલાપ છે. સુભદ્રા કહે છે મારે બીજું કશું કહેવાનું નથી મારે એટલું જ કહેવાનું હતું કે "कहना सहेल है करना मुश्केल है" ત્યાં તો ધન્નાએ કરી સિંહગર્જના : કહેવું તો ઘણું સોહિલું.

કરવું છે અતિ દોહીલું. બસ ! સુંદરી તારે આટલું જ કહેવું છે ને ? ત્યારે હવે સાંભળ :

તો સુણ સુંદરીજી,
આજથી આઠને પરિહરીજી.

તો હવે સુંદરી તું સાંભળી લે આજથી જ આઠે આઠનો પરિત્યાગ કરું છું. મારે તે માટેનો મુહુર્ત્ત કે ચોઘડીયું કશું જોવાનું નથી. સિદ્ધિયોગ કે રાજયોગે જોવાનો નથી. બુધવાર કે ગુરુવારે જોવાનો નથી. આજે જ તે પણ

આજ ક્ષણે આઠેનો પરિત્યાગ કરું છું. આટલું કહીને ચોટીનો અંબોડો વાળીને ઘરમાંથી ધન્નાજી ઊભા થઈને ચાલવા લાગી ગયા. શૂરા સરદારની જેમ ધન્નાજી સર્પ કાંચળીનો ત્યાગ કરીને ચાલ્યો જાય તેવી રીતે આઠ આઠ જુવાન સ્ત્રીઓનો અને અઢળક વૈભવનો ત્યાગ કરીને એક પલવારમાં ઘરના દરવાજાની બહાર નીકળી ગયા. ધન્ય છે મોક્ષમાર્ગમાં આવું ઉગ્ર પરાક્રમ ફોરવનારા સત્ પુરુષોને! આવા પુરુષોને ક્રોડાનુ-ક્રોડ ધન્યવાદ ઘટે છે. તમે પણ ઘરમાં ઝગડો કરીને કયારેક દરવાજાની બહાર તો નીકળી પડયા હશો! પણ ઘરવાળીએ જરાક મીઠા શબ્દો કહ્યા હશે એટલે દરવાજેથી તરત પાછા ફર્યા હશો. આમાં કાંઈ અતિશયોક્તિ હોય તો કહી દેજો.

સભામાંથી : "અતિશયોક્તિ તો આમાં કશું નથી પણ આ બધો અનુભવ આપને કયાંથી થઈ ગયો?" વાત તમારી સાચી પણ અમે તમારી વચમાં જ બેઠાં છીએ એટલે વાજતે ગાજતે માંડવે આવે બરું? અમે બધું જ્ઞાનદ્રષ્ટિથી વિચારતા હોઇએ પણ ભવ સમુદ્રના બધાં તોફાનો અમને કિનારે ઊભેલાઓને સ્પષ્ટ દેખાતા હોય છે. તમારી શંકા સંપૂર્ણપણે નાબૂદ કરી નાંખી.

ધન્ના–શાલિભદ્ર બન્ને ભગવાનના વરદ્‌હસ્તે દિક્ષિત બની ગયા

ધન્નાજીની આઠે સ્ત્રીઓ ધન્નાજીનો આવો પરાક્રમ જોઇને વિસ્મયને પામી ગઈ અને એકીઅવાજે બોલી ઊઠી. સ્વામિનાથ! અમે તો ફક્ત મશ્કરીનાં વચનો ઉચ્ચાર્યાં છે. માટે આપે અમને આવી રીતે નિરાધાર મૂકીને નહીં ચાલ્યા જવું જોઈએ. ધન્નાજીએ કહ્યું, તમોએ ઘણું સારું કર્યું.

તમોએ મશ્કરીનાં વચનો ઉચ્ચાર્યા પણ એ વચનોએ મારા પર એવી જબ્બર અસર પાડી કે હવે હું લશ્કરી મેન થઇને મોહરાજાની સામે બરોબરનો જંગ માંડવાનો છું. અને પ્રાંતે કૈવલ્ય કમલાને વરીને મોક્ષપદને મેળવી લેવાનો છું. આ સાંભળીને આઠે સ્ત્રીઓ સમજી ગઈ કે હવે આ રણે ચડયા રજપૂત પાછા ફરવાના નથી. એ તો હમણું વચમાં કહી ગયા તેમ આ કાળના દરવાજેથી પાછા ફરે-ધન્નાજી હવે પાછા ન ફરે? ધન્નાજી સીધા પોતાના ઘરેથી નીકળીને શાલિભદ્રના મંદિરે આવ્યા અને શાલિભદ્રને પડકાર કરે છે કે અરે મિત્ર! તું તે કાયર છો કે એક એકનો ત્યાગ કરે છે ઊઠ! હવે ઊભો થઈ જા. આપણે બન્ને સાળા-બનેવી વીર ભગવાનનાં વરદ્‌હસ્તે સંયમ અંગીકાર કરીએ. આ ધન્નાજીનો પડકાર સાંભળતાં જ શાલિભદ્ર એકદમ તૈયાર થઈ ગયા. શાલિભદ્ર વૈરાગી તો હતા જ અને ધન્નાજીનો ત્યાગ જોઇને તરત જ શાલિભદ્ર પણ ત્યાગ ભાવનાવાળા થઇ ગયા. સાચો વૈરાગી હોય તેને ત્યાગી થતાં વાર લાગે જ નહીં. વૈરાગ ત્યાગને ખેંચી લાવનારો છે. તરત જ સાળા-બનેવી બન્ને તૈયાર થઇને વીર ભગવાનની સમીપે પહોંચી ગયા અને બન્નેએ વીર ભગવાનના વરદ્‌હસ્તે દીક્ષા અંગીકાર કરી લીધી. ધન્નાજીની આઠે પત્નીઓએ પણ દીક્ષા અંગીકાર કરી લીધી. દીક્ષા લઇને તપ-સંયમને માર્ગે ઉગ્ર પુરુષાર્થ આરંભી દીધો.

"સંયમ માર્ગ લીનો જી, તપસ્યાએ મન ભીનોજી.
શાહ ધન્નોજી, માસ ક્ષમણ કરે પારણુજી.

તપ સંયમને માર્ગે બન્નેએ પુરુષાર્થ એવો આરંભી દીધો કે ધન્નાજી તો માસ ક્ષમણને પારણે માસક્ષમણ કરે છે. શાલિભદ્રજી પણ અતિ દુષ્કર તપ કરે છે ત્યાગ પણ બન્નેએ કેવો કર્યો અને તપ પણ કેવું દુષ્કર તપે છે. સાચો વૈરાગ્ય મનમાં હોય તો ચક્રવર્તીના ષટ્‌ખંડના વૈભવનો ત્યાગ પણ સુકર છે અને વૈરાગ્ય મનમાં ન હોય તો ભિખારી જેવાને ભિક્ષા માંગવાના રામપાત્રનો પણ ત્યાગ દુષ્કર હોય છે. વીતરાગનાં ઉપાસક વૈરાગ્ય ભાવનાવાળા તો હોવા જ જોઈએ. વૈરાગ્યનો દુશ્મન એ વીતરાગ પરમાત્માનો ભક્ત કહેવડાવવાને લાયક જ નથી. વૈરાગ અને ત્યાગ વચ્ચે થોડું અંતર રહે છે. છતાં વૈરાગ્ય પ્રગટયા પછી જીવ ત્યાગ ધર્મની રુચીવાળો બની જાય છે અને સર્વથી નહીં તો દેશથી પણ ધીમે ધીમે ત્યાગ–ધર્મમાં આગળ વધતો જાય છે અને પરંપરાએ વૈરાગ સર્વ ત્યાગને પણ ખેંચી લાવનારું નીવડે છે.

શાલિભદ્ર મુનિએ તપ વડે કાયા એવી ગાળી નાંખી કે સગી જનેતાએ ન ઓળખ્યા

દીક્ષા અંગીકાર કરીને બન્ને ભગવાનની સાથે ગ્રામાનુગ્રામ વિચરે છે અને વિચરતા વિચરતા લાંબાગાળા પછી ફરી પાછાં રાજગૃહી નગરીમાં પધારે છે–દુષ્કર તપ કરી કરીને બન્નેએ દેહને સંપૂર્ણ ગાળી નાંખ્યો છે, દેહને ગાળવાની સાથે અંદરના કષાયોને પણ ગાળી નાંખ્યા છે. માસક્ષમણનાં પારણાના દિવસે બન્ને ભગવંતની અનુજ્ઞા લઈને રાજગૃહી નગરીમાં ગૌચરીએ પધારે છે. ભગવંતે ફરમાવ્યું, આજે શાલિભદ્રની માતાએ વહોરાવેલા આહારથી તમારું

બન્નેનું છેલ્લું પારણું થશે અને ત્યારબાદ વૈભારગિરિ પર પાદોપગમન સંથારો તમારે હવે લેવાનો છે. ભગવંતનાં વચનો સાંભળીને બન્ને મુનિવરો રાજગૃહી નગરીમાં શાલિ-ભદ્રના મંદિરે વહોરવા નિમિત્તે પહોંચ્યા. 'ધર્મલાભ' કહીને ઊભા રહ્યા પણ સગી જનેતાએ શાલિભદ્રને ન ઓળખ્યા-દુષ્કર તપ કરીને કાયા એવી સૂકવી નાંખી કે સંસારીપક્ષે પોતાના પનોતા પુત્રને સગી પોતાની માતાએ ન ઓળખ્યા અને બન્ને ત્યાંથી પાછા ફરી ગયા અને રાજગૃહીના દરવાજેથી બહાર નીકળી રહ્યા છે ત્યાં સામેથી એક ગોવાલણ તેમને મળી જેણે મસ્તક પર દહીં-દૂધની મટકીઓ ઊચકેલી છે-ગોવાલણે બન્ને મુનિવરોને જોયા. શાલિભદ્રજી પર દૃષ્ટિ પડતાં જ તેના સ્તનમાંથી દૂધની ધારા વહેવા લાગી અને ગોવાલણે લાભ આપવા માટે વિનંતી કરી. મુનિવરો શુદ્ધ આહાર માટેની ગવેષણા કરી જ રહ્યા હતા. મુનિવરો 'ધર્મલાભ' કહીને જ્યાં પાત્ર આગળ ધરે છે ત્યાં ગોવાલણ દધિથી પાત્ર છલકાવી દે છે. અનેરા ઉલ્લાસથી ગોવાલણ દધિ વહોરાવે છે. ગોવાલણના સ્તનમાંથી દૂધની ધારા વહી રહી છે અને બન્ને આંખમાંથી હર્ષનાં આંસુ વહી રહ્યાં છે. તેના હૃદયમાં સુપાત્ર દાનનો અપૂર્વલાભ મળતાં આનંદ આનંદ છવાઈ ગયો છે. સુપાત્ર દાનના પ્રભાવે ગોવાલણના આત્મામાં ધર્મનું બીજ પડી જતાં અપૂર્વ બીજાધાનનો લાભ મળી ગયો.

દધિ વહોરાવનારી શાલિભદ્રની ભવાંતરની સગી જનેતા હતી

બન્ને મુનિવરો દધિ વહોરીને ભગવંતની સમીપે સમવસરણમાં પહોંચ્યા-ગોચરી આલોવી કારવીને ધન્નાજી

ભગવંતને પૂછે છે–પ્રભુ કેવળીનાં વચન મિથ્યા થાય ? ભગવંતે કહ્યું–કેવળીનાં વચન મિથ્યા થાય જ નહીં. પ્રભુ ? આપે કહ્યું હતું કે શાલિભદ્રના માતાજીએ વહોરાવેલાં આહારથી તમારે બન્નેને છેલ્લું પારણું થશે, તો પ્રભુ ! શાલિભદ્રનાં માતાજીએ તો અમને ઓળખ્યા પણ નહીં. હું તો ઠીક પણ પોતાના સગા પુત્રને પણ ઓળખ્યા નહીં. તો પછી આહાર વહોરાવવાની તો વાત જ કયાં રહી ! પ્રત્યુત્તરમાં પ્રભુએ કહ્યું. ગોવાલણે જે દધિ વહોરાવ્યું તે શાલિભદ્રની ભવાંતરની સગી જનેતા છે. તેણીએ વહોરાવેલા દધિથી તમારું પારણું થવાનું છે એટલે કેવળીનાં વચન યથાતથ્ય કહેવાય. ફરી ધન્ના અણગારે ભગવંતને વિનમ્રભાવે કહ્યું—પ્રભુ, ભદ્રામાતાએ અમને ઓળખ્યા પણ નહીં ? પ્રભુએ કહ્યું, ભદ્રામાતાને સમાચાર મળી ગએલા કે ભગવાન મહાવીર શાલિભદ્ર મુનિ અને ધન્ના અણગાર વગેરે અત્રે વિચરતા પધાર્યા છે એટલે સૌ અત્રે દર્શનાર્થે આવવાની તીવ્ર ઉત્કંઠામાં હતા એટલે કપડાં વગેરે બદલાવવાની વેતરણમાં સૌ પડી ગએલા. એ દરમ્યાન તમો બન્ને ત્યાં પહોંચ્યા પણ તેમનું લક્ષ બીજે હોવાથી તમારા પ્રતિ તેમનું ધ્યાન ગયું નહીં, ભદ્રામાતાના અંતરમાં તો શાલિભદ્ર પ્રતિ અપૂર્વ વાત્સલ્ય રહેલો છે. દુષ્કર તપ વડે તમારી બન્નેની કાયા એટલી બધી કૃષ થઇ ગએલી છે કે સગી જનેતાએ ઓળખ્યા નહીં. આપણે તો આ ઘટનામાંથી સાર એટલું જ લેવાનું છે કે દીક્ષા લીધા પછી બન્નેએ કેવું દુષ્કર તપ કર્યું હશે કે માતાએ પણ ઓળખ્યા નહીં.

પારણું કર્યા બાદ ભગવંતની આજ્ઞા લઈને બન્ને મુનિ પુંગવો વૈભારગિરિના પહાડ પર પહોંચી ગયા અને પથ્થરની શીલા પર બન્નેએ પાદોપગમન સંથારો કરી લીધો ? શરીરન અવયવો ન હાલે, ન ચાલે ! પથ્થરની શીલાની જેમ જ શીલા પર પોઢી ગયા અને જાવ–જીવ પર્યંત ચારે આહારનો ત્યાગ કરી દીધો, ચારે શરણાં અંગીકાર કરવા પૂર્વક મૈત્યાદિ ચારે ભાવનાઓનાં ચિંતનમાં અને આત્મ–સ્વરૂપની ભાવનામાં ઊંડા ઊતરી ગયા. કોઈ સામે આંખ પણ ખોલવાની વાત ન રહી.

આંખ ખોલવાની ક્રિયા માત્રથી તેત્રીશ સાગરોપમનો સંસાર વધ્યો

હવે આ બાજુ ભદ્રા શેઠાણી શાલિભદ્રની બત્રીસે સ્ત્રીઓ સહિત સમવસરણમાં દેવાધિદેવનાં દર્શનાર્થે ધન્ના અણગાર તેમજ શાલિભદ્ર મહામુનિનાં દર્શનાર્થે આવી પહોંચી. પ્રભુને વિધિપૂર્વક વંદના કર્યા બાદ ભદ્રા શેઠાણીએ પૂછયું કે પ્રભુ ધન્ના અણગાર અને શાલિભદ્ર મુનિ કયાં બિરાજે છે ? પ્રભુએ કહ્યું બન્ને મુનિપુંગવોએ વૈભારગિરિ પર અનશન વ્રત અંગીકાર કરવાપૂર્વક સંથારો લઈ લીધો છે, પ્રભુના મુખેથી સંથારાની ઘટના સાંભળીને ભદ્રા સમગ્ર પરિવાર સહિત તેમજ શ્રેણિક મહારાજાને સાથે લઈને વૈભારગિરિ પર્વત પર પહોંચી. બન્ને મુનિવરોને સંથારો લીધેલા જોઈને તેમનાં કષ્ટને વિચારતી અને શાલિભદ્રના પૂર્વના સુખને સંભારતી ભદ્રામાતા છાતીફાટ રૂદન કરવા લાગી. હે વત્સ ! તમો બન્ને મુનિપુંગવો સામેથી મારા ઘરે વહોરવા આવ્યા અને હું કેવી અભાગણી મેં તમોને ઓળખ્યા પણ નહીં અને

મને વહોરાવાનો પણ લાભ ન મલ્યો. જો કે તમે તો મારો ત્રિવિધે ત્યાગ કર્યો અને આખા સંસારનો ત્યાગ કર્યો છે, પણ મને મનમાં એમ હતું કે કયારેક મારી દૃષ્ટિને તમારા દર્શનથી અનેરો આનંદ મળશે. પણ હવે તો તમો બન્નેએ છેલ્લી યાત્રાનો પ્રારંભ કરી દીધો છે, હવે ફરી દર્શનનો લાભ પણ અમારા માટે દુર્લભ થઈ પડવાનો–માટે હે પુત્ર એકવાર આ દુઃખિયારી માતા સમક્ષ આંખ ખોલીને નિહાળ જેથી મને સંતોષ થાય માતાના આ વચનો અને વિલાપ સાંભળતા શાલિભદ્રથી માતા સામે જોવાઈ ગયું. જરીક માતા પ્રતિનો સ્નેહનો ભાવ મનમાં આવી ગયો. બસ આટલામાં શાલિભદ્રનો તેત્રીસ સાગરોપમનો સંસાર વધી ગયો. એક આંખ ખોલવાની ક્રિયા કરી તેમાં આટલો સંસાર વધ્યો અને ધન્નાજી નિર્વિકલ્પ સમાધિમાં રહ્યા! રૂદન કે વિલાપનાં વચનોથી તેમનો આત્મા જરી પણ વિચલિત ન બન્યો તો ધન્નાજી કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા અને શાલિભદ્રજી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયા. શાલિભદ્ર એક ભવ મહાવિદેહમાં કરીને મોક્ષે જશે. જો કે અમુક જગ્યાએ એવો પણ ઉલ્લેખ છે કે બન્ને દેવલોકે ગયા અને ઉપર લખી ગયા તેવો પણ અમુક જગ્યાએ ઉલ્લેખ છે. બન્ને અધિકારો લખી જણાવ્યા "तत्त्वं बहुसुता विदंति" આમાં સમજવાનું એટલું જ છે કે શાલિભદ્રથી સગી માતા સામે જરીક સ્નેહભરી દૃષ્ટિથી જોવાઈ ગયું, તેમાં આટલો સંસાર વધ્યો તો બત્રીસ સ્ત્રીઓ સામે રાગ દૃષ્ટિથી જોવાયું હોત તો સંસાર કેટલો વધત? તો પછી જેઓ પરસ્ત્રીઓ સામે વિકારી દૃષ્ટિથી જોનારા છે તેમનો સંસાર કેટલો વધવાનો? આ છેલ્લા પ્રસંગમાં ઘણું રહસ્ય સમાએલું છે. મનુષ્યોએ દૃષ્ટિ પર કેટલો બધો સંયમ

રાખવો જોઈએ. તે આ પ્રસંગ પરથી સાંગોપાંગ સમજાઈ જાય છે. શાલિભદ્રથી માતા સામે જોવાઈ ગયું. તેમાં દૃષ્ટિમાં વિકૃતિનો ભાવ હતો જ નહીં. ફક્ત એટલો જ ભાવ હતો કે મારી માતાને મનમાં દુઃખ કેટલું લાગી રહ્યું છે? એટલે જરાક આંખ ખુલ્લી થઈ ગઈ ત્યારે જેઓ દૃષ્ટિમાં વિકારને જ પોષનારા છે. તેવાઓનું થશે શું–આ વાત વિચારીએ ત્યાં હૃદય કંપી ઊઠે? બહારની વસ્તુમાં દોષ નથી. દોષ આપણી દ્રષ્ટિમાં છે. દૃષ્ટિમાંથી દૃષ્ટિ–વિષ નીકળી જાય તો આખી સૃષ્ટિનાં વાતાવરણમાં અનેરી રોનક આવી જાય.

સુપાત્રદાનનો અપૂર્વ મહિમા

"દાન તણાં ફળ દેખો જી, ધન્નો શાલિભદ્ર પેખો જી
નહીં લેખો જી, અતુલ સુખ તે પામિયા જી
ઉત્તમના ગુણ ગાવો જી, મન વાંછિત ફળ પાવો જી
કહે કવિયણ જી, શ્રોતાજન તુમે સાંભળો જી.

પૂર્વ ભવમાં ધન્ના શાલિભદ્રના આત્માઓએ કરેલાં સુપાત્રદાનના ફળને સૌ વિચારી લો, જેનો કોઈ લેખો નહીં તેવા સુપાત્રદાનનાં ફળ સ્વરૂપે અતુલ સુખને તેઓ બન્ને પામ્યા છે. શાલિભદ્રના પૂર્વભવનો વૃત્તાંત અમારા તરફથી બહાર પડેલાં મંગલ પ્રસ્થાન પુસ્તકમાં વિસ્તારથી વર્ણવાએલ છે તે પુસ્તકમાંથી જિજ્ઞાસુઓને ખાસ વાંચી જવા ભલામણ છે. સુપાત્ર દાનનો મહિમા ધન્ના શાલિભદ્રના દૃષ્ટાંતે સમજીને જે કોઈ સુપાત્રને પોષે તેનો મોક્ષ ઘણો જ વહેલો થવાનો છે તેમ સમજવું અને તેવા જીવો સંસારમાં રહ્યા હોય ત્યાં સુધી એ પુન્યના પસાયે તેમને કશા પ્રકારનો ધોકો પડતો નથી. કારણ કે સુપાત્રદાનનાં પ્રભાવે પુન્યાનુબંધી

પુન્યનાં મૂળ એટલાં બધાં ઊંડાં જાય છે કે તે જીવો માટે સુખની જ પરંપરા ઉત્તરોત્તર ચાલ્યા કરે અને છતાં પણ તે જીવો તેમાં લેપાય નહીં અને પ્રાંતે મોક્ષના સુખ પામે છે. આવા ધન્ના શાલિભદ્ર જેવા ઉત્તમ પુરુષોનાં ગુણ ગાવાથી આપણા જીવનમાં પણ સદ્‌ગુણો પ્રગટે છે અને ઉત્તરોત્તર ગુણ-સંપદાને પામતો જીવ પરંપરાએ શાશ્વત્ સુખ-સંપદાને પ્રાપ્ત કરે છે. જીવનમાં ત્યાગ અને વૈરાગ્ય પામવા માટે ધન્ના શાલિભદ્ર બન્નેના ચરિત્રો અત્યંત ઉપયોગી અને પ્રેરણાદાયક છે. બેસતા વર્ષના દિવસે એકલી એ બન્નેની રિદ્ધિ માંગે કશું વળવાનું નથી, પણ તેમના જીવન પ્રસંગો સાંભળીને જો ત્યાગ-વૈરાગ્યની ભાવના જીવનમાં કેળવશો તો રિદ્ધિ-સિદ્ધિ તો ઠીક પણ મોક્ષની મહાન સમૃદ્ધિ પ્રાપ્ત થશે અને આત્મા એવા સ્થાનમાં પહોંચી જશે કે ફરી ચોરાશીના ચકરાવે નહીં ચડવું પડે અને જન્મ-મરણનાં દુઃખમાંથી સર્વથા મુક્ત બની જશે. આવી અપૂર્વ સિદ્ધિને સૌ પામે એ જ એક અભિલાષા.



શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૨	૨૦	સજ્ઞવીને	સમજ્ઞવીને
૩૪	૨૨	વરભાવને	વેરભાવને
૩૮	૨૪	ક્ષાયિકાભવ	ક્ષાયિક ભાવ
૪૧	૧૯	મરી	મારી
૪૨	૪	મારે	માટે
૪૪	૭	આવવાનો	આપવાનો
૪૬	૧૬	વેદ્ય	વેદ્યુ
૪૮	૨૧	ગણાવ્યા	ગણાવ્યો
૫૫	૨૧	અજ્ઞક્તયણ	અભક્તયણ
૭૪	૪	વિરુદ્ધ	વિરુદ્ધ
૯૭	૧૦	બનવાવું	બનવાનું
૧૦૧	૧૭	બલું	બધુ
૧૦૫	૧૯	બાપસમાં	આપસમાં
૧૦૯	૫	નહોતા–	હતા
૧૧૧	૧૧	સમ્તક્ત્વ	સમ્યક્ત્વ
૧૧૮	૨૧	ઉયશમ	ઉપશમ
૧૨૦	૫	સંતનીત્સંગની	સંતની સંગતી
૧૨૩	૨	કમો	કર્મો
૧૨૩	૧૬	રવઆત્મા	સ્વઆત્મા
૧૨૫	૧૪	નાસી ગયો	નાસી ગયા
૧૨૫	૧૪	રોકાઈ ગયો	રોકાઈ ગયા

૧૨૮	૭	આત્માએ	આત્માઓનો
૧૩૬	૧૮	દશામાં	દશમા
૧૩૭	૧૦	ગ્રહણા	ગ્રહણે
૧૩૭	૧૧	રિશ્ચિત્ય	શ્ચિન્ત્યઃ
૧૩૮	૧૩	ને	અને
૧૪૨	૨૨	અધિકાર	અધિકારી
૧૫૩	૧૭	તિર્થંચની	તિર્યંચની
૧૬૨	૧૩	રુપી	રુચી
૧૭૧	૧	આનંદઘનજી	આનંદઘનજી
૧૭૪	૧૬	એ	બે
૧૮૩	૧૪	પ્રધાતતા	પ્રધાનતા
૧૮૪	૨૦	થનુ	થતુ
૧૯૨	૬	થાત્	યાત્
૨૧૦	૧૩	નદ્ય	નદ્યે
૨૧૫	૪	પિંજરામા	પિંજરામાંથી
૨૧૬	૧૮	વિહરમાં	વિરહમાં
૨૨૧	૮	પણ	પર
૨૪૩	૨૧	સમપિ	સમર્પિ
૨૪૫	૫	વિનાશ	વિનાશી
૨૫૧	૫	અચ્છા	પચ્છા
૨૫૭	૩	દુખ	દુખં
૨૫૭	૩	સુખ	સુખં
૨૬૫	૩	માસો	માણસો